પુષ્ટિ પ્રવેશ

મોહનલાલ વિ. ગાંધી

●

શ્રી શુદ્ધાદ્વૈત સંસદ્ કાર્યાલય – મોડાસા

गूजरात विद्यापीठ ग्रंथालय
(गुजराती कार्यसंग्रह विभाग)

अनुक्रमांक ૨૬૪૪૮ किंमत 3-0-0

ग्रंथनाम પુષ્ટિ પ્રકાશ

वर्गांक [illegible]

શ્રી શુદ્ધાદ્વૈત સંસદ ભેટ પુસ્તક સને ૧૯૪૭ પ્રકાશન ૧૩

પુષ્ટિપ્રવેશ

◆

લેખક :

મોહનલાલ વિ. ગાંધી,
બી. એ. એલ એલ. બી.,
મંત્રી. શુ. સં. મોડાસા.

◆

શ્રી શુદ્ધાદ્વૈત સંસદ કાર્યાલય—મોડાસા

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ -

લેખકનાં અન્ય પ્રકાશનો

૧. જીવન પર પ્રકાશ	૦-૮-૦
૨. રહસ્ય ગુંજન	૦-૧૨-૦
૩. સજ્જનસિંહનો સંન્યાસ	૦-૪-૦
૪. પ્રેમસ્વરૂપ શ્રીકૃષ્ણ	
પૂર્વભાગ	૨-૦-૦
ઉત્તર ભાગ	૧-૪-૦
૫. શ્રી વલ્લભાચાર્યના સિદ્ધાન્તો:	૦-૮-૦
૬. પુષ્ટિસુધા	૬-૫-૭
૭. ભક્તિપ્રકાશિકા	૧-૮-૦
૮. બાબા પ્રેમાનંદજીનું જીવન ચરિત્ર	૦-૧-૦

પ્રાપ્તિસ્થાન :
શ્રી શુદ્ધાદ્વૈત સંસદ્ કાર્યાલય :
વિક્રેતા વિભાગ:–
મોડાસા (જી. અમદાવાદ)

આવૃત્તિ ૧ લી :

કીમત : રૂ. ૩–૦–૦

ગો. વા. ચંદુલાલ નાથજીભાઈ શેઠ
વાડાસીનોર

જય શ્રી કૃષ્ણ

આમુખ

શુદ્ધાદ્વૈત સંસદનું આ ૧૩ મું પ્રકાશન સજ્જનોના કરકમલમાં મૂકતાં અમને ઘણો આનંદ થાય છે. આ પુસ્તકના લેખક શ્રી મોહનભાઈનાં અગાઉનાં બે પુસ્તકો 'પુષ્ટિસુધા' અને 'ભક્તિ પ્રકાશિકા' બધાઓને સારાં ગમ્યાં છે. આ પુસ્તક પણ જરૂરથી તમામને ગમશે જ. આમાં કેવળ ધર્મ તત્ત્વની ઝીણવટ ભરી છણાવટ નથી. પણ અત્યારના ધર્મના સંસ્કારથી ભ્રષ્ટ થતા નવયુવકોને માર્ગદર્શન પણ છે, તદુપરાંત શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ભગવત્રતિપથ પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કરવાની શક્તિ પણ છે. પ્રભુના અનુગ્રહથી આ પુસ્તક જે મોહનભાઈ લખી શક્યા છે તેમાં સંપ્રદાયનો સિદ્ધાન્ત જાણવાની ઇચ્છા રાખનાર જૂના તથા નવાઓને માટે પૂરતી સામગ્રી છે. આ પુસ્તક મોહનભાઈના જીવનના મથનનું નવનીત છે એમ કહું તો ખોટું નથી. આવી રીતે સ્વતંત્ર શૈલીએ સંપ્રદાયમાં નહિ જેવાં જ પુસ્તકો લખાયાં છે. વર્ષો પહેલાં પ. ભ. શ્રી. ધીરજભાઈ સાંકળીઆએ મનુષ્ય કર્તવ્ય અને ધર્મ જીજ્ઞાસા પુસ્તક લખેલું જે પાછળથી 'પરમાનંદ પ્રાપ્તિ' એ નામથી સસ્તા સાહિત્ય વર્ધક કાર્યાલયે પ્રસિદ્ધ કરેલું. તેવી જ પદ્ધતિએ વધારે વિસ્તૃત રીતે આ ગ્રંથની યોજના થઈ છે. તે યોજનામાં શ્રી. મોહનભાઈને ખરેખર સફળતા મળી છે. આ ગ્રંથ કેવળ સેવાવૃત્તિથી જ અતિ પરિશ્રમ પૂર્વક સંસદને માટે લખી આપવા બદલ સંસદ તરફથી હું તેમનો આભાર માનું છું. વળી શાસ્ત્રી કેશવરામે જે ટુંક 'પ્રાસ્તાવિક' લખ્યું છે તે માટે પણ તેમનો આભાર માનું છું.

આ પુસ્તક વાડાસીનોરના રહેવાસી શેઠ શ્રી નાથજીભાઈ વલ્લભદાસના સ્મારકમાં તેમના સુપુત્રો શ્રી મોતીલાલભાઈ, શ્રી. ચંદુલાલભાઈ તથા શ્રી. મોહનલાલ ભાઈએ આપેલી ઉદાર આર્થિક સહાયમાંથી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. તે સંબંધી નોંધ શ્રી મોહનભાઈના નિવેદનમાં છે. વૈષ્ણવ ભાઈઓની લક્ષ્મીનો વિનિયોગ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ભક્તિ સિદ્ધાન્તના સાહિત્ય પ્રચારના કાર્ય કરતાં બીજા ક્યા કાર્યમાં વધારે સારો થાય ? હમણાંના યુદ્ધ કાળમાં વહેપારી વર્ગ ઠીક ઠીક રળ્યો છે. તેમાં આપણા વૈષ્ણવભાઈઓએ પણ સારી કમાણી કરી છે. જો તે ભાઈઓ પોતાની કમાયેલી લક્ષ્મીનો થોડોક હિસ્સો પણ આવા કાર્યમાં વાપરે તો સંસદ્ સાહિત્ય પ્રચારના કાર્યને સારો વેગ મળે. શ્રી મહાપ્રભુજીને માટે અને તેમના ગ્રંથો પ્રત્યે જેને પ્રેમ હોય તેવા વિરલ ભાગ્યશાળી વૈષ્ણવ ગૃહસ્થોની લક્ષ્મી આવા કાર્યમાં વપરાય. શ્રી મહાપ્રભુજી તેવાઓને પ્રેરણા કરે. એટલું કહીને વાચકને પોતાને જ સ્વતંત્ર વાચન દ્વારા આ ગ્રન્થનો આસ્વાદ લેવાને વિનવીશ.

ગોવર્ધન નિવાસ, મહાલક્ષ્મી
સોસાયટી, અમદાવાદ
તા. ૩૦–૫–૪૬

જેઠાલાલ ગોવર્ધનદાસ શાહના
ભગવદ્ સ્મરણ
મંત્રી, શુદ્ધાદ્વૈત સંસદ

श्री कृष्णः ।

પ્રાસ્તાવિક

વૈષ્ણવ સંપ્રદાયના એક સારા અને ધાર્મિક વિદ્વાન તેમજ કાર્યકર પ. ભ. શ્રી. મોહનલાલ વિ. ગાંધી (બી. એ., એલ એલ. બી.) એ ભારે મહેનત લઈ "પુષ્ટિપ્રવેશ" નામનો સંવાદાત્મક ગ્રંથ રચ્યો છે એની નોંધ લેતાં અત્યંત આનંદ થાય છે. એક વૈષ્ણવ પ્રોફેસર અને એક જિજ્ઞાસુ કોલેજિયન જેવાં બે કાલ્પનિક પાત્ર લઈ શ્રી ગાંધીએ પ્રશ્નોત્તરના રૂપમાં લખેલા આ ગ્રંથમાં સૌથી પ્રથમ "ધર્મ" શું છે એ વસ્તુ વિષે પ્રાસ્તાવિક કહી હિંદુ ધર્મની વિશેષતા તેમજ વિશિષ્ટતા આપવાનો પ્રયત્ન કર્યો છે. 'ધર્મ-ધર્મ' તો બધા કહે છે, પણ 'ધર્મ' શું છે એ કોઈ જાણતું નથી. એ માટે 'ધર્મ વિષેના ખોટા ખ્યાલો' ઉપર સ્વતંત્ર રીતે એક પ્રકરણ લખવામાં આવ્યું છે. શ્રી. ગાંધી જણાવે છે કે "એક ભ્રમ એવો છે કે ધર્મ માત્ર ધતિંગ છે; તે કેવળ રોગિષ્ટ મગજની ભ્રમણા માત્ર છે, તેની પાછળ વખતનો વ્યય કરવો એ ધુમાડામાં બાચકા ભરવા બરાબર છે. જીવન એ તો નક્કર વસ્તુ છે: આવી નક્કર વસ્તુને કલ્પનાના તરંગોમાં વેડફી નાંખવી એ નરી મૂર્ખાઈ છે. અને મને લાગે છે કે આવું માનનારાની સંખ્યા દિનપ્રતિદિન વધતી જ જાય છે. વળી દુનિયામાં જીવન વિગ્રહ માટે જે કષ્ટ યુક્ત મહેનત અને દુઃખના દરિયા પથરાઈ રહ્યા છે, તે જોતાં તો ઘડીભર એમ પણ લાગે છે કે આમાં કદાચ તથ્યાંશ પણ હશે × × આપણા શાસ્ત્રકારો તેનો ખુલાસો એવો આપે છે કે જડવાદીઓ માને છે તેમ આપણે

માટીમાંથી આવ્યા નથી પણ આનંદના ધામ રૂપ એવા પ્રભુ પાસેથી આપણે આવ્યા છીએ, પ્રભુ એ આનંદરૂપ છે. આનંદના ધામ રૂપ છે." (પૃ. ૧૭–૧૮)

ધર્મ એ માત્ર કલ્પનાના તરંગ છે એવી જડવાદીઓની માન્યતા રજૂ કરી બધું આનંદમાંથી ઉત્પન્ન થયું છે એ આદર્શવાદ લેખક આપણી સમક્ષ મૂર્ત કરવાનો પ્રયત્ન કરે છે. ધર્મ ઉદ્ધારક હોઈ શકે. જે ધર્મ લોકોનો ઉદ્ધાર કરવાને બદલે અધઃપતનને માર્ગે લઈ જતો હોય તે ધર્મ જ નથી; બલકે માત્ર છલાભાસ છે. જગતમાં આવા છલાભાસો પણ પ્રવર્તે છે અને લોકોને અધઃપતનને માર્ગે ધકેલી મૂકે છે. એમાં ફસાએલા અજ્ઞાન માણસો એને જ સાચો સમુદ્ધારક ધર્મ માની ઘોર અને ઘોર ફસાઈ સર્વનાશને નોતરી લે છે. ધર્મ ક્યાંય પણ લોકોનાં ગળાં કાપવાની વાત કરતો નથી અને એક ભારે આશ્ચર્ય છે કે યુરોપમાં ધર્મને માટે 'ક્રુઝેડસ' થએલાં છે, ત્યારે ભારતવર્ષમાં એવું ક્રૂર કર્મ કદી કોઈપણ આર્ય ધર્મમાં થયું જાણવામાં નથી. ધર્મ સંહારક નથી. ધર્મ સમુદ્ધારક છે. એક ધર્મવાળા બીજા ધર્મવાળાને પોતાની દલીલોથી સમજાવી પોતાના ધર્મમાં લાવવાનો પ્રયત્ન કરે એ સમજાય એવું છે; પણ એક ધર્મવાળો બીજા ધર્મવાળાને તલવારની અણીએ પોતાનો ધર્મ સ્વીકારવાની ફરજ પાડે; સામી વ્યક્તિ તાબે ન થાય તો એનું ગળું ઉડાડી દેવામાં આવે, આ ધર્મના ઓઠા નીચે કેવળ **છલધર્મ** છે.

ભારતવર્ષ કદી એવા છલધર્મોનો સમાદર કરી શકતું નથી. શ્રી. ગાંધીએ "ધર્મનો આદર્શ" સમજાવતાં ધર્મના વ્યાપક સ્વરૂપનો ઠીક ઠીક ખ્યાલ આપ્યો છે. એને અંગે ધર્માંતર યા ધર્મપલટા વિશે પણ ચર્ચા કરી છે. "આત્મકલ્યાણની દૃષ્ટિએ સ્વેચ્છાથી અને સ્વતંત્રપણે પુખ્ત વિચાર અને મનનને અંતે તમને ધર્મની અમુક

વિચારશ્રેણી વધારે અનુકૂળ લાગે તો તેવો અનુકૂળ ધર્માચાર સ્વીકારવામાં શા માટે પ્રતિબંધ હોવો જોઈએ ?" (પૃ. ૨૯) આમ ઉઠાવ કરી ધર્મ એ લાગણીની વસ્તુ નહિ, પણ સ્વેચ્છાપૂર્વક સમજીને વર્તનમાં મૂકવાની આત્મોદ્ધારક વસ્તુ છે એ એમણે વિસ્તારથી સમજાવ્યું છે. એક વસ્તુ અત્યંત સ્પષ્ટ છે કે ધર્મ એ આત્મકલ્યાણ તરફ લઈ જનારો એક રાજમાર્ગ છે. ધર્મમાં આત્મકલ્યાણ કરવાની શકિત ન હોય તો એ ધર્મ ધર્મ જ નથી; એ માત્ર વિડંબના જ છે. બાહ્ય પ્રલોભનોને વશ થઈ જ્યાં વગર સમજ્યે ધાર્મિક વર્તનનો ઉપલક પ્રયત્ન છે ત્યાં ધર્મનું સાચું સ્વરૂપ કદી સમજવામાં આવતું નથી.

ધર્મની વિશાળ વ્યાખ્યા શ્રી ગાંધીની નજરની બહાર નથી ગઈ. રાષ્ટ્રધર્મને એમણે જતો કર્યો છે. એઓ કહે છે અને એ વાજબી જ છે કે—" પણ દેહધર્મ અને આત્મધર્મ જુદા છે, એમ રાષ્ટ્રધર્મ અને પરમાત્મ ધર્મ પણ જુદા છે. " (પૃ. ૨૯) 'રાષ્ટ્રધર્મ પાળવાને કોઈ ના કહેતું નથી, પણ આત્મધર્મની ઉપેક્ષા કરીને કદાપિ નહિ " (પૃ. ૨૯) આ વસ્તુ તરફ હું સવિશેષ ધ્યાન દોરવા ચાહું છું. હાલને ટાંકણે આપણી સમક્ષ આ એક મુશ્કેલી ભરેલો કોયડો પડયો છેઃ આત્મધર્મ આદરવો કે રાષ્ટ્રધર્મ ? રાષ્ટ્રધર્મનું આચરણ અનિવાર્ય છે એમાં શંકા નથી, કેમકે રાષ્ટ્ર સલામત નહિ હોય તો નથી પાળી શકાવાનો દેહધર્મ કે નથી પાળી શકાવાનો આત્મધર્મ. માથે ખાંડાની ધારો ચમકતી હોય—કાળરાત્રિની કંગાળ જિહ્વાની જેમ આગ વરસતી સર્વને ભરખી રહી હોય તેવે સમયે આત્મધર્મ કે દેહધર્મ કોઈ કાંઈ પાળી શકાવાના નથી, પાળવા જેટલો સમય કે ધીરજ મલવાનાં નથી, માટે જ રાષ્ટ્રધર્મ—રાષ્ટ્ર તરફ બજાવવાની આપણી ફરજો તરફ પ્રામાણિક રીતે આપણે દત્તાવધાન રહી રાષ્ટ્રનું સમગ્રપણે હિત જોવાની અને કરવાની આપણી

માટે અનિવાર્યતા ઉભી થાય છે. રાષ્ટ્ર સલામત હશે તો જ વ્યક્તિ પોતાનું પ્રામાણિક ઇષ્ટ સાધી શકવા સમર્થ થશે, આપણે છેલ્લા વિશ્વયુદ્ધમાં જોયું છે કે વિજ્ઞાનનો આશ્રય લઇ કરવામાં આવેલાં કેટલાંક વિનાશક અને માનવતાને શરમાવે એવાં કાર્યોએ એક કરતાં વધુ રાષ્ટ્રોને પાયમાલ કરી નાખ્યાં છે. અમુક રાષ્ટ્રોની સલામતી માટે અન્યરાષ્ટ્રોને પાયમાલ કરી નાખવાનો પ્રયત્ન એ અપ્રમાણિક છે, અને એ અપ્રમાણિક પ્રયત્ન કે કાર્યનાં કુડાં ફળ મલે જ છે. એ પણ આપણે છેલ્લા વિશ્વયુદ્ધમાં જોયું છે. જે રાષ્ટ્રોનો વિજય થયો છે, એ પણ કાંઇ ધાર્મિક આચરણથી નથી થયો. નષ્ટ થવાને પાત્ર રાષ્ટ્ર કરતાં કાંઇક નીતિનો અંશ ઉન્નત માત્રામાં હતો એટલું જ. પણ તેથી અત્યારે વિજય પામેલાં રાષ્ટ્ર શાશ્વત વિજય પામી ચૂક્યાં છે એમ રખે માનવામાં આવે ! એ રાષ્ટ્રોએ સાચો અને પ્રામાણિક રાષ્ટ્રધર્મ નથી બજાવ્યો. બચાવની નીતિનો સ્વીકાર કરવામાં આવે તો એ રાષ્ટ્રધર્મ ખરો, પણ આક્રમક પગલાં લઇ બીજા રાષ્ટ્રમાં ઘુસી તેને પાયમાલ કરવામાં આવે તો એ તો મહાન દ્રોહ છે. આપણો આર્યાવર્તનો હિંદુધર્મ આવું કદી કરતો નથી, ઇચ્છતોય નથી, અને તેથી જ એ અચળ સ્વરૂપે હજી ઉભો છે.

ધર્મનો આદર્શ બીજાને પ્રેમથી જીતી લેવાનો છે. પ્રેમથી જીતવાને બદલે દમદાટીથી જીતવામાં આવે ત્યાં એ છલધર્મ છે. એવો ધર્મ કોઈનો પણ ઉદ્ધાર કરી શકતો નથી. વળી માત્ર દુન્યવી ખયાલોથી જ—દુનિયામાં રહી સર્વશ્રેષ્ઠ સ્થાન ટકાવવાને ઇતરો ઉપર જુલ્મ ગુજારવામાં આવે—સંહાર પણ ઇતરોનો કરવામાં આવે—નીતિનાં બધાં ધોરણોનો પણ ત્યાગ કરવામાં આવે, તો એવા છલધર્મનો વિજય એ વિજય નથી. એ ક્ષણિક વિજય જ એવા છલધર્મનો સર્વનાશ કરનારો થાય છે. હિંદુધર્મ આવું કદી ઇચ્છતો નથી. અને તેથી જ આજે એ જગતના ધર્મોમાં ઉન્નત સ્થાને શોભી રહ્યો છે.

લેખકે હિંદુધર્મની વિશેષતા આ ગ્રંથમાં સમઝાવી પછી એની એક પ્રધાન શાખા ભાગવત ધર્મમાં અંતર્ગત શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગ વિશે અનેક પ્રકરણોમાં વિશદતાથી ચર્ચા કરી છે. એનું જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કરવું ત્યાંથી માંડી સંપ્રદાયને લગતા નાના મોટા બધા વિષયો વિશે લેખકે ચર્ચા આપી છે. **વિશ્વોદ્ધારક સેવાધર્મ** ઉપરનું પ્રકરણ લેખકે નમૂનેદાર લખ્યું છે. એમાં પુષ્ટિમાર્ગનો અને પુષ્ટિમાર્ગીય જીવનનો આદર્શ રજૂ કરવામાં આવ્યો છે. સ્વાર્થત્યાગ એ સર્વથી પ્રધાન વસ્તુ છે. પુષ્ટિમાર્ગીય જીવમાં દુન્યવી કોઈપણ સ્વાર્થને સ્થાન નથી; એ બીજાને ઉપયોગી થતો થતો આત્મકલ્યાણનો માર્ગ સાધી શકે છે; પ્રભુમાં અનન્ય આશ્રય રાખી દુનિયાનું પ્રત્યેક કાર્ય એ કરતો રહે છે; અને પોતાનો ઉદ્ધાર કરતો અન્યનો પણ એ ઉદ્ધાર કરતો જાય છે. ત્યાગની પરાકોટિ પુષ્ટિમાર્ગમાં જેટલા પ્રમાણમાં છે તેટલા પ્રમાણમાં બીજા ધર્મોમાં કદાચ નથી. શ્રી ઠાકોરજીની સેવામાંથી રાજભોગ ધરાવી નિવૃત્ત થયેલા વૈષ્ણવને ત્યાં આવેલા કોઈપણ વૈષ્ણવ અભ્યાગત કે મેમાનને માટે જ ધરેલો પ્રસાદ છે. એમાંથી જો કાંઈ બચે તો એટલું જ ગૃહસ્થ વૈષ્ણવને મળે છે; ન બચે તો જલનું જ પ્રાશન કરી ટાણું ચલાવી લેવાનું. આ આદર્શ—વિકટ આદર્શ બીજા ધર્મના જીવોમાં કદી જ મળવાનો નથી. આનાથી ઉત્કટ ત્યાગ બીજો કયો હોઈ શકે? દંભ દર્પ અભિમાન ક્રોધ પરુષતા અને આત્મસ્વરૂપાજ્ઞાન એ શ્રેષ્ઠ પુષ્ટિમાર્ગીય જીવમાં કદી નથી. હા, આજે બધા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોમાં ત્યાગની આ ઉત્કટ માત્રા નથી; અને હોય પણ નહિ. આદર્શતા એ સહેલી વસ્તુ નથી. પ્રભુનો પરમ અનુગ્રહ હોય તો જ એ મળે. શ્રી મહાપ્રભુજીએ પણ એ જ માટે **कोटिषु अपि सुदुर्लभः** એટલે કરોડોમાં એવા જીવ દુર્લભ હોવાનું કહ્યું છે. આમ છતાં એ આદર્શને પહોંચવાની યોગ્યતા હોય કે ન હોય તોય વૈષ્ણવપણાનું સાફલ્ય તો ઘણા વૈષ્ણવોમાં આજે પણ જોવામાં આવે છે. દેશ અને

કાળની વિચિત્રતાએ જનતાને અધઃપતન તરફ ધકેલી છે, એ ખરું છતાં આવા દેશ અને કાળમાં પણ ધાર્મિક અને નૈતિક જીવનનાં નમૂનેદાર દૃષ્ટાંતો આપણા વિશાળ હિંદુ ધર્મમાં અનેક ઠેકાણે મળે છે તો એની એક તેજસ્વી શાખા પુષ્ટિમાર્ગમાં મળે એમાં શું આશ્ચર્ય હોઈ શકે ? નિ. લી. ગો. શ્રી ગોકુળનાથજી મહારાજના સંપર્કમાં જે કોઈ એતન્માર્ગીય કે ઇતર માર્ગીય આવ્યા હશે તે સૌ કોઈ એક આદર્શ વૈષ્ણવ આચાર્યના સ્વરૂપનો પરિચય મેળવી શક્યા હશે. આ યુગમાં પણ ત્યાગ અને તપની મૂર્તિઓનાં દર્શન થાય છે એ હિંદુધર્મના અને તેમાંય તે પુષ્ટિમાર્ગના પરમ ઉજ્જવલતાને સ્પષ્ટ કરે છે.

પણ આમ પુષ્ટિમાર્ગનાં વખાણ જ કર્યા કરિયે તો તેથી કયો અર્થ સરવાનો હતો ? આજે દેશ અને કાળની વિપરીતતાને લીધે અને પશ્ચિમના જડવાદના પ્રસારને કારણે નવા લોહીમાં પરંપરાગત ધર્મો તરફ અરુચિ સર્વત્ર જણાય છે. આ અરુચિ એવું અને એટલું જોર પકડતી જાય છે કે એણે છેલ્લા ચાર દાયકાઓમાં જે અનર્થ ઉપજાવ્યો છે તેનાથી અનેકગણો અનર્થ હવે પછીના એક દાયકામાં એ કરી નાખશે. વિશાળ હિંદુધર્મના સ્વરૂપનો ખ્યાલ જ તેથી જેમ બને તેમ સબળ પ્રમાણમાં યોગ્ય શિક્ષાનો આશ્રય કરી આપવો અનિવાર્ય છે. જૂની રીત-રસમોથી એ હવે બનવાનું નથી. એને માટે નવી રીત-રસમો-યુક્તિઓનો સમાશ્રય કરવો જરૂરી છે. બધું જ ભગવદિચ્છા પ્રમાણે થાય છે એનો કાંઈ વિરોધ કરી શકાય એમ નથી; એટલે જે થાય છે તે બધુંજ કાલાત્મા ભગવાનની ઈચ્છા પ્રમાણે જ થાય છે એમ માની ગૌમુખીમાં હાથ ઘાલી બેઠા રહેવાથી તો ભારે અનર્થને આપણે નોતરી રહ્યા છીએ. જો ભગવાનની ઈચ્છા પ્રમાણે જ બધું થાય છે, એમ આપણે દૃઢપણે માનતા હોઈયે તો આ અહીં સૂચના કરવામાં આવે છે તે પણ એવી જ કોઈ ભગવદિચ્છાનું જ પરિણામ નથી એમ કેમ આપણે કહી શકિયે ? માટે પણ

૨૬૪૪૮

એ પ્રામ થાય છે કે વિશાળ સ્વરૂપમાં ઉદાર રીતે નવલોહિયાં યુવક-યુવતિઓમાં પ્રથમ તો હિંદુધર્મના આદર્શ સિદ્ધાંતોનો પ્રચાર કરવાને શક્ય તેટલા બધાજ પ્રયત્ન કરી છૂટવું જોઈએ. બુદ્ધિવાદના આ જમાનામાં સામેથી પુષ્કળ પ્રશ્નો રજૂ થશે તે બધા પ્રશ્નોની વિવેકભરેલી સમજૂતી લાવવાની શક્તિ જો હશે-અને એ શક્તિ હિંદુધર્મના નેતાઓએ કેળવ્યા વિના છૂટકોજ નથી તેઓ જ ખરા માર્ગદર્શકો થઈ શકશે; જેઓમાં એ શક્તિ નથી તેઓએ ઉપદેશકોના ક્ષેત્રમાંથી હટીજ જવું જોઈએ અને યોગ્ય આદર્શ ઉપદેશકોને મોખરાનું સ્થાન આપવું જોઈએ. ગો. શ્રી કૃષ્ણજીવનજી અને શ્રી દીક્ષિતજી આવા જેટલા ત્યાગ અને ધર્મ-ભાવનાના મૂર્ત વીર આચાર્યોના નેતૃત્વ નીચે માત્ર પુષ્ટિમાર્ગ નહિ પણ સમસ્ત હિંદુ ધર્મના સ્વરૂપનો બહોળો પ્રચાર કરી હિંદુઓને હિંદુત્વમાંથી ચલિત થતા અટકાવી સ્વધર્મ-પાલન-તત્પર બનાવવાનું આજે અનિવાર્ય છે. "પુષ્ટિ પ્રવેશ" જેવા ગ્રંથોથી આ કાર્ય સાધી શકાય. વધુ ઉદાર ચિત્તે સમન્વય-બુદ્ધિથી જે કાંઈ માર્ગ ગ્રહણ કરવામાં આવશે તે આ વિકરાલ યુગમાં હિંદુ ધર્મનો પોષક થશે જ.

"बुद्धिप्रेरक कृष्णस्य पादपद्मं प्रसीदतु ॥

મીઠાખળી, અમદાવાદ,
તા. ૨૧-૫-૪૭

લિ. ભગવદીય ચરણરજ
કેશવરામ કા. શાસ્ત્રીનાં
સપ્રેમ ભગવત્સ્મરણ

॥ શ્રી વલ્લભઃ ॥

નિવેદન

આજથી પાંચ વર્ષ ઉપરની વાત છે. શુદ્ધાદ્વૈત કા. સ. ની બેઠક ભરાઈ હતી. તેમાં શેઠશ્રી પોપટલાલ નગરીએ સૂચના કરી કે ખ્રિસ્તીધર્મ પ્રચાર સંસ્થાઓની પેઠે આપણી પાસે પણ પુષ્ટિમાર્ગની સાદી સમજણ આપે એવો પ્રશ્નોત્તરીના રૂપમાં એક ગ્રન્થ હોય તો સારૂં. આ સમયે શ્રી વલ્લભાચાર્યજીના સિદ્ધાન્તો નામનું સંસદનું પ્રથમ પ્રકાશન પ્રકટ થઈ ચૂકયું હતું.

ખરી રીતે તો દરેક સજ્જનને આવા ગ્રન્થની અગત્ય લાગતી હતી. સવાલ એ હતો કે આધુનિક યુવકના માનસને આકર્ષી શકે અને ધર્મ પ્રત્યે તેના મનને સંતોષ આપે એવું સરળ ભાષામાં લખાયેલું લખાણ કોની પાસે તૈયાર કરાવવું ?

પછીથી કેટલાક ભાઈઓને આ વિષે કહેવામાં આવેલું. પરંતુ તેમની તરફથી ઉત્તેજક જવાબ મળ્યો નહિ. તે ઉપરથી અંતે મને જ પ્રેરણા થઈ કે અને તો હું જ તે દિશામાં પ્રયત્ન કરૂં. પ્રસ્તુત ગ્રન્થ તેનું પરિણામ છે.

ખરે, આપણા આજના યુવકની સ્થિતિ ઘણી જ કફોડી છે. તેને ઘરમાં કે ઘરની બહાર ધર્મમાં પ્રીતિ ઉપજે એવું ઉત્તેજન મળતું નથી. તેથી તેનામાં તે પ્રત્યે એક પ્રકારની ઉપેક્ષાવૃત્તિ પેદા થાય છે. માબાપ તેને દુન્યવી શિક્ષણ આપવાની જેટલી કાળજી લે છે, તેના સોમા ભાગની કાળજી પણ તેઓ તેને ધાર્મિક જ્ઞાન આપવાને લેતા હોય તેવું જોવામાં આવતું નથી. પરિણામ એ આવે છે કે વિદ્યાર્થી

હાઈસ્કૂલનો અભ્યાસ પૂરો કરી ઉચ્ચ શિક્ષણ લેવા કૉલેજમાં દાખલ થાય છે, છતાં અભ્યાસના આ લાંબા ગાળામાં તેણે ભાગ્યેજ ધર્મનું એક પુસ્તક વાંચ્યું હોય છે. તેને જે કાંઈ વાંચવાનું કે સાંભળવાનું પ્રાપ્ત થાય છે, તે એવું નથી હોતું, જે તેનામાં ધર્મના સંસ્કાર પોષે. તે જે ઇતર ગ્રન્થોનું સેવન કરે છે તે એવા હોય છે કે ઉલટા તે ધર્મ પ્રત્યેની તેની શ્રદ્ધા ખંડિત કરે યા તો નાબૂદ કરે. જીવન સાથે ગંભીર સંબંધ ધરાવતી એવી ધર્મ જેવી કોઈ કીમતી વસ્તુ છે એવું તો તેને ભાનજ થતું નથી. આવા સંજોગોમાં સ્વાભાવિક છે કે ધર્મ પરત્વે તેના અભ્યાસો કેવળ ઉપરચોટિયા ને છીછરા હોય.

બાળકોની કેળવણીમાં ઉપર દર્શાવેલી એવી ભયંકર ખામી મોટેરાઓને ઘણીજ સાલે છે તેની ના નહિ, પણ આવી બાબતમાં શું કરવું તેની તેમને સુઝ પડતી નથી.

પરંતુ આ ઉપરથી રખે કોઈ એવું સમજે કે ધર્મ વિષેની સાચી માહિતી મેળવવાની જીજ્ઞાસાવૃત્તિજ સર્વ યુવાનોમાંથી મરી ગઈ છે. તેમના હૃદયના ઊંડાણમાં ધર્મ વિષે જાણવાની વૃત્તિ પૂર્વ સંસ્કારબળે સુષુપ્ત અવસ્થામાં પડી રહેલી હોય છે એટલું જ. પણ સવાલ એ છે કે તેને જાગ્રત શી રીતે કરવી ?

આ બુદ્ધિવાદના જમાનામાં તેનો અસરકારક ઉપાય માત્ર એક જ હોઈ શકે. આપણે આપણા ધર્મનાં સનાતન સત્યોને તર્કદ્વારા સમજાવવા પ્રયત્ન કરવો. આ ગ્રન્થ એ દિશામાં પ્રયત્ન કરવાનો ઉદ્યમ કરે છે. તેમાં તેને કેટલે અંશે સફળતા મળી શકી છે તેનો નિર્ણય તો વાચનાર જ કરી શકે.

મારે કહેવું જોઈએ કે મારી જીંદગીનો મોટો ભાગ વિદ્યાર્થીઓના સહવાસમાં ગયો છે. એથી મને તેમના માનસનો પરિચય ઠીક ઠીક પ્રમાણમાં છે એમ કહું તો ચાલે. તેમના માનસમાં ધર્મ પ્રત્યે જીજ્ઞાસાવૃત્તિ ઉત્પન્ન કરવી હોય તો ધર્મની બાળાખડીથી

શરૂઆત કરવી જોઈએ. ધર્મ એ શી વસ્તુ છે, તેને જીંદગી સાથે કેટલો સંબંધ છે, તેનું રહસ્ય શું છે, દુનિયાના વ્યવહારો સાથે તેમજ દુનિયાથી પર એવા પરમાત્મા સાથે તેનો કેવા પ્રકારનો સંબંધ છે, આ અને આવું બધુંજ જે ધર્મ સાથે સંબંધ ધરાવતું હોય, તેને ગ્રન્થનો વિષય બનાવવો જોઈએ. આ ગ્રન્થમાં આવા અનેક વિષયોની ચર્ચા પ્રશ્નોત્તરરૂપે કરવામાં આવી છે.

જ્યારે પ્રસ્તુત ગ્રન્થનું લેખનકાર્ય ચાલતું હતું ત્યારે મને ગ્રન્થ આવડો મોટો થશે તેની બિલ્કુલ કલ્પના નહોતી. જેમ જેમ હું વસ્તુ વિચારનું ચિંતન કરતો ગયો તેમ તેમ મને લાગવા માંડયું કે જો વિષયને ન્યાય આપવો હોય તો મારે કેવળ પુષ્ટિમાર્ગનાં વિશિષ્ટ લક્ષણો દર્શાવી સંતોષ માનવો ન જોઈએ. મારે પુષ્ટિમાર્ગનો સનાતન ધર્મ સાથે કેવો અતૂટ સંબંધ છે તે તથા તેનાં મૂળ તત્ત્વો પુષ્ટિમાર્ગની પ્રણાલીમાં કેવાં નૂતનરૂપે ઉતરી આવ્યાં છે, તે પણ બતાવવું રહ્યું. કારણ કે જો તેમ થાય તોજ ધર્મની ઐતિહાસિક સતતતા કંઈક અંશે જળવાઈ રહે તેમ કરવા જતાં અલબત્ત ગ્રન્થનું કદ પુષ્કળ વધી ગયું છે. આમ છતાં વિષય પરત્વે જે કાંઇ કહેવું જોઇએ તે કહેવાનું અધૂરું રહી ગયું છે એવો અસંતોષ તો રહ્યાજ કરે છે.

આ ગ્રન્થનું નામ **પુષ્ટિપ્રવેશ** રાખવામાં આવ્યું છે. તેના વાચનથી વાંચનારમાં પુષ્ટિમાર્ગ વિષે વધારે જાણવાની જીજ્ઞાસા પેદા થાય તો લેખનનો મારો ઉદ્દેશ પાર પડયો છે એમ હું સમજીશ.

પ્રભુની લીલા અગમ્ય છે. ગ્રન્થ લખાતો હતો ત્યારે એક અણચિન્તવી ઘટના બની. ગ્રન્થ પૂરો થાય તે અગાઉ મારે જેલવાસ ભોગવવો પડયો. તેના કાર્યકારણની ભાંજગડમાં ઉતરવાની જરૂર નથી. પરંતુ, વધુ વિચાર કરતાં મને લાગે છે કે એક રીતે તો જે કાંઇ બન્યું તે સારૂં થયું તેમાં પણ પ્રભુનો હાથ સ્પષ્ટ જણાય છે. હાથ

ધરેલું ગ્રન્થલેખનનું કાર્ય મેં જેલમાંજ પૂર્ણ કર્યું. પણ, જો હું તેટલેથી જ અટકી ગયો હોત તો જે હેતુથી ગ્રન્થલેખનનું કાર્ય ઉપસ્થિત થયું હતું તે પાર પડી શક્યું ન હોત. તેના અંગની આખી વિચારસંકલનાને પૂરી કરવાને મને આ ગ્રન્થ ઉપરાંત બીજા બે નવા ગ્રન્થો લખવાની પ્રેરણા થઈ. આ બે ગ્રન્થ એટલે **'પુષ્ટિસુધા'** ને **'પુષ્ટિનવનીત'**. તે પૈકી પુષ્ટિસુધા નામનો ગ્રન્થ તો પ્રકટ થઈ ચૂક્યો છે અને ધાર્યા કરતાં પણ વધુ આદરસત્કારને પાત્ર બન્યો છે. એમાં હું પ્રભુકૃપાનું દર્શન કરું છું. જો હું બહાર હોત તો મારી લેખનપ્રવૃત્તિ આ દિશામાં ઉત્તેજાઇ હોત કે કેમ એ પ્રશ્ન છે. મને લાગે છે કે તે માટે સંજોગોજ વધારે જવાબદાર હતા.

'પુષ્ટિસુધા' વિષે અહીં વધારે લખવાની જરૂર નથી. તેમાં શ્રી મહાપ્રભુજીની ષોડશગ્રન્થરૂપે પ્રકટ થયેલી દિવ્ય વાણીને અને તેમાં રહેલાં ગૂઢ ને ગંભીર રહસ્યોને સાદી વિવેચનાત્મક ભાષામાં સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. રસાનુભવની એ અલૌકિક વાણી જ એવી છે કે આપણે તેનું ગમે તેટલું રસપાન કરીએ, તોપણ તેનાથી આપણને તૃપ્તિ થાયજ નહિ. ઉલટું વધારે પાનથી વધારે તૃષા ઉત્પન્ન થાય એવું તેનું આકર્ષણ છે. એટલે તેવી જાતનો રસ લૂંટતાં લૂંટતાં પુષ્ટિસુધાનો ગ્રન્થ તો પૂરો થયો, પણ જીવને તેનાથી ઓછો સંતોષ થાય છે ! લોભને થોભ હોતો નથી. તે કાર્ય પૂર્ણ થતાં જેલવાસ દરમિયાનજ વિરહાગ્નિમાં ઝૂરતા દીનતાની સાક્ષાત્મૂર્તિ-સમા શ્રીહરિરાયજીના 'બૃહદ્ શિક્ષાપત્રો'નું ચિન્તવન કરવાનું મને મન થયું અને તેમાંથી તેની અંદર સમાયેલા ગૂઢ ભાવોને પત્રોરૂપે ગુજરાતીમાં ઉતારવાની પ્રેરણા થઈ. તે કાર્ય પણ શરૂ થયું અને લગભગ પોણાભાગનું કાર્ય થયું હશે તેવામાં જેલમાંથી મારો છૂટકારો થયો. આ બીજો ગ્રન્થ તે 'પુષ્ટિનવનીત'. અહીં 'પુષ્ટિપત્રો' સાથે 'પુષ્ટિસુધા' તથા 'પુષ્ટિનવનીત' નો ઉલ્લેખ

એટલા માટે કર્યો છે કે આ ત્રણે ગ્રન્થો પાછળ એક સામાન્ય પીઠભૂમિકા રહેલી છે. તેની પાછળ ભાવનાની એક સળંગ સંગતિ રહેલી છે. મારો નમ્ર અભિપ્રાય છે કે જો વૈષ્ણવયુવકો આ ત્રણે ગ્રંથો ધૈર્ય રાખી વાંચી જશે, તો તેમને પુષ્ટિના તત્ત્વની તેમજ તેના મર્મની ઝાંખી થયા વિના નહિ રહે. અને સંભવતઃ તે તેના મૂળ સાહિત્યનો અભ્યાસ કરવાને વધારે લલચાશે. જો આટલુંયે પરિણામ આવશે તો મારા મનથી તે ઓછું નથી.

પ્રસ્તુત ગ્રન્થની વસ્તુ માટે મેં અનેક ગ્રન્થોનો આધાર લીધો છે. તેમાં મુખ્યત્વે અક્ષરધામવાસી શ્રી આનંદશંકરભાઈની હિંદુ ધર્મની બાળપોથી, હિંદુધર્મવર્ણન, વેદનો ધર્મ, શ્રી બાબા પ્રેમાનંદકૃત પ્રેમસ્વરૂપ શ્રીકૃષ્ણ, શ્રી વલ્લભાચાર્યજીના સિદ્ધાન્તો, શ્રી ધીરજભાઈનું 'પરમાનંદ પ્રાપ્તિ' શ્રી કૃષ્ણદાસ શાહકૃત પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત રત્નહાર (મરાઠી), મૂળ ષોડશ ગ્રન્થો, તત્વ, દીપનિબંધ વગેરે વગેરે. એ ગ્રન્થમાં કાંઈ પણ ઉપયોગી કે રોચક વસ્તુ માલુમ પડે તો તે બધું ઉપરોક્ત ગ્રન્થોના લેખકોને આભારી છે. તેમનું ઋણ હું કેવળ શબ્દોથી વાળી શકું તેમ નથી.

સંસદની સ્થાપના કરવાનો મૂળ હેતુ વૈષ્ણવધર્મના અપૂર્વ સિદ્ધાંતોનો પ્રચાર કરવાનો છે. આવો પ્રચાર નામસેવા દ્વારા વધારે સારી રીતે પાર પડી શકે. તદર્થે તેના તરફથી ગ્રન્થાવલિ નિયમિત રીતે પ્રકટ થાય છે ને તેનાં પ્રકાશનો સભ્યોને ભેટ આપવામાં આવે છે. અત્યારસુધીમાં આવાં ૧૪ પ્રકાશનો બહાર પડયાં છે 'પુષ્ટિપ્રવેશ' ઉક્ત ગ્રન્થાવલિનો ૧૪ મો મણકો છે. આશા છે કે સભ્યો તેનો ઉપયોગ કરશે ને કરાવશે

ખરું જોતાં ધર્મનો સાચો પ્રચાર તો ગ્રન્થો કે વ્યાખ્યાનો કરતાં ધર્મના તત્ત્વોને જીવનમાં ઉતારી તે પ્રમાણે ખરું જીવન જીવી ખરા વૈષ્ણવ બનાવવામાં રહેલો છે. જ્યાં સુધી વૈષ્ણવતાની નવીન પ્રભાથી

પ્રભાવિત થયેલા અને ભક્તિ રસના ખરા આનંદમાં તરબોળ થયેલા નિરાભિમાની, ભગવત્પરાયણ અને વિપ્રયોગરસના ભોગી વૈષ્ણવોની સંખ્યામાં દિનપ્રતિદિન વૃદ્ધિ ન થાય ત્યાં સુધી સ્વરૂપસેવા ને નામસેવાનું સ્થાન ગૌણ જ રહેવાનું છે. આમ છતાં, વર્તમાન યુગમાં ગ્રન્થ પ્રકાશનનું સાધન સુલભ ને સંગીન હોવાથી તેની અગત્ય પણ ઓછી નથી.

એક પ્રસંગે હું સંસદ્‌ના પ્રચારકાર્ય અર્થે એક મારા જુના વિદ્યાર્થી પાસે ગયેલો. મેં તેને સંસદ્‌ના આજીવન સભ્ય તરીકે નામ નોંધાવવા વિનતિ કરી. તેણે જવાબ આપ્યો કે હું ધર્મની કોઈપણ પ્રકારની પ્રવૃત્તિમાં માનતો નથી. ગરીબ અવસ્થામાં ઉછરેલો આ ભાઈ પ્રભુકૃપાથી હાલ સારી સ્થિતિમાં છે. મારી પ્રત્યે તે સારો સદ્‌ભાવ ધરાવે છે. આમ છતાં, તે ઉપરના અભાવાત્મક વિચારમાં માનતો હોવાથી તેણે નન્નો ભણ્યો. તેના ઈન્કારમાં પૈસાનો લોભ નહોતો. આમ તો તે ઉદાર દિલનો છે ને પૈસાનો ઉપયોગ છૂટથી કરે છે. છતાં જે વિચારશ્રેણીનો તે ભોગ બન્યો છે, તે વિચારશ્રેણી જ એવી છે કે તેના સેવન કરનારમાં તે ધર્મ પ્રત્યે એક પ્રકારની સુગ પેદા કરે. તે રશિયન સમાજવાદનો પૂજારી છે. તેણે તે વાદનું સાહિત્ય પુષ્કળ વાંચ્યું છે. તેના પરિણામે તેનામાં એવી માન્યતા જડ ઘાલી બેઠી છે કે ધર્મ જ સમાજની પડતી કરાવે છે. તેના મતે હિંદની પડતીનું કારણ પણ ધર્મ જ છે. આવું માનનાર આવી ધાર્મિક સંસ્થાનો સભ્ય ન બને એ સમજી શકાય તેવું છે. પણ રખે કોઈ એમ ધારે કે આવા યુવાનોની સંખ્યા ઓછી છે. કમભાગ્યે તેમનામાં નાસ્તિકતા ઉત્તેજે તેવું શિક્ષણ અંગ્રેજીના અભ્યાસ સાથે શરૂ થાય છે. જો કે અંગ્રેજી શિક્ષણ નાસ્તિકતાનો આવો બોધ સીધી રીતે આપતું નથી. પણ તેના શિક્ષણગ્રન્થોમાં રહેલી વસ્તુ એવી જડવાદી સિદ્ધાન્તોથી ભરેલી હોય છે, કે તેના મન ઉપર જાણે અજાણે તેની વિપરીત અસર થયા વિના રહે નહિ.

હાલના હજારો યુવકો આવા નાસ્તિકવાદના ભોગ થઈ પડ્યા છે. તેમને હિંદ પ્રત્યે પ્રેમ છે પણ તેમનો તેવો પ્રેમ કેવળ તેના અર્થવાદ સુધી આવી અટકી જાય છે. તેમને હિંદની સંસ્કૃતિની કે ધર્મની કે તેના તત્ત્વજ્ઞાનની કશી પડી નથી. તેનાથી તેઓ બેમાલુમ છે ને તેવી સ્થિતિમાં કાયમ રહેવામાં અભિમાન લે છે. તેઓ ભૂલી જાય છે કે જો હિંદમાતા અમર રહેવાની હશે તો તે કેવળ તેના સ્થૂલ પોષણથી નહિ. તત્ત્વતઃ તો તેનું આધ્યાત્મિક જીવન એ જ તેનું ખરૂં જીવન છે. જે આધ્યાત્મિક જીવનનો અમુલ્ય વારસો આપણને પ્રભુએ આપ્યો છે તે આપણો એકલાનો નથી, તે ઉપર આખી દુનિયાનો હક છે. તેના વારસપુત્રો એવા આપણે જ જો તેને બેવફા નીવડશું તો આપણે તેના લાભથી વંચિત રહીશું એટલું જ નહિ, પણ તેનાથી આખી દુનિયાને વંચિત રાખવાનું પાપ વહોરીશું તે વધારામાં. પણ, હાલની સ્થિતિમાં આ વસ્તુ તેમને ગળે ઉતરે તેમ નથી. મહાત્મા ગાંધીજી પોતાના **હિંદ સ્વરાજ્ય** નામના ગ્રન્થમાં જણાવે છે કે આપણા દેશનો યુવાન પરાધીનતાની પીડાથી બ્હાવરો બન્યો છે. પરાધીનતાનો વળગાડ ખરૂં જોતાં તો આવા નવીન હિંદને જ વધારે લાગુ પડે છે. પાશ્ચાત્ય કેળવણી સંપાદન કરી, વિચારથી વૃત્તિથી ને ભાવનાથી તે પાશ્ચાત્ય સંસ્કૃતિનો ગુલામ બન્યો છે. તેઓશ્રીનું આ કથન કેટલું સત્ય છે? હું મારા એ જુના વિદ્યાર્થીને આ વિચારનું મહત્ત્વ હૃદયમાં ઉતારવા આવાહન આપું છું.

આવો જ પણ તેનાથી જુદા પ્રકારનો એક બીજો દાખલો. એક મારી જ્ઞાતિનો આવો જ શિક્ષિત ભાઈ છે. પ્રભુકૃપાએ તેણે દ્રવ્યસંપત્તિ ઠીક ઠીક પ્રમાણમાં એકઠી કરી છે. તેની પાસે પણ હું સંસદ્‌ના પ્રચાર અર્થે ગયેલો. વાતચિત ઉપરથી એવું લાગ્યું કે તેને કોઈ મજાંદીનો કડવો અનુભવ થયો હશે. તેનામાં તેણે પોતાના સ્વજન પ્રત્યે અમાનુષી વર્તન થતું જોયેલું. તેની ઘણી ઉલટી છાપ

તેના હૃદય પર પડેલી. તેથી સંસ્થાનો ઉદ્દેશ વગેરે જાણ્યા પછી તેને તે વસ્તુ ગમી તો ખરી પણ તેમાં તેને શ્રદ્ધા ન બેઠી. તેથી તેણે પ્રત્યુતર આપ્યો કે " હા, તમે કહો છો એ બધું સાચું પણ ધર્મનું પાલન કરનારામાં આવું અમાનુષી વર્તન જોવામાં આવે તો તે અસહ્ય છે. શું ધર્મમાંથી આવી ઘૃણા, તિરસ્કાર કે અપમાનજનક વૃત્તિનો ઉદ્દ્ભવ થાય ખરો ? એ ધર્મ જ ન હોય. આવો ધર્મ આત્માનું શું કલ્યાણ કરી શકે ? "

મેં તે ભાઈને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે તેમાં તો વ્યક્તિગત દોષ જવાબદાર છે; આપણે એવા દાખલા ઉપરથી સામાન્ય વ્યાપ્તિ શી રીતે બાંધી શકીએ ? પરંતુ, તેનો અનુભવ એવો કડવો હતો, કે મારી દલીલની અસર તેના હૃદય પર કશી પણ ન થઈ.

પુષ્ટિમાર્ગ એ તત્ત્વતઃ પ્રેમધર્મ છે, પ્રેમનું સ્વાભાવિક ફળ દયા ને દીનતા હોવું જોઈએ. ખરૂં જોતાં ધર્મનો બાહ્યાચાર જે કેવળ ગૌણ ગણાય તેને પ્રાધાન્ય આપી આપણે ખરા ધર્મને દેશવટો દીધો છે. એથી જ આપણામાં ઘણીવાર આવો વિવેકશૂન્ય ને હૃદયવિહીન આચાર-ધર્મ જોવામાં આવે છે. તેનું પરિણામ આવું વિપરીત જ આવે. અજાણપણે આપણે આવા આચારને ધર્મનું નામ આપી ધર્મની હાંસી કરી રહ્યા છીએ.

ઉપરના બે દૃષ્ટાંતો તો કેવળ મેં નામનાજ આપ્યા છે, જો આપણે ધર્મ વિરુદ્ધ વધતી જતી આવી લાગણીનો રોધ કરવો હશે તો આપણે શુદ્ધ માર્ગનું અનુસરણ કરવું પડશે, એટલું જ નહિ પણ તેના મર્મને જીવનમાં ઉતારવું જોઈશે. એ દિશામાં પ્રસ્તુત ગ્રન્થ યત્કિંચિત્ પણ સેવા કરવામાં સફળતા પ્રાપ્ત કરશે, તો મેં લીધેલો શ્રમ એળે ગયો નથી એવું હું માનીશ.

ગ્રન્થના છેડે ઉપસંહારનાં પાંચ પ્રકરણો આવે છે. મને ભય છે કે કેટલાક વૈષ્ણવભાઈઓને ગ્રન્થનો આ ભાગ ન પણ રૂચે. તેના સમર્થનમાં મારે ફક્ત એક જ દલીલ કરવાની છે: આપણા વિરોધીઓ આપણી ખામી પ્રત્યે આંગળી ચીંધે તે કરતાં આપણે જ આપણી ભૂલો કે ખામીઓ જાતે તપાસી તે સુધારવાનો પ્રામાણિક પ્રયત્ન કરીએ એ વધારે સાચો માર્ગ છે.

તેમાં દર્શાવેલા બધા વિચારો સાચા છે કે દોષરહિત છે એવો દાવો કરવાની બિલકુલ ઇચ્છા નથી. જો તેની વસ્તુ ચર્ચાનો વિષય બને તોયે ગનીમત છે. મતદર્શનમાં સૈદ્ધાન્તિક ગલતી થવા ન પામી હોય એવું ઇચ્છું છું. જો એવો દોષ થવા પામ્યો હોય તો તે મારા અજ્ઞાનને લીધે જ હશે.

અંતમાં જે વૈષ્ણવભાઈઓએ રૂપિયા બે હજારથી પણ વધારે જેટલી મોટી રકમનું ઉદાર દાન કરી પ્રસ્તુત ગ્રન્થ પ્રકાશનનો તમામ ખર્ચ આપ્યો છે તે માટે સંસદ તરફથી તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનતાં મને અતિ હર્ષ થાય છે.

પ્રસ્તુત ગ્રન્થ વાડાસીનોરના ગો. વાસી શેઠશ્રી નાથજીભાઈ વલ્લભદાસના સ્મારકમાં પ્રસિદ્ધ થાય છે. ઉપર જણાવવામાં આવ્યું તેમ તેનો કુલ ખર્ચ સદ્ગતના ત્રણ સુપુત્રો—શ્રી મોજીલાલભાઈ, શ્રી ચંદુલાલભાઈ તથા શ્રી ઓચ્છવલાલભાઈએ ઉદારભાવે આપ્યો છે. શ્રી નાથજીભાઈ દેવગઢ બારિયા તેમ જ વાડાસીનોરમાં કરિયાણાનો વેપાર કરતા હતા. તેમની આર્થિક સ્થિતિ તદ્દન સાધારણ હતી. બન્ને પતિપત્ની ધર્મમાં પ્રીતિવાળાં હતાં ને ધર્માચારનું ચૂસ્તપણે પાલન કરતાં હતાં. તેઓ મજાંદી હતાં. પિતાના સંસ્કાર પુત્રોમાં પણ કંઈક અંશે ઉતર્યા છે, એ જોઈ આનંદ થાય છે.

યુવાન મોજીલાલ તેમ જ નાનાબન્ધુ લાલચંદ તો છેક નાનપ-

યુમાં પોતાનું નશીબ અજમાવવા મુંબઈ માટે નીકળી પડેલા. ઘેરથી નીકળતાં તેમણે સાથે ફક્ત સાત રૂપિયાની મૂડી રાખી હતી. શરૂઆતમાં કેવળ મામુલી નોકરી સ્વીકારી તેઓએ પોતાના ધંધાદારી જીવનનો આરંભ કર્યો હતો. પરંતુ, જ્યાં નશીબ યારી આપી રહ્યું હોય ત્યાં પૂછવું જ શું ? શેઠની મહેરબાનીથી નોકર મટી તેમની જ આર્થિક મદદ વડે તેઓ કાગળના વેપારમાં ભાગીદાર થયા, અને સને ૧૯૧૪ માં પણ આ નવી પેઢીનું બધુંજ દેવું પાછું વાળી ભાગીદાર મટી સ્વતંત્ર પેઢીના માલિક બન્યા. આ બધું તેમની વેપારી કુનેહ, એકનિષ્ઠાપણું, સાહસવૃત્તિ, અને ખંતને આભારી છે.

આવી રીતે સ્વતંત્ર રીતે પોતાનો ધંધો શરૂ કર્યા કેડે થોડાજ સમયમાં તેમના ત્રીજા ભાઇ ચંદુલાલ તેમની પેઢીમાં જોડાયા. આમ મુંબઇની પેઢીનો ધંધો ધમધોકાર ચાલતો હતો ત્યારે તેમના ચોથા ભાઈ ઓચ્છવલાલ, જે કોલેજમાં અભ્યાસ કરતા હતા, તે દેશભરમાં વ્યાપી રહેલા રાજકીય ઉગ્ર વાતાવરણને લેઇને બી. એ. ના વર્ગને તિલાંજલિ આપી ગુજરાત વિદ્યાપીઠમાં દાખલ થયા ને સ્નાતક તરીકે બહાર પડયા.

અમને નોંધ લેતાં ખેદ થાય છે કે જ્યારે 'પુષ્ટિપ્રવેશ' માટે આર્થિક સહાય માટે ઉક્ત ભાઇઓને અમોએ વિનતિ કરી, ત્યારે શ્રી ચંદુલાલભાઈ જે હયાત હતા અને જેમણે તેમાં મદદ આપવાની ઉદારતા બતાવી હતી એટલું જ નહિ પણ તેની પ્રસિદ્ધિ માટે રસ બતાવ્યો હતો, તે કમનશીબે આ ગ્રન્થની પ્રસિદ્ધિ જોવાને હયાત નથી. જો તેઓ હયાત હોત તો આ ગ્રન્થ જોઇ તેમને સંતોષ થાત. સદ્ગતનો ફોટો આ ગ્રન્થ સાથે જોડી સંતોષ માન્યો છે. પ્રભુ તેમના આત્માને શાન્તિ આપો !

ઉક્ત સર્વ ભાઇઓ હાલ મુંબઇમાં પોતપોતાનો ધંધો સ્વતં-

ત્રણે જુદા જુદા નામે ચલાવી રહ્યા છે. દરેકમાં પિતા તરફથી ઉતરી આવેલા ધર્મનો વારસો સ્પષ્ટ જણાય છે. પ્રભુકૃપાએ દરેકની આર્થિક સ્થિતિ ઘણી સારી છે એટલુંજ નહિ પણ તેમનામાં રહેલી ધર્મનિષ્ઠાને લેઈ તેઓ હરકોઈ સત્કાર્યમાં યથાશક્તિ નાણાંનો સદુપયોગ કરવાની વૃત્તિ પણ સેવે છે. પ્રભુ તેમને હાથે આથીએ વધારે ધર્મનાં મોટા કાર્યો કરાવે. જે વૈષ્ણવી કુટુમ્બોને ભગવાને અર્થસંપત્તિ આપી હોય તેઓ પુષ્ટિમાર્ગમાં દર્શાવેલી વિત્તજાસેવામાં અર્થનો વિનિયોગ કરી ભગવદ્દત્ત અર્થનો ઉપયોગ આવા સત્કર્મોમાં કરે એ હેતુથી જ અમોએ ઉક્ત દાતાઓના કુટુમ્બની હકીકત જરા વિગતથી આપી છે. તેમના સદ્ગત પિતા કે જેમના સ્મારકમાં આ ગ્રન્થ પ્રસિદ્ધ થાય છે, તેમની પ્રતિકૃતિ આ સાથે જોડી શકાઈ હોત તો અમને આનંદ થાત પણ તેવી પ્રતિકૃતિના અભાવે તેમ થઈ શક્યું નથી.

અત્યાર સુધી સંસદ તરફથી પ્રકટ થતાં ગ્રન્થપ્રકાશનનું મુદ્રણકાર્ય મારા સ્નેહી ને સહમંત્રી ભાઈ પુનમચંદ ભાઈ દોશી મારફત થતુ તેથી તેમાં અશુદ્ધિ નહિ જેવી રહેતી. કામના દબાણને લીધે આ ગ્રન્થનું પ્રકાશનકાર્ય તે હાથમાં લઈ શક્યા નહિ. તેથી તે કાર્ય મારે કરવું પડ્યું. પરંતુ આવા કાર્ય માટે હું બહુધા અણઘડ ને અણઆવડતવાળો હોઈ છાપકામમાં ઘણી અશુદ્ધિઓ રહી ગઈ છે. વાચક મને તે માટે ક્ષમા આપશે એવી આશા છે. ગ્રન્થવાચન શરૂ કરવામાં આવે તે પૂર્વેજ શુદ્ધિપત્રમાં દર્શાવેલી ભૂલો સુધારી પછી વાંચવાનું શરૂ કરવામાં આવશે તો વધારે સરળ ને સુગમ થઈ પડશે.

ગ્રન્થની મૂળ હસ્તલિખિત વસ્તુ ભાઈશ્રી જેઠાલાલભાઈ, ભાઈ પુનમચંદભાઈ તથા ભાઈ ચીમનલાલ વૈદ્ય અગાઉથી જોઈ ગયેલા ને તત્સંબંધે કેટલીક સુચનાઓ પણ કરેલી તે માટે હું તેમનો આભાર

માનુ છું. સાથે સાથે શ્રી છોટાલાલ કાળીદાસ ભુટાલા, જે સંસદના ઉપપ્રમુખ છે જેમણે આ ગ્રન્થ પરત્વે ખાસ રસ દર્શાવેલો તેમનો પણ હું ઋણી છું.

સૌથી વિશેષ પ. ભ. વિદ્વાન શ્રી શાસ્ત્રીજી કેશવરામભાઇ કાશીરામભાઇએ આ ગ્રન્થની પ્રસ્તાવના લખી આપી મને ઉપકૃત કર્યો છે. ગુજરાતી સાહિત્યની સઘળી આલમ જાણે છે કે સાહિત્યના કર્મમાં તેઓ કેવા ગળાબોડ ડૂબેલા રહે છે. તેમને માટે આવો મોટો ગ્રન્થ જોવા જેટલો અવકાશ મેળવવો એ સહેલું નથી. તેમ છતાં પોતાના અમુલ્ય સમયનો ભોગ આવી આવી પ્રોત્સાહક, માર્ગદર્શક ને વિદ્વતા ભરેલી પ્રસ્તાવના લખી ગ્રન્થની ઉપયોગિતામાં વધારો કર્યો છે તે માટે સંસદ તરફથી હું તેમનો ખાસ આભાર માનું છું.

અંતમાં, ગ્રન્થ લખવાની પ્રેરણા કરનાર મહાપ્રભુ શ્રીમદાચાર્યજીના ચરણકમળમાં એઓશ્રીની કૃપાના ફળરૂપ આ ગ્રન્થને અર્પણ કરી હું કૃતકૃત્ય થાઉં છું.

દાસાનુદાસ,

મોહનભાઇ ગાંધી

અનુક્રમણિકા

ક્રમ	વિષય	પૃષ્ઠ
૧	આમુખ	૧
૨	પ્રાસ્તાવિક	૨
૩	ધર્મ એટલે ?	૬
૪	ધર્મ વિષે ખોટા ખ્યાલો	૧૭
૫	ધર્મનો આદર્શ	૨૩
૬	,, ,, (ચાલુ)	૩૨
૭	ધર્મનું ખરું સ્વરૂપ	૩૮
૮	હિંદુ ધર્મની રૂપરેખા	૪૮
૯	,, ,, (ચાલુ)	૬૦
૧૦	,, ,, ,,	૭૩
૧૧	,, ,, ,,	૮૦
૧૨	,, ,, ,,	૮૫
૧૩	,, ,, ,,	૯૧
૧૪	,, ,, ,,	૧૦૩
૧૫	,, ,, ,,	૧૦૯
૧૬	,, ,, ,,	૧૧૮
૧૭	પુષ્ટિમાર્ગ	૧૨૫
૧૮	,, (ચાલુ)	૧૩૩
૧૯	શ્રી મહાપ્રભુજી	૧૪૩
૨૦	,, (ચાલુ)	૧૫૩
૨૧	,, ,,	૧૬૨
૨૨	સેવાધર્મ	૧૭૪

ક્રમ	વિષય	પૃષ્ઠ
૨૩	પુષ્ટિ યા પ્રભુકૃપા	૧૮૮
૨૪	પુષ્ટિસાધન	૨૦૦
૨૫	આત્મનિવેદન	૨૦૯
૨૬	બ્રહ્મ ને જીવ	૨૧૯
૨૭	ધર્મગુરુ	૨૨૯
૨૮	અસમર્પિત ત્યાગ	૨૩૯
૨૯	,, (ચાલુ)	૨૫૧
૩૦	અન્યાશ્રય ત્યાગ	૨૬૦
૩૧	,, (ચાલુ)	૨૭૧
૩૨	સેવા	૨૮૪
૩૩	સેવાનો પ્રકાર	૨૯૫
૩૪	નિરોધ	૩૦૯
૩૫	સેવા ભાવના	૩૨૧
૩૬	સેવાફળ	૩૩૧
૩૭	પુષ્ટિભક્તિ	૩૪૨
૩૮	તત્ત્વવિચાર	૨૫૫
૩૯	,, (ચાલુ)	૩૬૭
૪૦	જીવાત્મા	૩૭૬
૪૧	પુષ્ટિમાર્ગીય ભક્તિ	૩૯૦
૪૨	કર્મપ્રવર્તક શ્રી મહાપ્રભુજી	૪૦૪
૪૩	વિશ્વોદ્ધારક સેવાધર્મ	૪૧૩
૪૪	ઉપસંહાર	૪૨૫
૪૫	,, (ચાલુ)	૪૩૯
૪૬	,, ,,	૪૪૯
૪૭	,, ,,	૪૬૧
૪૮	,, ,,	૪૭૩

મહત્ત્વની ભૂલોનું શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩૪	૮	અપૌષષીય	અપૌરુષેય
૩૫	૧૩	ઉદ્ધત	ઉદ્ધૃત
૩૭	૧૪	સત્ત્વો	તત્ત્વો
૪૯	૧૫	કંઠાગ્રહ	કંઠાગ્ર
,,	૧૬	ના	તેના
૬૩	૨૦	પ્રતિલોપ	પ્રતિલોમ
૬૯	છેલ્લી	સવેશી	સર્વેથી
૭૦	૨૨	આશ્રય	આશ્રમ
૭૧	૧૩	સીમન્તોન્નસન	સીમન્તોન્નયન
,,	૧૭	રચ્યા	રુચ્યા
૯૦	૧૫	આપણે	આપણે તો પુષ્ટિમાર્ગને
૯૨	૮	હમણાં બ્રહ્મને નિર્ગુણ	હમણાં નિર્ગુણ
૯૩	૬	બુદ્ધિવિશુદ્ધ	બુદ્ધિવિરુદ્ધ
,,	૨૫	કરે	કહે
૯૭	૧	અંકને	સંકલ્પને
૧૦૫	૧૭	ખરું થતાં	ખરું જોતાં
૧૧૨	૧૬	કામેન્દ્રિયો	કર્મેન્દ્રિયો
૧૧૯	૧૬	વિકાર	વિકાર
૧૨૩	૧૮	તેના ખરા સ્વરૂપ જાણવો ને આવરવો	તેનું ખરૂં સ્વરૂપ જાણવું ને આચરવું

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૩૬	૧૭	ગોકલનાથજી	ગોકુલનાથજી
૧૩૮	૨૪	गुरु	आचार्य
૧૪૦	૯	તેના સ્થાપક	મુ૦–તેનો સ્થાપક
૧૪૯	૧૭	હૃદયંગળ	હૃદયમંગળ
૧૫૦	૧૨	શ્રી ગોશાંઈજી	શ્રી ગુસાંઈજી
,,	૧૬	રામદાસ	ગોવિંદ દુવે
૧૫૨	૧	લીલામુક્ત	લીલાયુક્ત
૧૬૦	૨૪	વીતાવી	બતાવી
૧૬૯	૨૧	શ્રી ભાગવત પ્રતિપદ મૂર્તિ	શ્રી ભાગવત પ્રતિપદ-મણિવર ભાવાંશુ ભૂષિતા મૂર્તિ
૧૭૨	૯	मम	व्रज
૧૮૧	૨૨	શાસ્ત્રીયસ્મવદીપની	શાસ્ત્રાર્થ પ્રકરણની
૧૮૨	છેલ્લી	કરે પોતાના હાથે છે	પોતાના હાથે કરે છે;
૧૮૯	૬	શ્વેતાશ્વેતો	શ્વેતાશ્વેતર
૧૯૨	૧૪	तदनुग्राहैकभ्यां	तदनुग्रहैक्याभ्यां
,,	૨૦	सर्त्रंदुर्गति	सर्वदुर्गाणि
૧૯૬	૧૮	यज्ञामदे, वर्धते	यजामहे, वर्धनम्
૧૯૭	૧૪	पुष्टिमार्गो	पुष्टिमार्गे
,,	,,	(अणुशाष्य)	अणुभाष्य
૨૦૨	૧૨	પ્રત્યે	પ્રત્યેક
૨૦૮	૩	विवेकधैयाश्राम	विवेकधैर्याश्रय
,,	૭	वदर्देव, અરકે	वद्भिरेव, એટલે

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૦૯	૧	આખી પંક્તિ	**श्रावणस्यामले पक्षे ऐकादश्यां महानिशि**
૨૧૬	૭	તો પ્રભુ કે તમારી	તો તમારી
૨૨૦	૪	જોડાયું	જોડાવું
૨૨૧	૯	તેને તે મેળવે છે	તે તેને મેળવે છે
૨૨૧	૮	**श्रौतौ**	**श्रौत्रौ**
૨૨૨	૧૬	**संबंधतुः**	**संबंधतः**
૨૨૫	૧૯	ત છે કે હાલમાં આ તેઓ	વાત છે કે હાલમાં તેઓ આ
૨૨૬	૧૭	અધિકાર છે એમ કરવાનો છે,	એમ કરવાનો અધિકાર છે,
,,	૨૫	**मामन्यभाक्**	**मामनन्यभाक्**
૨૩૧	૧૯	શંકાએ	શંકા
૨૩૫	૬	આખું ઉદ્ધરણ	**नायं लोकोऽस्त्ययज्ञस्य कुतोऽन्यः कुरुसत्तम ।**
૨૩૯	૫	અનન્યાશ્રય	અન્યાશ્રય
૨૪૧	૨	**तस्माद्वाश्रौ**	**तस्माद्वावौ**
,,	૧૪	મુ૦—	જી૦—
,,	૧૮	તે કે	છે કે
૨૪૨	૩	ભક્ષમાભક્ષ્યનો	ભક્ષ્યાભક્ષ્યનો
૨૪૬	૧૨	મારો	મોટો
૨૪૮	૯	આધ્યાત્મિક (૨)	આધિદૈવિક
૨૫૦	૧	તમારો	મુ૦—તમારો
૨૭૬	૫	અન્યાશ્રયનોજ	અનન્યાશ્રયનોજ
૨૭૮	૩	**गोकुलेशोश्वर**	**गोकुलेश्वर**
,,	૪	**वापि**	**चापि**

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૭૮	૧૫	ઈન્દ્રના પુત્ર	રાવણના પુત્ર
૨૮૧	૯	कंघरायेन बाघतो	कंघरामेव बाघते
,,	૭૧	परघर्मास्वनुष्ठाम्	परघर्मात् स्वनुष्ठितात्
૨૮૫	૩	આતો	પાતો
૨૮૬	૨	श्रीहेत्तुक्य व्यहिता मक्ति	अहैतुकी अव्यहिताभक्ति
૨૮૭	૨૦	कदाचित्	कदाचन
૨૮૯	છેલ્લી	કહે	કરે
૩૦૦	છેલ્લી	ઙ઼, ઙ',	ઙ્૦–ઙ્, ઙા.
૩૦૪	૪/૫	આપણે આ બાબતમાં જે કાંઈ જોવાનું પ્રાપ્ત થાય છે તે એટલુંજ કે	આ વાક્ય કાઢી નાંખો
૩૦૬	૫	પ્રકારનું હોય	પ્રકારનું જીવન હોય
,,	૨૩	કોઈની કર્મમાં	કોઈનામાં કર્મ
૩૧૨	૧૬	પ્રજામાં	વ્રજમાં
,,	૧૭	આવા	મારા
૩૧૬	૫	સદાનન્દની	સદાનન્દની
,,	૧૨	ભાવરૂપી	ભવરૂપી
૩૨૧	૧૬	બ્હાણે	બહાને
૩૨૨	૨	શ્વેતાશ્વરોનનિષદ્	શ્વેતાશ્વેતરોપનિષદ્
૩૨૪	છેલ્લી	વાણુગીનો	વાનગીનો
૩૨૫	૧૪	દ્વિફલાત્મક	દ્વિદલાત્મક
,,	૨૫	હેતુથી દર્શાવી	હેતુથી ઉપર દર્શાવી
૩૨૭	૧૧	અફર	અફળ
૩૩૦	૮	અશ્લિષ્ટ	અક્લિષ્ટ
૩૩૪	૧૫	આવક્યાકતા	આવશ્યકતા
૩૩૫	૧૯	વિષેશ	વિરેલ

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩૩૬	૫	રાખી	આપી
૩૩૭	૧૪	स्मादेव	स्यात्तदेव
૩૪૦	૨	वरम्	परम्
૩૪૭	૫	ગુણવાન	ગુણગાન
૩૪૮	૧૮	दुर्लभेतीति	दुर्लभेति मति मम
૩૫૩	૧૦	ब्रजस्तिना	व्रजस्त्रीणां
,,	૧૧	स्मार्या	स्मर्यः
૩૫૫	૧૭	स्वमेव	स्वयमेव
૩૫૮	૪	શાસ્ત્રપ્રકરણ	શાસ્ત્રાર્થ પ્રકરણ
૩૬૦	૨૩	વિરુદ્ધધર્માશ્રાયનો	વિરુદ્ધ ધર્માશ્રયનો
૩૬૮	૧૫	ने माया	ने माया વગેરે
૩૭૩	૧૬	મુ૦—	જી૦—
૩૭૪	૧	જી૦-હા	હા,
,,	૨૫	કાળની	મુ૦-કાળની
૩૭૮	૧	જીવતું	જીવનું
૩૮૦	૧૮	ईश्व कार्यैः दर्विश्राव्यः	ईश्वरकार्यैः दुर्विभाव्यः
૩૮૬	૧૪	विशस्यति	विशिष्यते
૩૯૮	૧૪	જીવતવત	જીવનવત
,,	૨૩	બને ને પવિત્ર છે	ને પવિત્ર બને છે.
૪૦૯	૨૩	ગમે	આધિદૈવિક ગમે
૪૧૦	૮	આત્મ	આત્મા
૪૧૮	૫	कुटुम्बम्	कुटुम्बकम्
,,	૧૦	કીડાથી માંડીને ને	કીડીથી માંડીને
,,	૧૩	તેને	તેમને
૪૨૦	૬	પતનને	પતનનો
૪૨૬	૭	સુધારાઓને	સુધારાને

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪૩૪	૨૦	આકર્ષ્યાં	આકર્ષી
૪૩૮	૧	ભલેને	ભલે
૪૪૪	૧૬	સેવકોમાં	સેવકોની
,,	૨૨	વગેરે	વધારે
૪૫૨	૬	પ્રત્યેક	પ્રેરક
૪૫૫	૪	જોઈએ	જોઈએ છીએ
,,	૧૦	તેવાં	તેમાં
,,	૧૫	મધ્યસ્ય	મધ્યસ્થ
૪૫૬	૭	સ્વાર્થીમય	સ્વાર્થમય
,,	૧૫	રહ્યો હોય છે	રહ્યો છે
૪૭૫	૧૧	વધારો	વધારે

*

શ્રીકૃષ્ણાય નમ :
શ્રીગોપીજનવલ્લભાય નમ :
શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમ :

નોંધ

ઉનાળાનો સમય છે. પ્રો. મુકુંદદાસ કૉલેજના અધ્યાપક છે. તે સારા વૈષ્ણવ છે. તેમને ધર્મના વિષયનો શોખ છે અને ધર્મ તથા તત્ત્વજ્ઞાનના ઘણા ઉત્તમ ગ્રન્થોનો તેમણે ઠીક ઠીક અભ્યાસ કરેલો છે. તે માથેરાન હવા ખાવા આવેલા છે. તેવામાં તે જ સમયે તેમની કૉલેજનો જીજ્ઞાસુદાસ નામનો એક પુષ્ટિમાર્ગીય કુટુમ્બમાં ઉછરેલો યુવાન વિદ્યાર્થી ત્યાં હવા ખાવા આવેલો છે. તેને 'પુષ્ટિમાર્ગ' વિષે અનેક ખોટા ખરા ખ્યાલો છે પણ તેનું સાચું સ્વરૂપ શું છે એ જાણવાને તે ઘણો ઇન્તેજાર છે. તેથી તે શ્રી મુકુંદદાસને મળે છે. તેમની વચ્ચે નીચેનો વાર્તાલાપ થાય છે.

[૧] પ્રાસ્તાવિક

જીજ્ઞાસુદાસ—મેં સાંભળ્યું છે કે આપ પુષ્ટિમાર્ગ ઉપર સારી સમજણ આપનારૂં એક નાનકડું પુસ્તક લખવા પ્રવૃત્ત થયા છો, એ વાત ખરી ?

મુકુંદદાસ—હા, બની શકે તો સરસ અને સાદી ભાષામાં એક નાનો ગ્રન્થ લખી પુષ્ટિમાર્ગ એ શું છે એનો પરિચય આપવા માગું છું. મને લાગે છે કે આ વિષય પરત્વે અત્યારે ઘણી ગેરસમજ પ્રવર્તે છે અને જ્યાં થોડી ઘણી સમજણ છે ત્યાં પણ તે એવી તો અધૂરી અને ઉપરચોટિયા છે કે કોઈ આવા પુસ્તકની ખાસ જરૂર છે.

જી૦—પણ, જો આપ મારૂં માનો તો હું એક વાત કહું. આ જમાનામાં ધર્મના વિષય ઉપર લખવું એ શાહી ને કાગળ બગાડવા જેવું છે. અત્યારના ઉછરતા વર્ગને તેની કશી જ પડી નથી અને જુના વર્ગને તેની ભૂખ નથી. આપ કોઈ પુસ્તકાલયમાં જાઓ અગર કોઈ પુસ્તકો વેચનારની દુકાને જાઓ અને તપાસ કરો કે કઈ કઈ જાતનાં પુસ્તકો માટે લોકોને ભૂખ છે, તો હું કહું છું એ વાત તરત સમજાશે.

મુ૦—હા, કમભાગ્યે વસ્તુસ્થિતિ તમે કહો છો તેવી જ છે. પણ તેથી તો આ પ્રવૃત્તિ બંધ રાખવાને કારણ મળતું નથી, ઉલટું તેથી તો મારી પ્રવૃત્તિ સકારણ બને છે. તમે એટલું તો કબૂલ

કરશો કે પહેલાં કરતાં લોકોમાં અક્ષરજ્ઞાન વધ્યું છે. એટલું જ નહિ. તેમનો વાચનનો શોખ પણ તેટલો જ વધ્યો છે. જો આ વાત સાચી હોય તો તેનો અર્થ એ થયો કે વાંચનારને રસ પડે, અને તેની ભૂખ ભાગે એવી સામગ્રી તેને મળતી નથી. તેથી જ આવા ગ્રન્થો પ્રત્યે તે ઉપેક્ષા સેવે છે, એમ કેમ ન હોય? તમે એવું તો કહેવા નથી માગતાને કે ધર્મ જેવી કોઈ ચીજ જ તે સ્વીકારતો નથી? અગર તો તેને તે તરફ તિરસ્કાર છે?

જી૦—ના જી, છેક એમ તો નહિ. છતાં, એ પ્રત્યે તેનો રસ ઘણો મોળો છે એ તો ચોક્કસ છે.

મુ૦—તમારૂં કહેવું યથાર્થ છે. તમે કહો છો તેવી ઉપેક્ષા એ સેવતો હોય તો તે માટે પણ ઘણાં કારણો છે. પાશ્ચાત્ય કેળવણીના સંસ્કાર, રાજકીય પરાધીનતા, સામાજિક દુર્દશા, ધર્મના આચાર વિચારમાં દેખાતો ભેદ, ધાર્મિક શિક્ષણનો અભાવ, આર્થિક પ્રશ્નની મુંઝવણ, આવી અનેક ગુંચો આજ કાલ મનુષ્ય જીવનનો હરરોજનો પ્રશ્ન બની ગઈ છે. ધર્મના ચિન્તન માટે જે શાંતિ જોઇએ તે જ નથી. ત્યાં આ બાબતનો રસ ઓછો હોય અગર નહિ જેવો હોય તો તેમાં નવાઈ નથી.

જી૦—પણ, જો આપ મારે માટે કહેતા હો તો હું કહી દઉં કે મને પોતાને તો એમાં પુષ્કળ રસ છે. જો કે હું સંસ્કારી વૈષ્ણવી કુટુમ્બમાં જન્મ્યો છું છતાં, મારી આ વિષય પરત્વેની માહિતી નહિ જેવી જ છે. જીજ્ઞાસા છે પણ જીજ્ઞાસાને તૃપ્ત કરે એવાં પુસ્તકોનો અભાવ જ મને સાલે છે. મને કહેતાં શરમ આવે છે કે ખાસ કરીને ધર્મના ગ્રન્થોનું મારૂં વાચન શૂન્ય છે અને મને તેને વિષે કશો જ ખ્યાલ નથી, એમ કહું તો ચાલે. એ વાત સાચી કે એ બાબતમાં અનેક સાચી ખોટી વાતો સાંભળી છે પણ તેથી

તો મનમાં સ્થિરતા થવાને પહેલાં હજારો સંકલ્પવિકલ્પ થયાં કરે છે. આવી રીતે મેળવેલી માહિતી તો એવી છાછરી છે કે ઉલટું મનને ચગડોળે ચઢાવે. એટલે ખરૂં જોતાં આ બાબતમાં મને જે કાંઈ યત્કિંચિત્ જ્ઞાન હશે તે એવું નથી કે તેને શોભા આપે.

મુ૦—તમે કોલેજમાં ભણો છો છતાં પણ તમને આ વિષયમાં રસ છે એ જાણી હું ઘણો ખુશી થયો છું. તમે કહો છો કે આ માર્ગમાં પુસ્તકો નથી, જે તમને તેની સાચી માહિતી આપે. મને લાગે છે કે તમારૂં આ કથન બરાબર નથી. એમ કહેવામાં તમે જરા વધારે પડતી અધિરાઇ બતાવો છો, એવું મારૂં માનવું છે. થોડા વખતથી સંસ્કૃતમાં તેમ જ ગુજરાતીમાં કેટલાંયે સુંદર પુસ્તકો બહાર પડયાં છે, તેમાંથી તમે થોડાં પણ વાંચ્યાં હોત તો આવી ફરિયાદ કરવાને કારણ ન રહેત. કદાચ તમારા જેવા કોલેજીઅનોને તો આવાં પુસ્તકો અંગ્રેજીમાં લખાયેલાં હોય તો વધારે ગમે. એ દૃષ્ટિએ જો તમે માર્ગમાં પુસ્તકોનો અભાવ હોવાની ફરિયાદ કરતા હો, તો એ એક જુદી વાત. ગમે તેમ હો, પણ, જો તમારામાં આ માટે જીજ્ઞાસા હોય, તો હજુયે ક્યાં વખત વહી ગયો છે ?

જી૦—ખરેખર, ધર્મનું સામાન્ય જ્ઞાન મેળવવાની અને ખાસ કરીને પુષ્ટિમાર્ગ શું છે એ જાણવાની મને અત્યંત ઇચ્છા છે. હું ઘણા વખતથી વિચાર કરતો હતો કે પાશ્ચાત્ય તેમ જ પૌર્વાત્ય સંસ્કૃતિનું ધાવણ ધાવેલો અને ધર્મના વિષયમાં જરા ઉંડો ઉતર્યો હોય એવો કોઈ વૈષ્ણવભાઈ હોય તો તેની પાસેથી મારી ધર્મજીજ્ઞાસા તૃપ્ત કરૂં. ગઈ કાલે જ મેં સાંભળ્યું કે આપ અહીં એક માસ માટે આવેલા છો. જો આપને હરકત ન હોય તો દરરોજ હું આપને સવાર સાંજ જ્યારે આપને અનુકૂળ હોય ત્યારે મળું અને આપ મારા મનની શંકાઓનું સમાધાન કરી મને આ વિષયમાં દોરવણી આપો.

મુ૦—ભલે, ઘણી જ ખુશીથી તમે આવો. સવારમાં બરાબર આઠ વાગે આપણે આપણા વાર્તાલાપ માટે બેસીશું.

જિ૦—તે માટે હું આપનો ઉપકાર માનું છું. પણ, એક બાબતનો ખુલાસો કરી લઉં. આપ જાણો છો કે હું કૉલેજનો ઉછરતો વિદ્યાર્થી રહ્યો અને મને ધાર્મિક સાહિત્યનો બિલકુલ અભ્યાસ નથી. આવા સંજોગોમાં સંભવિત છે કે આ વિષય પરત્વે મારી કુશંકાઓ એવી પણ હશે જે આપને કદાચ તદ્દન બાલિશ કે અવિચારી લાગે. તેથી જો આપ આવી બાબતોમાં મને સહી લો તો જ હું મારું હૃદય છૂટથી ઠાલવી શકું.

મુ૦—બેલાશક, તમે એ બાબતમાં નિર્ભય રહો. તમારે જે કાંઈ પૂછવાનું હોય તે તમે કોઈ પણ જાતની આનાકાની વગર નિશ્ચિંતપણે પૂછશો. એમાં કશો પણ સંકોચ લાવવાની જરૂર નથી. સત્ય વાત તો એ છે કે જ્યાં સુધી હૃદયનો મળ જાય નહિ અને બુદ્ધિ વસ્તુનો નિઃશંકપણે સ્વીકાર કરે નહિ ત્યાં સુધી વાદવિવાદમાંથી જે કાંઈ નિષ્કર્ષ નીકળવો જોઈએ તે નીકળે નહિ અને આપણે લીધેલો બધો શ્રમ પણ વ્યર્થ જાય. માટે આ વિષયમાં તમે બેધડક ગમે તે પ્રશ્ન પૂછી શકો છો. ફક્ત આપણે એક મર્યાદા ધ્યાનમાં રાખવી. કેવળ તર્ક ખાતર તર્ક ન કરવો, કેવળ વિતંડા ખાતર કુશંકાઓ ઉઠાવી વખતનો ખોટો વ્યય ન કરવો. આવો તર્કવાદ જ ખરા જ્ઞાનમાં બાધક છે. શુભ નિષ્ઠાથી તો ગમે તે પ્રશ્ન પૂછી શકાય અને તેમાં કશો પણ પ્રતિબંધ હોઈ શકે જ નહિ.

જિ૦—આ માટે આપનો ઉપકાર માનું છું. લો ત્યારે આપ રજા આપો તો હું આપની રજા લઉં. હવે હું આપ સમક્ષ આવતી કાલે સવારમાં હાજર થઈશ.

[૨] ધર્મ એટલે

મુકુંદદાસ—શું એવો કોઈ મનુષ્ય હશે જેને ધર્મ શબ્દની ખબર ન હોય?

જિજ્ઞાસુદાસ—જી, ના.

મુ૦—અને છતાંયે મારે કહેવું જોઈએ કે એવા ઘણાય માણસો છે, જેમને ધર્મ એ શું છે એની સાચી સમજણ નથી.

જિ૦—જી, હા. એ જ મુશ્કેલી છે. આમ તો ધર્મ શબ્દનો પ્રયોગ બધા જ કરે છે, છતાં તેઓ તેનો જેમ ફાવે એવો અર્થ કરતા જણાય છે.

મુ૦—વારુ, ધર્મના ખરા સ્વરૂપ ઉપર આપણે આગળ વિચારવાનું થશે. પણ, આપણે તે ઉપર આવીએ તે પહેલાં હું તમને એક પ્રશ્ન પૂછું : સર્વત્ર દુનિયામાં આજે આ પ્રવૃત્તિ જણાય છે, 'હું આ મેળવું ને તે મેળવું' એની જે ભાંજગડ અને ધમાલ પ્રવર્તે છે, તેની પાછળ, શો ભાવ રહેલો હોય છે? કોઈ ધન પાછળ તો કોઈ અધિકાર પાછળ, કોઈ કીર્તિ પાછળ તો કોઈ કામિની પાછળ, એમ અનેક દિશામાં ધમપછાડા થઈ રહ્યા છે તેનો ગર્ભિતાર્થ શો? હજારની સંપત્તિ મેળવનાર દશ હજાર પાછળ ઘેલો થઈ ફરે છે, લાખ-

વાળો દશ લાખ પાછળ દોડે છે, તેને પણ શાંતિ નથી, સંતોષ નથી. ઉતરતી પંક્તિવાળો ઉચ્ચ પંક્તિ માટે ખટપટ કરતો જણાય છે; રાજાઓ–વિજેતાઓ બધા જ સત્તા અને સંપત્તિના ભૂખ્યા માલુમ પડે છે. ધન ને ધરા માટેની તેમની ભૂખ એવી તો કારમી હોય છે કે કરોડો જીવોના ભોગે પણ તે ભાગતી નથી. આમ કોઈ સત્તાના મદ પાછળ ઘેલા બને છે, તો કોઈ કામવાસનાના કીડા હોય છે. આમ અનેક રીતે દરેક જણ કોઈ ને કોઈ દુન્યવી પ્રલોભન પાછળ ખેંચાયે જ જાય છે. મારો પ્રશ્ન એ છે કે આ અજબ આકર્ષણ શેનું છે?

તમે વિચાર કરશો તો જણાશે કે આપણે સર્વે થોડે ઘણે અંશે આ આકર્ષણને વશ છીએ. તમે કોલેજમાં વિદ્યાભ્યાસ કરો છો અને હું જે તમારી સાથે આ વાર્તાલાપ કરી રહ્યો છું અને ધર્મ શી ચીજ છે એ તમને સમજાવવાને પ્રયત્નશીલ થયો છું, તેની પાછળ પણ એવો જ કોઈ હેતુ રહેલો છે. એ હેતુ શો હોવો જોઈએ. તેના રહસ્ય ઉપર તમે વિચાર કરો ને મને કહો.

જી૦—હેતુ સ્પષ્ટ છે, મારા હૃદયમાં કાંઈ એવી અભિલાષા છે કે હું વધુ ને વધુ જ્ઞાન મેળવું, જેથી જે કાંઈ જાણવા જેવું હોય તે જાણી શકું. અત્યારે તો મને લાગે છે કે ધર્મની બાબતમાં મને કશાનીયે ખબર નથી અને આપે મારાથી વધારે વાંચ્યું છે તેમ જ વિચાર્યું છે. તેથી એ બાબતનો આપને અસંતોષ ન હોઈ શકે પણ ઊલટું જ્ઞાતા તરીકેનો કાંઈક આનંદ હોવો જોઈએ. એટલે બીજી રીતે કહું તો એમ કહી શકું કે આપે તે સંબંધમાં જેવો આનંદ પ્રાપ્ત કર્યો છે, તેવો જ આનંદ પ્રાપ્ત કરવાનો પણ મારો હેતુ હોવો જોઈએ.

મુ૦—સત્ય. પણ, સવાલ એ છે કે ઓછું જાણવાનો તમને

અસંતોષ શા માટે ? અને વધુ જાણવાનો મને સંતોષ શા માટે ? વિચારો.

જી૦—તેમાં તો મને એક જ કારણ લાગે છે: આપણી અંદર કાંઈ એવી વૃત્તિ હોવી જોઈએ જે અસંતુષ્ટ છે ને સંતોષ માગે છે; એ વૃત્તિ એવી હોવી જોઈએ કે જ્યાં લગી તે અસંતુષ્ટ છે, ત્યાં લગી તૃપ્તિ માટે ઝંખ્યા જ કરે.

મુ૦—તો આ તૃપ્તિનો ઉપાય ?

જી૦—આપણી શોધનો વિષય એ જ નથી શું !

મુ૦—તમે બરાબર સમજ્યા: મનુષ્યની અંદર એવી અદમ્ય ભૂખ રહેલી છે, જે સંતોષ માગે છે. પછી ભલેને તે ભૂખ પૈસા માટે હોય કે સત્તા માટે હોય, કીર્તિ માટે હોય કે કામિની માટે હોય, આ દુનિયા પરત્વે હોય કે પરલોક સંબંધી હોય. એ ભૂખ જ સર્વ પ્રાણીઓને દમી રહી છે અને એ જ ભૂખ એ મનુષ્યજીવનનું જીવનતત્ત્વ છે. તેથી જ્યાં લગી જીવનનું અસ્તિત્વ હશે, ત્યાં લગી તે કાયમ રહેવાની. તેના વડે જ જગતની પ્રવૃત્તિ માત્ર શક્ય થઈ છે અને વિશ્વના અંત સુધી તે કાયમ રહેશે. ભૂખની આ વૃત્તિને આપણે આપણી ઘરગથ્થુ ભાષામાં શું કહીએ છીએ એ તમે કહી શકશો ?

જી૦—હું ભૂલતો ન હોઉં તો આપણે એને સુખ પાછળની લાલસા એવું કહીએ તો ચાલે.

મુ૦—બરાબર, સુખ. સુખ એ જ આ જીંદગીનો એકનો એક વિષય છે. જ્યાં લગી મનુષ્યની આ ભૂખ તૃપ્ત ન થાય, ત્યાં લગી તે તેની પાછળ ઝૂર્યા જ કરવાનો. અને તેમાં તેનો દોષ પણ કેમ કાઢી શકાય ? ખરું જોતાં તેમ કરીને આ વિશ્વમાં પ્રવર્તતા જીવનના એક અટળ નિયમનું જ તે પાલન કરી રહ્યો છે, એમ કહીએ તો

ખોટું નથી. તે ભૂખ તો ત્યારે જ શમશે, જ્યારે તેને તેના સુખનું નિત્યધામ પ્રાપ્ત થશે. ત્યાં લગી ભલે તે મથ્યાં કરે, ભટક્યાં કરે.

જિ૦—પણ, તેનો અંત ક્યારે અને કેવી રીતે આવવાનો?

મુ૦—તમે હાલ સાહિત્યના, વિજ્ઞાનશાસ્ત્રના, ઈતિહાસના, અર્થશાસ્ત્રના તેમ જ સમાજશાસ્ત્રના એમ અનેક ગ્રન્થોનો અભ્યાસ કરો છો, એમાં સમાજની પ્રગતિ કે અવગતિના, વિસ્મય પમાડે એવી નવી નવી વૈજ્ઞાનિક શોધોના, સામાજિક વ્યવહારોને બંધબેસે એવા નિયમોના, મનુષ્ય મનુષ્ય વચ્ચે તથા વર્ગ વર્ગ વચ્ચેના સંબંધો અને તેની રચનાઓના, તેમ જ વ્યક્તિગત સુખ અને સૌંદર્ય વિષેના અનેક વિચારો ને હકીકતોથી ભરેલો જ્ઞાનભંડાર તમારી આગળ ખડો થાય છે; અને તમને લાગે છે કે જેમ જેમ વિજ્ઞાનની શોધો વધતી જશે, તેમ તેમ સમાજ વધારે ને વધારે સુખી અને ઉન્નત થતો જશે, નહિ વારું?

જિ૦—જી, હા.

મુ૦—એ તો તમે કબૂલ કરશો કે વિજ્ઞાનની અજબ શોધો છતાં, અને સામાજિક વ્યવસ્થાનું લોકતંત્ર પ્રજાકીય ધોરણે અસ્તિત્વમાં આવ્યા છતાં સમાજ જોઈએ તેવો સુખી નથી. શા માટે નથી? અત્યારે ઉત્પાદનશક્તિ અપૂર્વ રીતે વધી છે. માણસોના વ્યવહારનાં સાધનો ઘણાં જ સગવડભર્યાં થયાં છે. તંદુરસ્તી અને આરોગ્યનાં સાધનો સુલભ થયાં છે, અને છતાં, સુખનો અભાવ એટલો ને એટલો જ છે તેનું શું કારણ? પણ, હવે આપણે આ વાતને આટલેથી જ પતાવીશું. તમે જોઈ શકો છો કે દુન્યવી વસ્તુઓમાં વિજળિક ફેરફારો ને સુધારા થયા છતાં, મનુષ્યોની સુખ માટેની તમન્ના એટલી ને એટલી જ ઉત્કટ રહી છે. તમને હું એક

સીધો અને સહેલો પ્રશ્ન પૂછું: તમારે ઉત્તર દિશામાં જવું હોય અને તમે દક્ષિણ દિશામાં જતી ટ્રેનમાં મુસાફરી કરો તો શું તમે તમારે સ્થાને પહોંચો ખરા? અને પહોંચો તો ક્યારે પહોંચો?

જી૦—ક્યારે પહોંચો એ પ્રશ્ન જ નિરર્થક છે. આપણે આપણા સ્થાને પહોંચી શકીએ જ નહિ. ઊલટું વધારે ને વધારે દૂર જઈએ.

મુ૦—તો આ બાબતમાં પણ એમ જ બન્યું છે. અત્યારે દુનિયાનો પ્રવાહ ઊંધે રસ્તે વહી રહ્યો છે, અને છતાં જ્ઞાનના ખોટા અભિમાનથી દુનિયા એમ માની રહી છે કે તે ખરે રસ્તે પ્રગતિ કરી રહી છે. જુઓ ને ખ્રિસ્તી પ્રજાઓ આજ અન્યોન્યનાં ગળાં કાપી રહી છે અને તેમના એ કાર્યમાં ઈશ્વર તેમને મદદ કરે એ માટે પ્રાર્થના કરી રહી છે. જો સમગ્ર પ્રજાઓમાં ઈશ્વર એક જ હોય તો માંહે માંહે ગળાં રહેંસતા આ ખ્રિસ્તી ભાઈઓમાંથી તેણે કોની પ્રાર્થના સાંભળવી? અને તેમની આવી સ્વાર્થમય પ્રાર્થના ન સંભળાય તો પછી તેઓ કોને દોષ દેશે એ તમને ખબર છે?

જી૦—અરે, ઈશ્વરને જ, અને તેમ જ હોવું જોઈએ. એક પળ તો એવું પણ લાગી આવે છે કે ઈશ્વર જેવી કોઈ ચીજ જ ન હોવી જોઈએ. જો ઈશ્વર હોય તો જ્યાં સેંકડો અને કરોડો મનુષ્યની કતલ થઈ રહી છે અને એથીય દશગણાં નિરાધાર ને પામર બની રહ્યાં છે, ત્યાં તે કશું કેમ કરતો નથી?

મુ૦—તમે ભૂલ્યા, મનુષ્યોના આર્ત્તનાદ સાંભળી તમે પણ જરા વિવશ બની ગયા લાગો છો ને તેથી આમ બોલો એમાં નવાઈ નહિ. પણ, તમારે ભૂલવું ન જોઈએ કે જેવું દર્દ ભયંકર, તેવો તેનો ઉપાય પણ જલદ. ખ્રિસ્તી પ્રજા ભલે જીસસ ક્રાઈસ્ટને કેવળ નામથી

માનતી હોય અને ભજતી હોય. એથી કાંઈ વળે નહિ. તેણે ક્રાઈસ્ટનો અમૃતમય બોધ વિસાર્યો છે. “Love your neighbour as you would do unto yourselves. Kingdom of God is within you” આ તેનો અમૃતમય બોધ છે. આ બોધનું પાલન તેણે કેટલું કર્યું છે? દુન્યવી સુખની શોધ પાછળ તે ઈશ્વરને ભૂલી ગઈ છે, તેના ક્રાઇસ્ટને ભૂલી ગઇ છે. જીસસના આધ્યાત્મિક વારસાની વિસ્મૃતિ એ જ તેના હાડમાં ભયંકર રોગ છે. આ રોગના નિવારણ અર્થે-તંદુરસ્ત સ્થિતિની પુનઃસ્મૃતિ માટે આવા ભયંકર યુદ્ધ જેવા જબ્બર આંચકાની અનિવાર્ય જરૂર છે.

જી૦—શું ત્યારે આપનું કહેવું એવું છે કે અમે જે બધાં થોથાં ભણીએ છીએ તે નકામું છે? શું આ વૈજ્ઞાનિક શોધો, પ્રજાકીય તંત્રની ઉન્નત ભાવનાઓ, ઉચ્ચ શિક્ષણના આદર્શો કલાકૌશલ્ય અને એવું એવું બધું જે હાલ ઝડપભેર ગતિ કરી રહ્યું છે તે બધું જ નકામું છે?

મુ૦—હા અને ના બન્ને. 'હા' એટલા માટે કે મનુષ્ય જે સુખની પ્રાપ્તિ અર્થે આ બધી મથામણ કરી રહ્યો છે અને તેના અંગે જે આ બધી નવીનતાઓ પેદા થઈ છે તે ચિરંજીવ સુખ આપવામાં નિષ્ફળ નીવડી છે; એથી ફલની દૃષ્ટિએ તેની કીંમત કોડીની ગણાય; 'ના' એટલા માટે કે જો કે તેની પ્રત્યક્ષ કીંમત કશી જ નથી પણ તેની પરોક્ષ કીંમત ઘણી ભારે છે. મતલબ કે પ્રત્યક્ષાનુભવ તરીકે તે નિષ્ફળ નીવડી છે, છતાં પરોક્ષાનુભવ તરીકે તેની અવજ્ઞા ન થઇ શકે; પણ, આ જોવાને આપણને ખરી આંખ હોવી જોઈએ. ખરું જોતાં આ શોધો પાછળ, આ પ્રગતિ પાછળ જે કાંઈ અટલ નિયમો રહેલા છે તે નિયમો ખોટા નથી. ઉક્ત નિયમોના આધારે જે જે ચમત્કારી શોધો થઇ રહી છે, તે ઇશ્વરની

અદ્ભુત શકિતનું દર્શન કરાવવામાં સફળ થઈ છે, પણ, કમભાગ્યે મનુષ્યોના હૃદય ઉપર માયાનો આવેશ હોવાથી તેનો ઉપયોગ જનકલ્યાણ માટે ન કરતાં તે પોતાના જ વિનાશ અર્થે તે શકિતનો ઉપયોગ કરી રહ્યો છે તેમાં વસ્તુનો દોષ નથી, વસ્તુના વાપરનારાઓનો દોષ છે.

જી૦—તો શા માટે આ વાત માણસોને સુઝતી નહિ હોય?

મુ૦—તેમાં જ માયાની અજાયબી રહેલી છે. આ લૌકિક વસ્તુઓમાં ખરૂં સુખ રહેલું છે એવું સમજી તે મેળવવાની આશાએ આશાએ મનુષ્યો તેની પછવાડે ઘસ્યાં જાય છે, અને એક વખત નિરાશ થયા છતાં ફરી ફરીને એક સ્વરુપે કે અન્ય સ્વરુપે તેને વળગી રહે છે અને આમ છતાં આ વસ્તુઓમાં ખરું સુખ રહેલું નથી એ સત્ય તો તેમને સ્વાનુભવથી તેની ભારે કીંમત આપ્યા કેડ શીખવું જ પડશે. છતાંયે દરમ્યાન ઝાંઝવાના નીર પાછળ તેમની દોડ ચાલુ જ રહેવાની એવું તેનું અંધ આકર્ષણ છે.

જી૦—પણ, એવું શા ઉપરથી માનો છો કે એ રસ્તે સુખની દિશા નહિ લાધે?

મુ૦—મેં તમને અગાઉ જ કહ્યું છે કે આપણે અમુક દિશામાં જવું હોય ને જો આપણે તેનાથી વિમુખ દિશામાં જઈએ, તો દેખીતું છે કે આપણને આપણી શોધ ન જ લાધે.

વિશ્વ એ તો એક મહા સમુદ્ર છે. તેમાં વિષ અને અમૃત બન્ને રહેલાં છે. શ્રીમદ્ભાગવતમાં સમુદ્ર-મંથનનો એક પ્રસંગ વર્ણવેલો છે તે કદાચ તમે જાણતા હશો. ઉપરોક્ત મંથનમાંથી પહેલાં તો કાલકૂટ વિષ નીકળ્યું. આવું તીવ્ર વિષ તો શંકર જેવી ભગવાનની મહાન વિભૂતિ જ જીરવી શકે. તેમ કરવામાં શ્રીશંકરભગવાનના

જેવી ભારે તપશ્ચર્યા અને વૈરાગ્ય જોઇએ. આધુનિક મહામંથનમાંથી જગતને વિષ લાધ્યું છે, પણ તેને જીરવવાને જે તપ અને વૈરાગ્ય જોઈએ તે જગતમાં નથી. એથી અત્યારે જગત તે કાળમુખ વિષનો ભોગ બન્યું છે છતાં આપણે આશા રાખીએ કે હવે અમૃત લાધવાની ઘડી પણ આવશે એ ઘડી કેટલી વહેલી આવશે તેનો આધાર પ્રભુકૃપા અને સત્ય ઝીલવાની મનુષ્યોની દૃષ્ટિ ઉપર રહેલો છે. બાકી ચળ વસ્તુઓમાંથી ચળ સુખની પ્રાપ્તિ થાય અને અચળ વસ્તુમાંથી અચળ સુખની પ્રાપ્તિ થાય, એ સિદ્ધાન્ત વૈજ્ઞાનિક અને શાસ્ત્રસિદ્ધ છે. જો વિકારી વસ્તુઓ અચળ સુખ આપવામાં નિષ્ફળ જાય તો તેમાં વસ્તુનો દોષ નથી. લૌકિક બધી જ વસ્તુઓ વિકારવશ છે, અને વિકારવશતામાંથી અવિકારી તત્ત્વની સિદ્ધિ આકાશકુસુમવત્ છે.

જી૦—તો તો એમ જ કહોને કે જે જે કાંઈ દેખાય છે, જે કાંઈ આ જગતમાં છે, તે વિકારી હોવાથી ખોટું છે, અસત્ય છે, માટે તેનો ત્યાગ કરો. એટલે કે તમારા મત પ્રમાણે જગતનો જ ત્યાગ કરવો—અગર તો બીજા શબ્દોમાં કહો કે આત્મઘાત કરવો એ જ સુખ મેળવવાનો સહેલો રસ્તો છે. જો આપ મને આવું જ તત્ત્વજ્ઞાન શીખવવાના હો તો મને લાગે છે કે આપણું ગાડું બહુ લાંબુ નહિ ચાલે.

મુ૦—તમે જગતનો ત્યાગ કરો અગર ન કરો. અને તેમ ન થઇ શકે તો આત્મઘાત પણ કરો; પણ એથી જગતમાં કાંઈ ઓછો જ ફેરફાર થવાનો છે? ખરી વાત તો એ છે કે તમે મારું કહેવું બરાબર સમજ્યા જ નથી. હું તમને જગતનો ત્યાગ કરવાનું કહેતો નથી પણ જગત સાથે તમે જે સંબંધથી સંકળાયેલા છો તે સંબંધને તેના ખરા સ્વરુપમાં સમજવા કહું છું. વસ્તુ એક જ હોય, છતાં તે જુદા જુદા માણસો ઉપર જુદી જુદી અસર કરે છે, એવો આપણો દરરોજનો અનુભવ છે.

શા માટે તમને અમુક જ આકાર અને અમુક જ રંગ વધારે ગમવાં જોઈએ? મિષ્ટ બાસુંદીનો કે મીઠા રસનો આસ્વાદ લેતાં તમને જે મઝા પડે છે, તે કરતાંય વધારે મઝા એક ત્યાગીને રોટલાના ટુકડામાં પડે છે, આ ભેદનું કારણ શું? તમારા ધનના ભંડાર અને મહેલાતો, તમારા મોજશોખ અને અમનચમન તમારા હૃદયની સગડી બુઝાવી શકતાં નથી, જ્યારે એક પ્રભુના નામ માત્ર ઉપર જીવનનો ગુજારો કરતો એક નિષ્કિંચન સાધુ વધારે સુખશાંતિ ભોગવી શકે છે, તેમાં શું રહસ્ય રહેલું હશે, તેની ઉપર તમે કદી વિચાર કર્યો છે?

આ વિજ્ઞાનના જમાનામાં જ્યારે આપણે સર્વ વસ્તુની કસોટી વિજ્ઞાનના સત્યોથી કરવા માગીએ છીએ, ત્યારે આ બાબતમાં આવાં ઉલટાં પરિણામો નીપજાવવા માટે કયી વસ્તુ જવાબદાર છે, તે જાણવાની શું આપણી ફરજ નથી?

બધું જ ખોટું છે, દેખાય છે તે બધું અસત્ય છે માટે નકામું છે, એવી નકારવાચક ફિલસુફીનો હું ઉપાસક નથી, છતાં એટલું તો ખરું કે વસ્તુને ખરા માપથી માપવાને આપણી પાસે ખરા માપનો ગજ હોવો જોઈએ. ઘોડું અને ગધેડું એ બે એક ન હોઈ શકે, એ બેમાં શો ફેરફાર છે તે આપણે સમજવું જોઈએ. એક શબ્દમાં કહું તો વસ્તુનું મૂલ્યાંકન કરતાં આપણને આવડવું જોઈએ. અને ખરું મૂલ્યાંકન કરવાની ચાવી જેવી આપણા ધર્મશાસ્ત્રોમાં રહેલી છે તેવી બીજે કોઈ પણ ઠેકાણે નથી.

ભલે તમારે વિજ્ઞાનશાસ્ત્રનું જ્ઞાન મેળવવું હોય તો તમે હાલની સંસ્કૃતિને તેટલા પૂરતી સેવો, પણ પરદુનિયાની હકીકત માટે તમારું વિજ્ઞાનશાસ્ત્ર અધૂરું પડશે. દરેક શાસ્ત્ર પોતપોતાની દુનિયાની વાત કરતું હોય ત્યાંલગણ તો ઠીક છે, પણ જ્યારે તે પોતાની દુનિયાની

બહાર જઇ તેની બહારના પ્રદેશો ઉપર આક્રમણ કરવા જાય છે, ત્યારે જ વિડંબના ઉભી થાય છે. જો આ જગતમાં આવો ખીચડો ઊભો થયો હોય તો તે આવી જાતની મર્યાદાનો ભંગ કરવાથી જ થયો છે, એમ મને લાગે છે. બાઇબલમાં આ ભાવને સૂચન કરનારૂં એક કથન છે, કે 'આપણે માયાનું રાજ્ય સ્વીકાર્યું છે એટલે ઇચ્છાએ કે અનિચ્છાએ આપણે તેનો કર ચૂકવવો જ રહ્યો; પરંતુ જેના વડે અને જેના ઉપર આપણી તેમ જ જગતની હયાતિનો આધાર છે, તેવા એકના એક પ્રભુને તેનું દાન ચૂકવવા તેં વિચાર સરખોયે કર્યો છે?'

જિ૦—ત્યારે તો આપના મત પ્રમાણે ધર્મ એ જ મુખ્ય વસ્તુ છે, અને ધર્મશાસ્ત્રનો અભ્યાસ એ એક જ સૌથી મહત્ત્વનો અભ્યાસ છે. નહિ વારૂ?

મુ૦—હા, એમ જ. પણ જો ધર્મશાસ્ત્રથી ગભરાઇ જવાની જરૂર નથી. ધર્મના નામે કેટલાયે અનર્થ થયા છે, એ મારા ખ્યાલ બહાર નથી. વળી વિશ્વમાં એક જ ધર્મ નહિ પણ અનેક વિવિધ ધર્મો પડ્યા છે. તેથી તેમાં કયો ખરો અને કયો ખોટો એ વિષે પણ વિમાસણ થાય એ સંભવિત છે. એટલે ખરૂં પૂછો તો ધર્મ શબ્દને તેના ચાલુ અર્થમાં વાપરતાં મને કંઇક આશંકા રહે છે, એ મારે કબૂલવું જોઇએ. છતાં જો ધર્મને તેના ખરા સ્વરૂપમાં સમજવામાં આવે તો આવી બીક રાખવાને કશું પણ કારણ નથી. કારણ કે જેટલો 'બ્રહ્મ' શબ્દ તેના અર્થમાં વ્યાપક છે, તેટલો વ્યાપક ધર્મ શબ્દ પણ છે. તેથી જો આપણે ખરી ધર્મબુદ્ધિ કેળવીએ તો પછી આપણો માર્ગ નિર્ભય છે. એટલે ખરી જરૂર તો ધર્મબુદ્ધિ કેળવવાની છે, ધર્મના નામથી ભડકવાની નથી. કારણકે ધર્મની ઉંડી વિચારણા વગર સત્યદર્શન અસંભવિત છે. આપણા શાસ્ત્રકારો કહે છે કે જ્યારે મરણ આવશે ત્યારે આ દુનિયાની લખલૂટ દોલત તથા જાહોજલાલી, વાડી વજીફા અને મહેલાતો અહીં જ પડી રહેશે.

તે વખતે તે બધું તેમ જ તમારાં સગાં સંબંધી કશું જ તમારી સાથે નહિ આવે; એકલો ધર્મ જ તમારી સાથે આવશે. ધર્મ એ આત્મવસ્તુ છે, દુન્યવી નથી. શા માટે? કારણકે ધર્મદ્વારા જ તમે ખરા સુખની પ્રાપ્તિ કરી શકો છો. એટલા માટે જ મનુષ્ય હૃદય ધર્મથી આકર્ષાતું હોય તો તેમાં કંઇ નવાઈ નથી.

જી૦—તો તો હવે કૃપા કરી આપ આ વિષય ઉપર જ સીધા આવો તો ઠીક થશે. હું ભૂલતો ન હોઉં તો આપણી વાર્તા પણ આ જ હતી એટલે એક પળ તો મને એવું લાગેલું કે આપણે વિષયાન્તર તો નથી કરતા! પરંતુ, હવે હું જોઈ શકું છું કે આટલી પ્રસ્તાવના વગર હું વિષયને બરાબર ન સમજી શકત. આપે કદાચ એ જ દૃષ્ટિથી વિષયની તૈયારીરૂપે પૂર્વગામી વિવેચન કરવાનું પસંદ કર્યું હશે. મારે કબૂલ કરવું જોઈએ કે એથી મારી જિજ્ઞાસાવૃત્તિ વધારે સતેજ થઈ છે અને વિષયમાં મારો રસ વધતો જાય છે.

મુ૦—પ્રભુનો ઉપકાર માનો કે આ વિષયમાં તમારી રુચિ વધતી જાય છે. હવે આજ તો આપણે અહિંયા જ અટકીશું. અવકાશે આજના વાર્તાલાપ ઉપર વધારે મનન કરશો તો તેમાંથી ઘણુંયે વિચારવાનું મળશે.

[૩] ધર્મ વિષે ખોટા ખ્યાલો

મુકુંદદાસ—જુઓ, ગઈ કાલના આપણા વાર્તાલાપમાં આપણે બે વસ્તુઓ ઉપર ભાર મૂક્યો હતો. સુખ એ મનુષ્યજીવનની પરમ ધ્યેય વસ્તુ છે અને તેને પ્રાપ્ત કરવાનો માર્ગ જેવો ધર્મશાસ્ત્રમાં પ્રકટ કરવામાં આવ્યો છે તેવો બીજે કોઈ પણ ઠેકાણે કરવામાં આવ્યો નથી; અને તેથી જ જો આપણે આપણા જીવનધ્યેયને પ્રાપ્ત કરવું હોય તો શાસ્ત્રમાં જણાવેલા પુરૂષાર્થને ધર્મબુદ્ધિથી સિદ્ધ કરવા કટીબદ્ધ થવું જોઈએ.

પરંતુ, પ્રથમ ધર્મ એ શું છે, તેની તાત્ત્વિક વિચારણામાં ઉતરીએ તે પૂર્વે તે વિષે સમાજમાં કેટલીક ગેરસમજ પ્રવર્તે છે, તેને નાબૂદ કરવી જોઈએ. ખરું જોતાં ધર્મ વિષેના અનેક ભ્રમો હાલ જીવનને હચમચાવી રહ્યા છે. એક ભ્રમ એવો છે કે ધર્મ માત્ર ધતિંગ છે; તે કેવળ એક રોગિષ્ટ મગજની ભ્રમણા માત્ર છે. તેની પાછળ વખતનો વ્યય કરવો એ ધુમાડામાં બાચકા ભરવા બરાબર છે. જીવન એ તો નક્કર વસ્તુ છે; આવી નક્કર વસ્તુને કલ્પનાના તરંગોમાં વેડફી નાંખવી એ નરી મૂર્ખાઈ છે. અને મને લાગે છે કે આવું માનનારાની સંખ્યા દિનપ્રતિદિન વધતી જ જાય છે. વળી દુનિયામાં જીવનવિગ્રહ માટે જે કષ્ટ, સતત મહેનત અને દુઃખના દરિયા પથરાઈ રહ્યા છે, તે જોતાં તો ઘડીભર એમ પણ લાગે કે

આમાં કદાચ તથ્યાંશ પણ હશે. સુખ અને દુઃખનું માપ કાઢી શકાતું હોય તો આપણને જરૂર લાગે કે સુખ કરતાં દુઃખનો ભાર અનેકગણો વધી પડે. અને છતાંયે તમે જોશો કે એવા અધુરા અને અલ્પ સુખનો આસ્વાદ પણ એવો તો ચિત્તાકર્ષક છે કે તેને ગુમાવવા કોઈ ઈચ્છતું નથી. બલ્કે તે મેળવવા માણસ અથાગ મહેનત લેવાને તત્પરતા દાખવે છે. શું આ વાત અજાયબી ભરેલી નથી લાગતી?

જીજ્ઞાસુ—હું પણ આપને એ જ પ્રશ્ન પૂછવા ચાહતો હતો. શા માટે લોકો આવા સાર વિનાના સુખ માટે આવાં અનેક પ્રકારનાં કષ્ટો વેઠતા હશે? આપણે જોઈએ છીએ કે તેઓ અનેક પ્રકારની નિરાશાઓના ભોગ બને છે ને છતાંયે તેને ભૂલી શકતા નથી.

મુ૦—આપણા શાસ્ત્રકારો તેનો ખુલાસો એવો આપે છે કે જડવાદીઓ માને છે તેમ આપણે માટીમાંથી આવ્યા નથી પણ **આનંદના ધામરૂપ એવા પ્રભુ પાસેથી આપણે આવ્યા છીએ, પ્રભુ એ આનંદ રૂપ છે-આનંદના ધામરૂપ છે.** આપણે એક વખત તે આનંદમાં નિમગ્ન હતા. એવા આનંદ-ધામમાંથી વિખૂટા પડયાને કેટલાયે યુગો વહી ગયા—અત્યારે આ વાત ભૂલી ગયા છીએ પણ આપણો આત્મા એ વાત ભૂલી ગયો નથી. આપણા આત્માના પાતાળમાં એની સ્મૃતિ અદ્યાપિ કાયમ છે. આપણને તેનું ભાન નથી એ વાત સાચી. પણ ખરૂં જોતાં એ સ્મૃતિ જ પરોક્ષ રીતે આપણામાં ઈન્દ્રિયોના દુન્યવી સુખો પ્રત્યે અતૃપ્તિ કરાવે છે. કદાચ આપણે આપણાં મન કે બુદ્ધિ સાથે સંબંધ ધરાવનારાં દુન્યવી સુખો યથેચ્છ પ્રાપ્ત કરવામાં ફાવીએ પણ ખરા, છતાં તે સુખો એવાં હોય છે કે ભોગવાઈ રહ્યા કેડે તે અસંતોષની—અતૃપ્તિની આછી આછી છાપ હૃદયમાં મૂકતાં જાય છે. એથી આપણને એમ થાય છે કે હું ઈચ્છું છું તે આ નહિ, હું ઈચ્છું છું તે આ નહિ—મારે કાંઈ એથી વધારે ઉંચુ સુખ જોઈએ છે, જે મને

વધારે ચિરંજીવ આનંદ આપે-જે ખરા આનંદની લહેજત ચખાડે. અને આમ કરતાં કરતાં પછી એવું પણ બને છે કે આવા અંધકારમાં અથડાતાં અથડાતાં છેવટે કોઈ સુભાગી પળે તેને આત્માના ખરા સુખનો ખજાનો લાધે છે. આવો આધ્યાત્મિક અસંતોષ એ પ્રગતિની નિશાની છે, દુઃખની નહિ.

જી૦—પણ, આપતો ઐહિક જીવનના નક્કર સુખો માટે તલસતા જીવોની વાત કરતા હતા. તેવા જીવો તો આત્મા જેવી ચીજ જ સ્વીકારતા નથી તો પછી તેમનામાં આવા આત્મિક સુખની પ્રતીતિનો સવાલ જ ક્યાં રહ્યો?

મુ૦—તમે ઠીક કહ્યું. એવા પણ જીવો છે, જે આત્મા જેવી ચીજમાં માનતા જ નથી. તેઓના મતે આ જીવ જડમાંથી પેદા થયો છે ને અંતે જડમાં લય પામે છે. તેનામાં ચેતન જેવું કાંઈ દેખાય છે તે કેવળ સ્થૂલ સંચાલનક્રિયા માત્ર છે અને તે ઘડિયાળના લોલકની પેઠે ગતિ કર્યા કરે છે. ચાવી બંધ થયેથી જેમ લોલકની ગતિ અટકી પડે છે, તેમ જીવનમાંથી ચેતનક્રિયા પણ કાળે કરીને અટકી પડે છે.

આવી બંધ ગતિને આપણે મરણ કહીએ છીએ. આવી ચેતન ક્રિયાઓ પૈકી કેટલીક આપણને ગમે છે, તો કેટલીક આપણને અકારી લાગે છે. આપણને જે ક્રિયાઓ ગમે તે સુખ આપનારી અને આપણને ન ગમે તે દુઃખ આપનારી. સુખી થવું એ મનુષ્યની સ્વાભાવિક વૃત્તિ હોય છે, એટલે યેનકેન પ્રકારેણ સુખ પ્રાપ્ત કરવું એ જીવનનું ધ્યેય છે. તેમાં કહેવાતી નીતિના કે ધર્મના નિયમોને કાંઈ લેવાદેવા નથી. ટૂંકમાં આ વાતને આપણા શાસ્ત્રકારો નાસ્તિક મત તરીકે લેખે છે. આ ચાર્વાકમત પ્રમાણે જીવનને આદિ કે અંત નથી અને જીવેષણા એ જ માત્ર જીવનનું ધ્યેય

છે. આપણે અહીં તેની શાસ્ત્રીય ચર્ચામાં નહિ ઊતરીએ. આપણા પંડિતોએ આ મતને સારી પેઠે નિરસ્ત કર્યો છે. તે વાદ પશુવાદને મળતો વાદ છે, અને આસુરી સંપત્તિવાળા જીવો તેનું સેવન કરે છે. તેમની ગતિ અંધઃતમમાં લય પામવારૂપ મુક્તિ મેળવવાની છે. તમે તો આસ્તિક છો અને આસ્તિકતામાં માનનારા છો, તેથી ઉપરના નાસ્તિકવાદ ઉપર વધુ વિચાર કરી આપણે કાળક્ષેપ નહિ કરીએ.

આવી જ એક બીજી પણ ભ્રમણા છે: આ ભ્રમણા તે એક–ધર્મવાદની છે.

જી૦—હા, હા, હું પણ આપને એ જ કહેવા જતો હતો. લોકો જુદા જુદા ધર્મોથી કંટાળી ગયા છે. અત્યારે સુધરેલી દુનિયામાં એક સવાલ બહુ ગંભીરપણે પૂછાય છે: શા માટે ધર્મો જુદા જુદા હોવા જોઈએ? શું વિશ્વમાં સર્વગ્રાહી એક ધર્મ ન હોઈ શકે? અને કાંઈક એવા ઉદ્દેશથી જ 'સર્વ વિશ્વ ધર્મ પરિષદ' દરેક વર્ષે એકઠી થાય છે. તો શું આ ધ્યેય અસાધ્ય છે? શા માટે આપ એને એક ભ્રમણા તરીકે જણાવો છો? શું એની સિદ્ધિમાં એક ભવ્ય આદર્શ રહેલો નથી?

મુ૦—આખી દુનિયામાં એક જ ધર્મની સ્થાપના થાય એ આદર્શ ખરે, બુદ્ધિગમ્ય અને ભવ્ય લાગે છે પણ તે સિદ્ધ થાય તેવો નથી. કારણ કે તેમાં રસવૈચિત્ર્યનો અભાવ રહેલો છે. જેઓ જગતને ભગવાનનું ક્રીડાભાંડ માત્ર માને છે અને વિશ્વની સઘળી ક્રિયાઓ કેવળ એ ભગવાનની બહિરંગ–લીલા માત્ર છે, એવું સ્વીકારે છે, તેઓની દૃષ્ટિએ આમ બનવું અસંભવિત છે. રસનો આસ્વાદ તેના વૈચિત્ર્યમાં રહેલો છે, એ આપણો અનુભવ છે. તમે એક ક્ષણવાર કલ્પો કે જગતમાં એક જ સરખો આકાર, એક જ સરખો ગુણ, એક જ સરખો રંગ–એક જ સરખું બધું જ છે–અરે, એક સરખું

સુખ કે એક જ સરખું દુઃખ બધું જ એક સરખું છે, તો શું તમને નથી લાગતું કે આવું એક સરખાપણું—આવી જડ સમાનતા આપણા જીવનમાં અસહ્ય થઈ પડે? અને જીવન કેવળ નીરસ બને? જ્યાં બધા જ શિક્ષકો ને કોઇ શિષ્ય જ ન હોય, જ્યાં બધા જ નેતા ને કોઈ દોરાનાર ન હોય, જ્યાં બધા જ રાજા ને પ્રજાજનો જ ન હોય, જ્યાં બધા જ સમાન, ઉચ્ચનીચ કોઇ ન હોય—એવી દુનિયાની શું તમે કલ્પના કરી શકો છો? જો કરી શકતા હો તો મારા કહેવાનો આશય સમજી શકશો.

અરે ધર્મની એકતાની વાત તો ભલે જવા દો. હું ભૂલતો ન હોઉં તો સ્વામી વિવેકાનંદજી તો એક સ્થળે એવું પણ કહે છે કે ખરૂં જોતાં ધર્મ પ્રત્યેક વ્યક્તિ પરત્વે નિરનિરાળો છે. તમે હિંદુ છો, હું હિંદુ છું. તમે જે ધર્મ પાળો છો, તે જ ધર્મ હું પાળું છું. એટલે તમારો ને મારો કૌટુમ્બિક ધર્મ એક છે. છતાં, તમે એમ કહી શકશો કે તમે જે ધર્મ પાળો છો, તે જ ધર્મ હું પાળું છું? અગર તો બીજા શબ્દોમાં હું જે ધર્મ જેવો અને જેવી રીતે પાળું છું, તેવો અને તેવી રીતે તમે પણ પાળો છો? વળી શું આપણે એવું કહી શકીશું કે આપણા શ્રીવલ્લભ—મહાપ્રભુએ જે પ્રકારનો પુષ્ટિધર્મ સ્થાપન કર્યો છે અને જેના સેવક હોવાનો આપણે દાવો કરીએ છીએ, તે પુષ્ટિધર્મની પ્રણાલિકા પ્રમાણે તથા તેના સિદ્ધાન્તો અનુસાર આપણે તેનું સંપૂર્ણ અંશ વડે પાલન કરીએ છીએ? જો એમ ન હોય તો હું તથા તમે એક જ ધર્મ પાળીએ છીએ એમ કેમ કહી શકાય? એક જ ધર્મના આશ્રય નીચે જ્યારે આપણા બન્નેની સ્થિતિ આત્મ ધર્મની દૃષ્ટિએ ભિન્ન ભિન્ન છે, તો પછી જુદા જુદા ધર્મ પાળનારાઓની અને આપણી વચ્ચે તો કેટલું અન્તર હોવાનું? આમ ધર્મમાં સમાનતા ન જ હોઈ શકે. આવી સમાનતા માટેનો આદર્શ ભલે દૃષ્ટિ સમક્ષ જાગ્રત રહે પણ એ

સમાનતા આદર્શ રૂપ જ રહેવાની. કદીયે તે આચરણમાં વ્યવહારે નહિ જ બનવાની.

જી૦—તો શું એવા પ્રયત્નો છેક નિરર્થક છે?

મુ૦—ના, તમે મારું કહેવું બરાબર ન સમજ્યા. પ્રયત્નો ભલે થાય. આવા પ્રયત્નો પાછળ સામ્ય શોધનની જે આધ્યાત્મિક વૃત્તિ રહેલી છે, તે અત્યન્ત ઇષ્ટ છે. તે વડે અન્ય ધર્મો પ્રત્યે સમાન-શીલવૃત્તિ કેળવવાનો ભવ્ય આશય કેટલેક અંશે સધાય છે અને તેટલા પૂરતી તેની કીંમત અમૂલ્ય છે. ખરેખર આ સૃષ્ટિમાં માયાનું બળ એટલું બધું છે કે ધર્માચરણમાં પણ જે સચ્ચાઈ ને દીનતા જોઇએ એ માલૂમ પડતાં નથી. ઉલટું, તેમાં પણ અહંતાના ખોટા ખ્યાલો જણાય છે. ધર્મના પાલનમાંથી તો નમ્રતા, પ્રકાશ, સમાન–શીલતા, સેવાવૃત્તિ અને ભગવદ્ભક્તિના સાત્ત્વિક ભાવો વિકસિત થવા જોઇએ, તેને બદલે આપણે શું જોઇએ છીએ? ઉચ્ચ નીચના, ખોટી પ્રતિષ્ઠાના, મોટાઇ ને અભિમાનના, તિરસ્કાર ને ઇર્ષ્યાના એવા અનેક રાજસિક ભાવો તેમનામાં ઘર કરી રહેલા હોય છે. પરિણામ એ આવે છે કે જુદા જુદા ધર્મ પાળતા મનુષ્યો વચ્ચે વેરઝેર અને ઇર્ષ્યા અદેખાઇ ધાર્મિક જીવનને કલુષિત કરી મૂકે છે; અને ખરું જોતાં ધર્મ વડે તો આ જીવન જે દિવ્ય થવાને સર્જાયેલું છે, તે જ અસુરોને રહેવાનું સ્થાન બને છે. માટે દરેક ધર્મમાંથી ઉચ્ચ તત્ત્વોની છણાવટ થઇ તેની એકરૂપતા સાધવાના કલ્યાણકારી પ્રયત્નો કરવામાં આવે તો તે સદા સાર્થક છે, ઉત્તેજન પાત્ર છે. પરંતુ એ ભૂલવું જોઇતું નથી કે આવા પ્રયત્નો છતાં વિશ્વની જુદી જુદી પ્રજાઓ એક જ ધર્મ પાળતી થાય એ આદર્શ કેવળ આદર્શ રૂપે જ રહેશે, તે કદાપિ સિદ્ધ થશે નહિ, એ તો ચોક્કસ લાગે છે. એમ જ થાય તે સકારણ છે. તેમાં લીલાનો ઊંડો મર્મ સમાયેલો છે એમ હું માનું છું. માટે આવા બાહ્ય વૈચિત્ર્યથી ગભરાવાની જરૂર નથી. મને લાગે છે કે આપણે આજે અહીં જ અટકીશું.

ધર્મનો આદર્શ

જિજ્ઞાસુ—આપે ધર્મ એ આત્માનો વિષય છે અને વિશ્વધર્મોની વિવિધતા સકારણ અને નૈસર્ગિક છે, તેવું પ્રતિપાદન કર્યું તે તો સમજાયું. પણ, ત્યારે આપના મતે ધર્મની બાબતમાં આપણો આદર્શ શો હોવો જોઇએ ?

મુકુંદદાસ—દરેક મનુષ્ય પોત પોતાનો ધર્મ પાળે, તેમાં કશું જ ખોટું નથી. જે મુશ્કેલી છે તે એ છે કે ધર્મપાલનમાં જે સચ્ચાઈ જોઇએ તે જોવામાં આવતી નથી. દરેક માણસ પોતાનો ધર્મ પ્રમાણિક પણે પાળે એ જ ઇષ્ટ છે.

જિ૦—તો તો પછી ધર્માન્તર કરવાના ભગીરથ પ્રયત્નો જે હાલ ચાલી રહ્યા છે તે આપની નજરમાં અર્થ વગરના છે એમ જ ને ?

મુ૦—હા, એમ જ. સમજણ પૂર્વક ધર્માન્તર થવાની દરેકને છુટ હોય તેની સામે આપણને કશું જ કહેવાનું ન હોય. પરંતુ કેવળ સંખ્યાબળ વધારવાના રાજકીય કે સામાજિક કારણથી તે માટે બહારના પ્રયાસો કરવામાં આવે તે વાંધા ભરેલું છે. ખરૂં જોતાં ધર્મ એ આત્માનો વિષય છે. તે દેશ, કાળ, અગર તો બાહ્ય સાધનોને અધીન ન હોવો જોઇએ. ભગવાન તમારી કેવી ગતિ કરવા

માગે છે તેની તમને ખબર નથી. આત્મકલ્યાણની દૃષ્ટિએ સ્વેચ્છાથી અને સ્વતંત્રપણે પુખ્ત વિચાર ને મનનને અંતે તમને ધર્મની અમુક વિચારશ્રેણી વધારે અનુકૂળ લાગે તો તેવો અનુકૂળ ધર્માચાર સ્વીકારવામાં શા માટે પ્રતિબંધ હોવો જોઈએ ? કોઈ વિદ્યાર્થીને વિજ્ઞાનનો અભ્યાસ કરવો છે, તેને ગુજરાત કોલેજ માફક ન આવે અને પુનાની કે મુંબઈની ઇતર કોલેજમાં જવાનું તે પસંદ કરે, તો તેમ કરવાની છૂટ તેને શા માટે ન હોવી જોઈએ ?

જી૦—પણ, આ તો આપ ભયંકર વસ્તુ કહી રહ્યા છો. જો ધર્માન્તર કરવાની છૂટ આપવામાં આવે તો ધર્મની બાબતમાં અનવસ્થા જ પેદા થવા પામે, અને ઘેરઘેર કલેશનું વાતાવરણ જામે. જો કે મારે કબૂલ કરવું જોઈએ કે મને ધર્મનું બહુ જ્ઞાન નથી અને હું ધર્મનું જે કઈ પાલન કરૂં છું એ ય પણ ન કરી શકાય, છતાં આવી છૂટમાંથી કેવાં માઠાં પરિણામ આવે તેની કલ્પના તો હું કરી શકું છું.

મુ૦—મને લાગે છે કે આવો ભય રાખવામાં તમે રાગાવેશથી દોરાઈ જાઓ છો. એ વાત સાચી કે આવી છૂટનો દુરુપયોગ કરવામાં આવે અને તેનો અર્થ ધર્માન્તર કરવાની વ્યવસ્થિત પ્રવૃત્તિ જેવો કરવામાં આવે. એમ થાય તો તો તમે કહો છો તેવું અનિષ્ટ થવા પામે, તેની ના નહિ. રાજ્યસત્તાએ તથા ધર્મ પલટો કરાવનારી કેટલીક ધાર્મિક સંસ્થાઓએ અજ્ઞાન અને પરવશ જનસમૂહને લાલચો ને બળજબરી વાપરી આવા ધર્મપલટા કરાવ્યાના દાખલા જાણીતા છે. અદ્યાપિ પણ એક રૂપે કે બીજે રૂપે, આવી પ્રવૃત્તિઓ અસ્તિત્વમાં છે. હું અવી પ્રવૃત્તિઓના સમર્થનમાં આ કહેતો નથી. તેમાંથી તો કુટુમ્બકલેશો થવાના અને સમાજ ડામાડોળ થવાનો કારણ કે આવા ધર્માન્તરમાં હૃદયની સચ્ચાઈ કે આત્મપ્રતીતિ રહેલી નથી હોતી,

તેમાં તો કેવળ પ્રપંચ ને પાખંડ રહેલા છે. પણ, હું કહું છું એવો, આત્મપ્રતીતિને અનુકૂળ, બુદ્ધિ અને શ્રદ્ધાથી શુદ્ધ થયેલા અંતરના અવાજને અનુસરતો ફેરફાર ધર્મની બાબતમાં કરવામાં આવે તો તેવો ધર્મપલટો સાહજિક અને આત્મકલ્યાણની દૃષ્ટિએ કરેલો કહેવાય. અને તે માટે પ્રતિબંધ ન હોઈ શકે. આવી આત્મસ્વતંત્રતા સર્વકાળમાં સ્વીકારવામાં આવી છે.

જી૦—પણ, આવા જ્ઞાનપૂર્વક થયેલા વ્યક્તિગત ધર્મપલટા તો ક્વચિત્ જ જોવામાં આવે છે.

મુ૦—મારું એ જ કહેવું હતું. વ્યવહારમાં આવા ધર્મપલટા ભાગ્યે જ થાય છે. સામાન્ય રીતે તો મનુષ્ય અર્ધચેતન જીવન ગાળતો હોય છે. તેનામાં ધર્મ પ્રત્યેની આવી લાગણી જાગ્રત હોતી નથી. વળી જન્મના કારણ પાછળ પૂર્વજન્મના બળવાન સંસ્કારો રહેલા હોય છે તે પણ આવી બાબતમાં જબરો ભાગ ભજવતા હોય છે. તેથી આવી બળવાપ્રવૃત્તિ દરેકમાં સહજ હોતી નથી. તેથી આવો ભય સકારણ નથી. અને એક રીતે તો આ છૂટનો સવાલ એ વાદનો વિષય ક્યાં સુધી રહેવાનો? જ્યાં લગી તમે સમાજના કે ધર્મના કાયદા માનો ત્યાં લગી. અને છૂટ લેનારાં એવી છૂટ ઓછી માગે છે? તે તો બળપૂર્વક લે છે. તેમનાથી તેમ કર્યા વગર રહેવાતું નથી. ધર્મ એ ખરું જોતાં આત્મજ્ઞાન અને આત્મશ્રદ્ધાનો વિષય છે. જ્યાં તમારા આત્મામાં જ અમુક સત્યનું કિરણ પ્રકાશિત થયું હોય અને તમારો આત્મા તે ગ્રહણ કરવાને ઉંચોનીચો થાય—તમારો આત્મા જ તેવા પ્રકાશ માટે ખળભળી ઉઠે તો તેને રોકનાર કોણ છે? ખ્રિસ્તી ધર્મની ખાતર પોતાના પ્રાણની આહૂતિઓ આપ્યાના દાખલા તમે ઇતિહાસમાં, ક્યાં વાંચ્યા નથી? ઇસ્લામધર્મમાં પણ આવા કેટલાયે દાખલા બન્યા છે. દરેક ધર્મમાં એવું બન્યું છે. આત્માની સ્વતંત્રતા

ભોગવવા અર્થે પ્રાણનો ત્યાગ હસતેમુખે કરવામાં આવે એ તદ્દન સ્વાભાવિક વસ્તુ નથી; અને તે સત્યના અટલ નિયમ ઉપર અવલંબી રહેલી છે. માટે તેવા ફેરફારની સામે થવું અગર કાયદાનો આશ્રય લઈ પ્રતિબંધ કરવો એ ગેરવાજબી છે. આવી આત્મસ્વતંત્રતા જીવને હોવી જોઈએ, એવું કહેવાનો મારો આશય છે. પણ આવો ફેરફાર પૂર્ણ શ્રદ્ધાથી અને જ્ઞાનપૂર્વક થયેલો હોવો જોઈએ, તો જ તેનો અર્થ છે. અંધપણે અગર બાહ્ય બળને કે પ્રલોભનને વશ થઈ કરવામાં આવેલો ધર્મપલટો આત્માનો વિઘાતક છે અને એવા ધર્મપલટાને ઉત્તેજન આપવાનો મારો આશય નથી, એ તમે સમજી શક્યા હશો.

જી૦—હું સમજ્યો. આપ આવી બાબતમાં અંતર પ્રેરણાને માન આપવાનું કહેતા હો એમ જણાય છે.

મુ૦—બળવાવૃત્તિ શબ્દ મેં બુદ્ધિપૂર્વક વાપર્યો છે. જ્યારે જીવને અમુક પ્રકાશની આત્મપ્રતીતિ થાય છે, ત્યારે તેના હૃદયનું પાતાળ ખળભળી ઉઠે છે, તે તેને પ્રાપ્ત થયેલા પ્રકાશને પામવા આકાશ પાતાળ એક કરે છે. આવા જીવની સામે બળ કરવામાં આવે તો તે તેની સામે થાય છે–સામે થયા વગર તેનાથી રહેવાતું નથી. કારણકે તેને જે સત્યની પ્રતીતિ થઈ છે તેનું બળ એવું તો સ્વાભાવિક અને માતબર હોય છે કે તે માટે તે ગમે તે ભોગ આપવા તૈયાર થાય છે. પણ તેને લાધેલી વસ્તુ ખોવા તે તૈયાર હોતો નથી. ભલે આપણે એને બળવાખોર કહીએ પણ એવા બળવાખોરોએ જ ધર્મના ઇતિહાસનાં પાનાં સોનેરી રંગથી ચીતર્યાં છે. થોડે ઘણે અંશે દરેક ધર્મમાં આવા બળવાખોરો જન્મ્યા છે ને જન્મશે. હું બળવાખોર સારા અર્થમાં વાપરૂં છું.

જી૦—તો આમ થવાનું કારણ શું હશે? શા માટે જીવો તેમને

પ્રાપ્ત થયેલા ધર્મનો આશ્રય લઈ તેનાથી સંતોષ નહિ માનતા હોય ?

મુ૦—પ્રશ્ન વિચારવા જેવો છે. કદાચ એમાં પણ પ્રકૃતિનો કાંઈ ગંભીર ને ગુપ્ત સંકેત રહેલો હશે. છતાં, મને ભય લાગે છે કે જો આપણે એવી ચર્ચામાં ઉતરીશું તો એક જુદા જ વિષય ઉપર આપણને વિચારવાનું પ્રાપ્ત થશે, અને તેમ કરતાં કદાચ વિષયાન્તર થશે. આવું શા માટે બનતું હશે તેની મીમાંસામાં ન પડતાં, આવું બને છે એવી નોંધ લઈએ તે જ આપણે માટે પૂરતું નથી ? પણ ખરું જોતાં મારો અત્યારનો પ્રશ્ન જુદો છે. મારો પ્રશ્ન ધર્માન્તર થવાની છૂટ હોવી જોઈએ કે કેમ તેના કરતાં શા માટે જીવો ધર્મની ઉપેક્ષા કરે છે એ પરત્વે વધારે છે. તમે જોશો કે અત્યારે ધર્મ પ્રત્યેની ઉપેક્ષાવૃત્તિ વધતી જાય છે અને તે ભાવિ માટે વધારે ભયરૂપ છે.

જી૦—આપ ધર્મ પ્રત્યેની ઉપેક્ષાવૃત્તિની ફરિયાદ કરો છો, પણ હમણાં જ આપણા દેશના આગેવાન કાર્યકર્તા દાક્તર દેશમુખે એક લેખ લખી તેનું સમર્થન કર્યું છે. તેમની સૂચના પ્રમાણે તો હિંદુએ હિંદુ મટી જવું અને મુસલમાને મુસલમાન મટી જવું. આમ ઉભય પક્ષે કોલેજમાં ભણતો યુવક પોતપોતાના ધર્મને ભુલી જઈ, રાષ્ટ્રીય થશે, ત્યારે જ ધર્મના ઝઘડા શમશે. એક વખત ઈંગ્લાંડમાં પણ રોમન કેથોલિક તેમજ પ્રોટેસ્ટંટ વચ્ચે આવા જ તીવ્ર ઝઘડા ચાલતા હતા. આવો ધાર્મિક ઝઘડો લગભગ ૨૦૦ વર્ષ સુધી ચાલ્યો. જ્યારે ઉભય પક્ષે લડનારાઓ ધર્મને બદલે દેશને ચાહવાનું વધારે શીખ્યા ત્યારે જ બન્ને વચ્ચે એખલાસ થયો. એથી હિંદુસ્તાનના ઝઘડાઓ માટે પણ એમણે આ જ ઉપાય સૂચવ્યો છે. તો આ બાબતમાં આપને શું કહેવાનું છે.

મુ૦—ઇંગ્લાંડના ધાર્મિક ઝઘડાઓ શમવાનું ઐતિહાસિક કારણ ગમે તે હો પરંતુ, એ વાત ખરી કે વખતના વહેણ સાથે ધર્મનું

ઝનૂન ઓછું થતું ગયું ને અંતે શમી ગયું. આવા પરિણામ માટે અનેક કારણો હોઈ શકે. કાંઈ અનુભવના પરિણામે તેઓ તેની નિરર્થકતા જોઈ શક્યા હોય, અગર તો ધર્મભાવનાની ન્યૂનતાને લીધે તેમાંથી પ્રજાનો રસ જતો રહ્યો હોય, અથવા તો એથી ય વધારે સાચું તો પ્રજાનું ચિત્ત ધનલોભ, રાજ્યલોભ, કે કીર્તિલોભ પ્રત્યે વધારે વળ્યું હોય. ગમે તે એક કે બધાં જ કારણો થોડાવત્તા પ્રમાણમાં તે માટે કારણભૂત હોય, તેમ છતાં એ તો ચોક્કસ છે કે ખ્રિસ્તી પ્રજાઓમાં ધાર્મિક ઝઘડાઓએ જે આવું કારમી રૂપ ધારણ કરેલું તેમાં કેવળ ધાર્મિક ઝનૂન જવાબદાર નથી લાગતું. જો તેને રાજ્યનો આશ્રય ન હોત તો કદાચ એવું પરિણામ ન આવ્યું હોત. લોકોનું ચિત્ત દુન્યવી લાભો પ્રત્યે વધારે આકર્ષાવાથી, સ્વાભાવિક રીતે તેમનો ધર્મ પ્રત્યેનો રાગ ઓછો થયો જ હશે, અને થાય. આ તેનું આનુષંગિક પરિણામ છે. વૃત્તિના આવા ફેરફારને આપણે ઉપેક્ષાવૃત્તિ કહેવા ઇચ્છતા હોઈએ તો તેમાં મને વાંધો નથી. આવા ફેરફારથી ખ્રિસ્તી પ્રજાઓ દુન્યવી પ્રાપ્તિઓ કરી હશે પણ તે માટે તેમને કેટલી મોટી કીંમત આપવી પડી છે તે છેલ્લા તેમ જ વર્તમાન યુરોપીય યુદ્ધોથી આપણે જોઈ શકીએ છીએ. હિંદુસ્તાન એ દુનિયાના ધર્મોની જન્મભૂમિ છે અને તેનો ઇતિહાસ એ ધર્મનો ઇતિહાસ છે. ખ્રિસ્તી કે ઇસ્લામ ધર્મની પેઠે તેનો સનાતન ધર્મ કોઈ વ્યક્તિ ઉપર રચાયેલો નથી. તેના વેદો અપૌરુષેય એટલા માટે કહેવાય છે કે તેની વાણી આત્માનુભૂતિનાં સીધાં પરિણામો છે. તે ઉપર વ્યક્તિના નહિ પણ આત્માના સ્વાનુભવની છાપ છે. તેની રજુઆત વૈજ્ઞાનિક અને અનુભવગમ્ય છે. તેથી તેની ઉદારતા પણ અસીમ છે. ધર્મને કારણે આપણે અહીં આવા ઝઘડાઓ કદીયે કર્યા નથી. ભૂતકાળમાં કેટલીયે વિધર્મી પ્રજાઓ હિંદમાં આવી પણ તે બધી યોગ્ય કાળે અંદર સમાઈ ગઈ, એ ઇતિહાસ પ્રસિદ્ધ વાત છે. અત્યારના હિંદુઓની નસોમાં કોણ જાણે કેવું યે મિશ્રિત લોહી વહેતું હશે. ગમે તે હો. પણ, ધાર્મિક

ઝઘડાઓના નિવારણ માટે દાકતર સાહેબે જે ઉપાય ઉપર સૂચવ્યો છે એ પાડાના દુઃખે પખાલીને ડામ દેવા બરાબર છે.

જી૦—પણ અત્યારનો યુવક તો રાષ્ટ્રધર્મને સૌથી મહત્ત્વનો ગણે છે. તેની અપેક્ષાએ અન્ય તમામ ધર્મોની તે કાંતો અવજ્ઞા કરે છે કે તેને ગૌણ ગણે છે. રાષ્ટ્રવાદ ને રાષ્ટ્રધર્મ એ જ હાલના યુવાનનો જીવનમંત્ર છે. અને દાકતર સાહેબે ધર્મની ઉપેક્ષા કરવાનો ઉપદેશ આપ્યો હોય તો તેમાં તે એકલા નથી, એમના મતના એક નહિ પણ અનેક વિદ્વાન દેશનેતાઓ નીકળશે.

મુ૦—ધર્મની આપણી વ્યાખ્યા અતિ વિશાળ છે. તેમાં રાષ્ટ્રધર્મનો પણ સમાવેશ થાય છે. પણ દેહધર્મ ને આત્મધર્મ જુદા છે, એમ રાષ્ટ્રધર્મ અને પરમાત્મ-ધર્મ પણ જુદા છે. રાષ્ટ્રધર્મ પાળવાને તમને કોઈ ના કહેતુ નથી, પણ આત્મધર્મની ઉપેક્ષા કરીને કદાપિ નહિ. ધર્મના ઝઘડા નિવારવા ધર્મને વિસારી દેવો એ તેનો ખરો ઉપાય નથી, પણ ધર્મને તેના ખરા સ્વરૂપમાં આચરવો તે છે. મને તો લાગે છે કે દાકતર સાહેબ પણ ધર્મની અવજ્ઞા કરવા નહિ ઇચ્છતા હોય. એવું કરી તે તેમના ઝનૂન પ્રત્યે આંગળી ચીંધી રહ્યા હશે, ધર્મને ભૂલી જવામાં ધર્મના ખોટા આચારને ભૂલી જવાનો તેમણે કદાચ ઉપદેશ આપ્યો હશે, બહુધા તે ધર્મમાંથી અતિરેકનું વિષ નીચોવી કાઢવા માગતા હશે. અને જો તેવો અને તેટલો જ તેમના કથનનો આશય હોય તો તેમાં વાંધો લેવા જેવું નથી કારણકે ધર્મનો અતિરેક એ પણ એક જાતનું આધ્યાત્મિક ગાંડપણ છે. તેમાંથી જ તિરસ્કાર, મિથ્યા અભિમાન, દ્વેષ, રાગ ક્રોધ વગેરે દોષોનો જન્મ થાય છે. ખરેખર ધાર્મિક ઝઘડા અને કોમીભાવ એ સામાજિક તંદુરસ્તીના ભયંકર રોગો છે. પરંતુ તેમને નાબૂદ કરવાને ઉપર ઉપરથી મલમપટ્ટા અસરકારક ન જ નીવડે. તે માટે તો જડમૂળથી રોગને નાબૂદ કરવો રહ્યો તેનો ખરો ઉપાય વિશ્વના ધર્મોનાં મૂળ તત્ત્વોનો બહોળા હાથે ફેલાવો કરવો એ છે, જેથી સંકુચિત દૃષ્ટિ વિરામ પામે.

જી૦—તો તેના પ્રચાર માટે આપ કાંઈ માર્ગસૂચન કરી શકો ?

મુ૦—મને લાગે છે કે મારૂં ચાલે તો હું તો દરેક મુખ્ય ધર્મનાં મૂળ તત્ત્વોનું જ્ઞાન શાળામાં ભણતાં બાળકો માટે ફરજીયાત કરૂં. એથી બચપણમાંથી બાળકના મનમાં સમાનશીલવૃત્તિ કેળવાય અને પરમત સહનશીલતા માટે ભૂમિકા તૈયાર થાય. એક રીતે અખિલ વિશ્વધર્મ પરિષદ્ આ જ કાર્ય કરી રહી છે. પણ, તે પૂરતું નથી. અરે, પણ આપણે જુદા જુદા વિશ્વધર્મોની ભાંજગડમાં કાં પડીએ ? અંદર અંદર આપણી વચ્ચેના ઝઘડાઓ પણ ક્યાં ઓછા છે ?

જી૦—જી, આપનું કહેવું ખરૂં છે. હું પણ આપનું ધ્યાન એ તરફ દોરવા માગતો હતો. મને એક ભાઇએ હમણાં થોડા વખત ઉપર કહેલું કે હિંદુઓમાં ફક્ત એક જ સનાતન ધર્મ હોવો જોઇએ, તેવું થશે ત્યારે જ ઉચ્ચનીચના વિભેદક ભાવો નિરસ્ત થશે. અત્યારે આખો હિંદૂ સમાજ હજારો જ્ઞાતિઓ ને પેટા જ્ઞાતિઓમાં વહેંચાઈ ગયો છે, તે એટલે સુધી કે બધા જ હિંદુધર્મ પાળનારા કહેવાય અને છતાં તેમની વચ્ચે રોટીબેટી વ્યવહાર સુદ્ધાં ન મળે. જ્યાં આવી શોકજનક સ્થિતિ પ્રવર્તતી હોય ત્યાં સંઘબળ કે ભાતૃભાવનું ઐક્ય ક્યાંથી હોય !

મુ૦—સવાલ તો ગંભીર છે. આપણો સમાજ હાલ છિન્નભિન્ન થઇ ગયો છે, તે પરત્વે બે મત છે જ નહિ. વર્ણાશ્રમની ભાવના તો સજ્જડ પાયા ઉપર રચાયેલી પણ કાળે કરીને તેમાંથી તેનો પ્રાણ જતો રહ્યો અને હવે તો સાપ ગયા ને લીસોટા રહ્યા જેવી સ્થિતિ થઈ ગઇ છે. એક વખત આશ્રમ વ્યવસ્થા આપણી શક્તિને ટકાવવાનું સાધન હતું. તે જ હાલ આપણી નબળાઈનું કારણ થઈ પડી છે. આ સામાજિક વ્યવસ્થાનું ચણતર ધાર્મિક સિદ્ધાન્તો ઉપર

રચાયેલું હોવાથી તેના પાયા એટલા તો ઉંડા ગયા છે કે હજારો સૈકાં ગયાં છતાં અદ્યાપિ તે કાયમ રહ્યા છે.

જી૦—પણ, આપને નથી લાગતું કે હવે તે કેવળ નામના જ રહ્યા છે?

મુ૦—હા, તેને હચમચાવવાને હાલ ભગીરથ પ્રયત્નો થઇ રહ્યા છે. કાળમાં કશું જ અમર નથી અને જેને આદિ છે તેને અંત પણ હોવો જોઇએ. પરંતુ તેને ધરમૂળથી ઉખેડી નાંખતાં પૂર્વે, વર્ણાશ્રમની યોજના પાછળ જે અવિનાશી જોમ રહેલું છે, તેનો ઉચ્છેદ ન થાય તેની કાળજી રાખવી જોઈએ. ભલે, તેનું સ્વરૂપ બદલાય, પણ તેનો આત્મા ન મરે એ ખાસ જોવાનું છે. કારણકે તેના આત્મતત્ત્વમાં હિંદુ સંસ્કૃતિનું બીજ રહેલું છે. એ બીજ નાશ પામશે તો આખું વૃક્ષ નાશ પામશે.

જી૦—તો શું વર્ણાશ્રમ પ્રમાણેના વર્ણભેદો તથા આશ્રમવ્યવસ્થા દુનિયાની બીજી પ્રજાઓમાં નહિ હોય?

મુ૦—એક રીતે કહીએ તો વર્ણાશ્રમના સમષ્ટિગત તેમ જ વ્યક્તિગત વિભાગો એક રૂપમાં કે અન્ય રૂપમાં દુનિયામાં બધે ઠેકાણે જોવામાં આવે છે. પરંતુ આર્યસંસ્કૃતિમાં તેની જે વૈજ્ઞાનિક પદ્ધતિ અસ્તિત્વમાં આવી છે અને તેને ચિરંજીવ બનાવવાને તેને જે આધ્યાત્મિક કડીથી સાંકળવામાં આવી છે, તેવું બીજે કોઈ ઠેકાણે જોવામાં આવતું નથી. કાળગતિમાં વિશ્વની કેટલીયે સંસ્કૃતિઓ નાશ પામી, જ્યારે હિંદુસંસ્કૃતિ તેના મૂળરૂપમાં કાંઇક અંશે અદ્યાપિ પણ જળવાઈ રહી છે. એમાં જ તેની વિશેષતા રહેલી છે. એ જ તેનું રહસ્ય છે.

[૫] ધર્મનો આદર્શ (ચાલુ)

જિજ્ઞાસુ—આપે હિંદુ સંસ્કૃતિની અમરતા વિષે જે વાત કરી તેની આધ્યાત્મિકતાનો કંઈક ખ્યાલ મને આવ્યો. પણ, મારો પ્રશ્ન એ છે કે જો એ આપણી આર્ય સંસ્કૃતિમાં આવું જીવન તત્ત્વ હોય તો શા માટે તેની ભવ્ય ઈમારત આમ તૂટી પડી હોય તેવી જણાય છે ? અત્યારે તો જાણે તે તેના નામમાં જ જીવતી હોય તેવો ભાસ આવે છે.

મુકુંદદાસ—દુનિયામાં એવી કઈ વસ્તુ છે, જે તેના મૂળ સ્વરૂપમાં અમર રહી શકે ? ખરું જોતાં પોષણમાં વિનાશનાં ને વિનાશમાં પોષણનાં બીજ છુપાયેલાં હોય છે, એવી કુદરતની ગહન ગતિ છે. આપણે આ નિયમ દરેક ઠેકાણે જોઈએ છીએ. પોષણશક્તિ જેટલી કૌવતવાળી તેટલું તેનું આયુષ્ય લાંબુ પણ, આખરે તો આવી શક્તિ પણ ઘસાયને ?

જિ૦—તો શા માટે તેના પુનરુદ્ધાર માટે પ્રયત્ન થતા નથી ? શા માટે તેની નાડીઓમાં નવું લોહી વહેતું કરવામાં આવતું નથી ? શા માટે બાપનો કુવો ખારો થયો હોય છતાં તેને વળગી રહેવામાં આવે છે ?

મુ૦—જુઓ, તમારા બોલવામાં પણ કાળબળની કેવી અસર છે ? અરે, એ તો ઠીક છે કે તમને તો હજુયે આર્યસંસ્કૃતિનું

અભિમાન છે અને તેથી જ તેના પ્રાણવાન અંશોને સમાજ જીવનમાં ફરીથી દાખલ કરવાની તમે અભિલાષા સેવો છો. પરંતુ એવા પણ ભણેલા ભાઈઓ છે, જેઓ પશ્ચિમના ઝેરી વાતાવરણમાં ઉછરેલા હોઈ, સનાતન છોડને તેના મૂળમાંથી ઉખેડી નાંખવા માગે છે, અને તેને ઠેકાણે પશ્ચિમના ઝેરી રોપને ઉગાડવાની ઉમેદ રાખે છે. એક બાજુએ આવા ઉદ્દામ સુધારકો છે, તો બીજી બાજુએ એવા પણ સુધારકો છે, જેઓ કાળને અનુકૂળ હોય તેવા ફેરફારો સાથે તેનો પુનરુદ્ધાર કરવાને મથન કરી રહ્યા છે. પહેલો વર્ગ ધર્મની ઉપેક્ષા કરે છે અને રાજનીતિને ધર્મનું નામ આપે છે, જ્યારે બીજો વર્ગ એવો છે જે રાજકીય તેમજ સામાજિક સુધારાઓમાં પણ ધાર્મિક દૃષ્ટિને પણ આગળ ધરે છે. આ બન્ને બળોમાંથી કયું બળ અંતે ફાવશે, તે તો ભાવિ જ કહી શકે. પણ કમભાગ્યે જો પહેલું બળ જીતે તો મારી ખાતરી છે કે હિંદુસ્થાન ભલે તેના નામમાં જીવતું રહે, પણ તેનો ખરો આત્મા નાશ પામ્યો હશે. આવા સુધારકો રાષ્ટ્રવાદી દેશ સેવકો તરીકે ભલે ગર્વ લે પણ જે રાષ્ટ્રવાદીઓને પોતાના રાષ્ટ્રની સંસ્કૃતિ, પોતાના રાષ્ટ્રના આદર્શો, પોતાના રાષ્ટ્રના દેવો માન્ય ન હોય તેમનું હૃદય સ્વદેશી કેવી રીતે કહી શકાય, એ હું સમજી શકતો નથી. આવાઓનાં હૃદય પરદેશી તત્ત્વોથી ભરેલાં હોય છે. તેમને રાષ્ટ્રવાદી કહેવડાવવાનો, કે આ "મારી માતૃભૂમિ છે" એમ કહેવાનો શો હક છે, તે મારાથી સમજાતું નથી. ભલે તે જન્મે હિંદુઓ હોય, આત્મામાં તેઓ પરદેશીઓ છે. જો પરદેશીઓ રાષ્ટ્રના દુશ્મનો કહેવાતા હોય તો આવા સ્વદેશી પરદેશીઓ માટે શો શબ્દ વાપરવો? પણ આતો આપણે વિષયાન્તરમાં ઉતરી પડ્યા. આપણો પ્રશ્ન તો એ છે કે એક સનાતન ધર્મના આશ્રય નીચે બધા જ ધર્મો પોતાનું અવલંબન શા માટે ન ખોળે? અગર તો તેની શીતળ છાયામાં ભેદભાવ ભૂલી એકત્ર શા માટે ન થાય?

જી—જી હા, મારા પ્રશ્નનો મુખ્ય ઉદ્દેશ પણ એ જ છે. હું

તો જરા તેથીયે આગળ વધીને કહું કે સનાતન ધર્મમાંથી જન્મેલા બીજા પેટાધર્મો પોતપોતાના ધર્માચારમાં એક જ જાતની વિધિ અને એક જ જાતની નિયન્ત્રણાનો સ્વીકાર કરે તો યે કેટલું સારૂં?

મુ૦—આમ કહેવામાં તમે એક વાત ભૂલી જાઓ છો. તમને ખબર હોવી જોઈએ કે વિવિધતા અને સ્વતંત્રતા એ જ હિન્દુ ધર્મની ખાસિયતો છે, જે અન્ય ધર્મોમાં નથી. તે એક કલ્પવૃક્ષ જેવો વિશાળ છે. તેની સ્થાપના કોઈ એક વ્યક્તિથી કરવામાં આવી નથી. મેં પૂર્વે કહ્યું તેમ તે સ્વતંત્ર અપૌરુષેય દિવ્ય વાણી ઉપર નિર્ધાર છે. માટે જ તેમાં અન્ય ધર્મસ્થાપકોની પેઠે દૈવી સંદેશા કે આજ્ઞારૂપે રજુ થયેલાં વચનો નથી પણ તેમાં ઋષિઓના આત્માનુભવરૂપે પ્રગટ થયેલી આર્ષવાણી છે. તેમાં ઋષિઓને સત્યનું જે દર્શન થયેલું તેનાં અદ્‌ભૂત ચિત્રો દિવ્ય વાણીમાં પ્રકટ થયેલાં છે. જેઓ તેવાં આત્મદર્શનો પામવાનો અધિકાર પ્રાપ્ત કરવાને અદ્યાપિ પણ ઇન્તેજાર હોય, તેઓ ઋષિઓની પેઠે આત્મજીવન જીવી તેવાં દર્શન અત્યારે પણ પામી શકે છે. ધર્મની આવી રજૂઆત એ એક વૈજ્ઞાનિક પદ્ધતિ છે. વૈજ્ઞાનિક સત્યોને પૂરવાર કરવા જેમ અનેક ગ્રન્થો લખાયા છે અને તેની સિદ્ધિ અર્થે અનેક અખતરાઓ કરવામાં આવ્યા હોય છે, તેમ આત્માના આવા આધ્યાત્મિક અનુભવો માટે આત્મામાં પ્રતીત થતા સત્યોના પ્રાકટ્ય માટે અનેક ગ્રન્થો સાબિત થયા છે. આવાં આત્મદર્શનો સિદ્ધ કરવાને તત્ત્વવિચાર અનેક શાખાઓરૂપે અને યૌગિક સાધનાઓ અનેક માર્ગોરૂપે પ્રકટ થયા છે, અને તેનું અપૂર્વ આધ્યાત્મિક મૌલિક સાધનસાહિત્ય છે. અત્યારે પણ તેની સરખામણી કરે એવું સાહિત્ય બીજે કોઈ ઠેકાણે તમને પ્રાપ્ત થઈ શકશે નહિ. હિન્દુ સંસ્કૃતિ ને ધર્મનો આ અમૂલ્ય વારસો, એ આ વિશ્વની અદ્વિતીય ભેટ છે. તેના અનુસરણ ને પાલનમાં જીવનની કૃતકૃત્યતા છે. દિલગીરી માત્ર એટલી છે કે અત્યારે

દિનપ્રતિદિન તેની ઉપેક્ષા થતી જાય છે. હિંદુ ધર્મ એ જ Religion નું ખરૂં ને સ્વતંત્ર સ્વરૂપ છે, અન્ય ધર્મો એ બહુધા Creeds છે. તમે Religion and Creed વચ્ચેનો ભેદ તો સમજતા હશો ?

જી૦—જી, ના, તે ઉપર જરા વધુ ખુલાસો કરશો તો ઉપકાર થશે.

મુ૦—અન્ય ધર્મો creeds કહેવાય છે, કારણ કે તેની સ્થાપના વ્યક્તિગત છે. તેના સ્થાપનારાઓ આધ્યાત્મિક સુધારકો અને દૈવી પુરુષો હતા. તેમણે જે જે ધાર્મિક સત્યો કે આદર્શો પ્રકાશિત કરેલાં તે તેમના વ્યક્તિત્વમાંથી ગળાઇને આવેલાં અર્થાત્ તેમનું પ્રકાશન કાળ ને દેશની મર્યાદાઓને આધીન હતું. એથી સ્વાભાવિક છે કે તેમની દ્વારા રજુ થયેલાં સત્યદર્શનોને બાહ્ય મર્યાદાઓનો સંકોચ નડેલો હોય. જે જે પ્રજા આગળ આવાં નવ દર્શનો પ્રકટ થયેલાં તેને ઉદ્ધત કરવાને તેમણે અજબ કાર્યો કરેલાં એ વાત ખરી. પણ તેમાં સર્વ સામાન્યતાની ક્ષતિ હોવાથી અન્ય ધર્મોના આચાર વિચાર જોડે તે બધી રીતે બંધબેસતાં ન નીવડે એ દેખીતું છે. છતાં જો ઉંડા ઉતરી જોવામાં આવશે તો જણાશે કે દરેક ધર્મનો પાયો આન્તર્ગત આત્માનુભાવો ઉપર રચાયેલો હોવાથી તે તેના મૂળ રૂપમાં અન્યોન્ય સાથે આત્માની ભુમિકા ઉપર મળતો આવવાનો પાત્ર છે. હિંદુ ધર્મ એ તો આત્મચિંતનનો એક મહાસાગર છે. તેની વિવિધતા દોષરૂપ નહિ, પણ ગુણરૂપ છે. ખરૂં જોતાં દરેક ધર્મને બે સ્વરૂપ હોય છે. તેનો તત્ત્વવિચાર અને વિધિનિષેધનો આચાર ધર્મ. કાળે કરીને તેના વિધિનિષેધના ધર્મો બદલાય છે. પણ એ તેનો ગૌણ અંશ છે, જ્યારે તત્ત્વવિચાર એ તેનો વિશેષ ને મુખ્ય અંશ છે. આ ભેદ ભૂલી મુખ્યને ગૌણ ગણવામાં આવે, અગર તો ગૌણને મુખ્ય ગણવામાં આવે, તો તેમાંથી વિડંબના ઉપસ્થિત થવાનો સંભવ છે. આવી વિડંબના આપણે દરેક

ધર્મમાં જોઈએ છીએ. સામાન્ય મનુષ્ય અજ્ઞાન અને અંધશ્રદ્ધાળુ હોય છે. તે ધર્મના આચાર ધર્મ ઉપર વિશેષ ભાર મૂકતો હોય છે. અને આચારમાં વિધિ નિષેધના અનેક ભેદો હોય છે. તેથી તેના ધર્માચરણમાં આવા ભેદો ઉપર તેનું લક્ષ વિશેષે કરીને રહે છે. સાધન દશામાં આવો સંયમવાળો ધાર્મિક વ્યવહાર અનિવાર્ય છે, અને એ દૃષ્ટિથી સાધનાની કામચલાઉ પ્રક્રિયા તરીકે તેનું અવલંબન કરવામાં આવે તો તેમાં કશું ખોટું નથી પણ સાધન સાધ્યના ભેદનો વિવેક ન કરવામાં આવે તો તેમાંથી અનેક પ્રકારનાં અનિષ્ટો થવા પામે છે. ધર્મનું પાલન કરનારા આવા છેક સામાન્ય કોટીના જીવોમાં આવો વિવેક નહિ હોવાથી તેઓ ધર્મના ગૌણ અંશને મુખ્ય તરીકે ગણે છે અને તેમના વ્યવહારો એવા તો જડ થાય છે અને તેમની દૃષ્ટિ એવી તો સંકુચિત થાય છે, કે તેમનામાં નમ્રતાને બદલે મિથ્યાઅભિમાન, સચ્ચાઈને બદલે મિથ્યાડંબર વગેરે અનેક લક્ષણો દેખા દે છે. આવા ધાર્મિક જીવનમાં ઉચ્ચ નીચની મારામારી એ મુખ્ય લક્ષણ થઈ પડે છે. લોકો આન્તર્મુખી થવાને બદલે બહિર્મુખી વધારે થાય છે. અને પરિણામ એ આવે છે કે લૌકિક વસ્તુઓ ધર્મનું સ્થાન લે છે. પછી તો ધર્મના નામમાં લૌકિક હેતુઓ પાર પાડવાને ધર્મનો દુરુપયોગ કરવામાં આવે છે, અને ધર્મના નામે અધર્માચાર કરવામાં આવે છે. ખરું જોતાં આવા મિથ્યાચાર માટે ધર્મ જવાબદાર નથી પણ મનુષ્યોની અધમ મનોદશા, જે પોતાનો સ્વાર્થી હેતુ પાર પાડવાને ધર્મનું ઓઠું લે છે, તે જ જવાબદાર છે. તેથી જ્યાં લગી મનુષ્યહૃદયમા ખરી ધર્મબુદ્ધિનો ઉદય ન થાય, ત્યાં લગી આ બધી ગુંચવણોનો ઉકલ આવવો દુર્લભ છે, અને વિશ્વવ્યાપી શાન્તિ અશક્ય છે.

જી૦—પણ ત્યારે તેનો કંઈ ઉપાય ?

શુ૦—ધર્મની બાબતમાં બળ કે પ્રપંચ ખપમાં નહિ આવે. તેનાથી તો ઉલટી વિપરીત અસર થશે. દરેક ધર્મવાળા પોતપોતાના

ધર્મને સાચા દિલથી ને પ્રમાણિકપણે પાળે અને વિરોધી ધર્મો પ્રત્યે સહનશીલતા અને સમવૃત્તિ સેવે. પરંતુ, આવું ક્યારે બને કે જ્યારે પ્રત્યેક ધર્મના અનુયાયીઓ પોતપોતાના ધર્મના મૂળ સિદ્ધાન્તોને પોતાના જીવનમાં ઉતારી તેની વિશિષ્ઠતાઓ અનુસાર આદર્શ જીવન જીવવાનો પ્રયત્ન કરે. આવું આદર્શજીવન જીવનાર અનુયાયીઓની સંખ્યા વધતી જાય તોજ તેમના ચરિતાર્થની ઉંડી અસર તે તે ધર્મના અનુયાયીઓ ઉપર પડે અને સમગ્રપણે સામાજિક જીવન વધારે ગંભીર, ધાર્મિક ને નીતિમય બને. દરેક ધર્મમાં શું ખુબી રહેલી છે અને તેનાં તત્ત્વો આખા જનસમાજને કેવાં ઉપકારક છે. એ બતાવવાનો યશસ્વી પ્રયત્ન થિયોસૉફીયે કરેલો અને હજુ તે ચાલુ છે. તેની તંદુરસ્ત અસર કેળવાયેલા વર્ગ ઉપર તો ઘણી સારી પડી છે. એ દિશામાં દરેક ધર્મના શુભચિંતકોએ પોતપોતાના ધર્મનાં સુંદર તત્ત્વોને સમાજ આગળ મૂકી સંતોષ ન માનતાં, તેમાં જરા વધારે ઉંડા ઉતરીને અન્ય ધર્મોનાં ઉત્તમ સત્ત્વો સાથે પોતાના ધર્મોનાં તત્ત્વોને સરખાવી તેનો સમન્વય કરવાનો પ્રયત્ન કરવો જોઇએ, જેથી ધાર્મિક બાબતમાં દૃષ્ટિની સંકુચિતતા વિરમે ને ધર્મ એ બહુધા આત્માનો વિષય છે ને તેનો લૌકિક લાભ અર્થે દુરાપયોગ ન થાય, એવી ગંભીર સમજણ જનસમાજમાં ઉદય થવા પામે. પરંતુ આ બધું શક્ય ક્યારે બને કે મેં કહ્યુ તેમ ધર્મને તેના ખરા સ્વરુપમાં સમજી તેને જીવનમાં ઉતારનાર ધર્માનુરાગી ભક્તોની સંખ્યા વધે. બળજબરીથી આવી ધાર્મિક એકતા સાધી શકાશે નહિ. વળી આવી એક્તાનો પાયો પણ આત્મિક હશે, બાહ્ય ને ભૌતિક નહિ હોય. માટે જ મારૂં કહેવું એવું છે કે સનાતન ધર્મથી પોષાતી તેની જુદી જુદી શાખાઓ ભલે રહી. તેનાથી બ્હીવાની જરૂર નથી. ખરૂં જોતાં તો બીજો કોઈ શું કહે છે કે કરે છે તે જોયા વિના પોતે જ પોતાનો સ્વધર્મ સાચા દિલથી અને પૂર્ણ ઈમાનદારીથી પાળે તો બધું જ એની મેળે સુસંગત થઈ જશે. ધર્મમાં ભક્તિસ્વાતંત્ર્યનો મારો આદર્શ આવો છે. અને મને લાગે છે કે તે જ બરાબર છે. હવે આવતી કાલે આપણે તેના ખરા સ્વરૂપ ઉપર વિચાર કરીશું.

[૬] ધર્મનું ખરું સ્વરૂપ

મુકુંદદાસ—આપણે અત્યાર સુધીમાં ધર્મ અને તે પરત્વે પ્રવર્તતી કેટલીક ખોટી માન્યતાઓ તેમજ ધર્મ પ્રવર્તનનો આદર્શ વગેરે બાબતો વિષે કંઈક વિચાર કર્યો. પણ જ્યાં લગી આપણે ધર્મના ખરા સ્વરુપને ન જાણીએ ત્યાં લગી આપણી ધર્મપ્રવૃત્તિ અધુરી જ રહેવાની. એટલે આપણે ધર્મના સ્વરૂપનો હવે જરા શાસ્ત્રીય વિચાર કરીએ.

જિજ્ઞાસુદાસ—અન્ય ધર્મોમાં ધર્મની સમાનાર્થક ભાવનાઓ શી હશે તે જાણીને તેના મૂળ શબ્દ સાથે તેને સરખાવીએ તો તેમાંથી કાંઈક તાત્ત્વિક નિષ્કર્ષ નીકળે ખરો. મને લાગે છે કે એ દિશામાં પ્રયત્ન કરવાથી.આપણને ઘણું ઘણું જાણવાનું મળશે.

મુ૦—હું એમ જ કરવા જતો હતો. જુઓ, અંગ્રેજીમાં ધર્મ માટે Religion શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. અંગ્રેજીમાં Religion, ઇસ્લામ ભાષામાં 'ઇસ્લામ', હિંદુઓમાં ધર્મ, જાપાનીઓમાં શિન્ટો, અને ચીનમાં 'ટાઓ' એમ ધર્મ માટે જુદા જુદા શબ્દોનો પ્રયોગ કરવામાં આવે છે. હવે આપણે પ્રત્યેક શબ્દના મૂળ અર્થનો વિચાર કરીએ: રિલિજિયન મૂળ લેટીન ભાષામાંથી આવે છે. (Re અને legere: re=back

અને legere=to bind એટલે છૂટી ગયેલાને ફરીથી બાંધવું—ની સાથે યોગ કરાવવો; પ્રભુ કે જેનામાંથી આત્મા વિયુક્ત થયો છે-છૂટો પડયો છે, તેને પ્રભુ સાથે ફરીથી સયુક્ત કરવાનો માર્ગ એનું નામ Religion. તમે જાણો છો કે મુસલમાન ભાઈ ઇસ્લામીયાના નામથી ઓળખાય છે. ઇસ્લામીયા "ઇસ્લામ" શબ્દ ઉપરથી બનેલો છે. ઇસ્લામ શબ્દ મૂળ એરેબિક ભાષામાંથી આવે છે. તેનો અર્થ 'શાન્તિ' એવો થાય છે. અર્થાત્ પ્રભુનો શાંત ચિત્તે સ્વીકાર કરવો અને તેને શરણે જવું. આ જ ભાવને સંસ્કૃતમાં 'પ્રણિધાન પ્રપત્તિ' કહે છે. પ્રણિધાન પ્રપત્તિ એટલે જીવાત્માની પરમાત્મામાં શરણાગતિ. હિન્દુઓનો ધર્મ શબ્દ તો મૂળનો જ છે. તે મૂળ ધાતુ સંસ્કૃત ધૃ=ધારણ કરવું એ રૂપરથી આવે છે. હવે વિશ્વમાં એવું કયું તત્ત્વ છે, જે મનુષ્ય મનુષ્ય વચ્ચેના તથા ઈશ્વર અને મનુષ્ય વચ્ચેના સંબંધને ધારણ કરે છે? એવું જે કાંઈ અમર—અનન્ત તત્ત્વ હોય, જે કાંઈ તે પ્રત્યે લઈ જનાર—માર્ગ બતાવનાર હોય એવું તત્ત્વ એવો ધર્મ શબ્દનો અર્થ થાય છે. જાપાનીઓ 'શિન્ટો' શબ્દ વાપરે છે. 'શિન્ટો એટલે 'કામિ—નો—મિચિ' ફિરસ્તાઓનો માર્ગ—દૈવી માર્ગ—પ્રભુનો માર્ગ. અર્થ સ્પષ્ટ છે. ચીન લોકોના 'ટાઓ'નો અર્થ પણ 'માર્ગ' એવો થાય છે. આ શબ્દ ચીની ભાષામાં અનેક અર્થમાં વપરાય છે; જેવા કે (૧) માર્ગ, (૨) પદ્ધતિ, (૩) સિદ્ધાન્ત, (૪) પ્રાણશક્તિ, (૫) પ્રકૃતિના નિયત માર્ગો, (૬) વિશ્વવિચાર, (૭) કારણતત્ત્વ, (૮) સત (૯) શુભ, (૧૦) આધ્યાત્મિક નીતિનિયમ. આમ ધર્મ શબ્દમાંથી જીવાત્માનો પરમાત્મા સાથેનો **શાન્તિમય શરણભાવે પુનર્મિલનનો દિવ્ય માર્ગ** એવો એક સંયુક્ત ભાવ નીકળે છે. એ જોતાં કોણ કહી શકશે કે જો ધર્મને તેના મૂળ શુદ્ધ સ્વરૂપમાં ઓળખવામાં આવે તો દુનિયાના બધા જાતિભેદો નાબુદ થવાને પાત્ર નથી? અને એમ હોવું જોઈએ. જો આ વિશ્વનો કોઈ પેદા કરનાર ઈશ્વર હોય તો પછી દુનિયા પર વસનાર હરકોઈ પ્રાણી તેનાં બાળક બને છે અને અન્યોન્ય બાંધુ-

ભાવથી જોડાયેલાં છે. પરન્તુ ખરૂં જોતાં આત્માની આન્તરિક સંબંધની આ કડી આપણે ભૂલી ગયા છીએ અને માયાને વશ થઇ અનાત્મભાવને સેવી રહ્યા છીએ અને અહમહમિકાની ભૂલ ભૂલામણીમાં પડયા છીએ. માયાના એ તિમિર પડદાને ચીરી મૂળ ભાવ પામવાને પ્રેરિત આત્માઓએ જુદે જુદે ઠેકાણે અને જુદે જુદે કાળે ત્યાંની પ્રજાઓને તેમની પતિત સ્થિતિમાંથી અદ્ધર લેવાને જુદા જુદા ધર્મોની સ્થાપના કરી છે. આવી રીતે સ્થપાયેલા આધ્યાત્મિક માર્ગોને ધર્મો એવું નામ આપણે આપીએ છીએ.

તમને કદાચ નવાઇ લાગશે કે ઉપર ધર્મ માટે જુદી જુદી ભાષાના અર્થસૂચક અન્વયોને એક વાક્યમાં જોડી મેં તેમાંથી એક અર્થ શા માટે કાઢ્યો હશે? પણ તમે જરા ઊંડે ઉતરશો તો તમને જણાશે કે શાન્તિ, શરણભાવ, પુનર્મિલન, દિવ્યતા, ધારણશક્તિ વગેરે વગેરે જુદા જુદા દેખાતા ભાવો મૂળ પરમ તત્ત્વનો ઉદ્બોધ કરનાર વિશેષણોની ગરજ સારે છે. જો વિશેષણ ને વિશેષ્યનાં તત્ત્વો એકમેકથી અભેદ્ય હોય તો તેઓ અન્યોન્યના અર્થનાં વાચક બને છે. એથી તે ઉપર ઝાઝું વિવેચન ન કરતાં એટલું જ કહેવું વાજબી છે કે ધર્મના ઊંડાણમાં ધર્મના એકાત્મત્વની સૂક્ષ્મ રેખા એકમેકથી સંધાયેલી છે. પણ તમે પ્રશ્ન કરશો કે જો વિશ્વના મુખ્ય ધર્મોમાં આવી એકાત્મતા હોય તો આટલો બધો વિસંવાદ, આટલો બધો ભેદભાવ ક્યાંથી?

જી૦—એ જ મોટો પ્રશ્ન છે. શું આપણે એવું પણ નથી જોતા કે ઘણી વાર ધર્માન્ધતા એટલી તો ગાઢ હોય છે કે જુદા જુદા ધર્મ પાળનારા એકમેકને કટ્ટા દુશ્મન માને છે, તે એટલે સુધી કે અન્યોન્યનું ગળું કાપવામાં પણ તેમને જરા આંચકો સુદ્ધાં લાગતો નથી? શું ધર્મના નામે ધર્મની આ એક વિડંબના નથી?

મુ૦—છે જ. પણ ખરું જોતાં વિશ્વની દરેક ચીજને આન્તર ને બાહ્ય એવાં બે રૂપ હોય છે. ધર્મની બાબતમાં પણ તેમ છે. ધર્મનું આ બારિક સ્વરૂપ દર્શાવવાને ઉપર આપણે ધર્મનો જે અન્વય કર્યો તે બરાબર છે, પરંતુ ધર્મ એ કેવળ તત્ત્વજ્ઞાનનો જ વિષય નથી. તે કળા પણ છે. મનુષ્ય જીવન કાંઈ એકાંતિક નથી, તે સામાજિક પણ છે. જીવાત્માને તેના જીવનદાતા પરમાત્મા સાથે નિત્ય સંબંધ છે એટલું જ નહિ, પરંતુ પરમાત્માએજ સર્જેલા વિશ્વ અને તેના વિશ્વજનો સાથે બાહ્ય સંબંધ પણ છે. આમ તેનું જીવન આન્તરિક તેમજ બાહ્ય સંબંધોથી જકડાયેલું છે અને જ્યાં સુધી આ સંબંધો સાથે તેના જીવનનો સુમેળ સધાતો નથી, ત્યાંસુધી તેને શાન્તિ કે સુખ મળતાં નથી. તેથી દરેક ધર્મમાં ઈશ્વરના વિચાર ઉપરાંત ઈશ્વરકૃત બાહ્ય જગતનો પણ વિચાર કરવામાં આવ્યો છે. માટે જ આપણે જોયું એમ, ધર્મમાં તત્ત્વ વિચાર સાથે આચાર ને વિધિની રચના પણ કરવામાં આવી છે. અને આચાર અને વિધિ કેવળ બાહ્ય હોવાથી જડ છે. તેનો વિચાર સાધનની દૃષ્ટિથી થયેલો હોય છે. તેમાં કાળ, દેશ, કર્મ, મંત્ર, કર્તા ને દ્રવ્ય એ સાધનનાં મુખ્ય અંગો ગણાય છે તેની અંદર રહેલા ભેદો ઉપરથી સાધનાનાં સ્વરુપોમાં પણ ભિન્નતા હોય એ સ્વાભાવિક છે. જનતાનો મોટો ભાગ કેવળ ત્રીજે પગથીયે જ જીંદગી ભોગવતો હોય છે તેથી ધર્મના આ બાહ્ય સ્વરૂપને તે વધારે વજન આપે છે, તથા તેના પાલન માટે વધારે આગ્રહ સેવે છે. અને તેથી જ કલેશ ને ઘર્ષણોનો ઉદ્ભવ થાય છે

પણ આપણે સમજવું જોઈએ કે આવા બાહ્ય આચારો એ ધર્મનું કેવળ બાહ્યાંગ છે, દેહીના દેહના પરિધાન જેવું ગૌણ છે; અને છતાં તે સાધનદશામાં અનિવાર્ય છે, એ પણ એટલું જ સાચું છે. આપણે એ ધ્યાનમાં લેવું જોઈએ કે આવા આચારો ઉપર કાળના પ્રવાહની છાપ પડયા વગર રહેતી નથી અને તેથી તેમાં

અવારનવાર કંઈ ને કંઇ ફેરફાર થયાં જ જાય છે. આવા ફેરફારો એવા તો સૂક્ષ્મ અને પરોક્ષ હોય છે કે બહારની આંખને ઝટ દેખાતા નથી. સામાન્ય જીવો તો એવી જ ભ્રમણા સેવી રહ્યા હોય છે કે તેનું જે સ્વરૂપ મૂળ હતું તેનું તે જ બદલાયા વગર ચાલ્યું જ આવે છે. કોણ જાણે શાથી પણ એવી એક ભાવના સર્વ ધર્મમાં છે કે ધર્મશાસ્ત્રોમાં ઘુસી ગઈ છે કે તેમાં એક ફુદાના માતરનો પણ ફેરફાર થઈ શકે નહિ. જો તત્ત્વ માટે આમ માનવામાં આવે તો તેમાં દોષ કાઢી ન શકાય. પણ આચારવિધિની બાબતમાં પણ આવો રંચક ફેરફાર પણ અસહ્ય ગણવામાં આવે છે! આ માટે ખરું જોતાં અંધશ્રદ્ધા જ જવાબદાર ગણાવી જોઈએ. ખરું જોતાં આવો હઠાગ્રહ હિતાવહ નથી જ.

જી૦—પણ, એવું હોય તો શા માટે ધર્મગુરુઓ કાળને અનુકૂળ ફેરફાર કરતા નથી, અગર તો તેવા ફેરફારોને ઉત્તેજન આપતા નથી? ઉલટું, તેમ કરવાથી તો ધર્મની શુદ્ધિ વધારે પ્રમાણમાં જળવાઇ રહે.

મુ૦—તે સાચું. પણ, ઉલટું ધર્મગુરુઓ જ આવા ભ્રમને ઉત્તેજન પાત્ર ગણાતા હોય છે. કારણ એવું છે કે સામાન્ય માણસ તો ધર્મના તાત્વિક ભેદને સમજતો હોતો નથી. તેને મન તો ગોળ અને ખાંડ એક જ હોય છે. તે શ્રદ્ધાળુ હોય છે. પણ વિચારક હોતો નથી. તેથી એવું માનવામાં આવે છે કે જો આવા ફેરફારોને ઉત્તેજવામાં આવે તો તેની શ્રદ્ધા ડગમગી જાય. તેથી ઉલટું ધર્મના આચારોને વધુ ચિવટથી પાળવામાં આવે, એવો આગ્રહ રાખવામાં આવે છે. આમ છતાં, પ્રકૃતિના અટલ નિયમોને કોઈ ફેરવી શકતું નથી. કાળ કાળનું કામ કર્યે જાય છે. પરિણામ એ આવે છે કે લાંબા કાળના અંતે આવી રીતે સેવાયેલા હઠાગ્રહમાંથી એક પ્રકારની અંધશ્રદ્ધા જન્મે છે અને તેનું બળ દિન પ્રતિદિન વધતું જાય છે. આવા જડ મનુષ્યનો ધાર્મિક આચાર કેવળ ક્રિયાત્મક ને કૃત્રિમ બનતો જાય છે. અને જ્યારે કૃત્રિમતા એ ધર્મનું મુખ્ય અંગ બને

છે ત્યારે તેમાંથી શ્રદ્ધા જતી રહે છે અને તેનો ધર્માચાર કેવળ નીરસ બને છે. ધર્મની સઘળી ક્રિયાઓને જડવત્ આચરતો હોવા છતાં, તેની જરા પણ અસર તેના જીવન ઉપર થતી નથી અને તેના આચારવિચારમાં એવો તો વિરોધ માલુમ પડે છે, કે જો આપણે અલંકારી ભાષામાં કહીએ તો તેનું આખું જીવન એ એક વ્યભિચાર માત્ર બની જાય છે.

અત્યારે ધર્મ પ્રત્યે જે વિમુખતા જોવામાં આવે છે, તેમાં ધર્મની કૃત્રિમતા ઓછી જવાબદાર નથી. માટે અન્ય ક્ષેત્રોની પેઠે ધર્મક્ષેત્રોમાં પણ કાળને અનુકૂળ તંદુરસ્ત ફેરફારો કલ્યાણકારી છે એ ભૂલવું ન જોઈએ. ધર્મની આપણી વિશાળ ભાવનામાં વેદો, દર્શનો, સ્મૃતિઓ, પુરાણો તેમજ મહાભારત ને રામાયણ બધાંનો સમાવેશ થાય છે.

જી૦—પણ, હું ભૂલતો ન હોઉં તો ઉપરોક્ત ગ્રન્થોમાં કેવળ ધર્મના વિચારો કરવામાં આવ્યા નથી. તેમાં પુરાણી ગાથાઓ ઐતિહાસિક કથાઓ તેમજ કલ્પિત ઘણી વસ્તુઓનો પણ સમાવેશ થાય છે. તેમાં ભૂગોળ ને ભૂસ્તરવિદ્યા પણ આવી જાય છે. તેમાં કાવ્યને પણ પૂરતો અવકાશ આપવામાં આવ્યો છે. એટલું જ નહિ, તેમાં રાજનૈતિક તેમજ સામાજિક બાબતોની, અર્થશાસ્ત્રની તેમ માલમિલકતની, વારસા હકની તેમજ ઐહિક અનેક ઇતર વિષયોની ચર્ચા કરવામાં આવી છે. એમ કહીએ તો ચાલે કે એવો એક પણ વિષય નહિ હોય, જેનો સમાવેશ તેમાં કરવામાં ન આવ્યો હોય. જો આ હકીકત ખરી હોય તો તેને ધર્મના ગ્રન્થો શી રીતે કહેવાય?

મુ૦—તમારી શંકા સકારણ છે કારણ એનું એ છે કે, આપણા પૂર્વજો ધર્મને તેના સંકુચિત અર્થમાં સમજતા જ નહિ. જો ધર્મ એ મનુષ્ય જીવનનો પ્રશ્ન હોય અને સમગ્ર મનુષ્ય જીવનનો સંબંધ આવી

બધી બાહ્ય પ્રવૃત્તિઓ સાથે ઓતપ્રોત હોય તો પછી તે બધા સંબંધોની તાત્ત્વિક ચર્ચા અને તેની સાથેના સંબંધોનું સારાસારપણું સમજ્યા વિના ખરૂં જીવન શી રીતે જીવી શકાય? સમાજની પ્રવૃત્તિઓના આ બધા ભેદો મનુષ્યકૃત છે. જ્યાંલગી દેહીને દેહ અને દેહની ક્રિયા સાથે લાગેવળગે છે, ત્યાંલગી એટલે કે સાંસારિક જીવનમાં જીવ બંધાયેલો છે ત્યાંલગી આ બધા વ્યવહારો અનિવાર્ય છે. પણ વ્યવહારોની પરમાર્થતા અગર તો નિઃસારતા માટે તેનું તાત્વિક પૃથક્કરણ અનિવાર્ય છે અને આ કામ આ બધા ગ્રન્થો કરે છે. એટલેજ તેમાં અહિક વિષયોનું લખાણ આવે છે. હિંદુ જીવનનો પાયો ધાર્મિક હોવાથી ધાર્મિક દૃષ્ટિએ ઉપરોક્ત વિષયોની છણાવટકરવી, એ તેનો મૂળ હેતુ હોય છે. પરંતુ આમાં પ્રધાન ને ગૌણનો વિવેક કરનાર ભૂલાવામાં પડતો નથી.

જી૦---પણ ગ્રન્થોનો આ દરિયો કાંઇ જેવોતેવો લાંબો પહોળો છે? માણસ આખી જીંદગી તેના અભ્યાસ પાછળ ગાળે તોપણ તે તરી પાર ઉતરી શકે કે કેમ એ સવાલ છે. તો પછી સાધારણ માણસનું તો ગજું જ શું?

મુ---તમારૂં કહેવું બરાબર છે. પણ તેટલા માટે તો શાસ્ત્રકારોએ વાદની મર્યાદા નક્કી કરી છે. ખરૂં જોતાં આપણા હિંદુ ધર્મમાં આચાર્ય તેજ કહેવાય છે કે જેણે ઉપનિષદ્, બ્રહ્મસુત્ર અને ગીતાજી એવા ધર્મના ત્રણ મુખ્ય ગ્રન્થોની એકવાક્યતા સિદ્ધ કરી હોય. આમાં શ્રી મહાપ્રભુજી શ્રીમદ્ભાગવતનો ઉમેરો કરે છે. એ ચારે શુદ્ધાદ્વૈતનો સિદ્ધાન્ત પ્રતિપાદન કરે છે એવું આપશ્રીનું કહેવું છે.

જી૦---ત્યારે સ્મૃતિ, પુરાણો, મહાભારત અને રામાયણ એ આપશ્રીના મતે ખોટાં?

મુ—ખોટા નહિ. શાસ્ત્રો તરીકે તેની કીમત છે; પણ તે એટલા પૂરતી કે જ્યાં સુધી તે ઉપરનાં પ્રસ્થાન ચતુર્થને અનુકુળ હોય. જ્યાં જ્યાં તે ઉપરોક્ત મુખ્ય ગ્રન્થોથી જુદા પડે કે વિરુદ્ધ જતા હોય ત્યાં ત્યાં તેમનું પ્રમાણ સ્વીકારવામાં આવતુ નથી. સિદ્ધાન્ત દૃષ્ટિએ જે આ મર્યાદા બાંધવામાં આવી છે, તે તદ્દન યોગ્ય છે. આમ છતાં ધર્મના ગ્રન્થો તરીકે તેની કીમત ઓછી નથી.

જી૦—પણ, સરખી તો નહિ જ ને?

મુ૦—હકીકત એવી છે કે ઉપરોક્ત પ્રમાણભૂત ગ્રન્થોમાં જ્ઞાનનો એવો ઉંડો વિષય ચર્ચવામાં આવ્યો છે કે સામાન્ય બુદ્ધિ તેમાં પ્રવેશ કરી શકે એ શક્ય નથી. તેથી તેજ વિષયને મહાભારત, રામાયણ વગેરેમાં વાર્તા કે કથાના રૂપમાં વધારે રસિક રીતે રજુ કરવામાં આવ્યો છે, જેથી વેદના અભ્યાસ માટે અનધિકારી તરીકે ગણવામાં આવેલા વર્ગો જેવા કે શુદ્રો, સ્ત્રીઓ વગેરે અંત્યજો પણ તેવા સરળ ગ્રન્થો દ્વારા ધર્મના તત્ત્વને પામી શકે આ દ્વિજ અદ્વિજના તેમજ અધિકાર અનધિકારના ભેદો પાડવામાં મૂળ તો કેવળ જનહિતની કલ્યાણકારક વૃત્તિ જ પ્રેરક હતી. આપણા ગુજરાતના સદ્ગત વિદ્વાન આનંદશંકરભાઈ ધ્રુવનું પ્રખ્યાત નામ તો તમે સાંભળ્યું હશે. તેમણે એક દિવસે એવું કહ્યાનું મને યાદ છે કે પુરાણો બાબત હાલ ઘણો ગેરસમજ પ્રવર્તે છે લોકો માને છે. કે પુરાણોમાં ફક્ત ઠડા પહોરનાં ગપ્પાં આપવામાં આવ્યાં છે. પણ, આવું ધારવું એ વાજબી નથી. ખરૂં જોતાં પુરાણો પરોક્ષ ભાષામાં પુરુષ અને પ્રકૃતિના રહસ્યની જ વાતો કરે છે પણ તેનો અર્થ ઉકેલવો મુશ્કેલ છે છતાં તેના ઉકેલની ગુપ્ત ચાવી પુરાણકારોએ જ તેમના લખાણની અંદર મૂકી હોય છે. તેને શોધી કાઢી તેના રહસ્યને સમજવા યત્ન કરવો જોઈએ. જો આ ચાવી હાથ લાગે તો પુરાણોની વસ્તુ સુગમ ને બોધક લાગ્યા વિના ન રહે.

જી૦—જો તે આપ કહો છો તેવા જ હોય તો મને લાગે છે કે અમો ભણેલાઓ જાણ્યા વગર ધાર્મિક ગ્રન્થોની જે ખોટી ટીકાઓ કરીએ છીએ, તે કરવાનો અમને અધિકાર નથી.

મુ૦—એ તો મારી ફરિયાદ છે. મારું કહેવું તો એવું છે કે દરેક જનને પોતાનો બાપિકો ધર્મ જાણવાની ફરજ છે જો તેમ કરવામાં આપણે ચુકીએ તો આપણે આપણા ધર્મને બેવફા નીવડીએ છીએ. એ વાત ખરી કે જો આપણાં માતપિતા શિક્ષિત ન હોય તો તેમની પાસે સિદ્ધાન્તના ઉંડા જ્ઞાનની અપેક્ષા ન રાખી શકાય. ભલે તેમનામાં આવું જ્ઞાન ન પણ હોય, છતાં જ્ઞાનની જગાએ શ્રદ્ધા હોવાથી તેઓ તેમનું જીવન કલેશ વગર શાંતપણે ગાળી શકે છે. આ માટે ભલે આપણે તેમને અંધશ્રદ્ધાળુ કહીએ, પણ, જેઓની બુદ્ધિ ખીલી છે, જેઓ શિક્ષિત છે, જેઓ જ્ઞાની હોવાનો દાવો કરે છે તેમની તો પહેલી ફરજ એ છે કે તેમણે તેમના પૂર્વજોથી ઉતરી આવેલા ધર્મનો ખંતપૂર્વક અભ્યાસ કરી જ્ઞાન સંપાદન કરવું જોઇએ. પણ, આ બાબતમાં મારે દિલગીરી સાથે કહેવું જોઇએ કે ભણેલાઓ ક્ષમા ન થઈ શકે એવી બેદરકારી દાખવે છે. આમાં તેઓ જીંદગીની ભીંત ભૂલવા જેવી મહાન ભૂલ કરી રહ્યા છે.

જી૦—અરે, બીજાની વાત તો હું શા માટે કરું ? હું મારી જ વાત કરું. મેં કેટલાય ઇતર ગ્રન્થો વાંચ્યા હશે પણ હજુ સુધી એક ધાર્મિક ગ્રન્થ વાંચ્યાનું મને યાદ નથી.

મુ૦—તો તમે જ કહો કે જો આપણે આપણું ઘર મૂકી બીજે ભટકીએ તો આપણી સ્થિતિ કેવી થાય ? શાસ્ત્રોમાં પુંશ્ચલીનો દાખલો આપવામાં આવે છે. ધારો કે હું તેને માટે એવો ખરાબ દાખલો ન આપું તોપણ એ તો ચોક્કસ છે કે તેની દશા એક હરાયા ઢોર જેવી છે. મને લાગે છે કે આમ થવામાં 'પ્રેમ વગરનું જીવન' એ જ મુખ્ય કારણ છે. આપણામાં કહેવત છે કે સોળે સાન

ને વીસે વાન. જે યુવક સોળથી વીસ વર્ષ દરમિયાન જીવનના આવા ગંભીર વિષયની ઉપેક્ષા કરે છે તે જીવનનો ખરો રસ ગુમાવે છે. મનુષ્ય જીંદગી ઘણી અમુલ્ય છે. આપણા વડવાઓ આ વાત સારી પેઠે જાણતા તેથી જ તેમણે ધર્મને જીવનનો મુખ્ય વિષય બનાવેલો. ધારો કે આવો રસ કદાચ્ ઉત્તર અવસ્થામાં પેદા પણ થાય પરંતુ ત્યારે તેની ભુક્તિ માટે ઘણું મોડું થઈ જાય. કોક વિરલા જ તેવા ઉન્નત રસનો ભોગ કરી શકે.

જી૦—ખરે, મારી જાતને ધન્ય માનું છું કે બહુ મોડુ થાય તે પૂર્વે આ વિષયમાં મને રુચિ પેદા થઈ છે. અને આપનો પણ ઉપકાર માનું છું કે આપે તેને અનેકગણી ઉત્તેજીત કરી છે. હવે હિન્દુ ધર્મનું ખરૂં સ્વરૂપ જાણવાની મારી ઈન્તેજારી વધતી જ જાય છે.

મુ૦—તમને આ વાર્તાલાપો ઉપયોગી લાગે છે એ જોઈ મને આનંદ થાય છે. આપણામાં આવી રુચિ પેદા થાય ત્યારે જાણવું કે ભગવાને આપણા ઉપર કૃપા કરી છે. પહેલાં ધર્મજીજ્ઞાસા, પછી બ્રહ્મજીજ્ઞાસા એ જીવનનો આધ્યાત્મિક ક્રમ છે અત્યાર લગી આપણે ધર્મ ઉપર સામાન્યપણે વિચાર કર્યો છે. શ્રવણ સાથે મનન હોય તો જ તેમાંથી વધારે ફળની આપણે આશા રાખી શકીએ. તમે જોશો કે આજે આપણે ધર્મનો મૂળ અર્થ શો છે તે જાણવાને સહેજ પ્રયત્ન કર્યો. તે દૃષ્ટિએ હવે આપણે તેના સ્વરૂપનો વિચાર કરવાનું પ્રાપ્ત થાય છે. વિષય તો મહાન ગહન છે. છતાં, આવતી કાલે આપણે હિંદુધર્મની રૂપરેખાનો વિચાર કરીશું. તે ઉપરથી તમને આર્ય સંસ્કૃતિનો કંઈક ખ્યાલ આવશે. પ્રભુ સૌનું કલ્યાણ કરો !

[૭] હિંદુધર્મની રૂપરેખા

મુ—આપણો હિંદુધર્મ દુનિયાના બધા ધર્મોમાં સૌથી વધારે પ્રાચીન છે. મૂળ ધર્મના રૂપમાં દેશકાળ અનુસાર ઘણા ફેરફાર થયા છે, એ વાત ખરી, છતાં એનાં મુળતત્ત્વો અને એનું સામાન્ય સ્વરૂપ તો હજુયે કાયમ છે. પ્રાચીન આર્યોએ પરમાત્મા વિષે જે સિદ્ધાન્ત બાંધ્યા છે, તે જ સિદ્ધાન્તો અત્યારના હિંદુઓ સ્વીકારે છે. બહુ જ ઘરગથ્થુ ભાવોમાં કહીએ તો હિંદુધર્મ એટલે પરમેશ્વરને ઓળખવો, એને ભજવો, એને ગમતાં કામ કરવાં અને એ રીતે આપણું પોતાનું અને સૌ જીવનું કલ્યાણ કરવું. હિંદુસ્થાનમાં એ સંબંધી પ્રાચીનમાં પ્રાચીન કાળથી ગ્રન્થો લખાયાં છે. એ ગ્રન્થોને આપણે 'શાસ્ત્ર'ના નામથી ઓળખીએ છીએ. શાસ્ત્ર એટલે આજ્ઞાનાં બોધનાં વચનો હોય એવાં પુસ્તકો, આ પ્રાચીનતમ ગ્રન્થો એજ આપણા વેદો. આ ગ્રન્થો વિષે તમે નાના હશો ત્યારે ઇતિહાસમાં પણ શીખી ગયા હશો.

જી૦—પણ, તે વખતે તેનો ઓછો ખ્યાલ હતો.

મુ—વેદ શબ્દ વિદ્ એટલે જાણવું, જ્ઞાન મેળવવું, એ ધાતુમાંથી આવે છે. વેદ એટલે જ્ઞાન, ધર્મ સંબંધી જ્ઞાન. તેને શ્રુતિ પણ કહે છે. શ્રુતિ એટલે શ્રવણ કરેલું. આપણામાં એવી માન્યતા છે કે આપણા ઋષિ મુનિઓએ એ જ્ઞાન પરમાત્મા પાસેથી સાંભળેલું. એમાં પરમાત્માની સ્તુતિ, યજ્ઞનાં વર્ણન અને પરમાત્માના સ્વરૂપ વિષે વિચાર કરવામાં આવ્યો છે.

જી૦—આ બધું ક્યારે હયાતિમાં આવ્યું હશે?

મુ૦—ક્યારે અને કેવી રીતે તે હયાતિમાં આવ્યું તેનો કાળ નિર્ણય કરવો લગભગ અશક્ય છે. પણ, આ સંબંધી પુસ્તકોના ક્રમવાર વિભાગ પાડવામાં આવ્યા છે. સંહિતા, બ્રાહ્મણ અને ઉપ્રનિવેદ. તે વિકાસની ક્રમિક ગતિ બતાવે છે. આ વેદકાળ ઘણો જ જુનો મનાય છે. વિદ્વાનોએ તેનો કાળ નક્કી કરવા કંઈ કંઈ કલ્પનાઓ કરી છે. કોઈ તે ઈ. સ. પૂર્વ ૩૦૦૦ જેટલો પ્રાચીન ગણાવે છે તો કોઈ તેથી આગળ મૂકે છે. એ ગમે તે હો. પણ એ વાત ચોક્કસ છે કે આવું પ્રાચીન ધાર્મિક વાઙ્મય હાલ દુનિયા પર બીજે ઠેકાણે અસ્તિત્વમાં નથી.

જી૦—પણ અત્યારે તો એ મૂળવેદોનો કોઈ અભ્યાસ કરતા નહિ હોય.

મુ૦—કેમ? હજી પણ એવા બ્રાહ્મણો પડ્યા છે, જે આખો વેદ નહિ તો વેદની અમુક શાખાનો અભ્યાસ તો કરે છે ને તેની ઋચાઓને કંઠાગ્ર કરે છે. તેની સ્વરપદ્ધતિનું શાસ્ત્ર એવું તો ઝીણવટભર્યું છે કે ના ખરા ઉચ્ચારણ ઉપર જ આધ્યાત્મિક ફળનો આધાર છે એમ મનાય છે. ભલે આપણે તેનો અર્થ ન સમજતા હોઈએ છતાં કોઈ યજ્ઞની ધાર્મિક ક્રિયાઓ વખતે અગર તો કોઈ એવા જ પ્રાર્થના પ્રસંગે એવી ઋચાઓને શ્રવણ કરવાનું પ્રાપ્ત થાય છે, ત્યારે તે એવું તો ગેયબદ્ધ ને ઉન્નતિકારી લાગે છે, કે તેની અસર આપણા મન ઉપર થયા વિના રહેતી નથી. કાળના વહન સાથે આ વેદકાળમાંથી સ્મૃતિકાળ આવ્યો.

જી૦—એટલે જે કાળમાં સ્મૃતિઓ લખાઈ તે કાળ, એમને?

મુ૦—હા, એ કાળ ઈ. સ. પૂર્વે ૮૦૦ થી ૫૦૦ સુધીનો

માનવામાં આવે છે. આ કાળમાં નવા ઋષિઓ વિચાર કરવા લાગ્યા અને એમણે જુનું જ્ઞાન સંભારીને સ્મૃતિ ઉપરથી નવા ગ્રન્થોને રચ્યા. તેને આપણે ‘સ્મૃતિઓ’ કહીએ છીએ. તમને ખબર હશે કે તે પૂર્વે લખવાની કળા હસ્તસિદ્ધ નહોતી તેથી વેદનું આખું શાસ્ત્ર કંઠસ્થ જ હતું. ‘સ્મૃતિ’ એટલે સંભારેલું જ્ઞાન. સ્મૃતિઓમાં પરમાત્મા સંબંધી વિચાર ઉપરાંત જુના રિવાજો શા હતા અને તે કેવી રીતે પાળવા વગેરે બાબતો વિષે પણ કહેલું છે. આવી સ્મૃતિઓ બાર છે, અને તે જુદા જુદા બ્રાહ્મણકુળોએ રચેલી છે. મહાભારત, રામાયણ અને પુરાણોમાં પણ આ વિષયને લગતી વાર્તાઓ છે. તેથી એ પણ ‘સ્મૃતિમાં’ ગણાય છે.

જી૦—ત્યારે અત્યારે ધર્મ વિષે અનેક જુદી જુદી પ્રણાલિકાઓ ને પદ્ધતિઓ અસ્તિત્વમાં આવી છે, તેનું મૂળ આ સ્મૃતિકાળમાં હશે, નહિ વારૂં ? વળી, રીતરિવાજોમાં પણ અનેક ફેરફારો થયા હશે, નહિ તો આવાં જુદાં જુદાં પુસ્તકો શા વાસ્તે લખાય ?

જી૦—હાસ્તો. પણ, એ પુસ્તકો કંઈ એક કાળે લખાયાં નહિ હોય. તે લખાતાં તો સૈકાઓ થયા હશે. પછીથી એવું થયું હશે કે મનુષ્યજીવનની વિવિધતાની પેઠે ધર્મવિષયક આચારો ને વિચારોની ભિન્નતા મનુષ્યોને અકળાવવા લાગી હશે. તેથી ધર્મશાસ્ત્રના જુદા જુદા ગ્રન્થોની એકવાક્યતા સ્થાપવા ભગીરથ પ્રયત્નો થયા હશે. એ ઉપરથી જ આ જાતનાં પુસ્તકોમાંથી ધર્મ સંબંધી શો સાર નીકળે છે એ બનાવનારા આચાર્યો થયા. તેમણે લખેલા વિવેચનાત્મક ગ્રન્થો ભાષ્ય કહેવાય છે. મેં પૂર્વે પ્રસ્થાન ત્રયી તથા પ્રસ્થાન ચતુષ્ટયીનો ઉલ્લેખ કર્યો હતો તે તમને યાદ હશે.

જી૦-જી, હા.

મુ–આ ભાષ્યકારો પૈકી મુખ્ય ચાર આચાર્યો પ્રસિદ્ધ છે. શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય અને વલ્લભાચાર્ય. ઉક્ત

આચાર્યો પૈકી શ્રી વલ્લભાચાર્ય પંદરમા સૈકામાં થયા. જો કે આર્ય સમાજના પ્રણેતા સ્વામી દયાનંદજીએ પણ એક ભાષ્ય કર્યું છે, પરંતુ તેમની ગણતરી ઉપરના આચાર્યની કોટિમાં કરવામાં આવતી નથી. તે ફક્ત ઉપનિષદ્‌ને પ્રમાણભૂત માને છે અને તેમણે કરેલા અર્થ બહુધા સ્વતંત્ર છે. તે વિદ્વાનોને માન્ય નથી. આ ઉપરાંત, હિંદની ધાર્મિક દુનિયા ઉપર સંતોની અસર પણ ઓછી નથી. તેથી આવી 'સંતવાણી' પણ ધાર્મિક સાહિત્યનો ભાગ ગણીએ તો ખોટું નહિ. આવા સંતો પણ અનેક થઈ ગયા છે, જેવા કે રામાનંદ, કબીર, નાનક, રામદાસ, તુકારામ, મીરાં, તુલસીદાસ, નરસિંહ મહેતા, વગેરે. આ પૈકી કેટલાકોએ તો મોટા પંથો પણ ચલાવ્યા છે અને અદ્યાપિ તેના અનેક અનુયાયીઓ પણ છે. આમ મેં તમને હિંદુઓના ધાર્મિક વાઙ્મયનો કંઈક ખ્યાલ આપ્યો. પણ હું ધારું છું કે જ્યાં લગી ઉપરોક્ત શાસ્ત્રોમાં ઈશ્વર વિષે શી સમજણ આપવામાં આવી છે તેનો ખ્યાલ આપવામાં ન આવે ત્યાં લગી હિંદુઓમાં ઈશ્વર વિષે શી ભાવના પ્રચલિત છે, તેનો ખરો ચિતાર નજ આવે. માટે હવે હું તમને બે શબ્દો એ ઉપર કહીશ.

જી૦—વિધર્મીઓ કહે છે કે હિંદુઓ એક દેવમાં નહિ પણ અનેક દેવોમાં માને છે. તેમનો ઈશ્વર એક નથી. તેઓ બહુદેવવાદી છે. આમાં ખરું શું હશે, એ જાણવાની મને ખાસ ઈચ્છા છે.

મુ૦—તૈત્તિરીય ઉપનિષદમાં ઈશ્વરની વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવી છે: "જેનામાંથી આ સર્વ પદાર્થો ઉત્પન્ન થાય છે, જેના થકી ઉત્પન્ન થઈ જેના વડે જીવે છે, જેના પ્રત્યે એ જાય છે, જેનામાં પ્રવેશ પામે છે એ ઈશ્વર." મતલબ કે આ દુનિયાના દરેક દૃશ્ય પદાર્થનું ઉપાદાન અને નિમિત્ત કારણ બ્રહ્મ છે. વેદમાં ઈશ્વરને બદલે બ્રહ્મ શબ્દ પ્રચલિત છે. આ ભાવના પ્રમાણે ચંદ્ર,

સૂર્ય; તારા, એના તેજથી પ્રકાશે છે; દરેક પદાર્થ પોતપોતાને સ્થાને રહી પોતપોતાનું કાર્ય કરે છે તે એના જ પ્રતાપે; જે જે સર્વ દૃશ્ય પદાર્થોમાં શક્તિ દેખાય છે તે એની છે એટલે કે એ પદાર્થોમાં પ્રભુનો જ પ્રકાશ દીપે છે. માટે જ (दिव=દીપવું) ઉપરથી 'દેવ' શબ્દ હયાતિમાં આવ્યો છે. કારણ પ્રભુ એ સર્વ દેવનો પણ દેવ છે.

જી૦—પ્રભુની આવી શક્તિ તો લગભગ બધા જ ધર્મો સ્વીકારતા લાગે છે. પણ આ બધું આવ્યું ક્યાંથી એ બાબત મતભેદ લાગે છે. આપે જ મને કહ્યું હતું કે જડવાદીઓ આત્મા જડમાંથી-માટીમાંથી આવ્યો છે, એવું માને છે અર્થાત્ મરણ પાછી જીવની હયાતિ જેવી વસ્તુ જ સંભવતી નથી. તે તો જેવો માટીમાંથી આવ્યો છે તેવો જ માટીમાં ભળી જાય છે. આવો જડવાદી વૈજ્ઞાનિકોનો મત છે.

મુ૦—ત્યાં જ આપણી અને તેમની વચ્ચે જબરો મતભેદ છે તેમના મત પ્રમાણે આખું જગત જડ પરમાણુમાંથી થયું છે અને અંતે તેમાં જ પરિણમશે. આ ચેતન જેવું જે કાંઈ દેખાય છે તે તો કેવળ અકસ્માત માત્ર છે. તેમનો જીંદગીનો ખ્યાલ આવો છે. મારે દિલગીરી સાથે ઉમેરવું જોઈએ કે આપણા ભણેલા ભાઈઓ પૈકી કેટલાયે આવા નાસ્તિકવાદના ભોગ થઈ પડયા છે અને જીવનને વેડફી રહ્યા છે. પ્રભુની કૃપા કે આ પાશ્ચાત્ય જડવાદની મજબુત દિવાલ સામે નવા શિક્ષિત ભાઈઓમાંથી પણ નવો પાક પેદા થયો છે. અને તેણે જડવાદના આવતા ધોધને સફળતા પૂર્વક અટકાવ્યો છે. સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ, સ્વામી બાળા પ્રેમાનંદ ભારતી, જગપ્રસિદ્ધ કવિવર રવિન્દ્રનાથ, મહાત્મા ગાંધીજી, પંડિત માલવીયાજી, બિપિનચંદ્ર પાલ, યોગીવર્ય અરવિંદ ઘોષ, શ્રી રમણ મહર્ષિ, ભક્ત મહાત્મા રામદાસ, આવા થોડા નહિ પણ અનેક આપણા હિંદ વિખ્યાત સુપ્રસિદ્ધ વિદ્વાનો આ ઉભી થતી જડવાદની દિવાલને તોડી નાંખવા કટિબદ્ધ થયા છે. આ બાબતમાં 'થિયોસોફીએ' પણ જેવો તેવો ફાળો

આપ્યો નથી. એટલું જ નહિ. હિંદમાં જેમ આવા દિવ્ય પુરુષો અને વિદ્વાનો પાક્યા છે, તેવી જ રીતે પશ્ચિમની જડવાદની ભૂમિમાં પણ હવે જડથી 'પર' એવી કોઈ દિવ્ય શક્તિ છે એવી માન્યતા પ્રચલિત થતી જાય છે. તેમાં આધ્યાત્મિક વિજ્ઞાનમાં રસ લેતા કેટલાક પ્રથમ પંક્તિના વૈજ્ઞાનિકો જેવા કે સર ઑલિવર લૉજ, કૅનન ડોઇલ જેવા નવલિકો વગેરે અનેક સ્ત્રીપુરુષો ભળ્યાં છે અને વૈજ્ઞાનિક પદ્ધતિથી તેઓ સિદ્ધ કરવા સશક્ત થયા છે કે જડથી પર એવી કોઈ દિવ્ય શક્તિ હયાતિ ધરાવે છે અને જીવાત્મા મરણ સાથે મરતો નથી પણ દેહના મરણ પછી સૂક્ષ્મ દેહે પરલોકમાં વાસ કરી રહ્યો હોય છે આવા આધ્યાત્મિક જ્ઞાનને તેઓ spiritualism ના નામથી ઓળખે છે. ટુંકમાં પાશ્ચાત્ય વિજ્ઞાનીઓએ તથા તત્ત્વજ્ઞાનીઓએ હવે ચૈતન્ય સ્વરૂપે કોઈ ઉચ્ચ ને દિવ્ય શક્તિ હયાતિ ધરાવે છે તેવો સ્વીકાર કરવા માંડયો છે. આ દિશામાં વૈજ્ઞાનિક પદ્ધતિએ આધ્યાત્મિક અખતરાઓ ચાલી રહ્યા છે અને દિન પ્રતિદિન તેની સંખ્યામાં વધારો થતો જાય છે. જ્યારે આ બાબતમાં તેમની સિદ્ધિ પૂર્ણ થશે, ત્યારે આર્યલોકોનું જ્ઞાન આધ્યાત્મિક બાબતમાં કેટલું પૂર્ણ છે, તેનો તેમને ઠીક ખ્યાલ આવશે. અને ત્યારે પૂર્વ ને પશ્ચિમની દુનિયાઓ આત્માની ભૂમિકા ઉપર એક થશે.

જી૦—ત્યારે જડ જગતની બાબતમાં આપણો આર્યમત કેવો છે? જડમાંથી ચેતન ને ચેતનમાંથી જડની આ ઉલટસુલટ ગતિ એ પ્રકૃતિનો ન સમજાય એવો કોયડો છે.

મુ—આપણો આર્યમત તો એવો છે કે જગતના પદાર્થોમાં જે કોઈ શક્તિ દેખાય છે તે બધી પ્રભુની છે એટલું જ નહિ પણ પદાર્થ માત્ર તેનામાંથી ઉત્પન્ન થયો છે ને તદ્રુપ છે. આમ ઈશ્વર જગતની અંદર તેમજ બહાર ઉભયરૂપ છે. આને જ આપણે ભગવાનની અંતરંગ

તેમજ બાહિરંગ લીલા તરીકે ઓળખીયે છીએ. પણ તે વિષે વધારે તો હવે પછી.

જી૦—પણ, આપણા દશ્ય પદાર્થો જે જડ છે તે ઇશ્વરરૂપ છે એમ આપણે કહેતા હોઈએ તો તો પછી ઈશ્વર પણ જડ છે એમજ થયું ને? તો પછી જડવાદીઓ શા માટે ખોટા?

મુ૦—તમે સમજ્યા નહિ. ઈશ્વર જગતરૂપ છે એવું કહેવાથી ઈશ્વર જડ રૂપ બની જતો નથી. ઈશ્વરનું સ્વરુપ સત્+ચિત્+આનંદમય છે.

તેમાંથી જ દરેક પદાર્થની ઉત્પતિ હોઈ પદાર્થ માત્ર સત્, ચિત્ આનંદમય છે. પરંતુ તેમાંથી જે ગુણ પ્રબળતા ધરાવતો હોય તેવો તે પદાર્થ લાગે છે. જેમકે માટીમાં સત્—અસ્તિત્વ છે, જ્યારે ચિત્ અને આનંદ ગુપ્ત છે. કોઈ વૈજ્ઞાનિક પ્રક્રિયા વડે તે જ ચેતન છે એવું બતાવી શકાય છે—જેમકે વરસાદ પણ માટીનો બને છે તેમ તે જ પ્રમાણે ચેતનવંતા પ્રદાર્થોમાં સત્ અને ચિત્ પ્રત્યક્ષ છે, પણ આનંદ તિરોહિત છે. જ્યારે જીવમાં આનંદ તત્ત્વ પ્રકટ થાય છે, ત્યારે તે સર્વજ્ઞ અને સર્વશક્તિમાન બને છે.

જે જડ જેવું જણાય છે, તે જડ નહિ પણ ચૈતન્યનો સ્થૂલ અવિર્ભાવ છે. જડમાં ઇશ્વરના સદંશનું દર્શન થાય છે. ઈશ્વર જડમાં સત્તારૂપે જણાય છે. તેનું સ્વરુપ તો અણુથી પણ અણુ અને સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે. સાથે સાથે તે અનન્ત બ્રહ્માંડોથી પણ મહાન છે. તે નજીક છે અને તેમ છતાં કરોડો મૈલ જેટલો દૂરનો દૂર છે. પ્રભુનું આવું વિરુદ્ધધર્માશ્રમપણાવાળું સ્વરુપ અલૌકિક છે. તે બહારનાં ચક્ષુથી દેખાતો નથી પણ આત્માથી અનુભવાય છે.

જી૦—તે દેખાતો નથી ત્યારે રહે છે ક્યાં?

મુ૦—તે આ જગતના કણેકણમાં ભરેલો છે. આ રહસ્ય સમજાવવા શ્વેતકેતુના પિતાએ તેના પુત્રને જે પદાર્થ પાઠ આપેલો તે વિચારવા જેવો છે. તેણે પુત્ર પાસે પાણીનો પ્યાલો મંગાવ્યો ને તેમાં મીઠાનો કકડો નાખવા કહ્યું. મીઠું પાણીમાં ઓગળી ગયું. એટલે પિતાએ તેમાંથી તે કકડો શોધી કાઢવા કહ્યું પણ ક્યાંથી જડે? તે તો પાણીમાં ઓગળી જઈ પાણીરૂપ બની ગયો હતો. પછીથી તેને પાણી ચાખવાનું કહેવામાં આવ્યું. તેણે ઉપરથી મધ્યમાં અને નીચેથી બધેથી પાણી ચાખ્યું પણ તે ખારું જ જણાયું. ત્યારે તેમાંથી મીઠું કાઢી નાંખી પાણી લાવવાનું કહેવામાં આવ્યું. પણ તેમ તો શી રીતે બને? આમ પરમેશ્વર અહીં જ છે, છતાં પાણીમાં ભળી ગયેલા મીઠા પેઠે તે દેખાતો નથી. માત્ર તેનો રસ લેવાથી, તેનો અનુભવ લેવાથી તેના અસ્તિત્વની–તેના સ્વરૂપની કંઈક પિછાન થાય છે. આવો સુંદર બોધ પુત્રને તે સમજી શકે એ રૂપમાં ઉપનિષદ્‌માં આપેલો વર્ણવેલો છે.

જી૦—પણ, આપણા ધર્મમાં એવા એક જ ઈશ્વરની માન્યતા ક્યાં છે? મુસલમાનો આપણને મૂર્તિપૂજકો તરીકે નીંદે છે અને વિધર્મીઓ બહુદેવવાદીઓ તરીકે આપણી હાંસી કરે છે. તો આપણો ઈશ્વર એક કે અનેક?

મુ–જુઓ. ઈશ્વર માટે આપણે અત્યાર સુધીમાં આવો ખ્યાલ કર્યો: વિશ્વમાં દેખાતી સઘળી શક્તિ ઈશ્વરની છે, સઘળું એનું જ બનેલું છે, દેખાય છે એ પદાર્થો ઈશ્વર નથી પણ તે દેખાતા પદાર્થો અંદર રહેલો છે. અને જો કે એ નજરે દેખાતો નથી પણ આત્મામાં અનુભવી શકાય છે. આમ જેમ વિશ્વ એક છે, છતાં અનેકરૂપે દેખાય છે, તેમ ઈશ્વર એક છે, છતાં અનેકરૂપે દેખાય છે. જેમ વિશ્વના સઘળા પદાર્થો એક બીજા સાથે સંધાયેલા છે, તેની રચનાના અંગરૂપ છે, તેમ ઈશ્વર બધાની બહાર ને અંદર અનુસ્યૂત છે. બધું જ

તેના વડે છે. અને બધું જ તેના રૂપ છે. બીજી રીતે કહીએ તો જેમ આપણો આત્મા આપણા શરીરમાં રહેલો છે અને આપણા શરીરના અવયવો જુદા જુદા હોવા છતાં શરીર સાથે એકરૂપ છે, એટલે કે જેમ દેહમાં દેહી છે, તેમ બ્રહ્માંડમાં બ્રહ્મ રહેલો છે. માટે જ આપણા શાસ્ત્રકારો વિશ્વને પરમેશ્વરનું શરીર કહે છે, અને પરમેશ્વરને એની અંદર વસતો જીવ–આત્મા કહે છે. આ તત્વનું વર્ણન આપણા શાસ્ત્રમાં બહુ સુંદર રીતે આપેલું છે. પરમાત્મા કહેવાતા એ મહાન પુરુષોત્તમને હજારો મસ્તક છે, હજારો આંખ છે, હજારો પગ છે, આકાશ તેનું માથું છે, સૂર્ય ચંદ્ર એ એની આંખો છે, વાયુ એ એનો શ્વાસોશ્વાસ છે, વગેરે વગેરે. કેવી ભવ્ય કલ્પના ?

જી૦—ત્યારે આપણામાં જે " તેત્રીસ કરોડ દેવની માન્યતા છે, તેની પાછળ પણ કંઇ આવો જ અર્થ રહેલો હશે, નહિ વારૂ ?

મુ—હા, એમ જ. એના પ્રકાશનાં સ્થાન અસંખ્ય છે. આ વિશ્વના સૂર્ય, તારા, પૃથ્વી, વગેરે અગણિત પદાર્થોમાં એવી અગણિત શક્તિઓ પ્રકાશે છે. તેથી દેવો કરોડો છે એમ કહેવાય છે.

જી૦—પણ તેત્રીસ કરોડની સંખ્યા શા માટે ?

મુ૦—સંસ્કૃતમાં મૂળ કરોડનો અર્થ 'કોટિ' છે. કોટિ એટલે માથાં, ગણવાના પદાર્થો. આદિત્યો ૧૨, રૂદ્રો ૧૧, વસુઓ ૮ અને તે ઉપર દેવોનો રાજા ઇન્દ્ર, અને બધી ઉત્પન્ન થએલી વસ્તુમાત્રના પતિ–સ્વામી એવા પ્રજાપતિ ૧–આમ કુલ ૩૩ ની સંખ્યા થાય છે.

જી૦—ત્યારે લોકો બ્રહ્મા, વિષ્ણુ અને શિવને ભજે છે, એ શું ?

મુ.—આ ત્રણ બ્રહ્મના–પરમેશ્વરના ગુણાત્મ દેવો છે. તે ત્રિમૂર્તિ દેવો કહેવાય છે. અને બ્રહ્મની ઉત્પન્ન કરવાની, સ્થિતિ કે રક્ષણ કરવાની, અને સંહાર કે લય કરવાની ત્રણ ક્રિયાઓના પ્રતીક તરીકે

છે. પરંતુ હિંદુઓની આ ત્રિમૂર્તિની ભાવના માટે હું આગળ તમને વિશેષ કહેવાનો છું, તેથી અહીં વિસ્તાર નહીં કરૂં. હિંદુઓમાં ગણપતિની પૂજા કરવામાં આવે છે. તે ખરૂં જોતાં બ્રહ્માની જ પૂજા છે. બ્રહ્મા એટલે બ્રહ્મણપતિઃ બ્રહ્મની એટલે પરમેશ્વરની સ્તુતિ. વેદના મન્ત્ર. આમ બ્રહ્મ એટલે સ્તુતિના દેવ, વાણીના પતિ. વેદમાં બ્રહ્મણપતિને ગણોના પતિ, ગણપતિ, એટલે વેદના મંત્રોના—ગણ—ટોળાં—સમૂહના પતિ તરીકે વર્ણવેલા છે. માટે જ વિઘ્નનાશક દેવ તરીકે પ્રભુની સ્તુતિરૂપ દરેક શુભ કાર્યમાં ગણપતિ પૂજાનો રિવાજ હિંદુઓની ધાર્મિક ક્રિયાઓમાં કેમ દાખલ થયો છે, એ તમારાથી હવે સમજાશે. આમ આ ‘ત્રિમૂર્તિ દેવો’ પરમેશ્વરનાં ક્રિયાત્મક રૂપોનાં પ્રતીક છે. તો એ ત્રણ રૂપોની ક્રિયાશક્તિ બતાવનારી દેવીઓ જેવી કે સરસ્વતી, લક્ષ્મી, અને મહાકાળી એ તેમનાં શક્તિસ્વરૂપો છે. શાસ્ત્રકારોએ આ ગુણાત્મક શકિત સ્વરૂપોના ભાવને પ્રકટ કરવાને તે પ્રત્યેકનાં વાહનો પણ કેવાં પસંદ કર્યાં છે તે જોઈશું તો જણાશે કે તેમાં પણ આન્તરગામી અને સૌંદર્યસ્પર્શી દૃષ્ટિ રહેલી છે. સરસ્વતી દેવીનું વાહન હંસ છે. કહેવાય છે કે હંસ મોતીનો ચારો ચરે છે અને દૂધ પાણી એકઠાં હોય તેમાંથી દૂધ પી લે છે. તે પ્રમાણે સરસ્વતી—વિદ્યા સત્ય ને સુંદર હોય તે જ ગ્રહણ કરે. લક્ષ્મીજી વિષ્ણુ સાથે ગરુડ ઉપર બેસે છે. ગરુડ એ વિદ્યાનો પ્રતીક છે. મહાકાલીનું વાહન વાઘ કે સિંહ છે. કારણ કે મહાકાળી એટલે ભક્ષણ કરનારી શકિત. શું તમને આમાં કાવ્યત્વ સાથે ઉંડો મર્મ નથી લાગતો? આ વસ્તુનો તલસ્પર્શી અભ્યાસ ન હોવાથી હિંદુઓની ભાવનાઓને આપણે બરાબર સમજી શકતા નથી.

૭૦—પણ, આમાં હિંદુઓ અવતારોની જે વાત કરે છે તે વિષે આપે તો કશું જ કહ્યું નહિ. પુરાણો કહે છે કે ઈશ્વરના ૨૪ અવતારો છે, જૈનો કહે છે કે તેમના ૨૪ તીર્થંકરો થયા છે, બૌદ્ધો

કહે છે કે તેમનામાં ૨૪ બુદ્ધાવતારો થયા છે. તો આ બધા પાછળ શું રહસ્ય રહ્યું છે?

મુ૦—તમે જાણો છો કે બ્રહ્મ શબ્દ નાન્યતર જાતિમાં વપરાય છે. આવા બ્રહ્મ ને 'હું એક છું તે બહુ થાઉં' એવી ઇચ્છા થઇ. ત્યારથી બ્રહ્માંડની ઉત્પત્તિ થઈ. આમ ચૈતન્ય સ્વરૂપ બ્રહ્મ જગત રૂપે પ્રગટ થયું. તે પણ એ બ્રહ્મનો અવતાર કહેવાય. પણ આપણે જે અવતારો વિષે બોલીએ છીએ તે તેના વિશેષ અર્થમાં. આમ તો પ્રભુ વિશ્વના કણેકણમાં ભરેલો છે. છતાં આપણા જેવા સાધારણ મનુષ્યો તેને જોઇ શકતા નથી. પરંતુ જ્યારે તે પોતાની કળારૂપે, અંશરૂપે, આવેશરૂપે મનુષ્યમાં પ્રયટ થાય છે, ત્યારે આપણે એને તુરત ઓળખી શકીએ છીએ. આવો મનુષ્ય વિશેષ પ્રતાપી હોય છે અને તેની દ્વારા અસાધારણ કાર્યો જગતના હિત માટે થાય છે. વળી એથી પણ વધારે. શ્રી કૃષ્ણ ભગવાન અર્જુનને કહે છે કે, એમ તો મારા અનંત અવતારો છે. મારી વિભૂતિઓ પણ અનંત છે. એટલે સ્થળમાં, પદાર્થોમાં, કે મનુષ્યોમાં, જ્યાં જ્યાં સૌંદર્ય, પ્રતાપ અને અદ્ભુત શકિતનું દર્શન થાય ત્યાં ત્યાં તેનો અવતાર જોઈ શકાય છે. આ બધા વિભૂતિ અવતારો કહેવાય. જો એવે પરમેશ્વર હોય, જે સર્વ શકિતવાળો, સર્વજ્ઞ અને અનંત હોય અને જેણે આ ચેતન તેમ જ જડ વિશ્વને બનાવ્યું હોય અને જેના વડે આ જડ ચેતન સૃષ્ટિ હયાતિ ધરાવી રહી હોય, તો એનો અર્થ એ થાય કે આખા જગતનું તંત્ર તેના વડે અને તેની ઇચ્છા પ્રમાણે ચાલતું હોવું જોઇએ. અને આમ છતાં, તે એવો સૂક્ષ્મમાં સૂક્ષ્મ અને ગૂઢમાં ગૂઢ છે કે મનુષ્યની સ્થૂળ ઈન્દ્રિયો કે તેની બુદ્ધિ તેને ગ્રહણ કરી શકતી નથી. મતલબ કે જો આ સૃષ્ટિ અને સૃષ્ટિની અંદરનાં મનુષ્યો એનાં છે, તો તેણે આ સૃષ્ટિમાં મનુષ્ય રૂપે આવી તેના ગુણ, શકિત અને સ્વરૂપનો પરિચય આવવો જોઈએ, જેથી મનુષ્યો તેના દૈવી તત્ત્વને પામવા

કંઇક અંશે શક્તિમાન થાય અત્યાર લગીમાં જગતમાં જ્યાં જ્યાં નવા જ્ઞાનનો પ્રકાશ પ્રકટ થયો છે તે વેદદ્વારા કે તેના અવતારોદ્વારા થયો છે; અગર, જ્યારે જ્યારે જગતની ગતિ તેના કાર્યભાર નીચે ચગદાઈ જઈ કુંઠિત થઈ છે, ત્યારે ત્યારે પોતાનું અમોઘ વીર્ય મૂકી તે બંધ થએલાં ચક્રોને તેણે ગતિ આપી છે, અગર તો, જ્યારે જ્યારે જગત દુષ્ટતા અને નાસ્તિકતાની બળતી જ્વાળાઓથી પ્રજળતું હશે, ત્યારે ત્યારે તેમાંથી છૂટું કરવા દૈવી શક્તિ પૃથ્વી ઉપર અવતરી હશે. આવે બધે જ કાળે પ્રભુનું તેની પરમ અવસ્થામાંથી તેના અંશ વડે આ લોકમાં અવતરણ થયેલું અને જગતનું તંત્ર પાછું ઠેકાણે પડેલું. વિષ્ણુ જગતનું રક્ષણ કરનાર દેવ મનાય છે. માટે ઉપર જણાવ્યાં તેવાં પોષણ સહાયનાં કામો કરવા વિષ્ણુ ભગવાનના અવતારો થયેલા એવું પુરાણકારો માને છે. પણ આ વિષે શ્રી મહાપ્રભુજીએ સુંદર સમજણ આપી છે. પણ તે વિષે આપણે આગળ ઉલ્લેખ કરવાના છીએ, તેથી અહીં વધારે વિવેચન નહિ કરૂં.

ટૂંકમાં, પરમેશ્વર, તેનાં ક્રિયાત્મક ત્રિમૂર્તિ રૂપો ત્રિમૂર્તિની શક્તિ રૂપી દેવીઓ, તેના દેવો અને ચોવીસ અવતારો, બધું જ તેની લીલાના ઉપાંગ જેવાં ગણવાં જોઈએ. આમ છતાં, આ બધા અવતારોમાં રામ અને કૃષ્ણ સૌથી વધારે પ્રાધાન્ય ભોગવે છે અને ઘણેભાગે વૈષ્ણવ સૃષ્ટિ તેમને જ માને છે ને ભજે છે. તેમને જ શા માટે માને છે, એ પણ આપણી ચર્ચાનો વિષય બની શકે પણ તે ઉપર તો આપણે વૈષ્ણવવાદ ચર્ચીશું ત્યારે વધારે વિચારીશું. હાલ તો આપણે શાસ્ત્રકારોએ જીંદગીનું જે ધ્યેય નક્કી કર્યું છે ને તેને પાર પાડવા વર્ણોની જે સુંદર વ્યવસ્થા કરી છે તે વિષે વિચાર કરીશું. આમાં સમાજ ને વ્યક્તિનું બને તેટલું ઘર્ષણ ઓછું થાય એટલું જ નહિ પણ સમષ્ટિ અને સમષ્ટિના ભાગિરૂપ વ્યક્તિ પોતપોતાની પ્રગતિ સ્વતંત્રપણે અને યથાશક્તિ કરી શકે, એ પ્રમાણેની ભાવના રહેલી છે. તેનું બરાબર પાલન કરવામાં આવે તો મનુષ્યજીવન સારરૂપ બને એવા આશ્રમની રચના પણ તેમણે સાથે સાથે કરેલી છે. તેનો ઇતિહાસ એટલે આર્ય સંસ્કૃતિદર્શક પ્રવૃત્તિઓનો ઇતિહાસ. આપણે હવે આ વિષયને હાથ ધરીશું.

[૮] હિંદુ ધર્મની રૂપરેખા (ચાલુ)

મુ૦—ધર્મની વ્યાખ્યામાં પરમેશ્વરને ભજવાની, એને ગમતાં સત્કર્મો કરવાની તથા સૌનું ભલું થાય એવી રીતે જીવવાની આપણી ફરજ છે, એવું પૂર્વે કહ્યું. હવે સવાલ એ છે કે આપણે કેવાં કામ કરવાં જોઈએ?

જી૦—આપણે એવાં કામ કરવાં જેથી પ્રભુ રાજી રહે. મને લાગે છે કે નીતિનાં કામ કરવામાં આવે અને નીતિમય જીવન ગાળવામાં આવે તો પ્રભુ રાજી રહે.

મુ૦—પણ નીતિ એટલે શું?

જી૦—સાચું બોલવું, પ્રમાણિકપણે ચાલવું. અને કોઈનું ભલું કરવું, વગેરે વગેરે.

મુ૦—ખરું, પણ કોઈ પૂછે કે કમાવું કે નહિ તો તમે શું કહો?

જી૦—કમાવું જ. ઉદ્યોગ તો કરવો જ જોઈએ. પૈસા કમાવવા પણ તે પ્રમાણિકપણે.

મુ૦—પણ કમાવું શા માટે? સુખ ભોગવવા કાજે ને?

જી.—બેશક, સુખ ભોગવવા, પણ મહેનત કરીને.

મુ૦—અને પ્રભુ ભક્તિનું ?

જી૦—તે પણ કરવી. કારણ આપણે પૂર્વે કહી જ ગયા છીએ કે પ્રભુ એ આનંદનું ધામ છે અને તેને પ્રાપ્ત કર્યા વગર ખરૂં સુખ મળતું જ નથી.

મુ૦—ત્યારે તો જો આપણે એમ કહીએ કે નીતિમય જીવન ગાળવું, પ્રમાણિકપણે કમાયેલા પૈસાથી સુખ ભોગવવું અને પ્રભુ ભક્તિ કરવી, એનું નામ ધાર્મિક જીવન તો ચાલે ને ?

જી૦—જી, હા.

મુ૦—જીંદગીના આ ચાર હેતુઓને આપણા શાસ્ત્રમાં ચાર પુરુષાર્થો તરીકે ઓળખવામાં આવે છેઃ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ધર્મ એટલે નીતિનિયમો, અમુક કરવું અને અમુક ન કરવું, એવાં વિધિનિષેધનાં કર્મો. તેના ઉપર જનસમાજનો આધાર છે, (ધૃ=ધારણ કરવું) એટલે જે જનસમાજનું ધારણ કરે છે એ.

અર્થ એટલે દ્રવ્ય–પૈસો મેળવવો, એવું કંઈક જેની પાછળ માણસ રાત દિવસ દોડયાં કરે છે. તે ઋ ધાતુ ઉપરથી આવ્યો છેઃ ઋ=જવું.

કામ=કામના, સુખ ભોગવવાની ઇચ્છા.

મોક્ષ એટલે બંધનમાંથી છૂટવું તે. સંસારમાં આપણે અજ્ઞાન, દુઃખ ને પાપથી ઘેરાયેલા છીએ, એમાંથી છૂટવું તે. આમ આપણા શાસ્ત્રકારોએ મનુષ્યની ચાર સ્વાભાવિક ઇચ્છાઓની તૃપ્તિને પુરુષાર્થોમાં સમાવેશ કર્યો છે. પણ, મુક્તદશા, જે મનુષ્ય જીવનનો સૌથી મોટામાં મોટો પુરુષાર્થ છે. તે પ્રાપ્ત ન થાય ત્યાં લગી જ આગળના ત્રણ પુરુષાર્થને ઉપયોગી ગણ્યા છે. તેથી નીતિમય જીવનને દૃષ્ટિ આગળ રાખી અર્થ અને કામને વિવેકથી ભોગવવામાં આવે તો જ.

મોક્ષ દશા માટે જીવને અધિકારી બનાવે છે. તે વિના મનુષ્ય જીવન વ્યર્થ જ જવા સંભવે છે. તેથી બીજા શબ્દોમાં કહીએ તો આપણા ઋષિ મુનિઓએ જીવનને કામ કે ભોગતૃપ્તિના ક્ષેત્ર તરીકે ગણ્યું નથી પણ ધર્મને રસ્તે નિયત કરી પ્રભુ પ્રાપ્તિ માટે તેની બધી અવસ્થાઓનો ઉપયોગ કરવા માટે શાસ્ત્રો રચ્યાં છે, એ વાત આમાંથી સિદ્ધ થાય છે.

આમ ધર્મ એટલે નીતિ જીવનનો પાયો છે અને સાધન દશામાં ધાર્મિક રસ્તે એટલે કે નીતિના ધોરણે પૈસો કમાઇ સુખ ભોગવીએ તેથી પરમેશ્વર નારાજ નથી. પણ આપણા જીવનની અંતિમ ભેટ તો પ્રભુ પોતે છે એ ભૂલવું જોઈતું નથી.

જી૦–ત્યારે તો આપે પૂર્વે સુચવ્યું તેમ વર્ણાશ્રમ વ્યવસ્થાની યોજના હિંદુ સમાજમાં આ હેતુની સિદ્ધિ અર્થેજ ઘડાયેલી હશે.

મુ૦—હા, એમજ. વર્ણ એટલે રંગ, જાત, ધંધો. આવા વર્ણ ચાર ગણવામાં આવ્યા છે–બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. બ્રાહ્મણ વિદ્યા ભણાવવાનું અને ધર્મનો ઉપદેશ આપવાનું કામ કરે છે એટલે કે તે બુદ્ધિને ઠેકાણે છે. ક્ષત્રિય પ્રજાનું રક્ષણ કરવાનું અને યુદ્ધમાં લઢવાનું કામ કરે છે એટલે તે બાહુબળને ઠેકાણે છે. વૈશ્ય ઢોર, ખેતી, હુન્નર, વેપાર વગેરે સાધનોથી ધન પેદા કરવાનું કામ કરે છે એટલે તે ઉદરને ઠેકાણે છે. અને શુદ્ર મજુરી કરવાનું કામ કરે છે તેથી તે પગને ઠેકાણે છે. આમ ચાર વર્ણો મળી જનસમાજનો એક અખંડ દેહ બને છે, જેમ માથુ, બાહુ, ઉદર ને પગના અવયવો મળી આપણો દેહ બને છે તેમ.

સમાજદેહની અને વ્યક્તિદેહની આ કલ્પના વૈજ્ઞાનિક છે. જેમ શરીરના દરેક અવયવો પોતપોતાનાં સામાન્ય તેમજ વિશેષ કાર્યો એક જ દષ્ટિથી દેહમાં રહેલા દેહી નામના પુરુષના શ્રેય અર્થે કરે

તો જ દેહતંત્રનો સંચો બરાબર ચાલે, તેવું જ સમાજદેહના તંત્ર માટે પણ સમજવું. વ્યક્તિગત જીવનની બાબતમાં ના દેહના ભાગો પોતાના ધર્મો એક સામાન્ય ધ્યેયથી પુરુષની સેવા અર્થે બજાવે તો જ ઉન્નતિ કે મોક્ષપંથ સુલભ બને છે તેવી રીતે જનસામાજરૂપી મહાપુરુષની સેવાને અર્થે, તેના કલ્યાણની ભાવનાથી ઉપરોક્ત ચતુર્વર્ણરૂપી અવયવો પોતપોતાની મર્યાદામાં રહી કેવળ આત્મકલ્યાણની દૃષ્ટિથી પોતપોતાની ફરજ બજાવે, તો જ જનતાની પ્રગતિ સુલભ બને.

મૂળે તો આવા વિભાગો હશે જ નહિ, એ સહેજે સમજી શકાય એવું છે. જેઓ ગુણ અને કર્મોને લીધે જ્ઞાન આપવાને પાત્ર હશે તેઓએ બ્રાહ્મણવર્ણનું સ્થાન લીધું હશે. જેઓ વીર્યના અને આત્મત્યાગના ગુણો વિશેષ પ્રમાણમાં ધરાવતા હશે તેમને સહેજે ક્ષત્રિયોનો બીજો દરજ્જો મળ્યો હશે. અને આવું જ બાકીના વર્ણો માટે બન્યું હશે. એટલું જ નહિ પણ કાળે કરીને આ વર્ણોએ તેનું ન્યારું ન્યારું રૂપ પકડ્યું હશે. કારણ કે આપણો હિંદુધર્મ પુનર્જન્મમાં માને છે અને પુનર્જન્મ પૂર્વજન્મના સંચિત કર્મોને આધાન હોય છે, તેથી ગુણ અને કર્મની શુદ્ધિની ભાવનામાંથી વર્ણશુદ્ધિની ભાવના જન્મે એ સ્વાભાવિક છે. અને જ્યાં આવું થાય ત્યાં વર્ણાન્તરના ભેદો પણ વધારે મજબૂત બને જ. વળી હિંદુનો ધાર્મિક ઇતિહાસ જોતાં એમ જણાય છે કે લગ્ન ને સહભોજનની ક્રિયા એક વખત મિશ્રિત હશે પણ પછી તેમાં ઉચ્ચનીચના ભાવો દેખા દેતાં પ્રતિલોપ તથા અનુલોમનાં લગ્નો સમાજમાં દાખલ થયાં હશે. ભાણાન્તરો માટે પણ આવું જ બન્યું હશે. આવી શેળભેળ દ્વિજોમાં પણ પ્રચલિત હશે. તેમની અને દ્વિજેતરો વચ્ચેનું અંતર ઠેઠથી વધતું જ ચાલ્યું છે.

આ બધાનું પરિણામ એ આવ્યું કે સમાજના વિભાગો ને પેટા વિભાગો વધતા જ ગયા. તે એટલે સુધી કે જે રચના એક અખંડિત જીવનના રક્ષણ અને પોષણ વાસ્તે હતી તે જ તેના ભક્ષણ માટેનું

કારણ થઈ પડી છે. પણ, આ આખો સવાલ ઇતિહાસ અને ધર્મશાસ્ત્રનો ઘણો ઉંડો અભ્યાસ માગે છે અને આપણી મર્યાદાની બહારનો છે, માટે તેને આટલેથી જ છોડી દઈશું.

જી૦—ત્યારે ધર્મની સાચી દષ્ટિએ જોઇએ તો કોઇ વર્ણ ઉચ્ચ નીચ ન હોવી જોઈએ.

મુ૦—સત્ય. ધર્મ પ્રમાણે તો નહિ જ. લોકોમાં એની મેળે એ ઉંચા નીચા ગણાય એ એક જુદી વાત. પરંતુ ધર્મ પ્રમાણે તો તે સૌ એક જ પરમાત્માના અવયવો છે. મતલબ કે જેમ આપણે આપણા દેહનો વિચાર કરતાં, આપણા જુદા જુદા અવયવોનો ઉચ્ચ નીચની દષ્ટિથી વિચાર કરતા નથી, તેમ જનસમાજ રૂપી વિરાટ મહાપુરુષના દેહનું પણ સમજવું. વેદમન્ત્ર તો આપણને સ્પષ્ટ જ કહે છે કે ઉચ્ચ ને નીચના ભેદ પોતપોતાના કામ પ્રમાણે પડી ગયા છે; પણ સૌ એક જ મહાપુરુષનાં અંગો છે.

જી૦—ત્યારે વર્ણાન્તરના ભેદો નાબુદ કરવાની અત્યારે જે ઝુંબેશ ચાલી રહી છે, તેને આપનો ટેકો છે, એમને ?

મુ૦—આ મારૂં પોતાનું કહેવું નથી. શ્રીમદ્ ભગવદ્ગીતા પણ એવો જ બોધ આપે છે. તેથી પણ વધારે. ખુદ શ્રી મહાપ્રભુજી પણ કહે છે કે વર્ણભેદો જન્મથી માનવા એ ધર્માનુસાર નથી. ખરૂં જોતાં તો બ્રાહ્મણ્યત્વના, ક્ષત્રિયત્વના તથા વૈશ્યત્વના એમ જુદા જુદા દેવો છે અને એ દેવોનું આગમન તેમજ તિરોગમન થાય છે અર્થાત્ જે બ્રાહ્મણમાં બ્રાહ્મણપણાના શાસ્ત્રસિદ્ધ ગુણો ને કર્મો હોય તેવા બ્રાહ્મણમાં જ આવા બ્રાહ્મણ્યત્વનો દેવ વસે છે, જેમાં તેનો અભાવ હોય તેમાં તે વસતો નથી તેથી તેવા ગુણકર્મ વગરનો બ્રાહ્મણ એ બ્રાહ્મણપણાને લાયક નથી. આવું જ અન્ય વર્ગો માટે પણ સમજવું.

જી૦—ત્યારે તો એમ કહોને કે ખુદ મહાપ્રભુજી હાલના જમાનાના સમાજ સુધારકોને ટેકો આપે છે, એમ હું કહું તો તેમાં ખોટું કશું જ નથી.

મુ૦—પણ તેમાં તમે એક ભૂલ કરો છો. સમાજ સુધારકો અને મહાપ્રભુજીનો આશય જો કે સરખો જણાય છે, છતાં તેમાં સૂક્ષ્મ ભેદ છે. તે પ્રત્યે દુર્લક્ષ ન કરવું જોઈએ. ગુણ કર્મના ભેદોને લીધે ઉચ્ચ નીચના જે સ્વાભાવિક ભેદો પડે, તેનો સ્વીકાર શ્રી મહાપ્રભુજી કરે છે. કારણ કે એમની વર્ણવ્યવસ્થાની ભાવના શાસ્ત્ર આધારે ને ધર્મના સિદ્ધાન્તો ઉપર રચાયેલી છે, જ્યારે સમાજ સુધારકો આવો કોઈ વિવેક કરતા નથી. તેઓ તો ગુણ અને કર્મમાં રહેલી આધ્યાત્મિક અસરને જ સ્વીકારતા નથી. આવો મહત્ત્વનો ફેરફાર તેમની વચ્ચે છે. અને આ તફાવત કંઈ જેવો તેવો ન કહેવાય.

જી૦—પણ, સવાલ એ છે કે આપણે તેનો નિર્ણય હાલ કયે ધોરણે કરવો? બ્રાહ્મણ કુળમાં જન્મે તે બ્રાહ્મણ કે બ્રાહ્મણમાં કુલમાં ન જન્મ્યો હોય છતાં બ્રાહ્મણત્વનો ગુણો ધરાવે ને વિદ્વાન હોય તે બ્રાહ્મણ?

મુ૦—હાલના સંજોગોમાં સવાલ કંઈક ગુંચવણભર્યો છે, તેની ના નહિ. છતા ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ તેનો ખુલાસો સ્પષ્ટ છે. જન્મે ને ગુણકર્મે બ્રાહ્મણ હોય તો તો સોનાથી પીળું શું? પરંતુ જન્મે બ્રાહ્મણ હોય અને ગુણકર્મે શૂદ્ર હોય તો બ્રાહ્મણ તરીકેનો હકો તે ગુમાવે છે. પણ સમાજમાં આવા નામધારી બ્રાહ્મણો પણ ચાલી આવતી રૂઢી અનુસાર બ્રાહ્મણ તરીકે મનાય છે ને પૂજાય છે. અને તેથી જ સમાજમાં વર્ણોની બાબતમાં આ બધો ગોટાળો થઈ ગયો છે. હવે ધારો કે આપણે જન્મનો સિદ્ધાન્ત સ્વીકારવાની ના પાડીએ તો? એમ કરવાથી પણ ગુંચવણનો ઉકેલ તો નીકળતો નથી. જેનામાં

બ્રાહ્મણના ગુણો ન હોય તેને ક્યા વર્ણનો ગણવો? અને ક્યા વર્ણોના ગુણો તેનામાં છે તેનો નિર્ણય પણ કોણ કરે? એટલે ગુણકર્મના ભેદો સ્વીકારવામાં આવે તો આવી મુશ્કેલી ઉભી થાય છે. તેથી આ પ્રશ્ન બહુધા અંગત થઈ પડે છે. અને જો તે બરાબર હોય તો તમે કોની સાથે કેવી રીતે અંગતરીતે સંબંધ રાખવા માગો છો એ તમારી સ્વેચ્છાનો વિષય છે. મને તો લાગે છે કે વર્ણોના ગુણકર્મનું આવું વર્ણશંકરત્વ જોઈને જ મહાપ્રભુજીએ એવો નિર્ણય કર્યો હોવો જોઈએ કે હાલ સર્વે વર્ણોએ તેના મૂળ ધર્મો લગભગ ગુમાવ્યા છે અને બધાજ જીવો ઉપર કાલિકાલ જેવા શૂદ્રકાલની અસર થવાથી તેઓ શૂદ્રવત્ થઈ ગયા છે માટે તે સર્વે શૂદ્રના સેવારૂપી ધર્મના અધિકારી રહ્યા છે. સંસારમાં વર્ણાશ્રમની દૃષ્ટિએ શૂદ્રની સેવાવૃત્તિ એ અધમપ્રકારનો ગુણ ભલે ગણાતો હોય છતાં, આધ્યાત્મિક દૃષ્ટિએ સર્વોત્તમ છે. આ યુગમાં પ્રભુની સેવા, પ્રભુની ભક્તિ, એ જ સર્વસામાન્ય ધર્મ હોવો જોઈએ. અને એ દૃષ્ટિએ શૂદ્ર જેવી નીચ કોમમાં આ સેવાનો ગુણ સ્વાભાવિક હોવાથી તેમનું સમાજમાં તેમજ ધર્મમાં આધિક્ય છે, એવો તેનો મર્મ છે.

જી૦—આહો! આ તો ઘણો ઉમદા વિચાર છે. આ હિસાબે તો મહાપ્રભુજીને આ જમાનાના ધાર્મિક અગ્રગણ્ય સુધારક ગણવા જોઈએ.

સુ૦—અરે, એટલું જ નહિ. તેમણે જોયું કે વૈદિક ધર્મ તેના મૂળ સ્વરૂપમાં લુપ્ત થયો છે અને તેનો પુનરુદ્ધાર થઈ શકે એમ નથી. એટલે તો ભક્તિમાર્ગમાં વૈદિક તેમજ લૌકિક ધર્મોને ગૌણ ગણવામાં આવ્યા છે કારણ કે આપશ્રીના મત પ્રમાણે દેશ, કાળ, દ્રવ્ય, મંત્ર, કર્તા અને કર્મ—આ ૭ સાધનો અશુદ્ધ થઈ ગયાં છે. તેથી વૈદિક ધર્મોના આચાર શુદ્ધ શાસ્ત્રીય રીતે પાળી શકાય તેમ નથી. માટે જ કલિમાં ભગવદ્ભજન અને નામસ્મરણનો મહિમા ગાવામાં આવ્યો છે. એટલે જ

મારા મતે તો જો કોઈ વૈષ્ણવે પોતાની કન્યાનું દાન ચતુર્વર્ણ પૈકીના કોઈ વૈષ્ણવને કરવાનું હોય તો તે વર્ણસમાનતા કરતાં ગુણકર્મની સમાનતા વિશેષે કરીને જુએ. એથી પણ વધારે: બલ્કે વર્ણસમાનતા કરતાં વૈષ્ણવતાને વધારે વજન આપે એજ ઇષ્ટ છે.

જી૦—પણ, ત્યારે શું એવો કોઈ માર્ગ ન શોધી શકાય કે જેથી ગુણકર્મના ધોરણે એક વર્ણમાંથી બીજા વર્ણમાં ચઢ ઊતર થઈ શકે?

મુ૦—જુના વખતમાં તો તેમ જ હતું. હિંદુઓનું સામાજિક જીવન તંદુરસ્ત અને પ્રાણવાન હતુ. જુઓને વિશ્વામિત્ર ક્ષત્રિય હતા છતાં તપ વડે બ્રાહ્મણ થયા; કવષચૈલુ શૂદ્ર હતો, છતાં તેની ધાર્મિકતા જોઈ ઋષિઓએ એને પોતાના મંડળમાં લીધો; બાલશ્રુતિ એક શૂદ્ર રાજા હતો, પણ બ્રહ્મજ્ઞાન મેળવી શક્યો હતો. આવા અન્ય અનેક દાખલાઓ આપણાં પ્રાચીન પુસ્તકોમાં છે.

જી૦—વર્ણો તો ઠીક પણ તેમાંથી આવી અસંખ્ય ન્યાતો શી રીતે પડી હશે?

મુ૦—તેનું એક કારણ તો વૈશ્યોના જુદા જુદા ધંધાઓ; બીજું રાજકીય અંધાધુંધીના સમયમાં સ્થિત્યાંતર કરનારાઓએ મૂળ વતન પ્રમાણે જુદાં જુદાં ટોળાં બાંધ્યાં તે; ત્રીજું એક જ ટોળામાં મતભેદોને કારણે પેટા વિભાગોમાં ટોળાં વહેંચાઇ ગયાં—આમ અનેક વિભાગોમાં વર્ણો વહેંચાઇ ગઈ છે. પણ, વિભાગો ગમે તેટલા હોય છતાં જનસમાજરૂપી મહાપુરુષના આ બધાં અંગો જ છે, એમ આપણે સમજવાનું છે.

જી૦—સમષ્ટિના રક્ષણ, પોષણ ને પ્રગતિ માટે વર્ણવ્યવસ્થા કેવી ઉપકારક છે તેનો કંઈક ખ્યાલ તો હવે મને આવ્યો. પણ, આ

આશ્રમપદ્ધતિ પાછળ શું રહસ્ય રહેલું છે તે પણ સમજવામાં આવે તો ઠીક.

મુ૦—આપણે જે વર્ણવ્યવસ્થા માટે લાંબી ચર્ચા કરી તેની ગોઠવણ પણ ધાર્મિક પાયા ઉપર કરવામાં આવી છે તે વાત બરાબર લક્ષમાં રાખજો. કારણ કે જો તેમ કરવામાં ન આવે તો ચાર પુરુષાર્થની ભાવના જ સધાય નહિ.

જી૦—કેમ ?

મુ૦—કારણ પુરુષાર્થ સિદ્ધિ અર્થેની આવી વ્યવસ્થા કુલ જનતાના કલ્યાણની દૃષ્ટિથી કરવામાં આવી છે. કદાચ કોઇ વ્યક્તિ એકલાનો સવાલ હોય તો ચાર પુરુષાર્થ પૈકી ગમે તે કોઇ એક પુરુષાર્થ ગ્રહણ કરી, મોક્ષનું કાર્ય સાધી શકાય પણ આખા સમાજને તો તેની સ્વયંસંપન્નતા માટે ચારે વર્ણોના કાર્યોની જરૂર પડવાની. જનસમાજને તો ધન પેદા કરનાર ધનિકો, રક્ષણ કરનાર ક્ષત્રિયો, શ્રમ કરનાર મજુરો, બધા જ વર્ણો જોઇએ. અને મારે કહેવાની જરૂર નથી કે જનસમાજનાં અને આપણાં વ્યક્તિગત હિતો જુદાં નહિ પણ એક જ છે. જનસમાજના કલ્પાણમાં આપણું પણ કલ્યાણ સમાયેલું છે.

જી૦—પણ શું તે માટે ઉપર કહી તેવી પ્રકારની વર્ણવ્યવસ્થા અનિવાર્ય છે ?

મુ૦—ના, એવું કંઇ નથી. તમારા સમય અને સંજોગો પ્રમાણે તમારે જુદા પ્રકારની વર્ણવ્યવસ્થા જોઇતી તો તમે તેમ કરો. પણ એટલું તો નક્કી કે તમારે કોઈ પણ પ્રકારની વર્ણવ્યવસ્થા તો જોઇશે જ જોઇશે. પણ આના કરતાં તમારે એક વાત તો ભૂલવી ન જોઇએ. આવી વર્ણવ્યવસ્થામાં ચાર પુરુષાર્થો પૈકી અર્થ અને ધન નામના

પુરુષાર્થો ધર્મ અને મોક્ષ નામના પુરુષાર્થો ઉપર ચઢી બેસે નહિ. જો એમ થાય તો તે પાયા ને છાપરા વગરની ઇમારત જેવી થશે. અને અત્યારે જેઓ હયાત વર્ણવ્યવસ્થા નાબુદ કરી તેની જગાએ નવી લાવવા ઇચ્છે છે તેઓ અર્થકાળને પ્રાધાન્ય આવી આખી હિંદુઓની ધર્મભાવનાને છેહ દેતા નથી શું ?

જી૦—આ પ્રશ્ન ઘણો જ ગુંચવણ જ ભર્યો લાગે છે. પણ, હવે આપણે શાસ્ત્રોકારો વર્ણ જોડે આશ્રમ વ્યવસ્થાનો મેળ કેવી રીતે સાધે છે એ જોઈએ. કદાચ તેમાંથી આ મુશ્કેલ સવાલનો ઉકેલ જડશે.

મુ૦—આશ્રમ ધર્મો એ હિંદુઓની જીંદગીનું એક 'ટાઇમ ટેબલ' છે. આ સમય પત્રક એવી ખુબીથી ઘડવામાં આવ્યું છે કે તેમાં પોતાનું ભલું કરવાની સાથે સૌનું ભલું થાય. તમે ઇતિહાસમાં ભણી ગયા છો કે આ ચાર આશ્રમો એટલે (૧) બ્રહ્મચર્યાશ્રમ, (૨) ગૃહસ્થાશ્રમ, (૩) વાનપ્રસ્થાશ્રમ, (૪) સંન્યાસાશ્રમ. જીવનની સરણીમાં આ ચાર પગથીયાં છે. આશ્રમ જીવનની કલ્પના વનવાસી ઋષિમુનિઓની છે. આમ છતાં, આશ્રમ શબ્દ જીંદગીના ચારે તબક્કા માટે લાગુ પડે છે. અને તે એટલા માટે વાપરવામાં આવ્યો છે કે જો મનુષ્યમાં બુદ્ધિ હોય તો એક સાધરણ મનુષ્ય પણ જીવનના આ ચારે ભાગોમાં ઋષિજીવન જેવું આશ્રમ જીવન ગાળી શકે. આ ચારે આશ્રમની વિગતમાં હું ઉતરતો નથી પણ એ આશ્રમભાવના પાછળ શો ઉદ્દેશ રહેલો હતો તેનો ખ્યાલ લાવવાથી તેની ઉપયોગિતા આપોઆપ સમજાશે બ્રહ્મચર્યાશ્રમમાં વિદ્યાર્થીઓને એવા તો સખત નિયમો પાળવા પડતા કે ન્હાનપણથી તે નમ્રતા ને સાદાઇના પાઠ શીખે. તેને ઘણું દેહકષ્ટ કરવું પડતું, જેથી મોટપણમાં તે પોચો ને એશઆરામી ન થાય પણ મહેનતુ ને કઠણ થાય. ગૃહસ્થાશ્રમ તો એક રીતે સર્વેથી શ્રેષ્ઠ ગણાતો કારણ કે બધા આશ્રમોનો આધાર

ખેતી ઉપર હતો. આ આશ્રમનું જીવન કેવળ ભોગ માટે નહોતું. તેનો આચાર અને નીતિ ધર્મયુક્ત હતાં. તે ઉપભોગ કરતો પણ પ્રમાણાનુસાર. તે સંસારનું સુખ ભોગવતો પણ મર્યાદામાં રહીને. સંસારની જાળમાં ગુંથાયેલો હોવા છતાં પ્રભુને હરહમેશ લક્ષમાં રાખે તે માટે ઘરમાં તેને ‘ અગ્નિહોત્ર ’ કરવો એવો વિધિ હતો. આ ધાર્મિક કાર્ય સજોડે કરવાનું હોવાથી દંપતી જીવનમાં ધાર્મિકતાનો સુમેળ સાધવામાં આવતો. પતિપત્નીનું જીવનધ્યેય એક જ હતું. અને તે એ હતું કે ઉભયે ઈશ્વરને પામવો. આવા ગૃહસ્થાશ્રમનો સમય પૂરો થતાં બેઉ વનમાં જતાં અને ત્યાં પણ તપમય જીવન ગાળતાં. આવું સાદું, સરલ અને નિરન્તર પ્રભુમય જીવન ગાળવું એ તેમને માટે સુલભ બનતું. આવા વાનપ્રસ્થનો બધો વખત વાચન, ચિન્તવન ને મનનમાં ગાળવામાં આવતો. આમ છતાં, પ્રભુનો સાક્ષાત્કાર થાય તો પોતાનાં પત્નીને ઘેર છોકરાઓ પાસે મોકલી, પોતે સંન્યાસ ગ્રહણ કરતો ને દુન્યવી સંબંધોની જે ગાંઠ અદ્યાપિ યત્કિંચિત્ પણ કાયમ રહેલી હોય તેને તે કાપી નાંખતો. આવો સંન્યાસી પોતા માટે રાંધે નહિ, એક ગામ કે શહેરમાં વાસ કરે નહિ, અંદરના રિપુઓને વશ કરી મરજીમાં આવે ત્યાં ને ત્યારે પરમાત્માનું ચિન્તન કરતો શાન્ત, દયાળુ, ક્ષમાવાળુ, અને પરોપકારી વૃતિથી નિરંતર અંતિમ અવસ્થાની રાહ જોતાં ભટકયાં કરે. પણ અત્યારે તો આશ્રમ જીવનની સુંદર ભાવનાઓ બહુધા પુસ્તકોમાં જ રહી છે. ગૃહસ્થાશ્રમ સિવાયના બીજા બધા આશ્રમો લગભગ નાબુદ થયા છે. અને ગૃહસ્થાશ્રમનો પણ જે આશ્રય ટકયો છે, તે કેવળ નામનો જ.

જી૦—ખરે, આ આશ્રમવ્યવસ્થા અદ્વિતીય લાગે છે. મને લાગે છે કે જીવનની આવી સુંદર વ્યવસ્થા આપણે ભાગ્યે જ અન્ય ઠેકાણે જોઈએ છીએ. આર્યસંસ્કૃતિની આ એક અમુલી ભેટ હોય તેમ લાગે છે. આ ઉપરાંત પણ આર્યસંસ્કૃતિની બીજી ખાસિયત શી છે તે હવે આપ મને કહો.

મુ૦—હવે મારે તમને હિંદુધર્મમાં સંસ્કારવિધિની જે પ્રણાલિકા પ્રચલિત છે, તે વિષે કંઈક કહેવાનું પ્રાપ્ત થાય છે. તે સિવાય હિંદુધર્મની મહત્તાનો પૂરેપૂરો ખ્યાલ તમને કદાચ નહિ આવે.

જી૦—આવો સંસ્કારવિધિ તો દરેક મોટા ધર્મમાં હોય એમ લાગે છે. ખ્રિસ્તીઓનું 'બેપ્ટીઝમ', ઇસ્લામની 'સુન્નતની ક્રિયા' વગેરે વગેરે.

મુ૦—હા, એ ખરૂં પણ હિન્દુ ઋષિ–મુનિઓ તો જેમ બીજી બાબતમાં તેમ આમાં પણ ઘણા ઉંડા ઉતર્યા છે. હિંદુધર્મ પ્રમાણે માણસની જીંદગી માત્ર જન્મથી જ શરૂ થતી નથી કે મરણથી પૂરી થતી નથી. તેથી જ્યારે બાલક માતાના ગર્ભમાં હોય ત્યારથી જ આવા સંસ્કારનો વિધિ કરવાનું શરૂ થાય છે તે ઠેઠ મરણ પછી પણ કેટલોક સમય ચાલુ રાખવામાં આવે છે. આવા કુલે સોળ સંસ્કાર છેઃ **સીમન્તોન્નયન** વિધિ—આમાં પત્નીના વાળમાં સેંથો (સીમન્ટા) પાડવામાં આવે છે. તથા ગવૈયા બોલાવી વીણા વગડાવી 'ગાથા' એટલે ચરિત્રો સુણાવવાનો વિધિ કરવાનો હોય છે. આનો હેતુ એવો હતો કે સ્ત્રીનો ગર્ભકાળ આનંદમાં કઢાવવો, જેથી યશસ્વી બાળકને જન્મ આપવાનું એના મનમાં નિત્ય રમ્યા કરે. (૨) **જાતકર્મ**—બાળકને ઘી, મધ ને સોનાનો ઘસારો પાવાં; એક પત્થર પર ફરસી મૂકવી ને તે ઉપર સોનાનો લગાડી મૂકવી. પછી ત્રણને ઉથલાવવાં અને તે ઉપર બાલકને ધરવું. પત્થર દૃઢધર્મ પાળનાર બ્રાહ્મણ સૂચક છે, ફરસી ક્ષત્રિય સૂચક છે, અને સોનું વૈશ્ય સુચક છે. આ બાલકે ત્રણ વર્ણના જનસમાજમાં દાખલ થવાનું છે, એવું સુચન તેમાંથી નીકળે છે. (૩) **મેધાજનનઃ**—કાન વિંધવાનો વિધિ. સોનું મૂકી "સવિતાદેવ તારામાં 'મેધા' (બુદ્ધિ) મુકો" એવો મન્ત્ર ભણવામાં આવે છે.

જી૦—એવો પક્ષપાત શા માટે કરવામાં આવ્યો હશે?

મુ૦—તમારી ભૂલ છે. તેમાં પક્ષપાતનો સવાલ જ નથી. ઇતિહાસકારોએ એવું નક્કી કર્યું છે કે પ્રથમના ત્રણ વર્ણના લોકો આર્યજાતિના એટલે સુધરેલી જાતિના હતા. શૂદ્રો અનાર્યો હતા. તેઓ અહીંના મૂળ જંગલી લોકો હશે એમ લાગે છે. વિદ્વાનોના મત પ્રમાણે આ આર્યો પૂર્વ એસિયામાંથી આવેલા. આ વાત સાચી હોય તો વસવાટના બોજા ઉપર અનાર્યોને વેદવિદ્યા ભણાવવાનો બોજો પણ તેઓ લઈ શકે, એવું ધારવું એ કંઈક વધારે પડતું છે. વળી આવા તદ્દન અસંસ્કારી લોકો પાસે વેદના શબ્દોના ઉચ્ચાર કરાવવા એ પણ ઘણું મુશ્કેલ કામ. મારો તો અનુભવ છે કે આપણા અંગ્રેજી ભણતરમાં પણ સંસ્કારી અને અસંસ્કારી જાતિના વાચકોમાં પણ આવો ફેરફાર ચોખ્ખો જોવામાં આવે છે. તો પછી વેદવિદ્યા માટે એવું હોય તો તેમાં નવાઈ જેવું નથી. એટલે આમાં પક્ષપાતનો સવાલ જ નથી. છતાં તમે જોશો કે આપણા આર્યોએ તેમને વેદના ઉત્તમ જ્ઞાનથી વંચિત રાખવાનો કશો પણ બુદ્ધિપૂર્વક પ્રયત્નો કર્યો નથી. ઉલટું, તેજ વસ્તુ લોકભાષામાં ઉતારી તે વિદ્યા શૂદ્રો માટે પણ સરલ બનાવવામાં આવી છે. અને એથી શૂદ્રો પણ ધર્મનાં તત્ત્વોનું જ્ઞાન પામી શકે છે. પણ સાચું કહીએ તો બ્રાહ્મણોમાં પણ ઉપનયન સંસ્કાર ઘણે ભાગે નામનો જ રહ્યો છે. એક ધમાર્મિક સંસ્કાર મટી તે કેવળ સામાજિક ક્રિયા બની ગઇ છે. ઉપનયનની વિધિ થયા કેડે કયો બ્રાહ્મણ બાળક બ્રહ્મચર્યાશ્રમમાં દાખલ થઈ ગુરુને ઘેર ભણવા જાય છે?

જી૦—વિવાહ વિધિમાં પણ શું જોવામાં આવે છે? તેનું તે જ.

મુ૦—હા, આપણા સ્મૃતિકારોએ તે શાસ્ત્રમાં વિવાહના આઠ પ્રકાર સ્વીકાર્યા છે. તેમાં ચાર દેવ લગ્ન ને ચાર આસુર લગ્નનો સમાવેશ થાય છે. ખરૂં જોતાં આ બધી જાતનાં લગ્નોનો સ્વીકાર

કરવામાં તેમણે જનસમાજમાં પ્રચલિત રિવાજોને માન આપ્યું છે એમ કહીએ તો ચાલે. છતાં બધા વિવાહોમાં ઉચ્ચ નીચનું આદર્શ મૂકી, અમુક વર્ણો માટે અમુક વિધિ કરાવી, તેની શુદ્ધિ જાળવવાના એમાં પ્રયત્નો થયા છે. અને અત્યારે જો કે સાપ ગયા ને લીસોટા રહ્યા એવું થઈ ગયું છે, છતાં તે વિધિને બરાબર સમજવામાં આવે તો તેની પાછળ સંસ્કૃતિનો ભારે વારસો ઉતરી આવેલો જણાશે.

જી૦—એવું આપ શા ઉપરથી કહો છો?

મુ૦—મારૂં કહેવું યથાર્થ છે કે કેમ તેની ખાતરી કરવા અર્થે લગ્નની સપ્તપદીની જે ક્રિયા છે, તે જોશો તો પણ તમને ખાતરી થશે. વ્રતનો એ વિધિ કેવો ભવ્ય અને ઉન્નતિકારક છે? તેની પાછળ જીવનનો કેવો ઉચ્ચ આદર્શ સમાયેલો છે?

જી૦—અત્યારે તો સિવિલ મેરેજ અને વિધવા વિવાહનો વાયરો વાય છે, ત્યાં આવી સપ્તપદી જેવી પ્રાચીન ધર્મક્રિયાને કોણ ગણે?

મુ૦—હું એ જ કહું છું ને? પણ તે તો એમ જ હોય. પહેલાંના વારામાં આપણું આખું જીવન ધાર્મિક વાતાવરણવાળું હતું. તેની દરેક ક્રિયા તેની પ્રેરણાથી જ કરવામાં આવતી. હાલ આદર્શો બદલતા જાય છે, એટલે જીવન પણ બદલાતું જાય છે. આપણા લોકોની આસક્તિ દુન્યવી વસ્તુઓ પ્રત્યે દરરોજ વધતી જ જાય છે. તેથી આપણી ક્રિયાઓમાં પણ હવે લૌકિકપણું વિશેષ જોવામાં આવે એ સ્વાભાવિક છે. આવી સ્થિતિમાં જુના સંસ્કાર ભૂંસાતા જાય એમાં શી નવાઈ? અને માટે જ જીવનની આપણી પંચ મહાયજ્ઞની ભવ્ય ભાવના પણ હવે નાબુદ થઈ ગઈ છે.

જી૦—વારૂ, એ ભાવનાઓ શી હતી? જો હરકત ન હોય તો હું એ વિષે વધારે જાણવા માગું છું. એ વિષે મેં કંઈક સાંભળ્યું છે પણ તેની ચોક્કસ માહિતી મને નથી.

મુ૦—પૂર્વે દરેક ગૃહસ્થાશ્રમીને આ પંચ મહાયજ્ઞ કરવાની ફરજ હતી. આ કાંઈ યજ્ઞ જેવી મોટી ક્રિયાઓ નથી, તે કેવળ ન્હાની ક્રિયાઓ છે. આમ છતાં તેને ગૃહસ્થજીવન માટે બહુ જ મહત્વની ગણવામાં આવતી અને તેથી જ તેને મહાયજ્ઞનું નામ અપાયું છે.

જી૦—એ યજ્ઞો ક્યા ક્યા?

મુ૦—આ યજ્ઞો તે દેવયજ્ઞ, બ્રહ્મયજ્ઞ, પિતૃયજ્ઞ, ભૂતયજ્ઞ ને મનુષ્યયજ્ઞ. દેવયજ્ઞમાં દેવપૂજન કરવાનું હોય છે. તેમાં અગ્નિપૂજાનો અને સૂર્યપૂજાનો સમાવેશ થાય છે. સૂર્યપૂજામાં ગાયત્રીમંત્ર યથાશક્તિ જપવાનો હોય છે. તેમાં સવિતાદેવનું એટલે સૂર્યનું પૂજન રહેલું હોય છે. તેમાં સૂર્યદેવમાં રહેલાં પ્રેમ અને પ્રકાશનું ધ્યાન ધરી તેની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરવાની હોય છે. અગ્નિહોત્રીની વાત તો મેં તમને આગળ કરેલી. તેમાંથી આગળ જતાં જળાધારી થઈ અને જળાધારીમાંથી શિવલિંગ થયું. જ્વાલામાં ધુમ્રની ગુંથણી એ શિવની જટા થઈ. અગ્નિમાં હોમવાની ઘીની ધાર તે જળનો અભિષેક થયો. અગ્નિ જ મહાદેવ થયો ને તેને વૃષભ તરીકે ઓળખવામાં આવ્યો. માટે જ મહાદેવ આગળ પોઠીઓ જોવામાં આવે છે. આમ વખત જતાં અગ્નિપૂજામાંથી શિવપૂજા હયાતિમાં આવી અને આ જ પણ તે ચાલુ છે. આ જ પ્રમાણે સૂર્યને સ્થાને સૂર્યની ને વિષ્ણુની પૂજા આવી. અને એમાંથી 'પંચાયતન'ની પૂજા દાખલ થઈ. કારણ શિવ, સૂર્ય અને વિષ્ણુના દેવોમાં ગણપતિ ને અંબિકામાતા (લક્ષ્મીજી)નો પણ ઉમેરો થયો. કારણ કે ગણપતિ એ વિઘ્નોના હરનાર દેવ તરીકે ગણાય છે; જ્યારે અંબિકા માતા, જેમાંથી આ સઘળું જગત ઉત્પન્ન થયું છે, તે પરમેશ્વરની શક્તિ સ્વરુપા દેવી ગણાય છે. આવી પંચાયતન દેવની પૂજા કરનાર વર્ગ સ્માર્ત કહેવાય છે. સ્માર્ત એટલે કોઈપણ પંથમાં ભળેલો નહિ, પણ સાધારણ સ્મૃતિઓનો ધર્મ પાળતો હોય તે.

જી૦—ત્યારે બ્રહ્મયજ્ઞ એટલે શું? દેવયજ્ઞથી બ્રહ્મયજ્ઞ શી રીતે જુદો પડે છે?

મુ૦—વેદ ભણવાનું ફરજીયાત હોવાથી તેમાંથી બ્રહ્મયજ્ઞ થયો. દેવયજ્ઞ ક્રિયાવિશિષ્ટ છે, જ્યારે બ્રહ્મયજ્ઞ જ્ઞાનવિશિષ્ટ છે.

જી૦—અને પિતૃયજ્ઞ?

મુ૦—પિતૃયજ્ઞમાં ગત માતાપિતા પ્રત્યે માનવૃત્તિ દર્શાવવા 'તર્પણ'નો વિધિ કરવાનો હોય છે. તેનો હેતુ એવો હતો કે પૂર્વજોને ને મોટા ઋષિમુનિઓને દેવ સમાન સમજવા.

જી૦—અને ભૂતયજ્ઞ?

મુ૦—ભૂતયજ્ઞ દ્વારા પ્રાણી માત્રનું ભલું ઈચ્છવાની ક્રિયા કરવામાં આવતી. આમાં આપણા અન્નમાંથી ભૂતમાત્રને ભાગ આપવાનો વિધિ છે તેને 'વૈશ્વદેવ' કહે છે. છેક કીડી પર્યંતિનાં પ્રાણીને માટે અગ્નિ આગળ ભાતનો બલિદાન મૂકવામાં આવતો. અને ઘરને બારણે જઈ પશુ, પંખી, અને કીટ અર્થાત્ પ્રાણી માત્રને રોટલી ભાત વગેરે નાંખવામાં આવતા. અત્યારે પણ તમે જોશો તો મત્સ્ય, કાગડા, નાગ, કીડિયારૂં, ગૌ, કુતરા, વગેરેને અન્નમાંથી ભાગ આપવાનો રિવાજ પ્રચલિત છે. અને તે નિમિત્તના નાગપાંચમનો શ્રાદ્ધનો વગેરે દિવસો પણ પાળવામાં આવે છે.

જી૦—હવે મનુષ્ય યજ્ઞ રહ્યો.

મુ૦—આ યજ્ઞમાં અતિથિસત્કારનો સમાવેશ થાય છે. 'અતિથિ દેવો ભવ' એ આપણું ગૃહસુત્ર છે. કોઈ પણ ભૂખ્યો તરસ્યો મનુષ્ય અન્નપાણી માગતો આવે તેને તે આપવાં એ આપણો મનુષ્ય યજ્ઞ.

જી૦—ખરે આ તો ઈશ્વર અને પ્રકૃતિ સાથે મનુષ્ય જીવન કેવું એકરૂપ છે, તેની સ્મૃતિ હમેશાં તાજી રાખે એવો વિધિક્રમ છે. સંસ્કૃતિની પરાકાષ્ઠા સંપન્ન એવું વ્યક્તિ જીવન તેમજ સમષ્ટિજીવ જે એકતાના પાયા ઉપર રચાયેલું હોય તેવુ આદર્શ જીવન વ્યવહારમાં આથી વિશેષ કેવી રીતે જણાવી શકાય ?

મુ૦—પણ, આ ઉપરથી એમ નથી સમજવાનું કે આર્યજીવન શુષ્ક હતું. ઋતુના ફેરફારોને અનુસરી જીવનમાં બહારની ક્રિયાઓને પણ અવકાશ આપવામાં આવતો. જુઓ, આસો મહેનાની ચાંદનીમાં નવરાત્રિના દિવસો કેવા ઉલ્લાસમય રીતે ઉજવવમાં આવતા હશે તેનો ખ્યાલ અત્યારે પણ ગુજરાતમાં રાસ ને ગરીબીની જે રમઝટ મંડાય છે તે ઉપરથી આવશે. આ પણ એક જાતનો વર્ષા પછીનો શરદ્ ઋતુનો યજ્ઞ છે. હોલિકાનો ઉત્સવ પણ વસંત ઋતુનો યજ્ઞ છે, તેમાં એવો સંકેત રહેલો છે કે પ્રભુ કૃપાએ આપણે જે કાંઈ સારા પદાર્થો પામ્યો છીએ તે હવે અગ્નિ સ્વરુપ પ્રભુને ધરાવી આપણા કામમાં લઈશું. આવી ક્રિયાઓમાં સર્વે એકઠા મળી ઉજવણી કરવામાં આવે એટલે તે એક જાતનો ઉત્સવ થયો કહેવાય. આમ ઋતુના યજ્ઞ, દેવના યજ્ઞ, વગેરે જીવનને પવિત્ર બનાવવા તથા જીવનને ઉલ્લાસમય કરવા ઉજવવામાં આવતા. આવા યજ્ઞો સાથે ‘ વ્રતો ’ ઉજવવાનો પણ રિવાજ પ્રચલિત છે. અત્યારે પણ એના અવશેષ જૈન કોમમાં તેમજ દરેક ધાર્મિક કોમમાં વ્રતો તરીકે ઉજવવાની વિધિ તરીકે ચાલુ છે. આ ઉપરથી સમજાશે (છોકરીઓ અનેક પ્રકારનાં વ્રતો ઉજવે છે). કે અગીઆરસો, અવતારોની જયંતીઓ, વગેરે, આવા પ્રકારનાં વ્રતો છે. તે બધામાં ઇન્દ્રિયોને વશ કરવાનો હેતુ સમાએલો હોય છે. તીર્થયાત્રાઓનો પણ એવો જ મહિમા ગણેલો છે.

જી૦—આવા વિશેષ ધર્મો ઉપરાંત હું ધારૂં છું કે દરેક વર્ણના લોકોને લાગુ પડે એવો સામાન્ય ધર્મ પણ હશે.

મુ૦—હા, ધર્મનો સદાયે જય છે માટે ધર્મ આચરવો, સત્ય બોલવું, અસત્ય બોલવું નહિ, હિંસા કરવી નહિ, ચોરી ન કરવી, ઈન્દ્રિયોને કબજે રાખવી, કામ ક્રોધ ને લોભ ન કરવા, પ્રાણી માત્રનું પ્રિય ને હિત થાય એવું કરવા યત્ન કરવો. આ ધર્મો સર્વવર્ણના ધર્મો છે. પણ, આ બાબતમાં શું કરવું અને શું ન કરવું એની બરાબર સમજણ ન પડે તે માટે કહેવામાં આવ્યું છે કે આપણને પોતાને ઠીક ન પડે તેવું સામાને માટે કાંઈ પણ કરવું નહિ. Do unto others as you would do unto yourself. આવું બાઈબલનું પણ વચન છે, તે તમને યાદ દેવરાવું છું. ટુંકમાં બીજાને ઉપકાર કરવો એ પુણ્ય અને બીજાને પીડા કરવી એ પાપ—એવું સામાન્ય સૂત્ર સામાન્ય ધર્મ તરીકે પ્રતિપાદન કરાયેલું છે. હું ધારૂં છું કે આપણે હિંદુધર્મની જે રૂપરેખા જોઈ તે ઉપરથી તમને તેની સંસ્કૃતિનો ખ્યાલ આવ્યો હશે. હવે આપણે આવતી કાલે આથી વધારે ગંભીર વિષય ઉપર વિવેચન કરીશું એટલે આપણો આ વિષય પૂરો થશે. હવે બહુ મોડું થઈ ગયું છે તેથી આ જ તો, ચાલુ વાર્તાલાપ અહીં જ પૂરો કરીશું.

[૧૦] હિંદુ ધર્મની રૂપરેખા (ચાલુ)

મુકુંદદાસ—આપણે આત્મા, પરમાત્મા, જીવાત્મા વગેરે શબ્દો દરરોજ વ્યવહારમાં વાપરીએ છીએ. આમ છતાં, જો આપણે જરા વધારે ઉંડો વિચાર કરીશું તો આપણને તરત જણાશે કે આપણે તે શબ્દોને તેના પૂરા અર્થમાં જાણતા હોતા નથી. ભલે માણસો ચેતન પ્રાણીઓ કહેવાતાં હોય છતાં તેઓ ઘણે ભાગે અર્ધચેતનામાં જીવતા માલુમ પડે છે. તેમનું આત્મભાન બહુધા બહિર્મુખી હોય છે. આપણે ખરેખર શું છીએ ? ક્યાંથી આવ્યા છીએ ? ક્યાં જવાનું છે ? આ સવાલો દેખીતા તો સહેલા છે પણ ખરૂં જોતાં તેના જવાબમાં ઉંડું તત્ત્વજ્ઞાન સમાયેલું છે. પરન્તુ શાન્ત ચિત્ત વડે એવા પ્રશ્નો પોતાની જાતને પૂછવાની ફુરસદ કોને હોય છે ? ઘણાંઓને લાગતું હશે કે તેમાં પૂછવા જેવું જ શું છે ? 'આપણે શું છીએ ?' અરે, આપણે એટલે આપણું આ બધું જે કાંઈ આપણે જોઈએ છીએ તે છીએ. એવું કહેવું ઠીક છે, પણ તેનો ઉકેલ કાંઈ એવો સહેલો નથી. પેલા કવિ લોન્ગફેલોની કડી તો તમે ભણી ગયા હશો—"From the dust thou hast come, to dust thou returnest, was not said of the soul."

જીજ્ઞાસુદાસ—હા, હા, ત્યારે આપણે એટલે આપણું મન–બુદ્ધિ એવું કહીએ તો ચાલે ?

મુ૦—ના, આપણે આત્મા છીએ. આપણો દેહ બળીને ભસ્મ થઈ જશે ત્યાર પછી પણ તે રહેશે. નચિકેતા અને યમરાજાની વચ્ચે જે રસિક સંવાદ થયેલો તે તમને ખબર નહિ હોય. તેમાં યમરાજાએ આત્મા શું છે તે એક દૃષ્ટાંત આપી સુંદર રીતે સમજાવ્યું છે. યમરાજાએ કહ્યું કે શરીર એ એક રથ છે અને એમાં રથનો સ્વામી આત્મા બેઠો છે. બુદ્ધિ એનો સારથી છે, મન એ એને ઝાલેલી ઘોડાની લગામ છે અને ઇન્દ્રિયો ઘોડા છે. એ ઘોડા વિષયો પ્રત્યે એટલે ભોગવવાની વસ્તુઓ પ્રત્યે દોડે છે. એ બ્હેકી ન જાય અને ફાવે તેમ દોડી રથને પોતાને અને રથમાં બેઠેલા સર્વને ખાડામાં ન નાંખે એ માટે બુદ્ધિરૂપી સારથી સારો જોઈએ. સારથી સારો હોય તો રથના સ્વામીને એટલે આત્માને ખરે ધારેલે મુકામે એટલે પરમાત્માને ધામે પહોંચાડે.

જી૦—બહુ સુંદર ઉપમા. પણ, આ પ્રમાણે તો એમ કહી શકાય કે બધા જ લોકો સ્વામીના રથને ખાડામાં નાંખી રહ્યા છે. શું આવું મારૂં કહેવું ખોટું છે?

મુ૦—બધા જ નહિ. આપણે સ્વીકારવું જોઈએ કે કોઇક ભાગ્યવાનો એમાંથી મુક્ત હશે. બાકી સંસારમાં બે જ પદાર્થો માણસ આગળ ઉભા રહે છે, એક શ્રેય અને બીજો પ્રેય. ડાહ્યા માણસો શ્રેયનો માર્ગ પકડે છે, જ્યારે પ્રપંચમાં આસક્ત જીવો પ્રેયનો—ઇન્દ્રિયોને સારૂં લાગે એવો મનગમતો માર્ગ ગ્રહણ કરે છે. આ હિસાબે તો ઘણાખરા ઇન્દ્રિયોનું અંધમય જીવન ગુજારી રહ્યા છે, એમ કહેવું ખોટું નથી.

જી૦—પણ, આ ઉપરથી શું આપણે એવું સમજવાનું કે આ આત્મા શરીરથી તદ્દન જુદો જ છે? એ કેમ બને?

મુ૦—ના, ના, એ સરખામણીનો તો એટલો જ અર્થ કે આત્મા અને શરીર તત્ત્વતઃ ભિન્ન પ્રકારનાં છે. આત્મા એ કાંઈ એવું છે, જે શરીરમાં સર્વત્ર વ્યાપી રહેલું છે. જેમ ઝાડના મૂળમાં, કે વચમાં, કે ટોચ ઉપર કુહાડી મારીએ તો દરેક ઠેકાણેથી રસ ઝરે, તેમ શરીરનો દરેક ભાગ આત્મચેતનાથી ચેતનવંતો છે. પણ જો વૃક્ષની કોઈ શાખામાંથી જીવ જતો રહે તો શાખા સુકાઈ જાય એટલે જીવ વિનાની થાય, તેમ જ્યારે જ્યારે દેહ જીવ વિનાનો થાય છે, ત્યારે ત્યારે કરમાઈ જાય છે—મરી જાય છે. પણ, તેથી એવું સિદ્ધ થતું નથી કે આત્મા મરે છે. દેહ જ્યારે આત્મા વગરનો થાય છે ત્યારે મરે છે, તેથી તો એવું સિદ્ધ થાય છે કે દેહ તે જ આત્મા નથી. આત્મા દેહથી જુદો

જી૦—આ આત્મા એક અદ્દભુત પદાર્થ હોવો જોઈએ એ તો સમજાયું પણ આટલેથી સંતોષ થતો નથી. દેહને જેવી રીતે ઘડપણ, રોગ, ભૂખ, તરસ, વગેરે લાગે છે, તેવું આત્માને લાગે કે નહિ? જો એમ હોય તો આત્મા પણ દેહ જેવો વિકારી દોષવાળો થાય.

મુ૦—તમે ખરૂં અનુમાન કરો છો. આત્માનું સ્વરૂપ કેવું તે સમજવા એક વખત દેવોનો રાજા ઈન્દ્ર અને અસુરોનો રાજા વિરોચન બન્ને પ્રજાપતિ પાસે ગયેલા એવી એક રસિક ગાથા છે. તે સમજવા જેવી છે. આત્મા શું છે એવા તેમના સવાલના ઉત્તરમાં પ્રજાપતિએ કહ્યું કે "જુઓ, આંખમાં જે આ પુરુષ દેખાય છે તે આત્મા." એટલે ઈન્દ્ર-વિરોચનને જવાબ આપ્યો કે પાણીમાં કે માટલામાં જોતાં જે કાંઈ દેખાય છે તે જ આત્મા ને? પ્રજાપતિએ કહ્યું, "હા."

જી૦—પછી?

મુ૦—આ ઉપરથી બન્નેએ નક્કી કર્યું કે નખથી તે શીખ સુધી, માથાથી તે પગ સુધી જે કાંઈ દેખાય છે તે જ આત્મા હોવો જોઈએ. પછી વિરોચન તો વસ્ત્ર-અલંકાર પહેરનાર દેહ એ જ આત્મા એમ સમજી તેણે જડવાદનો ઉપદેશ કર્યો. પણ ઈન્દ્ર વધારે વિચારક હતો. તેને સંતોષ ન થયો એટલે અડધ રસ્તેથી પાછો આવી પ્રજાપતિને કહેવા લાગ્યો, "મહારાજ, આવા આત્માથી તો મને સંતોષ થતો નથી. આ શરીરને આત્મા માનીએ તો આપણે તેને જેવાં વસ્ત્ર-અલંકાર પહેરાવીએ તેવાં વસ્ત્ર-અલંકારવાળો આત્મા દેખાય: શરીર લંગડુ તો તે લંગડો. એવા આત્મામાં તો કશી જ મજા નહિ." ત્યારે પ્રજાપતિએ કહ્યું, "તો આ સ્વપ્નમાં હરતો ફરતો દેખાય છે તે આત્મા." ઈન્દ્રને વધુ વિચાર કરતાં આમાં પણ ખામી લાગી. અડધ રસ્તેથી પાછો આવી વળી તે કહેવા લાગ્યો, "એ તો ખરૂં કે શરીર અંધ કે લુલુ હોય છતાં તે સ્વપ્નમાં એવો દેખાતો નથી. સ્વપ્નમાં એને કોઈ મારે કે કુટે તો તે દુ:ખી થાય છે, રૂવે છે. આવા આવા આત્મામાં શો આનંદ હોઈ શકે?"

જી૦—વારૂ, આનો પ્રજાપતિએ શો ઉત્તર આપ્યો?

મુ૦—પ્રજાપતિએ કહ્યું કે "ત્યારે સ્વપ્ન વગરની ઉંઘની દશામાં જે હોય છે તે આત્મા." એથી પણ તેને સંતોષ ન થયો. તેણે વળી પાછું આવીને કહ્યું, "મહારાજ! આપે નવા બતાવેલા આત્મામાં કંઇ દુ:ખ જણાતું નથી એ ખરૂં, પણ તેમાં હું છું એવું પણ કાંઈ જણાતું નથી. તો એ શા કામનું?" ત્યારપછી પ્રજાપતિએ ઈન્દ્ર પાસે બીજાં પાંચ વર્ષ બ્રહ્મચર્ય પળાવીને એટલે બરાબર એકસો એક વર્ષ પૂરાં થયેથી આત્મા એ આનંદનું સ્થાન છે, અને એ જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિમાં રહેલો દેખાય છે પણ તેથી પર છે, એવો ઉપદેશ આપ્યો.

આ ઉપરથી તમે જોઇ શકશો કે આત્મજ્ઞાન એ પરમ ગૂઢ વિષય છે અને તેને પામવાને ઘણા વર્ષનાં તપ, ચિન્તન ને મનન જોઈએ છે. વળી એ શાબ્દિક જ્ઞાન નથી, પરંતુ આત્માના અનુભવ-રૂપે પ્રતીત થયેલું જ્ઞાન હોય છે એટલે આપણે તેને પ્રજ્ઞાન કહીએ છીએ. આમ વિદ્યા ને પરાવિદ્યા કે વિદ્યાને અવિદ્યા એવા શબ્દો શાસ્ત્ર પ્રચલિત છે. તેની વ્યાખ્યા પ્રમાણે તો દરેક પ્રકારનું લૌકિક જ્ઞાન પછી તે ગમે તેટલું ઉંચું હોય છતાં તે અવિદ્યાની કોટીમાં આવે છે. આ આત્માના સ્વરુપને જાણવું ને તેને પામવું, એજ મનુષ્યનું ખરૂં કર્તવ્ય ને ધ્યેય છે.

[૧૧] હિંદુ ધર્મની રૂપરેખા (ચાલુ)

જિજ્ઞાસુદાસ—આપે ગઈ કાલે આત્મા ને દેહ વચ્ચેનો ભેદ સમજાવ્યો તે તો મારા ખ્યાલમાં બરાબર આવ્યું. પણ મને એક વિચાર સ્ફૂરે છે કે દેહ તો જન્મે છે ને મરે છે, તેને આદિ અને અન્ત છે. તો આત્માની શી અવસ્થા હશે? શું હિંદુધર્મમાં આત્માને આદિ માનવામાં આવે છે? જો એમ હોય તો તેને પણ જન્મમરણ હોવાં જોઈએ.

મુકુંદદાસ—આત્મા આદિ નથી, તે અનાદિ છે, અનન્ત છે.

જિ૦—ત્યારે આપણે બધાં પ્રભુનાં બાળક કયા અર્થમાં કહેવાઈએ?

મુ૦—એનો અર્થ એવો છે કે જેમ અગ્નિમાંથી તણખા નીકળે, તેમ આપણે પ્રભુમાંથી નીકળીએ છીએ. પણ તણખો એ કાંઈ નવો ઉત્પન્ન થતો નથી. પદાર્થ તો એનો એ જ છે, એટલું કે મોટા ભાગમાંથી છૂટો પડી ઝીણો દેખાય છે. ખરૂં જોતાં આત્મા ને પરમાત્મા એ એક જ પદાર્થ છે; અને એ પણ આવા અર્થમાં: આપણી આસપાસ પરમાત્માની શક્તિરૂપે પ્રકૃતિ બધે પથરાયેલી છે, આપણો દેહ આ પ્રકૃતિનો બનેલો છે. અધ્યાસને લીધે આપણી મૂળ શક્તિઓ તિરોહિત થઈ ગઈ છે, તેથી જ આપણે અલ્પ જીવરૂપ

નથી. અને ધાર્મિક જ્ઞાનનો પાયો તેના કર્મવાદ ઉપર રચાયેલો છે; અને પુનર્જન્મનો સિદ્ધાન્ત પણ તેનું જ ફળ છે.

જી૦—એમ તો હિંદુઓનું એક નાનું બાળક પણ પુનર્જન્મમાં માને છે અને એક અભણ ડોશી પણ કર્મમાં શ્રદ્ધા રાખે છે.

મુ૦—સદહું સિદ્ધાન્તની વ્યાપકતા અને માન્યતા માટે કશી પણ શંકા છે જ નહિ કારણકે તેનું તથ્ય દરેક હિંદુની રગેરગમાં ઉતર્યું હોય છે અને એના દરેક આચારવિચાર ઉપર તેની ઊંડી છાપ દેખાયા વિના રહેતી નથી. વિશ્વના બીજા બે મહાન ધર્મો. જેવાકે ઇસ્લામ ને ખ્રિસ્ત વિષે મેં ઉપર ઉલ્લેખ કર્યો છે, તેમાં અને આપણા હિંદુધર્મમાં તાત્વિક દૃષ્ટિએ જો કંઈ જુદાપણું હોય તો તે આ કર્મવાદના સિદ્ધાન્તની માન્યતામાં ખાસ કરીને છે. મને લાગે છે કે કર્મવાદના સિદ્ધાન્તમાં આપણા લોકો જેટલું ઊંડા ઉતર્યા છે તેટલું પૃથ્વી ઉપરની બીજી કોઈ પણ પ્રજા ઉતરી નથી. અન્ય સંસ્કૃતિઓની હરોળમાં આપણી સંસ્કૃતિની નિરાળી છાપ પડતી હોય તો તે પણ આ તત્ત્વને લીધે છે, એમ કહીએ તો ચાલે. જો સાધારણ ભાષામાં કર્મના આ સિદ્ધાન્તને વર્ણવીએ તો એમ કહી શકાય કે તે એક અટલ વૈજ્ઞાનિક નિયમ ઉપર રચાયેલો છે. આ નિયમ તે "Action and Reaction are evual and opposite." "વાવીએ તેવું લણીએ ને કરીએ તેવું પામીએ," એવી ગ્રામ્ય કહેવતમાં પણ આજ નિયમ સુચિત થાય છે.

જી૦—આઘાત પ્રત્યાઘાતનો આ વૈજ્ઞાનિક નિયમ પાશ્ચાત્ય વિજ્ઞાનની સૃષ્ટિમાં સિદ્ધાન્ત તરીકે મનાય છે, તો અન્ય ધર્મના લોકો કર્મવાદને નથી માનતા એમ કેમ કહી શકાય ?

મુ૦—કર્મવાદના સિદ્ધાન્તને સમજાવવા મેં ઉપરના વૈજ્ઞાનિક સિદ્ધાન્તનો દાખલો આપી તેનું સમર્થન કર્યું. આઘાત પ્રત્યાઘાતના

વૈજ્ઞાનિક નિયમને ભલે પાશ્ચિમાત્યો તેમના વિજ્ઞાનશાસ્ત્રમાં તથા તેના કંઈક અંશને વ્યવહાર નીતિમાં માનતા હોય, છતાં આધ્યાત્મિકતા પ્રત્યે તેમનું લક્ષ હજુ બરાબર ગયું નથી. આપણા મત પ્રમાણે આ નિયમ કેવળ ચાલુ જીવનને જ લાગુ પડતો નથી. શું આપણો એવો અનુભવ નથી કે કેટલાંક બી તરત ઉગે છે, તો કેટલાંક બીને ઉગતાં વાર લાગે છે? કેટલાંકને વૃક્ષરૂપે વિકસતાં ફક્ત થોડા માસ જ પૂરતા થાય છે તો કેટલાંકને તે માટે ઘણાં વર્ષો જોઈએ છે? જીવનનાં આપણાં કર્મો માટે પણ તેમ છે. અરે, વિશ્વમાં કર્મનો નિયમ એવો તો અટલ અને અપ્રતિહત છે કે તેની શક્તિના પ્રમાણમાં તેની અસર થવી જ જોઈએ. કેવળ સ્થૂળ કર્મો માટે જ નહિ, સૂક્ષ્મ કર્મો માટે પણ આ જ નિયમ લાગુ પડે છે. ખરૂં જોતાં આપણો એક એક વિચાર એ પણ એક એક જાતનું સૂક્ષ્મ કર્મ છે. આવા કર્મોના ત્રણ વિભાગ પાડવામાં આવ્યા છે, જેવાકે સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ. ક્રિયમાણ કર્મોની વધઘટ સંચિતરૂપે જમે થાય છે અને વગર ભોગવાયેલાં સંચિત કર્મો બીજા જન્મના પ્રારબ્ધ કર્મો તરીકે દેખા દે છે આમ વર્તમાન જન્મનો સંબંધ ભૂત અને ભવિષ્ય સાથે અતૂટ કડીથી સંધાયેલો છે. જ્યારે નવાં કર્મો થતાં બંધ થાય ને સંગ્રહિત કર્મોનો નાથ થાય, ત્યારે જીવાત્મા મુક્ત થાય. મુક્ત થાય એટલે છૂટો થાય, કર્મનાં બંધનોથી બંધાયેલો બંધનમાંથી છૂટો થાય. આ પરિણામને આપણે મોક્ષ એવું નામ આપીએ છીએ.

જી૦—આ વિષય તો ઘણો રસિક છે.

મુ૦—તેની ઉપર સંખ્યાબંધ ગ્રન્થો લખાયા છે. કેટલાક તો શાસ્ત્રની પારિભાષિક શબ્દજાળમાં એવા ગુંથાયેલા છે કે સામાન્ય માણસની બુદ્ધિ તો તે ગ્રહણ જ ન કરી શકે. તેમાં ઊંડા ઉતરવાની આપણે અહીં જરૂર નથી છતાં, જો તમને રસ હોય તો જરૂર તમને સંતોષ આપે એવું સાહિત્ય તમને પ્રાપ્ત થઈ

શકશે. પણ આ સાથે તમારે એક વાત ભૂલવી જોઈતી નથી. જો જીવને કર્મોનું ફળ ભોગવવું પડતું હોય અને એ નિમિત્તે પુનર્જન્મની રેંટવાળમાં ફરવું પડતું હોય તો પછી તેનો અંત ક્યારે? એવો પ્રશ્ન તમને સહેજે થશે.

જી૦—જી હા. વાવો અને લણો!, લણેલું ભોગવો ને ફરીથી વાવો અને ફરીથી લણો—આ ઘટમાળનો છેડો જણાતો નથી.

મુ૦—માટે તો આપણા શાસ્ત્રકારો મનુષ્ય દેહને અમુલ્ય ગણે છે. આપણામાં એવી પણ કિંવદન્તી ચાલે છે કે ચોરાશી લાખ યોનિ ભોગવ્યા પછી આપણને આ અમુલ્ય દેહ મળ્યો છે. માટે તેને એળે ન ગુમાવવો. બોલો તમારી ઇચ્છા છે કે મારે આ કિંવદન્તી પાછળ શું રહસ્ય સમાયેલું છે તે સમજાવવું? તેમ કરતાં મારે તમને સૃષ્ટિ રચનાની અને સ્વર્ગનરકની ભાવનાઓને સમજાવવી પડશે.

જી૦—જી હા. જેમ જેમ આ વિષયનું સ્ફોટન થતું જાય છે, તેમ તેમ મારી જીજ્ઞાસા વધારે ને વધારે વધતી જ જાય છે. મને ખબર છે કે આપણે તો પુષ્ટિમ ને તેના ખરા સ્વરૂપમાં જોવો છે, પણ મને લાગે છે કે આ બધી વાતો પણ તેની સમજણ માટે નિર્થક નહિ હોય.

મુ૦—નિરર્થક? નિરર્થક શા માટે? પુષ્ટિમાર્ગનો પાયો સનાતન ધર્મ ઉપર જ રચાયેલો છે અને તે વેદને જ મુખ્ય આધાર તરીકે માને છે, એટલે સનાતન ધર્મના સિદ્ધાન્તોની જાણ વગર તેનું રહસ્ય જ સમજવું મુશ્કેલ પડે. વારૂં, ત્યારે હવે આવતી કાલે એ વિષયને હાથ ધરીશું.

[૧૨] હિંદુ ધર્મની રૂપરેખા (ચાલુ)

મુકુંદદાસ—તમને યાદ હશે કે મેં પૂર્વે તમને ભગવાનની અંતરંગ અને બહિરંગ, એમ બે પ્રકારની લીલાની વાત કરેલી. ભગવાનની સૃષ્ટિલીલા એ તેની બહિરંગલીલા કહી શકાય પણ, પ્રશ્ન એ થશે કે જો પરમાત્મા નિર્ગુણ, નિર્વિકાર, નિરંજન, અને નિરાકાર હોય તો તેના વડે સૃષ્ટિ થાય જ શા માટે ? આની શંકાઓને કારણે તો જૈનવાદ જેવા નાસ્તિક તરીકે લેખાતા વાદો હયાતિમાં આવ્યા છે. ખરૂં જોતાં જૈનધર્મ, બૌદ્ધ ધર્મ, વગેરે નિરિશ્વરવાદી ધર્મો પણ વેદમાંથી નીકળ્યા હોય એમ નિર્ણિત થાય છે. તે ગમે તે હો. પણ, આપણો પ્રશ્ન તો એ છે કે આવા ગુણોનો અભાવ ધરાવનાર પરમાત્મા સૃષ્ટિ કરે જ કેમ ? એની તરફેણમાં તેમજ વિરૂદ્ધમાં સેંકડો તર્કો કરવામાં આવે છે. અને છતાં, તેનો સર્વસામાન્ય નીવેડો આવ્યો નથી; આવી શકે તેમ નથી. કારણ કે પરમાત્મા તર્કો વડે ભાગ્યે જ સિદ્ધ કે પ્રતીત થાય છે. તે મન અને બુદ્ધિથી પર છે અને ઇન્દ્રિયોથી અગોચર છે. માટે જ તેની પ્રતીતિ પામવાને અન્ય સાધનોની જરૂર છે, અને તે સાધન વિશુદ્ધ શ્રદ્ધાથી પ્રેરિત થયેલી બુદ્ધિ છે. આવી જાતની ભાવનિષ્ઠાવાળી આત્મશ્રદ્ધા જેનામાં હોય તેને આવી દલીલોની જરૂર નથી હોતી કારણ કે આત્માનુભવ એ સેંકડો દલીલોથી પણ વધારે છે. એટલે જે પ્રેરિત આત્મામાં આવું શ્રદ્ધાજન્ય જ્ઞાન જન્મેલું તેમણે તેનો ખુલાસો કર્યો

છે. વેદ કહે છે કે “બ્રહ્મે ઇચ્છયું કે હું એક છું તે અનેક થાઉં.” ભગવાનની આ ઇચ્છામાંથી બ્રહ્માંડની ઉત્પત્તિ થઈ. એટલે એનો અર્થ એ થયો કે બ્રહ્મને ઇચ્છા છે અને જેને ઇચ્છા હોય તેને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર હોવાં જોઈએ. કારણ કે આત્માના પૂર્ણ-સંચાર તથા ક્રિયા માટે આ બધાં અંતઃકરણોનું અસ્તિત્વ અનિવાર્ય છે. ભલે ભગવાનનાં આ કરણો અલૌકિક હોય, આપણા જેવાં અપૂર્ણ એટલે પ્રાકૃતિક ન હોય, છતાં તે હોવાં જોઈએ એ તો શાસ્ત્રસિદ્ધ છે. અર્થાત્ બ્રહ્મ સાકાર હોવું જોઈએ.

જિજ્ઞાસુદાસ—ત્યારે આપે હમણાં બ્રહ્મને નિર્ગુણ, નિર્વિકાર, નિરંજન, નિરાકાર વગેરે નકારાત્મક ગુણોવાળા બ્રહ્મની વાત કરી તેની સાથે આનો મેળ શી રીતે ખાય? વેદમાં પણ બ્રહ્મને એવો વર્ણવ્યો છે, તો પછી આવી વિરોધી બાબતોનો શો ખુલાસો હોઈ શકે? વેદમાં તો જે કાંઈ હોય તે સર્વ આપણને માન્ય હોવું જોઈએ. આપણા હિંદુ ધર્મનો તે જ પાયો છે.

મુ૦—હા, વેદમાં બ્રહ્મ માટે એવાં અભાવવાચક વિશેષણો વાપર્યાં છે, તો સાથે સાથે સર્વશક્તિમાન, સર્વજ્ઞ, આનંદસ્વરૂપ વગેરે અનેક ભાવવાચક વિશેષણો પણ વાપર્યાં છે. આ બન્ને ખરાં છે. આપણા આદ્ય આચાર્ય શ્રી શંકરાચાર્ય વેદમાંના બ્રહ્મના નિરાકાર સ્વરૂપ ઉપર ભાર મૂકી વેદની અન્ય સગુણવાચક શ્રુતિઓને ગૌણતા અર્પે છે પણ તેની સામે તેમની પછીના બધા જ આચાર્યોએ સફળતાપૂર્વક બળવો કર્યો છે. આપણે અહીં ઉપરોક્ત આચાર્યોની પ્રવેશક અને તલસ્પર્શી દલીલોમાં ઉતરવા માગતા નથી પણ બ્રહ્મ સાકાર તેમજ નિરાકાર ઉભય હોવો જોઈએ, એ બીના તો એક સામાન્ય બુદ્ધિમાં પણ ઉતરે એવી છે. નિરાકાર શબ્દમાં જ આકારનું

અસ્તિત્વ સ્વયંમેવ સ્વીકૃત છે. કારણ કે આકારની ભાવના વગર નિરાકારની ભાવના જ સંભવિત નથી. વળી એક બીજી વાત. તે બ્રહ્મ સાકાર ન હોય તો વિશ્વમાં હયાતિ ધરાવતા બધા આકારો આવ્યા જ ક્યાંથી ? જે મૂળમાં ન હોય તે ફળમાં આવી શકે જ કેમ ? એટલે બ્રહ્મના સાકારત્વનો નિષેધ કરવો, એ કેવળ અવૈજ્ઞાનિક અને બુદ્ધિવિરુદ્ધ દલીલ છે. બ્રહ્મના આ સાકાર–નિરાકાર રૂપને બુદ્ધિગમ્ય કરવા માટે બ્રહ્મને સૂર્ય સાથે સરખાવવામાં આવે છે. સૂર્યનો પ્રકાશ એ જેમ સૂર્યનું નિરાકાર સ્વરુપ છે, તેમ આ અખિલ બ્રહ્માંડ એ બ્રહ્મનું નિરાકાર સ્વરુપ છે; અને સૂર્યને જેમ બિમ્બાકાર હોય છે, તેમ બ્રહ્મને અલૌકિક આનંદમય સાકાર સ્વરુપ હોય છે. શ્રી મહાપ્રભુજી નિરાકારનો એવો અર્થ કરે છે કે બ્રહ્મને આકાર છે પણ પ્રાકૃતિક કે લૌકિક નહિ માટે તેને નિરાકાર કહેવામાં આવે છે. મતલબ કે બ્રહ્મનું સ્વરુપ અલૌકિક છે. આવા બ્રહ્મે આ જગત સર્જ્યું.

આપણે એ પણ જોઈ ગયા કે બ્રહ્મ પોતે વિશ્વનું ઉપાદાન ને નિમિત્ત ઉભય કારણ છે. જેમ કરોળીઓ પોતામાંથી જાળ રચે છે ને પાછી પોતામાં જ સમાવી દે છે, તેમ બ્રહ્મ પણ પોતામાંથી અને પોતા વડે આ સૃષ્ટિ રચે છે અને અંતે પોતામાં લય કરી દે છે. ભગવાને કરેલી આ સૃષ્ટિને ‘લીલા’ એ માટે કહેવામાં આવે છે કે રચવામાં બ્રહ્મને કશી પણ તકલીફ પડતી નથી અને તેમ કરવામાં સાહજિક રમણવૃત્તિ સિવાય બીજો હેતુ પણ નથી હોતો. એટલે બીજા શબ્દોમાં પોતે જ પોતાના સ્વરુપે ખીલે છે, એમાં સારૂં કે ખોટું શું ? એમાં દોષવાળું કે દોષ વગરનું શું ? અરે, પુરાણકારોએ સૃષ્ટિ રચવાની બાબતમાં એવાં તો સુંદર વર્ણનો આપ્યાં છે કે એકવાર આપણે પણ તેમની બુદ્ધિ ઉપર મુગ્ધ થઈ જઈએ. હું અહીં આ બાબતમાં ભાગવતકાર જે કરે છે તે ટુંકમાં જણાવીશ.

૭૦—મને લાગે છે કે આપણે ધર્મની બાબતમાં જે કાંઈ આ

પૂર્વે જાણ્યું તે બધું આના જ્ઞાન વગર અધુરું જ રહે. કારણ આપણે આત્મા, પરમાત્મા ને જીવાત્માના સંબંધની વાતો તો ઘણીયે કરી પણ બ્રહ્મ પોતે જીવ શા માટે, ક્યારે અને કેવી રીતે થયો, એ ન જાણીએ, ત્યાં સુધી આપણને તેના સંબંધે તત્ત્વતઃ ખ્યાલ ન જ આવે.

મુ૦—ઉપર બ્રહ્મનું સાકર સ્વરુપ કહ્યું તેને જ વૈષ્ણવો શ્રીકૃષ્ણ કહે છે. શ્રીકૃષ્ણમાં ત્રણ મૂળ અધ્યાત્મ ગુણો છે: આનંદ (પ્રેમ), ચિત્, અને સત્. પ્રેમ એ પ્રથમ ગુણ છે ને બાકીના બેનું કારણ છે. શ્રીકૃષ્ણનો આકાર મનુષ્યના જેવો સાન્તદર્શી ને પોતાના સર્વ-વ્યાપક તેજમાં અનન્ત છે. પ્રથમ સચ્ચિદાનંદ સ્વરુપ કૃષ્ણ સિવાય કાંઈ હતું જ નહિ. આવા નિર્વિકારી સનાતન કારણરૂપ સાકાર ને અનન્ત શ્રીકૃષ્ણમાંથી આ નિત્ય વિકારી પ્રાકૃતિક સૃષ્ટિનો જન્મ કેવી રીતે થયો ? એ એક મહા પ્રશ્ન છે. આ સૃષ્ટિક્રમ સમજવા આપણે બીજમાંથી વૃક્ષ કેવી રીતે વિકાસ પામે છે તેનો વિચાર કરીયે. જેમ બીજમાંથી વૃક્ષ મૂળ નાંખે છે, ફૂટી નીકળે છે, ઉગે છે ને તે ઉપર પુષ્પ ને ફળ બેસે છે, તેવા જ ક્રમ પ્રમાણે આપણામાં પ્રથમ વિચાર જાગે છે, વિકસે છે ને સ્વરુપકર્મને પામે છે. જો મન શાન્ત હોય તો સંકલ્પ શી રીતે જન્મ્યો એ જોઈ શકાય છે. તેમાં પ્રથમ તો અનિશ્ચિત લાગણી થઇ આવે છે, પછીથી કંઇક અનિમયિત સ્ફૂર્ણાં થાય છે, પછીથી તેમાંથી અમૂર્ત ભાવ થાય છે અને અંતે ભાવમાંથી સંકલ્પ જન્મે છે, જે કર્મનું કારણ છે. સૃષ્ટિની ઉત્પત્તિ પણ આવાજ ક્રમમાં થાય છે.

બ્રહ્મને આદિ અને અંત નથી અને બ્રહ્મજ સૃષ્ટિનું સર્જનહાર હોવાથી સૃષ્ટિને પણ આદિ–અંત નથી. છતાં, જેમ બ્રહ્મ સદાસર્વદા અસ્તિત્વમાં છે, તેમ સૃષ્ટિ પણ તેની સાથે સદાસર્વદા હોવી જોઈએ. આ ઉપરથી તમને તરત સમજાશે કે જે વખતે આપણે સૃષ્ટિનો વિચાર કરીએ છીએ તે વખતની પહેલાં સૃષ્ટિ હતી જ તેમ આપણે

સ્વીકારવું પડશે. અને જો સૃષ્ટિ હતી તો તો શ્રીકૃષ્ણમાં તેનો લય થતાં તેના સંસ્કારો બીજરૂપે શ્રીકૃષ્ણમાં રહેલા હોવા જોઇએ, એ પણ આપણે સ્વીકારવું રહ્યું. આ બીજ સત્ત્વ, રજ ને તમ ત્રણ ગુણોનું બનેલું છે. જ્યાંસુધી આ ત્રણ ગુણો સમતામાં હોય ત્યાંસુધી સૃષ્ટિ અંકુરરૂપમાં શ્રીકૃષ્ણમાં આદિકારણરૂપે રહે છે. પણ જે ક્ષણે શ્રીકૃષ્ણના હૃદયમાં ઇચ્છા થાય છે કે “હું એક છું તે અનેક થાઉં” તે પળે ગુણોથી આ સમતાનો ભંગ થાય છે. આથી ત્રણ ગુણો પૈકી એક ગુણ અન્ય કરતાં પ્રધાન બને છે. જ્યારે આમ બને છે ત્યારે શ્રીકૃષ્ણમાંથી કેન્દ્રસ્થાન આત્મા શ્રીકૃષ્ણના આકારને મળતા આકારનું રૂપ ધરી બહાર આવે છે. આ સ્થિતિ માનવની અનિશ્ચિત ભાવના સાથે સરખાવી શકાય. ભગવાનની આવી સંકલ્પ સ્થિતિને ભાગવતકાર વાસુદેવ–અવસ્થા કહે છે. આ વાસુદેવ પણ સાકારરૂપે તેમજ સર્વવ્યાપક પ્રકાશરૂપી નિરાકારરૂપે હોય છે. આમાંથી શ્રીકૃષ્ણની સંકર્ષણ–અવસ્થાનો પ્રાદુર્ભાવ થાય છે. આ સ્થિતિ અનિયમિત આંદોલનને મળતી છે. સંકર્ષણ એ સૃષ્ટિનું ચેતનાતીત કારણ છે. ત્યાર પછીની ત્રીજી અવસ્થા પ્રદ્યુમનની છે. એ સંકલ્પની અમૂર્ત ભાવના જેવી છે. આ સૃષ્ટિનું અર્ધચૈતન્ય કારણ છે. તેમાંથી અનિરુદ્ધ નામની ચોથી અવસ્થાનો વિકાસ થાય છે. આ અવસ્થા સંકલ્પની અવસ્થાને મળતી છે. આ સૃષ્ટિનું ચૈતન્ય કારણ છે. શ્રી વિષ્ણુ કે શ્રી નારાયણ એ અનિરુદ્ધનું જ બીજું નામ છે. મને લાગે છે કે અહીં સુધી વિચાર સંકલ્પરૂપે પરિણમી અંતે કર્મરૂપે તે શી રીતે મૂર્તિમંત થાય છે, તેના ક્રમને જો તમે બરાબર ધ્યાનમાં લેશો તો ઉપર વર્ણવેલાં પરમાત્માનાં ચાર વ્યુહરૂપો ને તેનાં કાર્યોનો તમને કંઇક ખ્યાલ આવશે.

જી૦—જી, હા. હું સમજવાનો પ્રયત્ન કરું છું. છતાં મારે કબુલ કરવું જોઈએ કે તદ્દન વિરોધી વાતાવરણમાં પોષાયેલા મગજને

શાસ્ત્રીય વિચારણાની આ શ્રેણી એકદમ સમજતાં કઠણ તો પડે જ.

મુ૦—ફીકર નહિ. હું આ વાતને બને તેટલી સરલ કરવા પ્રયત્ન કરીશ. જુઓ, આપણે જોયું કે શ્રી નારાયણ એજ આપણા વિષ્ણુ નારાયણ બે શબ્દોનો બનેલો છેઃ નાર=જળ ને અયણ=સ્થળ. અર્થાત્ નારાયણ એટલે પ્રેમરૂપી જળ ઉપર તરે છે તે.

જી૦—અહો ! ત્યારે નાર એટલે પ્રેમરૂપી જળ એવો સાંકેતિક અર્થ છે ! એ તો મેં આજે જાણ્યું. શ્રી નારાયણ ભગવાન શેષ નાગ ઉપર જ મહાસમુદ્રમાં પોઢી રહ્યા હોય છે, એવું મેં વાંચેલું ત્યારે મને એમ થતું કે સૃષ્ટિના આદિમાં આવું જળ ક્યાંથી હોઈ શકે ? અને નારાયણ ભગવાન કલ્પોના કલ્પો સુધી તેમાં પોઢી રહ્યા છે, એ તે ક્યા પ્રકારની કલ્પના ?

મુ૦—હા, પુરાણોની બધી જ કથાઓ આવી રહસ્યગુપ્ત ભાવોથી ભરપૂર છે. જો તેને ઉકેલવાની ચાવી હાથ લાધે તો તે નવલકથાથીયે વધારે રસિક લાગે.

આપણા શાસ્ત્રકારો કહે છે કે નારાપણની નાભિમાંથી એક કમળ કુટી નીકળ્યું. આ કમળ એટલે શું એ તમે સમજ્યા ?

જી૦—જી, ના. કંઇ ન સમજાયું.

મુ૦—કમળ એટલે વિશ્વ. કેવો સુંદર અલંકાર ? આ વિશ્વરૂપી કમળમાં વિશ્વસૃષ્ટા બ્રહ્મા સુપ્ત અવસ્થામાં સ્થિતિ કરતા હોય છે તે કળિ બહાર આવે છે. અને સૃષ્ટિના અંકુરને મનમાં ધારણ કરે છે. સાદી ભાષામાં બ્રહ્મા એટલે નારાયણનું બુદ્ધિતત્ત્વ. બ્રહ્મા એ ઇશ્વરના બુદ્ધિતત્ત્વનું પ્રતીક છે. આ બુદ્ધિ દ્વારા ઇશ્વરી મન કામ

કરે છે. માટે જ ઉપર કહ્યું કે બ્રહ્માએ સૃષ્ટિના અંકને મનમાં ધારણ કર્યો. આમ ગુણોની અસમાનતાની દશા છેક બ્રહ્મામાં પરિપાક થાય છે. બ્રહ્મા જાગ્રત થતાં બેભાન અવસ્થામાં જણાય છે અને પોતાની અવસ્થાનું ભાન લાવવા અંદર નીચે ઉતરે છે. ત્યાં તો “તપ! તપ!” એવા શબ્દો સાંભળી તેનું રહસ્ય ગ્રહણ કરી સમાધિસ્થ થાય છે.

તપ એટલે ચિંતન. તપ કરો એટલે ચિન્તન કરો. આમ મન આન્તરમાં સતાધિસ્થ થતાં બ્રહ્માને પોતાના સ્વરુપની પ્રતીતિ થાય છે અને પોતાને સૃષ્ટિ રચવાની છે, તેની સ્મૃતિ તાજી થાય છે. વળી તે જેમ જેમ પૂર્વ સૃષ્ટિનું ધ્યાન ધરતા જાય છે, તેમ તેમ તેમના સંકલ્પબળ વડે સૃષ્ટિ ઉત્પન્ન થતી જાય છે. પૃથ્વી, આકાશ, વૃક્ષ, તૃણ, સમુદ્ર, નદીઓ, પક્ષી અને મનુષ્યરૂપે સૃષ્ટિ આવિર્ભાવ પામે છે.

જી૦—પણ, મને લાગે છે કે આટલેથી સૃષ્ટિ રચનાનો પૂરેપૂરો ખ્યાલ તો નજ આવી શકે. તો આપ સાથે સાથે સૃષ્ટિક્રમની આખી રૂપરેખા ન કહો? હું જાણું છું કે આપણી પાસે સ્થળ ને સમયનો ઘણો સંકોચ છે, છતાં આ વિષય એવો છે કે તેને અથઇતિ જાણ્યા વગર હિંદુશાસ્ત્રના તત્ત્વજ્ઞાનનું રહસ્ય પૂરેપૂરૂં ભાગ્યે જ સમજી શકાય.

મુ૦— વિશ્વ એ એક વૃક્ષ જેવું છે, અને ભગવાન અનિરૂદ્ધ એ તેના બીજરૂપે છે. બ્રહ્મા તેના પ્રથમાંકુર, કારણ નારાયણે મહત્તત્વ તો બ્રહ્માના જન્મ પહેલાંથી પ્રકટ કરેલું. મહત્ એટલે અમાપ. આ મહત્ તત્ત્વ એ શ્રી નારાયણના ચિત્તનો અવિર્ભાવ છે. આ મહત્ તત્ત્વમાંથી અહંકાર થયો. અહંકારમાંથી મન થયું. મનમાંથી આકાશ થયું અને આકાશમાંથી જળ થયું. આકાશ ને જળના ઘર્ષણથી વાયુ થયો વાયુ અને જળના ઘર્ષણથી અગ્નિ પેદા થયો.

આ ચાર તત્ત્વો—વાયુ, અગ્નિ, જળ અને આકાશ સાથે મિશ્રિત થતાં તેમાંથી પદાર્થ થયો. તેમાંથી દ્રવતી પ્રવાહી વસ્તુ સ્થૂળતા પામી ને કાલાંતરે ઠંડી પડી તેની પૃથ્વી બની. આટલું નારાયણ વડે થયા કેડે તેમની નાભિમાંથી થડરૂપે બ્રહ્મા નીકળ્યા. એમનું શરીર પંચ તત્ત્વોનું અને મહત્, ચિત્ત, મન ને અહંકારનું બનેલું હતું.

જી૦—ત્યારે સૃષ્ટિક્રમમાં નારાયણ અને બ્રહ્માને શો સંબંધ ?

મુ૦—ખરું જોતાં બ્રહ્મા એ નારાયણની ઉત્પાદક સાકારશક્તિ છે. આ ઉપરથી જણાશે કે ખરા સૃષ્ટા તો નારાયણ પોતે જ છે. તે પ્રથમ અમૂર્ત ને મૂર્ત એવાં આઠ તત્ત્વો ઉત્પન્ન કરે છે, જેવાં કે મહત્, અહંકાર, મન ને પંચતત્ત્વો—આકાશ, વાયુ, અગ્નિ, જળ, ને પૃથ્વી. આ તત્ત્વોની ઉત્પત્તિ સાથે જ બ્રહ્માને પણ ઉત્પન્ન કરવામાં આવે છે, જે પછી સૃષ્ટિને સાંગોપાંગ રચે છે.

જી૦—એટલે કે પછીનો સૃષ્ટિરચનાનો ક્રમ બ્રહ્માની ઇચ્છા પ્રમાણે થાય છે ? શ્રી નારાયણની ઇચ્છા પ્રમાણે નહિ ?

મુ૦—હા, એમજ. જો કે સૃષ્ટિના આવિર્ભાવો શ્રીનારાયણની ઇચ્છાને કે મધ્યસ્થપણાને અધીન તો રહે છે. ઉપર વર્ણવેલી વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન ને અનિરુદ્ધની ચાર વ્યૂહઅવસ્થાઓ મૂળ નિર્ગુણ શ્રીકૃષ્ણની અવસ્થાને સમાન ને સૂક્ષ્મરૂપ છે. જેમ વૃક્ષનું મૂળ અંકુરિત થાય છે, તેમ તે મૂળની એકરૂપતાથી ભિન્ન અવસ્થાને ઉત્પન્ન કરે છે. સત્ત્વ, રજ ને તમની મૂળ સમતા, સમતાનો ભંગ કરી મૂળ શુદ્ધ પ્રકાશતત્વમાં લય પામેલો હોય છે, તે બદલાઈ જઈ સૃષ્ટિની અંકુરાઅવસ્થારૂપે પ્રકટ થાય છે. આજ ક્રિયાને બ્રહ્મરૂપે પ્રકટ થવું એમ આપણે કહીએ છીએ. વિશ્વનું પ્રત્યક્ષ સંક્ષિપ્ત સમુદાયસ્વરૂપ તે આ જ. તેમાંથી જ ક્રમે ક્રમે પૃથ્વી, સ્વર્ગ, સૂર્ય, ચંદ્ર, તારા, દિવસ, રાત્રિ, પર્વતો, નદીઓ, વનસ્પતિ, દેવો, પ્રાણીઓ, મનુષ્યો, વગેરે

પોતાની સ્થિતિની પૂર્ણતાએ પહોંચે છે.

જિ૦—સૃષ્ટિક્રમની આવી કેટલી અવસ્થાઓ લેખવામાં આવે છે?

મુ૦—દશ.

જિ૦—કઈ કઈ?

મુ૦—મહત્‌નો આવિર્ભાવ એ પ્રથમ અવસ્થા; તેમાંથી અહંકાર જન્મે છે: અહંકારનો જન્મ એ બીજી અવસ્થા. અહંકારમાંથી મન-મન એ ત્રીજી અવસ્થા; મનમાંથી પાંચ મહાતત્ત્વો એ ચોથી; પંચતત્ત્વોમાંથી પાંચ તન્માઆઓ-શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ-પાંચમી; પંચ-તન્માત્રાઓમાંથી પાંચ જ્ઞાનેન્દ્રિયો—જોવાની, સાંભળવાની, સુંઘવાની, ચાખવાની ને સ્પર્શ કરવાની એ છઠ્ઠી; પાંચ જ્ઞાનેન્દ્રિવોમાંથી પાંચ કર્મેન્દ્રિયો-બોલવાની, ગૃહણ કરવાની, વિચારવાની, મળ ત્યાગવાની ને જનન કરવાની એ સાતમી. દેવતાઓની વાયવીય ને અરૂપ સત્યોની ઉત્પત્તિ એ આઠમી. વૃક્ષો, છોડો, ઘાસ, અન્ય જાતની વનસ્પતિ તેમજ જંગલી જંતુઓ ને પક્ષીઓની ઉત્પત્તિ એ નવમી; પાલન કરવાને યોગ્ય જનાવરો તથા મનુષ્યો ને સ્ત્રીઓની ઉત્પત્તિ એ દશમી.

જિ૦—ત્યારે મનુષ્યોની અવસ્થા એ છેલ્લી ને દશમી અવસ્થા કહેવાય છે; મતલબ કે સૃષ્ટિક્રમ સ્થૂળ દુનિયારૂપે એ અવસ્થામાં પૂરેપૂરો વિકાસ પામે છે, એમને?

મુ૦—હા. એમ જ. મનુષ્ય અવસ્થા એ સૃષ્ટિક્રમની પૂર્ણ અવસ્થા છે. મનુષ્ય અવસ્થાએ પૂર્ણતા પામતા પહેલાં સૃષ્ટિક્રમ દશ અવસ્થામાંથી પસાર થાય છે. આવું થતાં ઘણો લાંબો સમય જાય છે. શ્રી અનુરુદ્ધની ને બ્રહ્માની મનઃશક્તિથી ઉત્પન્ન થયેલી આ સૃષ્ટિ

પ્રાકૃતિક કહેવાય છે. શ્રી ભાગવત તેને પ્રપંચાત્મક સૃષ્ટિ કહે છે, જેને શ્રી મહાપ્રભુજી સત્ય કહે છે. સત્ય કેમ કહે છે તે વિષે વળી આગળ આપણે વધારે વિચાર કરીશું. અહીં તો હું તમને આ વસ્તુનો ખ્યાલ બરાબર આવે તે માટે સૃષ્ટિને લગતી ભગવાનની બે મહાન શક્તિઓ, જેવી કે આવિર્ભાવની ને તિરોભાવની છે તે વિષે જરા કહીશ. મેં તમને પૂર્વે કહ્યું કે “एकोऽहं बहुस्याम्॥” એવી દૈવી ઇચ્છા એ મૂળ તત્ત્વોની અસમાનતાનું કારણ થયું. પ્રેમસ્વરુપ શ્રીકૃષ્ણના મૂળ ધામની મૂળ પ્રકૃતિથાંથી ત્રણ ગુણો આમ અસમાન થઇ આવિર્ભાવ પામ્યા. પ્રથમ તો તે વાસુદેવ, સંકર્ષણ ને પ્રદ્યુમ્નની ત્રણ અવસ્થાઓમાંથી એક જબ્બર આંદોલનરૂપે પસાર થઈ અંતે શ્રીનારાયણરૂપે આવિર્ભાવ પામ્યા. એ જ શ્રીનારાયણેજ ઉપરની દૈવી ઇચ્છાને બ્રહ્માંડરૂપે પ્રકટ કરી. આમ એક પ્રેમમાંથી અનેકત્વનો જન્મ થયો. આ મૂળ માત્ર એક જ તત્ત્વ હતું ત્યાં ચોવીસ તત્ત્વો થયાં. અને અનેકત્વનો આવિર્ભાવ થવાની આ ગતિ ક્રમે ક્રમે એવા વેગથી આગળ વધતી જ જાય છે કે ક્ષણે ક્ષણે કોટ્યવધિરૂપે શ્રીકૃષ્ણેચ્છા પ્રકટ થતી જાય છે.

જિ૦—ત્યારે તો આવિર્ભાવ એટલે સૃષ્ટિરચનાનો તથા તેના વિકારોનો આ ગતિક્રમ, એમજ ને ?

મુ૦—હા. પણ ઉત્પાદક વિકારોનો પ્રવાહ સાથે સાથે ક્ષયકારક વિકારોમાં ભળી જાય છે, અને આવિર્ભાવ–તિરોભાવનાં અસંખ્ય મોજાં આ ચેતન પ્રાણીઓને ઢાંકી દે છે. આમ ઉત્પત્તિની, પોષણની ને નાશની ક્રિયા અનન્તપણે ચાલી રહી છે. આ ત્રણ ક્રિયાઓને જ આપણે ભગવાનની બ્રહ્મા, વિષ્ણુ ને શંકરની ત્રિમૂર્તિ રૂપે પૂર્વે વર્ણવી છે, તે હવે તમારાથી બરાબર સમજાયું હશે.

જિ૦—પણ આમ બે વિરૂદ્ધ બળો સાથે સાથે કામ કરતાં હોય તો ઘણો જ અથડામણો થાય, નહિ વારૂ ?

મુ૦—હાસ્તો. અને તેથી જ આપણે ઉપર જોયું તેમ પૃથ્વી એ વિશ્વનું અંતિમ તત્ત્વ છે. પૃથ્વીને ઉત્પન્ન થતાંની સાથે જ સૃષ્ટિના આદિકારણ પ્રત્યે ગતિ કરવાની સ્વાભાવિક વૃત્તિ થાય છે. આવી વૃતિને આપણે ઉત્ક્રાન્તિની ગતિ તરીકે ઓળખીએ છીએ. પણ પૃથ્વી જે માર્ગો દ્વારા હયાતિમાં આવી તે જ માર્ગો દ્વારા હવે તે પાછી ફરી શકતી નથી. કારણ કે ઉત્પાદક શક્તિના પ્રવાહનો તેને વિરોધ નડે છે. તેથી હવે પૃથ્વીની ઉત્ક્રમણની ગતિ ચક્રવાળી બને છે. પરમાણુઓની આ ઉત્ક્રમણ ગતિ એ જ તેનાં ઉત્પાદક તત્ત્વોની પ્રણાલિઓને ખુલ્લી કરવાની ગતિ. આમ કરતાં તેને ઉચ્ચનીચ લાખો જન્મોમાંથી પસાર થવાનું રહે છે. એટલે કે એક પરમાણુ તેની પોતાની ઉત્ક્રમણની ગતિમાંથી લાખો જન્મ દ્વારા પસાર થતું થતું અંતે મનુષ્યરૂપે વિકાસ પામે છે. આવી રીતે મનુષ્ય રૂપે વિકસવું એ જ તત્ત્વોના વિકાસની પૂર્ણતા. કારણ કે કેવળ મનુષ્યમાં જ પ્રકૃત્તિનાં ચોવીસ અગર તો મહાપ્રભુજી ગણાવે છે તેમ અઠ્ઠાવીશ તત્ત્વોનો પૂરેપૂરો વિકાસ થાય છે. મનુષ્યરૂપે વિકાસ પામતા પહેલાં પરમાણુને લાખો યોનિમાંથી ગતિ કરવી પડે છે. માટે જ આપણા પૂર્વજો ચોરાશી લાખ યોનિ પામ્યા કેડે મનુષ્ય દેહ પ્રાપ્ત થાય છે, એમ કહે છે. ચોરાશી લાખ યોનિનું રહસ્ય હવે તમારાથી સમજાયું હશે.

જી૦—એટલે કે આપના કહેવા પ્રમાણે એકનો અનેકત્વ પ્રત્યેનો પ્રવાહધોધ એ જ સૃષ્ટિ. અને સૃષ્ટિક્રમની આ ગતિ એ જ કાળગતિ, એમજ ને?

મુ૦—હા. આખું જગત એ વિકરોની ગતિ માત્ર છે. ક્રિયાઓ ને ભાવો એ બાહ્ય ને આન્તર પ્રવૃત્તિમાં વિકારોનાં ચળ સ્વરૂપો છે. આપણા મનમાં આપણને આ ચળ સ્વરૂપોનું જ્ઞાન થાય એનું નામ જ કાળ. કાળનો તે સિવાય બીજો અર્થ નથી.

જી૦—એટલે એનો અર્થ એવો થયો કે જો આપણામાંથી કર્મોનો વિચાર સુદ્ધાં જતો રહે, આપણામાં કોઈ પણ જાતનો ભાવ સરખો પણ ન રહે, તો આપણે અનન્તતામાં રહીએ, એમજ ને !

મુ૦—હા. જ્યાંલગી આપણામાં ને પ્રકૃતિમાં જે જે વિકારો થાય છે, તેનું આપણને ભાન રહે છે, અગર તો આપણા મન ઉપર તેના સંસ્કારોની છાપ રહે છે, ત્યાંસુધી જ આપણે કાળમાં જીવીએ છીએ.

જી૦—એટલે જે ક્ષણે આપણામાંથી મનના સર્વ સંસ્કારો ભૂંસાઈ જાય, મતલબ કે આપણે માનવ તેમજ પ્રાકૃતિક બાબતની સત્તાને આધીન ન બનીએ, ટુંકમાં સ્થૂલ સત્તાનું ભાન આપણને ન રહે, ત્યારે આપણે અનન્તતાને પામીએ, અગર તો કહો કે આપણે મોક્ષ દશાને પામીએ, એમજ ને ?

મુ૦—હા, હા. હવે તમે બરાબર સમજ્યા.

જી૦—ત્યારે તો વિકારોની સૃષ્ટિ સાથે કાળચક્રોની ગતિની ગતિ પણ અનન્ત હોય એમ લાગે છે.

મુ૦—એ કાળચક્રોની ગતિ માટે હવે આપણે આવતી કાલે વાત કરીશું. આજે તો હમેશાં કરતાં ઘણું મોડું થઈ ગયું છે. જયશ્રી કૃષ્ણ.

જી૦—જયશ્રી કૃષ્ણ.

[૧૩] હિંદુ ધર્મની રૂપરેખા (ચાલુ)

મુકુંદદાસ—વિકારોની સૃષ્ટિ જેમ અનન્ત લાગે છે, તેમ કાળની ગતિ પણ અનન્ત લાગે છે. સૃષ્ટિ ને કાળનો સંબંધ કેવા પ્રકારનો છે એ જાણવાની તમારી ઇન્તેજારી છે, ખરું ને ?

જિજ્ઞાસુદાસ—જી, હા.

મુ૦—આ કાળગતિના ક્રમોને આપણે કાળચક્રોનું નામ આપ્યું છે. આ કાળચક્રો પૈકી અહર્નિશ એટલે ચોવીસ કલાકનો કાળ. એ જગતમાં તેનું સૌથી નાનું ચક્ર. તેના બે વિભાગ પડયા છે–દિવસ ને રાત્રિ. પ્રાકૃતિક ને માનવ બનાવોનું આ એક ચક્ર. આ ચક્ર તેનાં લક્ષણો સાથે રાત્રિદિવસરૂપે પુનરાવૃત્તિ પામ્યાં જ કરે છે. તેનાં લક્ષણો સાથે એટલા માટે કહ્યું કે પ્રકૃતિના તેમજ સમાજના કેટલાક બનાવો જે બને છે તેના તે જ બનાવો તેના મુખ્ય લક્ષણો સાથે પુનરાવૃત્તિ પામે, એવો પ્રકૃતિનો સ્વભાવ છે. કાળ એટલે આવા પ્રાકૃતિક બનાવોનું ભાન હોવું તે.

કાળનું બીજું ચક્ર એટલે માસ. પછી ચાર ઋતુઓનું, તેથી મોટું વર્ષનું, એમ કાળચક્રો ગતિમાન થયાં જ કરે છે. આવાં પાંચસોથી એક લાખ વર્ષો સુધીનાં કાળચક્રોની ગણના કરવામાં આવી છે. આવા સૌથી પહેલા મહાન ચક્રને દૈવી યુગ કહે છે. યુગ

શબ્દ ઉપરથી અંગ્રેજીમાં Age શબ્દ આવેલો છે. આવા ચાર યુગો–સત્ય, ત્રેતા, દ્વાપર ને કળિ–કાળચક્રોમાં વહેંચાયેલો હોય છે. એક દૈવયુગની લંબાઈ તેતાલીસ લાખ વીસ હજાર વર્ષોની થાય છે. આવાં ઈકોતેર દૈવયુગો પૂરાં થયેથી સૃષ્ટિનો પ્રલય થાય છે. આ આખો વિષય ઘણો રસિક છે. પણ તેની વિગતમાં ઉતરવા જેટલો આપણી પાસે સમય નથી. જો તમને કુતૂહલ હોય તો તમે આપણા પ્રાચીન ગ્રન્થોમાંથી શોધી લેશો. આપણા પૂર્વજોએ જ કાળતત્ત્વનું પૃથક્કરણ ઘણી જ ઝીણવટથી કર્યું છે. આપણા લોકો ચોરાશી લાખ જન્મની વાત કરે છે, તેની પાછળ શો આશય રહેલો તે હવે તમે સમજ્યા હશો. પણ, આપણે ભૂલતા ન હોઈએ, તો આપણો મુખ્ય વિષય તો કર્મનું રહસ્ય શું છે એ જાણવા માટેનો હતો. પરંતુ મનુષ્યનો પુરુષ ને પ્રકૃતિ સાથે શો સંબંધ છે, એનો ખ્યાલ ન આવે, ત્યાં લગી કર્મના તત્ત્વનો બોધ ન થાય. તેથી આપણે સૃષ્ટિની રચના અને કાળગતિ સાથે તેનો સંબંધ શો છે તેની વાત કરી. હવે મનુષ્યજીવનમાં કર્મની ગતિ શો ભાગ ભજવે છે એ આપણે જોવું છે. મેં પૂર્વે તમને ત્રણ પ્રકારનાં કર્મો વિષે ઉલ્લેખ કર્યો હતો. મનુષ્યજન્મ, ખરું જોતાં, કર્મોને આધીન છે.

જી૦—એટલે કે જ્યાં લગી મનુષ્યો કર્મો કરે, ત્યાં લગી તેને જન્મવું પડે, એમજ ને? પણ, કર્મ વગરના જીવનની કલ્પનાજ શી રીતે થઈ શકે, એ મારાથી સમજાતું નથી. જો ચોરાશી લાખ યોનિમાંથી પસાર થયા કેડે મનુષ્ય દેહ પ્રાપ્ત થયો હોય અને તેનો જન્મ કર્મોને આધીન હોય તો જન્મનો પ્રવાહ સતત વહ્યાં કરે, તે શી રીતે રોકાય એ સમજાતું નથી. કારણ કે આપણે પૂર્વે જોયું તેમ કર્મબીજ નાશ ન પામે ત્યાંલગી માણસને ફરી ફરીને જન્મવું પડે, એમજ ને?

મુ૦—હાસ્તો. કર્મ કરો એટલે તેનું ફળ તો ભોગવવું જ પડે,

પછી તે કર્મ સારું હોય કે ખરાબ. સારાનું ફળ સારું ને ખોટાનું ખોટું.

જી૦—વળી કર્મો સરખાં હોતાં નથી. અને જ્યાં સુધી માણસ જીવે ત્યાં સુધી તે કર્મ વગર તો રહી શકે જ નહિ. અને કર્મ વગર નજ રહી શકે તો મરણ પછી એનું શું થાય ?

મુ૦—કેમ ? પૂર્વે તમને સમજાવ્યું છે કે જીંદગી આખરે જે કર્મો જમે રહ્યાં હોય, એટલે કે જે કર્મોનું ફળ ભોગવવું બાકી હોય તે બીજા જન્મમાં મનુષ્યના પ્રારબ્ધરૂપ બને છે.

જી૦—ત્યારે તો અંગ્રેજીમાં જેને fatalism કહેવામાં આવે છે તે આજ. જો આ નશીબવાદ સાચો જ હોય તો પછી માણસને કરવાપણું શું રહ્યું ? તે તો તેના પ્રારબ્ધ કર્મો કે જેના ઉપર તેનો કાબુ નથી તેને અધીન છે. તો પછી તેની સ્વતંત્રતા ક્યાં રહી ? આ રીતે તો માણસ બીચારો એક પરવશ–પરતંત્ર માણસ થઈ રહે. આમાંથી તે છૂટે ક્યારે ?

મુ૦—હા, પ્રકૃતિનાં નિમવો એવા અટલ છે જ. તેમાંથી માણસનો છૂટકો જ નથી, પણ તમારે ફક્ત એ દિશામાં એકપક્ષી વિચાર કરવાનો નથી. ખરૂં થતાં, માણસ પરતંત્ર તેમજ કંઇક અંશે સ્વતંત્ર એમ ઉભય છે. જો એમ ન હોય તો તેની ઉત્ક્રાન્તિ સંભવે જ નહિ.

જી૦—તે શી રીતે ? મને કંઇ જ સમજણ ન પડી. આપ બરાબર સમજાવો, આપણો આ કર્મવાદ પણ અટપટો છે.

મુ૦—જુઓ, કર્મ વિચારમાંથી જન્મે છે. Thought is father to action. પહેલો વિચાર પછી કર્મ. કર્મ શબ્દ કૃ=કરવું ધાતુ ઉપરથી આવે છે. બ્રહ્માંડની ઉત્પત્તિ સાથે જ કર્મ શરૂ થાય

છે. કર્મ એટલે પ્રકૃતિની પ્રવર્ત્તક શક્તિની ગતિ. પહેલાંની સૃષ્ટિઓનું કર્મ ભાવરૂપે સંચિત હોય છે. તેમાંથી નવીન સૃષ્ટિ આકારમાં આવે છે. જેવું બ્રહ્માંડમાં તેવું જ પિંડમાં–મનુષ્યમાં. કારણ મનુષ્ય એ પણ એક નાનું બ્રહ્માંડ છે. બ્રહ્માંડમાં જેવા ક્રિયા અને પ્રતિક્રિયાના નિયમો હોય છે, તેવા જ મનુષ્યમાં પણ પ્રવર્તે છે. વિચાર એ કર્મનું મૂળ છે. અને વિચાર શું છે ? એક જાતની મનોવૃત્તિનું પરિણામ. તે જ કર્મનું ઉત્પાદક છે. પહેલાં આપણને વિચારો આવે છે, પછી તો વિચારો અમુક રૂપ લે છે. એટલે કે કાર્યની છાપ પ્રથમ તો મન ઉપર પડે છે. જેટલું વિચારનું બળ વધારે, તેટલી તેની છાપ વધારે ઊંડી. આ છાપનું નામ જ સંસ્કાર. એથી નબળા વિચારોની છાપ આછી, જ્યારે બળવાન વિચારોની છાપ વધારે ઊંડી, એટલે એકદમ ભૂંસાઈ જાય તેવી નહિ. દાખલા તરીકે ક્રોધી વિચાર લો. ક્રોધથી આપણને દુષ્ટ કર્મ કરવાનું મન થાય છે. આ દુષ્ટ કર્મ કાંતો કૃતિમાં આવે, અગર તો તે કૃતિમાં આવે તે અગાઉ આપણી તર્કશક્તિ તેમાં અન્તરાય પણ નાંખે. આપણી બુદ્ધિ આપણને સમજાવે કે આવો ક્રોધ કરવો એ બરાબર નથી, તેના લીધે આવું દુષ્ટ કર્મ કરવું એ પાપ છે. આવું આવું સમજાવવાને આપણી બુદ્ધિ મથન કરે. જો તેનું બળ વધારે હોય તો ક્રોધ કર્યા માટે–દુષ્ટ કર્મ કરવાનો સંકલ્પ કર્યા માટે આપણને પશ્ચાતાપ થાય અને આપણને તે કરતાં અટકાવે આમ થાય તો ક્રોધને લીધે સૂક્ષ્મ કર્મની જે છાપ આપણા મન ઉપર પડેલી તેને ભૂંસી નાંખવા પશ્ચાતાપ વધારે અસરકારક નીવડે. તેમ ન થતાં માણસ કેવળ ક્રોધની લાગણીને વશ થઈ તેનાથી ઉત્તેજિત થયેલા કર્મને કૃતિમાં મૂકે તો તે કર્મમાંથી જન્મેલો સંસ્કાર એટલો તો ઊંડો હોય કે તેને ભૂંસી નાંખવા ઘણો વખત લાગે ને તે માટે પૂરેપૂરા સાચા ને બળતા હૃદયના પશ્ચાતાપની સહાય જોઈએ. આ માનસિક સંસ્કારો તેનું નામજ કર્મબીજ.

૭૦—ત્યારે કર્મ કેવાં હોય, તે કેટલાં શક્તિવાળાં હોય તેનો આધાર માણસના ગુણો ઉપર રહે છે, એમજ ને ?

મુ૦—બરાબર માણસ જેવા ગુણવાળો તેવી જ તેની વૃત્તિઓ, જેવી તેની વૃત્તિઓ તેવા જ તેના વિચારો. જેવા તેના વિચારો તેવાં તેનાં કર્મો.

જી૦—આ ગુણો તો ત્રણ પ્રકારના છે, એવું મેં ગીતાજીમાં વાંચ્યું છે.

મુ૦—ગુણો ત્રણ પ્રકારના છે, સત્વ, રજસ્ ને તમસ્. આ ત્રણ ગુણોનાં લક્ષણ પણ જુદાં જુદાં છે. માણસના કર્મો ઉપરથી–તેના ચારિત્ર ઉપરથી આપણે તેનામાં કયા કયા ગુણો છે તેનો તપાસ કરી શકીએ ગુણ અને કર્મના ભેદ ઉપરથી તો વર્ણવિભાગો પાડવામાં આવ્યા એમ તમને પૂર્વે જણાવ્યું હતું.

જી૦—ત્યારે તો આ વિભાગો કુદરતી છે, તેમાં પક્ષપાત જેવું કશું જ ન કહેવાય.

મુ૦—નહિ જ તો. માણસે પોતે જ પોતાની મેળે તેનામાં કયા ગુણોનું પ્રાધાન્ય છે તેનો વિચાર કરી, વધારે સાત્વિક થવાનો વિચાર કરવો જોઇએ. જીંદગી આ માટે જ છે. પ્રભુ સત્સ્વરૂપ છે. તે સત્વસ્થ છે. જો આપણે પ્રભુમય થવું હોય તો આપણે પણ એવા સત્વગુણી થવું રહ્યું.

જી૦—પણ, અમુક માણસમાં કયો ગુણ છે, અને અમુકમાં કયો છે, એ બહારથી કહેવું તો ઘણું કઠણ કામ છે.

મુ૦—માટે તો સંતો સત્સંગ સેવવાને આગ્રહ કરે છે. તમે જાણતા હોવા જોઇએ કે संगात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते। માટે જ કોનો સંગ કરવો અને કોનો ત્યાગવો, એનો વિવેક કરવામાં જો માણસ ગફલત કરે તો પછી તેનાં બૂરાં પરિણામ તેને ભોગવવાં જ

પડે, એમાં કુદરતનો શો વાંક? અને જો કે આપણા જેવા સામાન્ય માણસોને તો માણસ માણસની પરખ થવી મુશ્કેલ છે, છતાં જેમની આધ્યાત્મિક દૃષ્ટિ ખીલી છે, તેઓ તો માણસને જોતાં વેંત જ તરત જ તેની આકૃતિ ઉપરથી જ તે કેવો છે એ પિછાની લે છે. તમને કદાચ ખબર નહિ હોય પણ 'થિયૉસૉફી' મનુષ્યાકૃતિની આસપાસ 'ઓરા' હોવાની વાત કરે છે. આ 'ઓરા' એવો તો સૂક્ષ્મ હોય છે કે આપણી સ્થૂળ દૃષ્ટિને તે દેખાતો નથી પણ સૂક્ષ્મ દૃષ્ટિથી તે દેખી શકાય છે. તમે કોઈ મહાત્મા અગર અવતારી પુરુષોનાં ચિત્ર જોયાં હોય તો તેમના માથા આસપાસ જે પ્રકાશનું વર્તુલ ચિતારાઓ ચીતરે છે તેની પાછળ આ ભાવ રહેલો હોય છે. મસ્તક એ શરીરનો સૌથી વધારે સૂક્ષ્મ ને ચેતનવંતો ભાગ છે. તેથી તેનો પ્રકાશ સૌથી વધારે ત્યાં જોવામાં આવે છે.

જી૦—આ વાત જરા વધારે વિગતથી સમજાવો તો?

મુ૦—જુઓ, આજે તો સમય થઈ ગયો છે, એટલે આપણે આપણો વાર્તાલાપ અહીં જ બંધ કરીશું. મારે તમને આ કર્મનો સિદ્ધાન્ત જરા વધારે સ્પષ્ટતાથી સમજાવવો છે. મેં ઉપર તમને કહ્યું કે જીવ પરતંત્ર તેમજ કંઈક અંશે સ્વતંત્ર છે, પણ એ શી રીતે તેનું સ્પષ્ટીકરણ અદ્યાપિ થયું નથી, તે મારે કરવાનું છે. અને તે માટે જરા વધારે ઊંડા ઊતરવું પડશે. માટે આવતી કાલે આપણે તે વિષય વિશેષ ચર્ચીશું.

[૧૪] હિંદુધર્મની રૂપરેખા (ચાલુ)

જિજ્ઞાસુદાસ—આપણે કર્મવાદના સિદ્ધાન્તને હાથ ધરીએ તે અગાઉ મારે આપને એક વાત યાદ દેવરાવવાની છે. આપે મને સ્વર્ગ અને નરકનો ખુલાસો કરવાનું પણ કહેલું, કેટલાક કહે છે કે સ્વર્ગ ને નરક જેવી વસ્તુ જ નથી. એ તો કેવળ કલ્પનાઓ માત્ર છે. ખરું જોતાં તો તે એક મનુષ્યના જીવનની અવસ્થાઓ છે. આ બધામાં શું તથ્ય છે એ પણ મારે જાણવું છે.

મુકુંદદાસ—કર્મનો સિદ્ધાન્ત સમજતાં આ વસ્તુ પણ એની મેળે સમજાઈ જશે. કારણકે કર્મનાં ફળ તો ભોગવવાનાં જ હોય છે. ખરું જોતાં સ્વર્ગ એ ભોગભૂમિ છે. જેઓ પોતાનાં સુકર્મો વડે તે ભૂમિ માટે લાયક થયા હોય તેઓ મરણ પછી ત્યાં જાય છે. સ્વર્ગ એ એક દેવભૂમિ છે.

જિ૦—ત્યારે આપણી દુનિયા જેવો તે પણ એક જુદો લોક છે, એમજ ને ?

મુ૦—હા, એ જુદો લોક છે. એવા તો અનેક લોકો છે. પરંતુ કેટલાક જેઓ એને જીવનની અમુક સ્થિતિરૂપ બતાવે છે તેઓ પણ ખોટા નથી. આ લોકમાં જીવતાં છતાં, માણસ સ્વર્ગનું સુખ ભોગવી શકે. જો માણસ મુક્ત જીવનની દશા ભોગવી શકતો હોય તો શા

માટે તે સ્વર્ગીય દશા પણ ન ભોગવી શકે? માટે એવું કહેનારા પણ ખોટા નથી, પણ તે આ અર્થમાં. પરંતુ જો તેઓ આવા જુદા લોકના અસ્તિત્વમાં ન માનતા હોય, તો તેમને સૃષ્ટિની બરાબર ખબર નથી એટલું જ કહી શકાય. વારૂ, ગઈ કાલે હું તમને 'ઑરા'ની વાત કરતો હતો, નહિ વારૂં?

જી૦—જી, હા.

મુ૦—'ઑરા' એટલે મનઃપ્રભા. આવો 'ઑરા' આપણા શરીરની આસપાસ સામાન્યરીતે એક હાથ સુધી ફેલાયેલો હોય છે. 'ઑરાનુ કેન્દ્રસ્થાન મન હોય છે. આ 'ઑરા' ઉપર સંસ્કૃતિઓ ને પ્રતિબિમ્બો દેખાય છે. તેનાં ચિત્રો ઑરામાંથી પ્રકાશ ઉપર પડે છે. એટલે એમ કહી શકાય કે પ્રકૃતિના બાહ્યાન્તર બનાવોનો ઇતિહાસ આકાશમાંના ચિત્રોથાં સંઘરાયેલો માલુમ પડે છે. આમ આકાશ એ સઘળા માનવ તેમ જ કુદરતી બનાવો તથા આંદોલનોના ઇતિહાસનુ સંગ્રહસ્થાન છે. આધ્યાત્મિક અને વિજ્ઞાનમય દૃષ્ટિ ધરાવનાર આત્મા આમાંથી પોતાના આદેશો ને આત્મદર્શનો પામી શકે છે.

હવે કર્મો બે જાતનાં હોય છે, શુક્લ અને કૃષ્ણ. શુક્લ એટલે સફેદ યાતો સત્ અને કૃષ્ણ એટલે કાળાં યાતો અસત્. અર્થાત્ સારાં અને ખોટાં. કૃષ્ણ કર્મો તામસિક અવસ્થામાંથી જન્મે છે, જ્યારે શુકમ કર્મો સાત્વિક અવસ્થામાંથી જન્મે છે. સત્યનો રંગ ધોળો હોય છે, તમનો કાળો હોય છે. તેથી જ કર્મો શુક્લ કે કૃષ્ણ કહેવાય છે. રજ એ કર્તૃત્વનો ગુણ છે. તે પ્રેરક તત્ત્વ છે; કર્મની શક્તિરૂપ છે. રજની મદદ વગર કર્મ બને જ નહિ. શુક્લ કર્મનાં સારાં પરિણામો આવે. સત્કર્મમાંથી સુખ ને સંપ જન્મે છે. સત્ વડે મન પ્રબુદ્ધ બને છે. અસત્ કર્મ પહેલાં તો મીઠું લાગે પણ તેમાંથી કુસંપ, દુઃખ ને આપત્તિનાં પરિણામો આવે છે. અસત્કર્મો મનને અંધારામાં રાખે છે.

મેં પૂર્વે તમને કહેલું કે કર્મો ત્રણ પ્રકારનાં હોય છેઃ સંચિત, પ્રારબ્ધ ને ક્રિયમાણ અથવા આગામી. સંચિત એટલે એકઠાં થયેલાં, પ્રારબ્ધ એટલે એવાં જેની પ્રતિક્રિયા શરૂ થઇ ગઇ છે. ક્રિયમાણ એટલે પ્રારબ્ધમાંથી ઉપજેલાં કર્મબીજ. સંચિત કર્મ ગયા જન્મમાં મનના સંસ્કારરૂપે એકઠાં થયેલાં કર્મબીજ. આ કર્મબીજોમાં જે સૌથી વધારે બળવાન હોય તે પ્રારબ્ધ કર્મરૂપે યા તો પ્રવૃત્તિમાન કર્મરૂપે દેખાય છે. આમાંથી જે નવીન સંસ્કારો પેદા થાય છે તે ક્રિયમાણ કે આગામી કર્મો કહેવાય છે.

મનુષ્યજીવનમાં કર્મનો જે અટલ નિયમ પ્રવર્તે છે તે આ જ. તેના વડે આપણું જીવન ઘડાય છે. આપણું નશીબ પણ આનું જ બનેલું છે. માટે કર્મના બંધનમાંથી જો આપણે છૂટવું હોય તો કર્મના આ નિયમોને આપણે બરાબર જાણવા જોઇએ. અને સંચિત તથા પ્રારબ્ધ કર્મોનો નાશ કરી ભવિષ્યમાં કર્મોનો રોધ કરવો જોઇએ. એક અગર બીજી રીતે બધા ધર્મોનો ઉદ્દેશ આ પ્રત્યે હોય છે. જ્યાં લગી કર્મનો નાશ કરવામાં ન આવે ત્યાં લગી કર્મ અનન્ત છે. અને જન્મ ને પુનર્જન્મની તથા સુખદુઃખની ઘટમાળ ચાલુ જ રહેવાની.

આ કર્મનો નાશ કેવી રીતે થઇ શકે અગર તો બીજા શબ્દોમાં કહીએ કે જીવાત્માને કર્મના બંધમાંથી શી રીતે મુક્ત કરી શકાય તે માટે હિંદુ શાસ્ત્રકારોએ જ્ઞાન ને ભક્તિના બે મુખ્ય માર્ગ બતાવેલા છે. પણ તે વિષે તો વધારે આગળ.

કર્મવાદના અટલ ધર્મોની આ વાત જડવાદીઓના ભેજામાં ઉતરે એવી નથી. પણ તે સાચી છે. આપણે માનીએ કે ન માનીએ પણ વિશ્વમાં આ નિયમોનું સામ્રાજ્ય ચાલે છે. આ નિયમો મનુષ્યકૃત નથી. તે દરેક મનુષ્યને લાગુ પડે છે, પછી તે ગમે તે દેશનો હોય. ત્યારે પ્રશ્ન થશે કે શાસ્ત્રીય ભાષામાં પુનર્જન્મ એટલે?

પુનર્જન્મ શું છે એ જાણવા માટે મૃત્યુ શું છે તે આપણે જાણવું રહ્યું અને મૃત્યુ શું છે એ જાણવા જીવન શું છે એ જાણવું જોઈએ. જીવન એટલે ?

જી૦—સવાલ તો સહેલો છે, પણ વિચાર કરતાં ઉત્તર એટલો સહેલો નથી લાગતો. જીવન એટલે દેહ–ઇન્દ્રિયો નહિ, જીવન તેનાથી પર લાગે છે.

મુ૦—સત્ય. માનવ જીવન એટલે અસ્થિમાંસમાં બંધાયેલી ચેતન માનસિકતા. એક શબ્દમાં જીવન એટલે ચેતના. નીચ પ્રાણીઓમાં પણ ચેતના તો હોય છે, પણ તે આત્મભાન વગરની હોય છે. મનુષ્યમાં ચેતના આત્માભાવનાવાળી હોય છે.

જી૦—પણ ચેતનાની સ્થિતિમાં ગે ફેર તો માલુમ પડે છે.

મુ૦—હા, આ ચેતનાને ત્રણ અવસ્થાઓ હોય છે–તે નીચેની ત્રણ અવસ્થાઓને વશ છે: જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ. જાગ્રત અવસ્થામાં સઘળી બહારની તેમજ અંદરની ઇન્દ્રિયો કામ કરે છે. બુદ્ધિ, અહંકાર, ને મન એ આન્તર ઇન્દ્રિયો છે; પાંચ જ્ઞાનેન્દ્રિયો ને પાંચ કર્મેન્દ્રિયો એ બહારની ઇન્દ્રિયો છે. મન વિચારે કરે છે, બુદ્ધિ નિર્ણય કરે છે, આંખ જુએ છે, કાન સાંભળે છે, આમ ઇન્દ્રિયો પ્રવૃત્તિ કર્યા જ કરે છે. આવી પ્રવૃત્તિમાંથી એટલે રજથી શ્રમ ઉત્પન્ન થાય છે. શ્રમની આ પ્રતિક્રિયામાંથી તમ ઉત્પન્ન થાય છે. એટલે કે ઇન્દ્રિયો કામ કરી કરીને થાકી જાય છે ને આરામ માગે છે. થાક લાગવાથી ઇન્દ્રિયો તમોગુણી બને છે. થાકને લીધે આપણને આરામ જોઇએ છે. પણ જ્યાંલગી આપણે જાગ્રત હોઇએ, ત્યાંલગી રજ શાન્ત થાય જ નહિ. કારણકે ઇન્દ્રિયો પોતાનું કામ ચાલુ રાખ્યા જ કરે. આવે કાળે કુદરતી નિયમને આધીન થઈ રજની અતિપ્રવૃત્તિમાંથી તમનો પડદો પડે છે. આનું નામ જ ઊંઘ.

ઊંઘમાં પડયા પછી પણ જ્યાંલગી મન જાગતું રહે, ત્યાંલગી માનસિક પ્રવૃત્તિ કાયમ રહે છે ને જોઈએ તેવો આરામ મળતો નથી. પરિણામે ઊંઘ સ્વપ્નવાળી આવે છે. મન પણ થાકી જઈ અંતે આરામ લે છે, ત્યારે જ ગાઢ નિદ્રા આવે છે. આવી ગાઢ નિદ્રા આવે, ત્યારે ઇન્દ્રિનોના વહેવારો મનમાં જ લીન થઈ બંધ પડે છે. આમ થતાં વ્યક્તિત્વના ભેદનું કારણ નાબુદ થાય છે, તેથી ક્રિયા શક્તિનો લય થાય છે અને મન અહંકારમાં લય પામે છે. કારણ કે અહંકારનું ભાન તન વડે જ ટકી રહે છે. આમ અહંકાર, મન ને ઇન્દ્રિયો બધાં જ તેમના બીજાંકુરો સાથે મહત્તત્વમાં લીન થાય છે અને તે તત્ત્વ આત્મામાં લીન થાય છે આત્મપ્રદેશમાં મહત્તત્વનું લીન થવું, એ અવસ્થાને સુષુપ્તિ અવસ્થા કહે છે. આત્મચેતનાની આ સુષુપ્તિાવસ્થામાં શુદ્ધ સત્ત્વ તેમનું સ્થાન લે છે. આને જ આપણે અસંપ્રજ્ઞાન સમાધિ એવું નામ આપીએ છીએ. આ સ્થિતિ ચેતનાની અભાવાત્મક અવસ્થા છે. આવી સ્થિતિને પરિણામે આપણુને પૂર્ણ શાંતિ લાગે છે. કારણ આ દશા આત્મત્વના અનુભવની દશા છે. અને આત્મત્વ એ જ સર્વશક્તિનું કારણ છે.

જી૦—ત્યારે ગાઢ નિદ્રામાંથી જાગતાં આપણુને અત્યંત શાંતિ લાગે છે તેનું કારણ આ જ છે, નહિ?

મુ૦—હા, એમજ. તમને ખબર હશે કે દાક્તરોને ઓપરેશનની ક્રિયા કરવાની હોય છે, ત્યારે તેઓ દર્દીને બાહ્યોપચારથી આવી જ સ્થિતિમાં નાંખી દે છે. ખરૂં જોતાં વ્યાધિઓ કેવળ સ્થૂલ શરીરને લાગુ પડે છે. ઇન્દ્રિયો, અહંકાર ને મન શરીરને આધીન હોય છે, માટે જ આપણુને દર્દની લાગણી થાય છે. કારણ આપણે આપણા મનને બાહ્યાંગ સાથે એક ગણતા હોઈએ છીએ.

આપણા આત્માનું કેન્દ્ર આપણો લિંગ દેહ છે, સ્થૂલ શરીર

નહિ જેમને આવું ભાન હોય છે, તેમને સ્થૂલ દર્દો લાગતાં જ નથી. આપણે એટલે આપણો દેહ એવું માનવું એ સૌથી ઘોર અજ્ઞાન છે.

જી૦—ત્યારે તો એમ જ કહોને કે આપણાં સૂક્ષ્મ અને સ્થૂલ શરીરો જુદાં છે.

મુ૦—ખચિત જ. જ્યારે મન બીજે ઠેકાણે હોય ત્યારે આપણને ઇન્દ્રિયોની ક્રિયાનું ભાન હોતું નથી. ખરું જોતાં મન જ સુખ દુઃખ ભોગવે છે, શરીર કે ઇન્દ્રિયો નહિ. આપણા શાસ્ત્રકારો કહે છે કે આપણને એક નહિ પણ પાંચ શરીરો છે—આ શરીરોને યોગની ભાષામાં કોષો કહે છે. શરીર એટલે અન્નમય કોષ, મન એટલે મનોમય કોષ. આ કોષો જુદા છે, એવો અનુભવ યોગી તપ વડે કરી શકે છે. આવા કારણને લીધે જ્યારે મરણની ક્રિયા થાય છે, ત્યારે મનોમય કોષ અન્નમય કોષથી જુદો પડી જાય છે. આવે કાળે લિંગદેહ પ્રાણમાં દાખલ થઈ પ્રાણ વાટે બહાર નીકળી જાય છે. લિંગદેહ પ્રાણ કરતાં પણ વધારે સૂક્ષ્મ અને ઝીણો હોય છે. આવી ક્રિયાને આપણે મૃત્યુ કહીએ છીએ.

જી૦—મરણ પછી આ લિંગદેહમાં રહેલા આ જીવનું શું થતું હશે ?

મુ૦—મૃત્યુની ક્ષણ એ જીવનની મોટામાં મોટી ક્ષણ છે. આપણામાં કહેવત છે કે મરણાન્તે જેવી મતિ તેવી ગતિ. આ એક આધ્યાત્મિક નિયમ છે. આપણે મરણ પછી શ્રીકૃષ્ણ પાસે જઈશું કે સ્વર્ગમાં જઈશું કે સંસારમાં પાછા ફરીશું, એ બધાનો આધાર આપણી મરતી વખતની આધ્યાત્મિક સ્થિતિ ઉપર રાખે છે.

જી૦—ત્યારે સ્વર્ગ અને શ્રીકૃષ્ણનું ધામ એ શું જુદા લોક છે ?

મુ૦—અલબત્ત, જુદા જ છે. અરે, એક નહિ પણ આખું બ્રહ્માંડ તો ચૌદ લોકનું બનેલું છે, એવું આપણા શાસ્ત્રકારો કહે છે.

આ પૃથ્વી પણ એક જાતનું સ્વર્ગ જ છે. તેની ઉપર બીજાં ૭ સ્વર્ગો છે, એમ કુલે સાત સ્વર્ગો છે, જેવાં કે ભૂર, ભુવર, સ્વર, મહર, જન, તપ, ને બ્રહ્મલોક કે સત્યલોક. કેટલાક આથી વધારે લોક હોવાનું કહે છે. આ બધા ભેદો ગણતરી કરવાની રીત ઉપર આધારભૂત છે. બાકી તેમાં ખાસ વિરોધ જેવું નથી. આ વિષય તો એવો અગાધ છે કે તે ઉપર ઘણો વિસ્તાર થઈ શકે. પરંતુ મને લાગે છે કે કર્મના સિદ્ધાન્ત અનુસાર સ્વર્ગ-નરકની ભાવના કેવા પ્રકારની છે તે સમજવા આટલું કથન પૂરતું છે.

જી૦—આપે વચમાં કર્મના નાશ માટે ને મોક્ષની સિદ્ધિ માટે જ્ઞાન ને ભક્તિના માર્ગો શાસ્ત્રકારો બતાવે છે, એમ કહ્યું. તે વસ્તુ જરા વધારે સ્પષ્ટતાથી સમજાવો એવું હું ઇચ્છું છું.

મુ૦—વારુ, હું તમને એક પ્રશ્ન પુછું. આ જીંદગીનાં કર્મો ને પૂર્વ જન્મનાં કર્મો સાથે શો સંબંધ હોવો જોઈએ?

જી૦—કેમ? આ જીંદગીનાં કર્મો પૂર્વ જન્મનાં કર્મોના ફળરૂપ હોવાં જોઈએ.

મુ૦—અને પૂર્વ જન્મનાં કર્મો?

જી૦—તેની પહેલાંના જન્મના કર્મોના ફળરૂપ.

મુ૦—ત્યારે બીજા શબ્દોમાં જો આપણે એમ કહીએ કે આપણા પૂર્વ જન્મોનાં કર્મ ને તેનાં કારણોનો સંબંધ ઠેઠ ઉત્પત્તિ કાલ સુધી છે, તો ખોટું નહિ?

જી૦—જી, ના.

મુ૦—એટલે શ્રીકૃષ્ણની ઇચ્છામાંથી જગત ઉત્પન્ન થયું, ત્યાં સુધી?

જી૦—જી, હા.

મુ૦—જો આપણે જગતના અંગરૂપ હોઈએ તો આપણે પણ એ ઇચ્છામાંથી આવ્યા, એમને ?

જી૦—એ તો દેખીતું જ છે.

મુ૦—અને સૃષ્ટિ એટલે પરમાત્માના બહુત્વ પ્રતિના વેગનું વ્યક્ત સ્વરૂપ.

જી૦—બરાબર.

મુ૦—અને કર્મ એ શું છે ?

જી૦—કર્મ એટલે વેગનો ક્રમિક નિયમ એમ કહી શકાય.

મુ૦—ટૂંકમાં, એમ જ કહોને કે શ્રીકૃષ્ણની ઇચ્છા, એ જ આખી સૃષ્ટિનું તેમજ આપણાં સર્વ કર્મનું કારણ છે. અને જો આ સત્ય હોય તો વિશ્વના સર્વ કર્મોનો કર્તા કોણ થયું ?

જી૦—શ્રીકૃષ્ણ.

મુ૦—ત્યારે હવે આપણે એ જોવાનું રહ્યું કે કર્મબંધનોમાંથી જે દુઃખ ઉત્પન્ન થાય છે તે ક્યાં રહેલું હોવું જોઈએ ?

જી૦—આપણામાં જ.

મુ૦—આ દુઃખનું કારણ આપણી ભ્રાન્ત બુદ્ધિમાં જ રહેલું છે. આપણે આપણાં કર્મોના કર્તા છીએ એવું માનીએ છીએ, એટલે જ કર્મોમાંથી નીપજતાં ફળોના પણ આપણે જ ભોક્તા બનીએ છીએ. આ એક વૈજ્ઞાનિક નિયમ છે. કર્મ ઉપર આપણે દાવો કરીએ, તો કર્મ આપણને વળગે જ, તેમાં ચોખ્ખો ન્યાય છે.

જી૦—ત્યારે વિશ્વમાં આપણને લાગેવળગે છે ત્યાં લગી કર્મોનું શું સ્થાન હશે ?

મુ૦—મૂળ કર્મનું આદિકારણ શ્રીકૃષ્ણ પોતે જ છે, એટલે કર્મનો મૂળ કર્તા તે પોતે છે. એટલું કે તે કર્મો આપણી મારફત પ્રકટ થાય છે. આનું શાસ્ત્રીય પરિણામ એ આવે કે આપણાં બધાં કર્મોનાં કર્તા શ્રીકૃષ્ણ છે એવી પ્રતીતિ રાખી આપણે તેના કર્તા છીએ એવો આપણા મનનો ભ્રમ કાઢી નાંખીએ તો આપણાં સંચિત તેમજ પ્રારબ્ધ સર્વ કર્મ આપોઆપ આપણો ત્યાગ કરી ખુદ શ્રીકૃષ્ણમાં લય પામે. એટલું જ નહિ પણ એવી આત્મશ્રદ્ધાથી કરાયેલાં આપણાં સર્વ ક્રિયમાણ કર્મોમાંથી પણ પેદા થતાં કર્મબીજ ભૂંજેલા બીજની પેઠે નિર્મૂલ બને. પણ આવી આત્મશ્રદ્ધા હોવી એ સહેલી વાત નથી. આ મેં ભક્તિનો માર્ગ કહ્યો. જ્ઞાનમાર્ગે પણ જુદી રીતે આવું જ પરિણામ નીપજાવી શકાય છે.

૭૦—એટલે એનો અર્થ એમ નહિ કે સર્વ કર્મ અને તેનાં ફળ હમેશાં શ્રીકૃષ્ણને જ સમર્પવાં જોઈએ ?

મુ૦—હા, તમે બરાબર સમજ્યા. આ કર્મનું રહસ્ય જેવું બહારથી દેખાય છે તેવું સહેલું નથી. જો આ રહસ્ય એકવાર તેના ખરા સ્વરૂપમાં સમજાય તો આત્મા ને તેને સરજનહાર બન્ને આ કોયડા પ્રત્યે હસે અને બન્ને પરમાનંદના:સમુદ્રમાં ડૂબી જાય. પણ, આ સ્થિતિનો પૂરેપૂરો ખ્યાલ આણવાને પૂરા જીગરથી દીનતાની, ચિંતનની ને મનનની ખૂબ જરૂર છે.

[૧૫] હિંદુ ધર્મની રૂપરેખા (ચાલુ)

મુ૦—મેં તમને પરમાણુની વાત કરેલી તે યાદ હશે. ખરૂં જોતાં એક જડ પરમાણુ વિકાસ પામી મનુષ્યરૂપે આવિર્ભાવ પામે છે. પ્રથમ તો તે જડમાંથી વનસ્પતિરૂપે, પછી વનસ્પતિમાંથી નીચ પ્રાણીરૂપે, અને પછી નીચ પ્રાણીમાંથી ઉચ્ચ પ્રાણીરૂપે, આમ અનેક યોનિઓ બદલી બદલી આખરે તે મનુષ્યની સ્થિતિમાં વિકસે છે. એ વાત તો ઠીક, પણ આવું પરમાણુ શેનું બનેલું હશે તે તમે કલ્પી શકો છો ?

જી૦—હા જી, સત્–ચિત્–અને આનંદના તત્ત્વોનું કારણ શ્રીકૃષ્ણ સચ્ચિદાનંદરૂપ છે અને તેનામાંથી આ પરમાણુ અનેક સ્થિત્યંતર પામી જડત્વ પામે છે. માટે તેનામાં આ ત્રણે તત્ત્વો હોવાં જોઈએ. આપનું કહેવું પણ એમ જ છે ને ?

મુ૦—હા, પણ તેમાં એક ફેર છે. જડ પરમાણુમાં તો કેવળ સત્ તત્ત્વ જ પ્રકટ થયેલું દેખાય છે.

જી૦—એ વાત તો ખરી, પણ ત્યારે ચિત્ ને આનંદ તત્ત્વોનું શું થતું હશે ?

મુ૦—તે તત્ત્વો પણ પરમાણુમાં હયાત હોય છે પણ તિરોભૂત દશામાં. વિજ્ઞાનશાસ્ત્રમાં પ્રકટ ને અપ્રકટ એવી બે શક્તિઓ હોય છે

જેવી કે 'કાઇનેટિક' ને 'પોટેન્શીઅલ'. વસ્તુમાં શક્તિ હોય છે પણ જ્યારે તે સુપ્તદશામાં હોય છે, ત્યારે તે સંભાવ્ય શક્તિ તરીકે કહેવાય છે. આવી શક્તિ અવ્યક્ત દશામાંથી વ્યક્ત થાય ત્યારે આપણે તેને 'કાઇનેટિક' શક્તિ કહીએ છીએ. પરમાણુમાં આ ચિત–આનંદ તત્ત્વો સુપ્ત અવસ્થામાં એક સંભાવ્ય શક્તિ તરીકે રહેલાં હોય છે—જેમ એક બીજમાં વૃક્ષ રહેલું હોય તેમ. તે ધીમે ધીમે પ્રકટ થઈ સતમાંથી ચિતને પણ સાથે સાથે વ્યક્ત કરે છે. પરમાણુ તેની જડ કે વનસ્પતિની સ્થિતિમાં ચેતન જણાતું નથી, પણ જ્યારે તે પ્રાણીની યોનિમાં અવતરે છે ત્યારે તેનામાં પહેલાં તો અભાવાત્મક આત્મભાનવાળું અને પછી ભાવાત્મક આત્મભાનવાળું ચૈતન્ય પ્રકટ થાય છે. જ્યારે આવું બને છે ત્યારે જ મૂળ ૨૪ તત્વો તેના પૂરા રૂપમાં વિકાસ પામ્યાં છે, એમ કહી શકાય. ગુણની દૃષ્ટિએ કહીએ તો જડ સ્થિતિમાં તામસ ગુણનું પ્રાધાન્ય હોય છે. પ્રાણીઓની અર્ધચેતન અવસ્થામાં તમ ને રજ ઉભય દેખાય છે અને મનુષ્યોમાં તમ રજ કંઈક અંશે સત્ત્વ પણ દેખા દે છે. આમ કરતાં કરતાં માણસમાં સત્ત્વગુણનો વિકાર પ્રાધાન્ય બને ત્યારે તે દેવ સમાન બને છે. અને જો નિત્ય પ્રેમના ધામ એવા શ્રીકૃષ્ણને પામવું હોય તો તેને શ્રીકૃષ્ણચેતના પ્રાપ્ત કરવી રહી. કૃષ્ણચેતનાને તમે પ્રભુચેતના કહો તો પણ ચાલશે. કારણ શ્રીકૃષ્ણ ગીતાજીમાં કહે છે કે જીવ મને જેવા જેવા રૂપમાં ભજે છે, તેવા તેવા રૂપમાં હું તેને દર્શન દઉં છું. આવી ઉત્ક્રાન્તિની ગતિ મનુષ્ય માટે સરલ અને વૈજ્ઞાનિક બને, તે માટે શાસ્ત્રોએ મુખ્ય પાંચ માર્ગ નક્કી કર્યા છે. (૧) સૂર્યમાર્ગ, (૨) ગણપતિમાર્ગ, (૩) શિવમાર્ગ, (૪) શક્તિ માર્ગ ને (૫) ભક્તિ માર્ગ. આ દરેક માર્ગ ઇશ્વરાભિમુખ છે, છતાં તે ભિન્ન ભિન્ન છે ને તેનાં ફળ પણ જુદાં જુદાં હોય છે. સૂર્યમાર્ગ પ્રકાશનો માર્ગ છે. સૂર્ય તેના અધિષ્ઠાતા દેવ છે. જ્ઞાન માગીઓ આ માર્ગે જવાનું પસંદ કરે છે. જેમને સિદ્ધિઓ પ્રાપ્ત

કરવી હોય તેઓ ગણપતિની સાધના કરે છે જેઓ દુઃખનો નાશ કરવા માગતા હોય અને કલ્યાણને સુખસંપત્તિ ઇચ્છતા હોય, તેઓ શિવને ભજે છે. જેઓ શક્તિના ઉપાસક હોય, તેઓ દુર્ગાને પૂજે છે. અને જેઓ ભક્તિ ઇચ્છતા હોય તેઓ શ્રી વિષ્ણુને ભજે છે. અન્ય દેવોની આરાધનાથી તે તે દેવો પોતાના અધિકાર પ્રમાણેની ફળપ્રાપ્તિ કરાવે છે. પણ, જેને મોક્ષ જોઈતો હોય તેમને તો વિષ્ણુને જ આરાધવા પડે છે. કારણ કે વિષ્ણુ એ એક જ દેવ છે, જે મોક્ષ આપનાર દેવ છે. શિવ કલ્યાણકારી દેવ છે, તે પણ મોક્ષ આપી શકે પણ ક્વચિત જ.

જિ૦—ત્યારે તો મોક્ષ પ્રાપ્તિ એ જ મનુષ્યજીવનની સર્વોત્તમ ગતિ ગણાવી જોઈએ ?

મુ૦—હાસ્તો, પણ મોક્ષ એક પ્રકારનો નથી. મોક્ષ પણ પાંચ પ્રકારના છેઃ સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય, સાયુજ્ય ને સાર્ષ્ટિ આ શબ્દો જ એવા તો અર્થસૂચક છે કે દરેક પ્રકારના મોક્ષના શા શા ગુણો છે, તે સમજવું મુશ્કેલ નથી. તમે કોઈ બ્રિટિશ બહારના જંગલી પ્રદેશના વતની હો, અને તેવા પ્રદેશના વતની મટી તમે બ્રિટિશ સામ્રાજ્યના વતની બનો તો તમે તેના અધિકારી થાઓ. આવો સ્થિત્યંતર એ તમારો સાલોક્ય મોક્ષ, વિષ્ણુલોકમાં નિત્ય વાસ એટલે સાલોક્ય મુક્તિ કહેવાય. સામીપ્ય મુક્તિમાં તમને વિષ્ણુનું દાસત્વ કરવાનો અધિકાર મળે છે આ સ્થિતિ પહેલાના મોક્ષ કરતાં વધારે નજીકની છે. સાયુજ્યમાં વિષ્ણુના તત્ત્વમાં લય પામવાપણું હોય છે. જ્ઞાનીઓ આવી નિર્ગુણ સ્થિતિ ચાહે છે. સારૂપ્યમાં ભગવાન જેવું જ રૂપ ને ગુણ ધારણ કરવું તે ને સાર્ષ્ટિમાં વિષ્ણુની શક્તિરૂપે આનંદનાં અનુભવ લેવો તે. મોક્ષની પહેલી ત્રણ સ્થિતિમાં મુક્તાત્માઓ વિષ્ણુના પાર્ષદો હોય છે, અને છેલ્લી બેમાં તેના અંશાવતારરૂપે પૃથ્વીમાં અવતરી વિષ્ણુના સાધનરૂપે વિષ્ણુનું કાર્ય કરે છે.

જિ૦—આ સિવાય બીજા કોઈ અન્ય માર્ગો હશે ?

મુ૦—આ બધા માર્ગોમાં મોક્ષના અગર સ્વર્ગના ફળનો આધાર તેના અધિષ્ઠાતા દેવ ઉપર રાખવાનો હોય છે. પરંતુ એવા બીજા

માર્ગો પણ છે, જ્યાં માણુસ પોતાના બળે આવો ઉત્ક્રાન્તિનો માર્ગ ગ્રહણ કરે છે. ખરૂં જોતાં, ઉપર જણાવેલા માર્ગોમાં પણ યોગના સિદ્ધાન્તોનો પરોક્ષ રીતે અમલ થતો હોય છે. પણ તે બધા યોગમાર્ગો તરીકે ઓળખાતા નથી. આવા માર્ગ પણ પાંચ છે–જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ, હઠયોગ, રાજયોગ, ને ભક્તિયોગ. પણ આ બધા યોગોની વિશેષ માહિતી માટે તો તે ઉપર લખાયેલા સ્વતંત્ર ગ્રન્થોજ વધારે પ્રકાશ પાડનારા થઈ પડે એટલે આપણે તેની વિગતમાં અહીં નહિ ઉતરીએ. વળી આ યોગ માર્ગ વિષે પણ આપણે આગળ કંઈક કહેવાનું થશે એટલે હિંદુધર્મની રૂપરેખા આપણે આટલેથી જ બંધ કરીશું. આમાં આપણે સ્વતઃ ને પરતઃ માર્ગ સિદ્ધ કરવાની વાત કરી. આવા માર્ગના અનુસરણમાં કર્મ માર્ગની દૃષ્ટિએ જીવાત્મા પૂર્ણરીતે સ્વતંત્ર નથી હોતો, છતાં કંઈક અંશે સ્વતંત્ર પણ હોય છે, એમ કહેવું ખોટું નથી. પૂર્ણરીતે સ્વતંત્ર નથી હોતો એટલા માટે કે ભગવાનની મૂળ ઇચ્છાને અધીન જે પ્રાકૃતિક સૃષ્ટિ હયાતિમાં આવી છે, તેના ભાગ તરીકે જીવ તેના નિયમને વશ છે. અને જોકે તે તેના નિયમનને વશ છે છતાં તેના જ આધારે પોતે પોતાના કર્મબળે ઉત્ક્રાન્તિનો માર્ગ સાધી શકે, એવી મર્યાદિત સ્વતંત્રતા પણ તેને તવાવાને જ અર્પી છે, જેથી તે તેના માર્ગમાં કૃતિનો સુખદુઃખથી મિશ્ર અનુભવ લેતો લેતો અંતે ભગવાને તેના માટે પૂર્વનિર્ણિંત કરેલા માર્ગે તે પોતાની સિદ્ધિ કરી શકે. આવી સિદ્ધિ પ્રભુ પોતે જ જીવ પાસે કરાવે છે. એટલે દેખીતી રીતે જીવજ પોતાને કર્તાહર્તા માનતો હોવા છતાં તથા તેના કર્મનાં ફળો ભોગવતો હોવા છતાં, પ્રકૃતિને વશ હોવાથી તે સ્વતંત્ર છે એમ નજ કહી શકાય. સ્વાનુભવને અંતે પ્રકૃતિની વશ્યતામાંથી મુક્ત થઈ આખરે જયારે તે આત્મસૃષ્ટિનો અનુભવી જીવ બને છે, ત્યાર જ તે પ્રભુનો જીવ બને છે અને ત્યારે તેનામાં જીવપણું રહેતું નથી. આમ જીવ તત્ત્વતઃ પરતંત્ર હોવા છતાં, કર્મના કર્તાભોક્તા હોવાથી કંઈક અંશે સ્વતંત્ર પણ છે. પ્રભુએજ સૃષ્ટિ રચી આવી મર્યાદા નક્કી કરી, તેના અટલ નિયમોને અસ્તિત્વમાં આણ્યા છે, માટે જ જીવના પુરુષાર્થને પૂરતો

અવકાશ છે. એટલે હિંદુઓનો કર્મવાદ એ કેવળ નિષ્ક્રિય નશીબવાદ નથી પણ સક્રિય પુરુષાર્થ પોષક ઉન્નતિ સાધક સિદ્ધિનો માર્ગ છે, એ હવે તમારાથી સમજાયું હશે.

મને લાગે છે કે હિંદુધર્મની રૂપરેખાનો આટલે સુધી અભ્યાસ કરી હવે આપણે તેના વિશેષ અંગો પ્રત્યે વળીશું. પુષ્ટિમાર્ગ એ સનાતન ધર્મમાંથી વિશિષ્ટરૂપમાં ખીલેલો ભક્તિમાર્ગનો એક ફાંટો છે. આ વિષય જ, ખરૂં જોતાં, આપણો મુખ્ય વિષય છે. પણ, મને લાગ્યું કે તે વિષયને હાથ ધરતા પહેલાં આપણે હિંદુધર્મ શું છે તેની પૂર્વ ભૂમિકા તરીકે માહિતી મેળવવી જોઇએ, તો જ તેના વિશિષ્ટ અંગની ખૂબીઓનો આપણને કંઇક ખ્યાલ આવી શકે.

જી૦—જી હા. હવે આપણે એ સ્થિતિએ આવ્યા છીએ, જ્યારે પ્રસ્તુત વિષયને હાથ ધરી શકીએ. મેં આપને પ્રથમ જ કહ્યુ હતું કે હું પુષ્ટિમાર્ગીય કુટુમ્બમાં જન્મ્યો છું, છતાં મને તે શું છે, તેની સૈદ્ધાન્તિક દષ્ટિએ કશી પણ ગતાગમ નથી. મારા હૃદયમાં તે માટેનો વસવસો હમેશાં રહ્યાં કરતો હતો. તેથી તો હું આ આપની પાસે આવ્યો અને હવે તેમ કર્યાનો અપૂર્વ આનંદ લઈ રહ્યો છું. વારૂ, જીવ અમુક કુટુમ્બમાં જન્મે, તેની પાછળ પણ કંઈ જીવનનો હેતુ તો રહેલો હશે જ ?

મુ૦—હા, કેમ નહિ ? આપણે જોયું કે આખી સૃષ્ટિની દરેક ક્રિયા કર્મના અટલ નિયમ ઉપર નિર્ભર છે. તમે પુષ્ટિમાર્ગીય કુટુંબમાં જન્મ્યા તેની પાછળ પણ એવો હેતુ રહેલો હોવો જ જોઇએ. કંઈ નહિ તો પૂર્વ જન્મના કર્મબળે પણ આપણો આ પંથ સાથેનો સંબંધ હશે જ. ગમે તે હો. પણ આપણે તેવા કુટુમ્બમાં જન્મ્યા તે જ હકીકત જ આપણામાં જીવન પરત્વે વિશેષ ધર્મો પેદા કરે છે. જો કર્મનો સિદ્ધાન્ત સાચો હોય તો આપણી ઉત્ક્રાન્તિના માર્ગ સાથે આને પણ સંબંધ હોવો જોઇએ. કશું નહિ તો આપણા કુટુમ્બના—આપણા પૂર્વજોના ધર્મને તેના ખરા સ્વરૂપમાં સમજી તેને અનુસરવો એ આપણી ફરજ છે.

તે જ આપણો સ્વધર્મ. આપણે પૂર્વે સંસ્કારબળની વાત કરી. તે દષ્ટિએ પણ આવા સ્વધર્મના પાલનમાં ઉન્નતિ માટેની સાધના વધારે સરલ અને સ્વાભાવિક રહેલી હોવી જોઈએ.

જી૦—પણ, બન્યું છે એવું કે મેં આપણે શરૂઆતમાં જ કહ્યું તેમ કોઈ પણ જાતનું ધાર્મિક સાહિત્ય વાંચ્યું નથી અને પુષ્ટિમાર્ગનું તો બિલકુલ જ નહિ. તેથી આગળ પાછળના વાતાવરણને લીધે કહો કે પછી અમે જે દુનિયામાં વિચરતા હોઈએ તેને લીધે કહો. અમોએ એ બાબતમાં જે કાંઈ જોયું કે સાંભળ્યું હોય તે ઉપરથી અમારામાં અમુક જાતના પૂર્વગ્રહો બંધાઈ જાય એ સ્વાભાવિક છે. આવી સ્થિતિમાં અમોએ આ વિષય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ સેવી હોય તો તે ક્ષમાપાત્ર છે. પ્રભુની કૃપા કે મને તો આવો લાભ મળ્યો પણ અમારા અન્ય બંધુઓને આવો લાભ મળવો કઠણ છે. અને તે માટે બુદ્ધિપૂર્વક પ્રયત્ન કરવાની તો વાત જ ક્યાં રહી? કારણ કે આપણે કંઈ પણ વસ્તુ કરવી હોય, તો પ્રથમ તો તે માટે જીજ્ઞાસાવૃત્તિ તો જોઈએ ને? જ્યાં તેનો જ અભાવ હોય, તો પછી આગળની વાત તો શી જ કરવી?

મુ૦—હા. માટે જ હું કહું છું કે જો ધર્મ એ જીવનની મુખ્ય વસ્તુ હોય તો તેના ખરા સ્વરૂપ જાણવો ને આચરવો એ આપણી પ્રથમ ફરજ છે અને તેની શરૂઆત આપણા કુટુમ્બધર્મથી કરવી જોઈએ.

જી૦—આપ કહો છો તેમ હોવું જોઈએ, એ તો હુંયે સ્વીકારૂં છું. પરંતુ પુષ્ટિમાર્ગ વિષે કેળવાયેલા વર્ગમાં એવા તો કેટલાક ખોટા ખરા ખ્યાલ પ્રચલિત છે કે ખાસ કરીને અમારા જેવા શિક્ષિત વર્ગને તો અમે વૈષ્ણવો છીએ, એમ કહેતાં પણ શરમ આવે છે. પણ હવે મને લાગે છે કે આમ હોવામાં અમારૂં અજ્ઞાન એ જ મુખ્ય કારણભૂત છે. જો આપે મને આપણા સનાતન ધર્મના મૂળ સિદ્ધાન્તોની આટલી સમજણ ન આપી હોત તો તેમાં આટલી બધી

ખૂબીઓ રહેલી છે તેનું ભાન મને શી રીતે થાત? હું પણ અત્યાર લગી તે પ્રત્યે દુર્લક્ષ હતો, તે એવું સમજીને કે ધર્મબર્મ જેવી ચીજ એ કાંઈ જીવનની ઉપયોગી વસ્તુ નથી. જીવનની કર્તવ્યતા એવા નપુસંક ધર્મ પાળવામાં નહિ, પણ જનતા માટે કાંઇ સેવાનું કાર્ય કરવામાં રહેલી છે.

મુ૦—પણ, આ બે વસ્તુને વિરોધ છે, એવું તમને કોણે કહ્યું?

જી૦—એ ખરૂં, પણ એ બન્ને વિરોધી વસ્તુ છે, એવો ભ્રમ હું સેવતો હતો એ વાત સાચી. પણ હવે મને સમજાય છે કે એવું માનવામાં મેં ઉતાવળ કરેલી.

મુ૦—મનુષ્યના ધાર્મિક જીવનમાં જેને દેશસેવા કહેવામાં આવે છે એવા તત્ત્વને પણ યોગ્ય સ્થાન છે. પણ હાલ જે રીતે શિક્ષિત યુવાનો કહે છે ને ધારે છે, તેવી રીતનું નહિ. પરંતુ આ વિષે વધારે તો કોઇ અન્ય સ્થળે.

જી૦—પણ, આપને મારી એટલી જ વિનતિ છે કે પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તો તથા તેના તત્ત્વવિચાર પ્રત્યે આપણે વળીએ તે પહેલાં તે માટે સમાજમાં, ખાસ કરીને બહારના સમાજમાં જે કાંઈ ગેરસમજ ફેલાઇ હોય તે દૂર કરવામાં આવે તે વધારે જરૂરનું છે, જેથી તે ઉપરના વાર્તાલાપો વધારે શુદ્ધ વાતાવરણમાં થઈ શકે.

મુ૦—વારૂ, તમે કહો છો તે પ્રમાણે આપણે કરીશું. હું તમને ખાતરી આપું છું કે પુષ્ટિમાર્ગનું ખરૂં સ્વરૂપ જાણ્યા પછી એવી કોઈ પણ પ્રકારની કુશંકાઓને સ્થાન જ નહિ રહે.

[૧૯] પુષ્ટિમાર્ગ

મુ૦—તમે ગઈ કાલે એવી ટીકા કરી કે પુષ્ટિમાર્ગ વિષે બહારના સમાજમાં કંઈ કંઈ ગેરસમજો પ્રવર્તે છે, તે દૂર કરવામાં આવે તો ઠીક. વારુ, આ બાબતમાં મારે તમારું એક વસ્તુ પ્રત્યે ખાસ ધ્યાન ખેંચવાનું છે. મેં આપણા લોકોમાં એક સામાન્ય ખોડ એ જોઈ છે કે કોઈ પણ જાતની સાચી તપાસ કર્યા વગર એકદમ ઉતાવળે અભિપ્રાય બાંધી દેવો. ખરું જોતાં કોઈપણ જાતનો અભિપ્રાય આપતા પહેલાં આપણે તે સંબંધમાં સત્ય હકીકત શું છે, તેની પૂરેપૂરી તપાસ કરવી જોઈએ અને ત્યાર પછી જ તે વિષે ખરું ખોટું મત બાંધવું જોઈએ. આવી સત્ય શોધનની ખામી એ આપણા સ્વભાવનું ભારે દૂષણ છે. તેથી જ કાં તો અંગ્રેજીમાં જેને સાંભળેલી હકીકત કહેવામાં આવે છે તેને આપણે પુરાવા તરીકે ગણીએ છીએ, અગર તો અમુક પક્ષના રાગદ્વેષની અસરથી દોરાઈ જઈએ છીએ, અગર તો બહાર બહારથી દેખાતી બાબતો ઉપર આધાર રાખી ખરાંખોટાં અનુમાનો બાંધીએ છીએ. અને આવી રીતે મેળવેલા અધુરા જ્ઞાનને સત્ય તરીકે રજુ કરીએ છીએ. આપણે જો સત્ય શું છે એ જાણવું હોય તો કોઈ પણ જાતની ચોક્કસ તપાસ વગર અનુમાનો બાંધવાનું કે અભિપ્રાયો આપવાનું આવું વલણ આપણે બદલવું જોઈએ. હું આ કંઈ એકલા પુષ્ટિમાર્ગ માટે જ કહેતો નથી, લગભગ દરેક ધર્મ માટે આવું જ

બને છે. આવું વિધર્મીની બાબતમાં વિશેષે કરીને બને છે. તેમ થવું સ્વાભાવિક પણ છે. તે તે ધર્મના અનુયાયીઓ તરીકે આપણે તેનો ઓછો જ અભ્યાસ કરેલો હોય છે ! આથી વિધર્મીઓ વચ્ચેનો વ્યવહાર કેવળ રાગદ્વેષથી તથા પૂર્વગ્રહોથી ભરેલો હોય છે. અને ધર્મના વિષય ઉપર માણસનું મમત્વ વિશેષ પ્રમાણમાં હોવાથી તેમાં ખોટી ખેંચાખેંચી અને રાગદ્વેષ ભરેલી પક્ષપાતી કે ઝઘડા ઝઘડી વધારે થાય છે. આ તો તમે પુષ્ટિ માર્ગીય કુટુમ્બમાં જન્મેલા છો, અને વધારે નહિ તો તમને તેના થોડા ઘણા પણ સંસ્કાર છે, એટલે જો કે તમને પ્રકટપણે તમારો ધર્મ કબુલતાં શરમ લાગે છે એવું તમે કહો છો, છતાં મને ખાતરી છે કે તમારા મનમાં તે પ્રત્યે કાંઈ ખાસ વિરોધી વલણ નથી. પણ ધારો કે આપણામાં કદાચ એવું વિરોધી વલણ હોય અને આપણે ધર્મ વિષે વાત કરતા હોઈએ તો પણ આપણામાં સત્ય શોધન અર્થે એટલી જ અન્વેષણવૃત્તિ હોવી જોઈએ.

પહેલાં તો પુષ્ટિમાર્ગ વાસ્તે વિધર્મીઓ તરફથી— આમાં અન્ય માર્ગસેવી હિંદુઓનો પણ સમાવેશ થઈ જાય છે—એક એવી ટીકા કરવામાં આવે છે કે પુષ્ટિમાર્ગ એ વેદવિહિત ધર્મ નથી. એટલે કે તે વેદને અનુસરતો નથી, તે એક અલગ ને સ્વતંત્ર કપોલ કલ્પિત ધર્મ છે.

જી૦—પણ, એવું કહેનારા ભલે એમ કહે. ભલે કોઈ ધર્મ સ્વતંત્ર હોય. તેથી શું તે ખોટો છે એમ શી રીતે ઠરે ? મને તો લાગે છે કે આવી દલીલમાં કશું જ વજુદ ન હોઈ શકે. આપણે તો કોઈ પણ ધર્મનો વિચાર કરવો હોય તો એટલું જ જોવાનું રહે કે તેમાં મનુષ્ય-આત્માની ઉન્નતિ સાધવાનાં સફળ સાધનો છે કે નહિ, તેમ જ તેનું ધ્યેય જીવનને સૌથી શ્રેષ્ઠ સ્થિતિએ લઈ જવાનું છે કે નહિ ! જો તેમાં આ બે તત્ત્વો હોય તો પછી ભલે તે વેદવિહિત હો

અગર ન હો. માલની કીમત માલના ગુણથી આંકાવી જોઇએ, તેના નામથી નહિ.

મુ૦—વસ્તુની ગુણપરીક્ષા માટે તમે જે ધોરણ કહો છો તે ઠીક છે. પણ, આમાં તમે એક વાત ભૂલી જાઓ છો. હિંદુ કહેવાતી તમામ જાતિઓનો એક સર્વસામાન્ય વારસો આર્યસંસ્કૃતિનો છે અને તેનો મૂળ પાયો વેદ છે. જો આપણે બધા એક જ સંસ્કૃતિના બાળકો હોઇએ તો આપણી ધર્મભાવનાઓ તથા આપણા ધાર્મિક આચારો પણ કોઈ એક મૂળમાંથી નીકળી આવેલા હોવા જોઇએ, પછી ભલેને તેમાં થોડા આચારવિચારનો વ્યવહારૂ તફાવત હોય. પણ મૂળમાં તે એક જ હોવા જોઇએ. એકપણાની આ ભાવના કાઢી નાંખવા જેવી નથી. જો આ ભાવના વિછેન્દવામાં આવે મૂળ આપણી સંસ્કૃતિની ભાવના ઉપર છેદ પડે. વળી વેદ એ પ્રભુપ્રેરિત વાણી છે, એવી હિંદુ હૃદયની માન્યતા છે. તેની ભાવનામાં તેને દૃઢ શ્રાદ્ધા છે. જો તેની આત્મશ્રદ્ધાનો આ પાયો જ લઈ લેવામાં આવે, તો આર્યસંસ્કૃતિની આખી ઇમારત જ તૂટી પડે. માટે હિંદુઓના બધા જુદા જુદા ધર્મોની બાબતમાં તેના એક મૂળ એવા વેદ ઉપર આધાર રાખવાનો જે આગ્રહ રાખવામાં આવે છે તે તદ્દન બરાબર છે. જો આપણે આ આગ્રહ જતો કરીએ, તો ધર્મની બાબતમાં પણ અનવસ્થા ઉત્પન્ન થવાની. એટલે સામો પક્ષ પુષ્ટિમાર્ગ વેદવિહિત છે કે નહિ એ વિષે શંકા ઉઠાવે તેમાં કદાચ વાંધો ન લઈ શકાય. પરંતુ એવી ટીકાઓ કરતા પહેલાં ટીકાકારે પુષ્ટિમાર્ગના સિદ્ધાન્ત ઉપર લખાયેલા તમામ સાહિત્યનો અભ્યાસ કરવો જોઇએ અને પછી જ તેનો નિર્ણય કરવો જોઇએ. આવું ન કરતાં કેવળ ધર્મના બાહ્યાંગો કે બાહ્યાચારોથી દોરવાઈ જઈ ઉતાવળો અભિપ્રાય બાંધવો એ ન્યાય નથી.

તમે અંગ્રેજી શિક્ષણના વાતાવરણમાં ઉછરેલા છો એટલે વેદની આધારભૂતતા એ કેટલી મહત્વની વસ્તુ છે તે તમારાથી ન સમજાય એ સ્વાભાવિક છે, પણ પુષ્ટિમાર્ગ સાચો હોય તો તે વેદવિહિત હોવો જોઈએ, એ દલીલ તો બરાબર છે.

જી૦—ત્યારે આપનું કહેવું એવું છે કે તે વેદવિહિત છે ને તેને માટે શાસ્ત્રનો આધાર છે, એમજ ને ?

મુ૦—અરે, એટલું જ નહિ. પુષ્ટિમાર્ગના વિદ્વાનોનુ તો એવું માનવું છે કે પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તો શુદ્ધ વેદના સત્યો ઉપર રચાયેલા છે, એટલું જ નહિ, પણ તેઓ આગળ વધીને એમ પણ પ્રતિપાદન કરે છે કે પુષ્ટિમાર્ગનો સિદ્ધાન્ત જે 'શુદ્ધાદ્વૈત' કહેવાય છે તે જ વેદની શ્રુતિઓના સુત્રોના ખરા ને સ્વાભાવિક અર્થો કરે છે. આ કથન માટે તેમના અનુયાયીઓનો જ નહિ પરંતુ એ ધર્મ નહિ પાળનારા એવા અંગ્રેજ વિદ્વાનો તેમજ દેશી વિદ્વાનોનો પણ ટેકો છે. એટલે તેને વેદવિરૂદ્ધ ધર્મ કહેવો એ એક હડહડતુ જુઠ્ઠાણું છે. મેં પૂર્વે મુખ્ય ચાર આચાર્યો વિષે ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતુ કે બધા જ આચાર્યોને શ્રુતિ, બ્રહ્મસુત્ર ને ગીતાજીના ગ્રન્થોની એકવાક્યતા બતાવવાની હોય છે. આ આચાર્યો પૈકી છેલ્લા આચાર્ય આપણા શ્રી વલ્લભ મહાપ્રભુજી થયા. પોતાની પહેલાંના તમામ આચાર્યોનાં ભાષ્યો જોવાનો તેમજ વેદવેદાંગ તથા તેમાંથી નીકળતા છ દર્શનના જુદા જુદા વાદો તથા બીજા વેદના આધારને નહિ માનનાર એવા જૈન તથા બૌદ્ધ ધર્મના ગ્રન્થોનો પણ અભ્યાસ કરી આપશ્રી નિષ્પક્ષપાતપણે એવા અભિપ્રાય પર આવ્યા કે ઉપરોક્ત ત્રણ ગ્રન્થોમાં તેમજ શ્રીમદ્ ભાગવતમાં કેવળ શ્રી શુદ્ધાદ્વૈતનું જ સમર્થન કરેલું છે, એથી તે માર્ગ વૈદિક છે એ દીવા જેવું સ્પષ્ટ છે. આમ છતાં, આવી ટીકાઓ કરવી એ કેવળ બાલિશતા છે.

જી૦—તો તો તેમણે શુદ્ધાદ્વૈત ઉપર ગ્રન્થો લખ્યા હશે.

મુ૦—હા. તેમણે ભગવાન વ્યાસજીનું બ્રહ્મસૂત્ર, જેની ઉપર તમામ આચાર્યોએ પોતપોતાના વાદો રચ્યા છે, તે ઉપર એક સુંદર ને વિચાર યુક્ત ભાષ્ય લખ્યું છે. તે ‘ અણુભાષ્ય ’ એ નામથી જાણીતું છે. જેઓ એમ. એ. ની પરીક્ષા માટે તત્ત્વજ્ઞાનનો ખાસ સંસ્કૃત વિષય લેવા માગતા હોય તેઓ આ ગ્રન્થને અભ્યાસ માટે પસંદ કરી શકે છે.

જી૦—તો તો આપણે ત્યાં અંગ્રેજીમાં યુનિવર્સિટીનું ઉચ્ચ જ્ઞાન સંપાદન કરેલું હોય તેવા શિક્ષિત ભાઈઓ પણ હશે, જેમણે આ ગ્રન્થનો અભ્યાસ કર્યો હોય ?

મુ૦—જરૂર. એવા ઘણા નહિ તો થોડા અલબત્ત છે જ. પણ જ્યારે યુનીવર્સિટીએ અભ્યાસ માટે આવી છૂટ આપી છે તો તેનો લાભ લઈ અભ્યાસની તેટલી કક્ષાએ પહોંચનાર દરેક વૈષ્ણવ વિદ્યાર્થીની ફરજ છે કે તેણે આજ વિષય પોતાની પરીક્ષા માટે પસંદ કરવો જોઈએ.

જી૦—જરૂર, જો હું ત્યાં સુધી પહોંચીશ તો હું પણ એમ કરીશ.

મુ૦—પણ, મારે તમને કહેવું જોઈએ કે આ વાદનો પ્રમાણભૂત ગ્રન્થ એ તો વિદ્વાનોના ઉપયોગ માટે ઠીક છે. તેમાં તો જેઓની બુદ્ધિ વધેલી હોય તેઓ જ એમાં અવગાહન કરી શકે. બાકી બુદ્ધિ અને હૃદય એ બે ચીજો જુદી છે. જો કે તે સંબંધવાળી છે, છતાં એક નથી. બધા જ કંઈ બુદ્ધિની ઉચ્ચ કક્ષાએ પહોંચી શકતા નથી. પણ દરેક જણ હૃદયમાં રહેલા પ્રેમને કેવળી શકે છે, તથા તેનું પાન કરી શકે છે. પછી ભલેને તે ભણેલા હો અગર ન

હો. આપણો પુષ્ટિમાર્ગ એ કેવળ ભણેલાઓ માટે જ નથી પણ અભણ માટે પણ છે, એ જ તેની ઉત્તમતા છે.

જી૦—પણ જેઓની બુદ્ધિ ઉંચી કોટીની ન હોય તેઓ ઉચ્ચ પ્રકારનું જ્ઞાન શી રીતે સંપાદન કરી શકે? અને જ્ઞાન વગર આવી ઉચ્ચ વસ્તુની પ્રાપ્તિ પણ શી રીતે થઈ શકે?

મુ૦—અહીં જ તમારી ભૂલ છે. મોક્ષ પ્રાપ્તિ માટે જ્ઞાનની જરૂર છે એ વાત સાચી. કારણ કે તે વગર કર્મબીજ નિર્મૂલ થવું અસંભવિત છે. પણ આવું જ્ઞાન બે રીતે પ્રાપ્ત થઈ શકે છે, બુદ્ધિ દ્વારા તેમજ હૃદય દ્વારા. બુદ્ધિદ્વારા જ્ઞાન સંપાદન કરવાનો માર્ગ એ જ જ્ઞાનમાર્ગ, હૃદય દ્વારા જ્ઞાન મેળવવાનો માર્ગ એ ભક્તિમાર્ગ. ભક્તિમાર્ગમાં પહેલાં ભક્તિ ને પછી જ્ઞાન આવે છે.

જી૦—આ જરા ન સમજાય તેવી બાબત મને લાગી.

મુ૦—તમને સમજાય એવો એક દાખલો આપું. સત્ય પામવા માટે પુરુષના ને સ્ત્રીના માર્ગો જુદા જુદા હોય છે તે તમે જોયું છે?

જી૦—જી, ના.

મુ૦—જો તમે જોશો તો તમને માલુમ પડશે કે નિર્ણય કરવાના પુરુષના ને સ્ત્રીના માર્ગો જુદા હોય છે. પુરુષને કોઈ પણ બાબતનો નિર્ણય કરવાનો હશે તો તે તે બાબતને ઉપરથી ને નીચેથી બધી જ રીતે તપાસી, તે ઉપર શક્ય બધી જ હકીકત મેળવી, તેની તરફેણમાં કે વિરુદ્ધમાં નિર્ણય કરશે. પરંતુ જો કોઈ સ્ત્રીને તેવો નિર્ણય કરવો હશે તો જાણે કોઈ તેને હૃદયમાંથી કહેતું હોય તેમ તે બાબતમાં તેને હૃદયમાં હા કે નાની જેવી પ્રેરણા થશે તેવી ઝટ તે તેની તરફેણમાં કે વિરોધમાં પોતાનો મત આપશે. નિર્ણયો કરવાની આ જુદી જુદી પદ્ધતિમાં જેટલો ફેર છે તેટલો જ આ બન્ને માર્ગમાં

જ્ઞાન મેળવવાની પદ્ધતિમાં ફેર છે. મને લાગે છે કે બુદ્ધિ કરતાં હૃદયનો માર્ગ વધારે ચોક્કસ ને સત્યગ્ર છે. તેજ વધારે પ્રેરણાત્મક ને સૂક્ષ્મતર છે.

જી૦—ત્યારે તો તેનો અર્થ એ થયો કે એવા આકર ગ્રન્થનો અભ્યાસ ધર્મના અનુસરણ માટે અનિવાર્ય ન હોવો જોઇએ.

મુ૦—ના, નહિ જ. પણ બુદ્ધિ એ પણ પ્રભુએ આપેલી ઉત્તમ ભેટ છે. એટલે જો પ્રભુએ આપણને બુદ્ધિનું દાન કર્યું હોય તો જરૂર સાચી નિષ્ઠા ને શ્રદ્ધાથી આપણે તેનો અભ્યાસ કરવો જોઇએ, જેથી માર્ગના ખરા સ્વરૂપનું જ્ઞાન તે અંગ વડે પણ થાય. હું આગળ તમને પુષ્ટિમાર્ગમાં સર્વાત્મભાવથી પ્રભુને પામવાની વાત કરીશ, તે વેળા આપણે આ વિષય ઉપર વધારે વિચારવાનું પ્રાપ્ત થશે.

જી૦—ત્યારે તો શ્રી મહાપ્રભુજીએ વિદ્વાનોની બુદ્ધિના રંજન માટે જેવી રીતે અણુભાષ્ય લખ્યું છે, તેવી રીતે માર્ગની પ્રણાલિકા માટે ઇતર ગ્રન્થો પણ લખ્યા હશે.

મુ૦—હા, ઘણાએ ગ્રન્થો લખ્યા છે. શ્રીમદ્ ભાગવત ઉપરની તેમની ટીકા અદ્વિતીય છે. તે એટલી તો સુંદર અને હૃદયંગમ છે કે જેણે તેનું રસપાન કર્યું નથી તેનો જન્મ વ્યર્થ ગયો છે તેવું મહાનુભાવી શ્રી હરિરાયજી કહે છે. જો તમે તેનો અભ્યાસ કરો તો તમને પણ લાગશે કે તેના એક એક શબ્દે શબ્દે ભગવદ્ રસ ટપકી રહ્યો છે. વૈષ્ણવો માને છે કે ખુદ ભગવાને શ્રી મહાપ્રભુજીને આજ કાર્ય માટે પૃથ્વી ઉપર મોકલેલા. પણ એ વિષે વધારે તો હવે પછી. પુષ્ટિમાર્ગ માટે એક બીજી ગપ પણ ચાલે છે. કહે છે કે પુષ્ટિમાર્ગ એટલે ખાઇપીને એશઆરામ

કરવાનો માર્ગ. અરે, એક અંગ્રેજ લેખકે તો આવું સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે.

જી૦—મને ક્ષમા કરો તો હું જરાક વચમાં બોલું. દરેક માર્ગમાં વૈરાગ્ય ને ત્યાગને પ્રાધાન્ય આપવામાં આવે છે. આપણા માર્ગમાં એવું કાંઈ દેખાતુ નથી. આપણે ત્યાં તો જ્યાં જોઈએ ત્યાં પ્રસાદ ને ઠોરની વાત મુખ્યત્વે કરીને સાંભળીએ છીએ. આપણા મહારાજાઓની રહેણી કરણીમાં દુન્યવી રાજવંશીઓનું અનુકરણ વિશેષ કરીને જણાય છે. મને લાગે છે કે આપે કહેલા પેલા અંગ્રેજ લેખકની ટીકા છેક અવગણના પાત્ર નથી.

મુ૦—ખરે, તમે માર્ગના ઘણા સૂક્ષ્મ ભાગને સ્પર્શ કર્યો છે. આ બાબતમાં મારે લંબાણ કરવું પડશે. પણ આજનો તો સમય થઈ ગયો છે એટલે આ વિષે વધારે આવતી કાલે.

મુ૦—મને લાગે છે કે પુષ્ટિમાર્ગના તત્ત્વો ઉપર વિચાર કર્યા પછી તેના બાહ્યાંગ વિષે અવલોકન કરવાની વાત આવી હોત તો વધારે ઠીક થાત. પણ કંઈ હરકત નહિ. એક રીતે આપણે પુષ્ટિમાર્ગનો તાત્ત્વિક વિચાર કરીએ તે પહેલાં આ બાબતની ચોખવટ થઈ જાય એ પણ ઇચ્છવા જોગ છે. તેથી આપણો વાર્તાલાપ વધારે શુદ્ધ વાતાવરણમાં થઈ શકશે. પરંતુ તમારી ગઈ કાલની શંકાઓનો ખુલાસો આપું તે પહેલાં મારે કેટલીક સ્પષ્ટતા કરવી પડશે. તમને એટલી તો ખબર હશે કે દરેક ધર્મને બે અંગો હોય છે, જેમ મનુષ્યજીવનમાં દેહને દેહી હોય છે તેમ.

જી૦—ના, હું દિલગીર છું કે એ વિષેના મારા ખ્યાલો ઘણા અધૂરા ને નહિ જેવા છે.

મુ૦—દરેક ધર્મને તત્ત્વવિચાર એ તેનું જ આન્તરંગ હોય છે, તેનો વિધિવિચાર એ તેનું બાહ્યાંગ હોય છે. તત્ત્વવિચાર દ્વારા સાધનો–તેના સ્વરૂપનો ને ગુણોનો વિચાર કરવામાં આવે છે, જ્યારે વિધિવિચારમાં તેના સાધનોનો જ વિચાર કરવાનો હોય છે. પહેલું સ્વરૂપાત્મક છે, બીજું ક્રિયાત્મક હોય છે. સ્વરૂપ એ તેનો નિત્ય અને અવિકારી ભાગ હોય છે, જેમ દેહમાં દેહી હોય છે તેમ; જ્યારે ક્રિયાત્મક ભાગ એ સંજોગો અનુસાર દેશકાળને અધીન હોય છે,

અને તેથી ફેરફારોને પાત્ર હોય છે. શ્રી વિષ્ણુભગવાનની મૂર્તિની પૂજા દક્ષિણમાં થતી હોય તેમજ મેવાડમાં થતી પણ હોય: સ્વાભાવિક રીતે સ્થળ ભેદને લીધે શ્રી ઠાકોરજીના વેષાભૂષણમાં તેમ સામગ્રી વગેરે બાહ્યક્રિયામાં દેશના રીતરિવાજ તથા પહેરવેશમાં જરૂરી ફેર પડવાનો. ધર્મનો આવો વિધિવિભાગ સાધનની દૃષ્ટિએ મહત્ત્વનો છે, પણ મૂળ તત્વની અપેક્ષાએ ગૌણ છે, એ ભૂલવું ન જોઈએ. તમે જે ટીકા કરી તે પુષ્ટિમાર્ગના વિધિવિભાગને લાગુ પડે છે. જો તેને તમે હું કહું છું તે રીતે સમજશો તો તમારો વિરોધ ઘણે અંશે એટલો તીવ્ર નહિ રહે. પણ તમે કદાચ કહેશો કે આપણા મૂળ પ્રશ્નનો એથી ખુલાસો ન થયો. એ વાત ખરી પણ એક રીતે તમારા પ્રશ્નની બાબતમાં જરા વધારે ઊંડા ઉતરીયે તો તમે જોઈ શકશો કે તેનો સંબંધ ઠેઠ મૂર્તિપૂજા અને ગુરુપરંપરાના તકરારી વિષયો પરત્વે આવી અટકે છે. એટલે આપણે આ વિવાદગ્રસ્ત પ્રશ્નો વિચારવાનું પ્રાપ્ત થાય છે, એમ કરીએ તો ચાલે.

જી૦—આપે વસ્તુને બરાબર રૂપમાં રજુ કરી. ખરૂં જોતાં આ બે બાબતો જ ખાસ કરીને ભણેલાઓને ખૂંચે છે.

મુ૦—એટલે જ મારે હવે તમને મૂર્તિપૂજાની આવશ્યકતા સમજાવી તમે પૂછેલા પ્રશ્નનો ઉત્તર આપવાનો રહેશે. તમને ખબર છે કે ઈસ્લામ ધર્મ મૂર્તિપૂજાનું ખંડન કરે છે. આપણા હિંદુસમાજમાં પણ આર્યસમાજ તથા બ્રહ્મોસમાજના નવા પંથો પણ તે બાબતમાં તેવો જ વિરોધ દર્શાવે છે. ખ્રિસ્તી ધર્મ પૈકીનો પ્રોટેસ્ટંટ ફાટો મૂર્તિપૂજામાં માનતો નથી, જ્યારે પ્રાચીન રોમન કેથોલિકનો ભાગ તેનો સ્વીકાર કરે છે. આવા અનેકવિધ વિરોધો છતાં, સમગ્રપણે જોતાં હિંદુસમાજમાં મૂર્તિપૂજા સાર્વત્રિક છે, એમ કહીએ તો

ખોટું નથી. જો મૂર્તિપૂજાને કેવળ સ્થૂલ વસ્તુ માનવામાં આવતી હોય તો આમ ન બને.

જી૦—મૂર્તિપૂજા એટલે જ સ્થૂલની પૂજા.

મુ૦—એમ નહિ. ધારો કે તમે બ્રિટિશ શહેનશાહતના વફાદાર પ્રજાજન છો. તમે શહેનશાહતના રાજાને વફાદારીથી ભજો છો ને શહેનશાહનો ફોટો વસાવી તેને હારતોરા પહેરાવી તમારો ભાવ બતાવો છો. તમને તમારી પત્ની ઉપર ઘણો જ પ્રેમ છે. હવે તમને તેનો વિયોગ થયો છે. અવારનવાર તમે તેના ફોટા સામું જોઇ રહો છો, તેના પત્રોને ટેબલમાંથી કાઢી ફરી ફરીને વાંચો છો. તમારો શહેનશાહ તથા તમારી પત્ની જીવતી તમારી સમક્ષ નથી, છતાં આ ગાંડપણ શા માટે?

જી૦—એ તો પોતાના પ્રેમપાત્ર પ્રત્યેનો સ્નેહ દર્શાવવાનું સાધન માત્ર છે. તેમાં ગાંડપણ શાનું? તે તો સાચા પ્રેમનું લક્ષણ કહેવાય?

મુ૦—અને, કોઈ પોતાના આત્માના પ્રેમપાત્ર પ્રત્યે પોતાની ધ્યેયમૂર્તિ દ્વારા પોતાના હૃદયનો પ્રેમ આવાં જ બાહ્ય સાધનો દ્વારા ઠાલવે તો તેવા ભાવ બતાવવાના પ્રકારને તમે હસી કાઢો, તેને ઢોંગી કહો, એ ક્યાંના ઘરનો ન્યાય? સાચી વાત તો એ છે કે હિંદુઓ જે અર્થમાં મૂર્તિપૂજા કરે છે, તે અર્થમાં પરધર્મીઓ સમજતા જ નથી. પણ, હું તો એથીયે આગળ જઇને કહું કે મૂર્તિની પૂજા કરનાર અને મૂર્તિના નિંદકો બધા જ મૂર્તિપૂજકો છે. ખરે, કોઈ જીવતો માણસ મુર્તિપૂજા વિના રહી શકતો જ નથી.

જી૦—એટલે?

મુ૦—એટલે. ખરૂં જોતાં શબ્દ માત્રને રૂપ હોય છે અને રૂપ માત્રને નામ હોય છે. તો જગતમાં એવો કયો પદાર્થ છે, જે રૂપ

ને નામ વગરનો હોય! અને એવો કયો જીવ છે, જેને નામ રૂપ સાથે સંબંધ રાખ્યા વિના ચાલે? જો એમ ન હોય તો પ્રોટેસ્ટંટો તેમના દેવળને શા માટે પવિત્ર માને છે? મુસલમાનો તેમના કુરાન શરીફને શા માટે પવિત્ર માને છે? શીખો તેમના ગ્રન્થ સાહેબને શા માટે પૂજે છે? ભલે ભાવનાના ભેદોને લઈ મૂર્તિમાં ભેદ હોય, છતાં આપણે કબુલ કરવું જ જોઈએ કે આપણી સૂક્ષ્મ ભાવનાને સ્વરૂપમાં મૂર્તિમંત કર્યા વગર કોઈ જ જીવી શકતું નથી. અને માટે તો બધા ધર્મોને એક યા બીજી રીતે સ્થૂલ રૂપ તો હોય છે જ, પછી તે ગમે તે આકારમાં હોય. સર્વને તેનું અવલંબન લેવું પડે છે જ.

જી૦—ત્યારે તો એમ જ કહોને કે જીવમાત્ર મૂર્તિપૂજક છે.

મુ૦—હું એ જ કહું છું. બધા જ મૂર્તિપૂજકો છે: કોઈ સ્થૂલને પૂજે છે, તો કોઈ સૂક્ષ્મને પૂજે છે. પણ સ્થૂલ-સૂક્ષ્મ વચ્ચેનો ભેદ આપણે સમજવો જોઈએ એ વાત ખરી. તેને સમજ્યા વગર કેવલ સ્થૂલની પૂજા એ અંધપૂજા કહેવાય એની ના નહિ હું તમને એક જ દાખલો આપું તમને ખબર છે કે આપણા પુષ્ટિમાર્ગમાં શ્રી ગોકુલનાથજીની સૃષ્ટિવાળા જેઓ શ્રી ગોકુલનાથજીના સ્વરૂપમાં વધારે આસક્ત છે, તેઓ તેમની પાદુકાજીને જ સેવે છે. તેમાં સ્વરુપ જેવું કાંઈ હોતું નથી. આને તમે મૂર્તિપૂજાનું નામ આપો તો તેમાં જે અર્થમાં આપણે મૂર્તિ સમજીએ છીએ તેવું તો કાંઈ નથી હોતું છતાં, તેને મૂર્તિપૂજા શામાટે કહેવાય? મૂર્તિ શબ્દનો ઉપયોગ તો અન્ય ધર્મવાળા કરે છે. આપણે પુષ્ટિમાર્ગીઓ તો સ્વરુપસેવા એવો શબ્દ વાપરીએ છીએ, પછી એ ખરેખરૂં ઠાકોરજીનું સ્વરુપ હોય કે પાવડીઓ હોય. એટલે મારો પ્રશ્ન એ છે કે ગાદી ને પાદુકાજીની સેવા કરનાર એવા શ્રી ગોકુલનાથજીના સેવકો શું ગાંડા છે-મૂર્ખ છે? સરખામણી કરવાનો મારો ઇરાદો બિલકુલ

નથી પણ તમે તેમના હૃદયમાં રહેલી પ્રેમભક્તિ જુઓ તો તમે વિસ્મય પામ્યા વિના ન રહો, એવી તેમની આસક્તિ હોય છે.

જી૦—એટલે આપનો કહેવાનો ભાવાર્થ એ છે કે આ મૂર્તિપૂજા પાછળ ઊંડા ભાવ ને ધર્મબુદ્ધિ રહેલાં હોય છે, એમ જ ને ?

મુ૦—એમ જ. ખરૂં જોતાં મૂર્તિપુજા એટલે સ્થૂલ આકૃતિની પૂજા નહિ પણ ભાવનાની પૂજા, ભાવમૂર્તિની પૂજા શ્રી મહાપ્રભુજી કહે છે કે ખરી સેવા ભાવાત્મક હોવી જોઇએ. ભાવના એજ ભક્તિનુ સાધન છે. જો તમે આ વાત સમજો તો તમને સેવાનો પ્રકાર ને તેની પાછળ રહેલી ભાવનાની સૃષ્ટિ તેના ખરા રૂપમાં સમજાશે.

જી૦—મતલબ કે આપણા કહેવા પ્રમાણે ભાવનાના પોષણ અર્થે સ્થૂલ ક્રિયાનો ઉપયોગ છે.

મુ૦—હા, જેમ ગ્રન્થ એ જ્ઞાન નથી પણ જ્ઞાનનું સાધન છે, માલા એ ભક્તિ નથી પણ ભક્તિભાવને પોષવાને જપનો એક પ્રકાર છે, એમ મુર્તિપૂજા એ ભાવનાના પોષણ માટેનું ક્રિયાત્મક સાધન છે.

જી૦—ત્યારે સેવાની વિધિઓ, ભૂષાવેષો, અલંકારો, પુષ્પ, કીર્તન, સામગ્રી સમર્પણ—આ બધા પ્રકાર, જે મંદિરોમાં જણાય છે તે દરેકની પાછળ ઊંડો ભાવ રહેલો હોય છે અને ભાવના પોષણ અર્થે જ એ બધો પ્રકાર કરવામાં આવે છે, એમ આપનું કહેવું છે ?

મુ૦—હા, એમ જ છે. અને એવા ભાવ સાથે તેના ઊંડા જ્ઞાનથી મન અને ચિત્તને સેવામાં પરોવવામાં આવે, તો તે એક પ્રકારનો યોગ છે. અને તે દ્વારા અન્ય યોગો વડે લક્ષ્ય જેટલી સહેલાઇથી સાધી શકાય છે, તેથી પણ વધારે સહેલાઇથી ભક્તિની

સિદ્ધ સાધી શકાય છે. ખરૂં જોતાં તે માટે હૃદયની સચ્ચાઇ અને દિલની દીનતા જોઇએ. સેવામાં સામગ્રી વગેરે ધરાવવાનો જે ક્રમ છે તેમાં આવી જાતના સમર્પણનો પ્રકાર જ રહેલો છે. અને તમે આગળ જોઈ શકશો કે સમર્પણની ભાવના ઉપર આખા માર્ગની ઈમારત બાંધવામાં આવી છે. એથી વિશેષ આ સ્થિતિએ કહેવાનું મને પ્રસ્તુતઃ લાગતું નથી અને તેની પાછળ રહેલા રહસ્યની વાતો તો આપણે આગળ કરવાના છીએ, એટલે મારા અત્યાર સુધીના કથનથી તમને એટલી પ્રતીતિ થઇ હોય કે મૂર્તિપૂજા કે સ્વરુપ સેવા એ કેવળ ભોગવિલાસ પોષવાની ક્રિયાઓ નથી પણ ભાવપોષણની આધ્યાત્મિક સાધના છે, તો મને સંતોષ થશે.

છ૦—તો ભલે આપણે મુર્તિપૂજાની ચર્ચા આટલેથી જ બંધ કરીએ. મને એથી સંતોષ છે. ખરૂં પૂછો તો તે બાબતમાં મારી શંકાઓના સમાધાન માટે હવે મારે વધારે ખુલાસાની જરૂર પણ નથી. હું જોઈ શકું છું કે તેની પાછળ ઊંડો મર્મ સમાયેલો છે ને તે કેવળ ઘેલછા નથી. એટલી સમજણ મારે માટે બસ છે. પણ, આ ગુરુપરંપરાની પ્રથા તો મને નાબુદ કરવા જેવી જ લાગે છે. દુનિયાના રાજકીય ક્ષેત્રોમાં એક વખત રાજપદ્ધતિ સર્વોપરી ગણાતી અને રાજાની ઇશ્વરના પ્રતિનિધિ તરીકે પૂજા થતી. પણ, હવે એ દિવસો વહી ગયા છે અને પ્રજાસત્તાક રાજ્યપદ્ધતિ દાખલ થતી જાય છે. તો ગુરુપદ્ધતિની બાબતને તો તે વિશેષ લાગુ પડે છે. ગુરુ ને શિષ્યનો સંબંધ આધ્યાત્મિક હોય છે; દુન્યાનાં પિતાપુત્ર કરતાંયે તે વધારે ગંભીર ને પવિત્ર હોય છે.

મુ૦—ખરે, તમે કહો છો એ તદ્દન સાચી વાત છે કે ગુરુ શિષ્યનો સંબંધ દૈવી છે. તેટલા માટે જ ગુરૂ દેવો ભવ એવું વેદનું સુત્ર છે. એટલું જ નહિ. ગુરુનો એવો મહિમા હોવાથી જ પ્રભુને ઠેકાણે ગુરુને ભજવાનો રિવાજ પણ જુના વખતથી ચાલતો આવ્યો

છે. અને ગુરુની ભક્તિ દ્વારા પ્રભુપ્રાપ્તિના દાખલા ઓછા નથી. પણ, જ્યાં આવો દિવ્ય સંબંધ બંધાય છે, ત્યાં ગુરુમાં શિષ્યને પૂર્ણતા જણાય છે: ગુરુમાં ખામી જોવાની દૃષ્ટિ જ તેનામાંથી જતી રહે છે. ગુરુના દરેક વાક્યમાં, તેના દરેક આચરણમાં તે નવીનતા જ જુએ છે. :તેની સ્થૂલ દૃષ્ટિ જ મરી ગઈ હોય છે. તેને ઠેકાણે તેનામાં પ્રેમનાં અલૌકિક લોચન ઉગડયાં હોય છે. જ્યાં આવો સંબંધ હોય, ત્યાં ફલસિદ્ધિ પણ નિશ્ચિત હોય જ. પણ અત્યારે કલિયુગમાં એક તો એવા ગુરુ મળવા મુશ્કેલ, મળે તો એવા શ્રદ્ધાળુ શિષ્યો દુર્લભ. માટે જ શ્રી મહાપ્રભુજી કહે છે કે આ કલિયુગમાં કેવળ કૃષ્ણભક્તિ એ જ મુક્તિનો માર્ગ છે. એક બીજી વાત. શ્રી મહાપ્રભુજી તો પોતે બાલબ્રહ્મચારી રહેવા માગતા હતા. છતાં, લગ્ન સંબંધથી જોડાવાની પ્રભુઆજ્ઞાને લઇને તેમણે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો હતો. જો આ વાત માનીએ તો એની પાછળ કાંઈ ગૂઢ સંકેત પણ કેમ ન હોય? તમને મેં અવતાર વિષે તો કંઈક કહ્યું છે, નહિ વારુ?

જી૦—જી, હા.

મુ૦—શ્રી કૃષ્ણનો અવતાર થયો ત્યારે ગોપીઓનો ઉદ્ધાર પ્રત્યક્ષ સંબંધથી થયો. તેમાં ગોપીઓને કશાં બાહ્ય સાધનો કરવાની જરૂર નહોતી. પણ, અનવતારી દશામાં ઉદ્ધારનો માર્ગ તો હોવો જોઈએ ને? શ્રી મહાપ્રભુજી કહે છે કે શ્રીમદ્ ભાગવત સ્વરૂપાત્મક છે. અને પ્રભુની અનવતાર દશામાં ભાગવત જ ઉદ્ધારનું સાધન છે. માટે જ વૈષ્ણવ ધર્મમાં શ્રવણનો આટલો બધો મહિમા છે.

જ્યારે શ્રી મહાપ્રભુજી ભૂતલ ઉપર બીરાજતા હતા ત્યારે તો તેમના પ્રત્યક્ષ સંબંધથી કેટલાયે વૈષ્ણવોનો ઉદ્ધાર થયો. તેવા અનેક વૈષ્ણવો પૈકી ૮૪ વૈષ્ણવોની વાર્તાઓ તો મોજુદ છે. આ વૈષ્ણવ

ભક્તો ઉચ્ચ કોટીના લીલા સંબંધી જીવો હતા. તેથી આત્મનિવેદન સાથે તેઓને અલૌકિક જીવનનો સાનુભવ થતો અને અંતે તેમનું પર્યવસાન ભગવદ્ લીલામાં થતું. પણ ભૂતલ ઉપરથી આપશ્રી લીલામાં પધાર્યા ત્યાર પછી જો આપશ્રીનો વંશ અસ્તિત્વમાં ન હોત તો જે જીવો શ્રી ઠાકોરજીની સેવા માટે લાયક હતા, તેમનું શું થાત! વળી તમને એક અન્ય ધર્મની હકીકત પણ કહું. તે કથન પણ પ્રસ્તુત વાત ઉપર સારો પ્રકાશ નાંખે છે. તમને બાહાઈ ધર્મની ખબર છે?

જી૦— જી, ના. મેં તો નામ જ આજે જાણ્યું. તેનો સ્થાપક પોતાને અવતારી પુરુષ ગણાવે છે. એક ઠેકાણે તેણે એવું કહ્યું છે કે મેં તો ફક્ત ભૂમિકા તૈયાર કરવાનું કામ કર્યું છે. પણ મારો પુત્ર આવશે તે ધર્મ સ્થાપવાનું કામ કરશે, અને તેનો પુત્ર તે ધર્મને મજબૂત કરશે ને વિસ્તારશે. આમ અમો ત્રણમાં આ અવતારી કાર્યનું દૈવત રહેશે અને સ્થાપિત થયેલો બાહાઈધર્મ લગભગ ૧૦૦૦ વર્ષ સુધી દુનિયામાં ટકી રહેશે ને પછી તે નાબુદ થતાં નવો અવતાર નવા ધર્મની રચના કરવા આવશે. તમને ખબર હશે કે આપણા પુષ્ટિમાર્ગમાં પણ ગો. વા. મગનલાલ શાસ્ત્રીજી નામના પરમ વૈષ્ણવ થઈ ગયા. તે કહેતા કે શ્રી મહાપ્રભુજી, તેમના પુત્ર શ્રીગુસાંઈજી તથા શ્રી ગોકુલનાથજી એ ત્રણેનું પુષ્ટિધર્મ પરત્વે અવતારી કાર્ય સ્વીકારવું. પછીથી આવું દૈવત વિરમશે. મતલબ ભક્તિનું જે ભગીરથ કાર્ય મહાપ્રભુજીએ કર્યું, તેને દૃઢ બનાવવાનું તથા તેનો ફેલાવો કરવાનું કાર્ય તેમના વંશજો દ્વારા જ થઈ શક્યું. ગુજરાતના કવિવર્ય ન્હાનાલાલ કહે છે કે દુનિયાના પટ ઉપર આવો કલ્પવૃક્ષ સમાન વંશ બીજે જન્મ્યો હોય એની મને ખબર નથી. અને આ કલ્પદ્રુમતા તેની સંખ્યાને લીધે નથી. તે વૃક્ષમાંથી જે અમૂલ્ય સાહિત્ય ને ભક્તિનાં મૂર્તિમંત સ્વરૂપો નીપજ્યાં છે તેની તો અવધિ છે. બાકી

આપણને વ્યવહારમાં પણ એવો અનુભવ તો છે કે વૃક્ષ એક જ હોવા છતાં તેમાંથી ઉત્પન્ન થતાં ફળ બધાં સરખાં કે એક કક્ષાનાં હોતાં નથી. આપણે જોઈ શકીએ છીએ કે મહાપ્રભુજીની અનવતાર દશામાં ભક્તિના કાર્યનો વિસ્તાર કરવાનું પુષ્ટિકાર્ય મુખ્યત્વે કરીને આપશ્રીના વંશજો દ્વારા જ થવા પામ્યું છે. એમ થવાથી હજારો બલ્કે લાખો જીવોનું કલ્યાણ થયું છે. અને દોષ તો કોનામાં નથી હોતો? તમને એક પ્રસંગ કહું. શ્રી મહાપ્રભુજીનો લીલાવ્યામોહ કરવાનો તે ગંભીર અને અદ્વિતીય પ્રસંગ હતો. પોતે મૌન સેવતા હતા અને લીલામાં પધારવાની અણિ ઉપર હતા. તે પ્રસંગે ગોપીનાથજી તથા વિઠ્ઠલનાથજી, જેઓ ત્યાં હાજર હતા, તેમના આગ્રહથી આપશ્રીએ છેલ્લો ભવ્ય સંદેશો આપ્યો. જાણે આવતા ભવિષ્યમાં મીટ માંડતા હોય અને આવતા પૂરને અટકાવવાને ચેતવણી આપતા હોય ને? "જો તમે લૌકિકમાં ચિત્ત રાખશો, તો લૌકિક પ્રવાહ તમને પણ ઘસડી જશે માટે ચેતજો. પ્રભુ તો અલૌકિક છે. માટે હું જે શ્રી ગોપીજનવલ્લભ છું તેમાં અટલ શ્રદ્ધા રાખી ભગવદ્‌મય જીવન ગાળશો તો પ્રભુ તમારા છે, એ ખચિત માનશો."

આપશ્રીના વંશજો પૈકી ઘણાએ આ સંદેશો સાંભળ્યો છે ને પોતાના જીવનને ધન્ય કર્યું છે. તો કેટલાક એવા પણ હશે જેમણે કાને હાથ દીધા હોય એટલે તેમાં પ્રથાનો દોષ નથી, વ્યક્તિનો દોષ છે.

જી૦—આપ કહો છો તે સાચું. પણ ગુરુભાવ વગર મંત્ર દીક્ષાનું પરિણામ અફળ જ થાય.

મ૦—પણ, હું એક વાત કહેવાની ભૂલી ગયો. આપણા પુષ્ટિમાર્ગમાં તો ગુરુદીક્ષા કેવળ આપણા મૂળ આદિગુરુ શ્રી મહાપ્રભુજી

દ્વારાજ અપાય છે. અત્યારે ભૂતલ ઉપર જે જે ગોસ્વામી બાલકો દીક્ષા આપવાનું કાર્ય કરે છે તે તો કેવળ ગુરુદ્વારનું કાર્ય કરે છે.

જી૦—એટલે કે ભાવનાથી આપણને શ્રી મહાપ્રભુજી જ મંત્ર દીક્ષા આપે છે એમ સમજવાનું છે, નહિ વારુ?

મુ૦—હા, એમ જ. હું ધારું છું કે તમારી શંકાના નિવારણ અર્થે અહીં તો આટલું બસ છે.

જી૦—જી, હા. મારે આ સંબંધમાં કંઈ વધુ પૂછવાનું થશે તો અવશ્ય પૂછીશ.

જી૦—મારી ઇચ્છા એવી છે કે આપ શ્રી મહાપ્રભુજીના જીવનનો થોડો પરિચય આપો તો ઠીક. કારણ કે તેવી પીઠભૂમિકા વગર પુષ્ટિમાર્ગની તુલના તેના ખરા સ્વરૂપમાં કરવાનું સુતર ન બને, એવો મને ભય છે.

મુ૦—તમારૂં ધારવું બરાબર છે. મારી યોજના પણ તેવી જ છે. દક્ષિણમાં મદ્રાસ ઇલાકામાં કોકરવાડ કરીને એક ગામ હતું. તેમાં લક્ષ્મણ ભટ્ટજી નામના એક તૈતીર્ય શાખાના તૈલંગ જાતિના મહા વૈષ્ણવ પંડિત રહેતા હતા. તેમના વડવાઓ પણ તેવા જ વિદ્વાનો ને ધર્મમાં આસ્થાવાળા હતા. કહે છે કે તેમના કુટુમ્બમાં સોમયજ્ઞો પૂરા કરવાની પ્રથા જુના વખતથી ચાલતી આવતી હતી. એવી માન્યતા પ્રવર્ત્તતી હતી કે જ્યારે કુટુમ્બમાં એવા સો યજ્ઞો પૂરા થશે ત્યારે ભગવદ્દવતાર થશે. યજ્ઞોની શરૂઆત મૂળ પુરુષ યજ્ઞ નારાયણ ભટ્ટના વખતથી થયેલી અને લક્ષ્મણ ભટ્ટજીના વખતમાં તે પૂરા થયા. લક્ષ્મણ ભટ્ટજીએ એવો સંકલ્પ કરેલો કે આ સો સોમયજ્ઞો પૂરા થયેથી તેની પૂર્ણાહુતિમાં મારે એક લાખ માણસોને બ્રહ્મભોજન કરાવવું. આવું મહાન કાર્ય પાર પાડવાને કાશી જેવું વિદ્વાનોનું ગામ વધારે અનુકુળ પડે. તેથી પોતે કુટુમ્બ સાથે કાશીમાં આવી રહેવા લાગ્યા. દરમ્યાન કાશીમાં મ્લેચ્છો તરફથી આક્રમણ થવાનો ભય થતાં તે કુટુમ્બ

સાથે વ્રજભૂમિની યાત્રાએ અન્ય માણસોના સાથમાં નીકળ્યા. આ વેળા તેમનાં પત્ની યલમાગારૂ સગર્ભા હતાં. તેઓ જ્યારે ચંપારણ્યમાં થઈને પસાર થતાં હતાં ત્યારે રસ્તામાં શમીવૃક્ષની તળે મહાપ્રભુજીનો જન્મ થયો. કહે છે કે ગર્ભ સાત મહિનાનો હોવાથી મૃત હશે એમ ધારી જન્મેલા બાળકને વૃક્ષની બખોલમાં રાખી ચિન્તાતુર હૃદયે તેઓ પાસેના ગામમાં મુકામે ગયાં ત્યાં તેમને રાત્રે સ્વપ્ન આવ્યું કે તમે જે દૈવી આગમનની રાહ જોતા હતા તે હું જ તમારે ત્યાં બાળકરૂપે અવતર્યો છું. પતિપત્ની બન્ને આનંદાશ્ચર્ય તે વૃક્ષ પ્રત્યે ઉલ્લાસભર્યાં ધસ્યાં તો તેમણે અગ્નિના પ્રકાશમાં વીંટાળેલા તે બાળકને જોયો ને હર્ષ સાથે તેને ઘેર લાવી આનંદનિમગ્ન થયાં.

જી૦—આ પ્રસંગ ક્યારે બન્યો ?

મુ૦—તે બાબતમાં જરા મતભેદ છે. એક માન્યતા એવી છે કે તેમનો જન્મ સને ૧૪૭૯ એટલે સંવત ૧૫૩૫ માં થયો, જ્યારે બીજી માન્યતા પ્રમાણે તેઓશ્રી સને ૧૪૭૩ (સં. ૧૫૨૯)માં જન્મેલા. આ વિષે વિદ્વાનોમાં રસપૂર્ણ ચર્ચા ચાલે છે. અદ્યાપિ આખરનો નિર્ણય થયો નથી. મોટો વર્ગ પહેલી માન્યતાના પક્ષમાં છે પણ તેથી ઉદ્ભવતી કેટલીક ગુંચવણોનો ઉકેલ તો બીજી માન્યતા વડે જ થાય છે. જો તેમનો જન્મ દિવસ પાંચ વર્ષ આગળ ઠેલાય તો વિજયનગરના દરબારમાં તેમના ૧૧ મા વર્ષે વાદ જીતાયાનો પ્રસંગ છે, તે ઐતિહાસિક દૃષ્ટિએ વધારે બંધબેસતો થાય. આપણામાં જીવનચરિત્રો લખવાનો મૂળથી જ અભાવ છે અને આવા મહાપુરુષના વખતમાં કોઈ સમકાલીન વિદ્વાન ભક્તે આ બધી હકીકતોની નોંધ ચોકસાઈથી રાખવાનું ઉચિત ધાર્યું નથી એ એક કમનશીબી છે.

જી૦—ત્યારે એમનું જીવન ચરિત્ર પહેલ વહેલું કેટલા વખત પછી લખાયું ?

મુ૦—લગભગ ૬૦ વર્ષ પછી. જે વખતે તે લખાયું તે વખતે શ્રી મહાપ્રભુજીના સમકાલીન ભકતો ભૂમિ પર હયાત હતા. પણ એથી વિશેષ તો તેમના પુત્ર શ્રી ગોસાંઈજી પણ ભારે વિદ્વાન હતા અને પિતાએ અધુરૂં મૂકેલું ધર્મસાહિત્યનું કાર્ય તેમણે જ પુરૂં કર્યું હતું. એટલે ઘણી મુદ્દાની હકીકતો તો પ્રાપ્ત થઈ શકે છે. પણ એવા અંધાધુધીના સમયને લઈને કે કૌટુમ્બિક કારણોને લઈને કે પછી પૂરતા અવકાશના અભાવે, આપશ્રીએ લખેલું કે લખાવેલું બધું જ સાહિત્ય અદ્યાપિ ઉપલબ્ધ થઈ શકતું નથી. શ્રી ભાગવત ઉપર ઘણીએ ટીકાઓ લખાયેલી છે પણ સુબોધિની જેવી શ્રેષ્ઠ ટીકા અદ્યાપિ લખાઈ નથી ને તે પૂરેપૂરી હાલતમાં મળતી નથી, એ ઘણા શોકની વાત છે. એક મત એવો છે કે શ્રી મહાપ્રભુજીને ભૂતલ છોડી પ્રભુધામમાં જવાની આજ્ઞા થવાથી આપશ્રીએ તે કાર્ય જેમ અને તેમ જલદીથી આટોપી લેવા અગત્યના ભાગ ઉપર ટીકા લખીને બાકીના ભાગો પડતા મૂક્યા. બ્રહ્મસૂત્ર ઉપરની અણુભાષ્ય નામની ટીકા પણ અડધી પ્રાપ્ત થઈ શકે છે. પણ તે તો તેઓશ્રીએ પૂરેપૂરી લખી હોવી જોઈએ એ ચોક્કસ છે. તેનો નાશ થયો કે તે ગુમ થઈ એનો નિર્ણય કરવાને અત્યારે આપણી પાસે કશું સાધન નથી. પરંતુ સુભાગ્યે પિતાના આશયને વળગી રહી શ્રી વિઠ્ઠલનાથજીએ બાકીનો ભાગ પૂરો કર્યો છે અને તેમ કરીને પિતા પ્રત્યેનું અપૂર્વ ઋણ અદા કર્યું છે. તેથી આપણા માર્ગમાં પુતાપુત્ર બન્નેને આચાર્યત્વની પ્રાપ્તિ થયેલી માનવામાં આવે છે.

જી૦—ત્યારે આપશ્રીએ વાદનો ગ્રન્થ લખ્યો તે અણુભાષ્ય અને ભક્તિનો ગ્રન્થ લખ્યો તે સુબોધિની ટીકા એમજ ને? એઓશ્રીએ એ ઉપરાંત પણ અન્ય ગ્રન્થો લખ્યા હશે?

મુ૦—માર્ગમાં તો એવી માન્યતા છે તેઓશ્રીએ ૮૪ ગ્રન્થો લખ્યા હોવા જોઈએ. ૮૪ ગ્રન્થો, ૮૪ બેઠકો ને ૮૪ વૈષ્ણવો.

જી૦—આ ઉપર હું જરા વધારે વિસ્તાર ઈચ્છું છું.

મુ૦—મેં તમને કહ્યું કે તેઓશ્રીની જન્મતિથી માટે મતભેદ છે. તે ગમે તે હો. પણ તેમનો બાળકાલ ને કિશોરકાલ શાસ્ત્રના અભ્યાસમાં તથા ચિન્તનમાં ગયેલો આ કાર્ય તેઓશ્રીના વિદ્વાન પિતાએ તથા મધુસુદન નામના સંન્યાસીએ કર્યું હતું. તેઓશ્રીની બુદ્ધિમત્તતા એવી તો પ્રગલ્ભ ને તીક્ષ્ણ હતી કે ભલા ભલા પંડિતો પણ તેઓશ્રીના ઉત્તરથી સ્તબ્ધ થઈ જતા. તેથીજ તેઓશ્રી નાનપણથી બાલસરસ્વતીના ઉપનામથી ઓળખાતા. તેઓશ્રી ૧૧ વર્ષની વયે પહોંચ્યા ત્યાં તો તેઓશ્રીના જીવનનો મહાપ્રસંગ આવી પડયો. તેઓશ્રીના પિતા લક્ષ્મણભટ્ટજીનો સં. ૧૫૪૬માં વૈકુંઠવાસ થયો. આ સમયે આપશ્રીની ઉમર નાની ૧૧ વર્ષની હતી. આવી નાની ઉમરે મહાપ્રભુજીએ પોતાનું જીવનકાર્ય શરૂ કર્યું.

એઓશ્રીના ગ્રન્થો વાંચતાં આપણને લાગ્યા વિના રહેતું નથી કે ભગવત્કાર્ય કરવાને ભગવાને પોતે આપશ્રીને ભૂતળ ઉપર મોકલ્યા છે, એવી માન્યતા આપશ્રીનામાં દૃઢ હતી. આવા અનેક ઉલ્લેખો આપશ્રીના ગ્રન્થમાં આપણે વાંચીએ છીએ. આપશ્રીના જીવનનું આ ભગવત્કાર્ય આપે ઘણી સુંદર રીતે પાર પાડવું છે. આપશ્રીને પ્રકટ થયે આજે સાડાચારસો ઉપર વર્ષો થયાં, છતાં પુષ્ટિસૃષ્ટિની વેલ હજુ વધ્યાં જ જાય છે, એ તેની સાબિતી છે.

જી૦—ત્યારે તો આ વાત લગભગ ૧૬ મા સૈકાની થઈ. સોળમો સૈકો એ સુધારાનો યુગ કહેવાય છે, અહીં તેમજ બીજે.

મુ૦—હિંદુસ્થાનમાં આ અગાઉ ઘણા સાધુસંતો ધાર્મિક ચૈતન્ય જાગ્રત કરી રહ્યા હતા. પરંતુ કોઈ એવા બળની જરૂર હતી, જેમાં આ બધી નાની મોટી વાહિનીઓ સમાઈ જાય અને ભક્તિનો

આદર્શ વધારે સ્થિર રૂપમાં ચિરંજીવ બને. પુષ્ટિમાર્ગના મંદિરોમાં સેવા પૂજાનો જે પ્રકાર ચાલે છે, તેનું અનુકરણ થોડેઘણે અંશે લગભગ બધાજ માર્ગોમાં, પછી ભલેને તે શિવાલયો હોય, છતાં તેમાંયે પ્રચલિત થયેલું જોવામાં આવે છે. આ ઉપરથી તેની વ્યાપક અસરનો આપણને કંઈક ખ્યાલ આવે છે.

જી૦—ધાર્મિક આંદોલનને કંઈ ઐતિહાસિક કારણો પણ હોવાં જોઈએ.

મુ૦—હા. દુનિયામાં ઇસ્લામ ધર્મના મોજાએ અત્યંત ખળભળાટ મચાવ્યો હતો. હિંદુસ્થાન પણ તેની અસર વિના રહી શક્યું નહિ. જ્યારે મહાપ્રભુજીનો પ્રાદુર્ભાવ થયો ત્યારે ઈસ્લામ ધર્મની અસર હિંદને ખૂણેખાંચરે પહોંચી ગઈ હતી. હિંદુઓનાં પવિત્ર સ્થાનો ભ્રષ્ટ થયાં હતાં. કોઈ ઠેકાણે ધાર્મિક અત્યાચારોથી તો કોઈ ઠેકાણે રાજ્યલોભ ને સ્વાર્થી વલણથી પણ હિંદુઓએ પરધર્મ સ્વીકાર્યો હતો. આન્તરિક ધાર્મિક સ્થિતિ પણ બગડી ગઈ હતી. લોકમાં અજ્ઞાન ને વહેમનું સામ્રાજ્ય પ્રવર્તતું હતું. હજારો જાતના દેવ-દેવીઓની પોતાની કામના પૂરી કરવાને અર્થે સાધનાઓ કરવામાં આવતી હતી. પંડિતો પણ પાખંડી થઈ ગયા હતા. તે વખતની સ્થિતિનું આબેહૂબ વર્ણન ખુદ મહાપ્રભુજીએ એઓશ્રીના શ્રી कृष्णाश्रय નામના ગ્રન્થમાં આપ્યું છે તે જોવાથી ખાતરી થશે. ધર્મમાં આ બધી અવ્યવસ્થા જોઈ, શ્રૌત ને સ્માર્ત માર્ગો ફક્ત નામના જ રહ્યા છે અને આચારમાં દ્વિજો તથા દ્વિજેતરો લગભગ સરખા થઈ ગયા છે, આપશ્રીને ખાતરી થઈ કે એક જ ધર્મની, એકજ દેવની, એક જ શાસ્ત્રની ને એક કર્મની વાત લોકો આગળ મૂકવી જોઈએ.

જી૦—પણ, હું ભૂલતો ન હોઉં તો તે વખતે ગ્રન્થો તો

છપાતા નહિ હોય. મુસાફરી માટે સગવડભર્યાં સાધનો પણ નહિ હોય. તેવા સમયમાં પ્રચારકાર્ય શી રીતે થઈ શકે ?

મુ૦—અત્યારે તો રેલ્વે, મોટર, હવાઈ વિમાનની એવી સગવડો છે. મુસાફરી વિજળીક ગતિએ થઈ શકે પણ, તે જમાનામાં આવી કોઈ જાતની સગવડો નહોતી આવે વખતે આપશ્રીએ આખા હિંદુસ્થાનમાં. પગપાળા મુસાફરી કરી. અને તે એક વખત નહિ પણ ત્રણ ત્રણ વાર. એ કાંઈ રમત વાત નથી. મહાપ્રભુજીએ કેવળ જનકલ્યાણ અર્થે આવી અખિલ હિંદની મુસાફરી ત્રણ વખત કરેલી એવું જ્યારે આપણા જાણવામાં આવે છે ત્યારે આપણું મસ્તક તેઓશ્રીના ચરણમાં નમ્યા વિના રહેતું નથી. આપશ્રી ભૂતલ ઉપર ૫૫ વર્ષ સુધી બીરાજ્યા. આ દરમ્યાન આપશ્રીએ હિંદના પર્યટનમાં કેટલો સમય ગાળ્યો તેની તમને ખબર છે ?

જી૦—જી, ના.

મુ૦—મે પૂર્વે તમને કહ્યું કે આપશ્રીએ પોતાનું જીવનકાર્ય છેક ૨૧ વર્ષની નાની ઉંમરે શરૂ કર્યું-અને ૨૨ વર્ષ પર્યંત પર્યટનનું કાર્ય ચાલુ રાખ્યું. આ બાવીસ વર્ષના ગાળામાં આપશ્રીએ આખા હિંદુસ્થાનમાં ત્રણ વખત પવિત્ર સ્થાનોની યાત્રા કરી ને ઠેર ઠેર શ્રીમદ્ ભાગવતની સપ્તાહો કરીને તથા વિદ્વાનો જોડે ધાર્મિક ચર્ચાઓ કરીને તથા જનસમૂહ સમક્ષ ધાર્મિક વ્યાખ્યાનો કરીને પોતાનો ધાર્મિક સદેશો ફેલાવ્યો.

જી૦—ત્યારે તો આપશ્રીએ આવી સપ્તાહો પુષ્કળ કરી હશે.

મુ૦—અલબત્ત. જે જે જગાએ આપશ્રીએ શ્રી ભાગવતની સપ્તાહો કરેલી, ત્યાં ત્યાં અત્યારે આપશ્રીના નામની બેઠકો મોજુદ છે. તે દરેક બેઠક પાછળ કંઈ ને કંઈ ચમત્કારી બીના

બન્યાના પ્રસંગો પણ છે. તેનો હેવાલ પણ બેઠક ચરિત્રમાંથી આપણને મળી રહેછે.

જી૦—ત્યારે આપશ્રી ગ્રન્થલેખનનું કાર્ય ક્યારે કરતા ?

મુ૦—આપશ્રીના ફુટકર નાના ગ્રન્થો તો બધા પ્રાસંગિક છે. આ પૈકી ષોડશ ગ્રન્થો સુવિખ્યાત છે. માર્ગ દર્શન થવા માટે આ ગ્રન્થો અમુલ્ય છે. તે એટલા ઉપરથી જણાશે કે દરેક ગ્રન્થ ઉપર આઠ આઠ દશ દશ ટીકાઓ સંસ્કૃતમાં લખાયેલો છે. આપણા પ્રસિદ્ધ કવિવર ન્હાનાલાલભાઇએ આ ટીકાઓનો અભ્યાસ કરી, મૂળ વસ્તુને સમશ્લોકીમાં ઉતારી છે. એમ કહેવાય છે કે ‘ નિરોધ લક્ષણ ’ ગ્રન્થ વાંચી તે એટલા બધા મુગ્ધ થઈ ગયા હતા કે તેમની દૃષ્ટિએ આવો અપૂર્વ ગ્રન્થ બીજો ભાગ્યે જ હશે એવો તેમનો અભિપ્રાય હતો.

જી૦—ત્યારે ઉપરોક્ત ગ્રન્થ ઉપર વધારે નહિ તો કિંચિત્ કિંચિત્ પ્રકાશ ન પાડો ?

મુ૦—ગ્રન્થની મૂળ વસ્તુને પામવા માટે તો તમારે મૂળ ગ્રન્થનો અભ્યાસ કરવો જોઇએ. આ ષોડશ ગ્રન્થ પાછળ માર્ગની એક અતુટ સંકલના રહેલી છે. જેને તેનુ રહસ્ય હૃદયંગળ થઇ જાય, તેને માટે માર્ગના વિશેષ જ્ઞાનની અપેક્ષા ઘણી ઓછી રહે છે. જુઓ, હું તેના સંબંધી એક વાત કહું. એક વખત શ્રી યમુનાજીના ઠકરાણી ઘાટ ઉપર આપશ્રી ચિન્તનયુક્ત દશામાં મધ્યરાત્રિએ જરા આડા થયા. તેવામાં શ્રી ઠાકોરજી પોતે પધારી જીવનો બ્રહ્મ સાથે આત્મનિવેદન દ્વારા કેવી રીતે સંબંધ કરાવવો એ વિષે આશ્વસન આપી નિવેદન મંત્રનું દાન કરી આપશ્રીને ચિન્તામુક્ત કર્યા. જેઓ આવી રીતે આત્મસમર્પણ કરી બ્રહ્મસંબંધ ગ્રહણ કરશે. તેઓ પાંચ પ્રકારના

દોષોમાંથી મુક્ત થઇ પ્રભુના વરણ માટે અધિકારી થશે, એ વિષે પણ આપશ્રીને શ્રી ઠાકુરજીએ ખાતરી આપી. આ બનેલી હકીકત ઉપર આપશ્રીએ એક सिद्धान्तरहस्य નામનો સ્વતંત્ર ગ્રન્થ લખ્યો છે.

આ બનાવ શ્રાવણ માસના શુક્લ પક્ષની પવિત્ર એકાદશીની મધ્ય રાત્રે બનેલો. આ અપૂર્વ પ્રસંગના મહાત્મ્ય ઉપરથી તે દિવસને એક મહોત્વસ તરીકે ઉજવી વૈષ્ણવો યદ્યાપિ પણ તેની પવિત્રતાનું સ્મરણ કરે છે.

એક બીજો પ્રસંગ પણ એવો જ મનનીય છે. શ્રી મહાપ્રભુજીની જેવી ૮૪ બેઠકો ગણાય છે, તેવાજ આપશ્રીના ૮૪ વૈષ્ણવો તો ઉત્તમ કોટીના હતા. આ બધા વૈષ્ણવો આધ્યાત્મિક ઉન્નતિની સર્વોત્કૃષ્ટ સ્થિતિએ પહોંચેલા હતા. તેઓ બધા નિર્ગુણ ભકતોની સર્વોત્તમ કોટીના હતા. તેમના જીવનના પ્રસંગો શ્રીગોશાઇજીના ચોથા લાલજી શ્રી ગોકુલનાથજીએ આપશ્રીની બેઠકમાં કહેલા તે આપશ્રીના ભકતોએ ઉતારી લીધેલા હતા. આ બધા પ્રસંગો ગ્રન્થના સ્વરૂપમાં હાલ પ્રાપ્ત થાય છે. તે જોવાથી તેમની વૈરાગ્યયુક્ત ભક્તિનો આપણને કંઈક ખ્યાલ આવશે. આ વૈષ્ણવો પૈકી એક રામદાસ નામના મહાપ્રભુજીના અંગત સેવક હતા. તેમને મનમાં એજ ધખારો રહ્યાં કરતો કે તનુજા ને વિત્તજા સેવા કરૂ છું છતાં શા માટે ચિત્ત વ્યગ્ર રહે છે? આત્મસમર્પણ કર્યું છે, છતાં મારાથી અર્થ ને શરીરનો વિનિયોગ અન્યમાં થઈ જાય છે? તો મારી શી ગતિ થશે? આવી જાતની ચિન્તા તેમને અશાન્ત કરી મુકતી. તેના નિવારણ અર્થે શ્રી મહાપ્રભુજીએ ‘ **નવરત્ન** ’ નામનો સુંદર ગ્રન્થ લખી મોકલી તેનો નિત્ય પાઠ કરવાની આજ્ઞા કરી. અને તમને જાણીને આનંદ થશે કે ગ્રન્થના સેવનથી તેમને પરમ શાંતિ પ્રાપ્ત કરી. તે ગ્રન્થ અમુલ્ય રત્નથી ભરેલો છે. હું સ્વાનુભવ પૂર્વક કહું છું કે જો કોઈ શ્રદ્ધાપૂર્વક તેનું

સેવન કરે તો અવશ્ય તેને નિશ્ચિંતતાનું ફળ મળે જ મળે. વળી એક ત્રીજો પ્રસંગ. આમાં આપે પોતાના સ્વાનુભવને ગ્રન્થમાં ઉતાર્યો છે. તેમાં આપ જણાવે છે કે મને શ્રી ઠાકુરજીએ બે આજ્ઞાઓ કરી પણ, મેં તેનું પાલન કર્યું નહિ પણ હવે તો મને ત્રીજી આજ્ઞા થઇ છે કે મારે દેહ ને દેશનો ત્યાગ કરી પ્રભુની સન્નિધિમાં જવું. હવે મારે આ ત્રીજીવારની આજ્ઞાને તો ઝટ ઉઠાવવી જોઇએ. દાસનો એ જ ધર્મ છે. પ્રભુ દયાળુ છે ને તે લૌકિક રીતથી આજ્ઞાભંગ માટે પોતાના દાસની તુલના નહિ કરે. માટે ઓ મારા અંતઃકરણ ! ચિન્તા ન કર ! આ ગ્રન્થ अतःकरणप्रबोधना નામથી સુપ્રસિદ્ધ છે.

આ ઉપરાંત એવા તો ઘણાએ પ્રસંગો છે, જે ઉપરથી આપશ્રીના દયાળુતાનો ને કોમળતાનો આપણને અનુભવ થાય છે. એવું બન્યું કે આપશ્રી પરદેશ પધારેલા. પાછા આવીને આપશ્રીએ જોયું તો માલુમ પડયું કે આપશ્રીના મોટા પુત્ર ગોપીનાથજીએ એવો નિયમ ગ્રહણ કર્યો છે કે મારે શ્રીમદ્ ભાગવતનો પાઠ પૂરો કરી ત્યાર પછી પ્રસાદ લેવો. આમ કરતાં સહેજે બેથી અઢી દિવસ થતા. આવી તપશ્ચર્યાથી કોમળ. પિતાને આનંદ સાથે કલેશ થયો. તેથી આપશ્રીએ પુરુષોત્તમસહસ્ત્ર નામનો અપૂર્વ ગ્રન્થ પ્રકટ કર્યો. તેમાં શ્રીમદ્ ભાગવતમાંથી પ્રકટ તેમજ અપ્રકટ એવાં ૧૦૦૦ ઉપરાંત ભગવાનનાં નામો ઉદ્ધત કર્યાં અને આજ્ઞા કરી કે તમારે આ પુરુષોત્તમસહસ્ત્રનો નિત્ય પાઠ કરવો. આનો પાઠ કર્યાથી શ્રીમદ્ ભાગવતના પાઠનું ફળ મળશે. તેવો જ બીજો પ્રસંગ આપશ્રીના બીજા પુત્ર શ્રી વિઠ્ઠલનાથજી માટે બનેલો તે પણ જાણીતો છે. પહેલા પુત્રમાં જ્ઞાનનો વિશેષ આવેશ હતો, જ્યારે બીજામાં પ્રેમ ને ભક્તિની વિશેષતા હતી. તેથી તેમને માટે ભક્તિની ત્રણ દશા, જેવી કે પ્રેમ, આસક્તિ ને વ્યસન, તેની સિદ્ધિ અર્થે આપશ્રીએ 'ત્રિવિધ નામાવલિ' નામનો ગ્રન્થ રચ્યો.

તેમાં શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાંથી ભગવાનનાં લીલામુક્ત સુંદર નામો આપવામાં આવ્યાં છે. આનો નિત્ય પાઠ શ્રી વિઠ્ઠલનાથજી કરતા.

આ ઉપરથી તમે જોઈ શકશો કે આપશ્રીના જીવનની પ્રવૃત્તિ કેવા પ્રકારની હતી અને આપશ્રીના લૌકિક સંબંધો પણ કેવા અલૌકિક ને આત્મિક ભૂમિકા ઉપર રચાયેલા હતા.

જી૦—આપે પૂર્વે એવું કહ્યું હતું કે શ્રી મહાપ્રભુજીને લગનસંબંધ કરવાની પ્રભુએ આજ્ઞા કરેલી તેથી જ આપ સંસારમાં જોડાય, નહિતર આજીવન બ્રહ્મચારી રહેવાનો આપનો વિચાર હતો. તો તે બાબતમાં શી હકીકત છે, તે હરકત ન હોય તો આપ કહો.

મુ૦—એ વાત સાચી છે આપશ્રી જ્યારે બીજી વારની પૃથ્વી પરિક્રમમાં હતા ત્યારે પંઢરપૂરમાં શ્રી વિઠ્ઠલનાથજી દ્વારા આ આજ્ઞા થયેલી. પણ આજે તો મોડું થઈ ગયું છે એટલે હવે આ વિષય ઉપર વધારે વાત આપણે આવતી કાલે કરીશું.



श्रीभागवतप्रतिपदमणिवरभावांशुभूषिता मूर्तिः ।
श्री वल्लभाभिधानः तनोतु निजदास्यसौभाग्यम् ॥

(૧૯) શ્રી મહાપ્રભુજી

મુકુંદદાસ—મેં તમને ગઇકાલે પાંડુરંગ શ્રી વિઠ્ઠલનાથજીએ આપશ્રીને લગ્ન કરવાની આજ્ઞા કરી હતી એ વિષે ઉલ્લેખ કર્યો હતો. આ ગાથા માટે માર્ગમાં દૃઢ માન્યતા પ્રચલિત છે. આપશ્રીના નાના પુત્રનું નામ પણ શ્રી વિઠ્ઠલનાથજી તે ઉપરથી રાખવામાં આવ્યું છે.

માર્ગમાં શ્રી મહાપ્રભુજી વિપ્રયોગ દશાનું સ્વરૂપ ગણાય છે. તેથી ભૂતલ ઉપર આપશ્રીનું બીરાજવું લાંબી મુદતનું નહોતું થવાનું. તેથી આપશ્રીનું કાર્ય પુરૂં કરવાને તથા આપશ્રીએ સ્થાપેલો નિર્ગુણ ભક્તિનો માર્ગ સુદૃઢ બને તે માટે આવા વંશ કલ્પદ્રુમની જરૂર હતી. તે આપશ્રીના દ્વિતીય પુત્ર દ્વારા પાર પડી. તેમને સાત પુત્ર રત્નો હતાં, એથી પુષ્ટિ માર્ગમાં સાત સ્વરૂપોની સાત ગાદીયો સ્થપાઈ, અને તે દ્વારા અનેક પ્રકારના જીવો બ્રહ્મસંબંધમાં આવ્યા.

ઉપરનો લગ્ન પ્રસંગ આપશ્રી જ્યારે ૩૨ વર્ષની વયના હતા ત્યારે બન્યો. વળી એમ કહેવાય છે કે આવો જ એક મહત્ત્વનો ઐતિહાસિક કનકાભિષેકનો પ્રસંગ જ્યારે આપશ્રી બીજીવાર અખિલ હિંદની પરિક્રમા કરવા નીકળેલા તે વેળાએ બન્યો હતો.

જી૦—એ પ્રસંગ કેવો ?

મુ૦—વિજય નગરમાં થયેલા આ કનકાભિષેક વાસ્તે બે જાતના

મત પ્રચલિત છે. અત્યાર સુધી એવું મનાતું કે જ્યારે આપશ્રી પહેલીવારની યાત્રામાં નીકળ્યા, ત્યારે આ પ્રસંગ બનેલો. પણ, તેમ માનતાં ઇતિહાસનો થોડો વિરોધ આવે છે. તેથી હવે તો નિર્વિવાદપણે એવું સ્વીકારવામાં આવે છે કે બીજીવારની મુસાફરી દરમ્યાન તે બનેલો હોવો જોઈએ. હકીકત એવી છે પ્રખ્યાત વિજયનગરના રાજા કૃષ્ણદાસ પોતે વિષ્ણુનો ભક્ત હતો અને તેની રાણી શિવમાર્ગી હતી. એથી બન્ને વચ્ચે માર્ગના ઉચ્ચનીચપણાની બાબતમાં મતભેદ રહ્યાં કરતો. તેથી રાજાએ એક ધાર્મિક સભા બોલાવી તેનો નિર્ણય કરવાનો નિશ્ચય કર્યો. હિંદમાં સત્યના નિર્ણય માટે વિદ્વાનોની આવી સભાઓ બોલાવવાનો રિવાજ બહુ સુપ્રસિદ્ધ છે. ઉપરની સભામાં વિશિષ્ઠાદ્વૈતાચાર્યશ્રીને સભાનું મધ્યસ્થપણું આપવામાં આવેલું અને આખા હિંદુસ્થાનમાંથી જુદા જુદા માર્ગના આચાર્યો તથા પંડિતોને વાદ માટે નોતરવામાં આવેલા. વાદ લાંબા વખત સુધી ચાલ્યો ને શાંકરમતનો વિજય જાહેર થવાની અણી ઉપર હતો, તેવામાં શ્રી મહાપ્રભુજીને ખબર પડતાં તેઓશ્રી પોતે ત્યાં આવી પહોંચ્યા અને વાદ ફરીથી ચાલુ થયો. પરિણામે આપશ્રીનો વિજય થયો. ત્યારથી સભાના સભ્યોની સંમતિથી આપશ્રીને આચાર્યપદ અર્પણ કરવામાં આવ્યું ને તેમનો દિગ્વિજય જાહેર કરવામાં આવ્યો. આ પ્રસંગે રાજા તરફથી આપશ્રીનો જે કનકાભિષેક થયેલો તે સુપ્રસિદ્ધ છે. આ બનાવ પછી શ્રી મહાપ્રભુજી આચાર્ય તરીકે પ્રસિદ્ધ થયા અને સર્વવાદના વિજેતા તરીકેનું તિલક તેમને કરવામાં આવ્યું.

જી૦—બુદ્ધ ભગવાનના જમાનામાં પણ આવી ધાર્મિક પરિષદો થયાનું સાંભળ્યું છે.

મુ૦—આપણો હિંદુસ્થાન ધર્મપ્રધાન દેશ હતો ને કંઇક અંશે અદ્યાપિ છે. તેથી હાલમાં રાજકીય પરિષદોનું જેવું મહત્ત્વ સમાજમાં

લેખવામાં આવે છે, તેનું જ બલ્કે તેથી પણ વધારે મહત્ત્વ તે વખતની ધાર્મિક પરિષદોનું ગણવામાં આવતું. આવે વખતે ચર્ચાને અંતે ધર્મનો કયો વાદ શાસ્ત્રાધારે સર્વોત્તમ સિદ્ધ થઈ શકે છે એનો નિર્ણય થતો. પરંતુ, એ ઉપરથી એવું સમજવાનું નથી કે બધાને તેનો સ્વીકાર કરવાની ફરજ પાડવામાં આવતી. ધર્મ એ બુદ્ધિ કરતાં શ્રદ્ધા ને આત્માનો વિષય છે ને તે સંબંધની પૂર્ણ સ્વતંત્રતા ઘણા પ્રાચીન સમયથી સ્વીકારવામાં આવેલી છે. તેથી તો અહિં અનેક ધર્મો ને પંથો હોવા છતાં, ધાર્મિક ઝઘડાઓ ઓછા જોવામાં આવે છે. અરે ! એટલું જ નહિ. આજે પણ તમે એક જ કુટુમ્બમાં જુદા જુદા ધર્મો પાળતા કુટુંબીજનો એક સંપથી રહેતાં ને અન્યોન્ય પ્રત્યે પ્રેમ દાખવતાં જુઓ છો. એક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હોય તો બીજો સ્વામીનારાયણ પંથી તો ત્રીજો જૈન. ધાર્મિક ઉદારતા ને સહનશીલતાના અભાવમાં આવું ન જ બને.

જી૦—વારૂ, પણ, મને પુષ્ટિમાર્ગમાં જે એક વસ્તુ ખાસ કરીને જોવામાં આવે છે, તે બીજે ઠેકાણે એટલા પ્રમાણમાં જોવામાં નથી આવતી. પુષ્ટિમાર્ગમાં સેવાને ઘણું જ મહત્ત્વ અપાયું છે. એ ક્યારે ને કેવી રીતે બન્યું એ જાણવાની મને ઘણી જીજ્ઞાસા છે.

મુ૦—આ વાત મારે તમને પ્રથમથી જ કરવી જોઈતી હતી. પણ, ઠીક થયું કે તમે જ મને એ પ્રશ્ન પૂછ્યો. માર્ગીય ગાથા પ્રમાણે શ્રી મહાપ્રભુજીનું અને શ્રી ગોવર્ધનનાથનુ (શ્રીનાથજીના નામથી પ્રસિદ્ધ છે) પ્રાકટ્ય એકી વખતે થયું એમ કહેવાય છે. કહે છે કે શ્રી મહાપ્રભુજી પોતાના સેવકો સાથે ઝારખંડીમાં બીરાજતા હતા, તે વખતે તેમને પ્રભુ તરફથી આજ્ઞા થઈ કે તમે વ્રજમાં આવી મને પ્રકટ કરો. ઉપર પ્રમાણેની દૈવી વાણી સાંભળી શ્રી મહાપ્રભુજી આપશ્રીના પટશિષ્ય દામોદરદાસ વગેરે શ્રી ગોકુલ પધાર્યા ને સદુપાંડે નામનો વ્રજવાસી રહેતો હતો, તેના ચોતરા ઉપર મુકામ કર્યો. એ

અગાઉ શ્રી ગિરિરાજમાંથી શ્રી દેવદમન નામથી જાણીતા થયેલા દેવ થોડે અંશે પ્રકટ થયા હતા, જેની આસપાસના લોકો પૂજા કરતા હતા. આ દેવદમન એ જ શ્રી ગોવર્ધનનાથજીનું સ્વરૂપ. શ્રી મહાપ્રભુજીએ અન્ય લોકોની મદદથી તેમને બહાર કાઢી પાટ બેસાર્યા ને તેમની પૂજાનો વિધિ લોકોને શીખવી, પૂજારીની નિમણુંક કરી, પછીથી આપ પર્યટનમાં પધાર્યા. ત્યાર પછી તો શ્રી મહાપ્રભુજીના સેવક પૂર્ણમલ્લ દ્વારા મોટા પાકા મંદિરનો પ્રબંધ થયો અને વિધિસર સેવાનો સામગ્રી તેમજ કીર્તનની વ્યવસ્થાનો પ્રબંધ કરવામાં આવ્યો. આપશ્રી થોડો સમય ત્યાં રહી શ્રી ગોવર્ધનધરની પોતાના નીજ હસ્તે સેવા કરી માર્ગદર્શન કરાવ્યું. આ વખતે આપ ગૃહસ્થાશ્રમના ધર્મો પાળતા હતા અને આપનો કાયમનો મુકામ કાશીથી અડેલમાં નક્કી કરવામાં આવ્યો હતો. અહીં પોતે શ્રી મદનમોહનજીની સેવા કરતા, અને અવકાશના સમયે ગ્રન્થલેખનનું કાર્ય કરતા. યા તો જો કોઈ વિદ્વાન ધર્મની ચર્ચા કરવા આવે તો તેમ કરી તેના મનનું સમાધાન કરતા. આમ એક આદર્શ ગૃહસ્થને છાજે તેવું ભગવદ્‌મય જીવન પસાર કરતા. જ્યારે કાશીમાં હોય ત્યારે શ્રી પુરુષોત્તમદાસને ત્યાં આપશ્રીનો મુકામ રહેતો. ત્યાં પણ વિદ્વાનોના વાદથી કંટાળી આપે 'પત્રાવલંબન' નામનો ગ્રન્થ લખી કાશીવિશ્વનાથના મંદિર ઉપર ચોટાડ્યો ને વિદ્વાનોને વાદનું આહ્વાહન આપી અંતે એકાંત સેવવાની ઇચ્છાથી ઉપર જણાવ્યું તેમ અડેલમાં આવી વસ્યા હતા. અહીં પણ અવારનવાર વાદીઓનું આવાગમન થવાથી માર્ગની સેવાનું કાર્ય ઘણું બાકી હોવાથી પોતે ચરણાટમાં છેટે એકાંતવાસ કર્યો. આ બધા સમયમાં આપશ્રીએ એક એવો નિયમ ગ્રહણ કરેલો કે દર ચોમાસા દરમ્યાન મારે વ્રજમાં શ્રી ઠાકોરજીની સેવામાં ગાળવો એ નિયમ આપશ્રીએ ઠેઠ સુધી પાળેલો.

૭૦—આપે આ બધી હકીકત કહી પણ આપશ્રીનું સેવકવૃંદ

પણ જેવું તેવું નહિ હોય. આપે તો અત્યાર સુધીમાં ખાસ એમને વિષે કશું જ કહ્યું નથી.

મુ૦—એ વિષે વિસ્તારથી કહેતાં તો બહુ સમય જોઈએ. છતાં તેઓનો અન્યોન્ય સંબંધ કેવો હતો તેનો ખ્યાલ તમને અહીં આપું તો તે બસ થશે, એમ હું માનું છું.

ઈ૦—હા, એ વગર આ ચિત્ર અધુરું જ રહે.

મુ૦—એ મારા ખ્યાલ બહાર નથી. એ વાત ખરી છે કે હરકોઈ ધર્મનો પાયો તત્ત્વવિચાર હોય છે. તત્ત્વવિચાર એ જ ધર્મનો આત્મા છે. પરંતુ જ્યાં લગી આ તત્ત્વનો આત્મા તે તે ધર્મના અનુયાયીઓના ચારિત્રોમાં ઉતરી જીવંત રૂપમાં પ્રકટ ન થાય ત્યાંલગી તેની કશી કીમત નથી હોતી. ધર્મના સ્થાયીપણાનો આધાર તેના ગ્રન્થો કે વ્યાખ્યાનો પર નથી હોતો પણ તેના ચરિતાર્થ ઉપર મુખ્યત્વે કરીને રહે છે. આ દષ્ટિએ જોતાં શ્રી મહાપ્રભુજીના નીજ સેવકો ચારિત્ર્યની બાબતમાં એવા ઉત્તુંગ ગિરિશૃંગ જેવા છે, કે યથાર્થરૂપમાં તેમની કલ્પના કરવી પણ આપણે માટે મુશ્કેલ છે.

એમ જણાય છે કે આપશ્રીના પિતા પણ મહાપંડિત હતા અને તેમણે પણ અમુક ગ્રન્થો લખ્યા હતા. એમને પણ કેટલું જ શિષ્ય મંડળ હતું, તે આ ઉપરથી જણાય છે કે લક્ષ્મણ ભટ્ટજીએ જ્યારે પરલોકવાસ કર્યો ત્યારે તેમના જે કેટલાક શિષ્યો હતા તેમણે મહાપ્રભુજી પ્રત્યે પણ ગુરુભાવ દર્શાવેલો. આ સેવકો આપશ્રીને ઠેઠ સુધી વળગી રહેલા એ તેની ખૂબી છે. તેઓ પણ યાત્રામાં મહાપ્રભુજીની જોડે સેવાના કાર્યમાં જોડાયેલા હતા. જ્યારે પ્રથમ વારની મુસાફરીમાં તેઓશ્રી વર્દામાં આવ્યા ત્યારે દામોદર હરસાની આપશ્રીના સેવક થયા. આ દામોદર નાનપણથી ત્યાગવૃત્તિવાળા

હતા. તેમાના પિતાજીની મિલકતની વહેંચણી થઇ ત્યારે તેમના ભાગે આવેલી મિલકતનું તેમને શું કરવું, એવી વિમાસણમાં પડી ઝરૂખામાં બેઠા બેઠા વિચારનિમગ્ન હતા, તેવામાં જ તેમણે વર્ધામાં દાખલ થતા શ્રી મહાપ્રભુજીને જોયા. જોતાં વેંતજ તેમના સ્વરુપ ઉપર આસક્તિ થઈ જેમ કોઈ આશક પોતાની માશૂક પાછળ ઘેલો થઈ ભટકયાં કરે, તેમ આપશ્રીનાં દર્શનથી મુગ્ધ બની આપશ્રીના સાનિધ્યમાં બેઠા તે બેઠા. આ આપશ્રીના પ્રથમ સેવક. આપશ્રી ઘણીવાર કહેતા કે " દમલા, મેં આ માર્ગ તારે માટે પ્રકટ કર્યો છે " આ શબ્દોનું ગૂઢ રહસ્ય આપણને આપશ્રીની વ્યામોહલીલા પછી જણાય છે. આપશ્રીના એવાજ એક બીજા માર્ગના જહાજરૂપ મહાન સેવક સુરદાસજી હતા. આ સુરદાસજીનું અમર નામ તો સાહિત્યમાં તેમજ ધર્મના ઇતિહાસમાં જાણીતું છે. તેઓ પોતે ગુરુપદે કામ કરતા હતા અને તેમને પોતાને અનેક શિષ્યો હતા. ગૌઘાટ ઉપર જ્યારે તે પ્રથમ મહાપ્રભુજીના સમાગમ આવ્યા ત્યારથી આપશ્રીમાં તેમને અલૌકિકતાનું દર્શન થયું અને ત્યારથી સ્વામી મટી સેવક થયા. એમણે લાખો પદ લખી પ્રભુના ગુણગાન ગાયા છે. તે સુરસ્વામી, સુરદાસ, કે સુરશ્યામની, છાપથી પ્રસિદ્ધ છે. તેમણે આખું ભાગવત પદ્યમાં ઉતાર્યું છે, જે સુરસાગરના નામથી સુપ્રસિદ્ધ છે. તેઓ જન્મથી અંધ હતા પણ તેમનો આત્મા શ્રી મહાપ્રભુજીના નખચંદ્રછટાથી છવાયો હતો ને તે જ તેમના જીવનનો પ્રકાશ હતો તેમનું વ્યકિતત્વ અદ્ભૂત હતું. આવો એક એક મહાભક્ત સેંકડોને નહિ બલ્કે હજારોને તારવાને સમર્થ હતો. એવાજ એક અન્ય વિદ્વાન પંડિત નામે પદ્મનાભદાસજી કરીને થઇ ગયા. તેઓ મહાપંડિત હતા, અને પોતાની આજીવિકા શ્રીમદ્ ભાગવત, શ્રી રામાયણ, મહાભારત વગેરે ધાર્મિક ગ્રન્થોની કથા કરી મેળવતા. એક વખત તેઓશ્રી શ્રી મહાપ્રભુજીની ભાગવત કથાનું શ્રવણ કરવાને આવ્યા. કથા તેમને એવી તો અદ્ભૂત ને અલૌકિક લાગી કે તે આપશ્રીના

સેવક બન્યા. અને સેવક બનતાની સાથે જ મહાપ્રભુજીની પ્રેરણાથી ધાર્મિક ગ્રન્થની કથા દ્વારા આજીવિકા નહિ મેળવવાનો તેમણે સંકલ્પ કર્યો. એથી એમને અર્થનો પુષ્કળ સંકોચ વેઠવો પડયો પણ પોતાના વ્રતમાંથી જીવન પર્યંત ડગ્યા નહિ, તે એટલે સુધી કે ગુરુદ્રવ્યનો ઉપયોગ પાપરૂપી ગણી, મહાપ્રભુજીને ત્યાંથી આવેલી સામગ્રી પાછી વાળી, અડેલનો ત્યાગ કરી, પોતાના ઠાકોરજીને લઈ, ત્યાંથી સીધાવી ગયા. આવા ટેકવાળા ભકતો દીવો લઈ ખોળ્યે પણ જડે તેમ નથી. અને છતાં, આપણે આપણી ખુમારીમાં માની બેઠા છીએ કે અમે ડાહ્યા છીએ ને આપણા પૂર્વજ ભકતો ગાંડા ને મૂર્ખ હતા. આવા અલૌકિક પ્રસંગો તો એકેએક ભક્તની બાબતમાં બનેલા છે. તેનો વિસ્તાર કરવો એ સ્થળ સંકોચને લઇને અશક્ય છે. તે માટે તો તમારે સાહિત્ય સેવન કરવું રહ્યું. બોલો તમારે હવે આ બાબતમાં કંઈ વિશેષ જાણવાની ઇચ્છા છે.

જી૦—સ્વામી સેવકનો સંબંધ કેવો અદ્વિતીય અને અલૌકિક હોઈ શકે તેનો કંઈક ખ્યાલ મને આ ઉપરથી સહેજે આવે છે. મને ખાતરી છે કે જો હાલના યુવાનો આગળ આ બધી હકીકત તેના ખરા રૂપમાં મૂકવામાં આવે તો ખચિત તેઓ વિમાર્ગે વળી જતા અટકે અમને તો અત્યાર લગી એવો ખ્યાલ હતો કે પુષ્ટિમાર્ગના ગુરુઓ એટલે મોજમજા મારનાર ભાગ્યવાન આત્માઓ અને તેમના શિષ્યો એટલે અંધ મંડુકો. પણ, મારો એ ભ્રમ આથી હવે નાબુદ થાય છે.

મુ૦—અરે, આ બાબતમાં હું એક વધુ પ્રસંગનો ઉલ્લેખ કરી આ વિષય બંધ કરીશ. એવું બન્યું કે એક વખત શ્રી આચાર્યચરણ પોતાના શિષ્ય મંડળ સાથે પર્યટનવેળા જંગલમાં થઇને પસાર થતા હતા. આવે વખતે આપશ્રી ભગવદ્દાવેશમાં રહેતા. અને એવી આવેશયુક્ત દશામાં સેવકો સમક્ષ ભગવદ્જીવનના અદ્ભૂત ને અલૌકિક

લીલાના પ્રસંગોને છેડતા. આવી દશામાં જ્યારે આપશ્રી જતા હતા જ્યારે રસ્તામાં એક મોટો અજગર આપશ્રીના જોવામાં આવ્યો. તેના શરીર ઉપર કેટલાયે ઘા પડયા હતા ને તેમાંથી નીકળતા લોહીવાળી જગામાં હજારો કીડીઓ ચોટી તેને કષ્ટ આપી રહી હતી. આવું કરુણ દૃશ્ય જોઈ મહાપ્રભુજી ગમગીન બની ગયા અને તેમના ચહેરા પર ગંભીરતાની છાયા છવાઈ ગઈ. આપશ્રીએ મૌન ધારણ કરી બોલ્યા વિના હીંડવાનું ચાલુ રાખ્યું. એ ઉપરથી સેવકમંડળ અકળાયું ને તેમના ચિત્તમાં ભારે ક્ષોભ થયો. તેમણે શ્રી આચાર્યચરણને મૌન ધારણ કરવાનું કારણ પૂછ્યું. તે ઉપરથી આપશ્રીએ કહ્યું કે તમે હમણાં જ એક દૃશ્ય જોયું. તમે જોયું કે અજગરના શરીરના ઘવાયેલા ભાગ ઉપર હજારો કીડીઓ ચોટી તેને ફોલી ખાતી હતી અને અત્યંત પીડાનો માર્યો અજગર ધમપછાડા મારતો હતો. આ બનાવમાં ભારે રહસ્ય રહેલું છે, તે તમે જાણો છો ? સેવકોએ તેનો નકારમાં જવાબ આપતાં આપશ્રીએ કહ્યું કે આ અજગર તેના ગયા જન્મમાં એક મોટો મહન્ત હતો. તે વખતે તેને અનેક શિષ્યો હતા. તેમના કનેથી તેને ભારે પૈસા ને મોજશોખનાં અનેક સાધનો સંપાદન કરી તેનો દુરુપયોગ અનીતિને રસ્તે કરેલો. બીચારા શિષ્યોએ તો એવું સમજીને પોતાની સંપત્તિ અર્પણ કરેલી કે એથી તેમનું આત્મકલ્યાણ થાય. પણ મહંતમાં તેમના પાપનું નિવારણ કરી તેમને તારી શકે એવા ગુણો તો હતા નહિ તેથી તેની તેમજ ચેલાઓની દુર્ગતિ થઈ છે. મહંત તે જ આ અજગર અને તેને ચોટેલી કીડીઓ એ તેના ચેલાઓ. હવે આ કીડીઓ તેના મર્મભાગમાં કરડી કરડી જાણે ગયા જન્મનું ઋણ લેતી હોય તેમ તેમની કૃતિથી વાતાવી રહી છે. જાણે તેઓ કહી રહી છે કે જો તારામાં અમારો ઉદ્ધાર કરવાની શક્તિ નહોતી તો શા માટે મહંત થઈને બેઠો હતો ? અને તારાં કૃત્યોથી તું પોતે બૂડયો ને અમને બુડાડયાં ! આ કિસ્સા ઉપરથી સર્વ ધર્મગુરુઓએ તથા તેમના શિષ્યોએ ભારે

ધડો લેવાનો છે. ગુરુનો સંબંધ બાંધતા પહેલાં ગુરુ કેવા છે તેનાં લક્ષણ વિચારી પછી તેમને શરણે જવું. આવો અમૃતમય બોધ આપી પોતે ગંભીર ચિન્તનમાં પડી ગયા. મને લાગે છે કે આપશ્રીના જીવનનો કથાભાગ આપણે હવે આટલેથી જ રહેવા દઇએ. વધારે આવતી કાલે. કેમ ઠીક ને ?

જી૦—જી હા. આજે જરા મોડું પણ થઈ ગયું છે અને આપશ્રીના કાર્યનો ઉપદેશાત્મક ભાગ તો બાકીજ છે. એટલે હવે તો આવતી કાલેજ ઠીક પડશે. અહો ! આપશ્રીની જીવનકથા કેવી રસિક ને બોધપૂર્ણ છે ! મને લાગે છે કે અમે કેવા મૂર્ખા છીએ કે અમારાં મગજ નકામા કચરાથી ભરવાનું અમે વધારે પસંદ કરીએ છીએ ! આવા અમૂલ્ય ખજાનાની તો અમને બિલકુલ જાણ પણ નથી !

મુ૦—પણ, એ તો જાગ્યા ત્યારથી સવાર. જ્યારે પ્રભુકૃપા થાય છે. ત્યારે જ આમાં રુચિ પેદા થાય છે. આવી રુચિ થાય ત્યારે સમજવું કે તમે જે બ્રહ્મસમર્પણ કરેલું તેના ગુપ્ત બળે હવે પ્રભુએ તમારો અંગીકાર કરવાની ઇચ્છા કરી છે. આપણા માર્ગમાં જીવના સાધન બળ ઉપર આધાર રાખવામાં આવતો નથી. જીવનું બળ કેટલું ? સ્વતંત્રપણે તે કેટલું કરી શકે ? જો તેના હૃદયમાં સાચી શરણભાવના હોય તો બહુ તો તે પ્રભુ દયા માટે દીન હૃદયથી ઝૂર્યા કરે. બાકી જ્યારે પ્રભુ કૃપા કરી તેનો અંગીકાર કરે ત્યારે જ મનુષ્ય હૃદયમાં ભક્તિનો ઉદય થવા માંડે છે. આ સિદ્ધાન્ત છે. લો, હવે વધારે તો આવતી કાલે. જયશ્રી કૃષ્ણ !

જી૦—જયશ્રી કૃષ્ણ !

[૨૦] શ્રી મહાપ્રભુજી (ચાલુ)

જી૦—ધર્મમાં ચમત્કારોને ઘણું સ્થાન આપવામાં આવે છે. આપણા આચાર્યચરણના જીવનમાં એવા પ્રસંગો નહિ બન્યા હોય?

મુ૦—બનેલા. શા માટે નહિ! પણ, આપશ્રી આવા ચમત્કારોનો ઉપયોગ ન છૂટકે જ કરતા. ચમત્કારો ઉપર આધાર રાખનાર ધર્મ આખરે તો ક્ષીણતા પામે છે. કારણ કે ચમત્કાર એ એવી કૃતિ છે, જેમાં કાંઈ ગુપ્તશક્તિનો ઉપયોગ કરવાનો હોય છે. આવી યૌગિક શક્તિના પ્રભાવથી કાર્ય તો સિદ્ધ થાય છે અને તેથી સામા માણસ ઉપર તેની પ્રભા પડે છે અને તે ઘડીભર આકર્ષાય છે, પણ પછીથી જ્યારે તે ચમત્કારની અસરમાંથી મુક્ત થાય છે, ત્યારે તેને વિભ્રમ થાય છે. ચમત્કાર કરનાર મનુષ્યના જીવન વ્યવહારો સામાન્ય જીવનના વ્યવહારો જેવા લાગવાથી તેની બુદ્ધિમાં શંકા થાય છે. કરવામાં આવેલી કૃતિની અસાધારણતાનો ખુલાસો તેની બુદ્ધિ કરી શકતી નથી. કાંઈ અલગ ગુપ્ત શક્તિ કે દેવદેવીઓના આવેશનું પરિણામ ગણી, તે એવું માનવા પ્રેરાય છે તે કે તેવું કાંઈ માણસથી તો થઈ શકે નહિ. તે કાંઈ જીવનથી અલગ ને અસાધારણ હોઈ નકામું ને ઉપયોગી નથી અને હોય તો પોતાના જેવા સામાન્ય મનુષ્યના જીવન સાથે સંબંધ ધરાવવા યોગ્ય નથી. અને હોય તો શક્ય નથી. આમ તેની બુદ્ધિ મુંઝાય છે. પણ તેના

હૃદય ઉપર તેની કશી કાયમી અસર કરવા તે નિષ્ફળ નીવડે છે. તેવી કૃતિ માટે, તેનાથી પ્રદર્શિત થયેલી ચમત્કારી શક્તિ માટે તેને માન ઉત્પન્ન થાય છે, પણ સાથે સાથે કંઈક ભય ને શંકાની પ્રતિક્રિયાને પણ ઉદ્ભવ પામે છે. એથી ભાગ્યે જ તેનું હૃદય તેની પ્રત્યે ખેંચાય છે. અને કદાચ ખેંચાય તો તે આકર્ષણ બહુ લાંબો વખત ટકતું નથી. માટે જ આવી સિદ્ધિઓનો ઉપયોગ સારા યોગીઓ ક્વચિત જ કરે છે અને તે પણ પોતા માટે તો નહિ જ. કદાચ તેનો ઉપયોગ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તો તે અન્યના ભલા માટે.

શ્રી મહાપ્રભુજીના જીવનમાં આવો એક પ્રસંગ મથુરામાં બનેલો. એમ લાગે છે કે તે વખતે ધર્મની સરસાઈના પ્રસંગો પણ ઓછા નહિ બનતા હોય. મથુરાના એક ફકીરે વિશ્રામ ઘાટ ઉપર એવું એક મંત્ર સિદ્ધ યંત્ર ગોઠવ્યું કે જેઓ તેની નીચે થઈ યમુનાજીમાં સ્નાન કરવા જાય તેમની ચોટલી આપોઆપ કપાઈ જાય. હવે આ ઘાટ તો એવો હતો કે ત્યાં થઈને હજારો વૈષ્ણવો નિત્ય સ્નાન કરવા જતા. તેથી આવા ચમત્કારી બનાવે લોકોમાં ગભરાટ ફેલાવી મૂક્યો અને તેઓમાં હાહો થઈ રહી. આ રસ્તે થઈ સ્નાન કરવા જવાનું મુશ્કેલ થવાથી તે રસ્તાનો તેઓએ ત્યાગ કર્યો. આવા સમયે શ્રી મહાપ્રભુજીનું ત્યાં પધારવું થયું. આપશ્રી આપના સેવક મંડળ સહિત તેજ ઘાટ ઉપર સ્નાન કરવા પધાર્યા. આમ કરતાં મથુરાના ચોબાઓએ તેમને વાર્યા ને ફકીરે ગોઠવેલા મંત્રસિદ્ધ યંત્રની વાત કરી. આપશ્રીએ જોયું કે લોકોમાં આને લઈને અતિશય ગભરાટ છે તેથી આપશ્રીએ મનમાં તે દૂર કરવાનો સંકલ્પ કર્યો. પોતે પોતાના ભક્ત મંડળ સાથે તે યંત્ર નીચે થઈને પસાર થયા છતાં આપશ્રીના પ્રતાપ બળથી યંત્રની ચમત્કારી અસરે કોઈને પણ કશી અસર કરી નહિ. પછીથી લોકોની ચિન્તા દૂર કરવાને તેના જવાબ રૂપે એક મંત્રસિદ્ધ યંત્ર તૈયાર કરાવી પોતાના સેવકોને આપ્યું ને આજ્ઞા કરી કે તમારે દિલ્હી જઈ તેના મુખ્ય દરવાજે આ લગાડી

હેવું. જેથી જે કોઇ મુસલમાન તેની નીચે થઈને પસાર થશે, તેની દાઢી કપાઈ જશે. આમ થવાથી મુસલમાનોમાં મોટો ખળભરાટ થયો. આવું યંત્ર લગાડનાર સેવકોને દરબારમાં રજુ કરવામાં આવ્યા, ત્યારે તેમને પોતાના ગુરુના નામમાં વાત કરી કહ્યું કે અમારો ઇરાદો મુસલમાન ભાઈઓની લાગણી દુખવવાનો બિલકુલ નથી. પણ એક અવિચારી ફકીરે આવું જ એક બીજું યંત્ર મથુરાના વિશ્રામ ઘાટ ઉપર ગોઠવ્યું છે તેથી હિંદુ જનતામાં અતિશય ગભરાટ ફેલાયો છે. તેની તપાસ થઈ તે દૂર કરવું જોઈએ. જો તે દૂર થાય તો આ યંત્ર દૂર કરવાને અમારે જરા પણ વાંધો નથી. આવી માગણી ન્યાયયુક્ત હોવાથી તેનો તરત જ અમલ થયો અને બન્ને યંત્રો દૂર થયાં.

આમાં શું ખરૂં હશે તે તો પ્રભુ જાણે પણ આ બનાવ ઉપરથી એટલું તો સિદ્ધ થાય છે કે હિંદુ-મુસલમાન વચ્ચે ધર્મને કારણે આવા વૈમનસ્યના અનેક પ્રસંગો બનતા હશે અને કોઈ આવા અસાધારણ પ્રસંગે આપશ્રીને આવા ચમત્કારોનો આશ્રય લેવો પડતો હશે.

આવો એક જ પ્રસંગ નથી. બીજા પણ છે. પણ તે ઘણા નથી. ખરૂં જોતાં આપશ્રીની વાણી જ એવી તો ચમત્કારી અને આકર્ષક છે, કે તેનો પ્રતાપ મોટા મોટા પંડિતો, સાધુઓ તેમજ અન્ય દૈવી જીવો ઉપર પડયો ને ઘણાએ આપશ્રીને શરણે આવ્યા.

જી૦—આમાં બધા જ ઉચ્ચ જાતિના હિંદુઓ જ હશે કે અન્ય જાતિના ખરા ?

મુ૦—શ્રી આચાર્યનું નામ શ્રી શૂદ્રાદિકનો ઉદ્ધાર કરવાને સમર્થ એવું શ્રી ગુંસાઈજીએ તેમના સર્વોત્તમ સ્તોત્રમાં આપ્યું છે.

તે અક્ષરશઃ ખરૂં છું. આપે સ્થાપેલા ભક્તિમાર્ગમાં જાતિનો પ્રતિબંધ નહોતો. જેઓ આસ્તિક ને સ્નેહાળ હૃદયના તેમજ પ્રભુ પ્રત્યે આસ્થાવાળા હોય, તેવા હરકોઈ દૈવી જીવો આ માર્ગમાં પ્રવેશ કરી શકે છે. તેમાં સ્ત્રીઓ, શૂદ્રો તેમજ મુસલમાનોનો પણ સમાવેશ થાય છે. સ્ત્રીઓનું આ માર્ગમાં કાંઈ વિશેષ માન છે.

જી૦—પણ, હું ભૂલતો ન હોઉં તો આપે એવું કહેલું કે સ્ત્રીઓને વેદ માટે અનધિકારી ગણવામાં આવી છે. અને આપ અહીં એથી કંઈ જુદી વાત કરો છો.

મુ૦—તે તદ્દન સાચું છે. તેમને વેદના અભ્યાસ માટે અનધિકારી ગણવામાં આવી હોય તો તેમાં કશું જ ખોટું નહોતું એમ મારૂં માનવું છે. સ્ત્રીઓમાં બુદ્ધિમત્તતાનું તત્ત્વ સ્વાભાવિક રીતે જ ઓછું કલ્પેલું છે, જ્યારે હૃદયનું તત્ત્વ વિશેષ હોય છે. મહાત્મા સ્વીડનબર્ગે તો આ સિદ્ધાન્તને ઘણી જ સુંદર રીતે પ્રતિપાદિત કર્યો છે. એથી જો તેમને સ્વાભાવિક વૃત્તિ પ્રમાણે આધ્યાત્મિક પ્રગતિના માર્ગે તેમને દોરવામાં આવે તો માનસ શાસ્ત્રની દૃષ્ટિએ પણ તેમને વધારે લાભ થવાનો સંભવ છે. એટલે જ તેમને પ્રેમમાર્ગનાં વધારે અધિકારી ગણ્યા છે. અને ભક્તિમાર્ગ એ પ્રેમનો માર્ગ હોવાથી તેમાં તેમનું અધિકારપણું વિશેષ ગણવામાં આવે એ દેખીતું છે. બાકી મહાપ્રભુજીની સ્ત્રીત્વ તથા પુરુષત્વની ભાવના કંઈક જુદી છે. મહાપ્રભુજી તો સ્ત્રીત્વનું લક્ષણ આપતાં કહે છે કે સ્ત્રીત્વ કે પુરુષત્વ એ આત્માના ગુણો છે, એને આકૃતિ જોડે સંબંધ નથી. અધીનતા એટલે સ્ત્રીત્વ. આવી અધીનતાના ગુણો જેવા સ્ત્રીઓમાં હોય છે, તેવા પુરુષોમાં હોતા નથી. દુનિયામાં આપણે તેમની અધીનતા પ્રકૃતિ તથા લૌકિક કાર્યો પ્રત્યે વધારે પ્રમાણમાં વળેલી જોઈએ છીએ પરંતુ જો તેમનામાંથી આ લૌકિક આસક્તિ મટી તેને સ્થાને અલૌકિક આસક્તિ આવે, અર્થાત :પ્રભુ પ્રત્યે તેમનો રાગ ઉદ્ભવે તો તેઓ

કૃતકૃત્ય થાય. પુરુષ ને સ્ત્રી બન્નેને પ્રભુ પ્રત્યે પોતાનો રાગ કરવાનો છે. આવા રાગનો ઉદ્‌ગમ સ્ત્રીમાં વધારે સહેલાઈથી ને સ્વાભાવિક પણે થઈ શકે, માટે જ ભક્તિમાર્ગ માટે તેમનો અધિકાર વધારે આંકવામાં આવ્યો છે. પ્રભુ પ્રત્યે હૃદયની આવી આસક્તિ થવી તેનું નામજ ગોપીપ્રેમ. માટે જ ગોપીને આ માર્ગમાં ગુરુ તરીકે આલેખવામાં આવી છે. આવો પ્રેમનો ગુણ સ્ત્રીમાં સ્વાભાવિકપણે તો હોય છે, ફક્ત તેમાં દિશા બદલવાની જરૂર છે. જ્ઞાનમાં ગોથાં ખાધા વિના પણ શ્રદ્ધા ને અધીનપણાના ગુણોથી આવો ફેર જલદીથી થઈ શકે તે માટે જ શ્રવણ ને સત્સંગનાં સાધનો તેમને માટે નિર્દેશવામાં આવ્યાં છે. શૂદ્રોમાં પણ સેવાવૃત્તિ જન્મસિદ્ધ હોય છે. આ ગુણ પણ અધીનતાનો ગુણ છે. વર્ણની દૃષ્ટિએ શૂદ્રોના વર્ગ ચોથો એટલે કનિષ્ઠ ગણાય છે, તે દ્વિજેતર વર્ગ છે. બુદ્ધિના વિકાસનો અભાવ તથા અસંસ્કારિતાને લીધે તેઓ હીનજાતિવાળા કહેવાય છે. પણ તેમનામાં ઉપર કહ્યું તેમ સેવાનો ગુણ છે તે સર્વોત્તમ છે. એટલે વર્ણપંક્તિની કક્ષામાં તેઓ સૌથી હીન ને અધમ ગણાતા હોવા છતાં પણ તેમના સેવાના ગુણને લીધે તેઓ અધ્યાત્મિક દૃષ્ટિએ સૌથી ઉચ્ચ ગણાવાને પાત્ર છે. કારણ કે સેવાનો ગુણ એ સૌથી ઉચો ગુણ છે. અને ખાસ કરીને ભક્તિમાં તેનું પ્રાધાન્ય સવિશેષ છે. જ્ઞાનમાં અહંકાર ને અભિમાનને અવકાશ છે, પ્રેમમાં નિરહંકૃતિ ને નિરભિમાનપણું અનિવાર્ય છે. આ સેવાના ગુણનો ઉપયોગ હાલ ઉચ્ચ જાતિના લોકોનાં લૌકિક કાર્યો કરવામાં થઈ રહ્યો છે પણ તે જ ગુણ ભગવત્ કાર્યમાં યોજવામાં આવે, મતલબ કે સેવાનો પ્રકાર લૌકિક મટી ભગવત્મય એટલે દૈવી બને તો તેઓ બ્રાહ્મણ કરતાં પણ ઘણા ઉચા છે. એટલે કે આત્મિક દૃષ્ટિએ તેમનો દરજ્જો ઉચ્ચો છે. સેવા દીનતામાંથી અધીનતાના ભાવમાંથી આવે છે ને તે પ્રેમનો ગુણ છે. આવી દીનતા પ્રકૃતિના ગુણો આગળ નહિ, પણ પ્રભુ આગળ દર્શાવવાની છે. તો જ તે ફલદાયી થાય. આમ થતાં મનુષ્યનું

જીવન ધન્ય થઇ જાય. એટલે ભલેને જીવો શૂદ્રો હોય. જો તેઓ આવા દૈવી પ્રેમના અધિકારી જીવો હોય તો તેઓ દૈવીજીવો કહેવાય અને આ પ્રેમના માર્ગમાં સ્ત્રીઓની પેઠે તેમને અધિકાર પણ વિશેષ છે, એમ કહીએ તો ખોટું નથી.

જી૦—ખરે, ધર્મમાં આ તો તદ્દન નવીન દૃષ્ટિ હોય એમ મને લાગે છે.

મુ૦—ખરે, તેમ જ છે. આ માર્ગમાં આવી સૂક્ષ્મ રહસ્યથી ભરેલી વિચારણાની આંટીગુંટી રહેલી છે, તેથી તો તેને વિશિષ્ટ પ્રકારનો ભક્તિમાર્ગ કહેવામાં આવે છે. સ્ત્રી ને શૂદ્રોને આવી ઉત્તમ વસ્તુના અધિકારી ગણવામાં આવ્યા છે એટલે કેવળ વિચાર રૂપે એમ ન માનશો. વ્યવહારૂ દૃષ્ટિએ તેઓ પૈકી કેટલાય ઉત્તમ ભક્તો થઇ ગયા છે. આ ઉપરથી તમે એ પણ જોઇ શકશો કે વૈદિક ધર્મના સિદ્ધાન્તોનો ભંગ કર્યા વિના મર્યાદામાર્ગના જે જે પ્રતિબંધો છે, તેને આધ્યાત્મિક રસાયણથી ચૂર્ણ કરવામાં આવ્યા છે.

જી૦—ત્યારે, તો પછી જાતિભેદનો પ્રશ્ન જે અત્યારના લોકોને મુંઝવી રહ્યો છે. નો ઉકેલ સરલ થઈ જાય છે. આ રીતે તો શ્રી મહાચાર્યજીને એક મહાન સુધારક તરીકે લેખવામાં આવે તો તેમાં કશું અનુચિત ન કહેવાય.

મુ૦—તેમાં કશું જ ખોટું નથી. કેવળ આ સુધારાની દિશા આધ્યાત્મિક પાયા ઉપર રચાવી જોઇએ એ જ તેમનું કહેવું છે. પ્રેમના રાજ્યમાં વ્યવસ્થાનો ક્રમ મર્યાદાની સૃષ્ટિ કરતાં તદ્દન ઊલટી દિશામાં વહે છે.

જી૦—ત્યારે શું આ માર્ગ દ્વિજો માટે નથી?

મુ૦—વાહ ! એવું તે હોય ? દ્વિજો કહેવાતા ઉચ્ચ વર્ણના હિંદુઓ હોય કે તેની બહારના હોય, ગમે તે કોમના કે જાતિના હોય, જેઓના હૃદયમાં શુદ્ધ પ્રેમ હોય અને જેમને પ્રભુમાં આસ્થા હોય, તેઓ તમામ ભક્તિમાર્ગના અધિકારી જીવો છે. અને આ માર્ગ વેદોક્ત સિદ્ધાન્ત ઉપર રચાયેલો હોવાથી બધી જ કોમોના લોકો માટે સરલ ને સુલભ છે. માટે તો એનો વિશ્વધર્મ તરીકેનો દાવો મંજુર થવાને પાત્ર છે

જી૦—આ ઉપરથી મને એક વિચાર આવે છે. આપણે જોયું કે સ્ત્રીઓ તથા શૂદ્રો વેદનાં અધિકારી નહોતાં પણ સ્માર્તમાર્ગનાં અધિકારી હતાં. આવાં સ્માર્તમાર્ગનાં અધિકારીઓ માટે પુરાણોનો ધર્મ નિર્ણિત કરવામાં આવ્યો છે. શ્રીમદ્‌ભાગવત એ પુરાણો પૈકી સૌથી છેલ્લું અને સૌથી શ્રેષ્ઠ પુરાણ છે. વૈષ્ણવ ધર્મ એ ભાગવત ધર્મ છે ને તે માટે ઉચ્ચ વર્ણના દ્વિજો જ નહિ પણ સ્ત્રી શૂદ્રો પણ અધિકારી છે. તો પછી શ્રૌત ને સ્માર્તનો મેળ એકી સાથે શા રીતે શક્ય બને ?

મુ૦—તમારી શંકા બરાબર છે. તેથી તો ભાગવતની પ્રસ્થાનત્રયી સાથે એકવાક્યતા સિદ્ધ કરી ભાગવતનું વેદકપણું આપશ્રીએ સાબિત કર્યું. એટલે ભાગવતધર્મને અનુસરનારા વેદથી વિરૂદ્ધ નથી પણ વેદને અનુકૂળ છે. આથી તેનો આશ્રય કેવળ સ્ત્રી શૂદ્રો નહિ પણ દ્વિજો પણ લઈ શકે છે. આમ ભક્તિમાર્ગનો પંથ તેમને ચતુર્વર્ણ માટે એકસરખી રીતે સરલ ને સુલભ બનાવ્યો, એ તેમની વિશેષતા છે.

જી૦—હા, હવે હું બરાબર સમજ્યો. શ્રી ભાગવત ઉપર સુબોધિનીનું અદ્વિતીય કાર્ય ભગવત્કાર્ય ગણાય છે, તે પણ આ દૃષ્ટિએ હશે; ખરૂં ને ?

મુ૦—હા, શ્રી મહાપ્રભુજીએ વેદ, બ્રહ્મસુત્ર, ગીતા ને ભાગવત એ ચારને પ્રમાણુ તરીકે સ્વીકારે છે. મૂળ વેદમાં પરબ્રહ્મનું રસસ્વરુપ જે ગુપ્ત હતું તે પ્રકટ કરવાનું કાર્ય આપશ્રીએ સુબોધિની દ્વારા કર્યું. અને ભગવાનના રસરૂપનું દર્શન કરાવવાનું આ કાર્ય ભગવાન પોતાના સિવાય ઇતરથી બને નહિ માટે ભગવાન પોતે પોતાના અધરામૃતનું પાન કરાવવાને શ્રી આચાર્યરૂપે પ્રકટ થયા, એવું આપશ્રીના સેવકો માને છે. આવી માન્યતાને આધારે જ આપશ્રીને ભગવાનના મુખારવિંદ તરીકે લેખવામાં આવે છે.

જી૦—પણ, આ માટે કંઈ પ્રમાણુ? કે પછી ભક્તની ભાવના એ જ તે માટે આધારભૂત છે?

મુ૦—ભક્તની ભાવના તો ખરી જ પણુ તે કેવળ આધાર રહિત નથી. શ્રીમદ્ભાગવતની કારિકામાં પોતે પોતાને વૈશ્વાનર તરીકે વર્ણવે છે. હવે ભગવાનનું વૈશ્વાનરસ્વરુપ એટલે જ અગ્નિસ્વરુપ. અગ્નિમાં બે રૂપો હોય છે. પ્રકાશ ને ઉષ્મા. પ્રકાશરૂપે એમને વાચસ્પતિ તરીકે વર્ણવવામાં આવે છે. આ આપશ્રીનું જ્ઞાનાવિષ્ટ સ્વરુપ. આ સ્વરુપ દ્વારા આપશ્રીએ શુદ્ધાદ્વૈતનું સ્થાપન શાસ્ત્રીય પદ્ધતિએ કર્યું, તો ઉષ્મારૂપે આપશ્રીએ ભક્તિમાર્ગની સ્થાપના કરી.

હવે ભક્તિના પણુ બે પ્રકાર છેઃ સંયોગાત્મક તેમ જ વિપ્રયોગાત્મક. શ્રી આચાર્યજી ભગવાનનું વિપ્રયોગાત્મક સ્વરુપ ગણાય છે. એટલે જ આપશ્રીના રોમરોમમાં શ્રીમદ્ભાગવતના શબ્દેશબ્દનો ભાવ ભરેલો છે તેથી શ્રી ભાગવત પ્રતિપદમૂર્તિ એવું શ્રી ગુંસાઇજીએ આપશ્રીનું નામ આપેલું છે, તે યથાર્થ છે શ્રીમદ્ ભાગવતને રસશાસ્ત્રની દૃષ્ટિએ ફલાત્મક કહેવાય છે. જો વેદને વૃક્ષ જોડે સરખાવી શકાય તો બ્રહ્મસુત્ર ને ગીતાજી એ તેની ડાળીઓ ને પાંદડાંને ઠેકાણે છે. અને શ્રીભાગવત એ વેદરૂપી કલ્પવૃક્ષમાંથી નીકળેલું ફળ છે.

ફળમાં જ રસ રહેલો હોય. જેઓ વૈરાગ્ય ને જ્ઞાન પ્રાપ્ત કરી જીવનના છેલ્લે આરે બેઠા હોય તેઓ જ તેનો આસ્વાદ લઈ શકે છે. એવા ઉત્તમ અધિકારીઓ માટે શ્રી ભાગવતનું શ્રવણ છે. તેથી વૈરાગ્ય ને જ્ઞાનની મૂર્તિરૂપ શ્રી શુકમુનિના મુખદ્વારા એ રસનું દ્રવણ થયું છે. શ્રીમદ્ ભાગવત એ જ્ઞાન ને ભક્તિનો મહાસાગર છે અને આવા અગાધ મહાસાગરમાં ડૂબકી મારી તેમાંથી જે કુશળ હોય તે જ અમુલ્ય મોતી શોધી લાવે. તેથી જ શ્રી ગુસાંઈજીએ આપશ્રીને ‘શ્રીભાગવત સમુદ્રમથનક્ષમ’ એવું નામ આપ્યું છે. આ અમુલ્ય રત્ન તે “તત્સારભૂત રાસ સ્ત્રીભાવ” છે અને તેના વડે જેનું શરીર ભરેલું છે એવા શ્રી મહાપ્રભુજી છે, એવું તેઓશ્રી કહે છે. એથી એવું સિદ્ધ થાય છે કે રાસની સ્ત્રીભાવનારૂપી નિર્ગુણભક્તિની શોધ આપશ્રીએ કરી લોકના કલ્યાણ અર્થે જગત આગળ ધરી છે. પણ, આ ઉપર તો હું મારી તોતડી વાણીથી બોલું એના કરતાં તમે જાતે જ તેનું અધ્યયન કરો અને તેના અલૌકિક રસના ઘુટડા પીઓ એ વધારે ઇષ્ટ છે.

જી૦—તો શું તે ઉપરનાં ‘સુબોધિની’ બધાં જ પ્રસિદ્ધ થઇ ગયાં છે?

મુ૦—હા, સંસ્કૃતમાં થઇ ચૂકયાં છે, પણ તેનો ગુજરાતી અનુવાદ હજુ પૂરેપૂરો પ્રકટ થયો નથી; તે પૈકી ફકત અડધો ભાગ પ્રકટ થયો હશે. હાલ સંસ્કૃત જાણનારાની સંખ્યા તો નહિ જ જેવી એટલે તેનો લાભ ઉઠાવવો હોય તો ગુજરાતીમાં જ તે બની શકે. એમ છતાં, તેનાએ ભોકતા કેટલા ઓછા?

જી૦—તો અત્યાર લગી સૈકાઓ થયાં આવી અમુલ્ય ચીજ અપ્રસિદ્ધ કેમ રહી શકી હશે? આપશ્રીના અન્ય ગ્રન્થો તો બહાર પડયા હશે?

મુ૦—તે જ શોચનીય છે. હજુ તો આપશ્રીનું કેટલુંયે મૂળ સાહિત્ય અપ્રકટ દશામાં છે. છતાં હમણાં હમણાં તે સારૂં ઠીક ઠીક પ્રયાસો થાય છે. અને પ્રભુ કરશે તો દશકામાં તમામ સાહિત્ય અનુવાદરૂપે પ્રકટ થઈ ચૂક્યું હશે, એવી આશા રાખી શકાય.

જી૦—આપે ઉપર એવો ઉલ્લેખ કર્યો કે 'સુબોધિની'ના કે અનુવાદના પણ કેટલા ભોક્તા ઓછા? તો શું તે ગ્રન્થ એટલા સુગમ્ય નથી?

મુ૦—આનુવાદ સાહિત્ય એ ઠીક છે. તે પણ શરૂઆતમાં ઉપયોગી છે ને જરૂરનું છે. પણ સ્વરૂપમાં તે બહુધા પાંડિત્યવાળી ભાષામાં છે. તે વધારે લોકભાગ્ય થાય તે માટે સરલ ભાષામાં પ્રકટ થવાની જરૂર છે એટલું જ નહિ પણ તે ઉપર વિવેચનાત્મક સાહિત્ય પણ લખાય તો વાચન હાલના જમાના માટે વધારે રસપ્રદ ને આકર્ષક બને. અન્ય ધર્મોનાં એવાં પુસ્તકો સાથે તેનો અન્વય કરી તે ઉપર તુલનાત્મક ગ્રન્થો લખાવા જોઈએ. પણ આપણે તો વિષયાન્તરમાં ઉતરી પડ્યા. હા, શ્રીમદ્ ભાગવતનું આ માર્ગમાં શું સ્થાન છે, તેનો મેં કંઈક ખ્યાલ આપ્યો. શ્રી મહાપ્રભુજીએ તો સેવાના પ્રકારમાં પણ તેને સ્થાન આપ્યું છે, તેવી તેની ઉત્તમતા છે.

જી૦—એટલે?

મુ૦—પુષ્ટિમાર્ગના વૈષ્ણવ માટે ભક્તિ સંપાદન કરવાના બે માર્ગ બતાવ્યા છે–સેવા તથા કથાશ્રવણ. કથશ્રાવણમાં શ્રી ભાગવતનો ઉપયોગ આપે નિર્દેશ્યો છે.

જી૦—પૂર્વે આપે એક શાસ્ત્ર તરીકે ગીતાજીને ગણાવેલાં. એની ઉપર આપશ્રીનું શું કહેવું છે? તેની ઉપર આપશ્રીએ ટીકા લખી છે?

સુ૦—હા, ગીતાજી એ હિંદુઓનું એક જ શાસ્ત્ર છે, એવું મહાપ્રભુજી સ્વીકારે છે. શાસ્ત્ર તરીકે તો ગીતાજી પ્રથમ સ્થાને જ છે. કારણ ગીતાજીમાં અન્ય ભગવદ્‌માર્ગોને પણ યોગ્ય સ્થાન આપવામાં આવ્યું છે, તેમાં કર્મયોગ, જ્ઞાનયોગ, ને ભક્તિયોગનું વર્ણન આપવામાં આવ્યું છે; અરે, દરેક અધ્યાયને અંતે જુદા જુદા યોગનાં નામ પણ સુચવવામાં આવ્યાં છે. શાસ્ત્રની દૃષ્ટિએ યોગશાસ્ત્રના એક સર્વ સામાન્ય ગ્રન્થ તરીકે તે બરાબર છે. પણ વૈષ્ણવો માને છે કે ગીતાજીનો નિષ્કર્ષ ભક્તિયોગમાં છે. આ વસ્તુ તેના અઢારમા અધ્યાયના सर्वधर्मान्परित्यज्यमामेकं शरणं मम ॥ વાળા શ્લોક ઉપરથી સ્પષ્ટ નિર્દિષ્ટ થાય છે. આ ભક્તિયોગનો ઉત્કર્ષ અને તેની સર્વોત્તમ કક્ષા આપણે શ્રી ભાગવતમાં જોઈએ છીએ. માટે જેઓને ભક્તિ યોગના પંથે પોતાની આત્મોન્નતિ સાધવી હોય તેમને માટે શ્રીમદ્ ભાગવતનો ગ્રન્થ એ જ સર્વોત્તમ ગ્રન્થ છે. શ્રી ભાગવત એ ભક્તિનો વિશિષ્ટ ગ્રન્થ હોવાથી જ તેને રસગ્રન્થ કહેવામાં આવે છે. એટલા માટે શ્રી મહાપ્રભુજીએ શ્રી ગીતાજી ઉપર સ્વતંત્ર ટીકા લખી નથી પણ તેનો આશય શું છે એ સમજાવવા શાસ્ત્રાર્થનિબંધ લખ્યો છે. તે એક સુંદર સ્વતંત્ર ગ્રન્થ છે.

જી૦—પણ, હું ભૂલતો ન હોઉં તો તિલક મહારાજ તો ગીતાજીનો આશય કર્મયોગમાં છે એમ પ્રતિપાદન કરે છે.

સુ૦—મેં તમને હમણાં જ કહ્યું કે ગીતાજીમાં કર્મયોગને પણ સ્થાન છે. હવે કોણે શેના ઉપર ભાર મૂકવો એ પોતપોતાની રુચિ ઉપર છે. ટીકાકારો પૈકી કોઈ કર્મયોગ ઉપર તો કોઈ જ્ઞાનયોગ ઉપર ભાર મૂકે છે. ગાંધીજી અનાસક્તિયોગ ઉપર ભાર મૂકે છે.

જી૦—ત્યારે એમાં ખરો કોણ ને ખોટો કોણ ?

મુ૦—બધા જ ખરા. આપણા શ્રી આચાર્યશ્રીને પણ શ્રી ગુંસાઈજીએ 'કર્મ પ્રવર્તક' તરીકે વર્ણવે છે.

જી૦—ત્યારે શું તિલક મહારાજ ને શ્રી મહાપ્રભુજી એક જ વાત કરે છે? એક જ વાત કરતા હોય તેમ તો લાગતું નથી.

મુ૦—ના, તેઓ એક જ શબ્દનો ઉપયોગ કરે છે પણ બન્નેનો આશય જુદો છે. એમ તો ગાંધીજી પોતાના કર્મમાર્ગને સેવામાર્ગ કહે છે ને શ્રી મહાપ્રભુજી પણ પુષ્ટિમાર્ગને સેવામાર્ગ કહે છે. શબ્દ પ્રયોગમાં સામ્ય હોવા છતાં, તેનો પ્રયોગ જુદા જુદા અર્થમાં છે. ખરું જોતાં તમે શબ્દનો શો અર્થ કરો છો તે ઉપર બધો આધાર છે.

જી૦—તો આપ જ આ બાબતનું તારતમ્ય ન સમજાવો? આ વિષય એટલો રસિક છે તે સાંભળવા જરા અધીરો થઈ ગયો છું. કારણ કે હાલ વિચારોનું જે સંઘર્ષણ ચાલે છે, તે કદાચ આને પણ આભારી હોય, એવી મને સહેજે શંકા થયાં કરે છે.

મુ૦—તમારું ધારવું તદ્દન સાચું છે. પણ આજે તો મોડું થઈ ગયું છે અને આપણી વાતોનો વિષય જરા લંબાણ પણ માગે છે. એટલે તે ઉપર વિશેષ તો આવતી કાલે. લો, જયશ્રીકૃષ્ણ!

જી૦—જયશ્રીકૃષ્ણ!

[૨૧] સેવાધર્મ

મુ૦—આપણો પ્રશ્ન એ હતો કે કર્મ અને સેવાનો શો અર્થ? પૂર્વે કર્મનો અર્થ અમુક પ્રકારનો યજ્ઞ કરવો એવો થતો. હવે ખરી વાત એ છે કે આખું વિશ્વ એ પણ એક જાતનો યજ્ઞ છે. અને તેમાં આપણું જીવન એ પણ યજ્ઞરૂપ છે. આ યજ્ઞનાં દિવ્ય આહૂતિઓ આપવાની ભાવના સમાયેલી હતી. આહૂતિઓ એટલા માટે અપાતી કે તેથી ઇન્દ્રિયોના દેવો તૃમ થાય અને આપણને સુખસંપત્તિનું દાન કરે. હવે આ ભાષાને આપણે આપણી લૌકિક ભાષામાં કહીએ તો તેનો અર્થ એ થાય કે ઇન્દ્રિયો દ્વારા ભૌતિક સુખો પ્રાપ્ત કરવાં તે. કારણ આપણા ધર્મમાં એવી માન્યતા છે કે દરેક ઇન્દ્રિયને તેનો જુદો જુદો દેવ છે. આવા ૩૩ કોટી દેવની ભાવનાઓનો આપણે પૂર્વે વિચાર કર્યો છે. જો આપણે આ દેવોને યજ્ઞની આહૂતિઓ દ્વારા તૃપ્ત કરીએ તો તેઓ આપણા ઉપર પ્રસન્ન થાય અને આપણને ઇષ્ટપ્રાપ્તિનું દાન કરે; પછી આવા દેવો સાત્ત્વિક, રાજસિક કે તામસિક ગમે તેવા હોય. જેવા દેવો તેવાં તેમનાં દાન. સાત્ત્વિક દેવો સાત્ત્વિક સુખો આપે, તામસિક દેવો તામસિક. આ ઉપરથી દેવોનું પૂજન યજ્ઞો મારફત કરવાના અનેકવિધ વિધિઓ જીવનમાં દાખલ થયા. આ બધાં કર્મો સકામ ને વિષયાત્મક હોવાથી તેનાં ફળ પણ એવા જ પ્રકારનાં વિકારી ને અલ્પ હોય જ. એથી કર્મયોગનું ફળ સ્વર્ગની કામનાઓની સિદ્ધિ એવી શાસ્ત્રસિદ્ધ માન્યતા છે.

જી૦—આ તો કર્મનો હલકો પ્રકાર કહી શકાય. હાલની કર્મની ભાવના તેથી ઉચ્ચ છે, એ તો સહેજે જોઇ શકાય છે.

મુ૦—પ્રાચીન કાળમાં પણ કર્મની ઉચ્ચ ભાવના નહોતી એમ નથી. આપણે ઉપર સકામ કર્મોની વાત કરી. પણ જો આવાં યજ્ઞાત્મક કર્મો સદ્બુદ્ધિથી કરવામાં આવે ને જો તે સાત્ત્વિક પ્રકારનાં હોય તો તે વડે ચિત્તની શુદ્ધિ થાય. ચિત્તની શુદ્ધિ એ તેનું ફળ છે. આવી ચિત્તશુદ્ધિ થતાં ધર્મજીજ્ઞાસા ઉત્પન્ન થાય એ તેનું અવાન્તર ફળ છે.

પરંતુ કર્મની આવી સકામભાવના અને સકામ પ્રાપ્તિ મુમુક્ષુને સંતોષ આપી શકે નહિ. તેથી જ્ઞાનમાર્ગમાં કર્મનો ત્યાગ કરવાની ભાવના ઉત્પન્ન થઈ. તે એટલે સુધી કે શ્રી શંકરાચાર્ય વેદના પૂર્વપક્ષ એવી પૂર્વમીમાંસાને અગ્રાહ્ય ગણી તેનો નિષેધ કરે છે. જેમ જેમ સમાજના જીવનમાં ફેરફાર પડતો ગયો અને ધાર્મિક માન્યતાઓ ને વિધિઓમાં ઊંડું અવગાહન થવા લાગ્યું તેમ તેમ કર્મની ભાવનાઓમાં પણ ફેર થતો ગયો. અને પછી તો ધાર્મિક અર્થે આચારાતી આવી બાહ્ય ક્રિયાઓને કર્મ કહેવાને બદલે જીવનની દરેક ક્રિયામાત્રને કર્મરૂપે લેખવામાં આવી. શ્રીમદ્ ગીતાજીમાં કર્મના પહેલાંના સંકુચિત અર્થને બદલે તેનો આવો વિશાળ ને વ્યાપક અર્થ આપવામાં આવ્યો છે. એથી બહારના દેવોની ભાવનાને બદલે અન્તરાત્મની તૃપ્તિ અર્થે કરવામાં આવતાં કર્મો એવા નવો સંસ્કારિત અર્થ થવા લાગ્યો. કર્મ, અકર્મ, ને વિકર્મના ભેદાભેદની સાત્ત્વિક, રાજસિક તેમજ તામસિક એવા જુદા જુદા પ્રકારના વર્ગોમાં ગણના કરવામાં આવી છે. એટલું જ નહિ પણ તે ઉપર તાત્ત્વિક દષ્ટિ પણ રજુ કરવામાં આવી છે. મૂલ તો ગુણકર્મના આવા ભેદો ઉપર વર્ણોની ઉચ્ચનીચપણાની ભાવના સ્થિર કરવામાં આવેલી. એટલે કર્મો કાંતો સ્વ અર્થે અગર પર અર્થે એમ બે

પ્રકારે કરવામાં આવે છે, તેમ કહી શકાય. સ્વ અર્થે એટલે સ્વ સંતોષ અર્થે, આને આપણે સ્વાર્થી કર્મો કહીએ છીએ. એ જ સકામ કર્મો; પર અર્થે એટલે પરમાત્માના સંતોષ અર્થે એવો અર્થ કરવામાં આવે તો પ્રભુને પ્રસન્ન કરવા અગર પ્રભુ પ્રસન્ન થાય એવાં કર્મ કરવામાં આવે તે પરમાર્થી કર્મો કહેવાય. આ કર્મો નિષ્કામ કર્મો કહેવાય. પહેલા પ્રકારનાં સકામ કર્મો બંધનકારક છે, બીજા ચકારનાં નિષ્કામ કર્મો બંધનકારક નથી. પહેલાં કર્મો અહં ને મમત્વભર્યાં હોવાથી બંધનકારક છે, ત્યારે બીજા પ્રકારનાં કર્મોમાં તેનો અભાવ હોવાથી તે ભૂંજેલા બી જેવાં છે.

આ બધું કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે નિષ્કામ કર્મો તેની પાછળ શો ભાવ રહેલો છે તેના ઉપર જ બધો આધાર રહેલો છે. હવે પર એટલે પરમાત્માને બદલે પર એટલે બીજો માણસ એવો પણ કરવામાં આવે. સવાલ એ થશે કે આવા પારકા માણસ માટે આપણે શા માટે કર્મો કરવાં જોઈએ? આવો પારકા માણસ કાતો આપણો સગોવહાલો હોય, પિતા હોય, ન્યાતિજન હોય, પ્રજાજન હોય કે ધર્મબંધુ હોય. આવા કોઈ પણ પ્રકારના સંબંધવાળા માટે તમે કર્મ કરો તો કાતો તેમાં તમારો સીધો નહિ તો પરોક્ષ સ્વાર્થ સમાયેલો હોય, અગર તો એવા કશા પ્રકારનો સ્વાર્થ ન પણ હોય અને તને તમારું જ કર્તવ્ય સમજી તમે તેવું કર્મ કરતા હો. કર્તવ્યકર્મ એટલે એવું કર્મ જે તમે તમારી ધર્મબુદ્ધિથી કરેલું હોય, અર્થાત્ એવું સમજીને કર્મ કરવું કે એ મારો ધર્મ છે.

૭૦—**પણ, શું આવાં કર્મ કરતા બધા જ માણસોમાં આવી ધર્મબુદ્ધિ જાગ્રત હોય છે? ઘણાઓ આવાં પરોપકારનાં કર્મો ગુપ્ત સ્વાર્થના સંતોષ અર્થે કરતા હોય છે, તો કેટલાક વગર સમજ્યે દેખાદેખી પણ કરતા હોય છે.**

મુ૦—હું પણ તમારૂં એ તરફ લક્ષ ખેંચવા જતો હતો. કાર્યના બહારના દેખાવથી તેની કીમત આંકવાની નથી. મતલબ કે કાર્ય કેવા પ્રકારનું છે, તેનો નિર્ણય કરવો ઘણું કઠણ છે. તે માટે પ્રેરકબળ શું છે, તેના પર આધાર છે. બહારથી નિઃસ્વાર્થ લાગતું કર્મ સ્વાર્થથી ભરેલું હોય, અને બહારથી સ્વાર્થી લાગતું કર્મ નિઃસ્વાર્થી પણ હોઈ શકે. ટૂંકમાં એવું કર્મ આત્માના ધર્મને અનુકૂળ હોય તો તે ધર્મબુદ્ધિવાળું કહેવાય. તેવું કર્મજ સાત્વિક કર્મ તરીકે લેખાવાને પાત્ર છે.

આપણે પૂર્વે જોયું કે અખિલ બ્રહ્માંડ એ નારાયણરૂપ છે અને તેના કર્તા બ્રહ્મા એ નારાયણની બુદ્ધિને સ્થાને છે. આ બુદ્ધિ ક્રિયાત્મક બને છે, ત્યારે જ સૃષ્ટિક્રમ શરૂ થાય છે. એ બુદ્ધિ જ્યારે નિષ્ક્રિય હોય છે ત્યારે તે સાત્વિક શાંત સ્વરૂપ ધારણ કરે છે. એટલે જ આત્મલક્ષી કાર્યો એવી શાંત સાત્વિક અવસ્થાને આપનારાં છે. આ ઉપરથી એવું સાબિત થાય છે કે જો કર્મો સકામ ને સાત્વિક હોય તો સ્વર્ગીય સુખને આપનારાં છે, પણ જો તેઓ નિષ્કામ ને પૂર્ણપણે સાત્વિક હોય ને પ્રભુ પ્રીત્યર્થેજ કરાયેલાં હોય તો તે અનન્ત શાંતિને દેનારાં છે. સત્વગુણની આવી પરમ અવસ્થામાં વાસનાનું બીજ હોય છે, જે જ્ઞાન વડે નિર્મૂલ કરી શકાય છે. માટે જ કર્મ કરતાં જ્ઞાનની અવસ્થાને ઉચ્ચતર માનવામાં આવેલી છે. આમ છતાં તેમાં કર્મ કરવાની વૃત્તિ કાયમ રહેલી હોવાથી તેમાં રજના અસ્તિત્વનો અંશ હોય છે, તેથી તેવાં કર્મો પણ કંઈક અંશે બંધનકારક હોય છે. માટે આપણા શાસ્ત્રકારો કર્મયોગથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી પણ જ્ઞાનથી કે ભક્તિથી થાય છે, એવું પ્રતિપાદન કરે છે.

શ્રી મહાપ્રભુજી કર્મની જે ઉચ્ચ ભાવના રજુ કરે છે, તે હવે આપણે વિચારીએ.

જી૦—તો શું શ્રી મહાપ્રભુજી કર્મના ભાવના આપ્યા જુદા છે!

મુ૦—હા. આપશ્રી કર્મના ઉપરના અર્થને ઘણી વધારે ઉચ્ચ કોટી ઉપર મૂકી દે છે. જ્ઞાની હોય કે ભક્ત હોય પણ કર્મ વગર તેને ચાલતું જ નથી, અને લીલાનો પણ બીજો શો અર્થ હોઈ શકે! લીલા એટલે જ ક્રિયા. ભગવાનની સર્વ લીલાઓ ક્રિયાત્મક છે. તેથી કર્મ વગર તો ચાલે જ નહિ. માટે ભક્તને આવી લીલાનો અનુભવ લેવો હોય તો તે કર્મો દ્વારા જ લઈ શકે માટે જીવનનાં સર્વ કર્મોને ભગવાનના અભિમુખ કરી ભગવાનને માટે જ કરતાં, જેથી કાર્ય ને કર્તાનો ભોક્તા તે પોતે જ બને કર્મમાં ફળના અભાવવાળી આવી નિષ્કામ વૃત્તિ આવે, ત્યારે જ ભગવદ્ ભાવનાનો વિકાસ થાય ને કર્મ બંધનકારક ન થાય. તેથી જો જીવનમાં બધાં ભૂતકાળનાં સંચિત કર્મો તેમજ વર્તમાનમાં કરવામાં આવતાં બધાં જ ક્રિયમાણ કર્મો પ્રભુને સમર્પણ કરવામાં આવે તો તેમાં કાળનું બંધન નજ થાય. અને છતાં આત્મા ભગવાનની લીલાનો પરિકર બનેલો હોવાથી તેના દિવ્ય ફળનો પરોક્ષ ભોક્તા બની શકે. આ તો ભાવ ભક્તના કર્મો પાછળ રહેલો છે. અને જીવનની ભાવના આવી રીતે કેળવાય એ અર્થે જ સેવાનો પ્રકાર આ માર્ગમાં દાખલ કરવામાં આવ્યો છે.

ખરું જોતાં માયા બે પ્રકારની છે, સર્જનાત્મિકા ને વિમોહિકા. તેની સર્જનાત્મિકા શક્તિ વડે તે પ્રપંચને ઉત્પન્ન કરે છે, આ તેનું ભગવત્ કાર્ય છે. તેની વિમોહિકા શક્તિ દ્વારા તે જીવની અવિદ્યા પેદા કરી તેને અધ્યાસમાં નાંખે છે તેથી જીવાત્મા અજ્ઞાનના અધ્યાસથી પ્રેરાઈ કર્મો કરે છે. તેવાં કર્મો ગુણાત્મક પ્રકૃતિના ભાવવાળાં હોવાથી તેને માયાના બંધનથી બાંધે છે. જો કર્મો ભગવાન માટે જ કરવામાં આવે અગર ભગવદ્ભાવને અનુકૂળ હોય તો તે

બંધનકારક નથી હોતાં, એટલું જ નહિ, પણ આનંદજનક હોય છે. કારણ કે ભગવાન પોતે પરમાનંદરૂપ છે અને તેથી એની સાથેના સંબંધવાળાં બધાં જ કર્મો તેવા સ્વભાવવાળાં બને છે. તેથી સેવા પ્રથમ અવસ્થામાં સાધનરૂપે હોય છે. પણ તે સાધનસેવા, માનસી બને છે ત્યારે ક્રિયાત્મક મટી ભાવનાત્મક થાય છે. આવી સ્વરૂપાત્મક સેવા આનંદાત્મક હોવાથી તેને લગતાં સર્વ કાર્યો ભગવદ્કાર્યો લેખવામાં આવે છે ને તેનો બાધ આ માર્ગમાં નથી.

જી૦—ત્યારે તો આ માર્ગમાં સંન્યાસને સ્થાન ન હોવું જોઇએ?

મુ૦—શ્રી મહાપ્રભુજીના મંતવ્ય પ્રમાણે તો ગૃહ સર્વદા ત્યાગ કરવા યોગ્ય છે. પણ જીવથી તેમ ન બને તો ગૃહને કૃષ્ણમય બનાવી કૃષ્ણમાં યોજવું એવો આપશ્રીનો આદેશ છે. ગોપીઓએ ગૃહનો ત્યાગ કર્યો નહોતો. પ્રભુ જોડેનો તેમનો સંબંધ ભાવાત્મક હતો. એટલે કે તેમની એકેએક પ્રવૃત્તિ ભગવદ્મય હતી. જીવે કૃષ્ણચૈતન્યની આન્તરદશામાં બને ત્યાં સુધી ને બને તેવી રીતે રહેવું એ તેનું તાત્પર્ય છે. વૈષ્ણવે ઘરમાં રહેવા છતાં ઘરના થવાનું નથી પણ ભગવદ્દૃષ્ટિથી ઘરને કૃષ્ણમય બનાવી કૃષ્ણચેતનામાં જીવવાનું છે. અને તેમ કરતાં કરતાં જીવનનો વ્યવહાર જેટલો અનિવાર્ય હોય તેટલો ઉપરોક્ત આદર્શથી કરવાનો છે.

જી૦—ત્યારે તો તમારું કહેવું એવું છે કે ગીતામાં જે કર્મોને બ્રહ્મને અર્પણ કરવાનું કહ્યું છે, તે આવા પ્રકારનાં કર્મો, એમજ ને?

મુ૦—કર્મમાર્ગીઓ, જ્ઞાનમાર્ગીઓ ને ભક્તિમાર્ગીઓ ઉપર પ્રમાણે તેનો અર્થ જુદો જુદો કરે છે. મહાપ્રભુજી તો એવું પ્રતિપાદન કરે છે કે જ્ઞાન ને ભક્તિમાં સંન્યાસ આદ્ય ગણવામાં આવેલો છે પણ આ કલિકાળમાં જ્ઞાનમાર્ગીય સંન્યાસ પશ્ચાતાપ અર્થે અને

ભક્તિમાર્ગીય સંન્યાસ વિરહના અનુભવ અર્થે લેવામાં આવે. છતાં આ યુગમાં શુદ્ધ જ્ઞાનસિદ્ધ સંન્યાસ પ્રાપ્ત થવો લગભગ અસંભવિત છે અને અન્ય કારણોથી લીધેલો સંન્યાસ પતન કરાવે છે. માટે જ્ઞાનમાર્ગમાં તો સંન્યાસ ન જ લેવો. ભક્તિમાર્ગમાં પણ જ્યાં સુધી પ્રેમની વ્યસન દશા પ્રાપ્ત ન થાય ત્યાં લગી ગૃહમાં જ વાસ કરવો. આવો વાસ એ ભક્તની સાધનદશા કહેવાય ને તેમાં અર્થની જરૂર અનિવાર્ય હોય છે. તેથી જ્યારે વ્યસનદશા પ્રાપ્ત થાય ત્યારે જ ગૃહજીવન તેને બાધા કરે છે. આવે સમયે તેને ઘરનો ત્યાગ કરવો ને કોઈ પવિત્ર સ્થળમાં રહી માનસી સેવામાં ભાવાત્મક જીવન ગાળવું.

જી૦—મને એક શંકા થાય છે. મહાપ્રભુજી બધા જ દેવોનો સ્વીકાર તો કરે છે ત્યારે કૃષ્ણ એ એક જ દેવ છે, એમ કહેવાનું શું તાત્પર્ય ?

મુ૦—સેવકો તો અનેક હોઈ શકે, રાજા તો એક જ હોય. અહીં બ્રહ્માથી માંડી નાના મોટા અસંખ્ય દેવો છે પણ તે બધાં ભગવાનનો વિભૂતિરૂપો છે. જેઓ તેમને ભજે છે, તેઓ તેમને પામે છે; જેઓ કૃષ્ણને ભજે છે, તેઓ કૃષ્ણને પામે છે.

જી૦—ત્યારે તો એમજ કહોને કે કૃષ્ણ દેવોના પણ દેવ છે. એ અર્થમાં તે એક જ દેવ છે, એવું જ કહેવાનો તેમાં આશય રહેલો છે ?

મુ૦—ગીતાજીમાં કૃષ્ણ ભગવાને કહ્યું છે કે મારાં ત્રણ રૂપો છે: ક્ષર, અક્ષર ને પુરુષોત્તમ. આ પરાત્પર પુરુષોત્તમસ્વરૂપ પરમાત્મા એ જ વૈષ્ણવોના શ્રી કૃષ્ણ. ક્ષર ને અક્ષરમાં મેં તો પૂર્વે ચૌદ લોકની વાત કરી તે બધાંનો સમાવેશ થાય છે.

જી૦—ત્યારે આ ચૌદ લોકનો અધિષ્ઠાતા દેવ એટલે નારાયણ, એવું આપે પહેલાં કહેલું એવું મને યાદ છે, તે બરાબર છે ?

મુ૦—હા.

જી૦—અને આ નારાયણ એ જ ભગવાન કૃષ્ણનું ચતુર્થ વ્યૂહ સ્વરૂપ, ખરું ને ?

મુ૦—હા, એમજ. આ ચૌદ લોકની સૃષ્ટિ ગુણાત્મક છે તે ભગવાનની માયાને અધીન છે. તે શ્રીકૃષ્ણના ગોલોકથી અપર છે. તે ક્ષર નાશવંત છે, અને તેના દેવો પ્રકૃત છે, જ્યારે અક્ષર બૃહદ્ છે, ગણિતાનંદ છે. કેવળ કૃષ્ણ જ અપ્રકૃત ને પૂર્ણાનંદ છે. ચૌદ લોકમાં માયાનું રાજ્ય ચાલે છે, ફક્ત શ્રીકૃષ્ણને માયા વશ છે. માટે જ તેનું ત્યાં કશું ચાલતું નથી. તેથી જેઓ શ્રીકૃષ્ણના છે, તેમના ઉપર પણ માયાનું જોર ચાલી ન શકે. એથી જ ભક્તિ નિર્ગુણ કહેવાય છે અને સ્વરૂપાત્મક છે.

જી૦—એનો અર્થ તો એ થયો કે ચૌદ લોકનું તંત્ર નિયમબદ્ધ છે, ધર્મની મર્યાદાને અધીન છે, જ્યારે શ્રીકૃષ્ણનું ધામ આવા નિયમનથી પર છે. કારણ કે તે પરમાનંદનું-પ્રેમનું પરમ ધામ છે. તેથી તેની પ્રાપ્તિ સાધનોથી શક્ય નથી. તે તો પ્રભુઅનુગ્રહને અધીન છે, એવું કહેવાનો આશય છે, એમજ ને ?

મુ૦—તમે બરાબર સમજ્યા. પુષ્ટિનો અર્થ અનુગ્રહ કે કૃપા થાય છે ને આ માર્ગ કૃપામાર્ગ કે અનુગ્રહમાર્ગ કહેવામાં આવે છે, તે તેટલા માટે જ. એક જ મંત્ર તરીકે અષ્ટાક્ષર મંત્રમાં જે શરણભાવનું રહસ્ય રહેલું છે તે આજ અર્થમાં.

જી૦—આ ઉપરાંત આપશ્રીએ કાંઈ લખ્યું છે ?

મુ૦—મેં તમને શાસ્ત્રીય [illegible] વાત કરી તે તો તત્ત્વાર્થ નિબંધનો એક ભાગ માત્ર છે. તેનો સર્વધર્મનિર્ણય અને શ્રી

ભાગવત પ્રકરણાર્થ એમ બીજા બે ભાગો છે. શાસ્ત્રાર્થ એ પ્રમાણ ગ્રન્થ છે, જ્યારે સર્વધર્મનિર્ણયાર્થ પ્રમેય ગ્રન્થ છે. શ્રી ભાગવત પ્રકરણાર્થમાં તેના ચાર અર્થ આવેલા છે. આ ગ્રન્થો એવા તો સરસ ને અર્થવાહી છે કે તેનો અભ્યાસ દરેક વૈષ્ણવે કરવો જ જોઈએ. દિલગીરીની વાત છે કે હજુ તે ગુજરાતી ભાષામાં અનુવાદિત થયા નથી.

જી૦—વારૂ, આ બાબતમાં મારે હવે એક જ પ્રશ્ન પૂછવાનો છે. વૈષ્ણવ માટે આપશ્રીએ ઘરની વાડ અનિવાર્ય માની છે તો તેના અર્થ ને કામ માટે આપશ્રીનું શું કહેવું છે?

મુ૦—એ વિષે આપણે સેવાના પ્રકરણમાં વિચાર કરવાનું પ્રાપ્ત થાત. પણ તમે પૂછયું જ છે તો અહીં જ તેનો કંઈક ખુલાસો કરૂં. સેવા ત્રણ પ્રકારની કહી છે: તનુજા, વિત્તજા ને માનસી. તમે જરા ઊંડે ઉતરી જોશો તો માલુમ પડશે કે આપણાં અંગ આવાં ત્રણ તત્વોનાં બનેલાં છે: શરીર, ધનદોલત યાને સાંસારિક સંપત્તિ, અને મન. પહેલાં બે બાહ્યાંગો છે, જ્યારે ત્રીજું આન્તરંગ છે. મનુષ્યનું આખું જીવન સેવાના કામમાં ઓતપ્રોત થાય માટે તેને તેના સર્વાંગથી શ્રી ઠાકોરજીને સેવવાના છે. રાજા આશકરણ એ પરમ વૈષ્ણવ હતા તેમને સંપત્તિની ખામી નહોતી. છતાં, પ્રભુ માટે તૈયાર કરવાની સામગ્રીના લોટની સેવા પમ અન્યને હાથે થાય, શા માટે એવો વિચાર આવ્યેથી તે કાર્ય પણ જાતે કરવાને ઉદ્યુક્ત થયા. આ દાસ્યભાવની પરાકાષ્ઠા. આપણો અનુભવ છે કે સુખી કુટુમ્બમાં રસોઈ તથા ઘરના કામકાજ માટે નોકરચાકરનો પ્રબંધ કરવામાં આવેલો હોય છે, છતાં કોઈ કોઈ ઠેકાણે એવું પણ જોવામાં આવે છે કે ગૃહપત્ની ઘરના સંબંધનું ફાલતુ કામકાજ તો નિયુક્ત કરવામાં આવેલા નોકરચાકર દ્વારા કરાવે છે, પરંતુ પોતાના પતિ તથા છોકરાંના અંગનું કામકાજ પોતે જ કરે પોતાના હાથે છે;

તૈયાર કરેલી રસોઈ જમાડે છે. આ બધું પ્રેમાધિક્યને લીધે હોય છે; પૈસાની તંગીને લીધે નહિ. આનું નામ તનુજા સેવા. તમને યાદ હશે કે સમર્પણ કરતી વેળાએ વૈષ્ણવ પોતાનું બધું જ શ્રી ઠાકોરજીને સમર્પણ કરી દીધું છે. હવે તેનું હોય એવું કશું જ રહ્યું નથી. એટલે તેની પાસેની સર્વ દોલતનો ઉપયોગ કેવળ શ્રી ઠાકોરજીની ઇચ્છા પ્રમાણે અને તેને માટે જ કરવાનો છે. આવી રીતે શારીરિક દરેક ક્રિયામાં તેમ જ અર્થના વ્યયમાં ઠાકોરજીને સમક્ષ સમજી બધા વ્યવહારો કરવાના છે અને આવું તો ત્યારે જ બને કે શ્રી ઠાકોરજી સાથે તેનું મન ઓતપ્રોત થયેલું હોય 'ચેતઃ તત્પ્રવણં સેવા' એવી સેવાની વ્યાખ્યા મહાપ્રભુજી કરે છે. આમાં જો ચિત્ત ભગવાનમાં જ પરોવાયેલું રહે, તો ધીમે ધીમે ચિત્તની, હૃદયની, મનની, બુદ્ધિની શુદ્ધિ થતી જાય અને શરીરનાં સ્થૂલ અણુઓ સુદ્ધાં અશુદ્ધ મટી શુદ્ધ થવા માંડે. અને અંતે આમ કરતાં કરતાં એવો સમય આવે, જ્યારે તેનો દેહ નવો જ થવા માંડે. જ્યારે આવો નવીન દેહ થાય, ત્યારે જ પ્રભુના આવેશ માટે તે લાયક ગણાય. આવો આધ્યાત્મિક ફેરફાર કરવા માટે સેવાની પ્રણાલિકા આ માર્ગમાં યોજયેલી છે. તેથી તેને એક યૌગિક ક્રિયા કહો તો પણ ખોટું નહિ. કારણ કે એ તો ચોક્કસ છે કે જ્યાં લગી વિષયોથી દેહ આક્રાન્ત થયેલો હોય, ત્યાં લગી હૃદયમાં ભગવાનનો આવેશ થતો જ નથી.

જ૦—પણ, આ તો તમે એવા વૈષ્ણવની વાત કરી, જેને કમાવાની ચિન્તા ન હોય ને પોતે સાધન સંપન્ન હોય.

મુ૦—આ બાબતમાં માર્ગનો સિદ્ધાન્ત તો એવો છે કે જો કોઈ વૈષ્ણવ પાસે પોતાનો વ્યવહાર ચલાવવા જેટલી સંપત્તિ ન હોય તો ઉદર નિમિત્તે તેને અર્થનો લોભ રાખ્યા વગર દિવસના અમુક સમયમાં તે માટે ઉદ્યમ કરવો. પણ પ્રભુ કૃપાએ તેનો વ્યવહાર બરાબર ચાલી શકે એવી તેની આર્થિક સ્થિતિ હોય તો તેને અર્થોપાર્જન

માટે વધુ ચિન્તા કરવાની નથી પણ પ્રભુ મેળવવાનો ફક્ત એક ઉદ્યમ કરવાનો છે.

જી૦—ત્યારે તો આ લાખો કમાવાની ધમાલને આપણો મા ઉત્તેજન આપતો નથી, એવો જ તેનો અર્થ થયો ને ?

મુ૦—હા, નથી જ આપતો. એ તો જેની જેવી આસકિ તેનો આધાર તો હૃદયની આસક્તિ શેના પ્રત્યે છે તે ઉપર જ હોય જેનું હૃદય પ્રભુમાં આસક્ત થયેલું હોય છે તેને આવી વસ્તુઓ અનાત્મ ભાવજ લાગે છે. એવાનું હૃદય વિરાગી હોય છે. આ દુન્યવી આકર્ષણોથી તે વિમુખ હોય છે. માટે એ વિષે તો બે મ હોઈ શકે જ નહિ.

જી૦—પણ, કેટલાક એવું કહે છે કે આપણા માર્ગમાં બસ પુષ્કળ કમાવાનું ને પુષ્કળ વાપરવાનું જ કહેલું છે. આપણી પાસે પૈસા પુષ્કળ હોય તો આપણે ઠાકોરજીને પણ નિ નિત્ય નૌતમ સામગ્રી, નવા નવા વસ્ત્રાલંકારો વગેરે ધરા શકીએ ને ?

મુ૦—આમ કહેવું એ કેવળ વંચનાત્મક છે. તમારી પ તમારા ગયા જન્મના કર્મવશે કદાચ પૈસા પુષ્કળ હોય, અગર કે અકસ્માતથી તમે ધનવાન બની જાઓ અને તેવી સ્થિતિમાં ત તમને પ્રાપ્ત થયેલા વિત્તનો ભગવત્કાર્યોમાં ઉપયોગ કરો તો તો તે જ ઠીક છે, પણ આવી રીતે ભગવત્ સેવાની મોજ કરવાના બહા હેઠળ તમારી આર્થિક પ્રવૃત્તિ પોષ્યા કરો અને તેમાં આસક્તિ સેવ કરો, તો પછી તેનો તો કાંઇ જ અર્થ નથી. તેનો અર્થ તો એટ જ થાય કે પ્રભુ પ્રત્યે તમારી આસક્તિ તેટલા પ્રમાણમાં ઓછી ને લૌકિક પ્રત્યે વિશેષ છે. પ્રભુ તો પ્રેમનો ભૂખ્યો છે, હૃદય

ભૂખ્યો છું, આવી બાહ્ય વસ્તુઓનો ભૂખ્યો નથી. કમાવાની પ્રવૃત્તિમાં મચ્યા રહેવું એ તો મેં કહ્યું તેમ કેવળ આત્મવંચનાજ છે.

જી૦—જો આ હિસાબેજ આપણે આપણું જીવન વ્યતિત કરવાના હોઈએ તો પછી જગતનાં મોટાં કાર્યો થઈ શકે જ નહિ. અત્યારનો જમાનો તો પ્રવૃત્તિનો છે; જ્યારે આપ કહો છો તે તો તેનાથી ઉલટું છે.

મુ૦—ખરો પુષ્ટિમાર્ગ એ નિવૃત્તિપ્રધાન માર્ગ છે. તે પ્રવૃત્તિને સ્વીકારે છે પણ ખપ પૂરતી. તમે હવે જોઈ શકશો કે પુષ્ટિનો અર્થ ખાઈ પીને માતા થવું એવો નથી. મહાપ્રભુજી કહે છે કે કોઈ મહદ્‌ની કૃપા થાય તો જ ભગવાનના ગુણાનુવાદ ગાવામાં જીવને મઝા પડે છે. ભગવાનના શ્રવણ, કીર્તન ને સ્મરણમાં જ્યારે હૃદય વિહ્વળ બને અને પ્રભુ પ્રતિની ઝંખનામાં ઝૂરી ઝૂરી તે ક્લેશમય ગાય, ત્યારે જ પ્રભુ જે અંદર બિરાજેલા છે તે બહાર પ્રકટ થઈ દર્શન આપે છે, જેમ ગોપીઓને આપ્યાં હતાં તેમ. "તડપતાં તૂટતાં અંદર ખડી માશૂક સંઈ છે." સદ્‌ગત મણિભાઈ નભુભાઈની આ ઉક્તિ એવી જ વિરહી દશાના ભાવની સૂચક છે. આ માર્ગ રૂદનનો, ક્લેશનો, વિરહનો છે. માટે જ 'નિરોધ લક્ષણ'માં આપશ્રી પ્રાર્થના કરે છે કે હે પ્રભુ! વ્રજવાસીઓને અને ગોપીઓને જેવું દુઃખ હતું તેવું દુઃખ મને ક્યારે થશે? આવા દુઃખ વગર માર્ગની સિદ્ધિ જ નથી. હવે જ્યાં આવી દશાની વાત હોય ત્યાં અર્થોપાર્જનમાં શો રસ પડે!

જી૦—ત્યારે અત્યાર લગી મને તો એમ જ લાગ્યાં કરતું હતું કે આ માર્ગમાં બસ મઝા છે. તેમાં બધા જ પ્રકારના ભોગોને સ્થાન છે.

મુ૦—એ કેવળ ભૂલભરેલી માન્યતા છે. એ ખરૂં કે હથિયાર ભલે તીક્ષ્ણ ને અસરકારક હોય છતાં જો તેને વાપરતાં ન આવડે તો તે દુશ્મનનો ઘાત કરવાને બદલે પોતાનો જ ઘાત કરી બેસે.

જી૦—આપ ભૂતલ પર કેટલું જીવ્યા? અને આપશ્રીનો અન્તિમ કાળ ક્યાં ને કેવી રીતે પસાર થયો, એ જાણવાની અપેક્ષા રહે છે.

મુ૦—માર્ગમાં આ પ્રસંગને આપશ્રીની આસુરવ્યામોહલીલાનો બનાવ કહે છે. વૈષ્ણવો માને છે કે મહાપ્રભુજી એ ભગવાનના અવતાર હતા. ભગવદ્ લીલાનું કાર્ય પૂરું કરી સ્વધામ પધારવાની આજ્ઞા થતાં આપશ્રીએ શ્રી સુબોધિનીજી લખવાનું કાર્ય બંધ કર્યું, વર્ણાશ્રમ ધર્મના પાલનાર્થે સંન્યાસની દિક્ષા લીધી, મૌન ધારણ કર્યું અને કાશીમાં શ્રી ગંગાને કિનારે હનુમાન ઘાટ ઉપર એકાંતમાં ધ્યાનમાં દિવસો ગાળવા લાગ્યા. તેઓશ્રીને ખોળતા તેઓશ્રીના પુત્રો તથા સેવકો આવી પહોંચ્યા. જ્યારે આસુરવ્યામોહલીલા કરવાની ક્ષણ આવી પહોંચી, ત્યારે મેં પૂર્વે જણાવ્યું છે તેમ આપશ્રીએ શિક્ષારૂપે એક વારસપત્ર લખી આપ્યું ને પછી ગંગાના મધ્ય પ્રવાહમાં મધ્યાહ્ને પ્રવેશ કર્યો. લોકોની મેદની સમક્ષ જ્યાં પોતે ઉભા હતા ત્યાંથી પોતે અદૃશ્ય થયા ને તે ઠેકાણે એક જબરજસ્ત તેજનો પુંજ સ્તંભરૂપે આકાશને ભેદી અદ્ધર ઉંચે ગમન કરતો દેખાયો. આ ચમત્કારી બનાવને સાશ્ચર્યથી નીહાળતા લોકો સ્તબ્ધ બની ઉભા રહ્યા. કહે છે કે આ તેજનો સ્તંભ એની એ સ્થિતિમાં બે કલાક સુધી દેખાયો હતો. આમ ભક્તિમાર્ગનું એક જબરૂં આંદોલન ફેંકી આ પૃથ્વીમાંથી આપશ્રી નિવૃત્ત થયા.

મેં તમને શ્રી આચાર્યજીના જીવનનો તેમ જ આપશ્રીએ કરેલા અદ્ભુત કાર્યોનો કાંઈક ખ્યાલ આપ્યો. અત્યાર લગી મેં પુષ્ટિમાર્ગના

સિદ્ધાન્તોની સાદી સમજણ ઠીક ઠીક પ્રમાણમાં આપી છે. પણ હવે આપણે તેમાં જરા વધારે ઊંડા ઊતરવાનું પ્રમ થાય છે. માર્ગ ગમે તેટલો સારો હોય છતાં જ્યાં લાગી તેનો પાયો મજબૂત ને પ્રમાણભૂત ન હોય ત્યાં લગી તેમાં આપણી શ્રદ્ધા સ્થિર થતી નથી. માટે હવે આપણે કાલથી માર્ગનાં મુખ્ય મુખ્ય તત્ત્વો ઉપર કંઈક શાસ્ત્રીય ધોરણે વિચાર કરીશું આજે તો મોડું પણ થઈ ગયું છે, તેથી આટલેથી જ અટકીશું. લો, જયશ્રી કૃષ્ણ!

જિ૦—જી, જયશ્રી કૃષ્ણ!

મુ૦—વારુ હું ધારું છું કે હવે તમે મને કહી શકશો કે હિંદુ ધર્મનું અંતિમ ધ્યેય શું છે?

જી૦—આપણા ઋષિમુનિઓએ તો એવું લક્ષ્ય બાંધ્યું લાગે છે કે મોક્ષપ્રાપ્તિ એજ પૂર્ણ સુખનો માર્ગ છે ને તેજ જીવનનું ધ્યેય હોવું જોઇએ.

મુ૦—તો પ્રશ્ન એ છે કે તેમણે શા માટે ઐહિક સંપત્તિને અને ઐહિક સુખને જીંદગીના ધ્યેય તરીકે નહિ ગણ્યું હોય?

જી—તેમને લાગ્યું હશે કે આવાં એહિક સુખો કેવળ તકલાદી ને ક્ષણભંગુર હોય છે.

મુ૦—તેમને ઐહિક-સુખ નહોતું એમ નહિ. તેમની કને દુન્યવી ઐશ્વર્ય પણ પૂરા પ્રમાણમાં હતું પણ તેમને તેની અસારતા અનુભવી. તેથી એવી લૌકિક સંપત્તિના સુખથી તથા સત્તા સંપન્નતાથી ઉન્મત્ત ન થતાં, તેમણે પોતાની દૃષ્ટિને અન્તર્મુખી કરી અને સુખનો સાચો માર્ગ ખોળી કાઢ્યો. આ આત્મશોધનું પરિણામ એ જ આપણું 'સનાતન તત્ત્વજ્ઞાન.'

જી૦—તેની પ્રમાણતા માટે આપણે શેના ઉપર આધાર રાખીએ

છીએ ? ખ્રિસ્તીઓ તો પોતાના બાઈબલને ને ઇસ્લામીઓ કુરાનને પોતાના ધર્મના પ્રમાણ ગ્રંથો તરીકે માને છે. તેમાં તે તે અવતારી પુરુષોનાં વાચનામૃતો હોય છે અને તેમને સત્યનું દર્શન થયેલું તેનો પ્રકાશ હોય છે. આપણે અહીં તો અતિ પ્રાચીન યુગના કોઈ એવા અવતારી પુરુષોને આધારભૂત નથી માનતા.

મુ૦—શ્વેતાશ્વતરો ઉપનિષદ્ કહે છે કે જગતની અંદર દુઃખની નિવૃત્તિ કરી શાશ્વત સુખશાંતિ સાધવી હોય તો તે પરમાત્માની પ્રાપ્તિ વગર શક્ય નથી. નાન્યઃ પન્થા વિદ્યતે। શ્રીમદ્ ગીતા કહે છે કે "તેની પ્રાપ્તિ કરવાના લાભથી અધિક લાભ હોઈ શકતો નથી." "તેમાં જે સ્થિર થયો છે તે દુઃખના ડુંગરથી પણ ચલાયમાન થતો નથી." "જે એ પદને પામ્યા છે તેઓ ત્યાંથી કદીયે પાછા ફરતા નથી, એવું એ મારું પરમ સ્થાન છે." આવું સુખશાંતિનું પરમધામ અસ્તિત્વ ધરાવે છે, એવી જેને પ્રતીતિ થઈ છે, તે એવે સ્થાને ન પહોંચે ત્યાંસુધી શી રીતે નિરાંતે બેસી શકે? આપણાં ધર્મશાસ્ત્રો, જેવાં કે વેદ તથા ગીતાજી વગેરે જેમાં ભગવાનની પ્રેરિત વાણી છે, તેમાં જીવનનું આવું ધ્યેય દર્શાવેલું છે. અને આપણે તેને ચતુર્થ પુરુષાર્થ તરીકે સ્વીકાર્યું છે.

જી૦—આપે તો પૂર્વે કહ્યું હતું કે એ ધામ તો પરમાનંદનું ધામ છે. તો પ્રશ્ન એ છે કે મોક્ષ મેળવનાર બધા જ તે એકજ ધામમાં પહોંચતા હશે. જો હું ભૂલતો ન હોઉં તો આપે મોક્ષના પણ અનેક પ્રકારો જણાવ્યા હતા.

મુ૦—જ્ઞાની ને ભક્તના મોક્ષ જુદા જુદા કલ્પેલા છે. પ્રભુ સચ્ચિદાનંદરૂપ છે. સચ્ચિદાનંદ શબ્દ મૂલ ત્રણ પેટા શબ્દોનો બનેલો

છે—સત્ ચિત્ ને આનંદ. આ ત્રણ તત્વો પૈકી સત્ નામના તત્ત્વ ઉપર જ્ઞાની પોતાનો આત્મા સ્થિર કરે છે અને ચિત્ ને આનંદનો સત્‌માં લય કરે છે એટલે ખરું જોતાં જ્ઞાનીની મુક્તદશા એ સુખની અભાવાત્મક દશા છે. જેવી અસંપ્રજ્ઞાત સમાધિ આપણે વર્ણવી તેવું સુખ એટલે દુઃખનો અભાવ. આવી પરમ સમાધિની અવસ્થામાં દુઃખના અભાવની પરમ શાંતિ હોય છે; પણ તે આનંદની સ્થિતિ કહી શકાય નહિ. ભક્ત પોતાના ચિત્‌ને આનંદમાં સ્થિર કરે છે અને સત્ ને ચિત્‌નો આનંદમાં લય કરે છે તેની આવી દશા આનંદના અનુભવની દશા હોય છે. તેનું ધ્યેય સાકાર રસરૂપ પરબ્રહ્મ હોય છે. આવી મોક્ષદશા એ આનંદની ભાવાત્મક દશા હોય છે. માટે તેને પહેલી દશા કરતાં ઉચ્ચતર માનવામાં આવે છે.

(જુઓ, ભા. ૧૧–૧૪–૨૧)

જી૦—આમાં ભક્તિનું સર્વોત્કૃષ્ટપણું બતાવવામાં આવ્યું છે. અને ઇતર ધર્મોને ગૌણ ગણવામાં આવે છે, એમ તો ખરું ને!

મુ૦—ગૌણ ગણવામાં આવે છે, એટલે ભક્તિની અપેક્ષાએ, પણ ખોટા નહિ. એમ તો શ્રી વલ્લભાચાર્યે, શ્રી શંકરાચાર્ય, શ્રી રામાનુજાચાર્ય તેમજ શ્રી નિમ્બકાચાર્ય એમ બધા આચાર્યોના મતનું ખંડન કર્યું છે. પણ તેમાં દ્વેષનો છાંટો પણ નથી. સત્યનું મૂલ્યાંકન કરતાં ગૌણતા ને પ્રધાનતાના ભાવો દર્શાવવા પડે જ. એ જ ન્યાયસિદ્ધ વસ્તુ છે. બાકી, આવા આવા જુદા જુદા વાદો ભલે રહ્યા. દરેક આચાર્યનું ધ્યેય તો એક સરખું ઈશ્વરપ્રાપ્તિનું હોય છે. અને દરેક આચાર્યે પોતાના વાદને વેદના પ્રમાણ ઉપર રચ્યો છે. એટલે આમાં અનુભવના ભેદના પ્રમાણમાં ફળનું પણ ભેદપણું લેખવામાં આવ્યું છે, એટલું ધ્યાનમાં રાખવું. આ સાથે શ્રી વલ્લભાચાર્યનો

સિદ્ધાંત સૌથી વધારે શ્રેષ્ઠ હોવાના કારણમાં એમ પણ ગણી શકાય કે આપશ્રી સૌથી છેલ્લા હોવાથી આપશ્રીને બધા જ વાદો જોવાની તથા સરખાવવાની તક મળી, જેવી બીજા આચાર્યોને નહોતી.

જિ૦—ત્યારે અન્ય આચાર્યોથી આ માર્ગના આચારની બાબતમાં કંઇ વિશેષ લક્ષણ જણાય છે ખરૂં?

મુ૦—શ્રી વલ્લભાચાર્ય પહેલાંના તમામ આચાર્યો વર્ણાશ્રમ ધર્મોને ચાવટપણે પાળવાનો આગ્રહ કરે છે. શ્રી મહાપ્રભુજી તો આપશ્રીના तत्त्वदीपनिबंधમાં (સ. નિ. પ્ર. કા ૨૨૧) કહે છે કે:

“વર્ણાશ્રમના મુખ્ય ધર્મો નાશ પામ્યા છે. અત્યારે ફક્ત નામ માત્ર રહ્યા છે. જો આપણે છળથી, જબરીથી અગર કપટથી તેનું પાલન કરીએ તો તે ધર્માચરણ નજર કરેવાય તેનાથી જીવોને મોક્ષની પ્રાપ્તિ અસંભવનીય છે.” આજ શ્લોકની ટીકામાં પોતે વિવેચન કરે છે કે:

“આ કલિકાલમાં વેદાધ્યયન કરવું અથવા તો વેદોક્ત રીતથી યજ્ઞાદિ સાધનો કરવાં એ અત્યંત કઠણ છે. તેથી જો તે કરવામાં આવે તો પણ તેના વડે ફલસિદ્ધિ અશક્ય છે.” માટે પ્રભુએ પોતે આ માર્ગ કહેલો છે. અનીગની પ્રાપ્તિ માટે આ માર્ગ વિના બીજો માર્ગ નથી. આપશ્રી પોતાના विवेकधैर्याश्रय નામના ગ્રન્થમાં જણાવે છે કે कलौ भक्त्यादि मार्गा हि दुःसाध्या इति मे मतिः। આ કલિમાં વેદોક્ત કર્મ કરવા અશક્ય થયાં છે. તે એવાં તો કઠણ છે કે યત્ન કરવામાં જરી પણ ભૂલ થાય તો તેમાંથી ફલની સિદ્ધિ થતી નથી. માટે જ પ્રભુએ પોતાને શરણે જવાનો તથા કૃપા માટે પ્રાર્થના કરવાનો આ માર્ગ સ્વયમેવ કહ્યો છે.

જિ૦—આપ તો પુષ્ટિમાર્ગને ભક્તિમાર્ગ તરીકે દર્શાવો છો. અને આ શ્લોકમાં તો ભક્તિમાર્ગનું સાધન પણ નકામું છે, એવો ધ્વનિ નીકળે છે.

મુ૦—આ શ્લોકમાં જે ભક્તિમાર્ગની વાત કરી છે તે ભક્તિમાર્ગ જુદો. ભક્તિમાર્ગ પણ બે પ્રકારના છેઃ સાધનભક્તિ ને નિઃસાધન ભક્તિ. પુષ્ટિમાર્ગ નિઃસાધન ભક્તિની વાત કરે છે સાધન ભક્તિ માર્ગની નહિ. માટે જ આ માર્ગમાં સાધન કરતાં પ્રભુ કૃપા ઉપર વિશેષ અવલંબન રાખવામાં આવે છે.

જિ૦—સાધન ભક્તિનું ફળ તો હશે ને?

મુ૦—હા, પ્રભુકૃપા.

જિ૦—એ તો ઠીક, પણ, પ્રશ્ન એ છે કે પ્રભુકૃપા મેળવવી શી રીતે? તે માટે પણ સાધન તો કરવું પડશે ને?

મુ૦—પ્રભુકૃપા એ જ આ માર્ગનું રહસ્ય છે. શ્રી ગુસાંઈજી આપશ્રીના भक्तिहेतुनिर्णय નામના ગ્રન્થમાં જણાવે છે કે तदनुग्राहैकम्यां भक्तिम् ભક્તની પ્રાપ્તિ સાધન વડે સિદ્ધ નથી પણ કેવળ પ્રભુકૃપા ઉપર નિર્ભર છે. આ બાબતમાં વેદોનો પણ ટેકો છે. ब्रह्माशापनिषद् (૭) કહે છે કે प्रसादद् ब्रह्मणः तस्य विष्णोरद्भुतकर्मणि અદ્ભુતલીલા કરીને શ્રી કૃષ્ણના અનુગ્રહ વડે આ સર્વ થયું. શ્રી ગીતાજી (૧૮–૫૬) પણ કહે છે કે "મારા પ્રસાદ વડે શાશ્વતપદને તે પ્રાપ્ત કરે છે." मच्चित्तः सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यति। (૧૮–૫૮) મારા પ્રસાદથી મારામાં તારું ચિત્ત રાખવાથી તું સર્વ પ્રકારનાં દુઃખોને તરી જઈશ. શ્રી વલ્લભાચાર્યજી શ્રી સુબોધિનીમાં કહે છે કે कृपा हि सर्वतोऽधिका। અર્થાત્ ઈશ્વર કૃપા વડે તેની જ સહાનુભૂતિથી અને તેના જ અનુગ્રહથી શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે. આ કૃપા તેજ પુષ્ટિ. માટે

જ આ માર્ગનું નામ પુષ્ટિમાર્ગ કહેવાય છે. હવે તમે મને પૂછો છો કે આવી કૃપા શી રીતે મેળવી શકાય ? હું તમને એક જ પ્રશ્ન પૂછું છું. તમારે દુનિયાના કોઈ મોટા માણસની કૃપા મેળવવી હોય તો તમે શુ કરો ?

જી૦—તેની તાબેદારી ઉઠાવું, તેની આજ્ઞાનું પાલન કરૂં, તેને વશ વર્તું.

મુ૦—તો બસ, જેવું આ લોકમાં તેવું જ પરલોકમાં; જેવું સામાન્ય માણસની કૃપા મેળવવા માટે તેવું જ ઈશ્વર માટે. બધે જ ન્યાય એક છે.

જી૦—પણ, આવી તાબેદારી ઉઠાવવા છતાં, કોક કોક વાર સામાની મહેરબાની મેળવી શકાતી નથી, એવાયે દાખલા દુનિયામાં ઓછા બનતા નથી.

મુ૦—હા, સામાન્ય માણસની બાબતમાં એવું સંભવિત છે. પણ, પ્રભુ, જે પરમ દયાળુ છે, જે પૂરેપૂરો ન્યાયી છે, તે આવી અવજ્ઞા ન જ કરે. પરંતુ તેની પ્રત્યેના આવા વર્તનમાં સાચા દિલની સંપૂર્ણ અધીનતા–દીનતા જોઈએ. આવી દીનતા એ જ પુષ્ટિનો સાધનમાર્ગ. હવે તમે પુષ્ટિમાર્ગનો અર્થ સમજ્યા ?

જી૦—એ શબ્દ શેમાંથી આવ્યો છે ? અને તેનું તાત્પર્ય શું છે ?

મુ૦—ભાગવતમાં જ આ શબ્દનો પ્રયોગ આ અર્થમાં જ થયેલો છે: “ पोषणं तदनुग्रहः ।

જી૦—ત્યારે તેના ખરા અર્થ માટે આવી ગેરસમજ શા માટે થવા પામી હશે ?

મુ૦—કેટલાક મહારાજોમાં તેમજ તેમના કેટલાક સેવકોમાં વિલાસી જીવન જોઈને પોષણ એટલે શરીરને પોષણ આપવું, એટલે ખાવું, પીવું, ને પુષ્ટ થવું; તથા સુંદર સ્ત્રીઓ સાથે ભોગવિલાસ કરવો એવો તેનો અર્થ થવા લાગ્યો. આ વાતનો ઉલ્લેખ તો મેં પૂર્વે કર્યો છે તે તમને યાદ હશે. પણ, આ તો વ્યક્તિગત દોષ છે. તેમાં સંપ્રદાયને દોષ દેવો એ યોગ્ય ન કહેવાય. પણ, મારે કહેવું જોઈએ કે આવી ટીકા કેવળ આ ધર્મ માટે જ થાય છે એવું ધારવાનું નથી. થોડેઘણે અંશે દરેક ધર્મના અનુયાયીઓમાં પણ શું આવી વિપરિતતા જોવામાં નથી આવતી? છતાં, ખોટા અભિમાનથી દોરવાઈ જઈ જુદા જુદા ધર્મવાળાઓ અરસ્પરસની આવી રાગયુક્ત ટીકા કરવા મંડી પડે છે. જો શ્રી વલ્લભાચાર્ય પુષ્ટિનો આવો અર્થ કરતા હોત તો તે એક રાજા જેટલી જાહોજલાલી વધારી શકત. પરંતુ त. दी. नि. शा. प्रमां પોતે શું કહે છે?

"વિદ્વાનો માટે વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપ ને ભક્તિ એ પાંચ પર્વો છે. પંચપર્વા વિદ્યામાં વિદ્વાન લીન થાય છે. પોતાના संन्यास निर्णय નામના ગ્રન્થમાં જણાવે છે કે विषयाक्रान्तदेहीनां नावेशः सर्वथा हरिः ॥ જેના દેહ ને પ્રાણમાં વિષયનો સંચાર હશે, તેનામાં હરિનો આવેશ કદી પણ હોઈ શકે નહિ. પે ને સુબોધિનીમાં આજ્ઞા કરે છે કે कामादिनामशिथिलत्वे भक्तिर्नोत्पत्स्यते। જ્યાંસુધી કામાદિ દોષો શિથિલ થતા નથી, ત્યાંસગી ભક્તિ ઉત્પન્ન થતી નથી. विषयाविष्टचित्तानां विष्णोरावेशः सुदूरतः ॥ જેના ચિત્તમાં વિષય રમ્યા કરે છે તેનાથી વિષ્ણુ ઘણે છેટે છે."

જી૦—કહે છે કે આવી ખોટી સમજણ ફેલાવવામાં પરદેશી વિદ્વાનોએ ઓછી મદદ કરી નથી.

મુ૦—જેમ્સ હેસ્ટિંગ તેના Encyclopaedia of Religion and Ethices નામના ગ્રન્થમાં આ વિષે લખે છે કે “His followers are the epicureans of the East and frankly avow their belief that ideal life consists in social enjoyment rather than solitude and self—mortification.” પણ, સંતોષની વાત છે કે આ માર્ગનો કાંઈક અભ્યાસ કરી તે ઉપર તેની ખરી ટીકા કરનાર મોનિયર વિલિયમ જણાવે છે કે “ Vallabh's view of vaishnav creed has been called Pustimarga, the way of eating, drinking and enjoying ourself. But in fact he simply discountenances asceticism as a mode commending man to God. He maintained that worship of diety ought not to be accompanied with fasting and self-mortification; because every individend soul was a portion of the supreme soul.

(Vaisnavaism and Hinduism.)

ઉ૦—પણ, શું એવું નહિ કે તપ એ જ ધર્મનું મુખ્ય લક્ષણ હોવું જોઇએ ?

મુ૦—શારીરિક તપ કે માનસિક તપ ? બુદ્ધ ભગવાને એવો જ માત્ર શરીરને ઉગ્ર કષ્ટ આપવાનો અખતરો કર્યો હતો. પણ, છેવટે તે ફળદાયી નથી એમ ધારી છોડી દીધો. ગીતાજીમાં પણ કહેવામાં આવ્યું છે કે યોગની સિદ્ધિ માટે જોઇએ એ કરતાં વધારે ખાવું કે જોઇએ એ કરતાં ઓછું ખાવું, એ બન્ને અનિષ્ટો છે. જોઇએ તેટલું લઇ ઉદર પોષણ કરનારની

ઇન્દ્રિયો યોગધારણા માટે વધારે લાયક ગણાય છે. તેમાં સમતા વિશેષ પ્રમાણમાં રહે છે. એટલે આમાં બન્ને છેડાનો અતિરેક હેય ગણેલો છે આવી સમધારણ વૃત્તિનો પુષ્ટિમાર્ગમાં સ્વીકાર કરવામાં આવ્યો છે, એ જ એનો અર્થ છે. કારણ કે શરીર એ ધર્મનું પરમ સાધન છે અને પ્રભુને રહેવાનું ઘર છે. માટે તેની અવજ્ઞા ન કરતા ઇન્દ્રિયોના રાજા મનને જ કબજે કરવું વધારે ફલપ્રદ છે. અને વૈરાગ્ય વૃત્તિ એ મનનો ગુણ છે. તેથી શારીરિક વૈરાગ્ય કરતાં માનસિક વૈરાગ્ય પ્રત્યે વધારે ધ્યાન આપવાનું હોય છે પોતા પ્રત્યેનો રાગ ઓછો કરી પોતાના દરેક કાર્યમાં પોતાની દરેક વૃત્તિમાં પ્રભુ પ્રત્યેનો રાગ સ્થાપવો એનું નામ જ વૈરાગ્ય. તેની સિદ્ધિ અર્થે જ પુષ્ટિમાર્ગમાં સેવાને અગ્રગણ્ય સ્થાન આપવામાં આવ્યું છે, તે ભૂલવું ન જોઈએ.

જી૦—આપ કહો છો કે પુષ્ટિ શબ્દ ભાગવતમાંથી લેવામાં આવ્યો છે. ભાગવત એ ઘણો પ્રાચીન ગ્રન્થ ન કહેવાય. મહાપ્રભુજીએ પોતાના માર્ગદર્શન વાસ્તે એ શબ્દને શા માટે પસંદ કર્યો હશે?

મૂ૦—અરે, નારે ના. પુષ્ટિશબ્દ પ્રભુ અનુગ્રહના અર્થમાં ઠેઠ ઋગ્વેદના કાળથી જાણીતો છે. તેમાં પણ એક ઠેકાણે “त्र्यम्बकं यज्ञामदे सुगन्धिं पुष्टि बर्धते ॥ જે સર્વનું સંરક્ષણ, પોષણ તથા યશરૂપી સુગંધી આવે છે તેવા ત્ર્યમ્બકને અમે ભજીએ છીએ. આમાં શારીરિક પોષણનો અર્થ લેવાનો નથી. પણ પૂર્ણપુરુષોત્તમનો અનુગ્રહ એ અર્થ લેવાનો છે. પુષ્ટિમાર્ગ એટલે સર્વ જીવનું શ્રેય કેવલ ભગવદનુગ્રહ વડે સિદ્ધ થાય એવો માર્ગ.

જી૦—તો કોઈ બીજે ઠેકાણે આ શબ્દનો એ અર્થમાં ઉપયોગ થયો હશે જ.

મુ૦—હા. દક્ષિણમાં બોપદેવ કરીને મહા વૈષ્ણવ ભક્ત વિદ્વાન થઈ ગયા. તેમણે ગીતાજી ઉપર એક સુંદર ટીકા લખી છે. તે અત્યારે પણ ઘણી લોકપ્રિય છે. તેમણે 'હરિલીલા' નામનો ગ્રન્થ લખ્યો છે. તેમાં પુષ્ટિ શબ્દનો અર્થ પ્રભુદયા એવો જ કર્યો છે. વળી ભાગવત ટીકાકાર શ્રીધરાચાર્ય પણ પોતાની ટીકામાં पुष्टिः सानुग्रहो हरेः। એમ જણાવે છે. માટે વિદ્વાનોને તો પુષ્ટિનો આ અર્થ પરિચિત છે

જી૦—તો તો મહાપ્રભુજીએ પોતે જ પુષ્ટિ શબ્દને આ અર્થમાં ઘણે ઠેકાણે વાપર્યો હોવો જોઈએ, જેથી વિભ્રમ થવા ન પામે.

મુ૦—જુઓ, હું તમને ગણાવું.

(१) कृष्णानुग्रहरूपा हि पुष्टि (त. दी. नि.)

(२) अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः (सि. मु.)

(३) भक्तिमार्गस्य कथानत् पुष्टिरस्तीति निश्चय (पु. प्र.)

(४) पुष्टिमार्गोऽनुग्रहैक साधनः (अणुभाष्य)

(५) यत्रानुग्रहः फलसूचकः (तृ. स्कं)

આ ઉપરથી જોઈ શકાશે કે 'અનુગ્રહ' એ જ પુષ્ટિમાર્ગનો પાયો છે. વિદ્વાન ડો. ભાણ્ડારકાર આ માર્ગને "Path of Divine grace" એવુ નામ આપે છે, તે યથાર્થ છે. પણ, મેં અગાઉ ધર્મનું સ્વરુપનું અવલોકન કરતાં આ વિષે કહેલું કે ધર્મને બાહ્યાંગ ને આન્તરંગ એવા બે ભાગ હોય છે, તે યાદ છે ને?

જી૦—જી, હા.

મુ૦—ગીતારહસ્ય નામના પુસ્તકમાં લોકમાન્ય ટિલક પણ એવું જ કહે છે: "આપણે ગમે તે સંપ્રદાય લઈએ. તેના

સ્વાભાવિક રીતે જ બે ભાગ હોવાના. એક તત્ત્વજ્ઞાનનો ને બીજો આચારનો. પહેલામાં પિંડબ્રહ્માંડથી માંડી પરમેશ્વરના સ્વરુપ સુધીનો વિચાર કરવામાં આવ્યો હોય છે અને મોક્ષ શા રીતે મળી શકે તેનો શાસ્ત્ર દૃષ્ટિથી નિર્ણય કરેલો હોય છે. જ્યારે બીજામાં મનુષ્યોએ મોક્ષ મેળવવાને કયું સાધન કે ઉપાય ગ્રહણ કરવો જોઇએ તેનું નિરુપણ કરેલું હોય છે.”

જી૦—ત્યારે ધર્મના આ તાત્ત્વિક વિચાર ઉપર બીજા આચાર્યોનું શું કહેવું હશે ?

મુ૦—આ સંબંધમાં અન્ય આચાર્યો થઈ ગયા તેમનાં નામ તો મેં પૂર્વે ગણાવ્યાં હતાં. શ્રી શંકરાચાર્યનો ‘કેવલાદ્વૈત’, શ્રી રામાનુજાચાર્યનો ‘વશિષ્ટાદ્વૈત’, શ્રી મધ્વાચાર્યનો ‘દ્વૈત’ અને શ્રી નિમ્બાર્કાચાર્યનો ‘દ્વૈતાદ્વૈત’ એવા જુદા જુદા નામથી તેમના વાદો પ્રચલિત છે. આ દરેક વાદો ઉપર જુદા જુદા ગ્રન્થો લખાયા છે. બધા જ આચાર્યો બ્રહ્મના અદ્વૈતત્વ ઉપર ભાર મૂકે છે. પણ બ્રહ્મ અને જીવ તથા જગતના સંબંધ પ્રત્યે તેઓમાં મતભેદ છે. આ બધાને પૂરેપૂરો ન્યાય આપવો હોય તો તો તે સર્વ વાદોનો પૃથક પૃથક અભ્યાસ કરવો જોઇએ. શ્રી વલ્લભાચાર્યજીએ એ સર્વ વાદોનો નિષ્પક્ષપાતપણે અભ્યાસ કરી શોધી કાઢ્યું કે તેમના અદ્વૈતત્વની ભાવના જરા મેલી છે એટલે અશુદ્ધ છે અર્થાત્ દોષયુક્ત છે. મતલબ કે વેદમાં, બ્રહ્મસુત્રમાં, તથા ગીતાજીમાં બ્રહ્મ ને જીવ જગતના અદ્વૈતત્વની જે શુદ્ધ ભાવના છે તે ઉપરના વાદોમાં બરાબર રજુ થયેલી નથી. માટે તેઓશ્રીએ શુદ્ધાદ્વૈત નામનો નવો વાદ પ્રતિપાદન કર્યો અને બતાવ્યું કે બ્રહ્મ, જીવ ને જગત જુદાં જુદાં દેખાય છે છતાં એ ત્રણે તત્ત્વમાં બધાં શુદ્ધ બ્રહ્મરૂપ છે અને તેમાં બ્રહ્મ જ વર્તે છે. આપશ્રીએ તત્વજ્ઞાનની એવી નવી પ્રણાલિ રજુ કરી એટલું જ નહિ પણ આચારવ્યવહારનો પણ વિચાર કરી પ્રત્યેક

માર્ગનું ઝીણવટથી નિરીક્ષણ કર્યું અને દેશકાલ તથા પરિસ્થિતિને અનુકૂલ થાય એવા પુષ્ટિમાર્ગની સ્થાપના કરી.

આ માર્ગમાં સર્વ માર્ગોનો બહુ જ કુશળપણે સમાવેશ કરવામાં આવ્યો છે. અને તેમ કરવામાં અગાધ પાંડિત્ય, અતુલ ચાતુર્ય તેમજ અલૌકિક બુદ્ધિમત્તતા દર્શાવી છે. જેમ કોઈ ઝવેરી અમોલ મોતીને ચુંટી કાઢે તેમ પ્રસ્થાન ચતુષ્ટમાંથી આપશ્રીએ શુદ્ધાદ્વૈત તત્ત્વનું અમૂલ્ય રત્ન બહાર કાઢી સમાજ સમક્ષ ભક્તિના શિખરરૂપ ધર્યું છે ને આમ કરીને અલૌકિક શૃંગારરસરૂપી પ્રેમની જે રેલ રેલાવી છે તે અપૂર્વ છે. આપણે જેમ જેમ આ વિષયમાં ઊંડા ઉતરીશું તેમ તેમ તેનો મર્મ આપણને સમજાશે. હવે જુઓ આપણો પ્રશ્ન એ હતો કે જો પુષ્ટિમાર્ગમાં પ્રભુનો અનુગ્રહ પ્રાપ્ત કરવો એ જ ધ્યેય હોય તો એ માટે આપણે શું કરવું ! પ્રભુકૃપાની પ્રાપ્તિ શી રીતે શક્ય બને ? હવે પછીના વાર્તાલાપનો વિષય આનાજ જવાબરૂપે હશે. માટે હવે વધારે તો આવતી કાલે. જયશ્રી કૃષ્ણ !

જી૦—જી, જયશ્રી કૃષ્ણ !

[૨૩] પુષ્ટિસાધન

શ્રી મહાપ્રભુજીએ જોયું કે મોક્ષ માટેનાં સર્વ સાધનો અ કલિયુગમાં નિષ્ફળ ગયાં છે. અને શુદ્ધ સાધનો વિના સિદ્ધિ શક નથી. શાસ્ત્રમાં આવાં સાધનો તરીકે દેશ, કાળ, સ્થિતિ, કર્તા, દ્ર ને મંત્રને ગણાવ્યાં છે. પણ, કાળબળને લીધે આ બધાં સાધનો હવે દૈવત્વ રહ્યું નથી. મતલબ કે એ સર્વ સાધનો અશુદ્ધ બન્યાં તો આવાં અશુદ્ધ સાધનો વડે ઇષ્ટની સિદ્ધિ શી રીતે શક્ય બને માટે કલિયુગના પતિત જીવો માટે એવું સાધન જોઇએ, જે સર અને કાર્યસાધક હોય. અને આ સાધન તે ભક્તિનું જ સાધન હ શકે. કારણ મનુષ્ય સૃષ્ટિમાં આપણે જોઈએ છે કે જે કાર્ય પૈ ટકાથી કે લાગવગથી યાતો હુકમથી કે જ્ઞાનથી થઇ શકતું નથી પ્રેમથી થઈ શકે છે. માટે કૃપા કે મહેરબાની સંપાદન કરવાનું બ જેવું પ્રેમમાં અગર પ્રેમજનિત દાસત્વમાં એટલે કે દાસ્યભાવમાં તેવું અમોઘ શક્તિવાળું બળ અન્ય કશામાં નથી. આ શક્તિ એ જનન, પોષણ તથા લયનું કારણ છે. આ શક્તિ મૂળ બ્રહ્મમાં આવી છે. કારણ બ્રહ્મ પોતે આ શક્તિરૂપ છે. આ જગત પણ જ શક્તિનું ફળ ને વિસ્તાર છે. માટે જો મનુષ્યનું ચિત્ત તેના ઉ એકાગ્ર કરવામાં આવે :અને તેની દ્વારા ખોવાયેલો અગર કહો ભૂલાયેલો પ્રભુનો માર્ગ શોધવામાં આવે, તો સફળતાનો સં વધારે છે, એમ વિચારી આપશ્રીએ જુના પ્રચલિત મંત્રોમાંથી

ને ભક્તિ સાધક શરણમંત્ર ઉદ્ધત કર્યો અને ભક્તિમાર્ગના સાધન તરીકે તેનો ઉપયોગ યોજ્યો. તે મંત્ર તે આઃ श्री कृष्णः शरणं मम ॥

જી૦—પણ, આ મંત્ર તે આપશ્રીએ ઉપજાવી કાઢેલો છે? કે સ્વતંત્ર મંત્ર છે? કે પછી વેદ વચનો, પુરાણો કે અન્ય ધર્મશાસ્ત્રમાંથી તેના ભાવરૂપે ગ્રહણ કરવામાં આવેલો છે?

મુ૦—જો તમે તેના અર્થનું રહસ્ય સમજશો અને એમાં રહેલી ભાવના પ્રત્યે જોશો તો તમને માલુમ પડશે કે તેને વેદપુરાણનો ટેકો છે એટલું જ નહિ પણ દુનિયાના સર્વ મહાન ધર્મોના ગર્ભમાં પણ એમાં સમાયેલું તત્ત્વ રહેલું છે. 'શ્રી કૃષ્ણઃ શરણં મમ" આ એક મહામંત્ર છે.

જી૦—શું કોઈ આવા મંત્રની વિધિ સર્વવ્યાપક છે? જ્ઞાનીઓ કે યોગીઓ પણ શું આવા મંત્રનો જપ કરતા હશે?

મુ૦—હા, લગભગ સર્વવ્યાપક છે એમ કહીએ તો ચાલે. દરેક ઠેકાણે સાધક પોતાના ધ્યાનને એકાગ્ર કરવા આવા આધ્યાત્મિક શક્તિવાળા એક અગર વધારે શબ્દોનો કે પ્રભુનામનો ઉપયોગ કરતો હોય છે. આવા શબ્દની દૈવી શક્તિમાં તેને પુષ્કળ શ્રદ્ધા હોય છે. એક વખત તો મંત્રતંત્રનો જ જમાનો હતો. અને એક પ્રકારના મંત્રો નહિ, પણ અનેક પ્રકારના મંત્રો ને તંત્રોની સાધના કરવામાં આવતી, જેથી ઐહિક તેમજ સ્વર્ગીય લાભો મેળવી શકાય. મંત્રો એ આધ્યાત્મિક શક્તિઓનાં રૂપો છે. તેથી તેને સાધનારા તેનો સદુપયોગ તેમજ દુરુપયોગ પણ કરવા લલચાતા. પછી તો સમય એવો આવ્યો કે તેનો સદુપયોગ કરતાં દુરુપયોગ વિશેષ પ્રમાણમાં થવા લાગ્યો. એથી તેની આધ્યાત્મિક શક્તિ પણ અદૃશ્ય થઈ અને હવે તો યંત્રનો જમાનો આવ્યો છે. આ યંત્રના જમાનામાં તો માનવ શક્તિથી પર એવી કોઈ દૈવી શક્તિ હયાત છે, એવું માનવામાં પણ

આવતું નથી. હાલના જડવાદીઓને તો યંત્રની શક્તિમાં જેટલી શ્રદ્ધા છે, તેટલી બીજા કશામાં નથી. આ વાતની સાક્ષી વર્તમાન યુદ્ધ પણ પૂરે છે. એટલે આવા વિપરીત કાલમાં એવા કયા સાધનોનો પ્રચાર કરવો જોઇએ, જેથી મનુષ્યની અંદરની લોભ કે કામવૃત્તિને ઉત્તેજન મળે નહિ અને જે વધારે શ્રેયસ્કર હોય, એવો ગંભીર પ્રશ્ન શ્રી મહાપ્રભુજી આગળ હતો. અને તેથી જ બધા શાસ્ત્રોનું દોહન કરી મેં કહ્યું તેમ ઉપરના અષ્ટાક્ષર મંત્રને આપશ્રીએ ઉદ્ધૃત કર્યો છે. પુષ્ટિમાર્ગમાં આને પ્રથમ સ્થાન છે.

જી૦—ત્યારે આ મંત્રની દૈવી શક્તિમાં આપણને સંપૂર્ણ શ્રદ્ધા હોવી જોઇએ એમાં તો કહેવાનું શું હોય?

મુ૦—અલબત્ત. તેની અંદર રહેલા ગૂઢ અર્થમાંજ નહિ પણ પ્રત્યે અક્ષરમાં કેવી દિવ્ય ભાવના રહેલી છે, તે ઉપર કેટલાયે ગ્રન્થો લખાયા છે. આ મંત્ર આપણી આગળ જીવનનું એક મહા આદર્શ રજુ કરે છે. એટલું જ નહિ, પણ તેના સેવનથી આપણામાં દૈવી શક્તિનો સંચાર કરે છે, એવો તેને શ્રદ્ધાપૂર્વક સેવનારાઓનો સ્વાનુભવ છે.

જો તમને યાદ હોય તો મેં તમને જણાવ્યું હતું કે ખરૂં જોતાં દરેક અક્ષર એ અમુક જાતની શક્તિનું પ્રતીક છે એટલું જ નહિ પણ તે સૂક્ષ્મ સ્વરુપમૂર્તિ છે. જો આ હકીકત સાચી હોય તો તેના સેવનનું પરિણામ તેમાં રહેલી શક્તિના પ્રમાણમાં આવવું જ જોઇએ. જો કોઈ સ્થૂલ ઓષધિ દર્દીને સાજો કરે, તો આવી આધ્યાત્મિક ઓષધિ આધ્યાત્મિક રોગીને સાજો કરે તેમાં શી નવાઈ? અને આપણે બધા જ આધ્યાત્મિક રોગીઓ છીએ તેની કોણ ના કહી શકશે? તેથી જ એવી માન્યતા સેવવામાં આવે છે કે પ્રભુ કરતાં પ્રભુના નામમાં વધારે શક્તિ

રહેલી છે. આપણને કદાચ પહેલી દષ્ટિએ આ કથન અતિશયોક્તિ ભરેલું લાગે પણ જો એ ઉપર જરા વધારે વિચાર કરવામાં આવે તો તેનું તથ્ય બરાબર સમજાય. ધારો કે તમે મોટા વેપારી છો, તમારો ધંધો ધમધોકાર ચાલે છે, અને તમે લાખો રૂપીઆની હુંડી-પત્રીઓનું કામ પરદેશી વેપારીઓ સાથે કરો છો. આ પરદેશ સાથેનો તમામ વેપાર કેવળ પત્રવ્યવહારથી ચાલે છે. સામો વેપારી કદાચ તમને ઓળખતો પણ ન હોય એ બનવા જોગ છે. આવી સ્થિતિમાં તમે તેવા વેપારીને ત્યાં જઈ ચઢો ને તમારે ખાતે રૂપીઆ માગો. તો શું સંભવ નથી કે આવી રીતે ઓળખાણ વગર માગેલા રૂપીયા ધીરતાં તે આનાકાની પણ કરે. પણ તેને બદલે તમે તમારા હાથની એક હુંડી લખી વટાવો તો તમારી સહીના બળે તમે જોઈતી રકમ મેળવી શકો છો. આમાં સહી કરનારા કરતાં સહીની કીમત વધારે છે. એવું જ કાંઈ ભગવાનના નામની બાબતમાં છે. પ્રભુ પોતાના નામને કે બીરદને કદી પણ જુઠું થવા દેતા નથી. કારણ કે તે જાણે છે કે જીવ બીચારો અજ્ઞાન પ્રાણી છે. મારૂં નામ એ જ તેનું જીવન છે–એ જ તેનો તારણહાર છે. જો આ શ્રદ્ધાનું નાવડું પણ ખેંચી લેવામાં આવે તો તેને બચવાનો બીજો કશો આધાર નથી. માટે જ તેના નામને પોકારનારાનો અવાજ પ્રભુ સાંભળે છે અને તેમનો બોલાવ્યો આવે છે. તેથી જ ભક્તો નામરટણમાં મગ્ન રહે છે. એ જ તેમનું અવલંબન હોય છે. એ જ તેમની જીવનનૌકા હોય છે.

જી૦—આ માટે કોઈ શાસ્ત્રીય પ્રમાણ છે? ગીતાજી જેવો સર્વમાન્ય ધાર્મિક ગ્રન્થ તેને માટે શું કહે છે? શું આવી માન્યતાને ગીતાજીનો ટેકો મળી શકે ખરો?

મુ—મળી શકે, શા માટે નહિ? મહાપ્રભુજી તો ગીતાજીને સૌથી વધારે પ્રમાણભૂત ગ્રન્થ તરીકે સ્વીકારે છેઃ एकं शास्त्रं देवकीपुत्र

गीतम् ।। અર્જુન અને શ્રીકૃષ્ણ વચ્ચેના લાંબા સંવાદના અંતે सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।। આ વચનામૃત આવે છે, એ શું સૂચવે છે? અત્યાર સુધી જુદા જુદા ધર્મોની ચર્ચા કરી અને તે બધાનું સમર્થન કર્યું અને અંતે તે બધાનો ત્યાગ કરવાનો ઉપદેશ આપ્યો. શું તમને આમાં ગંભીર તાત્પર્ય નથી લાગતું?

જી૦—તેનો અર્થ તો એવો થાય કે ભગવાનના શરણની અપેક્ષાએ અન્ય સાધનોની ગૌણતા સુચિત કરવાનો તેનો આશય હોય.

મુ૦—બરાબર. પરંતુ મને લાગે છે કે તેમાં રહેલો ગૂઢ હેતુ કદાચ તમારા લક્ષમાં નહિ આવ્યો હોય.

જી૦—શો?

મુ૦—આ જગતમાં જેટલાં જેટલાં સાધનો છે, તે તમામ ગુણાત્મક હોય છે, કારણ કે તે બ્રહ્મની ગુણાત્મક સૃષ્ટિને વશ છે. એટલે આવું ધર્મનું સાધન ગમે તેટલું મોટું હોય છતાં તે માયાને અધીન છે. તેથી તેનું ફળ નિત્ય ન હોઈ શકે. માયા જો કોઈને અધીન હોય તો તે શ્રી કૃષ્ણને છે, એટલે કે કેવળ શ્રી કૃષ્ણ ઉપર માયાનું બળ ચાલી શકતું નથી. માટે જ બધા ધર્મોની વાત કર્યા પછી, ભગવાન કહે છે કે પાપમાંથી છૂટવા માટે તું અન્ય દેવોને રીજવવાનું કે જ્ઞાનનું ગમે તે સાધન કરતો હોય, છતાં તેના પરિણામે આખરની પ્રાપ્તિ તો મળવાની જ નથી. તું પાપમાંથી છૂટો થઈશ ને તારામાં પુણ્યનો સંચય થશે એ ખરું, પણ તારું પુણ્યકર્મ પુરું થતાં તારે આ સંસારમાં ફરીથી આવવું પડશે. વળી, એવાં સાધન કદાચ ફળદાયી હોય તો પણ તે ઘણાં કષ્ટસાધ્ય છે. માટે પાપવિમોચનનો સહેલામાં સહેલો અને સૌથી વધારે ફલદાયી માર્ગ તો એ જ છે કે તારે મારે શરણે આવવું. તું મારે શરણે આવે તેનો અર્થ એ થાય છે કે તેં માયાની દુનિયાનો તથા તેના રાજ્યનો ઇન્કાર

કર્યો છે અને તેને ઠેકાણે મારો સ્વીકાર કરી મારી સાચી સત્તાને સ્થાપન કરી છે. આમ મારું આધિપત્ય સ્વીકારેલું હોવાથી મારા દૈવી રાજ્યનો તું અધિકારી થયો છે. માટે જે શ્રદ્ધાથી તું મને વળગી રહીશ તે શ્રદ્ધાથી તું મને પામીશ. તે માટે તારે બહાર ફાંફાં મારવાની જરૂર નથી કે કશાનો ભય રાખવાનું કારણ નથી. કારણ હું જ સર્વ કારણનું કારણ છું, મને જ માયા વશ છે, હું જ દેવોનો દેવ છું.

આમ જ્યારે ભક્ત પ્રભુને શરણે જાય છે ત્યારે તેને પછી ચિન્તાનું કારણ રહેતું નથી. અને શું આપણો પણ એવો અનુભવ નથી કે આશાએ આશાએ આપણે બારણે પડી રહેલો એક કુતરો પણ ભૂખે મરતો નથી, તો પ્રભુનો આશ્રય ખોળનાર ભૂખે મરે એ શું સંભવિત છે ?

જી૦—આવા ભક્તિમાર્ગ માટે તો કોઈને પણ શો વાધો હોઈ શકે ? આવા માર્ગમાં તો સર્વસામાન્ય ધર્મનું તત્ત્વ રહેલું ચોખ્ખું દેખાય છે. શું મહાપ્રભુજીનો ઉદ્દેશ તેવા વિશાળ પાયા પર નવા ધર્મની સ્થાપના કરવાનો હતો ?

મુ૦—હા. આપશ્રી માને છે કે કળિયુગ માટે શ્રીમદ્ભાગવતનું શ્રવણ ને શ્રીકૃષ્ણ નામનો ઉચ્ચાર એ એક જ મોટું સાધન છે.

જી૦—પણ, એવા તો કેટલાયે ઢોંગી સાધુઓ ને સંન્યાસીઓ હશે, જેમની જીભ ઉપર ભલેને રામનામનું રટણ હોય છતાં હૃદયમાં તો પરાઈ મિલકત પચાવી પાડવાના તેઓ પેંતરા રચતા હોય છે, એનું કેમ ?

મુ૦—તમે કહો છો એ પણ સત્ય છે. પણ ભગવદ્ નામનો એવો દુરુપયોગ કરનારા પછી ભલે ને ગમે તે હોય, છતાં છેવટે તો

નારાને પંથે જ સીધાવે છે. એવા ઢોંગીઓ, સંભવ છે કે, થોડા વખત જગતને છેતરવામાં ફાવી પણ જાય છતાં પ્રભુ કંઈ ઓછો છેતરાવાનો છે? તે તો અન્તર્યામી છે. આપણા હૃદયની છૂપામાંછૂપી વાત તે જાણે છે. એટલે આવા દુષ્કૃત્યની ઉલટી અસર એના પોતા ઉપર જ થાય છે.

જિ૦—એ તો હું સમજ્યો. પણ આવા મંત્રનું દાન કોઈ ગુરુ દ્વારા જ આપી શકાય એવો રિવાજ શા માટે હોવો જોઈએ?

મુ૦—તમારો પ્રશ્ન ગંભીર વિચારણા માગે છે. ગુરૂ દ્વારા તેમજ કોઈ ભગવદ્ભક્ત વૈષ્ણવ દ્વારા પણ આવા મંત્રનું દાન થઈ શકે છે. પૂર્વે સ્વપ્ન દ્વારા પણ આવો મંત્ર ગ્રહણ કર્યાના દાખલા પણ છે. મતલબ એ છે કે મંત્ર જેવી શુદ્ધ વસ્તુ એવા કોઈ શુદ્ધ સ્થાનેથી આવે એ ઈષ્ટ છે. મંત્રદાનની ક્રિયા એ સ્થૂલ નથી. તેની પોતાની શક્તિ ઉપરાંત દાન કરનાર વ્યક્તિનો પણ તેની ઉપર આધાર છે. દાન આપનારના અંતરાત્માની શુભેચ્છા તથા આશીર્વાદ એવી અમૂલ્ય ચીજ છે કે તેની કીમત પૈસાથી ન જ વળી શકે. મંત્રદાનની આવી ગંભીર ક્રિયામાં દૈવી આંદોલનનો સંચાર થાય અને મંત્ર ગ્રહણ કરનારને તેથી વધારે આધ્યાત્મિક ફળ મળે. પરંતુ, એ ખરૂં કે આવા મંત્રનું દાન કોઈ પણ અવૈષ્ણવ પાસેથી ગૃહણ ન કરવું. કારણકે આવા આધ્યાત્મિક વ્યહેવારમાં, જ્યાં શ્રદ્ધા અને સદ્ભાવની ગેરહાજરી હોય ત્યાં આવી ક્રિયા નિષ્ફળ નીવડે. શ્રી મહાપ્રભુજીએ તેમજ શ્રી ગુસાંઈજીએ યોગ્ય અધિકાર જોઈ તેમના ખાસ સેવકોને આ અષ્ટાક્ષરનું દાન કરવાનો અધિકાર આપેલો. પણ, અષ્ટાક્ષર મંત્રનું દાન અને આત્મનિવેદન મંત્રનું દાન એ બે એક જ વસ્તુ નથી. આત્મનિવેદનનું દાન તો ગુરુદ્વારા જ કરવાનો સનાતન વિધિ છે. અષ્ટાક્ષરનું દાન નામનિવેદન કહેવાય છે, બ્રહ્મસંબંધ મંત્રનું દાન આત્મનિવેદન કહેવાય છે.

જી૦—ત્યારે આ મંત્રસેવનનો પણ વિધિ હશે જ.

મુ૦—આ અષ્ટાક્ષર મંત્રનો જપ એ એક પ્રકારનો યજ્ઞ છે. અને કલિયુગમાં જપયજ્ઞને સૌથી મોટો માનેલો છે. यज्ञानां जपयज्ञोऽस्मि (ભ. ગી. ૧૦-૧૫) યજ્ઞમાં આપવામાં આવતી બહારની આહૂતિ કરતાં આ જપયજ્ઞ વધારે સારો છે. વૈદિક કર્મકંડિકાઓ સ્થૂળ યજ્ઞાત્મક ક્રિયાઓને વધારે વજન આપતી. તેમના દરેક યજ્ઞ પાછળ કંઇને કંઈ પ્રાપ્તિનો હેતુ રહેતો. એને બદલે પુષ્ટિમાર્ગમાં યજ્ઞનો પ્રકારજ બદલી નાંખવામાં આવ્યો ને આવા જપને વધારે મહત્વ આપવામાં આવ્યું. તે એટલે સુધી કે શ્રીમદાચાર્યજી તો 'નવરત્ન' ગ્રન્થમાં આજ્ઞા કરે છે કે વૈષ્ણવે હરદમ હરેક સ્થિતિમાં મોઢેથી આ મંત્રનો ઉચ્ચાર કરવો કે જપ કરવો. એક પણ ક્ષણ એના વિના રહેવું નહિ કારણકે એક ક્ષણ પણ જો ચિત્તમાં આસુરાવેશ થાય તો ભગવદ્ પ્રવેશ થાય નહિ. અરે, ગોડીયા સંપ્રદાયમાં તો સાધુકોટિના વૈષ્ણવોમાં એવો રિવાજ હોય છે કે દરેક વૈષ્ણવ સાધુએ દરરોજ સવાલાખ ભગવદ્ નામનો જપ કરવો જ જોઈએ; એવો જપ પૂરો કર્યા વિના તે પ્રસાદ સુદ્ધાં લે નહિ. આવો જપ. એકાગ્ર મનથી ને ચિત્તની સ્થિર ધારણાયો કરવામાં આવે તો તેના વડે મન ને ચિત્ત શુદ્ધ થાય છે અને પછી ધીરે ધીરે અંતરમાં દૈવી ભાવનો સંચાર થઈ આપણું હૃદય પ્રભુના આવેશ માટે લાયક બને છે. શ્રી વિઠ્ઠલનાથજી આ મંત્રને मन्त्राणां मन्त्रराजोत्तम કહે છે. આ મંત્ર એ સર્વવેદનો સાર છે. જો સંસારરૂપી રોગને ટાળવાનો એક માત્ર રામબાણ ઉપાય હોય તો એ આ મંત્રની સાધના છે.

જી૦—આ મંત્રની સાધનાનું શું ફળ શાસ્ત્રકારોએ નક્કી કર્યું છે?

મુ૦—શ્રી વિઠ્ઠલનાથજી આપશ્રીના अष्टाक्षरनिरूपण નામના ગ્રન્થમાં આનો સારી રીતે સ્ફોટ કરે છે. તેઓશ્રી કહે છે કે આ

મંત્રના જપથી ભગવાન પ્રત્યે રતિ, વૈરાગ્ય, વગેરે પ્રાપ્ત થાય છે. અને એના યોગથી ભોગ અને મોક્ષ બન્ને હસ્તગત થાય છે. विवेकधैयाश्रममां શ્રી વલ્લભાચાર્યજી જણાવે છે કે अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरिः ॥ ગમે તે વાતમાં પછી તે શક્ય હો અગર અશક્ય હો શ્રી હરિનું શરણું એ જ મુખ્ય વસ્તુ છે. નિરંતર તેનો જ આશ્રય કરવો માટે જ તેઓશ્રી કહે છે કે तस्मात्सर्वात्मना नित्यं श्रीकृष्णः शरणं मम । वददेव सततं स्थेयमित्येव मे मति ॥ અસ્તુ, આ મંત્રની શક્તિ એવી ધારવામાં આવે છે કે જો શ્રદ્ધાપૂર્વક તેનો જપ કરવામાં આવે તો લૌકિક અલૌકિક સર્વ પ્રકારની આપત્તિઓનું તેનાથી નિવારણ થઈ જાય—ભૂત પિશાચ વગેરેનો ભય પણ તેના વડે દૂર થઈ જાય. મતલબ કે સર્વ સ્થિતિમાં તેનો ઉપયોગ એ એક જ રામબાણ ઉપાય છે. પણ, ખરૂં જોતાં મંત્રનું સ્મરણ શુદ્ધ ભાવથી અને ઉચ્ચ વસ્તુની પ્રાપ્તિ માટે જ કરવું જોઈએ. આવું કરવાથી જ ભક્તિનો ઉદય થાય છે, જે તેનો મૂળ હેતુ છે. વ્યહેવારમાં આપણો દુશ્મન પણ જો આપણે શરણે આવે તો તે નિર્ભયતા પામે છે, તો ભક્તિભાવપૂર્વક જે જીવ ભગવાનને શરણે જાય, તે પછી ભલેને પાપી હોય યા તો જ્ઞાની હોય, ભગવાન તેને પોતાની પાંખ તળે લે છે અને તેના દુઃખનું નિવારણ કરે છે. ભક્તિબીજને બોયા પહેલાં જમીન સાફસુફ ને પોચી હોવી જોઈએ. આ મંત્ર જમીનને વાવેતર માટે લાયક બનાવે છે. કારણ કે શરણ ભાવથી ભગવાનનું આધિપત્ય સ્વીકારવા ઉપરાંત તેના ઐશ્વર્ય ભાવની પ્રતીતિ થાય છે. અને આવી રીતે નિર્ભયતા પ્રાપ્ત થતાં બીજના ઉગવા માટે અનુકૂળ વાતાવરણ પેદા થાય છે. માટે જ ભક્તિના અધિકારની પ્રાપ્તિ અર્થે આ મંત્રની પહેલી આવશ્યકતા સ્વીકારવામાં આવી છે. શરણધર્મ સિદ્ધ થયા કેડે જ સર્વસ્વ સમર્પણ માટે લાયકાત મળે છે. હવે સર્વસ્વ સમર્પણનો એટલે બ્રહ્મસંબંધ કરવાનો બીજો મહત્ત્વનો વિધિ જે પુષ્ટિ સંપ્રદાયમાં છે, તે વિષે હું તમને આવતી કાલે કહીશ.

[૨૪] આત્મનિવેદન

મુ૦—ગઈ કાલે મેં તમને શરણભાવનાની સિદ્ધિ માટે અષ્ટાક્ષર મંત્રનુ દાન કેવી રીતે કરવામાં આવે છે તે કહ્યું. આજે હું તમને આત્મનિવેદન મંત્ર વિષે થોડું કહીશ. આ આત્મનિવેદનનુ દાન સ્વતઃ ભગવાને પોતે શ્રી આચાર્યજીને કેવી રીતે કર્યું તે વિષેનો પ્રસંગ મેં તમને અગાઉ કહેલો છે. શ્રી મહાપ્રભુજી કહે છે કે—

> श्रावणस्मलेऽयामपक्षे एकादस्यां महानिधि ।
> साक्षात्भगवता प्रोक्तं तदक्षरश उच्यते ॥

ભગવાનનું આ દર્શન તેઓશ્રીને શ્રાવણ સુદ ૧૧ ના પવિત્ર દિવસે મધ્ય રાત્રે થયેલું. તેનું રહસ્ય બહુ ભારે છે. શરણ પછી આત્મનિવેદન એ આત્મિક પ્રગતિનો સ્વાભાવિક ક્રમ સૂચવે છે.

જી૦—એ શી રીતે ?

મુ૦—તમે ભગવાનને શરણે જાઓ છો એટલે તમે દૈવી સત્તાનો અંગીકાર કરો છો; દૈવી સત્તાનો આશ્રય લોછો. હવેથી તમે અદૈવી એટલી માયાની સત્તાનો ઈન્કાર કર્યો છે. હવે તમે વધારે ઉચ્ચ રાજ્યના પ્રજાજન બન્યા છો. એથી હવે આવા દૈવી રાજ્યના કાયદા તમને લાગુ પડે. હવે તમને માયાના રાજ્યના કાયદા લાગુ પડે નહિ. પણ આવું ક્યારે બને ? તમે આ સુરાજ્યમાં વફાદારીથી

અનન્યભાવે તેના અધિપતિની પ્રજા બનો તો. આવું સ્થિત્યંતર થયેથી દૈવી રાજ્યથી મળતા લાભોના તમે અધિકારી થયા અને તેથી તમારાં પાપોનું નિવારણ થયું. તમે નિશ્ચિંતતા પ્રાપ્ત કરી. વ્યગ્રતા ને ચિન્તાને ઠેકાણે તમારા ચિત્તમાં શાંતિ સ્થાપન થઈ. આવો આધ્યાત્મિક ફેરફાર તમારા આંતરમાં થયો છતાં તમારૂં 'અહં અને મમ' ગયાં નથી. મોટાની પ્રજા બનવાથી નિર્ભયતા ને દૈવત્વ પ્રાપ્ત થયાં પણ મારાપણાની ભાવના મટી નથી. સ્થિત્યંતર થયું છતાં તમે જે તમારૂં ધારતા હતા તે તમે સાથે લઈ ગયા છો એટલે કે તમારી જાત ઉપર અગર તો તમારી શક્તિ ઉપર આધારભૂત હોય હોય તેવી દુન્યવી ચીજો ઉપરનો તમારો આધિપત્યપણાનો ભાવ અદ્યાપિ તમારામાંથી ગયો નથી. તમારી ઐહિક સ્થિતિ ગભરામણવાળી હતી. અને તેથી તમે વિવશ થયા હતા. પણ હવે વિવશતાને કારણ રહ્યું નથી કારણ કે તમે મોટાનો આશ્રય લીધો છે. પણ તેથી તમારામાં જે માલિકીપણાની—'અહં ને મમ'ની એટલે મારાપણાની ભાવના હતી તે તો કાયમ રહી છે. એ ભાવના નાબૂદ ન થાય ત્યાં લગી તમારામાં ખરી દીનતા કે દાસ્યભાવનો ઉદય ન જ થાય. અને જ્યાં આવા બે ભાવોના ઉદય ન થાય ત્યાં તદીયતા સિદ્ધ ન થાય. એટલે કે તાત્વિક ભાષામાં તેમાં દ્વૈતભાવ પૂરેપૂરો રહેલો છે. જો તે દ્વૈતને ફગાવી ભગવાન સાથે અદ્વૈત પ્રાપ્ત કરવું હોય તો આ 'અહં ને મમ'નો નિરોધ કરવો રહ્યો. જ્ઞાનયોગમાં પણ ચિત્તનો નિરોધ કરવો પડે છે પણ તે આ રીતે નહિ. તેમાં પોતાના આત્મબલ ઉપર આધાર રાખવામાં આવે છે. મહાપ્રભુજી સાંખ્ય ને યોગના આ માર્ગનો સ્વીકાર કરે છે. પણ, જીવની દુર્દશા અને પરવશતા તથા અક્ષમતા જોઈ તેઓશ્રીએ આ શરણમાર્ગ લોકો માટે પ્રબોધ્યો છે. શરણપણું એ તો પુષ્ટિનું પ્રથમ પગથીયું છે. જ્યાં લગી ચિત્તમાંથી અહંવૃત્તિની નિવૃત્તિ ન થાય ત્યાં લગી શુદ્ધ અદ્વૈતપણાનો સાક્ષાત્કાર થતો નથી. આવી સિદ્ધિ અર્થે જીવ

પોતે જેને હું ને મારૂં ગણતો હોય તેનું ભગવાનને સમર્પણ થવું જોઈએ. તો જ તે માયાના બંધનમાંથી મુક્ત થઈ શકે. આમ અષ્ટાક્ષર મંત્રની સાધના દ્વારા શરણભાવનાની સિદ્ધિ અર્થે તે ઉચ્ચતર એવા પ્રભુના રાજ્યમાં રહેવા આવ્યો છે પણ મનથી તે પૂર્વના રાજ્યની તાબેદારી ભૂલ્યો નથી તેથી ભલે તેને નવા દૈવી રાજ્યના લાભ મળે પણ ભગવાનનું સાનિધ્ય તો પ્રાપ્ત થઈ શકે નહિ. અને આવું સાંનિધ્ય સાધ્યા વગર મોક્ષપ્રાપ્તિ અસંભવિત છે. તેથી જ આત્મનિવેદનના મંત્રનો દાનવિધિ ભગવાનની આજ્ઞાનુસાર મહાપ્રભુજીએ આ માર્ગમાં દાખલ કર્યો છે. એ ગુપ્તમંત્ર હોવાથી રહસ્યયુક્ત ગણાય છે. અને અપરસમાં એટલે બાહ્ય તેમજ આન્તર શુદ્ધિની અવસ્થામાં તેનો જપ યાતો શ્રવણ કરવાનો વિધિ પ્રચલિત છે.

જી૦—એટલે શું આપનું કહેવું એવું છે કે આ મંત્રનું દાન સાક્ષાત્ ભગવાને જ કરેલું ?

મુ૦—હા, સાક્ષાત્ ભગવાને જ કરેલું. શ્રી આચાર્યજી પોતે જ લખે છે કે साक्षात् भगवता प्रोक्तं तदक्षरशः उच्यते । મેં તમને અગાઉ કહ્યું હતું કે શ્રી મહાપ્રભુજીનું આખું જીવન લોક કલ્યાણ અર્થે જ ગયું હતું. આપશ્રીના જીવનની હરેક ક્રિયા ભગવદાજ્ઞાનુસાર આચરવામાં આવતી હતી. આ ઉપરથી સ્વતઃ ભગવાનના મુખમાંથી પાદુર્ભાવ થયેલા આ મંત્રનું વૈદિકત્વ તથા દૈવત્વ કેટલું અગાધ છે, તેનો કંઈ ખ્યાલ આવશે. હાલ તો ધર્મ વિરુદ્ધ વાતાવરણમાં ઉછરેલા જીવોને આ વસ્તુ જ સમજવી મુશ્કેલ પડશે. આવા દિવ્ય જીવનની અને દિવ્ય વ્યવહારની કલ્પના સુદ્ધાં તેમને આવવી મુશ્કેલ છે. તેથી જ આ મંત્ર ઉપર વિવેચન કરતાં દિગ્વિજયી શ્રી પુરુષોત્તજી કહે છે કે "આ મંત્ર પ્રભુ મુખારવિદમાંથી પ્રકટ થયો ત્યારથી તેને વૈદિકપણું પ્રાપ્ત થયેલું છે. માટે આ ગદ્યમંત્ર પૂર્ણ અને સ્વતંત્ર હોઈ વૈદિક

છે. વેદ સુદ્ધાં પ્રભુ મુખારવિંદમાંથી નિશ્વસિત હોવાથી જ તેનું અપૌરુષેયપણું છે. જેવા વેદો અજ અનાદિ ગણાય છે કારણ કે તે ભગવાનના નિશ્વાસરૂપ છે, તેવો જ આ મંત્ર છે. આત્મનિવેદનની આ ભાવના પુષ્ટિમાર્ગમાં છે એટલું જ નહિ પણ ઇસ્લામ ધર્મમાં પણ છે. તે ઉપર લખતાં પ્રખ્યાત કાર્લાઇલ તેના “ Hero & Hero worship નામના પુસ્તકમાં લખે છે કે Islam means in its way denial of self, annihilation of self. પણ આમાં જે કાંઈ તારતમ્ય રહેલું હોય તે કેવા ભગવાન આગળ આ આત્મસમર્પણ કરવામાં આવેલું છે તેમાં જ રહેલું છે. સમર્પણની ભાવના તો પ્રેમ જેટલી જુની છે. પ્રેમ એટલે જ સમર્પણ બલિદાન. સૃષ્ટિની હયાતિ થઈ ત્યારથી બલિદાનની આ ભાવના જગતમાં અવતરેલી છે. પરંતુ આ બલિદાન ખુદ ખુદીનું હોવું જોઈએ. એટલું જ નહિ. તે આ જગતના અને જીવના પતિ એવા ભગવાનને થવું જોઈએ. સમર્પણની આ ઉત્તમ ભાવના શ્રી આચાર્યચરણે સક્રિયરૂપે પ્રચલિત કરી. આત્મનિવેદનનું મહત્ત્વ આમાં રહેલું છે.

જી૦—પણ, આપે મને કહેલું કે દ્વિજત્વ પામવાનો આવો વિધિ તો લગભગ દરેક ધર્મમાં હોય છે.

મુ૦—હા, દરેક ધર્મમાં દ્વિજત્વ પામવાનો એટલે ધાર્મિક જીવનમાં પ્રવેશ કરવાના વિધિનો સ્વીકાર કરવામાં આવ્યો છે. તેના અભાવમાં જીવન સમક્ષ ભાવનાનું કે કૃતિનું ઉચ્ચ આદર્શ ખડું થતું નથી.

જી૦—ત્યારે તો એમ જ કહોને કે શ્રી મહાપ્રભુજીએ આત્માની પ્રગતિ અર્થે આ એક આધ્યાત્મિક સંસ્કાર જ નવેસરથી દાખલ કર્યો છે.

મુ૦—હા, આ એવો એક વૈષ્ણવી સંસ્કાર વિધિ છે. મેં પૂર્વ

તમને કહ્યું કે મહાપ્રભુજીની માન્યતા પ્રમાણે આ કલિયુગમાં આખે જનસમાજ શુદ્ધ વૈદિક સંસ્કારથી વિહીન થઈ ગયો છે. તેથી તેને માટે હવે પ્રાચીન વૈદિક માર્ગો નકામા થયા છે. સર્વ કોઈ આ શૂદ્રકાલમાં શૂદ્રત્વને પામ્યા છે. તેમને નવીન રીતે સંસ્કારિત કરવા માટે આ નવા જમાનાને અનુકૂળ હોય એવો વૈદિક સંસ્કાર દાખલ કરવો જોઈએ, જેથી ભૂલાઈ ગયેલું અધ્યાત્મજીવન પાછું પુનર્જીવન પામે. તેથી જ ભગવાન તરફથી ઉતરી આવેલા આ મહામંત્રના દાનનો વિધિ કરવામાં આવે છે. તે દાન થયા પછી જ પુષ્ટિજીવને એવો અધિકાર પ્રાપ્ત થાય છે. એટલે કે જેમ ઉપવિત્ સંસ્કાર થયેથી બ્રાહ્મણ બાલકને ગાયત્રી મંત્રનો જપ કરવાનો તથા વેદનું અધ્યયન કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે, તેમ વૈષ્ણવ બાલકને આત્મનિવેદન થયા પછી ભગવાનની સેવા કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે.

જી૦—પણ, ઉપનયનવિધિ તો સહેજ મોટી ઉંમરે કરવામાં આવતી. તેથી ગાયત્રી મંત્રના અર્થની સમજણ તથા તેની મહત્તા જપ કરનારના મનમાં વસતી. પરંતુ, આપણા વૈષ્ણવોમાં તો આવી વિધિ છેક ન્હાનપણમાં કરવામાં આવે છે. આવે સમયે બાળક કેવળ અજ્ઞાન દશામાં હોય છે. મેં પણ આવો સંસ્કાર મારી નાની વયમાં લીધો હશે. પણ મને તો એવા કોઈ મંત્રની ખબર નથી.

મુ૦—તમારૂં કહેવું ખરૂં છે. પણ મને લાગે છે કે પહેલાં બારમા વર્ષે તે મંત્રનું દાન કરવાનો રિવાજ હશે તે, લુપ્ત થયો છે. ફરીથી જો તેવો રિવાજ પ્રચલિત કરવામાં તો તેમાં કાંઈ ખોટું નથી. વય બારથી તો નાની ન હોવી જોઈએ, પછી મોટી તો ગમે તેટલી હોય.

જી૦—અરે, પણ મેં તો એવું જોયું છે કે કોઈ ઠેકાણે પાંચ વર્ષના બાલક પાસે પણ તેવી વિધિ કરવામાં આવે છે. ખરૂં જોતાં આ બાબતમાં વયનો કોઈપણ જાતનો બાધ લેવામાં આવતો હોય તેવું જણાતું નથી.

મુ૦—આનું ખરૂં કારણ એ છે કે આવી વિધિ પ્રચલિત રિવાજ મુજબ ફક્ત કોઈ ગોસ્વામી બાલક દ્વારા જ થઈ શકે છે. જો એઓશ્રીનું તે પ્રદેશમાં પધારવું જ ન બન્યું હોય તો તેવો વિધિ કોણ કરાવે ? વળી અત્યારે તો આ વિધિનું મહત્ત્વ પણ ભૂલાઈ ગયું છે. હવે તે કેવળ એક જડ ક્રિયામાત્ર થઈ ગઈ છે. નવા જમાનામાં તો તે માટે દરકાર પણ ઓછી જોવામાં આવે છે. નહિતર જ્યાં એવાં ગોસ્વામી બાળકો બિરાજતા હોય ત્યાં બાલકોને લઈ જઈ, તેવો વિધિ કરાવી શકાય. કદાચ દરેક માટે આમ કરવું શક્ય ન પણ હોય. અને ખરા વૈષ્ણવત્વનો સંસ્કાર તો આ વિધિથી જ થયેલો મનાય છે. તેથી શ્રદ્ધાળુ વૈષ્ણવોને ઘણીવાર આ પ્રશ્ન ઘણું ગુંચવે છે.

જી૦—પણ, આપે એ બે મંત્રોની વાત કરી—નામમંત્ર ને આત્મનિવેદનમંત્ર. તો પહેલા મંત્રના દાન માટે પણ આવી જરૂર નહિ હોય ?

મુ૦—તે માટે પણ ખરી જ. પણ ખરૂં જોતાં આ મંત્રનું દાન તો કોઈ વૈષ્ણવ કે મુખિયાજી દ્વારા કરવાની પ્રથા હતી અને અદ્યાપિ કોક કોક ઠેકાણે તે ચાલુ છે. જ્યાં તેવો રિવાજ ન હોય ત્યાં તે તે ગાદીના ગોસ્વામી બાળકની રજા મેળવી તેવી પ્રથા દાખલ કરી શકાય છે. પછી જ્યારે મહામંત્રનું દાન ગ્રહણ કરવાનું પ્રાપ્ત થાય ત્યારે પણ અષ્ટાક્ષરમંત્રનું દાન પણ સાથે સાથે થતું હોવાથી તેની સાંસ્કારિતામાં બાધ આવતો નથી.

જી૦—ત્યારે શું આત્મનિવેદન મંત્રના દાનથી પ્રભુકૃપા સિદ્ધ થાય છે ?

મુ૦—શ્રદ્ધાળુ જીવ માટે તો પોતે આ માર્ગમાં જન્મ્યો છે એ પ્રભુકૃપાજ છે, એમ માનવાને વાંધો નથી. પણ અત્યારે કલિકાલનું

પ્રાબલ્ય એટલું બધું છે કે તેનું ભાન ઘણા જીવોને નથી હોતું. જ્યારે આ માર્ગમાં રુચિ ઉત્પન્ન થાય ત્યારે સમજવું કે પ્રભુકૃપા થઈ.

જી૦—ત્યારે આવી રુચિ ક્યારે થતી હશે?

મુ૦—આવી રુચિને જ ભક્તિ કહે છે. એવું ભક્તિબીજ દૃઢ થાય તે માટે તો આત્મનિવેદન મંત્રની સંસ્કારવિધિ છે. પણ તમે યાદ રાખજો કે આ કેવળ સંસ્કારમાત્ર છે, તમને સીધા જ ભગવદ્ માર્ગના રસ્તે મૂકવાની એક ક્રિયા માત્ર છે. જો તમે એ રસ્તે ગતિ જ ન કરો અને આડાઅવળા ભટક્યા કરો તો પછી તેનો હેતુ સિદ્ધ ન જ થાય.

જી૦—ત્યારે આત્મનિવેદન મંત્રની શક્તિથી તો એ પરિણામ નથી આવતું ને?

મુ૦—આનો જવાબ આપવો મુશ્કેલ છે. આવી વિધિ ક્રિયાત્મક માત્ર છે કે ચેતનાત્મક તેના ઉપર તેનો ઘણો આધાર છે. આ તો આધ્યાત્મિક વાતાવરણ અનુકૂળ કરવાની વસ્તુ છે. જો બીજમાં કૌવત હોય અને પ્રભુની કૃપા હોય તો પરિણામ ઇષ્ટ આવે. તમે શરણ તો સ્વીકાર્યું છે, આવું શરણ પણ કેવળ નામનું જ હોય તો તેનું ફળ નજ આવે. ધર્મમાં શ્રદ્ધા એ મુખ્ય વસ્તુ છે. તમે શ્રદ્ધાયુક્ત થઇ શરણે ગયા હો તો પ્રભુ કહેશે કે હવે તમે મારા રાજ્યના પ્રજાજન બુદ્ધિપૂર્વક બન્યા છો, તમે મારા રાજ્યનું પાણી પીધું છે, મારા રાજ્યના ખેતરનું અન્ન ખાધું છે અને મારા રાજ્યની પ્રજા જોડે સંગ સેવ્યો છે. તેથી તમારી બુદ્ધિમાં જરૂર ફેર પડવો જોઈએ. પણ તમે મારા રાજ્યના પ્રજાજન બન્યા હોવા છતાં, અદ્યાપિ તમારામાંથી હું ને મારૂં ગયું નથી. તમે હજી અહંપણાની

સંકુચિત દુનિયામાં ફરો છો. જો આ સત્ય હોય તો ભલે તમને મારા સુરાજ્યનાં ફળ મળે અને તમે તેનો આસ્વાદ લો, પરંતુ જો તમારે મારો અંગત સંબંધ બાંધવો હોય તો તેટલાથી નહિ બને તમારે પ્રેમની કીમત આપવી પડશે. જે કોઈ પ્રેમની કીમત આપશે તેજ પ્રેમ પામશે. અને એ તો જગપ્રસિદ્ધ નિયમ છે કે પ્રેમના રાજ્યમાં મારાપણાની ભાવના બાધક છે. માટે તમે જેને હું ને મારૂં કહો છો તેનું મને સાચું સમર્પણ કરી દો. એવું થાય તો પ્રભુ કે તમારી, સ્ત્રી, તમારૂં ઘર, બાળ, વિત્ત, અરે, આ દુનિયાની તેમજ પરદુનિયાની એટલે ગયા જન્મના સંચિત કર્મરૂપે મેળવેલી બધીજ સંપત્તિ, તેમજ તમારી ઇન્દ્રિયો, તમારૂં મન, તમારી બુદ્ધિ અને તમારો આત્મા સર્વસ્વ જે કાંઈ તમે તમારૂં ગણતા હો તે ઉપરથી તમારો હક ઉઠાવી લો ને ત્યાં મારી સત્તા સ્થાપો. જો આટલું કરશો તો આપણો જુનો સંબંધ તાજો થશે અને પછી તમે મારા વરણને લાયક થશો.

જી૦—ત્યારે તો મંત્રદાનથી તરતજ સિદ્ધિ પણ થતી ખરી એમને ?

મુ૦—હા, મહાપ્રભુજીના પ્રતાપબળથી આપશ્રીએ જે જે દાન કર્યાં તેનો મૂળ સંબંધ વિચારી ભગવાન જોડે તે તે જીવના અધિકાર પ્રમાણેનો આત્મસંબંધ જોડી આપ્યો, પણ અત્યારે તો એમ થવું મુશ્કેલ છે. આ વિધિ એ એક પ્રકારની વાગ્દાનની ક્રિયા સમાન છે. તેથી લોકમાં જેમ વિવાહનો સંબંધ વાગ્દાનથી બંધાય છે તેવો બ્રહ્મ સાથેનો ધાર્મિક સંબંધ બંધાય છે. માટે જ તેને બ્રહ્મ સંબંધની ક્રિયા એવું નામ આપવામાં આવે છે. પરંતુ આવો સંબંધ લગ્નમાં પરિણામશે અગર તો છૂટી જશે, તેનો બધો આધાર જીવની વૃત્તિ ઉપર અને તેથીયે વધારે તો પ્રભુકૃપા ઉપર રાખે છે.

જી૦—પણ, જીવની વૃત્તિ તેને અનુકૂળ હોય તો તો જાણે ઠીક પણ પ્રતિકૂલ હોય તો શું સમજવું ?

મુ૦—તો એવું સમજવું જે આવા જીવનું વરણ પ્રભુ કરવા ઇચ્છતા નથી. પ્રભુનો અનુગ્રહ એ જ આ માર્ગમાં નિયામક છે માટે જ તેને પુષ્ટિમાર્ગ કહે છે. પ્રભુએ જીવનું વરણ કરવા ધાર્યું હોય તો તેનામાં રુચિ ઉત્પન્ન થાય એટલુંજ નહિ પણ ભક્તિનું બીજ દૃઢ થાય એવી કૃતિ પણ તેની પાસે કરાવે છે.

જી૦—પણ, આ વસ્તુ શી રીતે સમજાય?

મુ૦—જીવની કૃતિ ઉપરથી. માટે તો શ્રી મહાપ્રભુજી કહે છે કે ભગવાને સૃષ્ટિલીલા કરી તે જ વખતે કયા જીવો પોતાના વરણના અધિકારી હશે ને કયા મર્યાદાના જીવો હશે તથા કયા પ્રવાહી હશે, તેનો સંકલ્પ કરેલો તે પ્રમાણે જ જીવોની કૃતિ અને આકર્ષણ થયાં જાય છે. તેથી જ ઉપનિષદ્‌માં કહ્યા પ્રમાણે પ્રભુ જેનો અંગીકાર કરવા માગે છે તેને જ ભક્તિનું દાન કરે છે. આવા જીવો આત્મસમર્પણ થયા કેડે એમ માને છે કે હવે હું પ્રભુનો થયો છું અને પ્રભુ મારા થયા છે. પછીથી આ દૈવી સંબંધની સ્મૃતિ ને સ્ફૂર્તિ તેના જીવનની પ્રેરણા બને છે. આવું બને તો સમજી લેવું કે તેનું વરણ સિદ્ધ થયું છે અને તેનો મંત્ર ફળ્યો છે.

જી૦—પણ, આવું બધા જ માટે તો ન જ કહેવાય ને?

મુ૦—ના, પણ સંપ્રદાયમાં મહદોનાં વચનના આધારે એવી માન્યતા પ્રચલિત છે કે જે જીવોએ ભગવાન સાથે બ્રહ્મસંબંધ એક વાર બાંધ્યો છે, તે ભલેને સંબંધને ભૂલી ગયો હોય ને બહાર રખડયાં કરતો હોય પણ ત્રણ જન્મોના અંતરાય પછી પણ તે તેને માર્ગે આવશે અને પ્રભુ સાથેનું વરણ પામવાની લાયકાત મેળવશે. તમને જયવિજય નામના વિષ્ણુ ભગવાના એ પાર્ષદોની ઇતિહાસકથા સ્મરણમાં હશે.

જી૦—જી હા. મેં એ કથા શ્રવણ કરેલી છે.

મુ૦—આ વિધિને બ્રહ્મસંબંધની ક્રિયા કહે છે. તેનું રહસ્ય હવે તમારા ખ્યાલમાં આવ્યું હશે.

જી૦—જી, હા. પ્રભુ કૃપાએ કંઈક સમજાય છે ખરું.

મુ૦—પણ, સાથે સાથે એટલું પણ ધ્યાનમાં રાખજો કે જ્યાં સુધી આપણને પરમેશ્વરનો ખ્યાલ બરાબર ન હોય ત્યાં લગી તેની જોડેના સંબંધની કલ્પના માત્ર અસંભવિત છે. પરમેશ્વરને વેદમાં બ્રહ્મ શબ્દથી વર્ણવેલો છે. બ્રહ્મ એટલે ? सर्वं खल्विदं ब्रह्म । સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં એક માત્ર અદ્વિતીય બ્રહ્મ હતું सत्यं ज्ञानमनन्तं ब्रह्म । બ્રહ્મ સત્‌રૂપ છે, જ્ઞાનરૂપ છે, અનન્ત છે. ને चक्षुसा गृह्यतेनाऽपिवाचा । વાણી તથા ચક્ષુથી તે ગ્રહણ થઈ શકે તેવો નથી. यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह । आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कदाचन । બ્રહ્મને પામીને વાચા બંધ થઈ જાય છે, મનની ગતિ અટકી પડે છે. "જેમાંથી આ સર્વભૂતો નિર્માણ થાય છે, જેના વડે જીવે છે ને જેનામાં અંતે લય થાય છે તે જ બ્રહ્મ " निर्दोषं हि समं ब्रह्म । નિર્દોષ ને ગુણપૂર્ણ છે. આવું બ્રહ્મનું વર્ણન વેદમાં આપેલું છે. તો પ્રશ્ન થશે કે 'ભગવાન' યા તો 'પરમાત્મા' એવા શબ્દો વેદોમાં શા માટે વાપર્યા નથી? બ્રહ્મ એ તો પરમાત્માનું વ્યાપક સ્વરૂપ છે, અર્થાત નિરાકાર સ્વરુપ છે. ખરું જોતાં આ નિરાકાર સ્વરૂપ એ જ પરબ્રહ્મના સ્થાનરૂપ છે. માટે જ વૈકુંઠ પરબ્રહ્મના સ્થાનરૂપ વર્ણવેલું છે. આ બ્રહ્મમાં પરબ્રહ્મનું સાકાર રસરૂપ રહેલું છે. તે સ્વરૂપને પામવાનો ભક્તનો હેતુ હોય છે. આ હેતુ બ્રહ્મ સંબંધ દ્વારા જ સિદ્ધ થઈ શકે. અને આ પરબ્રહ્મ એ જ વૈષ્ણવોના શ્રીકૃષ્ણ. કારણ कृष्णो वै परमं दैवतम् । માટે અહીં બ્રહ્મ એટલે કૃષ્ણ એમ સમજવાનું છે.

જી૦—તો આપ મને હવે શાસ્ત્ર પ્રમાણે બ્રહ્મ ને જીવનો સંબંધ કેવા પ્રકારનો છે તે કહો એવી મારી ઇચ્છા છે.

મુ૦—તે વિષે હવે આપણે કાલે વાત કરીશું. એ વાત ખરી કે બ્રહ્મ ને જીવનો તાત્વિક સંબંધ કેવા પ્રકારનો છે, તે બરાબર સમજાય નહિ ત્યાં લગી બ્રહ્મસંબંધ પાછળ રહેલો ગૂઢ ભાગ ન સમજાય. પણ તે માટે તો હવે આવતી કાલે. હવે આજે તો જય શ્રીકૃષ્ણ કરીશું.

જી૦—જી હા, જય શ્રીકૃષ્ણ !

(૨૫) બ્રહ્મ ને જીવ

મુ૦—તમારા ગઈ કાલના પ્રશ્ન ઉપરથી જણાય છે કે તમે બ્રહ્મ ને જીવ વચ્ચે કેવા પ્રકારનો તાત્વિક સબંધ છે, એ જાણવા માગો છો, ખરું ને?

જી૦—જી, હા.

મુ૦—પરમાત્મા અંશી છે, જીવ તેનો અંશ છે; અર્થાત્ અન્યોન્યનો સંબંધ અંશી ને અંશ વચ્ચે જેવો સંબંધ હોય તેવો સંબંધ છે. અંશ એ અંશીનો ભાગ રૂપ છે. જો પ્રભુ સચ્ચિદાનંદ હોય તો જીવ પણ સચ્ચિદાનંદના અંશરૂપ છે. પરંતુ અજ્ઞાનને લીધે તેનામાંથી આનંદનો તિરોધાન થઈ ગયો છે. આ અંશ અંશીનો ભાગ રૂપ હોવાથી અંશ અંશીને ભજે એ તેની સ્વાભાવિક ક્રિયા હોવી જોઈએ. પણ બન્ને વચ્ચે માયાજન્ય અજ્ઞાનનો પડદો પડેલો હોવાથી બન્ને જુદા પડી ગયા હતા. હવે બ્રહ્મસંબંધના સંસ્કાર વડે તે પાછા જોડાય છે.

જી૦—ત્યારે હવે મૂળ સંબંધની અપેક્ષાએ આ સંબંધ કેવા પ્રકારનો હોઈ શકે?

મુ૦—આપણે જોઈ ગયા કે ખરું જોતાં બ્રહ્મ તો એક જ છે. આ બ્રહ્મને જ જ્ઞાનીઓ નિરાકાર રૂપે ને ભકતો સાકાર રૂપે વર્ણવે છે. એટલે જ્ઞાનીઓનુ તેમજ ભકતોનું અંતિમ ધ્યેય તો બ્રહ્મની

સાથે સંબંધ બાંધવાનું છે. વળી એક બીજી વાત. એજ બ્રહ્મ જ્ઞાનાત્મક તેમજ યજ્ઞાત્મક બન્ને રૂપ છે. એવા જ્ઞાનાત્મક બ્રહ્મમાં એટલે બ્રહ્મના નિરાકાર સ્વરૂપમાં લય પામવું એવું ધ્યેય જ્ઞાનીઓનું હોય છે. જ્યારે ભક્તનું ધ્યેય યજ્ઞાત્મક બ્રહ્મ સાથે રસરૂપ લીલામાં જોડાવું એવું હોય છે. ગાયત્રી ઉપર વ્યાખ્યાન કરતાં શ્રી વલ્લભાચાર્ય આજ્ઞા કરે છે કે શ્રુતિમાં જણાવવામાં આવ્યું છે એમ જેનું તે વરણ કરે છે તેને તે મેળવે છે.

ગાયત્રી મંત્રમાંનો વરણ્યે શબ્દ ભક્તિ બીજ સૂચક છે. કારણ કે શ્રુતિ પ્રમાણે અંગીકાર કરવાપણામાં જ ભક્તિનું બીજ રહેલું છે. જેવી રીતે વર વધુને ને વધુ વરને અન્યોન્ય પસંદ કરે, તેવી રીતે ભગવાન સેવકને સેવ્યસેવક ભાવથી અંગીકાર કરે છે. વરણ કરે છે એટલે અંગીકાર કરે છે—એટલે આત્મનિવેદન દ્વારા બ્રહ્મ સંબંધ કરવામાં આવે છે. આવો વરણ કરવાનો—બ્રહ્મ સાથે સંબંધ કરવાનો શ્રીઆચાર્યચરણનો ગૂઢ ભાવ કપોલકલ્પિત નથી પણ ગાયત્રીમાં જ તે નિર્દિષ્ટ છે. હવે જો આ ભાવ સાચો હોય તો પ્રશ્ન એ થાય છે કે આવો દૈવી સંબંધી કયા તત્ત્વ ઉપર રચી શકાય ને નિત્ય ટકી શકે?

જી૦—વરણ શબ્દ જ પ્રેમભાવનો સૂચક છે. આવો સંબંધ પ્રેમના સંબંધ ઉપર જ રહેલો હોય, તે સ્પષ્ટ છે.

મુ૦—ખરે, આવા વરણનો આધાર પ્રેમના સંબંધ ઉપર જ રહેલો છે. અને પ્રેમમાં સમર્પણ ભાવ એ તેનું મુખ્ય લક્ષણ છે. તેથી જ આપણે જોઈ ગયા તેમ પ્રભુ જેનું વરણ કરવા માગે છે તેની પાસે સાચું આત્મસમર્પણ બ્રહ્મ સંબંધ દ્વારા કરાવે છે, એટલે કે ભક્તિ બીજનું ભક્તના હૃદયમાં રોપણ થાય છે. આ બીજના રોપણની ક્રિયા થયા કેડે તેનું બરાબર સંરક્ષણ કરવામાં આવે તથા ભાવ રૂપી સ્નેહ વારિથી સિંચન કરવામાં આવે તો બીજમાંથી

ભક્તિનું મહાવૃક્ષ ઉત્પન્ન થાય. પછીથી આવું મહાવૃક્ષ પરિપાક દશાને પામે એટલે કે તે પ્રેમ, આસક્તિ, વ્યસન ને તદીયતાની સંપૂર્ણ અવસ્થાઓમાંથી પ્રસાર થાય. ત્યારે ભગવદ્ લીલામાં તે જીવ ભગવાનનો સહચારી થાય, એટલા માટે પહેલાં સમર્પણની સાથે ભક્તે તેનું બધું જ પોતાના માલેકને અર્પણ કરવાનું છે. ઋગ્વેદ આજ્ઞા કરે છે आयु यंज्ञेने कल्पताम्? આયુષ્ય પ્રભુને અર્પણ કર. प्राणो यज्ञेन कल्पताम् પ્રાણ પ્રભુને અર્પણ કર. ચક્ષુ र्यज्ञेन कल्पताम् श्रोतौ यज्ञेन कल्पताम् मनो यज्ञेन कल्पताम्। મતલબ કે તારા દેહને, તારી ઇન્દ્રિયોને તારા અંતઃકરણ બધાને પ્રભુને અર્પણ કર. શાંડિલ્ય મુનિ કહે છે કે तदर्थे प्राणस्थानं तदीयता। પ્રભુને અર્થે જ પ્રાણને ધારણ કર. मय्यावेश्य मनस्तान् कुरु कर्माणि।

“કાયા, વાચા, મન, ઇન્દ્રિઓ, બુદ્ધિ, અગર આત્મા ગમે તેની સ્વાભાવિક પ્રવૃત્તિ હોય તે સર્વ તું નારાયણને સમર્પણ કર.” (ભા. ૧૧–૨–૩૬)

“જે ભક્ત સ્ત્રી, ઘર, પુત્ર, સ્નેહીઓ, પ્રાણ, દ્રવ્ય, ઇહિલોક તથા પર લોક, આ સર્વનો ત્યાગ કરી મારા શરણે આવે છે તેનો ત્યાગ હું શી રીતે કરી શકું?” (ભા. ૯–૪–૬૪)

તુલાસીદલ, ફુલ, ફળ, જળ, જે કાંઈ ભક્ત મને અર્પણ કરે છે, તેનું ભક્તિપૂર્વક આપેલ, જે કાંઈ હોય તે હું ગ્રહણ કરૂં છું. કારણ કે તે એવા ભક્તની મને ભેટ છે, જેનું ચિત્ત મારામાં પરોવાયેલું છે. આવી રીતે ઉત્કટ અને આત્યંતિક ભાવથી જે સમર્પણ કરવામાં આવલું હોય છે તે ફળે છે. આવી ફલદશા ક્યારે અને કેવી રીતે થવા સંભવ છે, એ મેં તમને પૂર્વે સમજાવ્યું છે.

જી૦--એટલે મારી સમજણ પ્રમાણે આ સમર્પણ ફલાત્મક

થાય તે માટે અહંકાર ને મમત્વનો સર્વદા ત્યાગ થવો જોઈએ, આ તેની પહેલી શરત છે, એમજ ને ?

મુ૦—હા. પણ, આવું ક્યારે બને કે જગતમાંની સર્વ વસ્તુ ઉપરથી આપણી આસક્તિ દૂર થાય, જગતમાં જે કાંઈ હોય તે પ્રભુનું જ છે એવો ભાવ પેદા થાય અને પ્રભુની ઈચ્છા વિના એક પાંદડુ પણ હાલતું નથી તેવી શ્રદ્ધા જન્મે. આવી જાતનું નિર્મમત્વ પેદા થાય તે માટે શ્રી મહાપ્રભુજી કહે છે કે प्राप्तं सेवेत निर्ममः । “ જે કાંઈ પ્રાપ્ત થયેલું હોય તે આસક્તિનો ત્યાગ કરીને ભોગવ.” विमुक्तः सर्वलोकतः कृष्णमेव विचिंतयेत् । “ લોકમાંથી દૂર રહી કૃષ્ણનું ચિંતન કર.” ગૃહાદિમાંથી મમત્વ ઉડાવી "લઈને તે બધાનો વિનિયોગ પ્રભુ સેવામાં કર—कृष्णार्थे प्रयुंजीत । જો તું આમ કરીશ તો કર્મ કરવામાં જે પાપનો ભય રહેલો છે, તેમાંથી તું મુક્ત થઈશ, અને તારૂં હૃદય શુદ્ધ રહેશે, કારણ કે कृष्णोऽनर्थकस्य मोचकः કૃષ્ણ સર્વ અનર્થનો નાશ કરનાર છે. સમર્પણીનો ગૃહ વ્યવહાર કેવો હોવો જોઈએ, તે આ ઉપરથી સ્પષ્ટ થાય છે. માટે જ શ્રી હરિરાયજી પણ કહે છે કે संबन्धतः प्रपंचासक्ति निवृत्त्या भवति । આવા બ્રહ્મ સંબંધથી પ્રપંચાસક્તિની નિવૃત્તિ થાય છે. મતલબ કે આવો ભક્ત પ્રભુ જ સર્વાત્મા છે, એવું જાણી હૃદયમાં દીનતાની ભાવના રાખશે. અને હું કરૂં છું એવી અહંકારવૃત્તિનો ત્યાગ કરશે. બ્રહ્મ સંબંધ મંત્રનું રહસ્ય ઈશાવાસ્યોપનિષદ્‌ના પહેલા બે મંત્રોમાં આબેહૂબ રીતે વર્ણવેલું છે :

“ જગતમાં દરેક વસ્તુ પરમેશ્વરથી વ્યાપેલી છે. તેટલા માટે આસક્તિનો ત્યાગ કરીને કે ઈશ્વરને વસ્તુનું અર્પણ કરીને તેને ભોગવ. કશાનો લોભ કરીશ નહિ. આવી રીતે કર્મ કરતો કરતો તું ૧૦૦ વર્ષ જીવવાની આશા રાખ. આ સિવાય બીજો માર્ગ નથી.

જો આમ થશે તો જ કર્મનો લેપ નહિ લાગે." માટે જ કર્મ કેવી રીતે કરવું તેની ચોખવટ ગીતામાં આ પ્રમાણે કરી છે.

"તુ જે કાંઈ કરે, જે કાંઈ ખાય, જે કાંઇની આહૂતિ આપે જે કાંઈ આપે, જે કાંઈ તપ કરે, તે તે સર્વ મને અર્પણ કર."

(ગી. ૯–૨૭)

અહંકાર, બળ, ગર્વ, કામ, ક્રોધ, પરિગ્રહ, સર્વનો ત્યાગ કરીને જે નિર્મળ બને છે તે જ પુરુષ બ્રહ્મભાવને પામે છે.

(ગી. ૧૮–૫૩)

આ ઉપરથી જોઈ શકાશે કે અહંકાર ને મમત્વનો ત્યાગ કરવો તથા લૌકિક આસક્તિને નિવૃત કરવી, એ કાંઈ સહેલું કાર્ય નથી. જ્ઞાની તથા ભકત બન્નેને એવી દશા પ્રાપ્ત કરવાની હોય છે. તેની સિદ્ધિ અર્થે પુષ્ટિનો ભકિતમાર્ગ શ્રી વલ્લભાચાર્યે સ્થાપન કર્યો છે. તે સરલ ને સ્વાભાવિક છે. જેઓમાં ત્યાગની કે ભોગની માત્રા વધારે પ્રમાણમાં ન હોય, એટલે કે જેઓમાં વૈરાગ્યની તીવ્રતા નથી કે ભોગની લોલુપતા નથી, અર્થાત્ જેઓમાં ઉપરોકત વૃત્તિઓ સમધારણ છે, તેઓ ભકિતમાર્ગ માટે વધારે લાયક છે. જનસમાજનો ઘણોખરો ભાગ આવી વૃત્તિ સેવનારો હોય છે. તેઓ આ પંથે પ્રભુ અભિમુખ થઈ પોતાનો માર્ગ સહેલાઇથી કાપી શકે છે. પણ, એ ઉપરથી એવું સમજવાનું નથી કે બ્રહ્મસંબંધનો સંસ્કાર થયો એટલે બસ પતી ગયું. જીવન સુધારણાનું ખરૂં કામ તો તે પછીથી જ શરૂ થાય છે અને તેથી કરેલા સંબંધની સ્મૃતિ તાજી ને તાજી રહે અને સમર્પણની ભાવના જીવનમાં ક્રિયાત્મક બને તે માટે તાદૃશી વૈષ્ણવો સાથે સત્સંગ સેવી આ નિવેદન મંત્રનું સ્મરણ કરવાની આજ્ઞા મહાપ્રભુજી કરે છે: निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशै र्जनैः । આવા ભકિતપરાયણ વૈષ્ણવનો સંગ જ આપણા જીવનમાં મોટો

ફેરફાર કરે છે અને ભક્તનું જીવન કેવું ત્યાગી અને ભગવન્નમય હોય તેનો કંઈક ખ્યાલ આવે છે. માટે માર્ગમાં સત્સંગના મહિમાને પ્રથમ સ્થાન આપ્યું છે. ગૃહસ્થાશ્રમી માટે એ અનિવાર્ય છે.

જી૦—આપે કહ્યું કે મહાપ્રભુજીના સમયમાં તો નિવેદની વૈષ્ણવોનું વરણ બ્રહ્મસંબંધ થતાની સાથે જ થતું અને તમે એવું પણ કહો છો કે એવા તાદૃશીઓ આ કલિયુગમાં મળવા દોહ્યલા છે, તો પછી બીચારા જીવની શી દશા થાય? આપે સત્સંગની અગત્ય વિષે સુચવ્યું પણ એવો સત્સંગ તાદૃશી ભક્તોના અભાવમાં શી રીતે શક્ય બને? એ પણ એક પ્રશ્ન છે?

મુ૦—ગુરૂનો મહિમા તો મોટો છે. બ્રહ્મસંબંધ કરાવનાર ગુરૂ એવા મળી જાય તો તો પછી પૂછવું શું! પણ, એવું ન બને તોપણ નિરાશ થવાની જરૂર નથી. શ્રી મહાપ્રભુજી ભલે સ્વસ્વરૂપે ન બિરાજતા હોય છતાં અક્ષરાત્મક દેહે તો આપશ્રી આપશ્રીના ગ્રન્થમાં બિરાજે છે જ. માટે આવા સત્સંગના અભાવે જીજ્ઞાસુ વૈષ્ણવે માર્ગમાં બતાવ્યા પ્રમાણે સેવા કરવી અને અનવસરમાં આપશ્રીના ગ્રન્થનું પઠન કે શ્રવણ કરવું. આપશ્રીના દરેકે દરેક અક્ષરમાં એવો તો પ્રકાશ ભરેલો છે કે ભાવથી જો તેનું સેવન કરવામાં આવે તો યોગ્ય માર્ગદર્શન થયા વિના રહે નહિ.

મુ૦—આપે સેવાની વાત કરી. પણ, એવી સેવાની રીત કોણ બતાવે? યા તો તેમાં જે જે કાંઈ મુશ્કેલીઓ આવે, તેનું નિવારણ કોણ કરે?

જી૦—ખરી વાત તો એ છે કે જે ગુરૂ આપણને મંત્રનું દાન કરે, તે જ આપણા માર્ગદર્શક અને સહાયક થાય. અત્યારે એવું કશું બનતું હોય તેવું જોવામાં આવતું નથી. મેં કહ્યું તેમ બધું જ નામ માત્ર થઈ ગયું છે. ગુરૂસેવકનો સંબંધ પિતાપુત્રના સંબંધ કરતાંયે વધારે ઉન્નત અને આત્મિક છે, તે તો જીવંત ને પ્રેરણાત્મક હોવો

જોઇએ. શ્રી ગોકુલનાથજીના સમયમાં આ માટે પુષ્કળ કાળજી રાખવામાં આવતી. અને સમર્પણ લીધેલો સેવક ભક્તિના માર્ગમાં કેટલી પ્રગતિ કરી રહ્યો છે તેની ચીવટપણે સંભાળ લેવાતી, એવું સ્પષ્ટ તે વખતના ઇતિહાસ ઉપરથી જણાય છે. પણ, હાલ તો વૈષ્ણવસૃષ્ટિ એટલી બધી વધી ગઈ છે, અને ગોસ્વામી બાલકો ઉપર પણ બીજો બોજો એટલો બધો વધી ગયો છે કે ઇચ્છા હોય તોપણ આવો સંપર્ક સધાવો સંભવિત નથી. માટે જ ધર્મસમાજમાં પણ રાજ્યવ્યવસ્થાની પેઠે એવાં ચક્રોની ગોઠવણ કરવી જોઇએ જે અન્યોન્યના મીઠા , નિર્દોષ ને નિઃસ્વાર્થ સંબંધ ઉપર ગતિ કરી રહ્યાં હોય.

જ૦—તો પછી કોને બ્રહ્મ સંબંધ આપવું ને કોને ન આપવું એવો પ્રશ્ન પણ ઉપસ્થિત થતો નથી શું? જેઓ કેવળ જીજ્ઞાસુઓ હોય તેવાનો જ તેમાં સમાવેશ થતો હોય તો શક્તિનો ખોટો વ્યય થતો અટકે.

મુ૦—તમે સુચવો છો તેવો તેનો ઉપાય એટલો સહેલો નથી. આપણે કર્મના ને પુનર્જન્મના નિયમોમાં માનીએ છીએ. પુષ્ટિસૃષ્ટિમાં અમુક જીવ જન્મ્યો છે, તેથી તે જીવ તે માર્ગના સંસ્કારવાળો જ છે એમ માની લેવાનું જ રહ્યું. આવા જીવો પૈકી જે કોઇ બ્રહ્મસંબંધ માટે આવે તેમને ના શી રીતે પાડી શકાય? એ શોકની વાત છે કે હાલમાં આ તેઓ ઉત્તમ માર્ગથી બેમાલુમ હોવાથી અજ્ઞાનતાને લીધે વિમાર્ગે દોરાઇ ગયા છે—અને એવાઓની સંખ્યા દિનપ્રતિદિન વધતી જ જાય છે—તે એટલે સુધી કે વૈષ્ણવતાનાં ચિહ્ન તરીકે શિખા ને કંઠી જેને માટે પૂર્વે વૈષ્ણવો પોતાના પ્રાણ આપવાની તૈયારી દર્શાવેલી—તેને દફનાવી દેવામાં પણ આવે છે—અને તેઓ નામમાત્ર વૈષ્ણવ રહ્યા છે; અગર તો કહો કે વૈષ્ણવ કહેવરાવવામાં તેઓ

હીનતા માને છે. એવું પરિણામ આવવામાં મેં ઉપર દર્શાવેલી એવી બધી જ પરિસ્થિતિ કારણભૂત છે. બન્ને પક્ષ તરફથી અત્યારે ઉપેક્ષા ને નિઃસ્પૃહતાની વૃત્તિ સેવવામાં આવે છે. આ વૃત્તિ બહુ ભયંકર છે. અને જો આ બાબતમાં જલદીથી સુધારો નહિ થાય તો પરિણામ અનિષ્ટ જ આવવાનું, તેમાં મને શંકા નથી.

જી૦—તો આપણામાં બ્રહ્મસંબંધ કરવાનો અધિકાર કોને હોવો જોઈએ એ માટે કાંઈ નિયમન નહિ હોય? કે પછી તે માટે સર્વ કોઈને અધિકારી ગણવામાં આવે છે?

મુ૦—આ માર્ગમાં સર્વ કોઈને તે માટે અધિકારી ગણવામાં આવે છે, તે તો મેં તમને હું ભૂલતો ન હોઉં તો પૂર્વે પણ કહેલું છે. બ્રહ્મ સાથે આત્માનો સંબંધ ન ધરાવતો હોય એવો કોણ હોઈ શકે? કોઈ નહિ. બ્રહ્મ સર્વવ્યાપક છે. જો આ જગત બ્રહ્મરૂપ છે, તો પછી સર્વ કોઈ ચેતન પ્રાણી બ્રહ્મસંબંધ કરવાને પાત્ર ગણાવો જોઈએ, એમાં શંકા હોઈ શકે નહિ. અને માટે તો આ ધર્મ વિશ્વધર્મ તરીકે હોવાને પાત્ર છે એવો દાવો કરવામાં આવે છે. મતલબ કે સર્વ કોઈ જીવને તે માટે અધિકાર હોઈ શકે. તેનો અર્થ એટલો કે વર્ણવ્યવસ્થાની દૃષ્ટિએ સર્વને અધિકાર છે એમ કરવાનો છે, પછી ભલેને તે પુણ્યશાળી હોય કે પાપી હોય. ફક્ત શરત એટલી કે આવો જીવ અનન્યભાવથી પ્રભુ શરણે ગયેલો અગર જવાને ઇન્તેજાર હોવો જોઈએ. માટે જ આપણા માર્ગમાં પ્રથમ શરણ મંત્રનું દાન કરી જીવને પ્રભુ અભિમુખ કરાવવામાં આવે છે અને તેમ થયેથી તે પ્રભુના સામ્રાજ્યનો વતની બનવાને પાત્ર થાય છે. ખરું જોતાં આવી પાત્રતા મેળવ્યા કેડે તે બ્રહ્મસંબંધ માટેનો ઉમેદવાર થઈ શકે માટે શરણ ભાવના એ પ્રથમ જરૂરિયાત છે ભગવાન શ્રીકૃષ્ણે પણ ગીતાજીમાં કહ્યું છે કે अपि चेत् दुराचारो भजते मामनन्यमाक्।

દુરાચારી હોય છતાં, મને અનન્યભાવે ભજે તો તેને સાધુ

જાણવો. કારણ કે આમાં તેની બુદ્ધિનો નિશ્ચય સારા પ્રકારનો થયો છે. ઉપરોક્ત શ્લોકમાં ‘મને ભજે’ એ શબ્દો ઉપર ખાસ ધ્યાન દેવાનું છે. જીવ સ્વભાવથી જ દુષ્ટ હોય છે. સંસારમાં તેનું ચિત્ત લાગેલું હોઈ; તેની ઇન્દ્રિય દુષ્ટ એટલે દોષવાળી થઈ ગઈ છે. ઇન્દ્રિયોનાઃ ખેંચાણને લીધે તે નિર્બળ બની પાપાચરણ કરી બેસે છે. છતાં કોઈ સાધુના સંગથી અગર તો કોઈ અદૃષ્ટ પુણ્યના બળે તેનું મન ભગવાન તરફ વળે અને તે ભગવાનના ભજનમાં તેના ચિત્તને લગાડવા પ્રયત્ન કરે તો આવી રીતે પાપાચારી હોવા છતાં, તેણે સત્યનો પંથ ગ્રહણ કર્યો છે એમ સ્વીકારવું જોઈએ. આવો મનુષ્ય સાધુ થવાને પાત્ર છે. કારણ કે પ્રભુ જોડેના સંબંધથી–પ્રભુ ભજનથી ધીરે ધીરે તેની બુદ્ધિ, તેનું મન અને તેની ઇન્દ્રિયો સદ્‌ગામી થવાને રસ્તે છે. પ્રભુ સત્સ્વરૂપ છે તેથી તેના અંતઃકરણને પ્રભુમાં જોડવાથી તે પોતાના પાપાચારને છોડી દઈ પ્રભુદયાને પાત્ર થાય, એ તેનું સ્વાભાવિક પરિણામ છે. એટલે પ્રભુને ભજનાર પાપી હોય છતાં તે સાધુ ગણાવાને પાત્ર છે, એવું કહેવામાં આવો ગૂઢ આશય રહેલો છે, તે બરાબર સમજવો જોઈએ.

જી૦—ત્યારે તો હિંદુ કોમ સિવાયની ઇતર કોમના લોકો પણ આમાં જોડાઈ શકે.

મુ૦—અલબત્ત, ઔરંગઝેબના સમયમાં મિરઝા અબદુલ કાદિર નામનો સખસ હતો. તેને મહાત્મા વિઠ્ઠલદાસે શુદ્ધી કરી હિંદુધર્મમાં દાખલ કરેલો. તેણે ફારસી ભાષામાં રામાયણનો અનુવાદ પણ કરેલો છે. એવો જ બીજો દાખલો રૂસ્તમખાં નામના પઠાણનો છે. તેને શ્રી વિઠ્ઠલનાથજી ‘શ્રી કૃષ્ણઃ શરણં મમ’નો ઉપદેશ કરી આપણા સંપ્રદાયમાં દાખલ કરેલો. તેણે રસખાનનું નામ ધારણ કરી ભક્તિ ઉપર અનેક સરસ કાવ્યો લખ્યાં છે. આવી જ રીતે તાજ બેગમ નામની એક મુસલમાન સ્રી પણ વૈષ્ણવ થયેલી. તેને અકબર બાદશાહે

પોતાના જનાનામાં બેગમ તરીકે રાખેલી પણ મૂળ હિંદુધર્મ પર તેનો પ્રેમ અધિક જોઈ હિંદુધર્મ સ્વીકારવાની તેને પરવાનગી આપેલી. આવી જ રીતે અભિખાન પઠાણ, મોહન ભંગી, વગેરે શૂદ્ર જાતિના અનેક લોકોને પણ પુષ્ટિમાર્ગમાં અપનાવવામાં આવેલા. આમ આ માર્ગમાં સર્વ કોઈને સરખો હક છે, જેમ સૂર્યના પ્રકાશ માટે સર્વ કોઈને હક હોય તેમ. શ્રી શંકરાચાર્ય પછી હિંદુસ્થાનમાં ધર્મને મોટા ને ઉદાર પાયા પર બહેલાવનારાઓ પૈકી શ્રી વલ્લભાચાર્યજી અગ્રગણ્ય સ્થાન ભોગવે છે. મેં પૂર્વે કહ્યું હતું કે ૧૬ મો સૈકો ધર્મની જાગૃતિ માટે અદ્વિતીય છે. શ્રી ચૈતન્યપ્રભુના ઉપદેશથી આખા બંગાળમાં આવી રીતે મોટા પાયા ઉપર ભક્તિની જાગ્રતિ થઈ, તો ઉત્તર અને પશ્ચિમ હિંદુસ્થાનમાં શ્રી વલ્લભાચાર્યજીનું વર્ચસ્વ તેના પૂર્ણપ્રતાપમાં હતું. આમ દરેક ધર્મમાં હોય છે તેમ પુષ્ટિમાર્ગમાં 'બ્રહ્મસંબંધ' એ પ્રથમ ધાર્મિક સંસ્કરણ ગણાય છે. શ્રી અરવિંદ ઘોષ પણ તેમના પૂર્ણયોગમાં પરમ તત્ત્વ જોડે આવો સીધો સંબંધ સ્થાપવાની વાત કરે છે.

જી૦—પણ, ત્યારે વચમાં મને એક શંકા થાય છે: શા માટે આવા આધ્યાત્મિક સંબંધમાં કોઈ બાહ્ય માણસની દરમ્યાનગીરી આવશ્યક મનાવી જોઈએ? ગુરુ શા માટે અનિવાર્ય ગણાવો જોઈએ?

મુ૦—જો ગુરુનું મહત્વ તમે જાણ્યું હોત તો તમે આવો પ્રશ્ન જ ન પૂછત. ગુરુ એ તો સાક્ષી છે, પ્રેરક છે, માર્ગદર્શક છે. ગુરુ વગર જ્ઞાન નહિ. ગુરુ વગર આવા સંબંધનું તત્ત્વ કોણ સમજાવે? ગુરુ વગર તમારા માર્ગમાં સ્ખલન થાય તો તમારો હાથ ઝાલી તમને કોણ ખરે રસ્તે મૂકે? લૌકિક સૃષ્ટિ કરતાંયે આધ્યાત્મિક સૃષ્ટિમાં ગુરુની હજારગણી વધારે આવશ્યકતા આંકવામાં આવી છે, તે અમસ્થી નથી. પણ આ વિષે વધારે તો આવતી કાલે. આજ તો અહીં જ અટકીશું. લો, આવજો, જયશ્રીકૃષ્ણ!

જી૦—જી, જયશ્રીકૃષ્ણ!

[૨૬] ધર્મગુરુ

મુ૦—અધ્યાત્મ વિકાસમાં ગુરુની આવશ્યકતા વિષે તમે ગઈ કાલે પ્રશ્ન કર્યો. અત્યારે ઘણા માણસો પોતાની જાતને મોટા માને છે, અને મનસ્વીપણે પોતે સ્વીકારી લીધેલાં ખરાં ખોટાં આદર્શોને સાચાં માની તે પ્રમાણે વર્તવાનો તેમજ વર્તાવવાનો પ્રયત્ન કરે છે, ત્યાં આ પ્રશ્ન સ્વાભાવિક છે. ગુરુ એટલે 'ગુ'માંથી–અજ્ઞાનમાંથી પ્રકાશ તરફ દોરી આત્માને નરકમાં પડતો બચાવનાર. ગુરુ એ તો આત્માના દીવાને ઠેકાણે છે–માટે જ ગુરુની પૂજા પણ શાસ્ત્રસંમત છે.

જિ૦—એ વાત ખરી. પણ, અત્યારે તો ગુરુ ને ચેલા બન્ને ઉપર કાલની પ્રબલ અસર જોવામાં આવે છે. હું સ્વીકારૂં છું કે ગુરુ વગર જ્ઞાન નહિ. તેથી જ દ્વિજત્વના સંસ્કાર માટે તેમની દ્વારાજ મંત્રવિધાન કરવાની પ્રથા નીકળી હશે, એમ મને લાગે છે. તેમાં પણ મને કાંઈ ખોટું લાગતું નથી. આ વિધિ પણ આપે કહ્યું તેમ કેવલ નામની જ થઈ ગઈ છે. બહારની દૃષ્ટિએ જોઈએ તો બ્રહ્મસંબંધનાં બે રૂપિયા આપ્યા અને બાલકને કાનમાં મંત્રનું ઉચ્ચારણ કર્યું એટલે પતી ગયું, આવો જ જાણે તેનો અર્થ થતો હોય, એવો ભાસ થાય છે. આવા નામના વિધિ સંસ્કારથી આધ્યાત્મિક અસર થવાની આશા રાખવી એ શું ફોકટ નથી? ખરૂં જોતાં એવી વિધિની ગંભીરતા સમજવી જોઈએ, મંત્રનું રહસ્ય જાણવું જોઈએ

અને માર્ગદર્શન પણ થવું જોઇએ. તો જ સમર્પણ કરનારના હૃદય ઉપર તેની કંઇક અસર થાય. પણ, આ બધાનો આધાર પાત્રાપાત્ર ઉપર રહેલો છે, ત્યાં રૂદન કર્યે શું થાય ? છતાં, વસ્તુસ્થિતિની સ્પષ્ટતા માટે હું આપને એક પ્રશ્ન પુછું: સમર્પણ કરતી વેળા સમર્પણ કરનાર વૈષ્ણવના ચિત્તની સ્થિતિ કેવી હોવી જોઇએ ?

મુ૦—ભાગવતકાર કહે છે કે दास्येनात्मनिवेदनम्। તેનામાં દાસ બુદ્ધિ હોવી જોઇએ. લૌકિક દાસ બુદ્ધિ નહિ, લૌકિક ભાવ તો તામસી છે. આ ભાવ તો અંશાંશીમાં જે ભાવ હોઇ શકે તેવો હોવો જોઇએ. પ્રભુ એ અખિલ બ્રહ્માંડનો સ્વામી છે, ઇશ છે, પિતા, માતા, સર્વસ્વ છે. માટે સેવક તરીકે હોવું એ મારો સાહજિક ધર્મ છે, એવી બુદ્ધિ તેનામાં હોવી જોઇએ. આવી ભાવના શુદ્ધ સાત્વિક ભાવના છે. અને આવો સાત્વિક ભાવ જ આ દૈવી સંબંધમાં આ[illegible] છે. શ્રી મહાપ્રભુજી સુબોધિનીમાં જણાવે છે કે "भक्तानांदैन्यमेवैकं हरितोषणसाधनम् ॥ આત્મસમર્પણનો ભાવ ઐહિક દાસત્વબુદ્ધિ કરતાં ઘણો ઉચ્ચો છે. આપણે નિવેદન, અર્પણ અને દાન એવા શબ્દો આ વિધિ માટે વાપર્યા છે. પણ સૂક્ષ્મ બુદ્ધિથી જોવામાં આવે તો તેમાં પણ ઘણો ભેદ છે.

જી૦—શો ! જરા વધારે સ્પષ્ટીકરણ કરો તો સારૂં.

મુ૦—જરૂર. નિવેદન એટલે જે વસ્તુ જેની હોય તેની સત્તા કે તેનું સ્વામિત્વ કબુલ કરવાપણું તે. શબ્દમાં કહેવું, જાણવું ને જણાવવું એ ત્રણે ભાવોનો તેમાં સમાવેશ થાય છે. તેથી આવી ક્રિયા માટે નિવેદન એ સૌથી વધારે યોગ્ય શબ્દ છે. માટે જ આ મંત્રવિધિને આત્મનિવેદન વિધિ કહેવામાં આવે છે. વધારે સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો તેનો અર્થ એ થાય છે કે અત્યારલગી જે વસ્તુને હું મારી ગણતો હતો તે કેવળ મારૂં અજ્ઞાન હતું હવેથી મને પ્રતીતિ થઇ છે કે તેનો સ્વામી હું નહિ પણ પ્રભુ પોતે છે. મારે તેનું સ્વામિત્વ સ્વીકારી

તેનો ઉપયોગ તેને માટે જ કરવો. આવો તેનો ગર્ભિત અર્થ થાય છે.

'અર્પણ' એટલે જે વસ્તુ જેની હોય તે તેને આપી દેવી. આવી રીતે અર્પણ કરેલી વસ્તુનો ઉપયોગ પ્રભુ આજ્ઞાથી અર્પણ કરનાર પોતે કરી શકે છે. જ્યારે 'દાન' નો અર્થ એવો થાય છે કે વસ્તુ પોતાની માલિકીની છે એમ ગણવામાં આવે છે પણ તે ઉપરથી પોતાની સત્તા ઉઠાવી લઇ તે બીજાની કરી દેવામાં આવે છે. આવી રીતે દાન કરેલી વસ્તુનો ઉપયોગ પોતા માટે ન જ થઇ શકે.

આપણે આત્માનું નિવેદન કરીએ છીએ: નૈવેદ્યને અપર્ણ કરીએ છીએ; અને સુપાત્રને દાન આપીએ છીએ. નિવેદનમાં આપેલી વસ્તુ પ્રસાદરૂપ ગણાય ને ઉપયોગમાં લેવાય; દાનમાં દીધેલી વસ્તુ પાછી લેવાતી નથી કે પોતાના ઉપયોગમાં આવતી નથી.

જી૦—પણ, મારા મનમાં એક જ શંકા ઉઠયાં કરે છે કે ક્યાં ભગવાન ને ક્યાં જીવ, ક્યાં ઘોડું ને ક્યાં ગધેડું; આ બન્નેનો સંબંધ જ અકુદરતી નથી લાગતો! ભગવાન એટલે શુદ્ધતા, નિર્દોષતા, પ્રકાશમયતા અને જીવ એટલે અશુદ્ધતા, દુષ્ટતા, અજ્ઞાનમયતા. આવા પરસ્પર વિરોધી તત્ત્વોનો મેળ જ શી રીતે ખાય! સમાન સમાનને ખેંચે એ વૈજ્ઞાનિક નિયમ છે. આમાં તો અરસપરસ વિરુદ્ધ ગુણો અસ્તિત્વ ધરાવે છે.

મુ૦—તમને જેવી શંકા થઇ છે, તેવી જ શંકાએ શ્રી વલ્લભાચાર્યનને શ્રાવણ મહિનાની રાત્રે અસ્વસ્થ કરી રહી હતી. જીવોને હરિને શરણે લેવાં એ માર્ગ તો દીવા જેવો સ્પષ્ટ હતો એટલે આપશ્રી અષ્ટાક્ષર મંત્રનું દાન તો કરતા હતા જ. પણ, તેમ છતાં, પ્રભુ જોડેનો સંબંધ આવાં વિરોધી તત્વોમાં શી રીતે શક્ય બને, એ જ આપશ્રીની ચિન્તા હતી. અને એ શંકાના નિવારણ અર્થે જ

શ્રી ઠાકુરજીનું પ્રાકટ્ય તે રાત્રે થયું અને પ્રત્યક્ષ કહેવામાં આવ્યું કે આ મંત્ર હું તમને આપું છું. જો તે દ્વારા બ્રહ્મસંબંધ કરવામાં આવશે તો જીવના પાંચ પ્રકારના દોષો નિવૃત્ત થશે. આ પાંચ પ્રકારના દોષોને લીધે બીજાં બધાં ધાર્મિક સાધનો અશુદ્ધ અને નિષ્ફળ થઇ ગયાં હતાં. તેથી જ્યાં સુધી એનો ઉપાય ન જડે ત્યાં લગી ભક્તિમાર્ગનો પંથ નિષ્કંટક ન બને. પ્રભુના આ મહામંત્રના દાનથી અને આશ્વાસનથી આ સંબંધી ચિન્તા દૂર થઇ અને આપશ્રીએ આત્મનિવેદનનો મંત્ર સિદ્ધ થયેથી તેનું પહેલું દાન દામોદરદાસને આપ્યું.

જી૦—કેવા પાંચ પ્રકારના દોષોની નિવૃત્તિ માટે ભગવાને અભયવચન આપેલું ?

મુ૦—બ્રહ્મસંબંધ કરવાથી સર્વના દેહને તથા જીવને લગતા અન્ય દોષો નિવૃત્ત થાય છે. આવા દોષો પાંચ પ્રકારના હોય છે:

૨, ૪, સિ: સ:

(૧) सहजदोष—દેહના દોષો; ચાંડાલ, અગર એવી ગમે તે હીન જાતિમાં જન્મ હોવો તે.

(૨) देशोत्थदोष—દેશના દોષો; પૂજાસ્થાન અપવિત્ર હોવું તે. દા. ત. મ્લેચ્છ રાજ્યમાં રહેવાનું થાય તે.

(૩) कालोत्थदोष—સમયને લગતા દોષો; કલિકાલ અગર તો અશુદ્ધ મુહૂર્ત.

(૪) संयोगजदोष—સંયોગથી થનારા દોષો; પતિત (પાપી) નો સંગ દોષ અગર સમાગમ.

(૫) स्पर्शजदोष—સ્પર્શને લગતા દોષો; પશુ યા તો પ્રાણીના સ્પર્શથી લાગતો દોષ. આવા દોષો વેદાંત એટલે સ્મૃતિમાં નિરૂપણ કરેલા છે.

જ્યાંસુધી ભક્તિમાર્ગમાં પ્રવેશ ન થાય ત્યાં લગી આ દોષો બાધક છે. પણ તમે બ્રહ્મસંબંધ કરો છો એટલે એવા દોષો ટળી જાય છે. 'દેહજીવયોઃ' એટલે કે દેહનો ને જીવનો બ્રહ્મની જોડે બરાબર સંબંધ થવો; એટલે દેહને લગતી ઇન્દ્રિયો, આપ્તવર્ગ, અથવા તો સ્વબંધુ પ્રત્યેનું મમત્વ જતું રહે; અને જીવમાંથી અહંકારયુક્ત આસક્તિ અદશ્ય થાય ત્યારે, એટલે કે જ્યારે બ્રહ્મસંબંધ આવી રીતે ફલાત્મક થાય ત્યારે, જીવને સ્વરુપનું પૂર્ણ જ્ઞાન થાય છે. આવું જ્ઞાન બ્રહ્મસંબંધ લેતી વેળા ગુરુદેવ પાસેથી જીવને મળેલું હોય છે તેથી દોષની નિવૃત્તિ થઇ જાય છે ને મનુષ્યને ભગવત્સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. આમ થવાથી ભગવત્સેવામાં ઉપરોક્ત પાંચ દોષો બાધક નીવડ્યા નથી. કારણ નિર્દોષ અને પૂર્ણાનંદ એવા ભગવાનને અર્પણ કરવાથી સર્વ વસ્તુ પવિત્ર બને છે.

જી૦—પણ, દોષની નિવૃત્તિ માટે કર્મ, જ્ઞાન અને પ્રાયશ્ચિતને પણ ગણવામાં આવ્યાં છે.

મુ૦—એ ખરૂં. પણ કર્મ, જ્ઞાન ને પ્રાયશ્ચિતથી કદાચ દેહના દોષની નિવૃત્તિ થાય પણ જીવની તો નહિ જ. કારણ કે તેમાં તેવું સામર્થ્ય જ નથી. પ્રભુને નિવેદન કર્યા વગર સર્વ દોષની નિવૃત્તિ થવી અશક્ય જ છે. પરંતુ, એક રીતે જુઓ તો બ્રહ્મસંબંધ એ શું છે? શું તે પ્રાયશ્ચિતનું અધિદૈવિક સ્વરુપ નથી? કદાચ આપણે સ્વીકારી લઇએ કે જ્ઞાનમાં એવા દોષો નિવૃત્ત કરવાની શક્તિ હશે. પણ, એમ હોય તો પણ તે ઘણું કષ્ટસાધ્ય છે. કારણ કે તીવ્ર વૈરાગ્ય વિના જ્ઞાન નથી મળતું અને આ કલિકાલમાં તે લગભગ અશક્ય વસ્તુ છે. માટે પૂર્વના સર્વ પાપોના શુદ્ધિકરણ અર્થે બ્રહ્મસંબંધ જેવો બીજો ઉપાય જ નથી. શ્રીકૃષ્ણ પોતે ગીતામાં જ કહે છે કે—

“બ્રહ્મને અર્પણ કરીને આસક્તિ રહિત જો કર્મ કરવામાં

આવે, તો જેમ કમળના પાંદડાં ઉપર જળ ટકતું નથી, તેમ પાપનો વળગાડ થતો નથી.” આનું નામ જ દોષનિવૃત્તિ. બ્રહ્મસંબંધથી માણસ બ્રહ્મમય બને છે. समर्पणेनात्मनोहि तदीयत्वं भवेद्ध्रुवम्। દેહ, પ્રાણ, આત્મા, અંતઃકરણ સર્વ કાંઈ પ્રભુને અર્પણ કરવાથી જીવ નિઃશંશય તદીય બને છે. निरोधलक्षण ગ્રન્થમાં પ્રભુમાં ઇન્દ્રિયોનો વિનિયોગ શી રીતે કરવો તેનો સુંદર ઇલાજ બતાવેલો છે. સંસારના આવેશથી દુષ્ટ થયેલી ઇન્દ્રિયોના હિતને માટે સર્વવ્યાપી આનંદમય પ્રભુ શ્રીકૃષ્ણ વતી સર્વ વસ્તુનો ઉપયોગ કરવો. પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધથી સર્વ ઇન્દ્રિયો નિર્દોષ થયેલી હોવાથી સર્વ વસ્તુ ભગવાનને અર્પણ કરવાની છે, એવી સ્પષ્ટ આજ્ઞા છે. (૧૨, नि.ल)

જી૦—પણ, મને લાગે છે કે આ દોષનિવૃત્તિની બાબતમાં હજી જરા વધારે સ્પષ્ટતાની જરૂર છે. કેટલાક એમ માને છે કે બ્રહ્મ સંબંધ થતાં વેંત જ દોષ નિવૃત્ત થઈ જાય છે. જો એમ હોય તો શા માટે પાપ કૃત્યો થાય તેટલાં ન કરવાં? ને પછીથી બ્રહ્મ સંબંધથી દોષ નિવૃત્તિ ન કરવી!

મુ૦—પણ, આવી સમજણ ભ્રમમૂલક છે. યુરોપમાં પણ કંઈક આવી સમજણને લીધે પોપે પાપવિમોચન માટે ખાસ પત્રિકાઓ વેચવા કાઢેલી. આ પાપવિમોચનની ક્રિયા (Indulgence) તે બ્રહ્મસંબંધને મળતી જ ધાર્મિક ક્રિયા હતી. પણ તેમાં કેવો અનર્થ કરવામાં આવેલો તે ઐતિહાસિક બીના છે. ખરે, બ્રહ્મસંબંધ એ એક જબરી શક્તિ છે. પરંતુ તે સાથે સાથે એક તીખી તલવાર પણ છે. તે મંત્રનો સદુપયોગ ને દુરુપયોગ બન્નેય થઈ શકે છે. દુરુપયોગ કરવાથી તે પોતાની જાતને જ હાનિ કરે છે, એ નિર્વિવાદ છે. ખરૂં જોતાં, બ્રહ્મસંબંધ થયા કેડે ગુરુ સાથે પોતાનું કર્તવ્ય શું છે તે વિચારી તેની આજ્ઞા અનુસાર ધર્મનિષ્ઠા રાખી પ્રભુ સેવામાં કર્તવ્યપરાયણ થવું જોઈએ.

જી૦—ત્યારે આપે જણાવ્યું તેમ આ આત્મનિવેદન એ એક મહાયજ્ઞ છે, એમ જ કહોને ?

મુ૦—વેદ કહે છે કે જેને સ્વર્ગની કામના હોય તેણે યજ્ઞ કરવો. યજ્ઞની પ્રણાલિકા એ વૈદિક આર્યોની વિશેષતા છે. તે સિવાય સુખની પ્રાપ્તિ કરવી કે દુઃખની નિવૃત્તિ કરવી શક્ય નથી. શ્રી કૃષ્ણ ગીતાજીમાં કહે છે કે नायं लोको ऽस्त्ययज्ञस्य कुतोतान्यः कुरु सत्तम । મૂળ યજ્ઞની ભાવનામાં ત્યાગ-નિર્મળત્વની કલ્પના છે, તે જ કલ્પના આ યજ્ઞમાં છે. આમાં સર્વ કર્મ પ્રભુ પ્રીત્યર્થે જ કરવાનાં છે.

જી૦—તો પછી આત્મનિવેદન અને ગીતાના કર્મયોગમાં શો ફેર ?

મુ૦—લોકમાન્ય ટિળક ગીતામાં કર્મયોગ ઉપર વધારે ભાર મૂકે છે, શ્રી મહાપ્રભુજી ભક્તિયોગ ઉપર વધારે ભાર મૂકે છે. બન્નેમાં કર્મનો સમાવેશ થાય છે. લોકમાન્યના કર્મયોગમાં નિષ્કામ કર્મત્યાગ ફલની દૃષ્ટિ રહેલી છે, આત્મનિવેદન એ નિષ્કામ કર્મયોગની છેલ્લી પાયરી છે. કારણ કે નિષ્કામ કર્મયોગ સાધ્યા પછી પણ આત્મનિવેદન તો કરવાનું રહેશે જ. ત્યાગ વગર, મમત્વબુદ્ધિનો યાતો ફલાશાત્યાગનો સંભવ જ નથી. આત્મનિવેદન પછી પરમેશ્વરાર્પણ પૂર્વક કર્મ કરવામાં આવે તો જ પુનિત થઈ શકે. કર્મયોગ એ દેહની ક્રિયા છે, નિષ્કામ કર્મ કરી રહેવું એ તો દેહનો ધર્મ છે. પણ શરીરમાં રહેલા જીવાત્માને પાપમાંથી મુક્ત કરવાને નિર્ગુણ ભક્તિનો આશ્રય લેવો જોઈશે. એવો જીવ તો એવું પદ પ્રાપ્ત કરવાની જીજ્ઞાસા સેવે છે કે જ્યાં ગયા કેડે પાછું આવવું જ ન પડે. એવું ક્યારે બને ? તે સ્વતઃ અકર્તા બને ત્યારે જ. એવી દશામાં કર્તૃત્વ સંભવિત જ નથી. આવી કૂર્તત્વાભાવની દશા બ્રહ્માર્પણ વગર સંભવિત જ નથી. અને આવી બુદ્ધિ વગર પરમેશ્વરનો અનુગ્રહ શક્ય જ નથી.

માટે જ પુષ્ટિમાર્ગમાં અનુગ્રહ માર્ગ દેખાડીને સુલભ માર્ગે પહોંચાડી શકાય છે.

જી૦—કર્મયોગ ને ભક્તિયોગમાં તાત્વિક ભેદ શું છે તે હવે હું સમજ્યો. પણ હું ભૂલતો ન હોઉં તો ભક્તિયોગની સાધના માટે નવધાભક્તિનો માર્ગ પ્રચલિત છે જ. તો નવધાભક્તિને આ નિવેદનમાં શો ફેર હશે ?

મુ૦—આત્મનિવેદન એ નવધાભક્તિનું છેલ્લું પગથીયું છે. જેઓ ભગવાનને શરણે ગયા છે, તેમને એક પછી એક શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, તથા દાસ્યનાં એમ સાત પગથીયાં ગ્રહણ કરવાં પડે છે. તેવાં ક્રમોથી ભક્તિ સિદ્ધ થાય છે. આવી રીતે જ્યારે ભક્તિની પ્રાપ્તિ થાય ત્યારે તેના પુણ્યના પ્રભાવ વડે પ્રભુસંબંધ ફલાત્મક નીવડયો કહેવાય. આવી રીતે સિદ્ધ થયેલી ભક્તિમાંથી સખ્યભાવનો ઉદય થાય છે. સખ્યભાવના ઉદય સાથે આત્મનિવેદનરૂપી છેલ્લી કક્ષાએ ભક્તની ગતિ સિદ્ધ થાય છે. ક્રમશઃ ભારે શ્રમ ને તપ દ્વારા ભક્તિ પ્રાપ્ત કરવાનો આવો સાધનમાર્ગ શાસ્ત્રમાં પ્રચલિત છે. આવા સાધનમાર્ગે ભક્તિની પ્રાપ્તિ ઘણા લાંબા સમયને અંતે થાય છે. પુષ્ટિમાર્ગની પ્રણાલિકા આથી કંઈક જુદી છે.

પુષ્ટિમાર્ગ પ્રભુ કૃપાથી સાધ્ય છે. તેમાં કેવળ 'શ્રી કૃષ્ણઃ શરણં મમ' એ મંત્રના બળે ભક્ત નવધાભક્તિ પૈકીનાં સાત પગથીયાં સુધીની એટલે ભક્તિની સિદ્ધિ સુધીની યોગ્યતા મેળવી શકે, એવો ભગવદ્નામનો મહિમા શ્રી મહાપ્રભુજીએ ઉપરોક્ત મંત્રદ્વારા બતાવ્યો છે. આપશ્રીનું એવું કહેવું છે કે કલિયુગમાં કેવળ ભગવદ્ નામનો જ મહિમા સૌથી વધારે છે. તેનો નિર્દેશ કરવાને જ ભગવાને અજામિલ જેવા દુષ્ટ ને પાપીનો કેવળ નામના પ્રભાવથી ઉદ્ધાર કર્યો. માટે પુષ્ટિમાર્ગની રીતે ભક્તિની સિદ્ધ કરવી હોય તો પ્રથમ સાધન અષ્ટાક્ષરનો શરણ મંત્ર અને બીજું સાધન આત્મનિવેદન છે, એમ

ગણુવાનું છે. કારણુ કે આ બન્ને મંત્રોમાં ઉપરની નવધા ભકિતના સર્વ ક્રમનો સમાવેશ થઈ જાય છે. અને આત્મનિવેદન એ પ્રભુ પામવાનુ સર્વોત્તમ સાધન છે, એ તો સ્પષ્ટ સમજાય તેવું છે. તે સિવાય અન્ય વિશ્વધર્મ હોઈ શકે પણુ નહિ. આવું નિવેદિત જીવન એ ખરા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનું લક્ષણુ હોય છે.

જી૦—આવા જીવનની દિનચર્યા કેવી હશે ?

મુ૦—એ વિષે વધારે તો આપણે સેવા ઉપરના વાર્તાલાપમાં વિવેચન કરીશું. અહીં તો ફક્ત તમને તેનો સહેજ ઉડતો ખ્યાલ આપીશ. આત્મનિવેદનનું મંત્ર વિધાન થયેથી બ્રહ્મસંબંધ તો થયો. હવે એ સંબંધ વરણુદશામાં પરિણમે એ માટે અધિકાર પ્રાપ્ત કરવો જોઈએ, રાજાએ ચાંડાલીનો અંગીકાર કરવાની સિફારસ તો ગુરુપ્રતાપે સ્વીકારી. આમાં શ્રી વલ્લભ પ્રભુની દયાળુતા જ આવા અધિકાર માટે કારણભૂત છે. પણુ, રાજઘરમાં ગયા પછી પણુ તેની રહેણી કરણીમાં ફેરફાર ન પડે તો પછી તે અપ્રિય–અળખામણી નીવડે તો તેમાં નવાઇ નહિ. તેને રાજયરીત પ્રમાણે પોતાનું વર્તન રાખવું જોઇએ. તેની આજ્ઞાનુસાર અર્પણ બુદ્ધિથી સઘળો વ્યવહાર કરવો જોઇએ. અને મનમાં કોઇ પણ પ્રકારના સંતોષની સ્વેચ્છા સુધ્ધાં ન કરવી જોઈએ. તો જ પ્રભુ સાથેની તદીયતા સિદ્ધ થવા પામે.

આવા સમર્પણુનો ઉત્તમ ભાવ આપણુને બલીરાજાના દાખલામાંથી જડે છે. “નાથ! મને તું ગમે તેવું વરદાન દે પણુ તે વસ્તુ તો તારીજ છે ને ! આવું વરદાન પામી તારાથી તો વિભક્ત થાઉં ને ! એવા વરદાનને હું શું કરૂં ? તું જ મારૂં સર્વસ્વ છે.” આ ભાવ ભક્તિમાં સર્વોત્કૃષ્ટ હોવો જોઇએ. આવા ભક્તનું જીવન કેવળ લોક કલ્યાણુ અર્થેજ હોય છે. તેનામાં અભિમાનનો છાંટો પણુ નથી

હોતો. તેની ગતિ લોકકલ્યાણ અર્થે હોય છે. આવો ભક્ત જીવનમુક્તિ મેળવી શકે છે. એવા ભક્તનાં દર્શન કરવાથી નેત્ર, તેની સાથે બોલવાથી વાણી, અને તેનું ચિન્તન કરવાથી મન, પવિત્ર થાય છે. એવા જીવનમુક્ત મહાત્મામાંથી સુખદુઃખ, લાભાલાભ, હર્ષ ખેદનાં દ્વંદ્વ વિરમી ગયાં હોય છે. તેનામાં સર્વ પ્રત્યે સમભાવ હોય છે. તેને પ્રત્યેક વસ્તુમાં પ્રભુ સ્વરુપની પ્રતીતિ થાય છે. આમ દરેક ઠેકાણે તેની દૃષ્ટિ વિશ્વનોમુખ થવાથી તેની વૃત્તિ શાંત ને સ્થિર બને છે. અને પ્રાણી માત્ર પ્રત્યે તેને અમર્યાદ પ્રેમ થાય છે. મન, કર્મ ને વચનથી સર્વભૂતનુ હિત કરવામાં તેની નિઃસીમ તત્પરતા હોય છે. કારણ આત્મસમર્પણ કરનાર તમામ ભક્ત પ્રભુ સિવાયની તેની પૃથક સત્તામાં માનતો જ નથી. તેની પોતાની એવી કાંઈ વસ્તુ હોતી જ નથી. આ જે કાંઈ ચેતન છે તે બધું પ્રભુનું છે, *આ જે કાંઈ જડ છે તે પણ પ્રભુનું છે, અને જે કાંઈ થાય છે તેનો કર્તા તે જ છે, એવી તેની બુદ્ધિ હોય છે. હું તો કેવળ નિમિત્ત માત્ર છું, એવી તેની ભાવના હોય છે. આવો ભક્ત હોય તે જ મહાત્મા છે, તે જ પૂજ્ય છે. એવાને યશ અગર અપયશ બન્ને બરાબર છે. કારણ યશ યા અપયશ પ્રભુનાં જ હોવાથી તેનો અનન્ય ભાવ તો પ્રભુમાં જ સ્થિર થયેલો હોય છે. આવું જીવન એ જ આત્મનિવેદનનું ફલ છે. આવા ભાવનામય જીવનનો વ્યવહાર પણ કેવો દિવ્ય હોઈ શકે તે પણ સમજવાનું છે. એ વિષે હવે વધારે તો આવતી કાલે. જયશ્રીકૃષ્ણ !

જી૦—જયશ્રીકૃષ્ણ !

(૨૭) અસમર્પિત ત્યાગ

મુ૦—જેમ મહાત્મા ગાંધીજીનાં સત્યાગ્રહની લડતમાં નિષેધાત્મક તેમજ રચનાત્મક એમ બે પાસાં છે, તેમ આત્મનિવેદન કરનાર ભક્તના જીવનમાં પણ વિધિ અને નિષેધનાં આવાં બે પાસાં હોય છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ માટે બે વસ્તુઓ મહાબાધક તરીકે ગણવામાં આવી છે: અસમર્પિત વસ્તુનો ભોગ અને અન્યાશ્રય. એકમાં કર્મબંધન રહેલું છે, બીજામાં સ્વામીદ્રોહ રહેલો છે. તેથી બન્ને પાતકો માનવામાં આવે છે. તમે કોઈ પણ જાતના રાગદ્વેષ વગર આ વસ્તુ પ્રત્યે જોશો તો તમને ખાતરી થશે કે આમાં કેવળ વૈજ્ઞાનિક સત્યનું સમર્થન રહેલું છે. આપણે એક વસ્તુ ખાસ યાદ રાખવાની છે. ને તે એ છે કે આપણે આપણા જીવનનો કોયડો ઉકેલવાનું કાર્ય માથે લીધું છે; આપણે આપણું જીવન પ્રભુને સમર્પણ કરી દીધું છે; હવે આપણી પાસે આપણી હોય એવી કોઈ પણ ચીજ રહી નથી. આપણે માલેક મટી સેવક થયા છીએ અને ખરા માલેકને તેની બધી જ વસ્તુઓ સોંપી દઈ, આપણે આપણા જીવનનો ગુજારો કરવાનો છે. તો આવો જીવનનો ગુજારો શી રીતે કરવો એ આપણો પ્રશ્ન છે?

આપણે આપણાં ‘અહંને મમ’ને એક દરવાજેથી હાંકી કાઢ્યાં છે, છતાં એટલાથી આપણા સવાલનો નિકાલ થતો નથી. આપણું

જીવન તો ચાલુ જ છે. આ ચાલુ જીવનમાં જે અહમહમિકાને આપણે તિલાંજલિ આવી છે, તે છૂપી રીતે પાછલા બારણેથી અંદર દાખલ ન થઈ જાય, તે જોવાની તકેદારી જો આપણે પળેપળ ન રાખીએ તો અત્યાર લગી જે કાંઈ આધ્યાત્મિક લાભ આપણુને મળ્યો હોય તે પણ ગુમાવી બેસવાનો ભય આપણી સમક્ષ ઉભો છે જ. આવા ભયના નિવારણ અર્થે આપણે શું કરવું જોઈએ, એવું રહસ્ય આ પ્રશ્નમાં રહેલું છે? તમે આ પ્રશ્નનું હાર્દ બરાબર સમજો તો છોને?

જી૦—જી, હા. મને પણ એમજ થયાં કરતું હતું કે આપણે આત્મનિવેદન કરી ગત જન્મોની અને ચાલુ જીવનની અત્યાર સુધીની અશુદ્ધિઓ ટાળી અને તેની અસરમાંથી મુક્ત થવાનો માર્ગ ગ્રહણ કર્યો. અર્થાત્ આપણાં સંચિત કે પ્રારબ્ધ કર્મો બાધા કરવાને નિર્બળ કે શક્તિહીન નીવડે એવો કીમીઓ આપણે પ્રભુ કૃપાયે ખોળી કાઢયો. પણ નવાં કર્મો વડે આપણે પાછા નહિ બંધાઇએ અને હતા એવા નહિ થઇએ. તેની શી ખાતરી? તેમ ન થાય, તે માટે આપણે શું કરવું?

મુ૦—વાહ. વસ્તુ સ્થિતિને તમે બરાબર તેના ખરા રૂપમાં મૂકી છે. આ બાબતનો એક સામાન્ય નિયમ તો એવો કે આપણે આપણા સેવક ધર્મનું બરાબર કાળજી પૂર્વક પાલન કરવું. એટલે વ્યવહારમાં સેવકોનો જે ધર્મ હોય છે એ ધ્યાનમાં લઈ તેમાંથી આપણા જીવનનું માર્ગ દર્શન ગ્રહણ કરવું જોઈએ. શ્રી મહાપ્રભુજી કહેછે કે सेवकानां यथा लोके व्यवहारः प्रसिध्यति. तथा कार्यं समर्प्यैव सर्वेषां ब्रह्मता ततः ॥ આપણે સ્વીકાર્યું છે કે બધી જ વસ્તુ પ્રભુની છે અને આપણો તે સંબંધનો બધો જ વ્યવહાર પ્રભુ માટે ને તેના થકી છે. તેથી ગત સંચય માટે સમર્પણનો વિધિ જેમ ફલ રૂપ ગણાવામાં આવ્યો તેમ ભાવિ માટે પણ તેવો જ વિધિ આજ ગણાવો

જોઇએ. માટે જ તેજ ગ્રન્થમાં શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે **तस्मादाश्रौ सर्वकार्ये सर्ववस्तु समर्पणम्।** અહીં બરાબર ધ્યાન રાખો. સર્વ પ્રકારનાં કાર્યોમાં આપણે સર્વ વસ્તુનું સમર્પણ કરવાનું છે. આવાં કાર્યોમાં કેવળ સ્થૂલ નહિ પણ તેમાં માનસિક તેમજ આત્મિક કાર્યોનો પણ સમાવેશ થાય છે. જો કે મન ને ચિત્ત એ બાહ્ય કરણો નથી પણ અંતઃકરણો છે, છતાં તેનો ઉપયોગ પણ પ્રભુમાં જ ને પ્રભુની કૃતિમાં જ કરવાનો છે, એ ભૂલવાનું નથી. મતલબ કે નવાં કાર્યોનું સમર્પણ પણ સૂક્ષ્મને આત્મિક રીતે કરવાનું છે. અર્થાત્ સૂક્ષ્મ જ્ઞાનેન્દ્રિયોનો તેમજ સ્થૂલ કર્મેન્દ્રિયોનો વિનિયોગ પ્રભુમાં કરવાનો છે. આવો વિનિયોગ સમર્પણ મારફત સાધવાનો હોય તો તેમાં સાથી અન્નભક્ષણનો, શરીરસંરક્ષણનો, ને વિત્તપ્રાપ્તિનો એમ અનેક વ્યવહારોનો વિચાર કરવાનું પ્રાપ્ત થાય છે.

મુ૦—પણ, આમાં અન્નભક્ષણનો પ્રશ્ન જરા ગુંચવણ ભરેલો લાગે છે. અત્યારની સુધરેલી જનતા તો એવું માને છે કે ભક્ષ્યાભક્ષ્યનો વિવેક કેવળ તેની આધિભૌતિક દૃષ્ટિએ જ કરવાનો છે. તેમાં એટલું જ જોવાનું કે અન્ન શુદ્ધ અને તંદુરસ્તી આપનારું છે કે કેમ અને જો એવું હોય તો શુદ્ધ વૈજ્ઞાનિક રીતે તૈયાર થયેલું તે કે કેમ! જો આવું હોય તો તેને ગ્રહણ કરવાને કશો પણ વાંધો હોઈ શકે નહિ. આવા સ્થૂલ વ્યવહારની બાબતમાં ઉચ્ચનીચના પ્રશ્નોને આગળ ધરીને શાસ્ત્રકારોએ આખી વસ્તુને એવી ડહોળી નાંખી છે કે તે વડે અસંખ્ય જ્ઞાતીઓના વાડાઓ અસ્તિત્વમાં આવ્યા છે અને મનુષ્યો મનુષ્યો વચ્ચેનું તેમજ વર્ગને વર્ગ વચ્ચેનું અંતર વધતું જ ગયું છે. એટલેજ હવે એવા બાધકોને ભ્રમમૂલક ગણી તેને તિલાંજલિ આપવી જોઇએ.

મુ૦—આધિભૌતિક દષ્ટિએ તમે કહો છો એ બરાબર છે. જો કેવળ શારીરિક શુદ્ધિનો જ એ સવાલ હોત તો આપણને

એનો સ્વીકાર કરતાં કશી પણ અડચણ ન નડે. કારણ કે તમે જુઓ છો કે અન્ન અગર ઘાસ એક પશુને ખવરાવવામાં આવે છે ત્યારે આપણે આવો ભક્ષ્યાભક્ષ્યનો વિવેક નથી જ કરતા. આપણે તો ફક્ત એટલો જ વિચાર કરીયે છીએ કે તેવું ખાણું અમુક પશુને તેની તંદુરસ્તીના ધોરણે માફક આપશે કે કેમ ? પશુની બાબતમાં આ દષ્ટિ બરાબર છે. પણ માણસ એ કેવળ આધિભૌતિક પ્રાણી નથી. તેનામાં આધિદૈવિક તત્ત્વોનો પણ થોડે ઘણે અંશે વિકાસ થયેલો હોય છે. એટલે હવે આપણે માટે એટલો જ પ્રશ્ન વિચારવાનો રહે છે કે આવા આધિભૌતિક વ્યવહારોની આપણી અંદર રહેલાં આધ્યાત્મિક ને આધિદૈવિક તત્ત્વો ઉપર અસર થાય છે કે કેમ ? જો ન થતી હોય તો તો તમે કહો છો એવા બાધકો નિર્થક ગણાવા જોઇએ.

પ્ર૦—તો આ બાબતમાં આપણા શાસ્ત્રકારો શું માને છે ? અને તેમની માન્યતાઓને કંઈ વૈજ્ઞાનિક ટેકો છે કે નહિ ?

મુ૦—ભક્ષ્યાભક્ષ્ય તથા સ્પર્શ્યાસ્પર્શની બાબતમાં આપણા સ્મૃતિકારોએ ઘણા સૂક્ષ્મ નિયમો કરેલા છે. આ સ્મૃતિઓ લખનારા આપણા ઋષિમુનિઓ હતા. આવા પવિત્ર મનુષ્યોએ જાણી બૂઝીને કે સ્વાર્થમય હેતુ પાર પાડવાની બુદ્ધિથી એવા નિયમો કર્યા હશે, એવું માનવાને આપણને કારણ નથી. આવા નિયમો કરવામાં તેમનો સ્વાનુભવ અને તેમની આધ્યાત્મિક માન્યતાઓ જવાબદાર હતી. એટલે દેશ ને કાળના ધર્મોને તથા મનુષ્યની તે વખતની સામાજિક તેમજ ધાર્મિક સ્થિતિઓ ધ્યાનમાં લઇ આધ્યાત્મિક ધોરણ ઉપર તેમણે એ રચનાઓ કરેલી હોવી જોઇએ, એમ આપણે શુદ્ધ બુદ્ધિથી સ્વીકારવું જોઈએ. આપણી અને એમની વચ્ચે કાળનું ઘણું અંતર પડી ગયું છે અને આપણા વિચારો ને વર્તનમાં ઘણોજ તફાવત

પડી ગયો છે. તેથી એ જમાનાની ઘણી બાબતો આપણને સમજાતી નથી એવું આપણે પ્રમાણિકપણે કબુલ કરવું જોઈએ. પણ, એ બધાની પાછળ આધ્યાત્મિક સત્યોની પીઠભૂમિકા હતી અને ધાર્મિક ઉન્નતિની દૃષ્ટિ હતી, એ વિષે તો બે મત હોઈ શકે જ નહિ.

જી૦—પણ, એ જમાનાને અનુકૂળ હોય, તે આ જમાનાને શી રીતે અનુકૂળ હોઈ શકે? આપણા જમાનામાં દેશ ને કાળને અનુકૂળ હોય તેવાજ રીતરિવાજો કે સામાજિક ને ધાર્મિક આચારના નિયમો અમલમાં હોય તોજ તે બધું સ્વાભાવિક ને બંધબેસતુ ગણી શકાય. આતો જુનાઓ જુના તરફ ખેંચે ને નવાઓ નવા તરફ ખેંચે અને તેના પરિણામે નકામો ગજવિગ્રહ જામે. મને તો લાગે છે કે નવા જમાના માટે નવા સ્મૃતિકારો પાકવા જોઈએ, અને નવા જમાનાની નવી સ્મૃતિઓ લખાવી જોઈએ.

મુ૦—પણ, કાંકરા સાથે ઘઉં તો ફેંકી દેવા ન જોઈએ ને! જે આધ્યાત્મિક નિયમો સત્યના ધોરણ ઉપર રચાયેલા હોય તેના જ આત્માને જ ફેંકી દેવામાં આવે, તો તેનું ફળ તો આત્મઘાતમાં જ નીવડવાનું.

જી૦—પણ, આપણને શી રીતે ખબર પડે કે અમુક સત્ય તે આધ્યાત્મિક કહેવાયને અમુક આધિભૌતિક કહેવાય? અધિભૌતિક સત્યો માટે તો પ્રત્યક્ષ પુરાવો હોય છે તેથી તે બાબતમાં બે મત હોઈ શકે નહિ.

મુ૦—અરે, આધિભૌતિક સત્યો માટે પણ ક્યાં ઓછા મતભેદ હોય છે? માટે આવી બાબતમાં એકમતની આશા રાખવી એ ફોકટ છે. છતાં, આવા નિયમોના પરિણામો ઉપરથી યાતો તેમાં રહેલી દૃષ્ટિ ઉપરથી વસ્તુનો નિર્ણય કરવામાં આવે તો તેમાં કેટલું તથ્ય રહેલું છે તે સમજાય.

જી૦—તો ભક્ષ્યાભક્ષ્યના નિયમોને શો આધ્યાત્મિક ટેકો છે, તે તો આપ પહેલાં કહો. પછી તે બાબતમાં મારે કંઇ કહેવા જેવું હશે તો કહીશ.

મુ૦—આપણા ઋષિ મુનિઓ માને છે કે આ સૃષ્ટિ ત્રણ ગુણોથી ઉત્પન્ન થઇ છે: સત્ત્વ, રજ ને તમ. આ ગુણો પદાર્થ માત્રમાં ઓતપ્રોત છે, અને તેના આધિક્ય કે અલ્પતા ઉપર તેના ફેરફારો ને વિકારોનો આધાર હોય છે. તે એટલા સુધી કે જડ તેમજ ચેતન બન્ને પ્રકારની સૃષ્ટિમાં એવા ગુણોની અસર આપણને ચોખ્ખી દેખાય છે. તેથી જ ગીતાજીમાં પણ સાત્વિક ગુણવાળી બુદ્ધિ થાય એવું ઇચ્છનારાઓએ સાત્વિક ગુણના સ્વભાવવાળી સાત્વિક વસ્તુનો ઉપયોગ કરવો એવો ઉપદેશ આપવામાં આવ્યો છે. આ ગુણો તેમાંથી મળતા ફળના આધારે ઉચ્ચનીચ ગણાય છે. સાત્વિક ગુણ શાંતિ ને સુખ આપે છે, રજોગુણ, ઉત્સુકતા, ચંચળતા, ઉત્સાહ, ઉદ્વેગ વગેરેને ઉત્તેજન આપે છે અને તમોગુણ જડતાનો ગુણ છે. તેથી ગુણભેદની દૃષ્ટિએ સત્વગુણ સૌથી ઉચ્ચો તો તમોગુણ સૌથી નીચો, એવું ગણવામાં આવે છે. આવા મૂળ ભેદોને લીધે જ કઇ વસ્તુ ગ્રાહ્ય ગણાવી જોઇએ ને કંઈ અગ્રાહ્ય ગણાવી જોઇએ, એવા નિયમો અસ્તિત્વમાં આવ્યા છે. આવા ગ્રાહ્યાગ્રાહ્યના નિયમો પણ મનુષ્ય પ્રકૃતિના ભેદાનુસાર રચાયા અને તેની રચનામાંથી વિધિનિષેધનો આચાર પણ હયાતિમાં આવ્યો છે, એમ કહીએ તો ખોટું નથી.

જડ તેમજ ચેતનના ગુણભેદો આમ પ્રાકૃતિક ધોરણ ઉપર રચાયેલા છે. જો આ સત્ય હોય તો ચેતન ને જડના સંબંધોમાં પણ સમાનગુણપણાનો નિયમ પણ હોવો જોઇએ, તેનો સ્વીકાર કર્યા વિના ચાલે તેમ નથી.

આપણે દાખલો લો. બ્રાહ્મણપણાના ખરા ગુણો ધરાવનાર બ્રાહ્મણ છે. આવા બ્રાહ્મણમાં સાત્વિક ગુણની પ્રધાનતા હશે. આવા સાત્વિક ગુણો ધરાવનાર બ્રાહ્મણે પોતાની પ્રગતિ કરવી હોય તો તેને કેવા પ્રકારનો ખોરાક લેવો જોઇએ ? સાત્વિક ગુણવાળા પદાર્થનો કે તામસિક ? તમે પોતે કબુલ કરશો કે તેને પોતાની પ્રકૃતિના ગુણોને માફક આવે-પોતાના આધ્યાત્મિક ખોરાકને અનુકૂળ આવે એવા પદાર્થો લેવા જોઇએ ને તેથી વિરુદ્ધ ગુણવાળા પદાર્થોનો ત્યાગ કરવો જોઇએ. આવા વિધિનિષેધના નિયમોનું પાલન એ એક પ્રકારનું નિયમન છે. તેમાં સંયમની દૃષ્ટિ રહેલી છે. તેનો સ્વીકાર આત્મકલ્યાણની દૃષ્ટિથી જ કરવામાં આવે છે. જો બ્રાહ્મણ માટે આ વાત સત્ય હોય તો ક્ષત્રિય તથા વૈશ્યને પણ તેટલી જ લાગુ પડે છે. દરેક વર્ણ પોતના ગુણને અનુસરતા પદાર્થોને સેવે પણ સાથે સાથે ગુણના ઉચ્ચનીચપણાને ધ્યાનમાં લઈ ઉચ્ચી ને સાત્વિક વસ્તુની અપેક્ષાએ નીચી વસ્તુનો ત્યાગ કરતો જાય, અને આમ ક્રમે ક્રમે ઉર્ધ્વગામી બને એવી ની પાછળ રહેલી વૈજ્ઞાનિક વિચારણા છે, એ સહેજે જોઈ શકાશે. ગીતાજીમાં આ વિષેની સ્પષ્ટતા એટલી ચોખ્ખી છે કે તેનું વિશેષ વિવેચન અનાવશ્યક ગણું છું.

જિ૦—પણ, આપે જ પૂર્વે કહ્યું કે વર્ણાશ્રમના ધોરણ ઉપર રચાયેલી મૂળ સંસ્થા ગમે તેટલી સારી હોવા છતાં કાળબલે હવે છિન્નભિન્ન થઈ ગઈ છે અને તેના શુદ્ધ સ્વરૂપમાં હાલ અસ્તિત્વમાં નથી. એટલું જ નહિ પણ બધી વર્ણો સામાન્યપણે કલિકાલની અસર નીચે આવ્યાથી શૂદ્રત્વને પામી છે. જો આ સત્ય હોય તો પછી એવા વર્ણભેદ ઉપર રચાયેલા નિયમો શી રીતે કારગત ગણી શકાય ?

મુ૦—તમારૂં કહેવું સાચું છે. એટલા માટે તો હું કહું છું કે આ બાબતમાં હવે સામુદાયિક પ્રયત્નો નિષ્ફળ નીવડવાના છે.

પણ તે ઉપરથી એ નિયમો પાછળ જે આધ્યાત્મિક સત્યતાનો ટેકો હતો તે ખોટો ઠરતો નથી. હાલના વિજ્ઞાનના જમાનામાં પણ આ નિયમોની સંગીનતા માટે પરોક્ષ સાબિતી મળતી જ જાય છે, એ કાલનું એક શુભ ચિહ્ન ગણી શકાય.

જી૦—એટલે ?

મુ૦—તમને ' થિયોસોફી ' નામની સંસ્થા છે તેની ખબર છે જ. થિયોસોફીએ સાબિત કરી બતાવ્યું છે કે જડ વસ્તુઓ ઉપર પણ ચેતન વસ્તુઓના ગુણની ભારે અસર થાય છે. તમે શુદ્ધ પાણીના બે પ્યાલા લો. એક પ્યાલામાં તમારો હાથ બોળો અને બીજા પ્યાલાનું પાણી અણીશુદ્ધ ચોખ્ખું અસ્પૃષ્ટ રાખો. જો આમ કરશો તો તમને માલુમ પડશે કે બન્ને પ્યાલાના પાણીના ગુણોને વિકારોમાં મારો ફેર પડયો છે. જગવિખ્યાત વિજ્ઞાનશાસ્ત્રી શ્રી જગદીશ બોઝ કહે છે કે લજામણીના છોડને તમે સ્પર્શ કરવા જાઓ, તો તે તમારાથી વિમુખ થઇ નમી જાય છે. આમાં શું રહસ્ય રહેલું છે ? એક માતા પોતાની ક્રોધિત અવસ્થામાં બાલકને સ્તનપાન કરાવે અને તેના પરિણામે ઝેરી ધાવણથી બાલક માંદુ પડતું હોય એનું શું કારણ ?

ખરી વાત તો એ છે કે પાપ ને પુણ્ય એ પણ ગુણાત્મક શક્તિઓ છે. જડ વસ્તુઓની પેઠે તેનો પણ વિનિમય થઇ શકે છે. માટે ભક્ષ્યાભક્ષ્ય અગર સ્પર્શ્યાસ્પર્શના ગુણદોષની હકીકતને હસી કાઢવા જેવી નથી પણ તે સાચી છે. જે સ્થૂલ તત્ત્વોમાંથી આપણું શરીર બંધાય છે તે સ્થૂલ ગુણવાળાં હોવાં જોઇએ; જો તેમના ગુણોની અસર વડે આપણી પ્રકૃતિ ઘડાઇ હોય અને આપણે એ ગુણોને અનુરૂપ હોઇએ, તો તેનો અર્થ એટલો જ થાય છે કે તેના પોષણ માટે આપણે તેવા જ તત્ત્વોનો સ્વીકાર કરવો જોઇએ.

આ પ્રશ્ન આપણા જીવનનો એક ગંભીર પ્રશ્ન બની રહે છે. તેની અવહેલના કરવી આપણુને પાલવે નહિ. જો પ્રગતિ કરવી એવું આપણા જીવનનું ધ્યેય હોય તો, આપણે આપણા સ્થૂલને તેમજ સૂક્ષ્મ દેહને માફક આવે તેવા પોષણથી પુષ્ટ કરવાનો છે, તો જ આપણે આપણી પ્રગતિ સાધી શકીએ. જો આ સત્ય હકીકત હોય તો આપણે એવી વસ્તુઓનો ઉપભોગ કરવો રહ્યો જેના વડે આપણા લોહી ઉપર તથા તે દ્વારા આપણા મન ઉપર તેની તંદુરસ્ત અસર થવા પામે. આપણે આપણી પ્રકૃતિ માટે સ્વભાવ શબ્દનો પ્રયોગ કરીએ છીએ. તે પણ એટલો જ અર્થસૂચક છે. 'સ્વભાવ'માંના 'સ્વ'નો શો અર્થ કરવો તે ઉપર જરા ઊંડો વિચાર કરો.

જી૦—આપે કહ્યું તેમ સ્વભાવ શબ્દ આપણે માણસની પ્રકૃતિ માટે વાપરીએ છીએ. માણસ એટલે સ્થૂલ માનસિકતા. મનુષ્ય એ શબ્દથી જે કાંઇ સમજાય એનું નામ જ "સ્વ"

મુ૦—વારૂ, તમે પણ 'સ્વ'નો ઘણો સુંદર અર્થ કર્યો. તે બરાબર છે. મતલબ કે મનુષ્ય એટલે આધિભૌતિક દૃષ્ટિએ વિચાર કરીએ તો તેના શરીરના ગુણો, ને મનુષ્યનો આધ્યાત્મિક દૃષ્ટિએ વિચાર કરીએ તો સ્વ એટલે મન ને બુદ્ધિના ગુણો. અને આધિદૈવિક દૃષ્ટિએ વિચાર કરીયે તો તેના આત્માના ગુણો હવે એક જ મનુષ્યનાં સ્વભાવનો આમ ત્રણ રીતે વિચાર થઇ શકે. પ્રત્યેક મનુષ્યમાં આ ત્રણે પ્રકારના જુદા જુદા ગુણો જોવામાં આવે છે. કોઇનો ચહેરો કોઇની ચાલ, કોઇનો અવાજ બીજા કોઇની જોડે મળતાં જ આવતા નથી. આ ભેદનું કારણ શું ? તેવું જ આધ્યાત્મિક ગુણો માટે પણ.

ખરૂં જોતાં આ ભેદો તેનાં ત્રણ પ્રકારનાં શરીરો કેવાં તત્વો ઉપર બંધાયેલું છે, તે ઉપર જ આધાર રાખે છે. અરે, જો દરેકની નસમાંથી લોહી લેવામાં આવે ને તેના રંગનું ને ગુણનું પૃથક્કરણ

કરવામાં આવે તો તેના ગુણોમાં એવા તો સૂક્ષ્મ ભેદો માલુમ પડે કે આપણને તેથી અજાયબી થયા વિના રહે નહિ. આ બધા ફેરફારોનું કારણ તેના પોષક તત્ત્વો ઉપર રહેલું છે.

જી૦—પણ, આપણે એમ કેમ ન સમજવું કે આવાં એક બીજાથી ચઢીયાતાં મનુષ્યોનાં શરીરનું પોષણ તે તે શરીરના અધિષ્ઠાતા દેવો અગર તો સાદી ભાષામાં તેને તેને લગતા અવયવો ઉપર અવલંબી રહ્યું નહિ હોય ?

મુ૦—એટલે તમે શું એવું કહેવા માગો છો કે આવાં આધિભૌતિક, આધ્યાત્મિક ને આધ્યાત્મિક તત્ત્વોનો અન્યોન્ય સાથે સંબંધ જ નથી ને તે તમામ નિરાંનરાળાં છે ?

જી૦—જી હા. એવું માનીએ શી હરકત ? તો પછી જડની અસર ચેતન ઉપર અને ચેતનની અસર જડ ઉપર થાય છે, એવી માન્યતામાંથી જે આ બધી ગુંચવણો પેદા થાય છે તેને અવકાશ જ ન રહે, અને તેનો નિકાલ ઝટ આવી જાય.

મુ૦—એવો નિકાલ સહેલો છે, પણ શક્ય નથી. જો ચેતન અને જડ વચ્ચે તાત્વિક સંબંધ જ ન હોય તો આ સૃષ્ટિની હયાતિજ અસંભવિત બને. માટે મનુષ્યના તેમજ બ્રહ્માંડના બંધારણનાં આ ત્રણ રૂપો મૂળ સત્ય, રજ ને તપ ઉપર આધારભૂત છે. જેમ આ ત્રણ ગુણો મૂળ એકમાંથી નીકળ્યા ને પાછા મૂળમાં જ લય પામશે, તેવું પિંડબ્રહ્માંડનું પણ જાણવું. આ ઉપરથી આપણે સ્વીકારવું જ પડશે કે આધિભૌતિક ને આધ્યાત્મિક તત્ત્વોનો અરસપરસ સંબંધ છે. અને આધિભૌતિકમાંથી આધ્યાત્મિક પ્રત્યે, ને આધ્યાત્મિકમાંથી આધિદૈવિક પ્રત્યે ગતિ કરવી એનું નામ જ પ્રગતિ અગર કહો કે શ્રેયનો રસ્તો. આમ સ્થૂલ તત્ત્વોના બંધારણ ને પોષણ ઉપર સૂક્ષ્મ

બંધારણનો આધાર છે જ. જો એમ ન હોય તો આત્માની લિંગદેહની ને સ્થૂલ દેહની એમ ત્રણ સ્વરૂપોની કલ્પના જ ન હોત. મતલબ કે સ્થૂલ તત્ત્વોના ગુણો તેના ગુણધારી ઉપર અધિકપણા કે ન્યૂનપણાની અસર કરે છે, એ સત્ય હોય તો તે તે ગુણોવાળા પદાર્થોના ઉપભોગથી દેહધારી ઉપર તે તે પ્રકારની અસર કરે છે, એ ફલિત થાય છે. આ બાબતમાં આથી વિશેષ જાણવા માટે તો આપણે એનો ખાસ અભ્યાસ કરવો જોઇએ. પણ વધારે શા માટે? વિજ્ઞાનશાસ્ત્રી શ્રી જગદીશ બોઝના 'Response in the living and non-living' પુસ્તક વિષે તો તમે કદાચ જાણતા હશો?

ઉ૦—જી, ના. એ પુસ્તક વિષે સાંભળ્યું છે પણ તેની બરાબર માહિતી નથી.

મુ૦—એ વાત સાચી છે કે વિજ્ઞાને ઘણી ચમત્કારી ભૌતિક શોધો કરી છે પણ સંતોષની વાત છે કે થોડા સમયથી વિજ્ઞાન શાસ્ત્રીઓએ પણ માનસિક શક્તિ એ શું ચીજ છે, તે જાણવાને વૈજ્ઞાનિક પદ્ધતિએ અખતરા કરવા માંડયા છે. આપણા વિજ્ઞાન શાસ્ત્રી બોઝે દુનિયાને સાબિત કરી આપ્યું છે કે જડમાં તેમજ ચેતનમાં એક જ પ્રકારના પ્રાકૃતિક નિયમો પ્રવર્તે છે. એટલે હવે એવો દિવસ દૂર નથી, જ્યારે આપણા આર્યલોકોનું પુરાણું ડહાપણ કેવું સત્યના સનાતન નિયમ ઉપર રચાયેલું છે તે પૂરવાર થશે. ગીતાજી કહે છે કે "संगात्संजायते कामः। આ સંગ કઈ જાતનો? શારીરિક કે માનસિક? કે બન્ને? તત્ત્વની દૃષ્ટિએ તો એ ભેદ જ નકામા છે. ખરું જોતાં જેવા પ્રકારની વસ્તુનો સંબંધ તેવા પ્રકારની તેની અસર; ફેર પડે તો તેની સંસ્કારિતામાં-તેની શક્તિમાં, બીજે નહિ. તેથી આપણી માનસિક તથા નૈતિક તથા ધાર્મિક પ્રગતિ અર્થે સાધુસંતનો સંગ સેવવાની શાસ્ત્ર આજ્ઞા કરે છે. આવા સંગનો પ્રકાર કેવળ શ્રવણ માત્ર થતો નથી. ભાગવતના કથાનક મુજબ નારદમુનિએ તેમની

પૂર્વ અવસ્થામાં સાધુઓના સંગ વડે તેમજ તેમના પ્રસાદી અન્ન વડે તન ને મન શુદ્ધિ કરી હતી એ જાણીતી વાત છે. “જેવું અન્ન તેવો ઓડકાર” એ લૌકિક કહેવતનું પણ રહસ્ય આમાં જ રહેલું છે. ઇસ્લામના ઓલિયાનાં જીવન ચરિત્રો ઉપરથી પણ આ સત્યને સમર્થન મળે છે. ધાર્મિક શાસ્ત્રોમાં આવા અનેક દૃષ્ટાંતો મળી આવે છે. ગમે તે હો. પણ આપણા માર્ગમાં અન્નદોષનો ઘણો જ બાધક ગણ્યો છે એ તો નિશ્ચિત છે જ.

જી૦—જો આ વાત સાચી હોય તો વર્ણાશ્રમના નિયમોને ચીપટપણે વળગી રહેવાની મહાપ્રભુજી શા માટે આજ્ઞા નથી કરતા?

મુ૦—તેઓશ્રી તેનો ભંગ કરવાનું નથી કહેતા. પણ આ વસ્તુ વધારે વિગત માગે છે એટલે તેને આવતી કાલે જ હાથ ધરીશું. આજ તો મોડું થઇ ગયું છે, એટલે જયશ્રી કૃષ્ણ!

જી૦—જયશ્રી કૃષ્ણ!

[૨૮] અસમર્પિતત્યાગ (ચાલુ)

તમારો પ્રશ્ન એ હતો કે જો ભક્ષ્યાભક્ષ્ય વગેરેનું પાલન કરવાનો તમે આગ્રહ કરતા હો. તો મહાપ્રભુજી શા માટે વર્ણાશ્રમનું બરાબર રીતે પાલન કરવાની આજ્ઞા નથી કરતા ? તેનો જવાબ એ છે કે તેઓશ્રી મેં કહ્યું તેમ તેનો ભંગ કરવાની આજ્ઞા નથી કરતા. તેઓશ્રી તો એવું કહે છે કે અત્યારે વર્ણાશ્રમના ધર્મોનું તેના શુદ્ધ સ્વરૂપમાં પાલન થઈ શકે તેવું નથી કારણ અંદર અંદર વર્ણસંકરત્વ મોટા પ્રમાણમાં થઈ ગયું. તથા કાલબલ પણ વિપરીત છે તેથી વર્ણો તેના સ્વાભાવિક ગુણકર્મો પ્રકટ કરી શકતા નથી. છતાં, જ્યાં જ્યાં એવા ધર્મો જોવામાં આવે ત્યાં ત્યાં અલબત્ત તેનું પાલન કરવું તે ઇષ્ટ છે. તેથી એઓશ્રી આજ્ઞા કરે છે કે તેના ધર્મોનું યથાશક્તિ પાલન કરવું, પણ ગૌણપણે. વૈષ્ણવનો મુખ્ય ધર્મ સેવા છે. તેથી તેને બાધ ન આવે એવી રીતે તેનું પાલન થતું હોય તો તો અવશ્ય કરવું જ.

આ ઉપરથી જોઈ શકાશે કે મહાપ્રભુજીની દૃષ્ટિ તો યોગીની છે. પોતાના માર્ગમાં ગતિ કરતાં જે પોષક હોય તેનો અંગીકાર કરવો, જે જે કાંઈ બાધક હોય તેનો ત્યાગ કરવો, પણ પોતાના આત્માની ચોટ છોડવી નહિ. ખરું જોતાં તો વર્ણાશ્રમમાં આવી અનવસ્થા

જોઇને તેઓશ્રીએ તો છેક નવો રસ્તો જ ખોળી કાઢ્યો છે. તમે આને નવી સ્મૃતિનો નિયમ કહો તો ખોટું નહિ.

જી૦—તે કયો ?

મુ૦—કેમ, તમે ન સમજ્યા ? સમર્પણનો. કોઇ પણ વસ્તુ પ્રભુને નિવેદન કર્યા વગર લેવાય જ નહિ. પણ આવી જાતનું નિવેદન કરવામાં ઘણો વિવેક જાળવવાનો હોય છે.

જી૦—તે કયો ?

મુ૦—એક તો અર્ધભોગવેલી વસ્તુનું સમર્પણ થઈ શકે નહિ. 'न मतं देवदेवस्य सामिभुक्तं समर्पणम्।' એટલે તમે તમારે માટે વસ્તુ લાવ્યા હો ને તેમાંથી તમે થોડાનો ઉપયોગ તમારે માટે કર્યો હોય તો બાકી રહેલી વસ્તુ અર્ધભુક્ત કહેવાય. આપણે ઘણા વખત પહેલાં અમુક વસ્તુ લાવ્યા હોઇએ ને તે વગર વપરાયેલી પડી રહી હોય ને પછી તે દેવ ઉપયોગમાં લેવામાં આવે તો આવી વસ્તુ પણ અર્ધભુક્ત કહેવાય. આપણે અગર બીજા માણસે તેનો ઉપયોગ કરી નાખ્યો હોય તેવી વસ્તુ–જેમ કે સુંઘેલું ફુલ, ચાખેલું ફલ, વાપરેલું વસ્ત્ર, આ બધું જ અર્પણ માટે અયોગ્ય ગણાય. વળી કેટલીક વસ્તુ તેના ગુણદોષને લઇને યોગ્ય ન ગણાય. ભક્તિભાવ વગર અર્પણ કરેલી હરકોઈ વસ્તુ, દુષ્ટ અગર પતિત યાતો અભક્ત વડે તૈયાર કરેલું અન્ન, કૃપણ, લોભી તથા વેશ્યાનું ધન, હિંસાના માર્ગે મેળવેલું દ્રવ્ય, ચોરી, વિશ્વાસઘાત અગર પાપમાર્ગે કે અનીતિને રસ્તે મેળવેલો યાતો કર્જાઉ લીધેલો પૈસો, માંસ, અભક્ષ્ય ભક્ષણ, અપેયપાન–આ બધું જ અર્પણ માટે અયોગ્ય ગણાય.

આ ઉપરથી તમે જોઈ શકશો કે આવી સમર્પણવિધિમાં કેવળ સત્યનિષ્ઠા, ભક્તિ, નીતિ, શુદ્ધતા વગેરે ઉત્તમ ગુણોનું પોષણ

કરવાનો જ ઉદ્દેશ છે. પ્રભુ આવા બધા ઉત્તમ ગુણોની મૂર્તિ છે અને તેથી એમને જે નિવેદન કરવાનું હોય તે એટલું જ શુદ્ધતમ, પવિત્ર, પ્રેમયુક્ત, સરલ ને સુંદર હોવું જોઇએ, એવો એમાંથી ફલિતાર્થ નીકળે છે. આવા અર્પણ થયેલી વસ્તુનો ઉપયોગ કરનાર એવા ગુણો પ્રાપ્ત કરવાને લાયક થાય છે જ. આવી બુદ્ધિથી આવેલી વસ્તુ યજ્ઞરુપ બને છે અને ભગવાનને ધરેલી વસ્તુ પ્રસાદરૂપ બને છે. આવી પ્રસાદરૂપ વસ્તુને ભોગવવાનો વૈષ્ણવને અધિકાર છે. તેમ કર્યેથી તે પ્રભુના પ્રસાદનો–કૃપાનો અધિકારી બને છે.

જી૦—આપે કહ્યું કે અવૈષ્ણવ કે અભક્તના હાથનું પણ અર્પણ ન થઈ શકે: તો શું અવૈષ્ણવ બ્રાહ્મણના હાથે રાંધેલું અન્ન પણ તે માટે નકામું ગણાય ?

મુ૦—સિદ્ધાન્તની દૃષ્ટિએ તો, હા. માટે જ હું કહું છું કે મહાપ્રભુજીએ વર્ણાશ્રમના ધર્મોની પર જઈ એક નવાજ સમાજની સ્થાપના કરી છે, જેમાં દરેક વર્ણના લોકો ભાગ લઈ એકજ સમાન સેવમાં તેમજ ખાનપાનના વ્યવહારમાં એકત્ર થઈ શકે છે. આને તમારે નવી સ્મૃતિ કહેવી કે કેમ એ તમારી મરજીની વાત છે.

જી૦—તો શું આ રીતે બધીજ વસ્તુઓ નિવેદનને પાત્ર ગણાવી જોઇએ ?–પહેરવાનાં વસ્ત્ર, લગ્નના તેમજ ઇતર સામાજિક અગર ધાર્મિક પ્રસંગોએ થતું ખર્ચ વગેરે વગેરે ?

મુ૦—હા. પણ તે બધાના વિધિ જુદા જુદા છે. આ બધાના ખુલાસા માર્ગમાં કરેલા છે. દાખલા તરીકે તમે નવા વસ્ત્રનો સેવાના હરકોઈ કામમાં ઉપયોગ કરો, પછી તેનું કપડું શીવરાવો ને તે પહેરી પ્રથમ મંદિરમાં પ્રભુનાં દર્શન કરી આવો; જોડા પ્રથમ વાર પહેરી મંદિર જઇ પ્રભુના દર્શન કરી આવો; લગ્ન નિમિત્તે થનાર

ખર્ચનો સંકલ્પ કરી તેના ખર્ચની આજ્ઞા માગી તે પ્રમાણે ખર્ચ કરો; વગેરે વગેરે.

જી૦—આ તો બધું ઠીક. ઉપર ઉપરથી તો આ બધું સુંદર લાગે છે. પણ, મને તેમાં એક ભય રહેલો લાગે છે. જ્યારે વર્ણાશ્રમના જુથ્થોમાંથી આવાં બંધન ઢીલાં થવા લાગ્યાં છે, ત્યાં વળી આ નવાં બંધન દાખલ થવા જેવું નથી લાગતું ? ને તેમ પ્રત્યેક વ્યક્તિ વ્યક્તિની બાબતમાં આવુ થવાથી તો વ્યક્તિએ વ્યક્તિએ ભિન્નતાને પોષણ કરનારો રિવાજ દાખલ થશે. સામાજિક દષ્ટિએ શું આ હાનિકારક નથી ?

મુ૦—તમારો પ્રશ્ન સકારણ છે. પરંતુ જો જીવન માત્ર સંયમબદ્ધ હોવું જોઈએ એવું તમે સ્વીકારતા હો તો તમારે સ્વીકારવું પડશે કે આવા નિયમો સંયમ પોષક છે. તેનો એથી વધારે અર્થ કરવાનો નથી. અને સાધન દશામાં મનુષ્યની ઉન્નતિ માટે તેવા નિયમો ઉપયોગી તેમજ અનિવાર્ય ગણાવા જોઈએ. જેમ દર્દીઓ માટે કોઈ વૈદ્ય ચરીનો ક્રમ નક્કી કરે તેમ આધ્યાત્મિક દર્દીઓ માટે આધ્યાત્મિક વૈદ્યો નક્કી કરેલા આ નિયમો છે. આવી રીતે ચરી પાળનાર દર્દીઓ પોતાની ખાસ માવજત કે વિશિષ્ટ પ્રકારની જીવનચર્યાના કારણે ગર્વ નથી લેતા. ઉલટું તેઓ જાણે છે કે પોતે દર્દીઓ છે ને તેથી વૈદ્યની ખાસ સંભાળ હેઠળ પરાધીન ને સંયમપૂર્ણ જીવન ગાળી રહેલા હોવાથી તેઓ હૃદયની અંદર દીન ભાવ સેવતા હોય છે. આવા ધાર્મિક સંયમના નિયમો પણ મનુષ્યની ઉણપના સ્મારક તરીકે લેખાવા જોઈએ. તેના સેવનથી તેનું સેવન કરનારના હૃદયમાં દીનતાના ભાવો જાગ્રત થવા જોઈએ. આમ ન થતાં જો તેના હૃદયમાંથી આત્મિક દષ્ટિનો વિલોપ થાય અને તેને ઠેકાણે કેવલ બાહ્યાચારોત્પન્ન ઉચ્ચ નીચના ભાવો જ માત્ર ઉતેજિત થાય

તો તો પરિણામ અનિષ્ટ આવે, તેમાં શક નહિ. કારણ અંદર અંદર આવા ઉચ્ચનીચના ભાવોથી ગર્વને પોષણ મળે ને કલેશમય વાતાવરણ પેદા થાય. પણ આમ છતાં આ પ્રશ્નો બહુધા વ્યક્તિગત હોવાથી અનિષ્ટપણાની માત્રા હાનિકારક નીવડવાનો એટલો બધો ભય નથી, જેવો સમૂહગત વિભાગોમાં રહેલો છે તેવો. વર્ણોના ભેદોમાં પણ ઉચ્ચનીચની આવી સંયમની જ દ્રષ્ટિ હતી પણ તે દ્રષ્ટિ વિલોપ થતાં અહંતાના ભાવો સેવાવા લાગ્યા ને ચાર વર્ણોમાંથી હજારો જ્ઞાતિઓ ને પેટા જ્ઞાતિઓમાં સમાજ વહેંચાઈ ગયો. પરિણામે આપણે અન્યોન્ય તિરસ્કાર સેવાવા લાગ્યા એટલે આપણું હિંદુ તરીકેનું કે આર્યપુત્ર તરીકેનું અભિમાન નાશ પામ્યું અને તેને ઠેકાણે રાગદ્વેષવાળાં હજારો મંડળોનું અસ્તિત્વ આપણે હાલ દ્રષ્ટિગોચર કરીએ છીએ આવો છિન્નભિન્ન અવસ્થામાંથી મૂળ સત્યના પાયા ઉપર રચાયેલા નવા સમાજની જરૂર છે જ. આવો સમાજ બહારનાં સામુદાયિક નિયમનથી નહિ થઈ શકે પણ ધાર્મિક બાબતમાં ગુણ ને કર્મ ઉપર રચાયેલા ચારિત્ર્યવાન વ્યક્તિઓના જીવન ઉપરથી રચી શકાશે. પ્રભુમાં જ આસક્તિ ધરાવનાર, પ્રભુના જ પ્રસાદ ઉપર જીવનાર, પ્રભુનું જ કાર્ય કરનાર, એવા સાત્વિક, રાજસિક, તેમજ તામસિક સ્વભાવવાળા ભક્તો સમાજમાં પેદા થશે ત્યારે તેવા ભક્તોમાંથી પોતપોતાના સ્વભાવ અનુકૂળ ભક્ત મંડળો ઉત્પન્ન થશે ને તેમાંથી નવા સમાજની સ્થાપના થશે.

•

જી૦—ત્યારે શું ભક્તોમાં પણ આવા ગુણભેદો હોય છે? ભક્તે તો આ ગુણાત્મક પ્રપંચની નિવૃત્તિ કરેલી હોય છે અને ત્યાર પછી જ તેને ભગવાન સાથે તદ્રૂપતા પ્રાપ્ત કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. તો તેનું કેમ?

મુ૦—તમારી શંકા સકારણ છે. એક રીતે મારે એવા રૂઢ શબ્દોનો ઉપયોગ જ કરવો જોઈતો નહોતો. ખરું જોતાં અહીં

લૌકિકમાં એટલે મર્યાદા સૃષ્ટિમાં આપણે જે શબ્દોનો ઉપયોગ કરીએ છીએ તે જ શબ્દોનો વ્યવહાર ભક્તિની અલૌકિક સૃષ્ટિમાં પણ પ્રચલિત છે. પણ તેમાં દષ્ટિ જુદી હોય છે. હું અલૌકિક સૃષ્ટિ પરત્વે આવા ભક્તિના ભેદો વિષે ઉલ્લેખ કરતો હતો. ત્યાં પણ આવા ભેદો તો હોય છે પણ તે તેના શુદ્ધતમ રૂપમાં જ, કેવળ રસ વૈચિત્ર્યની ખાતર. પણ, આ બાબત બહુ ગૂઢ છે. આપણે તો ફક્ત એક જ વિચાર કરવાનો છે કે અહીં આ દુનિયામાં મનુષ્ય જ્યારે સાધનદશામાં જીવન પસાર કરતો હોય છે ત્યારે ભક્તિના પોષણ અર્થે તેને કેવા પ્રકારનું જીવન જીવવું. તેનો વિચાર કરતાં આપણને હવે એક બાબતની પ્રતીતિ થવી જોઇએ કે તેવું જીવન પ્રભુને સમર્પિત હોવું જોઇએ. અને જો તે વાત ખરી હોય તો તેના જીવનનાં કાર્યો પણ એવી રીતે જ સમર્પિત થવાં જોઇએ. મતલબ કે તેને અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો જોઇએ. આવા અસમર્પિત વસ્તુના ત્યાગ પાછળ જીવનચર્યાનું ભારે રહસ્ય રહેલું છે.

પોતાના નિરોધલક્ષણના ગ્રન્થમાં મહાપ્રભુજી કહે છે કે બધીજ ઇન્દ્રિયોનો ઉપયોગ પ્રભુ માટે કરવો અને આની સિદ્ધિ અર્થે પ્રભુ સેવા કરવી. અસમર્પિત વસ્તુનો ત્યાગ એ જો કે બાહ્ય વિધિ લાગે છે, છતાં ભક્તિની નિષ્ઠા માટે તે ઘણી જ જરૂરી ચીજ છે.

જી૦—પણ, આમાંથી તો વ્યવહારૂ ઘણી મુશ્કેલીઓ થવાનો સંભવ છે. ધારો કે આવો મનુષ્ય પરદેશ ગયો હોય અને તે અન્ય ધર્મ પાળનારનો અતિથિ થયો હોય અગર તો કૌટુમ્બિક ઉપાધિઓને લીધે તે શુદ્ધિ જાળવી શકે એવી સ્થિતિમાં ન હોય; અગર તો શરીરે અશક્ત બન્યો હોય ને કોઈની તેને સહાય ન હોય:—આવા અનેક પ્રસંગો કલ્પી શકાય તેવા છે–તો તેવે પ્રસંગે તેને શું કરવું ?

મુ૦—તમારી વાત સાચી છે. પણ, આપણે તો અહીં સિદ્ધાન્તની ચર્ચા કરીએ છીએ એ ભૂલવું ન જોઇએ. મુશ્કેલીઓ

તો નડવાની જ. જો એમ ન હોય તો પછી તપશ્ચર્યાનો અર્થ શો? ધર્મ ખાતર બુદ્ધિપૂર્વક દુઃખ યા અડચણ વેઠવી તેનું નામ જ તપ. પરન્તુ આ માટે શ્રી ગોકુલનાથજીએ કેટલાયે શક્ય માર્ગો બતાવ્યા છે. જો સ્વરૂપ સેવા હોય તો એ સ્વરૂપને ઘરનું રાંધેલું અન્ન ધરાવી પ્રસાદી અન્નનો ઉપયોગ કરવો એ સૌથી ઉત્તમ માર્ગ. પણ, એમ ન જ બને તો દરેક વૈષ્ણવ કુટુમ્બમાં એવો નિયમ હોવો જોઈએ કે વૈષ્ણવને ભોજન લેવા બોલાવવો. આવા વૈષ્ણવને પ્રથમ જમાડવાથી અવશિષ્ટ અન્ન પ્રસાદી બને છે. વૈષ્ણવના હૃદયમાં પ્રભુ બિરાજતા હોવાથી તે પ્રભુનું જ પ્રસાદી અન્ન બન્યું છે એવો તેમાં ભાવ રહેલો છે. જો એમ ન બને તો ગૌમાતા માટે એક પાતર સૌથી પહેલાં જુદી કાઢી પછી અન્નનો ઉપયોગ કરવો. ગૌમાતા પણ વૈષ્ણવનું સ્વરૂપ છે તેથી તેને ભાવનાથી જુદી પતરારી દ્વારા આરોગાવ્યા પછી અન્ન પ્રસાદી બને છે. જ્યાં સ્વરૂપ સેવા ન હોય, એવા વૈષ્ણવને ત્યાં પરદેશમાં જવાનું પ્રાપ્ત થાય તો મહાપ્રભુજીના ગ્રન્થને અગર કંઠમાં ધારણ કરેલી કંઠીને ભાવનાથી ધરાવી અન્નને પ્રસાદી કરી તે લેવાનો બાધ નથી. છેવટે આ બધામાંથી કશું જ શક્ય ન હોય અને અન્યના નામધારી વૈષ્ણવના હાથનું તૈયાર કરેલું અન્ન લેવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો તેવા અન્નમાં ચરણામૃત પધરાવવાથી તે શુદ્ધ થાય છે ને તેવી રીતે શુદ્ધ થયેલા અન્નનો માનસિક ભોગ ધરી ઉપભોગ કરવાને બાધ નથી. આમ શુદ્ધિના અનેક રસ્તાઓ બતાવેલા છે.

આ બધામાં બાહ્ય ક્રિયા એ મુખ્ય વસ્તુ નથી પણ શુદ્ધ મનોભાવ એ છે. અરે, આપણે કોઈ પણ વસ્તુનો માનસિક રીતે ઉપભોગ કરવાની વૃત્તિ કરીએ તો પણ તે અર્ધભુક્ત થઈ જાય છે. માટે સમર્પણની ક્રિયા એ ખરું જોતાં માનસિક ક્રિયા છે, બાહ્ય નહિ. આમ કરતાં કરતાં જ્યારે ભક્તની બુદ્ધિ જ સમર્પિત થાય, તો

પછી સમર્પણ કરવાનું કાંઈ બાકી રહેતું નથી. કારણ કે ખરું જોતાં બુદ્ધિમાંથી જ બધા વ્યવહારોનો ઉદ્ભવ થાય છે. સંકલ્પ કે વિચારનું સ્થાન એવી બુદ્ધિ જ સમર્પિત થઈ હોય, તો પછી ભક્તનું ચિત્ત ભગવદ્મય બનેલું રહે છે. આ બધી ક્રિયાઓનો જો કાંઈ અર્થ હોય તો તે એટલો જ છે કે બુદ્ધિ ને ચિત્તની આવી ભગવદ્મય સ્થિતિ ઉત્પન્ન કરવી. મહાપ્રભુજી તેટલા માટે જ આજ્ઞા કરે છે કે असमर्पित वस्तूनां तस्माद्वर्जनमाचरेत् । तस्मादादौ सर्वकार्ये सर्व वस्तु समर्पणम् ॥ (सि. २) सर्वं समर्पितं भक्त्या कृतार्थोऽसि सुखी भव ॥८॥ (अ. प्र)

જી૦—ત્યારે પરમહંસો માટે આચારના નિયમો શા માટે જુદા રાખ્યા હશે? તેઓ તો ગમે ત્યાંથી મધુકરી લઈ શકે છે? જો કે આ દાખલો જ્ઞાનમાર્ગને લગતો છે, છતાં એમાં સિદ્ધાન્ત તો એક જ હશે ને?

મુ૦—એમાં પણ ગૂઢ સત્ય રહેલું છે. સાચો પરમહંસ તેની ઇન્દ્રિયો, મન, ને બુદ્ધિથી પર હોય છે. તે કેવળ આત્મામાં રમે છે. એટલે આવી બાહ્ય વસ્તુઓના વિકારો તેના આત્માને સ્પર્શ કરી શકતા નથી; તેની કશી પણ અસર તેના ઉપર થતી નથી.

જી૦—ત્યારે તો એમ જ કહો ને કે અમુક દશામાં જ આ નિયમન ઉપયોગી અને અનિવાર્ય છે, એમ ને?

મુ૦—હાસ્તો, આવા નિયમો સાધનદશામાં અનિવાર્ય ગણાયા છે; સિદ્ધ દશામાં તેની જરૂર નથી. કોઈ તાદૃશી આવા નિયમોનો

ભંગ કરે, તો તેની આન્તરિક દશા પ્રેમાવિષ્ટ હોવાથી તે તેને બાધક નથી જ. એવા અનેક દાખલા બનેલા પણ છે. તેથી જ હું કહું છું કે જરા વિવેક ને વિચારથી આ વસ્તુને જોવામાં આવે તો તે તરત સમજાય એવી છે. અસમર્પિત વસ્તુના ત્યાગ માટે તો મેં તમને કંઈક કહ્યું. હવે હું અન્યાશ્રય વિષે આવતી કાલે કહીશ. માટે જય શ્રીકૃષ્ણ !

૭૦—જય શ્રીકૃષ્ણ !

[૨૯] અન્યાશ્રય ત્યાગ

મુ૦—આપણે અસમર્પિત વસ્તુના ત્યાગનો વિચાર કર્યો, હવે અન્યાશ્રય ત્યાગનો વિચાર કરીએ. અન્યાશ્રય ત્યાગ એ પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનાં રહસ્યમાંનું રહસ્ય છે. તે તેનું સર્વોપરી તત્ત્વ છે. એક જ દેવનો આસરો લો, પરમેશ્વર એક જ સર્વ દેવોનો દેવ છે, એનાજ આશ્રયથી તમારાં સર્વ પ્રકારનાં કષ્ટો દૂર થશે, આડાઅવળાં ફાંફાં મારવાથી તમારી સ્થિતિ અતોભ્રષ્ટ તતોભ્રષ્ટના જેવી થશે. એવી એવી ઘોષણા કરવામાં તત્ત્વવિચાર સાથે ઐતિહાસિક કારણો પણ હતાં. પૂર્વે હું તમને કહી ગયો કે ૧૬ મો સૈકો એ ઇતિહાસમાં ધાર્મિક આંદોલન માટે સૌથી મહત્વનો સૈકો ગણાય છે, હિંદમાં તેમજ હિંદ બહાર.

જી૦—જી હા. આપે એમ પણ કહેલું કે હિન્દમાં એક જ ઠેકાણે નહિ પણ બધે જ ઠેકાણે ધાર્મિક જાગ્રતિ થવા લાગી હતી.

મુ૦—હા, દક્ષિણમાં એકનાથ વગેરે અનેક સાધુસંતો ભક્તિની ઘોષણા કરી રહ્યા હતા. ગુજરાતમાં નરસિંહ મહેતા તો શ્રીવલ્લભ-વિઠ્ઠલના વધૈયા જેવા જ ગણાય છે. બંગાળામાં શ્રી ચૈતન્ય મહાપ્રભુજીએ ભક્તિની રેલ રેલાવી હતી. આ બધા માટે બાહ્ય તેમજ આન્તરિક કારણો હોવાં જોઇએ. ગીતાજીમાં ભગવાનશ્રીકૃષ્ણે અભયદાન આપ્યું છે કે જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે અને

ભક્તો, સાધુસંતો પીડાય છે, ત્યારે ત્યારે હું મનુષ્યરૂપે સમાજમાં આવી, સમાજને દુઃખમાંથી ટાળું છું ને તેને ઊંચે લઉં છું. હિંદમાં પરદેશી આક્રમણો તો ઘણાંયે થયાં હતાં પણ તેની જુદી છાપ ઇતિહાસના પટ ઉપર દેખાતી નથી. કારણ કે બહારથી જે જે પ્રજાઓ આવી તે બધી હિન્દની આર્યસંસ્કૃતિમાં ભળી ગઇ ને એકરૂપ થઇ ગઈ. પણ, આ બધી પ્રજાઓ કેવળ રાજકીય દૃષ્ટિથી આવેલી ને સંસ્કૃતિમાં ઉતરતી હોવાથી તે બધી હિંદની સંસ્કૃતિ અપનાવી લઈ હિંદુમય બની ગઈ. એટલે એક રીતે પશુશાસ્ત્રના નિયમ પ્રમાણે હિન્દના જીવનતત્ત્વને વેગ આપતી ગઈ. પરન્તુ જ્યારથી દુનિયામાં ઇસ્લામના નવા ધર્મની સ્થાપના થઇ ત્યારથી દુનિયાના ઐતિહાસિક જીવનમાં ભારે ફેરફાર થયો. મુસલમાન પ્રજાના આક્રમણોમાં રાજકીય ઉપરાંત ધર્મનું ઝનૂન ભારે હતું. અને એક હાથમાં તલવાર ને બીજા હાથમાં કુરાનની ઘોષણા કરતાં પરધર્મી ટોળાં, જેમ યુરોપમાં તેમજ હિન્દમાં ભારે જોરસોર સાથે ઘૂસ્યાં. અહીંના રાજાઓ અંદર અંદરના કુસંપને લીધે તેની સામે સફળ સામનો કરવાને નિષ્ફળ નીવડ્યા. તેમના આવાગમન સાથે તેમણે રાજ્યસત્તા જમાવી એટલું જ નહિ પણ હિંદુઓનાં દેવળો તોડી અને તેની માંહેની મૂર્તિઓને ભાંગી નાંખી તે દ્રવ્ય લોભીઓએ દ્રવ્યના ભંડારોની લૂંટ ચલાવી. હિન્દી પ્રજા બેબાકળી બની જઈ, આ અત્યાચારો સામે જોઇ રહી. આવા આઘાતો ઢેર ઢેર થવા લાગ્યા. મહાપ્રભુજીએ આ અધમ સ્થિતિનું આબેહૂબ ચિત્ર પોતાના કૃષ્ણાશ્રય નામના ગ્રન્થમાં બહુ સુન્દર રીતે આપ્યું છે. તેમાં આપણે તેમના હૃદયનો આર્ત્તનાદ સાંભળી શકીએ છીએ.

૭૦—એ કૃષ્ણાશ્રયમાંથી જ આપણને આપશ્રીની ઘોષણાનો સૂર અને એવી ઘોષણા માટેનાં કારણોનું દિશાસૂચન પણ મળી રહેશે, એમ મને લાગે છે. તો એમાં શું કહ્યું છે તે આપ કહો તો વધારે સારૂં.

મુ૦—હા, હું તમને એ જ કહેવા જતો હતો. આપશ્રી તેમાં જણાવે છે કે ધર્મના સર્વ માર્ગો નષ્ટ થઈ ગયા છે. અત્યારે જે જે જુદા જુદા ધર્મો પ્રચલિત છે તે કેવળ ઢોંગરૂપ બની ગયા છે. બધે પાખંડ વધી પડયો છે. ગંગાજી જેવાં પવિત્ર સ્થળો પણ ભ્રષ્ટ થઈ ગયાં છે. તીર્થોમાંથી દેવત્વ ચાલી ગયું છે. આવા સ્થળોમાં દુષ્ટજનોના ત્રાસ જોવામાં આવે છે. મ્લેચ્છો આખા દેશમાં ઠેર ઠેર ફરી વળ્યા છે. ધરતી પાપનું રહેઠાણ બની ગઈ છે. સાધુઓને પીડાતા જોઈ લોકોનાં ચિત્ત વ્યગ્ર બની ગયાં છે. પંડિતો પણ અહંકારથી મૂઢ બની ગયા છે. સત્પુરૂષોનું આચરણ પણ પાપમય બની ગયું છે. આવા પુરુષો પણ કેવળ લાભ મે માન અકરામ અર્થે જ ઉદ્યમ કરતા જણાય છે. ધર્મના જુદા જુદા વાદો થવાથી સર્વ પ્રકારનાં કર્મ ને વ્રતો પણ નાશ પામ્યાં છે. જે કાંઈ કર્મ ને વ્રતો આચરવામાં આવે છે તે કેવળ પાખંડરૂપ હોય છે. અને આવી રીતે પૂજાતા લૌકિક દેવો પણ અલ્પ આનંદવાળા છે. હરિ જ કેવળ પૂર્ણાનંદ છે. માટે પાપમાં આસક્ત થયેલા એવા દીન ને લાચાર જીવોએ શ્રીકૃષ્ણનો જ આશ્રય લેવો જોઈએ. કારણ કૃષ્ણ જ સર્વ સમર્થ અને સર્વ અર્થની સિદ્ધિ કરનાર દેવોના પણ દેવ છે. તેથી તેને આશ્રયે ગયેલા જીવોનો તે જરૂર ઉદ્ધાર કરશે. માટે કૃષ્ણ એ જ જીવના આશ્રયરૂપ હો.

મને લાગે છે કે આપશ્રીએ કૃષ્ણાશ્રયની ઘોષણા કરી તેની ઉપર કેમ ભાર મૂકયો છે, તે હવે તમને સમજાશે.

જી૦—ઇસ્લામના નવા ધર્મમાં પણ એક દેવ ઉપર જ ભાર મૂકાયેલો છે.

મુ૦—હા. પણ, મેં તમને પૂર્વે કહ્યું હતું તેમ હિંદુધર્મમાં પ્રાચીન કાળથી અનેક દેવોની માન્યતા પ્રવર્તમાન છે. આ માન્યતા

તત્ત્વતઃ ખોટી નથી પણ આ બધા દેવો એ કેવળ પરમાત્માનાં વિભૂતિરૂપો છે, એવી સમજણ જીવંત રહેવી જોઇએ. પરન્તુ તેનો સાધારણ જનસમાજમાંથી લોપ થયો હતો. તેને દૃઢ કરવાને શ્રી શંકરાચાર્યે અદ્વૈતવાદ દ્વારા બૌદ્ધધર્મનો સફળ રીતે સામનો કર્યો હતો. આ અદ્વૈતભાવનાનું સમર્થન ત્યાર પછીના અનેક આચાર્યો દ્વારા થતું આવ્યું હતું. આમ છતાં સામાન્ય જનતાનું ધ્યાન તે પ્રત્યે ખેંચવાની ખાસ જરૂર હતી. લોકોનું ધાર્મિક જીવન છેક છાછરૂં થઈ ગયું હતું. અને ઐહિક લાભોની સિદ્ધિ અર્થે ધર્મનું બહુધા આચરણ કરવામાં આવતું. આવી સકામ દેવપૂજા સર્વવ્યાપક થયેલી હોવાથી અને ધર્મના તત્ત્વનું જ્ઞાન નહિ હોવાથી, તેઓ જુદા જુદા નાના મોટા દેવોને દુન્યવી કામનાના સંતોષ અર્થે પૂજતા. એથી થયું એવું કે કંઇક રાજકીય કારણોને લીધે તો કંઇક સત્તાના જુલમોને લીધે તો કંઇક ધર્મની ઘેલછા ને વહેમોને લીધે અજ્ઞાનને વશ થઇ હજારો ને લાખો હિન્દુઓ ધર્મ પરિવર્તન કરી બેઠા ને હિન્દુ મટી મુસલમાન બની ગયા. આમ હિન્દુ સમાજના ધાર્મિક વાતાવરણને મોટો આંચકો લાગ્યો. આના પરિણામે પ્રતિક્રિયા શરૂ થઇ અને ધાર્મિક જીવનના પુનરુદ્ધાર માટે મેં ઉપર જણાવ્યું તેમ ઠેર ઠેર પ્રયત્નો થવા લાગ્યા.

જી૦—શ્રી મહાપ્રભુજીના બોધની મુખ્ય અસર તો વધારે પ્રમાણમાં ઉત્તર ને પશ્ચિમ હિંદમાં થયેલી જોવામાં આવે છે.

મુ૦—મેં કહ્યું તેમ દક્ષિણ ને પૂર્વ હિંદમાં આ માટે વિશેષ પ્રયત્નો થઈ રહ્યા હતા. અને તે પ્રયત્નો પણ ભક્તિમાર્ગને અનુકૂળજ હતા. એટલે આખા હિન્દમાં એક પ્રકારનું ભક્તિનું પ્રચંડ મોજું ફરી વળ્યું એમ કહીએ તો ચાલે. પણ, આ ઉપરથી એમ ન ધારશો કે મહાપ્રભુજીએ અન્યાશ્રયના ત્યાગની ઘોષણા કરી છે તે કેવળ આવા બાહ્ય કારણોને લીધે કરી છે. તત્ત્વતઃ ભક્તિના પોષણ માટે આ

સિદ્ધાન્તનું પ્રતિપાદન કરવું અનિવાર્ય હોઈ એ જ તેનું મુખ્ય કારણ છે.

જિ૦—પણ, કોઈ એવું પણ ન કહી શકે કે એથી તો અન્ય દેવોની હીનતા થાય છે?

મુ૦—ધર્મવિચારે એવો ભય રાખવાને કારણ નથી. તમે એક કોલેજમાં ભણતા હો અને તમારો મિત્ર અન્ય કોલેજમાં ભણતો હોય. તેમાં તમારે ઈર્ષ્યા કરવાનું કારણ શું? સંભવિત છે કે જે વિષય ઉપર તમારી રુચિ હોય તે વિષય માટે તેને રુચિ ન પણ હોય, અગર તો તમારી રુચિના વિષયનું તમારી શાળામાં પ્રાપ્ત થઈ શકતું હોય તેવું તેની રુચિ પ્રમાણેનું જ્ઞાન તેમાં મેળવવું શક્ય પણ ન હોય. પ્રભુ તો કલ્પદ્રુમ છે. તે વૃક્ષ ઉપરથી તમારે જે ફળ જોઈએ તે તમે લો, મારે જોઈએ તે હું લઉં. કોઈને ખાટાં ફળ ગમે તો કોઈને મીઠાં ગમે. એમાં રુચિભેદનો સવાલ છે. બાકી તે માટે ગીતાજીમાં તો સ્પષ્ટતા કરેલી છે જ:

श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः।

"મનુષ્ય શ્રદ્ધામય છે. મૂર્તિ ગમે તે હો. જેવી જેની શ્રદ્ધા તેવી તે આપે."

यांति देवव्रताः देवान् पितॄन् यांति पितृव्रताः।
भूतानि यांति भूतज्या यांति मद्याजिनोऽपि माम्॥

"દેવોની ભક્તિ કરે તે દેવલોકમાં જાય. પિતૃઓને ભજે તે પિતૃલોકમાં જાય. ભૂત–પિશાચને પૂજે તે ભૂતોના લોકમાં જાય અને મને ભજે તે મને પામે."

મેં તમને જુદા જુદા લોકની વાત કરી હતી. મરણ પછી ક્યા લોકમાં જીવની ગતિ થશે તે તેના ધ્યેય ઉપર આધાર રાખે છે.

મહાપ્રભુજી ધર્મકાર્ય તરીકે કૃષ્ણની ભક્તિનેજ સર્વોત્કૃષ્ટ માને છે. માટે અન્ય દેવોને છોડી શ્રીકૃષ્ણને જ સેવો એવો આપશ્રીના બોધામૃતનો વિષય હતો. આવું ક્યારે બને? શાસ્ત્રમાં શ્રીકૃષ્ણનું સ્વરૂપ કેવું પ્રતિપાદન કરવામાં આવે છે તેનો સાચો ખ્યાલ આવે ત્યારે. તેથી આપે હિંદના ખુણે ખુણે ત્રણ ત્રણ વાર ફરી શ્રી ભાગવતના ભક્તિ માર્ગનો ફેલાવો કર્યો. પંડિતો જોડે વાદ કરી શ્રીકૃષ્ણને પરબ્રહ્મરૂપે સિદ્ધ કર્યા. અને શ્રી ગોવર્ધનનાથજીના મંદિરની સ્થાપના કરી પુષ્ટિમાર્ગીય સેવાનો પ્રચાર કર્યો.

આમ કરી શ્રીકૃષ્ણને ભક્તિના શિરોમણિ તરીકે મૂક્યા અને પૂજનમાર્ગની તેમજ ભક્તિની નાની મોટી દહેરીઓ હતી, તેને ઠેકાણે નિર્ગુણ ભક્તિનું ઉત્તુંગ શિખર બતાવી તેના અનુયાયીઓને તે રસ્તે વાળ્યા. આમ કરવામાં તેઓશ્રીએ અન્ય દેવોનો ઇન્કાર કર્યો નથી પણ કૃષ્ણ ભક્તિની ઉત્કૃષ્ટતા બતાવી છે. બાકી જીવે પોતે કયો રસ્તો પસંદ કરવો, એ તો તેની પોતાની સ્વેચ્છાની તથા પ્રભુકૃપાની વસ્તુ છે. ભગવાન પોતે તો કહે છે કે: ये यथां मां प्रयद्यन्ते तांस्तथैव भजाम्यहम्। "જે મને જેવા ભાવથી ભજશે, તેને હું તેવા ભાવથી ભજીશ." આ કથનમાં કેવું રહસ્ય રહેલું છે તે ઉપર તો તમે શાંત ચિત્તે એકાંતમાં મનન કરશો ત્યારે જ સમજાશે. દુનિયાના કુલ ધર્મોનું રહસ્ય આ સુત્રમાં સમાયેલું છે. આમાં જ શુદ્ધાદ્વૈત સિદ્ધાંતનો સાર સમાયેલો છે. તમને પાશેરની ભૂખ હોય તો તમારી ભૂખ ટાળે એવા નાના દેવ પાસે જાઓ, મારી ભૂખ પાંચશેરની હોય તો હું મારી ભૂખ ટાળે એવા જરા મોટા દેવ પાસે જાઉં. પણ, આ બધા દેવો કાંઇ સ્વતંત્ર દેવો નથી. એ દેવો તો જગતના એકના એક માલેક એવા પરમેશ્વરની જુદી જુદી પેઢીઓ ચલાવનાર મુનિમો જેવા છે. પણ લોકો તે તે પેઢીના મુનિમોને જ માલેક માની તેની સાથે તેવો વ્યહેવાર રાખે તેથી મુનીમો મુનીમ મટી ઓછા માલેક થઈ

જાય છે ? તેઓ રીઝે તો તમને અવશ્ય મદદ કરે, પણ તે તેમની શક્તિ પ્રમાણે. એમની મર્યાદાનું કે તમારી ભૂખની શક્તિના માપનું તમને ભાન ન હોય, તો તેમાં અજ્ઞાન જવાબદાર છે. તેથી વસ્તુસ્થિતિમાં ફેરફાર પડતો નથી. ભગવાન તો કહે છે કે જેઓ મને જેવા ભાવથી ભજે છે, તેવા જ ભાવથી હું તેને ભજુ છું. જો મુનીમ એ જ તારો ઇષ્ટદેવ હોય, તો તું મને એવો જાણ. હું તેવો થઇને તને તેવા પ્રકારે ભજીશ. મહાપ્રભુજીએ ભૂતલ ઉપર પ્રકટ થઈ પ્રભુ અને પ્રભુનાં દેવોરૂપી વિભૂતિ સ્વરુપોનું મૂલ્યાંકન કરી બતાવ્યું, એ જ આપશ્રીની વિશેષતા છે. માટે જ આપશ્રી આજ્ઞા કરે છે કે અન્ય દેવોમાંથી આસક્તિ છોડી દઇ, શ્રીકૃષ્ણમાં આસક્તિ રાખો, તેનો જ આશ્રય લો, કારણ કે શ્રીકૃષ્ણ જ બધાનું મૂળ છે અને તેમાં જો તમે ભક્તિરૂપી જળનું સિંચન કરશો તો તેમાં બધા દેવોની ભક્તિ પણ આવી જશે. કારણ કે અન્ય દેવદેવીઓ તો આ મહાવૃક્ષની ડાળડાળીઓ ને પાંદડાં માત્ર છે.

જી૦—ત્યારે, મનુષ્યો શા માટે આવો ભેદ જાણતા નથી અને જાણતા હોય તો કૃષ્ણભક્તિના પંથે વળતા નથી ? આવું જાણવા છતાં પણ તેમની દેવદેવીઓ પ્રત્યેની જુની શ્રદ્ધા એવીને એવી કાયમ રહે છે. યદ્યાપિ આપણે જોઇએ છીએ કે કાંઇ બધા જ આ વસ્તુનો સ્વીકાર કરતા નથી.

મુ૦—તમે પૂછ્યો તેને મળતો જ પ્રશ્ન અર્જુને ભગવાન શ્રી કૃષ્ણચંદ્રને પૂછેલો. તેમનો જવાબ આ પ્રમાણે છે :

यजन्ते सात्विक देवोन्ये रक्षसांसि राजसाः ।
प्रेतान्भूतागणांश्चान्ये यजन्ते तामसाः जनाः ॥

સાત્વિક જીવો એટલે જેઓમાં સત્વગુણ પ્રધાન છે એવા જીવો સાત્વિક દેવોને ભજે છે, રાજસિક જીવો યક્ષ ને રાક્ષસોને ભજે

છે, અને તામસિક જીવો ભૂતપ્રેતને ભજે છે. પૂજનનું આ વૈચિત્ર્ય સ્વભાવ ભેદ કરીને છે. આ ભેદો પ્રકૃતિના ગુણોને લીધે છે. આવા તમામ જીવો કામનાવાળા હોય છે. પણ, ભગવાન નિર્ગુણ છે. તેથી જે સાત્ત્વિક જીવો મોક્ષની ઇચ્છાવાળા છે તેઓ જ આવા નિર્ગુણ ભગવાનને ભજે છે. આ સિદ્ધાન્તનું વેદ પણ સમર્થન કરે છે. બૃહદારણ્યો ઉપનિષદ્ કહે છે કે अन्यां देवतामुवा अन्याड सौऽन्यो ह्मस्तीति न स वद् यथा.

“ જે કોઈ અન્ય દેવની ઉપાસના કરે છે અને તે દેવ જુદો છે ને હું જુદો છું એવા ભાનથી ભજે છે તે મારામાં ને તેનામાં ભિન્નતા જુએ છે. મનુષ્ય ગાય છે. તે તે દેવના પશુ રૂપ બને છે. મતલબ કે આવા અજ્ઞાની જીવને તે દેવથી પૂરતો ફાયદો થાય છે, તેને મોક્ષ મળતો નથી. આમ વિભૂતિપૂજાથી શું શું ફળ મળી શકે તે ગીતાજીમાં તેમજ વેદમાં સ્પષ્ટ જણાવેલું છે. એટલે મોક્ષ જે જીવનો સર્વથી ઉત્તમ પુરુષાર્થ છે. તે જોઈતો હોય તો મોક્ષ આપી શકે એવા દેવની ઉપાસના કરવામાં આવે તોજ તે સિદ્ધ થઈ શકે.

જી૦—ત્યારે મોક્ષ આપી શકે એવા દેવો શાસ્ત્રકારે કોને કોને ગણ્યા છે?

મુ૦—મહાપ્રભુજીએ આ ઉપર એક ‘બાળબોધ’ નામનો સુંદર ગ્રંથ લખ્યો છે. તેમાં મોક્ષપ્રાપ્તિ માટે બે પ્રકારની રીતો અને બે પ્રકારના દેવો બતાવ્યા છે. જેઓએ આ ધર્મમાં ચંચુપાત પણ કર્યો ન હોય પરંતુ જેઓ તેમ કરવા માગતા હોય, તેમને પ્રથમ આ ગ્રંથનું મનન અવશ્ય કરવું જોઈએ. માટે જ ષોડશ ગ્રંથમાં તેને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. અને તે તો દેખીતું જ છે કે શિક્ષણનો પ્રારંભ તો બાળશિક્ષણથી જ થાય ને? અહીં બાલ એટલે ઉમરમાં

છોટો એવો અર્થ નથી કરવાનો. માર્ગના જ્ઞાનમાં અબુધ હોય તેવો હરકોઈ જીવ બાલક જ કહેવાય, પછી ભલેને તે વયમાં મોટો હોય.

જિ૦—એ તો બરાબર. પણ, આપ જો આ ગ્રન્થનો સાર ટુંકામાં કહો તો ઠીક. એમાં આપણા પ્રસ્તુત વિષયને અનુસરતી ઉપયોગી વસ્તુ પણ આવતી હશે.

મુ૦—હા. આવે છે. હું તમને ટુંકમાં કહીશ. બાળબોધમાં આપશ્રી કહે છે કે મોક્ષપ્રાપ્તિ બે રીતે થઈ શકે—સ્વતઃ અને પરતઃ અર્થાત્ પોતાના બળે ને પ્રભુના બળે. પોતાના ઉપર આધાર રાખી જેઓ મોક્ષના માર્ગે ગતિ કરે છે તેઓએ સાંખ્ય ને યોગના માર્ગો ગ્રહણ કરવાના છે. શાસ્ત્રમાં નિર્દેશેલા યોગના સાધનબળથી તપ ને વૈરાગ્ય દ્વારા તેમને આત્મજ્ઞાન સંપાદન કરવાનું હોય છે. આવા જ્ઞાન વડે તેઓ પોતાનાં કર્મમાત્રને ભસ્મીભૂત કરે છે, અને તેમ કરી મોક્ષપ્રાપ્તિ કરે છે. આવો મોક્ષ એટલે દુઃખનો આત્યંતિક અભાવ, અગર બીજા શબ્દોમાં પરમ શાંતિની પ્રાપ્તિ. આવો સાધક જ્યારે મરણ પામે છે ત્યારે તે અર્ચિરાદિ દેવમાર્ગે ગમન કરી આખરે બ્રહ્મલોકમાં જાય છે અને ત્યાં જ્યાંસુધી ચૌદ લોકનો પ્રલય ન થાય ત્યાં સુધી મુક્ત અવસ્થામાં સ્થિતિ કરે છે. આ સ્વાલંબનનો માર્ગ. આ જ માર્ગ જ્ઞાનમાર્ગીનો અભિલષિત માર્ગ છે. આ કલિકાલમાં આ માર્ગની સિદ્ધિ ઘણી જ કષ્ટસાધ્ય છે. તેમાં અવ્યક્તની પૂજા આવે છે એવું ગીતાજી પણ કહે છે.

બીજો માર્ગ પરાવલંબનનો માર્ગ છે. તેની સિદ્ધિ દેવકૃપા ઉપર આધારભૂત છે. આવી રીતે મોક્ષ આપી શકે એવા ફક્ત બે જ દેવો શાસ્ત્રમાં કહેલા છે, શંકર ને વિષ્ણુ જ. બ્રહ્મા એ પણ ત્રિપુટી પૈકીના સમાન શક્તિવાળા દેવ છે પણ તે તો રજોગુણી દેવ હોવાથી એમનું કાર્ય પ્રવૃત્તિનું–સૃષ્ટિની ઉત્પત્તિનું છે એટલે તેમની પ્રવૃત્તિ

કર્મમાં છે, જે મોક્ષથી વિરુદ્ધ છે તેથી તેમને મોક્ષ માટે અધિકારી ગણ્યા નથી. પરંતુ આ દેવનું પૂજન બ્રાહ્મણો દ્વારા જગતમાં પરોક્ષ રીતે થઈ રહ્યું છે. બાકી રહ્યા શંકર ને વિષ્ણુ. તેમાં પણ શંકર તામસપ્રધાન દેવ છે, જ્યારે વિષ્ણુ સત્ત્વપ્રધાન દેવ છે. તે પોતે ભક્ત કોટીના અગ્રગણ્ય દેવ છે. તે પોતે તપ ને વૈરાગ્ય માટે સુપ્રસિદ્ધ છે. પુરાણો જોતાં માલુમ પડે છે કે જ્યારે દેવો ને અસુરોને મોટાં વરદાન જોઈતાં હોય ત્યારે તપશ્ચર્યા દ્વારા શંકર ભગવાનને પ્રસન્ન કરવામાં આવે છે. મતલબ કે જ્યારે લૌકિક સમૃદ્ધિ કે સિદ્ધિ જોઈતી હોય ત્યારે શંકરની આરાધના કરવામાં આવે છે. છતાં, કોઈક શંકરના એવા પણ ભક્ત મળી આવે છે, જેમણે તેમના દ્વારા મોક્ષ પ્રાપ્તિ પણ કરી હોય. પણ આવું તો કોઈ અપવાદ રૂપે જ બનેલું જણાય છે; અને તેય કોઈ અસાધારણ ભક્તની બાબતમાં. જ્યારે મુમુક્ષુઓ હમેશાં વિષ્ણુ ભગવાનની આરાધના કરતા માલુમ પડે છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે મોક્ષ માટે વિષ્ણુ ભગવાનની ભક્તિ કરવી એજ ઉત્તમ ઉપાય છે. તેથી ભાગવતકાર કહે છે કે यथा हि स्कंधशाखानां तरोर्मूलावसेचनम् । एवमाराधनं विष्णोः सर्वेषामात्मनश्चहि ॥ આપણે પૂર્વે કહી ગયા તેમ ઝાડના મૂળમાં જલસિંચન કરવાથી મૂળ દ્વારા શાખાઓને પાંદડામાં જ નહિ પણ પાનાંની અંદર ઝીણી ઝીણી રેખાઓ સુદ્ધાંમાં તેની અસર પહોંચે છે. પણ એથી વિરુદ્ધ જો આપણે ઝાડનાં પાંદડાં ઉપર જલસિંચન કરીયે તો ઝાડ ભીંજેલું દેખાય પણ તેથી તે ઉગે નહિ. માટે મૂળમાં જ જલસિંચન કરવું જોઈએ.

આ ઉપરથી જોઈ શકાશે કે, આ માર્ગમાં અન્યાશ્રય ત્યાગ માટે અતિ આગ્રહ રાખવામાં આવે છે, તે સકારણ છે. જો પરમપ્રભુ એવા શ્રી કૃષ્ણનો આશ્રય કરવામાં આવે તો એકલા શ્રી કૃષ્ણ જ નહિ પણ તેના ઉપર આધારભૂત એવા સર્વ દેવો શાંત

થાય છે. માટે જ અન્ય દેવોની ઉપાસનાનો ત્યાગ કરી કેવળ પુરુષોએ તેમની જ ભક્તિ કરવી એવો સિદ્ધાન્ત પ્રતિપાદન કરવામાં આવે છે.

જી૦—પણ, આવા મુમુક્ષુ જીવને પણ સાધનદશામાં અનેક લૌકિક વ્યાવૃત્તિઓ કરવાની હોય ને ? અને જો તેમ હોય તો તો તેને લૌકિકનો પણ આશ્રય લેવાની જરૂર તો રહે જ. તો પછી તેમાં અન્યાશ્રય નથી રહેતો શું ?

મુ૦—માટે જ આપણે પૂર્વે જોઈ ગયા તેમ આપણને જે કાંઈ પ્રાપ્ત થયું હોય તેનાથી સંતોષ માની જીવે પોતાનો નિર્વાહ કરવો અને પોતાનું બધું જ ચિત્ત પ્રભુમાં પરોવવું એવો સિદ્ધાન્ત છે. પણ આ વિષે હવે વધારે આવતી કાલે. જય શ્રી કૃષ્ણ !

જી૦—જય શ્રી કૃષ્ણ !

[૩૦] અન્યાશ્રય ત્યાગ (ચાલુ)

મુ૦—મેં કહ્યું કે મુમુક્ષુ જીવે તો પોતાને જે કાંઇ પ્રાપ્ત થયું હોય તેનાથી આત્મસંતોષ માનવો જોઇએ. ખરૂં જોતાં મુમુક્ષતા અને લોલુપતાને કશીપણ સગાઈ નથી. છતાં, એવું બને ખરૂં કે પોતાના નિર્વાહ માટે કશો પણ પ્રબંધ ન હોય, ત્યાં શું કરવું એવો પ્રશ્ન સહેજે ઉઠે.

નિર્વાહ માટે મર્યાદિતરૂપમાં વ્યાવૃત્તિ કરવાની છૂટ તો માર્ગમાં આપવામાં આવેલી છે જ. સેવાના કામમાંથી પરવારી થોડીક પ્રામાણિક વ્યાવૃત્તિ ઉદર નિમિત્તે કરવાને બાધ નથી. આવાં કર્મો અનાસક્તપણે કેવળ દેહના નિર્વાહ માટે કરવાનાં હોવાથી તે બાધક નથી. તેમાં પણ પ્રભુકૃપા વિચારવાની છે અને તે પણ પ્રભુપ્રીત્યર્થે જ કરવાનાં છે તેથી તેના પરિણામના ભારથી તેને પોતાના ચિત્તને વિક્ષિપ્ત કરવાનું નથી. મુખ્ય વાત તો એ છે કે પ્રભુભક્તે પ્રભુસેવામાં તથા પ્રભુકાર્યમાં યથાવકાશ યથાશક્તિ બને તેટલો સમય ગાળવાનો છે. ગીતાજીમાં આવા ભક્તને જ શ્રી કૃષ્ણે આશ્વાસન આપ્યું છે કે મારે આસરે રહી મારી શ્રદ્ધા ઉપર જીવનાર ભક્તના યોગક્ષેમની ચિન્તા હું કરૂં છું. તેને તે બાબતની ચિન્તા ન કરવી. અને પુષ્ટિજીવે તો આત્મનિવેદન સાથે જ ભગવાનને બધું જ સમર્પણ કરી દીધું છે તેથી તેનું જે કાંઈ હોય અગર તે જે કાંઈ મેળવે, તે બધું જ પ્રભુનું જ

છે ને પ્રભુની ઇચ્છા પ્રમાણે જ તેને તેનો વિનિયોગ કરવાનો છે, તેથી તે ફલપ્રાપ્તિ માટે નિશ્ચિંત હોય છે—હોવો જોઇએ. લૌકિક પ્રવૃત્તિની બાબતમાં તેની સમજણ આવી હોવાથી તેને લૌકિકાસક્તિનો સર્વાંશે ત્યાગ કરેલો છે. તેથી અન્યાશ્રયનો બાધ તેને લાગી શકતો નથી. ભગવાન પોતે કહે છે કે "सर्वं मद्भक्तियोगेन मद्भक्तो भजतेऽञ्जसा ॥ મારો ભક્ત મારી ભક્તિ વડે સર્વ ઇચ્છિત મેળવી શકે છે. એવું બને કે આવા ભક્તના થોડા પ્રયત્ન વડે તેને ઘણો લાભ પ્રાપ્ત થાય અગર પોતાના ખપ પૂરતો થાય. પરિણામ ગમે તેવું આવે; વધારે પ્રાપ્તિથી તે મોહ પામતો નથી, અલ્પપ્રાપ્તિનો તે શોક કરતો નથી. કારણકે તેમાં પણ ભગવાન નિયામક છે, એવી પ્રતીતિ તેના હૃદયને હોય છે. જ્યાં ભક્ત ભગવાનની ઇચ્છાને પોતાની ઇચ્છા કરવા મથતો હોય, ત્યાં તેને પોતાની ઇચ્છા માટેની આવી ચિન્તાને અવકાશ ન હોવો જોઇએ. છતાં, જો આવી ઇચ્છા થાય તો પણ પ્રભુ તે પોતાના કૃપાબળે પૂરી કરે છે.

લોકવ્યવહારમાં પણ આપણને અનુભવ છે કે જો કોઈ દુશ્મન પણ આપણો આશ્રિત થઇને રહે, તો તેને નિર્ભયતા પ્રાપ્ત થાય છે. તો પછી જે જીવ ભગવદ્ચરણે પડેલો હોય તેને આવી ચિન્તા કરવાનું રહેતું નથી. આવી દશામાં તેને જે કાંઇ લૌકિક કર્મો કરવાં પડે છે તે પણ પ્રભુ જ તેની પાસે કરાવે છે, એમ સમજી તેમાં તે અન્યાશ્રય બુદ્ધિનું સેવન કરતો નથી.

૭૦—મતલબ કે પતિવ્રતા સ્ત્રીને પતિમાં જેવાં પ્રેમ ને શ્રદ્ધા હોય છે, તેવું જ કંઇક, આમાં પણ રહેલું હોય છે. એવો જ આમાં આશય છે ને ?

મુ૦—વફાદાર નોકરને પોતાના માલેકમાં, મિત્રને પોતાના મિત્રમાં, નિરાધાર ધાવતા બાળકને પોતાની માતામાં, અને હા,

પત્નીને પોતાના પતિમાં, અગર કહો કે માશૂકને પોતાના આશકમાં જે શ્રદ્ધા ને પ્રેમ, ને આશ્રયબુદ્ધિ હોય છે તેવી જ શ્રદ્ધા, તેવો જ પ્રેમ ને તેવી જ આશ્રયબુદ્ધિ ભક્તને પ્રભુમાં હોય છે.

જી૦—પણ, આપણે એક લૌકિક વ્યવહારનો દાખલો લઈએ. ધારો કે કોઈ પતિપરાયણ સ્ત્રી છે. તે પોતાની સાસુ, નણંદ કે દિયેરને માન આપે, તેની પ્રત્યે ભાવ દેખાડે તો તેથી તેની પતિભક્તિમાં ખામી આવે ખરી? અગર તો તેનો આશ્રયભાવ ખંડિત થયેલો ગણાય કે કેમ? જો ન ગણાય તો અન્ય દેવો પ્રત્યેનો પોતાનો વ્યવહાર શા માટે અન્યાશ્રય ભાવવાળો ગણાવો જોઈએ?

મું૦—તેને સમજવું જોઈએ કે પોતાના પતિના સંબંધથી તે બધાં સંબંધવાળાં થયાં છે તેથી તેમના દરજ્જા ને લાયકાતના પ્રમાણમાં તેમની પ્રત્યે માનવૃત્તિ કે ભાવવૃત્તિ દર્શાવવી એ તેનો ધર્મ છે. પણ, માન આપવું, સત્કાર કરવો, ભાવ દેખાડવો, એ એક વસ્તુ છે અને આશ્રયભાવ સેવવો એ બીજી વસ્તુ છે. આ બન્ને વસ્તુ તદ્દન જુદી જ છે. માન એ બહુધા બાહ્યાચાર છે, ભાવ એ સૌજન્ય છે, તેમાં હૃદયની લાગણી હોય અગર ન પણ હોય. પરંતુ, આશ્રયભાવમાં કેવળ બાહ્યાચાર નથી. તેમાં હૃદયની વશતાનો, અધીનતાનો, ભાવ રહેલો છે. હૃદયની આવી ભાવના વગરનો પ્રેમ એ કેવળ બાહ્યાચાર છે, તેમાં આશ્રયપણું નથી ને તાત્ત્વિક દૃષ્ટિએ તેની બહુ કીમત પણ નથી. હૃદયમાં આશ્રયપણાનો ભાવ દૃઢ હોય તો આવા બહારના આગન્તુક વ્યવહારોથી કશી પણ અડચણ નડતી નથી.

જી૦—ત્યારે મેં સાંભળ્યું છે કે કેટલાક વૈષ્ણવો 'શિવ' શબ્દ વડે શંકર ભગવાનનું નામ સુચિત થાય, તેથી તેના ઉચ્ચારથી અભડાઈ જતા હોય, અગર તો તેનાથી જાણે અન્યાશ્રય થઈ જતો તેમ ધારી તેનો ઉચ્ચાર સુદ્ધાં કરતા નથી. તો પછી શિવજી કે

શંકરની પ્રત્યે માનવૃત્તિ દર્શાવવાની તો વાત જ શી ?

મુ૦—આ કેવળ તેમનું અજ્ઞાન છે; અગર કહો કે ભાવનો અતિરેક છે. મહાપ્રભુજીએ પોતે એ શબ્દનો ઉપયોગ સેંકડોવાર બહુ આદરપૂર્વક કર્યો છે. ખરું જોતાં આ સર્વ સૃષ્ટિ પ્રભુની છે અને સૃષ્ટિના કાર્યમાં પ્રભુએ જ પોતાના કાર્ય માટે તેમને મુખ્ય દેવ તરીકે નિર્માણ કરેલા છે. એથી પ્રભુના સંબંધ વડે તે સંબંધિત છે. અને અવશ્ય આપણા આદરસત્કારને પાત્ર છે, પૂજનીય છે. એવું જ બધા દેવો માટે સમજવું. પણ, સાથે સાથે એ ભૂલવું ન જોઈએ કે આપણે તો શ્રીકૃષ્ણનું જ શરણું સ્વીકારેલું છે. તેથી તેને છોડી અને અન્ય દેવને આશ્રયબુદ્ધિથી ભજીએ તો આપણું જ પાતિવ્રત્ય ખંડિત થાય. આવો અન્ય દેવ પ્રત્યે આશ્રયભાવ એ જ અન્યાશ્રય અને તે તો બાધક લેખેલો છે, તે માટે તો શંકા નથી.

મહાપ્રભુજી તો એક જ પૂર્ણ પુરુષોત્તમ એવા શ્રીકૃષ્ણની જ ભક્તિ કરવાનો આદેશ આપે છે. તેથી શ્રીકૃષ્ણ વિના ઇતર દેવની આશ્રયભાવથી ભક્તિ કરવી–તેમને શરણે જવું, તેમની દ્વારા ફલપ્રાપ્તિની આશા સેવવી, એ બધું જ અન્યાશ્રયમાં આવી જાય. "अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते। સર્વ વિભૂતિ મેં કરી છે, હું સર્વ વસ્તુનું ઉત્પત્તિ સ્થાન છું, મારા વડે જ બધી પ્રવૃત્તિ શક્ય થઈ છે. માટે જ પુષ્ટિમાં શ્રીકૃષ્ણ ભક્તિનો મહિમા અવ્યભિચારથી ભાવથી ગાયો છે.

જી૦—પણ, શું આપને નથી લાગતું કે આવી એક દેવપરાયણી ભક્તિથી તિરસ્કાર વૃત્તિને ઉત્તેજન મળે છે ? કેવળ આચારને પ્રાધાન્ય આપનાર વૈષ્ણવો અન્યાશ્રયનો સંકુચિત અર્થ કરે અને પોતાના આચારને પણ એવા સંકુચિત રૂપમાં પ્રકટ કરે: એ શું સંભવિત નથી ? અન્યાશ્રયની આવી સંકુચિત ભાવનામાંથી સાંપ્રદાયિક આચાર-વિચાર ઘડાય અને તેમાંથી અન્ય દેવો તથા અન્ય ધર્મો પ્રત્યે

તિરસ્કારવૃત્તિ સેવવામાં આવે, એ સર્વ રીતે શક્ય છે. એવું થતું આપણે અનુભવીએ છીએ તો પછી આવી સાંપ્રદાયિકતાનો શી રીતે બચાવ થઈ શકે? અને ખરું પૂછો તો આપણા પુષ્ટિમાર્ગમાં આવું વિશેષે કરીને જોવામાં આવે છે. અને આપ તો એને વિશ્વધર્મ તરીકે પ્રતિપાદન કરવા ઉદ્યુક્ત થયા છો!

મુ૦—તમારું કહેવું ઠીક છે. પુષ્ટિમાર્ગનું ખરું જ્ઞાન નહિ ધરાવનારા એવા પણ વૈષ્ણવો હશે તેની ના નહિ. પરંતુ ખરા વૈષ્ણવમાં સમદષ્ટિનો ને પ્રેમનો અભાવ ન હોવો જોઈએ, તેનો હું સ્વીકાર કરું છું. જો આવા ઉચ્ચનીચપણાના તથા તિરસ્કારના ગર્વિષ્ટ ભાવો હોય તો તે ખરી વૈષ્ણવતાને બાધક છે એમાં જરી પણ શંકા નથી. કારણકે શ્રી કૃષ્ણ એ તો અખિલ બ્રહ્માંડના પતિના પણ પતિ છે. તે તો પ્રેમસ્વરૂપ છે, પરમાનંદરૂપ છે. અને આવા દેવના પણ દેવ એવા પરમેશ્વર એ જ જો તેની હૃદયમૂર્તિ હોય તો સંભવિત છે કે તેના સંબંધથી તેને કદાચ સૌભાગ્યમદનો પણ નશો કોકવાર ચઢી આવે. પણ આવી આવેશયુક્ત આન્તર દશા ટકાવદાર નથી હોતી. તેવી દશામાં આવા અતિરેકભાવનું જ દર્શન થાય તો તે તેના દોષરૂપ નહિ પણ ગુણરૂપ છે. રાસપંચાધ્યાયી જોતાં જણાય છે કે પ્રથમ સમાગમથી ગોપિકાઓને પણ આવો પ્રેમોત્પન્ન મદ થયેલો અને તેના નિવારણ અર્થે ભગવાને તેમને વિરહાગ્નિની ભઠ્ઠીમાં તપ્ત કરેલાં. તે ઉપરથી પણ આપણે ધડો લેવાનો છે, કે મદના અતિરેકથી રખેને આપણે પ્રભુથી વિમુખ તો થતા નથી? અન્ય ધર્મો પ્રત્યે અગર અન્ય દેવો પ્રત્યે ખરો ભક્ત કદી પણ તિરસ્કાર કે અભાવ વૃત્તિ સેવશે નહિ. ખરી પત્ની તો કેવળ પોતાના પતિની શારીરિક સેવાથી રીઝતી નથી પણ તેના મનોભાવ જાણી તે તૃપ્ત કરવાની પણ કાળજી રાખે છે. માટે અન્ય દેવોની અવગણના કરવાની દુર્મતિ પણ ધારણ કરવી નહિ.

પણ, એક વસ્તુ પ્રત્યે મારે તમારું ધ્યાન ખેંચવુ જોઇએ. અનેક લોકો ભૂત પિશાચની બાધા રાખે છે, પીરને નમે છે, તાજીઆને શ્રીફળ ચઢાવે છે, દેવદેવીઓને પૂજે છે. તેઓ આ બધું કેવળ પોતાનો દુન્યવી સ્વાર્થ પૂરો પાડવાને જ કરે છે. ધર્મની આવી શોકજનક સ્થિતિનું નિરીક્ષણ કરતાં મહાપ્રભુજીએ અન્યાશ્રયનો જ નવો મંત્ર જનસમાજ આગળ મૂકી આપણા આત્મામાં નવું ચૈતન્ય જાગ્રત કર્યું છે. આપશ્રીએ સેવામાર્ગ પ્રકટ કરી આપણા જીવનની દરેક ક્રિયાને દૈવી બનાવવાનો રસ્તો દર્શાવ્યો છે. શિક્ષણ તેમજ માનસશાસ્ત્રની દૃષ્ટિએ પણ આ પદ્ધતિ કેવળ સ્વાભાવિક ને અસરકારક છે અને તેના આચરનારને ઉન્નતિના માર્ગે ગતિ કરનારી છે.

જિ૦—પણ, આપણે એમ કેમ ન ધારીએ કે મહાપ્રભુજી પોતે કૃષ્ણના અનન્યભક્ત હોવાથી આપશ્રીએ અન્યાશ્રયનો બાધ કર્યો હશે?

મુ૦—મહાપ્રભુજીની શ્રીકૃષ્ણ પ્રત્યેની અનન્યભક્તિ સ્વાનુભવ ઉપર રચાયેલી છે. કૃષ્ણાશ્રયમાં આપશ્રી કહે છે કે कृष्ण एव गतिर्मम । અને તે શા માટે? તો કહે છે કેઃ

प्राकृताः सकलादेवाः गणितानन्दकंबृहत् ।
पूर्णानंदो हरिस्तस्मात् कृष्णएव गतिर्मम ॥

સર્વ દેવો પ્રાકૃત છે, બૃહદ્ એટલે અક્ષરબ્રહ્મ ગણિતાનંદ છે, ને હરિ પૂર્ણાનંદ છે, માટે કૃષ્ણ મારી ગતિરૂપ હો.

જિ૦—શું આનંદની પણ ગણતરી થઈ શકે ખરી કે?

મુ૦—ખરું જોતાં આનંદ એ ભાવવાચક નામ છે. એમ તો તેની ગણતરી અસંભવિત છે. પણ મનુષ્ય બુદ્ધિને આનંદની માત્રાનો કંઈક ખ્યાલ આવી શકે એટલા માટે તૈત્તરીય ઉપનિષદે લૌકિક દાખલો આપી આનંદનો એકમ ગણી, તેની ગણતરી કરી છે. સાધારણ મનુષ્યને જે આનંદ થાય છે તેથી સો ગણો આનંદ આ સમગ્ર પૃથ્વીના રાજાને અર્થાત્ 'સાર્વભૌમ'ને થાય છે. તે સાર્વભૌમ પણ

સારી રીતે વેદાદિક ભણેલો, શાસન કરવાની શક્તિ ધરાવનાર, ધૈર્યવાળો, બલવાન, સદાચારમાં રહેનાર અને જુવાન હોય ત્યારે તે આનંદનો ઉપભોગ કરી શકે છે. આ આનંદને મનુષ્યાનંદ કહે છે. આ મનુષ્યાનંદથી સો ગણો આનંદ મનુષ્ય ગંધર્વને હોય છે. મનુષ્ય ગંધર્વના આનંદથી સોગણો આનંદ દેવતાના ગંધર્વનો હોય છે. દેવગંધર્વના આનંદથી સોગણો આનંદ પિતૃલોકને હોય છે. પિતૃલોક કરતાં સોગણો આનંદ શ્રૌતસ્માર્ત કર્મથી દેવ બન્યો હોય તેને ઉપજે છે. બનેલા દેવ કરતાં સ્વભાવથી દેવતા હોય તેને સોગણો આનંદ વધારે હોય છે. દેવતા કરતાં તેના સ્વામી ઇન્દ્રને સોગણો આનંદ વધારે હોય છે. તેનાથી સોગણો વધારે આનંદ તેના ગુરૂ બૃહસ્પતિને અને બૃહસ્પતિ કરતાં સોગણો વધારે જગતના ઉત્પન્ન કરનાર બ્રહ્માને થાય છે. અને બ્રહ્માના આનંદથી સોગણો આનંદ અક્ષરબ્રહ્મને રહે છે. આવી આનંદની ગણતરી છે. માટે અક્ષરબ્રહ્મને ગણિતાનંદ તરીકે વર્ણવવામાં આવ્યો છે, જ્યારે શ્રીકૃષ્ણ તો પૂર્ણાનંદ છે. તેમનો આનંદ અગણિત અનન્ત છે. ગીતાજીમાં આ માટે આવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે:

आब्रह्मभवनाल्लोकाः पुनरावर्तिनोऽजन ।
मामुपेत्य तु कौतय पुनर्जन्म न विद्यते ॥ (ગી. ૮–૨)

"હે અર્જુન! બ્રહ્મલોક સુદ્ધાં (ચૌદ લોકમાં સૌથી ઉંચી કક્ષાનું સ્વર્ગ)માંથી જીવને પાછા ફરવાનું થાય છે. પણ હે કૌતેય, જે મને પામે છે, તેનો પુનર્જન્મ થતો નથી." આમ હોવાનું પૂર્વે સમજાવ્યું છે તેમ ચૌદ લોક ઉપર માયાની સત્તા ચાલે છે. બ્રહ્મલોકના અધિષ્ઠાતા દેવ ભગવાન નારાયણ છે, જે વૈકુણ્ઠમાં વસે છે. આ વૈકુણ્ઠનું ધામ શ્રીકૃષ્ણના ચરણરૂપ ગણાય છે. શ્રીકૃષ્ણનું ધામ ગોકુલ તો આ ચૌદ લોકથી પર છે. આ અલૌકિક ધામ નિર્ગુણ ધામ છે. ત્યાં માયાની સત્તા ચાલી શકતી નથી. માટે જ કહ્યું કે જે

મને પામ્યો છે, તે પુનર્જન્મ પામતો નથી. માટે જ મહાપ્રભુજી ચતુઃ શ્લોકમાં આજ્ઞા કરી છે કે:

अतः सर्वात्मना शश्वद्गोकुलेशोश्वरपादयोः ।
स्मरणं भजनं वापि न त्याज्यमिति मेमति ॥

જી૦—વારુ, આ બધું સાંભળતાં તો મને એવું લાગે છે કે તે પચાવવા શ્રદ્ધા જોઈએ. આવી બાબતમાં બુદ્ધિનો ગજ ચાલી શકે એવું તો ક્યાંય દેખાતું નથી.

મુ૦—માટે તો મહાપ્રભુજી આપણને વિવેકધૈર્યાશ્રયમાં કહે છે:

अविश्वासो न कर्तव्यः सर्वथा बाधकस्तु सः ।
ब्रह्मास्त्रचातकौ भाव्यौ प्राप्तं सेवेत निर्मम ॥

પ્રભુમાં કદી પણ અવિશ્વાસ ન કરવો. અવિશ્વાસ સર્વ પ્રકારે બાધક છે. બ્રહ્માસ્ત્ર તથા ચાતક પેઠે વિશ્વાસ રાખવો. જે કાંઈ પ્રાપ્ત થાય તે મમત્વ રહિત ભોગવવું.

જી૦—આ બ્રહ્માસ્ત્ર ને ચાતકના દાખલા આપ્યા છે તે શું?

મુ૦—રામાયણમાં કથા છે કે ઈન્દ્રના પુત્ર ઈન્દ્રજીતે હનુમાનને બ્રહ્માસ્ત્ર વડે બાંધ્યો. હનુમાન તો વાયુનો પુત્ર. તે કોઈથી બાંધી શકાય નહિ. પણ જો તે બ્રહ્માસ્ત્રનું ઉલ્લંઘન કરે, તો બ્રહ્માની અવજ્ઞા થાય. તેથી કેવળ ધર્મમર્યાદાના પાલન અર્થે હનુમાન જાતે જ બંધાઈ ગયા. પણ જ્યારે આવી સ્થિતિમાં સુતરને તાંતણે બંધાયેલા હનુમાનને રાવણ આગળ હાજર કરવામાં આવ્યા, ત્યારે રાવણને શંકા થઈ કે આવો બળવાન હનુમાન કેવળ સુતરના તાંતણે બંધાઈ શકે ખરો? તેને બ્રહ્માસ્ત્રની અમોઘ શક્તિમા અવિશ્વાસ આવ્યો ને તેથી હનુમાનને ભારે લોઢાની સાંકળોથી બાંધવા આજ્ઞા કરી. એથી

હનુમાન જે અદ્યાપિ મંત્રબળને વશ હતો; તે તેમાંથી મુક્ત થયો. અને લોઢાની સાંકળો તો તેના હિસાબમાં હતી જ નહિ તેથી સાંકળોને તોડી તેમાંથી મોકળો થઈ નાઠો. એવી એક દંતકથા ચાતક પક્ષીની બાબતમાં પ્રચલિત છે. ચાતક પક્ષી સ્વાતિનક્ષત્ર જલનું પાન કરીને રહે છે. તેથી જો સ્વાતિનક્ષત્રમાં જલ ન પડે તો જલના અભાવે તેને મરવું પડે. પણ, પ્રભુ તો એવા કૃપાળુ છે કે સ્વાતિમાં વરસાદ પડે છે જ અને ચાતક જીવે છે. પ્રભુ તેની પણ સંભાળ લે છે જ.

મતલબ કે વિશ્વાસ એ જ સૌથી મોંઘી વસ્તુ છે. માટે અવિશ્વાસ કદી પણ ન કરવો. ધર્મમાં એ જ મુખ્ય વસ્તુ છે. સૂફી મહાત્માઓ તો એટલે સુધી કહે છે કે જ્યાં લગી બુદ્ધિને તિલાંજલી આપવામાં ન આવે ત્યાં લગી માશૂકનું દર્શન કરી શકાતું નથી. બુદ્ધિ જ સંશયો પેદા કરે છે, મનુષ્યના નિર્ણયોને ડગાવી દે છે ને ચિત્તને વ્યગ્ર બનાવે છે. કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે તર્ક ઉપર રચાયેલી બુદ્ધિ હમેશાં સંશયશીલ હોય છે અને પ્રભુ જે ઇન્દ્રિયોથી અગોચર છે, તે તર્કનો વિષય બની શકતો નથી. પણ શ્રદ્ધાન્વિષ્ટ થઈ સાધક સ્વાનુભવની કક્ષાએ પહોંચે છે, ત્યારે તેની બુદ્ધિ શુદ્ધ થાય છે ને બુદ્ધિ શુદ્ધ થતાં તેનામાં ખોટા તર્કવિતર્કો થતા નથી. આવી શ્રદ્ધાવિશુદ્ધ બુદ્ધિ ગ્રાહ્ય છે, કેવળ શુષ્કબુદ્ધિ અગ્રાહ્ય છે. આમ ધર્મ એ બુદ્ધિ કરતાં શ્રદ્ધાનો વિષય વિશેષે કરીને છે એવું અનુભવીઓ કહે છે ને તે બરાબર છે. માટે જ प्रभुः सर्वसमर्थो हि ततो निश्चिततां व्रजेत्। આ વચનામૃત ઉપર વિશ્વાસ રાખી પુષ્ટિભક્તે પોતાનો રસ્તો કાપવાનો છે.

જી૦—પણ, આપણી બુદ્ધિને પરધર્મ વધારે સારો લાગે તો?

મુ૦—स्वधर्मे निधनं श्रेयः। એવું ગીતાવચન છે. કદાચ આપણી

બુદ્ધિને પરધર્મ વધારે સારો લાગે તો પણ એકવાર તો એવું માનવામાં આપણી બુદ્ધિનો દોષ હશે, એમ માની આપણા સ્વધર્મમાંથી વિચ્યુત ન જ થવું. તમે કહેશો કે આ તો અંધશ્રદ્ધા થઈ. હા, ખરૂં જોતાં તો જ્યાંસુધી માણસ પ્રબુદ્ધ ન થાય, ત્યાંસુધી એક રીતે કે બીજી રીતે તે અંધશ્રદ્ધામાં જ ભ્રમણ કરતો હોય છે. આવી અંધકારમય સ્થિતિમાં પોતાની અલ્પ બુદ્ધિ ઉપર મદાર બાંધવો એ એક જાતનું સાહસ જ કહેવાય. આજે તમને તમારો સ્વધર્મ ખામીવાળો દેખાય છે, તેવો પરધર્મ પણ આવતી કાલે ખામીવાળો નહિ દેખાય તેની શી ખાતરી? આપણે જોઈ ગયા છીએ કે કાર્યકારણના અટલ નિયમો વડે આ સૃષ્ટિમાં જડચેતનની ગોઠવણ થયેલી છે. તમે જે સ્થિતિમાં જન્મ્યા છો, તેની પાછળ પણ કર્મના ઋણાનુબંધનો કેટલાયે અદૃષ્ટ ઇતિહાસ પડ્યો હશે. આવા સંજોગોમાં જે વસ્તુ સાહજિક રીતે પ્રાપ્ત થઈ હોય, તે તમારી પ્રકૃતિ માટે સારી છે, એમ સમજવું વધારે શ્રેયસ્કર છે. પોતાના સ્વધર્મમાં નિષ્ઠાવાળા થઈ પ્રગતિ સાધવી ને જીવનવ્યવહાર ચલાવવો, એ જ નિર્ભય ને નિશ્ચિત માર્ગ છે. આમ છતાં કોઈ અદૃષ્ટ સંસ્કાર બળે કોઈ પણ જાતના આવેશ વગર, શુદ્ધ બુદ્ધિના વિચાર પછી તમને ધર્મમાં ફેરફાર કરવાનું રુચે તો હું તો કહું કે ભલે તમે તમારે નવે રસ્તે પ્રમાણિકપણે જાઓ. પણ જો આવું થવા પામે તો સાથે એમ પણ કહું કે આવો જીવ તેને પ્રાપ્ત થયેલી ઉચ્ચ ભક્તિ માટે પાત્ર ન હતો એ તેનું કમભાગ્ય. કારણકે ભક્તિમાં પાતિવ્રત્ય એ જ મુખ્ય વસ્તુ છે. કોઈ પતિમાં જરા ખોડ પણ માલુમ પડે, તો શું પત્ની તેનો ત્યાગ કરશે? ત્યાગ કરવાથી શું તેના પાતિવ્રત્યને હાનિ નહિ પહોંચે? અને જો બધા જ ધર્મો અધિકાર પરત્વે ખરા છે, તો તમે જેમાં હો તેનો ત્યાગ કરવાથી તમે શું ભ્રષ્ટ નથી થતા? પ્રભુ તો દયાળુ છે. જો તમારી ભૂલ શુદ્ધ હૃદયની હશે અને તમે તેની કૃપાને પાત્ર હશો તો ભલે તમે ભૂલેલા હો છતાં તે તમને તમારા

માર્ગ ઉપર ફરીથી લાવશે. પણ તેમ થતાં તમારો રસ્તો ક્લેશમય ને લાંબો થવા પામશે, એવો તેમાં ભય રહેલો છે. માટે ખરા ભક્તે તો આવી મનની ભ્રમણામાંથી સદા દૂર રહેવું અને આવા તર્કવિતર્કો બુદ્ધિને હેરાન કરે તો પ્રભુને બુદ્ધિની શુદ્ધિ અર્થે પ્રાર્થના કરવી. કંઇક આવાં કારણોને લઇને મહાપ્રભુજીએ નવરત્નનો ગ્રન્થ પ્રકટ કર્યો છે. અને કહેવાય છે કે આપશ્રીના અંગત સેવકને બુદ્ધિની સ્થિરતા માટે તેમજ શ્રદ્ધાની દૃઢતા માટે તેનો દરરોજ પાઠ કરવાની આપશ્રીએ આજ્ઞા કરેલી. અરે, શ્રી ગુંસાંઇજી તો એટલે સુધી કહે છે કે अन्यसंबंधगन्धोपि कंधरायेन बाधते અન્ય સંબંધની ગંધ પણ મારા ગળાને બાધક છે. મારું ગળું કાપી નાંખો તો ભલે પણ તેની અંદર પરધર્મની ગંધ સુદ્ધાં પણ ન જવી જોઇએ. આનું નામ જ પાતિવ્રત્ય. તમે જોયું હશે કે અન્યમાર્ગીય ગ્રન્થો ન વાંચવાની અનુભવીઓએ જે આજ્ઞા કરી છે, તે દ્વેષને લીધે નહિ. પણ સાધનદશામાં જીવનું મન બહુ ચંચળ ને અસ્થિર હોય છે તેથી તેમાંથી બચવાને ચરીરૂપે આવા પ્રતિબંધો મૂકેલા છે અને તેવો સંયમ ઘણો હિતાવહ છે, તે કહેવાની જરૂર નથીઃ

श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठाम् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥

જી૦—પણ, આપને ખબર હશે કે ઉપરના શ્લોક પૈકી સ્વધર્મ શબ્દનો અર્થ જુદો પણ કરવામાં આવે છે. સ્વધર્મ એટલે પોતાનું દુન્યવી કર્તવ્ય એવો પણ અર્થ ઘણે ભાગે પ્રચલિત છે.

મુ૦—જો સ્વધર્મ=પોતાનું કર્તવ્ય એવો કરવામાં આવે તો તો તેનાથી કાંઈ અનર્થ થતો હોય એવું દેખાતું નથી. તેમાં તમે 'સ્વ'ને દુનિયાના ધર્મો પરત્વે કે આત્માના ધર્મો પરત્વે શેને લાગુ પાડો છો એજ જોવાનું રહે છે. દુનિયાના ધર્મો પરત્વે તેને લાગુ કરશો તો તેનું ફળ દુન્યવી હશે, આત્માની દુનિયાને લાગુ કરશો, તો તેનું

ફળ આત્મિક હશે. ભેદ માત્ર સમજણનો છે. કર્તવ્ય શબ્દનો તમે શો અર્થ કરો છો તેમાં જ બધી ખુબી રહેલી છે.

આપણા શાસ્ત્રકારો તો સ્વધર્મ એટલે વર્ણાશ્રમ પ્રમાણેનાં વિહિત કર્મો એવો અર્થ કરતા. એટલે કે તમે જે જે વર્ણમાં અને આશ્રમમાં હો, તે તે વર્ણને આશ્રમના ધર્મો તમારે પાળવાના હોય. કર્મના સિદ્ધાન્ત પ્રમાણે તો તમે અમુક વર્ણમાં જન્મ લીધો છે, તે ઉપરથી એમ સિદ્ધ થઈ શકે કે તમારા સ્વભાવમાં તથા ગુણમાં તે તે વર્ણના સંસ્કાર હોવા જોઈએ. સબબ પૂર્વ જન્મના એવા ગુણવાળા સંસ્કારોને લીધે જ તમારે તે વર્ણમાં જન્મવું પડયું હશે એવું પણ અનુમાન તેમાંથી સુચિત થાય છે. પરંતુ આ વિષય ઘણો કઠણ છે. અત્યારે શુદ્ધ વર્ણ જેવું પણ બહુ ઓછું રહ્યું છે, જન્મના કારણ માટે એ ઉપરાંત પણ બીજાં અનેક કારણો કલ્પી શકાય તેમ છે. સમાજમાં વર્ણસંકરત્વે પણ ઠીક ઠીક પ્રમાણમાં ઊંડાં મૂળ નાંખ્યાં છે. આ ઉપરથી આવા કોઈપણ જાતના ચોક્કસ નિર્ણય ઉપર આવવું મુશ્કેલ છે. તેથી બહુ તો એમ કહી શકાય કે આપણે આપણી વર્તમાન પ્રકૃતિ ઉપરથી આપણો ચોક્કસ વર્ણ ને આશ્રમ નક્કી કરી શકીએ. જો આપણને આપણા સ્વભાવની પ્રતીતિ આ દૃષ્ટિએ થઈ હોય તો પછી તેને અનુકૂલ હોય તેવા ધર્મને આપણે આપણા સ્વધર્મ તરીકે લેખીએ. અત્યારના સંજોગોમાં મને તો આ પ્રશ્ન બહુધા વ્યક્તિગત લાગે છે. તેનો નિકાલ જીવે પોતાની મેળે પોતાના ગુરુની દોરવણીથી કરી લેવાનો છે. ધાર્મિક દૃષ્ટિએ વિચાર કરતાં આપણો જન્મ વૈષ્ણવ સમાજમાં અને વૈષ્ણ કુટુમ્બમાં થયો છે તે આપણા ગત જન્મના વૈષ્ણવપણાના સંસ્કારો હોવાની પ્રતીતિ રૂપ છે. એટલે શ્રદ્ધાપૂર્વક આપણે આપણા કૌટુમ્બિક ધર્મનું પરિપાલન કરવામાં હાનાકાની કરવી જોઈએ નહિ. અને અત્યાર સુધીના આપણા વાર્તાલાપથી તમને ખાતરી થઈ હશે કે આપણો ધર્મ દુનિયાના કોઈ પણ ધર્મની હરોળમાં ઉત્કૃષ્ટ પદે રહી શકે તેવો છે, અગર કહો કે દુનિયાના સર્વ ધર્મોના

ઉચ્ચ અંશોને પોતાની અંદર સમાવી દે છે, તો પછી બીજો વિચાર કરવાનો પ્રશ્ન જ ઉભો થતો નથી. તમે તો ભાગ્યશાળી છો કે આ ધર્મનું વિશેષ સ્વરૂપ શું છે તે જાણવાની તમને ઉત્કંઠા થઈ છે, મને લાગે છે કે આપણી વાતો જરા વધારે લંબાતી જાય છે પણ જો આપણે પુષ્ટિમાર્ગની ખુબીઓની વિશેષ માહિતી મેળવવી હોય તો તે વિના બીજો ઉપાય પણ નથી. આખરે તો શ્રદ્ધા એજ મનુષ્યનો તારક છે. અને એ તત્ત્વની સ્થિરતા માટે જ મારે અન્યાશ્રય ત્યાગના સિદ્ધાન્ત ઉપર આટલું લંબાણ કરવું પડયું. માર્ગમાં આજ મર્મ સિદ્ધાન્તના કિલક રૂપ છે. મને લાગે છે કે આટલા ખુલાસાથી તમને સંતોષ થયો હશે.

જી૦—જી, હા. મારો સંતોષ હું શબ્દથી પ્રકટ કરવા અસક્ત છું.

મુ૦—પ્રભુની કૃપા નિઃસીમ છે. હવે આવતી કાલે પુષ્ટિમાર્ગના રચનાત્મક વિધિરૂપ ' સેવાધર્મ ' ઉપર વિચાર કરીશું. જયશ્રીકૃષ્ણ !

જી૦—જયશ્રી કૃષ્ણ !

[૩૧]

સેવા ધર્મ

મુ૦—આપણે પૂર્વે જોઈ ગયા કે બ્રહ્મ સંબંધ કર્યા પછી જ સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે; જેમ બ્રાહ્મણ બાલકને ઉપનયન ગ્રહણ કર્યા પછી વેદાધ્યયનનો અધિકાર પ્રાપ્ત થાય છે તેમ. આ સેવા એ શું છે, તેનો કેવો પ્રકાર છે, તે પાછળ શી ભાવના રહેલી છે, અને તે વડે શું ફળ પ્રાપ્ત થાય છે. આ વગેરે પ્રશ્નો હવે આપણે વિચારવાના ઉપસ્થિત થાય છે.

જિ૦—વિષ્ણુની ઉપાસના તો ઘણી જુની છે. સેવા પણ એવાજ પ્રકારની ઉપાસના છે કે તેમાં કાંઈ ફેર છે?

મુ૦—તે બેમાં ભેદ છે. સેવાનો જે પ્રકાર પુષ્ટિમાર્ગમાં છે, તેવો પ્રકાર ઉપાસના વિધિમાં નહોતો. અન્ય દેવોની ઉપાસના વિધિ અદ્યાપિ ચાલુ છે. પણ તેના પ્રકારમાં તથા તેના હેતુમાં મોટો ભેદ રહેલો છે.

જિ૦—શો?

મુ૦—ઉપાસના શબ્દ કૃષ્ણ સિવાય અન્ય દેવોને માટે વાપરવામાં આવે છે. ઉપાસનામાં ભગવાનના અંશોની પૂજા કરવામાં આવે છે. આવા પૂજના દેવો કાંતો વિષ્ણુના અંશાવતારો, કલાવતારો, કે વિભૂતિ રૂપો હોય છે. પરંતુ ગીતામાં જેને અક્ષરાતીત તરીકે વર્ણવવામાં

આવ્યા છે, વેદમાં જેને રસો વૈસઃ તરીકે વર્ણવેલા છે, એવા પૂર્ણાનંદ પુરુષોત્તમને કૃષ્ણ નામથી વૈષ્ણવો ઓળખે છે અને તેને જ સેવ્ય ગણે છે. પુષ્ટિમાર્ગમાં આ સ્વરૂપને શ્રીનાથજી અથવા શ્રીઠાકોરજી કહેવામાં આવે છે. સેવામાં સ્નેહ બળનું પ્રાધાન્ય હોય છે. મંત્રવિધિ પ્રમાણે અમુક પૂજાઅર્ચન અંગે કરવામાં આવતી વિધિના નિયમોનું કડક પાલન કરવાનું હોય છે, સેવા વિધિ ભાવ પ્રધાન હોય છે. પૂજામાં મૂર્તિમાંના દેવનું આહ્વાહન અને તિરોધાન કરવાનો વિધિ હોય છે. સેવા માર્ગમાં મૂર્તિ શબ્દનો પ્રયોગ કરવામાં આવતો નથી; તેને સ્વરૂપ સેવા કહેવામાં આવે છે. કારણ કે સ્વરૂપ સેવામાં સાક્ષાત્પણાનો ભાવ રહેલો છે. આ ઉપરથી બન્નેની વિધિમાં રહેલો ભાવનાનો તફાવત સહેલાઈથી સમજી શકાય તેમ છે.

જી૦—તો સેવાને ભક્તિમાં કંઈ ફેર હશે ખરો?

મુ૦—ના, સેવા એ ભક્તિનો પર્યાય શબ્દ છે. આત્મનિવેદન કર્યા પછી હું પ્રભુનો દાસ છું એ ભાવ દૃઢ કરવા ભક્ત પ્રયત્ન કરે છે. આ માટે હૃદયમાં ભક્તિના બીજનું આરોપણ થાય તોજ તેમાંથી ભક્તિની વેલ ફાલે એથી સેવા અનિવાર્ય ગણાય છે. આવી સેવા બ્રહ્મ સંબંધ થયા કેડે જ થઈ શકે છે.

જી૦—પણ. ભક્તિ એટલે ભજન કરવાનો વિધિ એટલો જ છે ને!

મુ૦—એકલા ભજન શબ્દથી ભક્તિમાં જે ભાવ રહેલો છે તે તે સ્પષ્ટ થતો નથી. ભજન યા કીર્તન તો સેવાનો એક પ્રકાર છે. તે નિરતિશય પ્રેમનો ઉદ્બોધક છે. શાંડિલ્ય મુનિ તેમના ભક્તિ સૂત્રનાં ભક્તિની આ પ્રમાણે વ્યાખ્યા આપે છે: “સા भक्तिः परानुरक्तिरीश्वरे। ઈશ્વરમાં નિરતિશય પ્રેમ એનુ નામ ભક્તિ. પણ,

ભક્તિમાં નિરતિશય પ્રેમ ઉપરાંત તે નિર્હેતુક પણ હોવો જોઈએ. આ સંબંધમાં શ્રી ભાગવત કહે છે કેઃ अहेतुकय व्यहिता भक्तिः पुरुषोत्तमे। પુરુષોત્તમમાં હેતુ વગરની ભક્તિ. પ્રેમ પ્રેમની ખાતર, તેમાં કોઈ પણ પ્રકારની ઈચ્છા કે કામના ન હોવી જોઈએ. જો પ્રેમમાં બદલો લેવાની વૃત્તિ હોય તો તે શુદ્ધ પ્રેમ મટી બનાવટી વસ્તુ બની જાય છે. તેમાં સોદાનો ભાવ છે. આવી ભક્તિ બહુ તો રાજસ ભક્તિ કહેવાય. એવી ભક્તિ વડે ચિત્તશુદ્ધિ કદાપિ ન થઈ શકે. અને જ્યાંસુધી ચિત્ત શુદ્ધિ ન થાય ત્યાં સુધી આધ્યાત્મિક ઉન્નતિજ સંભવિત નથી તો મોક્ષની તો વાત જ શી ?

જી૦—પણ, કેટલાક એવી ટીકા કરે છે કે ભક્તિની આ પ્રથા બહુ અર્વાચીન છે. તે માત્ર પુરાણકારોના વખતથી દાખલ થયેલી હોય એમ લાગે છે.

મુ૦—આવું તેમનું કહેવું ભૂલ ભરેલું છે. પુરાણોનો સમય ભાષાની દૃષ્ટિએ ભલે બહુ પ્રાચીન માનવામાં ન આવે, પણ પુરાણો માંહેની હકીકતો તો વેદ જેટલી જુની, બલ્કે તેથી પણ પહેલાંની છે. પુરાણોનો ઉલ્લેખ ઠેઠ વેદકાળમાં પણ થયેલો જોવામાં આવે છે. અને સ્વતઃ વેદમાં ભક્તિને સ્થાન હતું તે તેના અધ્યયનથી સ્પષ્ટ થાય છે. આથર્વણોપનિષદમાં કહ્યું છે કે “ભક્તિ એટલે શ્રી પુરુષોત્તમનું ભજન. અને ભજન એટલે આલોક તથા પરલોકની ઉપાધિના ત્યાગપૂર્વક પુરુષોત્તમમાં આત્માનો વિનિયોગ.” એટલે કે ભગવાન સિવાય બીજે કોઈ પણ ઠેકાણે મનને ન રોકવું એનું નામ ભક્તિ. આવી ભક્તિ નિષ્કામજ હોઈ શકે. ‘નારદ પંચરાત્ર’ નામનો નારદમુનિથી લખાયેલો ગ્રન્થ ભક્તિ માર્ગનો મુખ્ય ગ્રંથ ગણાય છે. તેમાં નારદજી ભક્તિની વ્યાખ્યામાં ભક્તિ શબ્દ આગળ ત્રણ વિશેષણો મૂકે છે, જે ભક્તિ ભાવ વધારે સ્પષ્ટ કરે છે. આવી ભક્તિ કેવી હોવી જોઈએ ? મહાત્મ્ય જ્ઞાનવાળી, સુદૃઢ ને સર્વથી અધિક. આવા

ગુણવાળી ભક્તિ હોય તેજ મુક્તિ પ્રાપ્ત કરે છે. આ બધી વાતનો મહાપ્રભુજીએ આપશ્રીની સૂત્રાત્મક ભાષામાં થોડા જ શબ્દોમાં સમાવી દીધી છે. “चैतस्तत्प्रवणं सेवा। ચિત્ત ભગવદ્ પરાયણ થાય, શ્રીકૃષ્ણમાં જ એકાગ્ર બને તેનું નામ સેવા.

૭૦—ત્યારે સંપ્રદાયમાં કૃષ્ણ સિવાય બીજો કોઈ પણ દેવ સેવ્ય નથી ?

ના, કૃષ્ણ સિવાય બીજો કોઈ પણ નહિ, અને આ સ્વરૂપ તે પણ સારસ્વત કલ્પમાં જે કૃષ્ણે પોતાની પૂર્ણ કલામાં ભૂતલ ઉપર પ્રકટ લીલા કરેલી તે. તેજ કૃષ્ણને ઉપનિષદમાં પરબ્રહ્મ કહે છે. તે સમયે સૃષ્ટિના ક્રમ પ્રમાણે નારાયણ કે વિષ્ણુને ભૂતલ ઉપર અવતરવાની તૈયારી હતી. તેના જ દેહમાં કૃષ્ણ સ્વતઃ પ્રકટ થયા અને પૂર્ણાનંદ સ્વરૂપે વ્રજમાં દિવ્ય અને અલૌકિક લીલાઓ કરી. તેજ ઇન્દ્રિયાતીત, અવ્યક્ત, અનંત, નિર્ગુણ, પ્રેમમય, અદ્વિતીય સ્વરૂપ છે, જેની સેવા પુષ્ટિમાર્ગમાં વિહિત છે. બ્રહ્મસૂત્રમાં તેને आदिमूर्तिः कृष्ण एव सेव्यः। એમ આદિમૂર્તિ તરીકે વર્ણવેલા છે. આ સ્વરૂપનો બીજા અવતારોથી ભેદ બતાવવા ભાગવતકાર કહે છે કે एते चांशकलाः पुंसः कृष्णस्तु भगवान् स्वयम्। સર્વ અવતાર આ પુરુષના અંશ કે કલાભૂત છે. શ્રીકૃષ્ણ તો સ્વતઃ ભગવાન છે. માટેજ શ્રીકૃષ્ણનો આ અવિર્ભાવ સોળ કલાના અવતાર તરીકે પ્રસિદ્ધ છે. મહાપ્રભુજી કહે છે કે “लौकिक प्रभुवत् कृष्णो न द्रष्टव्यः कदाचित्। કૃષ્ણને લૌકિક રાજા જેવા કદાપિ ન ગણવા. કારણ કે परं ब्रह्म तु कृष्णो हि। તે પરબ્રહ્મ છે. (अ. प्र) આપશ્રી તત્ત્વાર્થ દીપનિબંધમાં જણાવે છે કે “एको देवो देवकी पुत्र एव। कर्माप्येकं तस्य देवस्य सेवा॥ જો મનુષ્યને માત્ર એક દેવ જ હોય તો તે દેવકીજીના પુત્ર

છે. અને જો તેને એકનું એક કર્તવ્ય હોય તો તે તેની સેવા છે. માટે જ ચતુઃ શ્લોકીમાં ચાર પુરુષાર્થો પૈકી પહેલા પુરુષાર્થ એવા ધર્મનું વર્ણન કરતાં કહે છે કે सर्वदा सर्वभावेन भजनीयः व्रजाधिपः ॥

આનું નામ જ વૈષ્ણવનો સ્વધર્મ અને જો વૈષ્ણવનો આ જ મુખ્ય ધર્મ હોય તો “तस्मात्कृष्ण एव परमो देवस्य ध्यायेत् तं रसयेत् तं भजेत्। વૈષ્ણવે કૃષ્ણનું ધ્યાન ધરવું, તેનામાં જ રસાસ્વાદ લેવો, તેને જ ભજવું.

પ્ર૦—ત્યારે જો સેવા કરવી તો કેવા ભાવથી કરવી?

મુ૦—તમને ખબર છે કે આ લોકમાં પણ પ્રેમ ચાર પ્રકારનો છે: શેઠ ને નોકર વચ્ચેનો, આને દાસભાવ કહે છે; મિત્ર ને મિત્ર વચ્ચેનો, આને સખાભાવ કહે છે; પિતા માતા ને પુત્ર વચ્ચેનો યાતો પુત્રનો પિતા–માતા સાથેનો, આને વાત્સલ્યભાવ કહે છે, પતિ ને પત્ની વચ્ચેનો યાતો આશકને માશૂક વચ્ચેનો, આને મધુરભાવ કહે છે. છેલ્લા પ્રકારનો મધુરભાવ એ સૌથી ઉત્તમ પ્રકારનો પ્રેમ કહેવાય છે. કારણ કે તેમાં બાકીના સર્વ પ્રકારના પ્રેમનો સમાવેશ થઈ જાય છે. તમને પેલા સંસ્કૃત શ્લોકની તો ખબર હશે?

પ્ર૦—હા, જેમાં કવિએ પત્નીને દાસી, મિત્ર, માતા ને રંભા તરીકે વર્ણવી છે તે ને?

મુ૦—હા, આમાં એકથી બીજો ચઢીઆતો ક્રમ છે. આપણા બ્રહ્મસંબંધના મંત્રમાં પ્રભુ! હું તારો દાસ છું એવા ભાવથી સર્વ સમર્પણ કરવામાં આવે છે. આને દાસભાવ કહેવામાં આવે છે. એમાં ઉક્ત સર્વ પ્રકારના પ્રેમના ભાવો સૂચિત છે. દાસ તરીકે પ્રેમની યાચના કરવાનો તો દરેકને અધિકાર છે, બાકી તેને દાસની

કક્ષામાં રાખવો કે તેથી ઉચ્ચ કક્ષાના પ્રેમનો અધિકાર આપવો, એ તો પ્રભુના હાથની વાત છે. તેમાં જીવની સ્વતંત્રતા નથી. તેવો અધિકાર તો કેવળ પ્રભુકૃપાનું ફળ છે. તેથી જીવ તે માટે કશો પણ આગ્રહ સેવતો નથી. એમાં તો પ્રભુકૃપા માત્ર નિયામક છે. પ્રભુને જેવા પ્રકારના પ્રેમ વડે જીવનો અંગીકાર કરવો હોય તેવા પ્રકારના પ્રેમભાવનુ દાન તે કરે છે, જેથી ભકતના હૃદયમાં તેવા પ્રકારનો ભક્તિભાવ ઉદય પામે છે.

જી૦—પણ, આવા લૌકિક પ્રેમના પ્રકારોના સંબંધવાળો પ્રેમ ખુદ ભગવાનની સાથે પણ થઈ શકે, એ જરા વધારે પડતી કલ્પના નથી લાગતી? કયાં સર્વભુવનસમર્થ ભગવાન ને કયાં પામર જીવ! ખરૂં જોતાં જ્ઞાનીઓ તો આવા દુન્યાદારીના પ્રેમના સંબધોને કેવળ મોહનું પરિણામ જ ગણી તેને મિથ્યા તરીકે લેખે છે, તો શું તે બોધ ખોટો?

મુ૦—સ્વાર્થ ઉપર રચાયેલા દુન્યાદારીના પ્રેમના સંબધો ખોટા તરીકે કલ્પી શકાય. હું એ વસ્તુનો સ્વીકાર કરૂં છું. ખોટા એટલે અધુરા, અપૂર્ણ, અલ્પસુખદાયી અને માયામિશ્રિત-પણ તેથી ખોટા નહિ. કારણ કે પ્રેમના મૂળ સંબંધો તો સત્યના પાયા ઉપર રચાયેલા છે. જો એ સંબધો ખોટા હોય તો તે આવ્યા કયાંથી? જે મૂળમાં ન હોય તે ફળમાં શી રીતે પરિણમે? હા, એ ખરૂં કે લૌકિક વ્યવહારોમાં તેવું દર્શન બહુધા થતું નથી. તેના સંબધો અહૈતુક નિઃસ્વાર્થ હોતા નથી કારણ કે તે સ્વાર્થ ઉપર બંધાયલા હોય છે અને તેથી વિકારી જણાય છે. આવો વિકારી સ્નેહ એ બજારી સાટા જેવો છે એટલે આપણને તેનું મિથ્યાપણું લાગે તેમાં નવાઈ નહિ. પણ, લૌકિક આકર્ષણો સૌથી વધારે જોરદાર હોય છે તેથી તેનો નિરોધ કરવાનો શાસ્ત્રકારો બોધ કહે છે ને તે વાજબી

છે. પરંતુ જો તમે જરા વધારે ઊંડા ઉતરી જોશો તો તમને લાગશે કે તેમાં પ્રેમનું જે શુદ્ધ તત્ત્વ રહેલું છે તે દુષિત નથી. તેમાં જે લૌકિકતા, સ્વાર્થમયતા, રહેલાં છે તે દુષિત છે. તેનું શુદ્ધ સ્વરૂપ દુષિત નથી તમે તેમાંથી તેના દોષોને–તેના વિકારીપણાને બાદ કરો તો પછી તે હેય ગણાવાને પાત્ર નથી. આવા શુદ્ધ પ્રેમના પણ જ્વલંત દાખલાઓ કોક કોક ઠેકાણે જોવામાં આવે છે. આવા દાખલા ઉપરથી દૈવી પ્રેમ કેવો હોઈ શકે તેનો આપણને કંઈક ખ્યાલ આવી શકે છે. માટે શુદ્ધ દૈવી પ્રેમ ખોટો નથી.

પ્ર૦—ત્યારે જ્ઞાનીઓ તેને ખોટા તરીકે અસત્ તરીકે શા માટે ગણતા હશે?

ઉ૦—ખરું જોતાં આત્માનું મૂળ સ્વરૂપ આનંદ રૂપ–પ્રેમરૂપ છે. પ્રેમ એટલે ઉષ્મા ને પ્રકાશ. પ્રેમીઓ એટલે ભક્તો, ઉષ્માના સાકારત્વ ઉપર ભાર મૂકે છે, જ્ઞાની તેના પ્રકાશના નિરાકાર સ્વરૂપ ઉપર ભાર મૂકે છે આ તેનું તારતમ્ય છે. અને ત્યાં જ ભક્ત ને જ્ઞાનનો વિરોધ છે. ભગવાને મનુષ્યની અંદર બુદ્ધિ ને હૃદય બન્ને મૂકેલાં છે. બુદ્ધિ નિર્ણય કરે છે, હૃદય લાગણી ધારણ કરે છે. બુદ્ધિની સૃષ્ટિ એ વિચાર સૃષ્ટિ છે, હૃદયની સૃષ્ટિ એ રસની સૃષ્ટિ છે. રસ તેના શુદ્ધ સ્વરૂપમાં આનંદરૂપ છે માટે જ રસો વૈ સઃ। એવું ભગવાનનું સ્વરૂપ વર્ણવેલું છે. સચ્ચિદાનંદમાં આનંદ તત્ત્વ એ મુખ્ય તત્ત્વ છે, સત્‌ની પરાકાષ્ટ સ્થિતિનું સાકાર સ્વરૂપ છે. આનંદના અનુભવમાં સત્ ને ચિત્ બન્ને આવી જાય છે, માટે જ પ્રભુનું પરમાનંદરૂપ એ જ પૂર્ણાનંદનું સ્વરૂપ છે અને ભક્તો એવા રસમય સ્વરૂપની જ સેવા કરે છે, તેને જ ભજે છે. જ્યારે જ્ઞાનીઓને એવા અનુભવમાં ચૈતન્યોત્પન્ન રસાનુભવમાં વિકારની ગંધ લાગવાથી તેઓ ચિત્ ને આનંદ વિહોણું એવું ભગવાનનું કેવળ સત્ તત્ત્વવાળું સ્વરૂપ છે તેને જ સાચું ગણે છે. તેથી તેઓ સત્‌માં ચિત્ત ને આનંદનો લય

કરે છે. તેથી જ ભગવાનનાં ઉપલા બે તત્ત્વો વિનાનું નિરંજન, નિરાકાર, નિર્ગુણ, એવા પ્રકાશમય સર્વવ્યાપી સ્વરૂપમાં જ પોતાની જાતનો લય કરે છે. જેમ સૂર્ય ને સૂર્યનો પ્રકાશ એક છે, તેમ આ સાકાર ને નિરાકાર સ્વરૂપ છે. આ જ તેનું આધ્યાત્મિક સૂર્યના પ્રકાશ સ્વરૂપ સદૃશ નિરાકાર સ્વરૂપ. તે સ્વરૂપમાં પોતાનો લય કરવો, તેને તેઓ મોક્ષ કહે છે. આ સ્થિતિ સત્‌ની પરમશાંતિની સ્થિતિ છે. તેમાં દુઃખનો આત્યન્તિક અભાવ હોય છે. જ્ઞાનીના મોક્ષની આ સ્થિતિ ભક્તના મોક્ષની સ્થિતિ કરતાં જુદી છે. માટે જ્ઞાનીઓ પ્રેમના બધા જ લૌકિક તેમજ અલૌકિક વ્યવહારોને હેય ગણે તો તે તેમને માટે વાજબી છે; અને તેમના ધ્યેયને અનુકૂલ છે.

પરંતુ મેં કહ્યું તેમ જો તમે જરા વધારે ઊંડા ઉતરી જોશો તો તમને તરત જ જણાશે કે આનંદ તત્ત્વમાં પ્રેમનું જે શુદ્ધ તત્ત્વ રહેલું છે તે દોષવાળું નથી; તેમાં જે લૌકિકતા, સ્વાર્થમયતા, વિકારી-પણું અલ્પતા, રહેલાં છે તે દૂષિત છે, પ્રેમ નહિ પ્રેમનો વિકારી ભાવ હોય છે, પ્રેમનો શુદ્ધ ભાવ નહિ. ભક્તો તો આવા શુદ્ધ પ્રેમના સ્વામી એવા રસસ્વરૂપ પૂર્ણ પરમાત્મા જે ગોલોકમાં વાસ કરી રહેલા છે, તેમાં પોતાની જાતનો લય કરે છે એટલે કે તેની નિત્ય અલૌકિક લીલાનાં સહચારી બને છે. આવી આત્મિક સ્થિતિને ભક્તો મોક્ષ કહે છે. જ્ઞાનીના મોક્ષ જેવી તે અભાવાત્મક સ્થિતિ નથી, પણ આનંદની ભાવાત્મક સ્થિતિ છે. આ પ્રેમનું સ્વરૂપ એજ મૂળ ખરું સ્વરૂપ છે. જગત એ પરમ પ્રેમની કણિકામાંથી ઉત્પન્ન થયું છે અને તેથી ભક્તો જગતને પણ ભગવાનની બહિરંગ લીલા તરીકે લેખી તેને પણ પ્રભુમય જુએ છે માટે જ તેઓ જગતને સત્ય કહે છે. ભક્તો એવા મૂળ રસરૂપ ભગવાનને સેવે છે. આ ઉપરથી તેઓ કેવા ભાવથી તેની સેવા કરે છે, અને તેમાં કયું તત્ત્વ નિયામક છે, એ વિષે હવે તમે કંઈક સમજ્યા હશો.

જી૦—આવા ભાવવાળી ભક્તિ અન્ય કોઇ ધર્મોમાં ગ્રાહ્ય ગણવામાં આવી હશે ખરી ?

મુ૦—આવી છે. કેમ નહિ ? હું જ્યારે એમ કહું છું કે આવી ભક્તિ ગ્રાહ્ય ગણવામાં આવી છે, ત્યારે તેના પ્રકાર વિષે કહું છું એમ સમજવાનું છે. એમ તો ઇસ્લામધર્મ જોશો તો તમને જણાશે કે તેમાં દાસભાવનું પ્રાધાન્ય વિશેષરૂપમાં છે. ખ્રિસ્તીધર્મ જોશો તો તેમાં વાત્સલ્યભાવનું પ્રાધાન્ય છે. તેમાં પુત્રનો પિતા પ્રત્યે જેવો ભાવ હોઈ શકે તેવા ભાવવાળી ભક્તિ પ્રચલિત છે. ઇસુ ખ્રિસ્ત પોતાને પરમેશ્વરના પુત્ર તરીકે ગણાવે છે, જ્યારે મહમદ પયગંબર પોતાને ઈશ્વરના પયગામ લાવનાર ઈશ્વરના દાસ તરીકે જણાવે છે. અને બન્ને ધર્મની ભક્તિના પ્રકારોમાં એવી ભાવની ભિન્નતા સ્પષ્ટ જણાય છે. હિંદુ ધર્મની અસર વડે ભક્તિનો એક નવો પ્રકાર ઇસ્લામ ધર્મમાં વિકાસ પામ્યો છે, જેને સુફીવાદ કહેવામાં આવે છે. તેમાં ઈશ્વરને માશૂક તરીકે ભજવામાં આવે છે. આમ દુનિયાના બે મહાન આસ્તિક ધર્મો ભક્તિના ધોરણ ઉપર રચાયેલા છે.

પરંતુ, આ ઉપરથી તમારે એવું અનુમાન નથી કરવાનું કે આપણા માર્ગમાં પ્રભુનું જે સ્વરૂપ કલ્પેલું છે, અને જેવું આપણું ધ્યેય છે, તેવું જ ધ્યેય સ્વરૂપ ઉપરોક્ત અન્ય ધર્મોમાં પણ કલ્પેલું છે. ઇસ્લામ ધર્મમાં મરણ પછી પરલોકમાં જીવાત્માની સ્વર્ગીય આનંદની જે સ્થિતિ કલ્પવામાં આવી છે, તે બહુધા આપણી સ્વર્ગની કલ્પનાને અનુરૂપ છે. આપણા સ્વર્ગની કલ્પનાનો અધિષ્ઠાતા દેવ ઇન્દ્ર છે ને ત્યાં જીવ સત્કર્મોનાં પરિણામોનું ફળ ભોગવવા જાય છે. સ્વર્ગ એ પુણ્યકર્મોનું ફળ ભોગવવાનો ભોગભૂમિ છે. ત્યાંના આનંદો અલબત્ત, દુન્યવી આનંદ કરતાં વધારે સૂક્ષ્મ ને ઉચ્ચા પ્રકારના હોય છે પણ તે નિત્ય નથી. તેમાં ઇન્દ્રિયોના ભોગોને અવકાશ હોવાથી તે ઇન્દ્રિયાતીત અનુભવો નથી હોતા ને તેને અવધિ

હોય છે. તેના વ્યવહારોમાં વધારે સાત્ત્વિક હોય છે પણ તેનો ભોગ પૂરો થતાં ભોગ ભોગવનાર જીવને દુનિયામાં પુનર્જન્મ લેવો પડે છે. તેથી ત્યાંની સ્થિતિ વિકારી અને ગુણાત્મક લેખવામાં આવી છે. સ્વર્ગમાં પણ ઈર્ષ્યા, કામ, વગેરે જોવામાં આવે છે. આમાં પણ પ્રેમના સંબંધો તો હોય છે, જેમ દુનિયામાં હોય છે તેમ. ખરું જોતાં તો મેં કહ્યું તેમ ચૌદ લોકમાં પ્રેમના સંબંધો તો એકરૂપમાં કે બીજા રૂપમાં જોવામાં આવે છે પણ તે બધા નિત્ય નથી હોતા, અગર તો કહો કે તે બધા ગુણાત્મક હોય છે, માયાના સંબંધવાળા હોય છે અને તેથી વિકારવશ હોય છે. કેવળ પરબ્રહ્મ જે નિર્ગુણ છે, તેની જોડેનો પ્રેમ એ જ નિર્ગુણ હોઈ શકે. માટે જ પુષ્ટિમાર્ગમાં એવા નિર્ગુણ બ્રહ્મની કૃષ્ણરૂપે ભક્તિ કરવામાં આવે છે. તેથી પુષ્ટિભક્તિને નિર્ગુણ ભક્તિનો માર્ગ કહેવામાં આવે છે.

જિ૦—તો શું આપનું કહેવું એવું છે કે જે જે પ્રકારની ભગવાનની કલ્પના અને એવી કલ્પનાવાળા ભગવાનની જે જે પ્રકારની પૂજા યા ભક્તિ, તે તે પ્રકારનું ફળ તેના ભજનિકને પ્રાપ્ત થાય છે, એમને ? એ હિસાબે તો કોઈ પણ ધર્મ ખોટો ઠરતો નથી.

મુ૦—હા, નથી જ ઠરતો–અને તેજ સત્ય છે. આપણા શાસ્ત્રમાં સાત સ્વર્ગોની જે કલ્પના કરવામાં આવી છે, કેટલાક તેથી વિશેષ એકવીસની પણ કરે છે, આ પ્રત્યેક સ્વર્ગના દેવો એ તમારી ધ્યેયમૂર્તિ બની શકે. જો એ દેવો એ તમારી ધ્યેયમૂર્તિ હોય તો તમે તે તે લોકને પામો એ ન્યાય છે. ગીતાજીમાં ભગવાન કહે છે કે તમે મને જે ભાવથી ભજો છો, તે ભાવથી હું તમને ભજું છું, તેનું રહસ્ય આજ છે. તમારી જેવી શ્રદ્ધા હોય, તેવાજ તમે છો અને થાઓ છો, એમ માનો.

જિ૦—ત્યારે આપણા મંદિરોમાં તો પ્રભુની બાલભાવે સેવા કરવામાં આવે છે. તો તેમાં શું રહસ્ય રહેલું હશે? આપે તો

સ્નેહના મુખ્ય ચાર ભાવો ગણાવ્યા તો બાલભાવની પ્રધાનતા શા માટે?

મુ૦—આમાં સેવાનો ગૂઢ ભાવ રહેલો છે. પણ, જો હું તે ઉપર વિવેચન કરવા બેસું તો કલાકો વધારે સમય જોઈશે કારણ કે જો વિષયને ન્યાય આપવો હોય તો તે ઉપર જરા વધારે વિસ્તારની જરૂર છે. અને આજે તો આપણો સમય પૂરો થવા આવ્યો છે એટલે આપણે આ વિષયને કાલે જ હાથ ધરીશું. માટે આજે તો જયશ્રી કૃષ્ણ!

ઉ૦—જયશ્રી કૃષ્ણ!

[૩૨] સેવાનો પ્રકાર

મુ૦—તમને ખબર હશે કે મહાપ્રભુજીએ શ્રીનાથજી યાતો શ્રી ગોવર્ધનનાથજીની સ્થાપના કરી, તેની સેવા કરવાનો વિધિ દાખલ કર્યો ભગવાનનું આ સ્વરૂપ લીલાનું પૂર્ણ પુરુષોત્તમનું રસાત્મક સ્વરૂપ છે. પ્રભુનું આ સુંદર બાલ સ્વરૂપ છે. નિરોધ દ્વારા ભક્તોનો અંગીકાર કરવાની અલૌકિક લીલા ભગવાનના આ બાળ સ્વરૂપે જ કરી છે. વ્રજની આવી બધી લીલાઓ ભગવાનની બાળ કે કિશોર વયમાં જ કરવામાં આવેલી. તેથી જ પ્રભુની સેવા બાલભાવથી—વાત્સલ્ય ભાવથી કરવાનો પ્રકાર પુષ્ટિ મંદિરોમાં જોવામાં આવે છે. સેવાનો આ પ્રકાર ને તેનો વિધિ તો શ્રી ગુસાંઈજીએ પ્રકટ કર્યો, છતાં એમાં શૃંગારરસના બધા ગૂઢ સંચારી ભાવોનો પણ સમાવેશ થાય છે. તેની આખી સેવા ને કીર્તન વિધિ શુદ્ધ ભાવ ભાવના ઉપર જ રચાયેલી છે. તેમાં ઊંડા સાંકેતિક ભાવોનું અસ્તિત્વ રહેલું છે. જેઓ તેમાં ઊંડા ઉતર્યા હોય અગર તો જેઓને સેવાનો સાનુભવ હોય તેઓ જ આ વસ્તુ સમજી શકે તથા તેના રહસ્યને પામી શકે. તેથી હું તે સબંધમાં તો અહીં વિશેષ કાંઇક પણ કહેવા ઇચ્છતો નથી પણ એક વાત પ્રત્યે મારે તમારું લક્ષ્ય ખેંચવું પડશે. એ વાત જ્યાંલગી તમારે ગળે નહિ ઉતરે ત્યાંલગી તમે સેવાના આખી પ્રણાલિકા પાછળ રહેલી ઇમારતને સમજી શકશો નહિ.

જી૦—તે કઈ વસ્તુ ?

મુ૦—ભગવાનનો વિરુદ્ધધર્માશ્રયનો ગુણ મહાપ્રભુજી ભગવાનના આ ગુણ ઉપર વિશેષ ભાર મૂકે છે અને ભગવાનની લીલાઓમાં અગર તો તેના અવતારી કાર્યોમાં અગર તો સૃષ્ટિનાં કાર્યોમાં જે વિરોધો જણાય છે, તેનો ખુલાસો તે વડે ઘણી જ સુંદર ને સંતોષ કારક રીતે કરે છે. ભગવાન મુખ્ય છ ગુણ ધરાવે છે અને તેમનામાં મુખ્ય બાર પ્રકારની શક્તિઓ રહેલી છે. તેમાં માયા જેવી વિરોધી શક્તિનો પણ સમાવેશ થાય છે ભગવાનની આ માયા શક્તિ ઘણી અલૌકિક અને દિવ્ય શક્તિ છે તે સૃજનાત્મક તેમજ વિમોહાત્મક બન્ને છે. ભગવાનને તેનો જેવો ઉપયોગ કરવો હોય તેવો કરે છે.

રસશાસ્ત્રીઓની દૃષ્ટિએ યશોદાના ખોળામાં ખેલતા બાલક યશોદાને વાત્સલ્યભાવના રસનો આસ્વાદ લેવરાવે છે, તો તે જ સમયે તેમનાં દર્શને આવેલી ગોપીઓને તેમના ગૂઢ ભાવોના રસનું દાન દર્શન દ્વારા કરે છે. આમ ભક્તોના ભાવની ભિન્નતાના પ્રકાર પ્રમાણે રસદાનના પ્રકારમાં ભિન્નતા રહેલી હોય છે. લીલાનું આવું વૈચિત્ર્ય કેવળ પ્રભુમાં જ સંભવે અને તેમ થવામાં ભગવાનનો વિરુદ્ધ ધર્માશ્રયનો ગુણ જ કારણભૂત છે. જ્યારે પોતે કંસના વધ માટે મથુરાના રંગમંડપમાં દાખલ થયા ત્યારે તે બીજાઓને જુદે જુદે રૂપે દેખાયા, એવું ભાગવતકાર કહે છે, તેમાં પણ આજ રહસ્ય રહેલું છે.

આમ જેનો જેનો ભાવ તેવું તેનું દર્શન અને તેવો તેનો સ્વાનુભવ. ભક્તિની આ જ ખરી દૃષ્ટિ છે. આનું રહસ્ય હૃદયંગમ થયા વિના પુષ્ટિસેવામાં રહેલા ભાવો સમજવા મુશ્કેલ છે.

પુષ્ટિમંદિરોમાં બાલભાવની સેવા કરવાનો પ્રકટ વિધિ છે. તે

સેવા નંદાલયના ભાવથી કરવામાં આવે છે. તેથી તેમાં રાજદરબારને અનુકૂળ બાહ્યાચારનો વિધિ જોવામાં આવે છે. જેવી રીતે યશોદાજી તથા નંદજી પોતાના પુત્રની વાત્સલ્યભાવ વડે સેવા કરતાં, તેવા ભાવથી મંદિરોમાં સેવા કરવાની હોય છે. તેથી તેની અંદરનો વિધિ પણ તે પ્રમાણે નક્કી કરવામાં આવ્યો છે. મંગલા થાય એટલે માતાપિતા જે કાળજીભર્યા પ્રેમભાવથી બાલકને જગાડવાની તથા કલેઉં કરાવવાની ઉત્કંઠા દાખવે છે, તે ભાવથી મંગલાભોગનો તથા કીર્તનનો પ્રકાર નક્કી કરવામાં આવ્યો છે. આ તમામ પ્રકારની વિધિમાં વાત્સલ્યભાવનું પ્રાધાન્ય હોય છે. પણ, સાથે સાથે ગોપીભાવને પણ સ્થાન આપવામા આવ્યું છે. સ્હવારના જાગરણ પછી ગોપીઓ રાતના વિરહનો ત્યાગ કરી ઉત્સુક ચિત્તે દર્શન કરવા માટે તથા કલેઉં કરાવવા નિમિત્તે વિવિધ પ્રકારની સમયને અનુકૂલ સામગ્રી સાથે નંદાલયમાં આવે છે અને પ્રભુનાં દર્શન કરી તૃપ્તિ પામે છે. આમ પ્રભુ એક તરફથી માતાપિતાના વાત્સલ્યભાવને સંતુષ્ટ કરે છે, તો બીજી તરફથી ગોપીઓના સખીભાવને નિર્વિકાર નિર્ગુણ પ્રેમની અંજલિનું પાન દૃષ્ટિ દ્વારા સ્મિતહાસ્ય સહિત કરાવે છે ને તેમના વિરહથી તપ્ત થયેલા હૃદયને શાંત કરે છે. એકી વખતે આવા વિરોધી રસનું દાન બાલક પ્રભુ કરે છે તે પોતામાં રહેલા વિરૂદ્ધધર્માશ્રયના ગુણને લીધે જ. આજ તેમની વિશેષતા છે. આવા વિરોધી ભાવોને પ્રકટ કરવા છતાં પ્રભુ તો એના એજ દેખાય છે. આવા ગુપ્ત ભાવોની ગૂઢ લીલાઓ આ ભક્તિના પ્રકારમાં સમાયેલી છે.

જી૦—આપે કહ્યું કે મંદિરોમાં નંદાલયના ભાવથી પ્રભુની સેવા થાય છે તો ગોપીઓનો ભાવ કેવા પ્રકારનો હતો અને તેમની સેવા કેવા પ્રકારની હતી? તે જો આપ મને યોગ્ય ધારતા હો તો કહો.

મુ૦—તમને કહેવાને હરકત નથી પણ તે માટે તો મારે તમને શ્રી ભાગવતના રાસપંચાધ્યાયીના પ્રસંગ ઉપર લઈ જવા પડશે.

એક ભાઈએ હમણાં જ ભાગવતના સારરૂપ 'શ્રી ભાગવત' એ નામથી એક ગ્રન્થ પ્રકટ કર્યો છે. તેમાં ચુંટણીનો પ્રકાર અને સાદી ભાષાનો પ્રયોગ ધ્યાન ખેંચે તેવાં છે. પણ જ્યારે આ રાસપંચાધ્યાયનો પ્રસંગ આવે છે, ત્યારે તેમની નૈતિક બુદ્ધિને જાણે આંચકો લાગ્યો હોય તેમ લેખકે તેટલો ભાગ કમી કર્યો છે. એક રીતે મને એ વાત ઘણી ગમી હું બરાબર સમજ્યો હોઉં તો તે ભાઈ પણ સાક્ષરશ્રી બંકીમચંદ્રની પેઠે કૃષ્ણને એક મહાન રાજકીય સમર્થ પુરુષ તરીકે ગણતા હોય એમ જણાય છે તેથી તેમણે આ પ્રકરણ તેમની કૃષ્ણની ભાવનામાં કલંકરૂપ લાગે છે. એથી ઉલટું, મહાપ્રભુજીની ભક્તિની ભાવના તો આ રાસપંચાધ્યાયના તત્ત્વ ઉપર જ રચાયેલી છે. માટે જ તો શ્રીગુસાંઈજી તેમને तत्सारभूतरासस्त्रीभावपूरितविग्रह એવું નામ આપે છે. એઓશ્રી રાસલીલાને ભાગવતના સારરૂપ ગણે છે; જ્યારે કેટલાક અન્ય વિદ્વાનો તેને દોષરૂપ ગણે છે. આમાં વિચાર ને દૃષ્ટિભેદ જવાબદાર છે. ખરું જોતાં તો એ આખો ભાગ તદ્દન નિર્દોષ છે. પણ હજી જેઓમાં એ સમજવા જેવી ઉચ્ચી આધ્યાત્મિક દૃષ્ટિ ન ખીલી હોય તેમને તો તેનાથી દૂર જ રહેવું એ વધારે હિતકર છે. મોક્ષને કિનારે બેઠેલા રાજા પરીક્ષિતની દૃષ્ટિમાંથી પણ એવા વિકારની કણિકા ગઈ નહોતી તો પછી આપણા જેવા સામાન્ય મનુષ્યની તો વાત જ શી ! તેમણે પણ આવી જાતનો જ પ્રશ્ન શ્રી શુકદેવજીને પૂછેલો. આ સવાલનો વિચાર કરતાં આપણે નીચેની હકીકતોને ખાસ ધ્યાનમાં લેવી પડશેઃ શ્રી શુકદેવજી પ્રખર જન્મસિદ્ધ વૈરાગી છે, કૃષ્ણની તે સમયની ઉમર કેવળ બાલકની છે, સંસારનો પરિત્યાગ કરીને મુક્તપુરુષો તમને ભજે એવા ભાવથી ભજવા માટે અમે આપને ચરણે આવ્યાં છીએ એવો ગોપીઓનો નિષ્કામ ને નિર્વિકાર ભાવ છે, આ લીલાની ફલશ્રુતિરૂપે નિષ્કામભાવનો ઉદ્ભવ વર્ણવવામાં આવ્યો છે—આ બધી બીના જ્યારે સમગ્રપણે ધ્યાનમાં લેવામાં આવે છે ત્યારે આ લીલાની નિર્દોષતા સંબંધી આશંકા

લાવવાને કશું પણ કારણ રહેતું નથી. જો આપણને તેમાં વિકાર દેખાતો હોય તો તેનો અર્થ એવો જ થઈ શકે કે આપણામાંથી અદ્યાપિ વિકારીદૃષ્ટિ વિરામ પામી નથી અને તેથી આપણે તેનું નિર્વિકારીપણે નિરીક્ષણ કરી શકતા નથી. ગોપીઓનો વિશુદ્ધ ભાવ સમજવા માટે આપણે કંઈક અંશે ગોપીઓ જેવા થવું પડે. તો જ તેમના અલૌકિક પ્રેમની આપણને કાંઈક ઝાંખી થઈ શકે. કલાપી જેવા સ્નેહી હૃદયને ગોપી પ્રેમની ઉત્કૃષ્ટતા કેવી જણાઈ હતી તે આપણે તેના સ્વીડનબોર્ગના ધર્મવિચારો ઉપરથી જોઈ શકીએ છીએ.

તમે જોઈ શકો છો કે કલાપી એ કાંઈ પુષ્ટિમાર્ગના અનુયાયી નહોતા છતાં તેના સ્નેહાળ હૃદયને ગોપી પ્રેમની વિશુદ્ધિ ઝટ સમજાઈ. એ જ બતાવે છે કે તેમાં નિરીક્ષણ કરનારની દૃષ્ટિ ઉપર મોટો આધાર રહેલો છે. વળી એ બાબત ઉપર હું થોડું વધારે કહેવાને પણ લલચાઉં પણ જો સેવાની પદ્ધતિ જે આપણી વાર્તાનો પ્રસ્તુત વિષય છે તેમાં જ તમને શ્રદ્ધા ન હોય તો પછી તે ઉપર મેં ઉપર જે કાંઈ વિવેચન કર્યું છે તે અર્થવાળું લાગવું મુશ્કેલ છે.

જી૦—આપ મને ક્ષમા કરો તો આ બાબતમાં હું આપને એક પ્રશ્ન પૂછું, એમ મને થાય છે. ખરું જોતાં તો આપણો આ વિષય શરૂ થયો ત્યારે જ હું આપને તે પૂછવાનો ઇરાદો રાખતો હતો. પરંતુ મને રાહ જોવી ઠીક લાગી. મારો પ્રશ્ન આ છેઃ આપણે એવું પ્રતિપાદન કર્યું છે કે જ્ઞાનની અપેક્ષાએ કર્મ ઉતરતું છે અને ભક્તિની અપેક્ષાએ જ્ઞાન ઉતરતું છે. પૂર્વમીમાંસાના કર્મકાંડને જ્ઞાનીઓ વેદના અંગ તરીકે સ્વીકારતા નથી. યજ્ઞની વિરુદ્ધ બુદ્ધ ભગવાને પણ ઝંડો ઉપાડી શાસ્ત્રની પ્રમાણતાને તેમજ વર્ણાશ્રમના ભેદોને ફગાવી દીધાં. કર્મમાર્ગમાં રચ્યાપચ્યા કર્મ પંડિતોને ભગવાન શંકરાચાર્યે મહાત કરી જ્ઞાનની ઉત્કૃષ્ટતા સ્થાપિત કરી. આમ કર્મ વિરુદ્ધ ભારે સામનો થયાનું આપણે જાણીએ છીએ.

વળી ગીતાજીમાં પણ કહ્યું છે કે કર્મ માત્રનો સ્વભાવ જ છે કે જેમ ઓળથી ગર્ભ વીંટાયેલો હોય તેમ કર્મ માત્ર તમથી ઘેરાયેલું હોય જ. આમ કર્મ માત્ર દોષવાળું તો હોય છેજ. તો સેવા માર્ગની સ્થાપના કરી મહાપ્રભુજીએ એક જાતનો નવો કર્મવિધિ દાખલ નથી કર્યો શું? આપ કદાચ એમ કહેશો કે આપશ્રીનો એવો હેતુ નહોતો, છતાં જો પરિણામ જ એવું આવ્યું હોય તો પછી એ પદ્ધતિ જ દોષવાળી નથી, એવું શી રીતે કહી શકાય?

મુ૦—ખરે, તમે માર્ગના એક મુખ્ય અંગભૂત ભાગ ઉપર કુહાડીનો ઘા કર્યો છે. અને તેના સમર્થન અર્થે તમે જે ઐતિહાસિક દાખલાઓ આપ્યા છે તે પણ વિચારવા જેવા છે. તેના પરિણામ માટે પણ તમે જે શંકા ઉઠાવી છે તે પણ છેક ફેંકી દેવા જેવી નથી. પણ એ બધાનો સ્વીકાર કર્યા છતાં તે ઉપરથી એવું સાબિત થતું નથી કે સેવા પદ્ધતિ અર્થ વગરની છે, કે નકામી છે. આના જવાબમાં હું તમને એક બીજો જ પ્રશ્ન પૂછું છું: શું તમે જગતમાં એવો એક પણ પદાર્થ જોયો છે, જેનું અસ્તિત્વ ક્રિયાત્મક ન હોય? અગર તો બીજી રીતે પૂછું તો એવું કોઈ પ્રાણી છે, જેને ક્રિયા કર્યા વગર ચાલે?

જી૦—જી, ના. ક્રિયા વિકાસનો ક્રમ જણાય છે. તે વિના ગતિ માત્ર સંભવિત નથી. વિજ્ઞાન પણ જડના અસ્તિત્વની બાબતમાં એ સિદ્ધાન્ત સ્વીકાર છે, તે આપણે કબુલ કરવું જોઈએ.

મુ૦—ત્યારે આપણે તેજ વસ્તુને બીજા રૂપમાં કહીએ તો એમ કહી શકાય કે ક્રિયા કે કર્મ એ જીવનના વિકાસ માટે અનિવાર્ય વસ્તુ છે.

જી, હા.

મુ૦—તો પછી તેનો અર્થ એ થયો કે જો કાંઈ પણ દોષ હોય તો તે ક્રિયા કે કર્મમાં નથી પણ તેના કરનારામાં છે, એમજ ને ?

જી૦—જી હા. ક્રિયા કે કર્મ તો જડ વસ્તુ છે. તેના ગુણ દોષનો આધાર કર્મ કરનારના ગુણ દોષ ઉપર આધાર રાખે છે.

મુ૦—તો પછી એમજ કહો ને કે જો ક્રિયા અગર કર્મ દોષવાળું બનતું હોય તો તે તેના કરનારના દોષને લીધે છે કર્મ કરવા જેવાં હોય તો તે કરવાં જોઈએ. કારણ કે આપણે એ તો સ્વીકાર્યું છે કે ક્રિયા કે કર્મ વગર તો જીવને ચાલી શકતું નથી. અને જો આપણે તે કરવાનાં જ છે તો પછી તે એવાં જોઈએ જે આપણા જીવનને પોષક હોય.

જી૦—પણ, એટલું તો આપણે સ્વીકારવું જોઈએ ને કે તે ક્રિયા અગર કર્મ એવાં હોવાં જોઈએ જે આપણા જીવન વિકાસને માટે પોષક ને તંદુરસ્ત હોય ? જો તે વડે તેનાથી ઉલટી અસર થાય તેવાં હોય તો તો તે બાધક ખરાં ને ?

મુ૦—હા, આપણી ચર્ચામાં આપણે એ મુદ્દો તો સ્વીકારી જ લીધો છે. શ્રી મહાપ્રભુજીએ સેવાવિધિ પ્રસ્થાપિત કરી તે એવા હેતુથી કે તેના વડે સેવકમાં ભક્તિભાવનું પોષણ થાય અને તે પોતાના જીવનને ભગવાનને લાયક બનાવી શકે. આપણે જ્યારે સેવાવિધિના કર્મની વાત કરીએ છીએ ત્યારે તે ભક્તના આધ્યાત્મિક જીવનને પોષણ કરનારી છે, એ તો આપણે સ્વીકારીએ છીએ જ. હવે જો પ્રશ્ન રહેતો હોય તો તે એટલો જ કે તેનો તે દાવો કેટલો સાચો છે અગર તો ટકી શકે એવો છે કે કેમ ?

ધારો કે કર્મનો પ્રકાર તંદુરસ્ત હોય, અર્થાત્ આપણો હેતુ પાર પડે એવો હોય આમ છતાં કાળક્રમે ધારેલું ફળ

લાવવામાં તે નિષ્ફળ નીવડે તો પછી શું? એવો પ્રશ્ન તમે પૂછી શકો, એ હું કબુલ કરૂં છું.

જી૦—જી હા Old order changeth yielding place to new. જેમ મનુષ્યના આયુષ્યને ઘડપણ આવે છે તેમ શું ધર્મના આયુષ્યને પણ ઘડપણ નહિ આવતું હોય? આપણે સ્વીકારી લો કે ભલે એક કાલે આવી વિધિ આત્માને હિતાવહ હશે, ભક્તિભાવની પોષક હશે, પણ પ્રશ્ન એ છે કે અત્યારે તે કેવું ફલ આપનારી નીવડી છે? અને જો પરિણામ જોતાં તે આપણો હેતુ પાર પાડનારી ન લાગે તો શા માટે તેમાં ફેર ન થવો જોઈએ, એવો મારા પ્રશ્નનો આશય છે, તે આપે જોયું હશે.

મુ૦—પ્રશ્ન પાછળ તમારો શો આશય છે તે મારા ખ્યાલ બહાર નથી. પણ, આપણી ચર્ચામાં હું કર્મના કરનાર ઉપર વધારે ભાર મૂકું છું, તમે ક્રિયા ઉપર વધારે ભાર મૂકો છો, અને તેથી જ આપણા દૃષ્ટિકોણમાં ફેર પડે છે. આપણે એક જ વસ્તુને જુદી જુદી રીતે જોઈએ છીએ. તમે એટલું તો સ્વીકારો છો કે મૂળે ક્રિયા તદુરસ્ત કે પોષક હતી. જો આ વાત સત્ય હોય તો શું અત્યારે તે ફળદાયી નીવડતાં અટકી પડી છે? આનો નિર્ણય કરવો સહેલો નથી. આપણે તેના નિર્ણયમાં પણ ભક્તની દૃષ્ટિ જોઈશે. મને લાગે છે કે તેના ગુણદોષને યોગ્ય સ્થાન આપ્યા છતાં સરવાળે તેનો આંક જમેમાં આવશે, ઉધારમાં નહિ અને આપણે જે દોષો પ્રત્યે અંગુલિદર્શન કરીએ છીએ તેમાં પણ હું કર્મ કરતાં કર્મના કરનારાના દોષો વધારે જોઉં છું ને તેના ફલ માટે તેમને જવાબદાર ગણું છું. જો આમ હોય તો તેથી વસ્તુ ખોટી ઠરતી નથી અને તેના નાશથી ફલ કરતાં નુકશાની વધારે છે, એ વિષે મને શંકા નથી.

જી૦—પણ, તે તો પછી એમ જ થયું ને? કર્મને ગણો કે

કર્મના કરનારને દુષિત ગણો. જે વસ્તુ આપણી હોજરી માટે નકામી નીવડી તેનો તો ત્યાગ કર્યે જ છૂટકો અને જો તેનો ત્યાગ કરવામાં ન આવે તો પછી ઉપર બતાવ્યા તેવા વિરોધી હુમલાઓને તે ભોગ થવું પડે એ સ્વાભાવિક છે.

મુ૦—વારૂ, એક ક્ષણભર સ્વીકારી લો કે આપણે તેનો સામનો કર્યો આપણે આપણી જુની પદ્ધતિનો નાશ કર્યો. પણ તેથી શું તમે એમ ધારો છો કે વસ્તુનો નાશ થઈ શકે છે? ક્રિયાકર્મ એ તો જીવનની આનુષંગિક વસ્તુ છે તમે એક પ્રકારની ક્રિયાનો નાશ કરી તેને ઠેકાણે બીજા પ્રકારની ક્રિયાપદ્ધતિ દાખલ કરશો. પણ સ્થૂલ ક્રિયા વગર તો તમારે ચાલે તેમજ નથી. એમ તો વૈજ્ઞાનિક પરિણામો લાવવા માટે આપણે વૈજ્ઞાનિક પદ્ધતિએ પ્રયોગો નથી કરતા શું?

ગાં૦—એ ખરૂં. પણ વિજ્ઞાનની સૃષ્ટિમાં તો બન્ને સ્થૂલ હોય છે—ક્રિયા ને ફલ. એથી બીજી અપેક્ષા આપણે તેમાં રાખતા પણ નથી તેથી તેનો દાખલો તો મને અપ્રસ્તુત લાગે છે. આપણે તો સેવાપદ્ધતિ મારફત સ્થૂલ પરિણામ નહિ, પણ દૈવી પરિણામ લાવવાની આશા રાખીએ છીએ. એટલે આપણો પ્રશ્ન એ છે કે હાલની સેવાપદ્ધતિ તેવું ફળ લાવવામાં સફળ છે કે કેમ?

મુ૦—એક દૃષ્ટિએ સેવાપદ્ધતિ એ વૈજ્ઞાનિક પદ્ધતિ જેવો ભક્તિનો સાધનમાર્ગ છે. તેના ફળનો આધાર સાધન કરતાં સાધક ઉપર વિશેષ કરીને છે. અને જ્યાં આપણે સ્થૂલ ફળની નહિ, પણ સૂક્ષ્મ ફળની વાત કરતા હોઈએ, ત્યાં તેમજ હોવું ઘટે. માટે સાધનને બદલવાનો વિચાર કર્યા કરતાં સાધકને બદલવાનો ઉદ્યમ કરીએ એ જ વધારે યોગ્ય છે. આખરે તો ચિત્રનો આધાર ચિત્રની સામગ્રી કરતાં, ચિત્રકાર ઉપર જ વધારે રહેશે, ગવૈયાની ઉસ્તાદી તેના વાદ્ય કરતાં તેની પોતાની ગાયનકળા ઉપર વધારે રહેશે. ચિત્રકારનાં સાધનો—

બાહ્યની ઉપયોગીતા, પરિણામને પોષક છે, એની ના નહિ, પણ તેનો મુખ્ય આધાર તે જડ વસ્તુઓના ઉપયોગ કરનાર ઉપર છે ને નહિ કે તે તેની પોતાની ઉપર. તેના ચેતનવંતા આત્મા આગળ તે જડ વસ્તુઓ પણ ચેતનવંતી થશે. તેથી આપણે આ બાબતમાં જે કાંઈ જોવાનું પ્રાપ્ત થાય છે તે એટલું જ છે કે સેવા વિધિના સ્થાપનાર આપણા મૂળ પુરુષોએ તેની પાછળ જે ભાવો રેડયા છે અને તેની ક્રિયાનાં અંગોપાગોને ભવભાવનાથી અંકિત કર્યાં છે, તેનો ઉપયોગ એ જ દૃષ્ટિથી અને એ જ ભાવથી કરવામાં આવે તો તે જ પદ્ધતિ તેનું ફળ આપવામાં અત્યારે પણ સફળ નીવડે એમ છે કે કેમ, એટલો જ પ્રશ્ન ખરૂં જોતાં આપણે વિચારવાનો હોય અને એ જ ચર્ચાની ખરી દિશા મને તો લાગે છે. એ ખરૂં કે અવી સેવા દ્વારા આપણે દૈવી ફળ પ્રાપ્ત કરવાની આશા રાખીએ છીએ. હું ભૂલતો ન હોઉં તો મેં કોઈ ઠેકાણે આ સેવાપદ્ધતિને ભક્તિયોગની એક સાધના તરીકે વર્ણવી છે. અવી યૌગિક ક્રિયામાં સાધન ગમે તેવું હોય છતાં યોગી પ્રભુકૃપાથી સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. અને પ્રભુકૃપા બાહ્ય સાધન કરતાં આન્તરિક ભાવ ઉપર વધારે આધારભૂત છે. મારે જ હું સાધન કરતાં સાધક ઉપર વધારે ભાર શા માટે મૂકું છું તે હવે તમને સમજાયું હશે. આનો અર્થ એવો નથી કે સાધનમાં પણ કંઈ દોષો જણાતા હોય તો તે નાબુદ ન કરવા. ખરો ચિત્રકાર પોતાની પીંછી ને રંગ સુંદરમાં સુંદર પ્રાપ્ત કરશે તેમજ ખરો ગવૈયો સુંદરમાં સુંદર વાદ્યને ગ્રહણ કરશે અને જો તે બગડેલાં હશે તો તેને સુધારી ઉપયોગમાં લેશે, પણ તેને ફેંકી નહિ દે. મારો વિરોધ હોય તો તેટલા પૂરતો જ છે, એ મારે કહેવું જોઇએ.

જી૦—તો આપ મને કહેશો કે સેવા દ્વારા આપણે કેવા ફળની આશા રાખીએ છીએ? મને લાગે છે કે પહેલાં એ ચોક્કસ થયા વિના આવી ચર્ચા નિરર્થક છે.

મુ૦—જુના દેહને બદલી તેને નવા દેહમાં બદલી નાંખવાની આપણે આશા રાખીએ છીએ. આને માર્ગની પરિભાષામાં ‘તનુનવત્વ’ કહેવામાં આવે છે. આવો આન્તર ફેરફાર થયા વગર જીવ પોતાના હૃદય મંદિરમાં પ્રભુને પધરાવી શકતો નથી.

જી૦—એ શી રીતે બને ?

મુ૦—આપણે સેવા દ્વારા આપણાં ઇન્દ્રિયો, મન, બુદ્ધિ ને ચિત્તમાંથી મળને કાઢી નાંખી શુદ્ધ બનાવીએ છીએ જેથી પ્રભુના આવેશ માટે તે લાયક બને. એ દૃષ્ટિથી જ મેં સેવાને ભક્તિયોગની ક્રિયા તરીકે ઉપર વર્ણવી છે.

જી૦—પણ, આવું પરિવર્તન શું સ્થૂલ ક્રિયાથી થાય એવું આપ માનો છો ?

મુ૦—કદાપિ નહિ. પણ, સેવા એ સ્થૂલ ક્રિયા માત્ર નથી. સ્થૂલ ક્રિયા એતો કેવળ તેનો અલ્પાંશ છે. તેનું મહત્ત્વ તો તેની પાછળ રહેલી ભાવનામાં છે. આ ભાવના જ આપણા દેહમાં અજબ ફેરફાર કરે છે.

જી૦—પણ, આપણે તો આમાં કેવળ બાહ્ય ક્રિયાઓ જ જોઇએ છીએ. હું અવિવેક ન કરતો હોઉં તો કેટલાક તેમાં બાહ્ય આડંબર પણ જોતા હશે.

મુ૦—હા, બહારનાં ચશ્માં પહેરનારને એવું જ લાગે. તેમાં તેનો દોષ નથી. પણ એ પ્રત્યે આપણે ભક્તની આંખથી જોવાનું શીખવું જોઇએ. દેખીતી રીતે આંખ સરખી હોવા છતાં, પ્રેમીની આંખમાં ને દુનિયાદારીની આંખમાં આસમાન જમીનનો ફેર હોય છે, એ જગજાહેર વાત છે. હા, પણ મારે એ સ્વીકારવું જોઇએ કે બધા જ ભક્તો કાંઇ એક સરખી કોટીના નથી હોતા.

જી૦—ત્યારે તો ભક્ત ભક્તમાં પણ એવા ગુણ કર્મના ભેદો હોય છે.

મુ૦—ભેદો હોય છે, એટલું જ નહિ, પણ જેમ સમાજમાં દરેક મનુષ્યને બે પ્રકારનું જીવન હોય છે, એક સમષ્ટિગત ને બીજું વ્યક્તિગત, એમ ભક્તને પણ બે પ્રકારનું હોય છે. મંદિરોમાં જે સેવા પદ્ધતિ પ્રચલિત છે એ ભક્તિનો સામુદાયિક પ્રકાર છે; ઘર મંદિરોમાં જે સેવા પદ્ધતિ હોય છે તે ભક્તિનો વૈયક્તિક પ્રકાર છે. પહેલામાં મેં પૂર્વે કહ્યું તે મુજબ નંદાલયના ભાવથી સેવા વિધિ કરવામાં આવે છે. ઘર મંદિરોમાં ગોપીભાવની વૈયક્તિક સેવાપદ્ધતિ હોય છે. પહેલીમાં ભગવાનના ઐશ્વર્ય ભાવનું પ્રાધાન્ય વધારે જોવામાં આવે છે, બીજીમાં ભાવનું પ્રાધાન્ય વધારે હોય છે. તેથી જ પહેલામાં પુષ્ટિ મર્યાદા ભક્તિ છે, બીજામાં પુષ્ટ પુષ્ટિ ભક્તિ છે. બન્નેમાં તેની શુદ્ધતાનું પ્રમાણ અલબત્ત તેના ભક્તોની શુદ્ધિ ઉપર અને તેમના ભાવ ઉપર આધાર રાખે છે, તે કહેવાનું હોય નહિ. એથી તો મહાપ્રભુજીએ પણ ત્રણ પ્રકારની પુષ્ટિસૃષ્ટિ વર્ણવી છે.

જી૦—તે કયી કયી ?

મુ૦—પ્રવાહી, મર્યાદા ને પુષ્ટપુષ્ટિ. અરે, એટલું જ નહિ પણ આવી ભેદસૃષ્ટિ જેમ બહિર્જગતમાં અસ્તિત્વ ધરાવે છે, તેવી જ ભેદસૃષ્ટિ અલૌકિક સૃષ્ટિમાં છે. પણ ત્યાં તે ગુણાત્મક નથી, ત્યાંના ભેદો તો લીલાના રસવૈચિત્ર્યને લીધે હોય છે. કારણ કે જો આમ ન સ્વીકારવામાં આવે તો લીલા માત્ર અશક્ય બને. પણ, આપણે આપણા જનસમૂહનો જ વિચાર કરોને ? કોઈને કર્મમાં રસ હોય છે, કોઈને વિદ્યામાં તો કોઈને સેવામાં. કોઈના કર્મમાં કૌશલ્ય જોવામાં આવે છે, તો કોઈમાં જ્ઞાનનું ગાંભીર્ય જોવામાં આવે છે તો ત્રીજામાં સેવાનું અમી દેખાય છે. આવા ભેદો શરીરમાં પણ જોવામાં આવે છે. કોઈમાં શારીરિક વિકાસની વિપુલતા હોય છે કે કોઈમાં બૌદ્ધિક વિકાસની સૂક્ષ્મતા હોય છે તો ત્રીજામાં લાગણીનું આર્દ્રપણું દેખાય છે. અંદર

તેમજ બહાર બંને જ આ ભેદસૃષ્ટિનું દર્શન થાય છે. આવું ભેદપણું એ રસવૈચિત્ર્યના ઉપભોગ માટે અનિવાર્ય છે ને ભગવાને સ્વયમેવ પોતાની ઇચ્છા વડે તેમ કર્યું છે. માટે જ બાહ્ય તેમજ આન્તરમાં ભગવત્કૃત સૃષ્ટિના ભેદોનું દર્શન થાય છે અને ભેદસૃષ્ટિના પોષણ ને સંરક્ષણ માટે તે તે સૃષ્ટિના જીવો પણ હોય છે. માટે તેવા ભેદથી ગભરાવાની જરૂર નથી.

જી૦—ત્યારે તો આપણા કહ્યા પ્રમાણે સેવાપદ્ધતિ એ ભક્તિયોગની એક ક્રિયાત્મક વિધિ માત્ર છે, અગર તો કહો કે આધ્યાત્મિક વિકાસની એક પ્રયોગ પદ્ધતિ છે, એમજ ને?

મુ૦—હા, એમજ. આપણું જીવન એ મૂળે પ્રેમતત્ત્વનું બનેલું છે ને પ્રેમતત્ત્વ ઉપર નભી રહ્યું છે. સેવા એ પ્રેમનો જ પ્રકટ ભાવ છે. સેવાના એ ભાવો જે હાલ જીવનમાં કેવળ લૌકિક હેતુઓ સાધવાને સ્વાર્થ પૂરતા આચરવામાં આવે છે, તેને ઠેકાણે તે નિઃસ્વાર્થપણે ભગવન્મય અને તેના સ્મારક તરીકે, તેના જીવંત સાધન તરીકે, તેના આદર્શની પુષ્ટિ માટે સેવાવિધિ દાખલ કરવામાં આવી છે ને તેને તેવા ભાવથી આચરવી જોઇએ. એમ કરવામાં જો તે નિષ્ફળ નીવડે તો જેમ ભ્રષ્ટ યોગીનો યોગ નિષ્ફળ નીવડે છે તેમ તેનો ભક્તિયોગ પણ નિષ્ફળ નીવડે છે, એવું આપણે કહી શકીએ. પણ તેથી યોગ કે યોગની ક્રિયા ખોટી ઠરતી નથી. ગીતાજીમાં પણ કહેવામાં આવ્યું છે કે આવી યોગસિદ્ધિ માટે સેંકડો પ્રયત્ન કરે છે પણ થોડા જ તેમાં સફળ થાય છે. Bible પણ તેજ સત્યનું સમર્થન કરે છે: “many try but-few suceed” સિદ્ધિનો માર્ગ જ એવો જ છે. આપણે તો જો કાંઈ જોવાનું હોય તો એટલું જ કે જે ક્રિયા દ્વારા આપણે જેવી સિદ્ધિ મેળવવા માગીએ છીએ, તેવી સિદ્ધિ આવી શકે એવો તેનો સાધનમાર્ગ છે કે નહિ? જો તે એવો હોય તો પછી આપણને ફરિયાદ કરવાને કારણ રહેતું નથી.

બીજાઓ શું કરે છે, તે જોવા કરતાં આપણુને જો આ માર્ગ સાચો લાગે તો આપણે પોતે જ સિદ્ધ કરવા મંડી પડવું એજ ઉત્તમ માર્ગ છે. આ જગતમાં વિકાસ માટે આજ એક ધોરી માર્ગ છે.

જી૦—તો બધા જ તે ભક્તો ભક્તિના ખરા હાર્દને સમજી, રીતસર ને ભાવપૂર્વક સેવા કરતા હોય તો?

મુ૦—જો બધા જ એવું કરતા હોય તો પછી જોઈએ શું? તો તો પછી તમારે તે બાબતમાં ફરિયાદ કરવાનું કારણ જ ન મળત. તેની પાછળ રહેલો મર્મ ઘણા થોડા જ સમજતા હોય છે. અને હાલ તો ઘણે ઠેકાણે આવી સેવા બહુધા ક્રિયાત્મક ને કૃત્રિમ થઈ પડી છે. અને તેથી તો આવી ખરી ખોટી આશંકાઓને સ્થાન મળે છે.

જી૦—પણ આ બધું જોતાં મને લાગે છે કે આપણે આ ઉપર વધુ વિવેચન કરીએ તે પહેલાં આપ મને તેની વિગતો પાછળ રહેલા ભાવો સમજાવો તો ઠીક. આપે મને મંગળાના ભાવ વિષે કંઈક કહ્યું તે તો મને રહસ્યથી ભરેલું લાગ્યું. મને લાગે છે કે તેને પૂરેપૂરો ન્યાય આપવો હોય તો મારે તેની ક્રિયાઓ પાછળ રહેલા ભાવોમાં જરા વધારે ઊંડુ ઉતરવું જોઈએ.

મુ૦—તમે કહો છો તે બરાબર છે. મને લાગે છે કે આપણે આજે ઘણો સમય લીધો છે એટલે આ વિષય આજ તો અહીં જ રહેવા દઈએ. જય શ્રીકૃષ્ણ!

જી૦—જય શ્રીકૃષ્ણ!

(૩૩) નિરોધ

મુ૦—તમને ખબર હશે કે માનસ શાસ્ત્રની દૃષ્ટિએ આપણામાં બે પ્રકારનાં બળો કામ કરી રહ્યાં છે: આપણને મદદ કરનારાં અને આપણા માર્ગમાં અવરોધ કરનારાં. પ્રગતિ ઇચ્છનાર દરેક મનુષ્યનું કર્તવ્ય પહેલી જાતના બળોને અપનાવવાનું તથા બીજા પ્રકારના બળોનો સામનો કરવાનું છે. આવાં વિરોધક બળોને આપણે ષડ્‌રિપુ એવું નામ આપીએ છીએ. આને જ ગીતાજીમાં આસુરી સંપત્તિ તરીકે વર્ણવેલી છે.

હવે આપણા જીવનનો મુખ્ય સવાલ એ છે કે આપણે આપણા આવા અંદરના દુશ્મનો સામે શી રીતે બચાવ કરવો? તેની સામે હુમલો કરી તેમને ક્રૂરપણે દાબી દેવા? કે તેમને સમજાવી પટાવી તેમને દુશ્મનોમાંથી મિત્રો બનાવવા?

જી—જો શક્ય હોય તો બીજો જ રસ્તો ગ્રહણ કરવો, એ વધારે સારું.

મુ૦—પહેલો રસ્તો એ જ્ઞાનનો રસ્તો; ઇન્દ્રિયો, મન, બુદ્ધિ ને ચિત્તના વિકારો જે કામ, ક્રોધ, લોભ ને મોહ તથા મત્સર રૂપે દેખાય છે તેમને કબજે કરવા, ઇન્દ્રિઓનું દમન કરવું, મનને અંકુશમાં લેવું, બુદ્ધિને જાગ્રત કરવી, અને ચિત્તનો નિરોધ કરવો. આ માટે હઠયોગ, રાજયોગ, જ્ઞાનયોગ ને કર્મયોગના અનેક પ્રયોગો

આપણા ઋષિમુનિઓએ આપણને દર્શાવ્યા છે. તેના વડે ઇષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થાય છે તે પણ નિઃશંક વાત છે. પણ આ માર્ગો કષ્ટસાધ્ય છે. તેની સિદ્ધિ માટે ઘણો દીર્ઘકાળ જોઈએ છે, કદાચ, ઘણા જન્મો જોઈએ છે. સામાન્ય માણસ માટે એ ઘણા કઠણ ને દુર્ગમ માર્ગો છે. એ માટે તો સારો ને સરલ અને છતાં સ્વાભાવિક ને કાર્યસાધક માર્ગ શોધી કાઢવો જોઈએ. આવો સુગમ ને સુલભ માર્ગ એ ભક્તિનો માર્ગ છે, એવો ભક્તોનો દાવો છે.

જી૦—આપે કહ્યા એવા આન્તર રિપુઓ તો મનુષ્ય માત્રમાં હોય છે અને આપે કહ્યું કે આપણા ઋષિમુનિઓએ તે તે રિપુઓને જીતવાને યોગના ભિન્ન ભિન્ન અભિજિત માર્ગો પ્રકટ કર્યા છે. જો ભક્તિમાર્ગ એ આપ કહો છો તેવો સુગમ ને સુલભ તેમજ કાર્યસાધક માર્ગ હોય તો ઉપરોક્ત આન્તરરિપુઓને વશ કરવાના ભક્તિના માર્ગો પણ હશે જ.

મુ૦—હા, છે જ. તે વગર તેનો કશો અર્થ જ ન હોઈ શકે. પણ, આપણે પહેલાં તો ભક્તિનું તત્ત્વ શું છે તે બરાબર સમજવું જોઈએ. ભક્તિભાવ એ હૃદયનો ગુણ છે. જ્યાં હૃદય મલીન હોય, ઇન્દ્રિયો તથા મન તથા બુદ્ધિ વિપથગામી હોય ત્યાં સારા પરિણામની આશા શી રીતે રાખી શકાય? તેથી પહેલાં તો આપણે આપણાં સંચિત પાપોનો નાશ કરવો રહ્યો. તેના નિવારણ અર્થે બ્રહ્મસંબંધ ને આત્મનિવેદનની વિધિ દાખલ કરવામાં આવી છે. આમાં અષ્ટાક્ષરનું તથા આત્મનિવેદનના મહામંત્રનું ગુરુ દ્વારા દાન કરવામાં આવે છે. આ બન્ને આપણાં વૈષ્ણવી વ્રતો છે. તે હરહમેશ સચેત રહે અને નવાં કર્મનાં બંધન લાગે નહિ, એવી કોઈ વિધિની ખાસ જરૂર છે. જો આવું વિધાન તાજુ ને તાજુ હોય તો જ દેહનાં સ્થૂલ તેમજ સૂક્ષ્મ અવયવોને લૌકિક આસક્તિમાંથી પાછાં વાળી, અલૌકિક દુનિયા પ્રત્યે દોરી લઈ જવાય ને ઇષ્ટ પરિણામ આવે. એથી જ સેવાવિધિ

દાખલ કરવામાં આવી છે. સેવાવિધિની વિગતવાર પ્રણાલિકાનો તમે અભ્યાસ કરશો તો તમને જણાશે કે તેમાં જીવનો વિનિયોગ બાહ્ય તેમજ આન્તર સાંગોપાંગ પ્રભુમાં શી રીતે થઈ શકે, એ જ તેનો હેતુ છે.

જી૦—પણ આપ કહો છો એવો જ હેતુ હોય તો મનુષ્યજીવનની પળેપળ તેમાં રોકાયેલી રહેવી જોઈએ. આપણે તો એવું કાંઈ જોતા નથી.

મુ૦—સેવાવિધિનો ક્રમ તો એવો નક્કી કરવામાં આવ્યો છે કે તેમાં લગભગ આખા દિવસનું રોકાણ રહે. શ્રી મહાપ્રભુજીએ ‘चेतस्तत्प्रवणं सेवा’ એવી સેવાની વ્યાખ્યા કરી છે. વળી આપશ્રી એક ઠેકાણે એમ પણ કહે છે કે ગૃહસંસાર તો સર્વથા ત્યાગ કરવા જેવી વસ્તુ છે. પણ જો તેનો ત્યાગ ન થઈ શકે તો બહેતર છે કે તેને ભગવન્મય બનાવવામાં આવે. આમ કરવાનો હેતુ પણ બહારનાં તેમજ અંદરનાં તમામ સાધનોને ભગવત્કાર્યોમાં રોકી ચિત્તનો નિરોધ પ્રાપ્ત કરવાનો છે. નિરોધની પ્રાપ્તિ થયા વગર પ્રભુપ્રાપ્તિ શક્ય નથી. આવા નિરોધની સિદ્ધિ અર્થે પુષ્ટિમાર્ગમાં સેવાને અગ્રસ્થાન આપવામાં આવ્યું છે. તેનો પ્રબંધ એવા પ્રકારે કરવામાં આવ્યો છે કે સેવાના સમયમાં ચિત્ ભગવાન્માં જ પરોવાયેલું રહે. એટલું જ નહિ, પણ પોતાની સર્વ ઇન્દ્રિયો તેમજ પોતાને વળગી રહેલાં સંસારનાં સર્વ પરિજનો પણ તેમાં ગુંથાયેલાં રહે, જેથી ભક્તની આન્તર તેમજ બાહ્ય પ્રવૃત્તિઓ ભગવન્મય બને.’ આ માટે મહાપ્રભુજીએ ‘નિરોધલક્ષણનો અતિ સુંદર ગ્રન્થ રચ્યો છે, જેમાંથી આપણને સરસ માર્ગદર્શન થઈ રહે છે.

જી૦—તો આપ એ વિષે થોડુંક કહો તો ? હું ભૂલતો ન હોઉં તો આજ ગ્રન્થ માટે આપે એવું કહ્યું હતું કે આપણા ગુજરાતના

કવિવર ન્હાનાલાલ દલપતરાવે મુક્ત કંઠે પ્રશંસા કરેલી અને તેની વસ્તુથી મુગ્ધ થઈ ગયેલા.

મુ૦—હા. તે ઉપર જરૂર કંઈક વધારે કહેવાનો હું પણ વિચાર કરી રહ્યો છું. તેમ કર્યેથી સેવાનું હાર્દ વધારે સારી રીતે સમજાશે. ‘નિરોધ લક્ષણ’ ગ્રન્થમાં આપણે મુખ્ય એ જોવાનું છે કે જે લક્ષણો નિરોધી માટે જરૂરનાં છે, તેનાં લક્ષણો આપણામાં સેવા દ્વારા ઉત્તેજન પામે કે કેમ? જો કે ગ્રન્થ જરા મોટો છે પણ તે ઘણો જ રહસ્યપૂર્ણ અને બોધક છે. તેના પહેલા ત્રણ શ્લોકોમાં ભક્તના હૃદયમાં કેવી કેવી ભાવનાઓનું સામ્રાજ્ય હોવું જોઈએ, તે દર્શાવવામાં આવ્યું છે. મહાપ્રભુજી પોતાના હૃદયને ઉદ્દેશીને લખે છે તેથી તેની આર્દ્રતામાં ઓર વધારો થાય છે: यच्च दुःखं यशोदायाः नन्दादीनां च गोकुले યશોદાજીને તથા નંદજી વગેરે ગોપોને ગોકુલમાં જે દુઃખ થયું તેવું દુઃખ મને પણ થાઓ.

ગોપિકાઓને તેમજ અન્ય સર્વ ગોપજનોને ભગવાનના સંગથી જે સુખ થયું તેવું સુખ મને ક્યારે થશે?

ઉદ્ધવજી જ્યારે ગોકુલમાં તથા વ્રજમાં પધાર્યા ત્યારે ત્યાં જે મહાન ઉત્સવ થયેલો તેવા ઉત્સવનો આનંદ આવા મનમાં ક્યારે થશે?” (निरोध लक्षण: १ थी३)

પ્રેમની બે અવસ્થાઓ હોય છે, વિપ્રયોગની તેમજ સંયોગની. આ ઉભય સ્થિતિમાં વિપ્રયોગની દશા ઉત્તમ ગણવામાં આવી છે. કારણ કે તેમાં ભાવાત્મક પ્રભુ ભક્તના હૃદયમાં હોય છે. જ્યારે પ્રભુ ગાયો ચરાવવા વનમાં જતા ત્યારે ગોપીઓને, જ્યારે પ્રભુ બહાર રમવા કે માખણની ચોરી કરવા ગોપિકાઓના ઘરોમાં જતા ત્યારે યશોદાજીને, જ્યારે રાસલીલામાં પ્રભુ અંતર્ધાન થયા ત્યારે પુનઃ

દર્શન માટે ઝૂરતી ગોપીકાઓને જેવું ને જેવા પ્રકારનું દુઃખ થયું તેવા દુઃખની ભક્ત ઇચ્છા કરે છે. કારણ આવા તાપમાં જ પ્રેમની પરાકાષ્ઠા સમાયેલી છે. જેટલું વિયોગનું દુઃખ તીવ્ર તેટલી સંયોગની મઝા વધારે. માટે જ વિયોગાગ્નિના તાપની શાંતિ માટે સંયોગ સુખની અભિલાષા સ્વાભાવિક છે. એવું સંયોગ સુખ હોવું એ ભક્તિનું પરમ ફલ છે. આવા બન્ને પ્રકારના સુખનો પૂરેપૂરો સ્વાનુભવ કરાવી ગોકુલમાંથી શ્રી ઠાકોરજી મથુરા પધાર્યા ત્યારે ગોપીઓના હૃદયમાં પ્રભુનું કેવળ ભાવાત્મક સ્વરુપ રહ્યું. પ્રભુના વિરહમાં એવા ભાવાત્મક સ્વરૂપનો અનુભવ કરતી ગોપીઓને આશ્વાસન આપવા શ્રીઠાકોરજીના મોકલ્યા પ્રભુના મહાસખા ઉદ્ધવજી વ્રજમાં પધાર્યા ને ગોપીઓને તેમના સમાગમનું સુખ આપ્યું ત્યારે તેમના મનમાં જે ઉલ્લાસ થયો, હૃદયમાં જે આનંદ છલકાયો, ને દેહમાં તન્મનાટ ઝણઝણ્યો, તેની કલ્પના તો અનુભવને જ હોઈ શકે. જેમાં ભક્તિરસ ટપકતો હોય તેવા ઉત્સવનો આનંદ તો વૈષ્ણવ વૈષ્ણવના સમાગમથી જ મળી શકે કારણ કે વૈષ્ણવના હૃદયમાં પ્રભુ બિરાજતા હોય છે. તેથી જ્યારે એવા ઉત્તમ કોટીના વૈષ્ણવોનો સમાગમ થાય છે ત્યારે તેમની દ્વારા જાણે પ્રભુ જ મળ્યા હોય તેવો સ્વાનુભ ભક્ત હૃદય કરી શકે છે તેથી ખરા ભક્તને એવા મહોત્સવની હમેશાં તમન્ના રહ્યાં કરે છે. તે દ્વારાજ પ્રેમના સર્વોત્મ ભાવના અનુભવની ઝાંખી ભક્ત કરી શકે છે. તેથી આગળ મહદોની કૃપા માટે પ્રભુને યાચના કરવામાં આવે છે:

"મોટાઓની અર્થાત્ ભક્તિમાં મોટાઓની કૃપા થાય ત્યારે જ આવા વિપ્રયોગ ને સંયોગ દશાનો અનુભવ લઈ શકાય છે. ત્યાં લગી તો સુખના સાધન તરીકે આનંદનિધિ એવા પ્રભુનું કીર્તન કરવું જ રહ્યું.

આવું કીર્તન પણ સદાયે સુખરૂપ હોવું તેમાં પણ મોટાઓની

કૃપા જ કારણભૂત છે. કારણ કે લૌકિક કીર્તનમાં આવું સુખ હોતું નથી. હરિનું ભજન તો સ્નિગ્ધ ભોજન જેવું છે, જ્યારે લૌકિકનું કીર્તન તો લુખ્ખા રોટલા સમાન છે.

માટે ખરા સુખની પ્રાપ્તિ તો ગોવિંદના ગુણગાનમાં જ રહેલી છે. આવા સુખનો અનુભવ તો શુકદેવજી જેવાઓને પણ દુર્લભ છે તો પછી બીજાઓની તો વાત જ શી?"

(નિરોધલક્ષણ-૪ થી ૬)

જ્યારે પ્રભુ ગોપીઓથી દૂર વનમાં ગાયો ચરાવવા જતા ત્યારે ગોપીઓ વિયોગનું દુઃખ શી રીતે સહન કરતી? વિયોગની આ અવસ્થામાં તેઓ વેણુગીત, ગોપીગીત વગેરે ગાઈ ભગવાનના ગુણગાનમાં ચિત્તને પરોવી પ્રપંચને ભૂલી જતી. પણ, પ્રભુના આવા ગુણગાનમાં વી સુખનો સ્વાનુભવ કરવો, તથા પ્રપંચમાંથી રસને ઓછો કરવો, તે સહેલી વાત નથી. આપણા ચિત્તમાં આવો જબરો પલટો તો ત્યારે જ થાય કે જ્યારે આપણા ઉપર કોઈ મહાભકતની કૃપા થાય. કારણ કે આવા કોઈ તાદશી ભગવદીઓના સત્સંગથી તેમની જ કૃપાના બળે આપણામાં ભકિતની ચિણગારી જાગ્રત થવા પામે અને તે થાય તો જ ભગવાનના ગુણગાન દ્વારા વિરહાગ્નિનો તાપ સહન કરવાની તાકાત મેળવી શકાય. આવો પ્રેમાવિષ્ટ ભકિતનો ઝરો તો શુકદેવજી જેવામાં પણ દેખાતો નથી. કારણ કે તેમના હૃદયમાં ભકિત છે પણ તે જ્ઞાનપ્રધાન ભકિત છે. અને જ્યાં જ્ઞાન પ્રધાન ભકિત હોય ત્યાં તે જીવ મર્યાદાની કોટીનો જીવ છે, તેને પ્રભુના ઐશ્વર્યમાં વધારે રસ હોય છે. તેથી આવા નિર્ગુણ ભકિતના ઉદ્રેક અર્થે તો શુદ્ધ પુષ્ટિને લાયક હૃદય જોઈએ. તે જ તેવા અલૌકિક પ્રેમના સ્વાનુભવ માટે અધિકારી છે. આવાં અધિકારી ગોપીજનો

હતાં. આવા અધિકાર માટે જીવનું સાધનબળ નકામું છે. તે માટે તો મહાવૈષ્ણવની કૃપા કે ભગવત્કૃપા જ અનિવાર્ય છે.

“દરેક જીવમાં ભગવાન અંતર્યામીરૂપે તો રહેલા છે જ. પ્રભુના ગુણગાનથી જીવના અંતઃકરણમાંથી પ્રપંચ પ્રત્યેની આસક્તિરૂપી તમામ મેલ જ્યારે ધોવાઇ જાય, ત્યારે જ જીવ બ્રહ્મભાવને પામે છે. એવા બ્રહ્મભાવની દશા પામ્યા પછી પણ ભક્તને શાંતિ મળતી નથી. આવી બ્રહ્મભાવની પ્રાપ્તિથી જ્ઞાનીનો આત્મા તૃપ્ત થાય, ભક્તનો નહિ. ભક્તની ચોટ તો શાંતિરૂપી સુખ મેળવવાની નથી, પણ તેથી વધારે છે. તેને તો પ્રભુના પ્રેમરાજ્યમાં પ્રવેશ કરવો છે અને તેમાં પ્રવેશ કરી અલૌકિક લીલાના મધ્યપાતી થવું છે. તેથી જ મહાપ્રભુજી દશમ સ્કંધની સુબોધિનીમાં કહે છે કે મુક્તાત્માઓને ભજનનું સુખ આપવાને વેણુનાદ દ્વારા પ્રભુએ નિરોધલીલામાં ખેંચ્યા. પ્રેમનું આવું આકર્ષણ આત્મા ઉપર થાય છે, ત્યારે જ તેવો જીવ પ્રભુના દર્શન માટે ભડકે બળે છે. પ્રભુદર્શન માટે તેનું હૃદય આકુળવ્યાકુળ થઇ જાય છે. તેને જબરો ક્લેશ થાય છે. તે પ્રભુ માટે ઝૂરે છે. ‘તડપતાં તૂટતાં અંદર ખડી માશૂક સાંઇ છે;’ જ્યારે હૃદય ફાટું ફાટું થઇ રહે છે, ત્યારે પ્રભુ પણ તેનો આવો કલેશ જોઇ શકતા નથી. પ્રભુ તો દયાળુ છે, કૃપાના સાગર છે. આવા તાપથી ભક્તનું હૃદય જ્યારે શુદ્ધ કંચન જેવું પવિત્ર અને નમ્ર બને છે ત્યારે પ્રભુ જે અત્યાર સુધી ભક્તના હૃદયમાં અંતર્યામીરૂપે વાસ કરી રહ્યા હતા તે બહાર પ્રકટ થઈ ભક્તને દર્શન આપે છે ને તેના હૃદયના અગ્નિને શાંત કરે છે ને પોતાના હૃદયનાથનો સંયોગ થતાં ભક્ત આનંદના ઉદધિમાં નિમગ્ન બને છે.

ભગવાનના સર્વાનંદરૂપ કરતાં પ્રેમના કૃપાયુક્ત સ્વરૂપમાં દર્શન થવાં ઘણાં દુર્લભ છે. તેથી જ જ્યારે હૃદયની અંદર રહેલા

ભગવાન પોતાના ગુણોને સાંભળે છે, ત્યારે બહાર પ્રકટ થઈ ભક્તને આનંદના વારિથી ભીંજવી નાંખે છે.

(નિ. લિ. ૭ ને ૮)

નિરુદ્ધ દશા તે આનું નામ. આવી નિરોધ દશા પ્રાપ્ત કરવી હોય તો ભક્તે પ્રપંચનો મૂળમાંથી ત્યાગ કરવો રહ્યો. અને સદાનન્દની સ્થિતિથી પર ગયેલ મારા ભક્તે હમેશાં ગુણો ગાવા, આમ કરશે તો સત્ ચિત્ અને આનંદપણું તેનામાં પ્રકટ થશે.

હું નિરોધ પદવીને પામ્યો છું. માટે નિરોધ દશા કેવી હોય તેનો કંઇક ખ્યાલ મારા ભક્તોને આવે તે માટે એનું અહીં વર્ણન કરૂં છું."

(નિ૦ લ૦ શ્લો૦ ૯ ૧૦)

"જીવો ત્રણ પ્રકારના છે. જેઓ ભાવરૂપી સાગરમાં ડૂબી ગયેલા છે, તેમને તો ભગવાને છોડી જ દીધા છે. છતાં, જેઓ સંસારમાં ગુથાયેલા હોવા છતાં, જેમનું મન સંસારમાં ચોટતું નથી. તેઓ તો સત્સંગ દ્વારા નિરોધને રસ્તે ચઢી શકે તેવા છે. પરંતુ જેઓ ઉત્તમ કોટીના જીવો છે અને જેમણે નિરોધ દશા પ્રાપ્ત કરી છે, તેઓ તો નિરંતર ભગવદ્ વિષયમાં મગ્ન રહે છે.

સંસારના વિષયોમાં આશકત થવાથી જીવની ઇન્દ્રિયો દુષ્ટ એટલે દોષવાળી બની જાય છે. તેમનામાં એક જાતનો ઇન્દ્રિયાધ્યાસ જોવામાં આવે છે. આવા જીવે પોતાની ઇન્દ્રિયોને પ્રભુ તરફ વાળવી હોય તો વિરાટસ્વરૂપના પણ જે ઇશ્વર છે તેવા કૃષ્ણમાં સર્વ વસ્તુનો વિનિયોગ કરવો.

આમ થવાને જો ચિત્તને પ્રભુના ગુણગાનમાં આવિષ્ટ રાખવામાં આવે તો સંસારનો ત્યાગ કરવાને ઝાઝો ક્લેશ થતો નથી. પણ જાણે હરિ મળ્યા હોય તેવું સુખ થાય છે. પ્રભુ દયાળુ છે અને આવું પરિણામ આવે તો જ તેનું દયાળુપણું સિદ્ધ થાય; નહિ તો તે ક્રૂર છે એમ મનાય.

આ કથનની સત્યતામાં કોઈએ કશી પણ શંકા ન રાખવી. આવી રીતના ગુણગાનથી પ્રભુમાં ઇન્દ્રિયોનો નિરોધ સિદ્ધ થાય છે. જીવમાં તો વિષય પરત્વે વૈરાગ્યવૃત્તિ દૃઢ કરવાનું બળ નથી પણ પ્રભુ પોતે તેને એવું સામર્થ્ય આપે છે અને સાથે સાથે હરિગુણગાન દ્વારા સુખનો એવો તો અનુભવ કરાવે છે કે તેને દુઃખનો ભાસ પણ ક્યારેય થતો નથી.

(નિ૦લ૦ ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫,)

આ ઉપરથી જ્ઞાન ને ભક્તિનો ભેદ તમે સમજી શકશો. તમને ખાતરી થશે કે ગુણગાનનો એટલે ભક્તિયુક્ત ભજનનો માર્ગ જ્ઞાનમાર્ગ કરતાં વધારે સારો છે જ. માટે કોઈ પણ જાતનો અહંકાર ન રાખતાં દીનભાવે ચિત પ્રસન્ન રાખી હમેશાં ભગવદ્ગુણોનું વર્ણન સદાયે કરવું.

(નિ૦લ૦ ૧૬)

જો આવી રીતે પ્રભુનાં ગુણગાન કરવાનો વિધિ ભક્તને અનિવાર્ય હોય તો ભક્તનાં સર્વ અંગોનો ભગવાનમાં શી રીતે વિનિયોગ કરવો ?

આપણા સેવાના ઠાકોરજીની મૂર્તિમાં પ્રભુ સાક્ષાત્ બિરાજે છે એવો સંકલ્પ કરી સદા તે મૂર્તિનું ધ્યાન ધરવું. આંખ વડે તેનાં દર્શન કરવાં, હસ્ત વડે તેના ચરણનો સ્પર્શ કરવો, અને દરેક

પ્રકારની ક્રિયા તથા ગતિ તેને અનુકૂલ એટલે પ્રિય હોય તે પ્રમાણે કરવી. કાન વડે પ્રભુની કથાનું શ્રવણ કરવું, મુખ વડે તેના ગુણગાન ગાવા, કૃષ્ણપ્રિય પુત્રની પ્રાપ્તિ થાય તે માટે જ રતિ કરવી, શરીરના ઇન્દ્રિયમય અંશનો ત્યાગ કરી પછી શરીરના બાકીના ભાગને પ્રભુની સેવામાં જોડવો.

(નિ૦લ૦ ૧૭, ૧૮)

આમ બધી જ ઇન્દ્રિયોનો વિનિયોગ પ્રભુમાં કરવો. છતાં, અમુક કોઈ ભગવત્કાર્ય કહી શકાય કે નહિ, એવી શંકા તમારા મનમાં થાય તો, અગર તે વિષે તમને સ્પષ્ટ સમજણ ન પડે તો તમારે શું કરવું? તો પછી તમારે તેવું કાર્ય જ ન કરવું એ બહેતર છે.

(નિ૦લ૦ ૧૯)

આવા નિરોધ આગળ સર્વ સાધનો ગૌણ છે, હીન છે. મંત્ર, સ્તુતિ, વિદ્યા ને તીર્થાટન કશું પણ તેની બરાબરી કરી શકે એવું નથી. (નિ૦નિ૦ ૨૦)

આ ઉપરથી તમે જોઈ શકશો કે ભક્તિયોગ અગર સેવામાર્ગ એ મનુષ્યને પશુમાંથી દેવ બનાવવાનો એક ચમત્કારી પ્રયોગ છે. જીવમાં આવું દેવત્વ ક્યારે આવે? તેનાં બધાં જ કરણો બાહ્ય તેમજ આન્તર આસુરી મટી ભગવન્મય બને ત્યારે. હવે આવું ક્યારે બને? જેવો જેનો સંગ તેવો તેનો રંગ. જો ઇન્દ્રિયો પ્રાપંચિક વસ્તુઓથી આસક્ત થાય તો જીવની આસક્તિ લૌકિક થાય; જો તે જ ઇન્દ્રિયો પ્રભુમાં આસક્ત થાય તો તેની આસક્તિ અલૌકિક થાય. સેવા વિધિ એ ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્તના સર્વ વ્યવહારોને ભગવન્મય

બનાવવાનો ભક્તિનો પ્રસિદ્ધ માર્ગ છે. તેમાં કર્મ, જ્ઞાન ને ભક્તિનો સુંદર રીતે સમન્વય કરવામાં આવ્યો છે. ક્રિયા દ્વારા ઇન્દ્રિયો ને મનને, અને ગુણગાન દ્વારા બુદ્ધિ અને ચિત્તને પ્રભુના અભિમુખ કરવાનો એ જ સરલ રસ્તો છે. તે એક પ્રકારનો યોગ તેમજ યજ્ઞ છે. તેના વડે પૂર્વમીમાંસા તથા ઉત્તર મીમાંસાના સેવન વડે જે ફળની આશા રાખવામાં આવે છે, તેની સિદ્ધિ પણ રહેલી છે. પણ, તે સિદ્ધ કરવા માટે જીવમાં સાચા યોગી કે યાજ્ઞિક તરીકેની લાયકાત જોઇએ. ભક્તિશાસ્ત્ર માને છે કે આવો ભક્ત ગમે તેટલો દોષવાળો હોય છતાં તેનામાં પ્રભુ પ્રત્યે સાચો પ્રેમ ને દીનતા હોય તો બાકીનું બધું તેની મેળે આવી મળે છે ને તે પ્રભુકૃપાને પાત્ર થાય છે. આવી રીતે સેવાની સાધના કરતાં કરતાં તેનું જ અંતઃકરણ શુદ્ધ થાય છે ને ભક્તિના રંગથી રંગાય છે. અને પછી પ્રભુનો તેમાં આવેશ થાય છે. આવો આધ્યાત્મિક ફેરફાર સેવા દ્વારા કરવો, એવીજ નેમ સેવકની હોય છે. હવે તેમાં આવી શકયતા છે કે નહિ તેનો તમારે કયાસ કરવાનો છે. મને ખાતરી છે કે પ્રચલિત સેવામાર્ગની વિગતો ઉપર હું જરા વધારે વિવેચન કરીશ, ત્યારે તમારા મનની શંકાને જરા પણ સ્થાન નહિ રહે. કહો, 'નિરોધલક્ષણ' ગ્રન્થ માર્ગદર્શન માટે એક ઝગઝગતી જ્યોત જેવો છે કે નહિ? મેં તો એ ઉપર ઝાઝું વિવેચન કર્યું નથી, આપણને એટલો અવકાશ પણ નથી. મેં તો કેવળ તમે સમજી શકો એવી રીતે સરલ ભાષામાં તેનું હાર્દ સમજાવવાને પ્રયત્ન કર્યો છે.

જી૦—અરે, એ અદ્વિતીય ગ્રન્થનું શ્રવણ કરતાં મને કેવી તૃપ્તિ થતી હતી અને હૃદયમાં કેવો આનંદ થતો હતો, તેને હું યથાર્થ શબ્દોમાં નહિ વર્ણવી શકું. મને તો એમ થયા કરતું હતું કે જાણે મહાપ્રભુજી જીવનના એક રાસાયણિક પ્રયોગનું સૂક્ષ્મ ને આબેહૂબ વર્ણન કરી રહ્યા છે. મનુષ્યના આન્તર વિકાસનું આવું સૂક્ષ્મ ને

ગૂઢ પૃથક્કરણ ભાગ્યે જ અન્ય સ્થળે જોવામાં આવશે. સ્વાનુભવ વગર કથનમાં આવી સચોટતા આવવી અશક્ય છે. અને વસ્તુદર્શન પણ કેવું હૃદયંગમ ને અંતઃપ્રવેશી ?

મુ૦—તો હવે હું તમને સેવાવિધિની વિગતનો થોડો ખ્યાલ આપીશ. મેં અગાઉ મંગલાદર્શનના ભાવ વિષે સહેજ ઉલ્લેખ કર્યો હતો તે તમને યાદ હશે. પણ આજ તો હવે આપણે અહીં જ અટકીશું. વળી તે ઉપર વધારે આવતી કાલે. જયશ્રીકૃષ્ણ !

જી૦—જય શ્રીકૃષ્ણ !

મુ૦—પુષ્ટિમાર્ગીય મંદિરમાં પ્રભુની સેવાનો ક્રમ બે વખતનો હોય છે; સવારમાં ને બપોર પછી. એમ કહો કે થોડો આરામ બાદ કરતાં આખા દિવસનો છે તો પણ ખોટું નહિ.

સવારમાં (૧) મંગલા, (૨) શૃંગાર, (૩) ગ્વાલ, અને (૪) રાજભોગ; સાંજરે (૫) ઉત્થાપન, (૬) ભોગ, (૭) સંધ્યા અને શયન. આ પ્રમાણે મંગલાથી શયન પર્યંત પ્રભુનાં નિરનિરાલાં સ્વરૂપનાં હરેક વખતે દર્શન કરાવવામાં આવે છે. પ્રભુની કિશોર અવસ્થાની સેવા કરવામાં આવતી હોવાથી ભોગ અનેકવાર ધરાવવાનો રિવાજ છે. ભોગ એ સેવાનું અંગ હોવાથી દિવસમાં જેટલી વેળા સેવા કરવામાં આવે છે તેટલી વેળા અર્પણ કરવામાં આવે છે.

એવી શંકા પણ ઉઠાવી શકાય કે જેમ મનુષ્યને ભૂખ લાગે છે તેવી ભૂખ શું પ્રભુને પણ લાગતી હશે? જો એમ ન હોય તો ભોગ શા માટે? તે તો ખાતા નથી, કશું પણ તેમાંથી લેતા નથી, તેમજ મનુષ્ય પાસેથી તે કશાની અપેક્ષા પણ રાખતા નથી, તો ભોગ ધરવાની આવી આજ્ઞા શા માટે કરવામાં આવી હશે? ખરે, દેવ ખાતા તો નથી જ. તો પછી એમ કેમ ન કહેવાય કે એ બ્હાણે આપણે જ આપણા કોડ પૂરા પાડવાની આ તરકીબ શોધી કહાડી છે?

આનો ઉત્તર કેવળ એક જ હોઈ શકે: ભગવાન વિરૂદ્ધધર્માશ્રયી છે. શ્વેતાશ્વરોપનિષદ્‌માં બ્રહ્મનું સ્વરૂપ આ પ્રમાણે આપ્યું છે:

“ બ્રહ્મને હાથ, પગ, નેન, ને કાન નથી હોતા તથાપિ તે ગ્રહણ કરે છે, ચાલે છે, જુએ છે ને સાંભળે છે. જે કાંઈ જાણવાનું હોય તે જાણે છે પણ તેને કોઈ જાણી શકતું નથી. તે જ અગ્નિરૂપ મહાન પુરુષ. अतश्चराचरग्रहणत्” આ સૂત્રોને આધારે શ્રી વ્યાસ ભગવાને નિર્ગુણ બ્રહ્મનું ભોક્તૃત્વ સિદ્ધ કર્યું છે.

જો ભગવાનમાં ભોક્તૃત્વ હોય તો પછી સવાલ એ થશે કે તેને ધરાવવું શું ? તે સંબંધી શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે:

“ વ્યવહારમાં જે પદાર્થ ઇષ્ટતમ એટલે વિશેષ આવડતવાળો ગણાતો હોય, ભક્ત પોતાને જે અતિ પ્રિય હોય, તેવા પદાર્થ ભગવાન શ્રીકૃષ્ણને ધરાવવા, અર્થાત્ અર્પણ કરવા.” વાસ્તવિક રીતે પ્રભુને ભોગ ધરાવવા માટે ભક્તને બજારમાંથી કાંઇ પણ પદાર્થ લાવવાની જરૂર નથી. ભક્ત પોતાના વિરહને યોગ્ય સેવામાં ખપે એવો પદાર્થ ધરી શકે છે. તે અર્પણ કરતી વેળા અતિ દીનતાથી મનમાં વિચારે છે કે:

“ હે વાગીશ, હું તમારાં શાં વખાણ કરૂં ? ગરૂડપક્ષી એ તમારૂં આસન છે, એથી વધારે સુંદર આસન શું હોઈ શકે ? કૌસ્તુભમણિનો તમારો હાર છે, એથી અન્ય સુંદર હાર કયો હોઈ શકે ? પ્રત્યક્ષ લક્ષ્મી એ આપની ભાર્યા છે, તેથી વધારે ઐશ્વર્યવાળી વસ્તુ હું કઈ આપને ધરી શકું ?”

એક વખત તમે એવું ધારો કે તમારા ઠાકોરજી બાલસ્વરૂપ છે, સાક્ષાત્ છે, તમારે ત્યાં એક નાની ઠકરાત છે, સુખસંપત્તિ છે, તમારામાં ઉભરાઈ જતો વાત્સલ્યભાવ છે, તમારામાં કલાકૌશલ્ય છે,

તમને તમારા બાલ ઠાકોરજી માટે અતિ પ્રેમ છે, ભક્તિ છે, એ જ તમારા સુખનું કારણ છે, તેને લાડ લડાવવામાં, તેની નાની નાની માગણીઓ પૂરી પાડવામાં તમારો આનંદ સમાયેલો છે, એ જ તમારી સર્વ કૃતિની પ્રેરણા છે, તમારા પ્રાણનો પ્રાણ છે, તમારા આત્માનો આત્મા છે, તમારા ઐહિક તેમજ પારલૌકિક આનંદનું ધામ છે, જે મૂળ આનંદરૂપ છે તે જ તમારો બાલક થઇ મનુષ્યરૂપે સાકાર જન્મ્યો છે. જો આવું હોય તો પછી તમારા હૃદયમાં તેના સંતોષ માટે કેટકેટલો તનમનાટ હોય? કે તેના વિયોગનો કેટલો પરિતાપ હોય? આની કલ્પના તમે જ કરો.

ઉપરોક્ત સેવાવિધિમાં સંયોગવિયોગની દ્વિધાભક્તિના ફલરૂપ તમારી પ્રવૃત્તિ છે. પ્રભુની એકેએક ન્હાની મોટી કૃતિ, તેનું રૂપ, તેનું બોલવું, તેનું ચાલવું, તેનું ઉઠવું, તેનું બેસવું, તેનું હલવું, તેનું જમવું, તેનું ફરવું, તેનું ગાયોને ચરાવવું, તેનું ગ્રહણ કરવું, કે મૂકી દેવું, તેનું શયન કરવું, તેનું ગાવું, બધું જ મધુર મધુર છે કારણ કે તે મધુરતમ છે. આવી આકર્ષણની માનેલી ચેતન મૂર્તિની તમારે સેવા કરવાનું પ્રાપ્ત થાય અને તે પણ તમારી ઘડપણની અવસ્થામાં તો તમારા પ્રેમાવિષ્ટ ગાંડપણની કાંઇ અવધિ હોઇ શકે ખરી? લોહચુંબકના બળ આગળ લોખંડની સ્થિતિ થાય તેમ તમારા હૃદયની સ્થિતિ થાય, તેમાં શી નવાઇ? અને જો તમારી આવી સ્થિતિ થાય તો પછી તમારી વાત્સલ્ય પ્રેરિત ભાવભરી ભક્તિ તમારા બાલકને નવાં નવાં વસ્ત્રાભૂષણ પહેરવામાં, નવી નવી સામગ્રીઓ ધરાવી તેને સંતોષ કરવામાં, તમને કેટલો આનંદ થાય? અને જ્યારે તમારાથી તે વેગળો થાય ત્યારે તમારો પ્રેમ ઠાલવવા તમારૂં હૃદય તેના ગુણગાન ગાવા કીર્તનરૂપે ગુંજે તેમાં શું આશ્ચર્ય હોઇ શકે?

જી૦—આ બધું તો સ્વાભાવિક લાગે છે.

મુ૦—સેવાના પ્રકારમાં આ પ્રરબ્રહ્મસ્વરૂપ ભગવાન કે જે બાલક થયા છે, તેની દીનચર્યાની સ્મૃતિરૂપે ભાવભીણી આ સેવાવિધિ ભક્તના નિરોધ અર્થે યોજવામાં આવી છે. તે પ્રત્યે જો ભાવથી જોવામાં આવે તો તેની સાર્થકતા સહેજે સમજાય તેમ છે. માતા યશોદાએ શીત તેમજ ઉષ્ણ ઋતુને અનુકૂળ હોય તે પ્રમાણે આવી સેવા પ્રેમથી કરી. પોતાના બાલકનું લાલનપાલન પ્રેમથી કર્યું. તેથી પુષ્ટિમાર્ગના મંદિરોમાં આવી જાતની સેવા કરવાની પ્રણાલી પ્રચલિત કરવામાં આવી છે.

પ્રભુને ઋતુ ઋતુને અનુકૂલ હોય તેવાં સ્વચ્છ શુદ્ધ વસ્ત્રાભૂષણ વડે શોભા વધે એવા શૃંગાર કરવામાં આવે છે. આ શૃંગાર એવો તો કૌશલ્યપૂર્ણ હોય છે કે ઘડીભર જોનારને જોવાનું મન થયાં કરે. મૂર્તિનું મોહક આકર્ષણ એવું હોય છે કે ભક્ત તેના સૌંદર્યમાં ગવકાવ થઇ જાય. મંદિરની અંદરની રચના પણ એવી જ સુંદર હોય છે. એથી ભગવાનનાં મોહન બાલસ્વરૂપનાં દર્શન કરી ઘડીભર ભક્ત પોતાનાં દુઃખને ભૂલી જાય છે; અને હૃદયમાં આનંદનો અનુભવ કરે છે. અને દર્શનથી પોતાના જીવનને ધન્ય માને છે. આવી જ રીતે કીર્તનનો પ્રકાર પણ એટલો જ સુંદર અને ઋતુ અનુસાર યોજવામાં આવ્યો હોય છે. સમયાનુસાર સુસ્વર કીર્તન રસિક પ્રભુ આગળ કરવામાં આવે છે, જેની અસરથી ક્ષણભર ચિત્ત મુગ્ધ થઇ જાય છે અને ભક્તિપ્રેમના રંગથી રંગાઇ જાંય છે. આવા હેતુથી આ પ્રણાલી શ્રી વિઠ્ઠલનાથજી એ હયાતિમાં આણી છે.

મેં તમને કહ્યું હતું કે આ સેવા ભાવાત્મક છે. તેમાં એકે એક વસ્ત્ર તથા આભૂષણનો, પ્રભુને ધરાવવામાં આવતાં પુષ્પહાર ને સામગ્રીની એકેએક વાણગીનો તથા સેવા નિમિત્તે યોજવામાં આવતાં

એકેએક સાધન પાછળ સૂક્ષ્મ ભાવો રહેલા હોય છે. આવી સેવાની ક્રિયા અને પ્રક્રિયા લાગે છે તો આધિભૌતિક પણ ભાવદૃષ્ટિએ આધિદૈવિક છે. કારણકે ભગવાન આધિભૌતિક નથી. તેથી તે આધિભૌતિક વસ્તુનો અંગીકાર કરતા નથી. તેમને તો આધિદૈવિક વસ્તુ જ ગનીમત છે. માટે ભક્તે આ સેવા કરતાં અંદરના કેવા કેવા ઉન્નત ને ભક્તિપૂર્ણ ભાવો સેવવાના છે તે માટે ભાવભાવનાના અનેક હસ્તલિખિત ગ્રન્થો પણ માર્ગમાં અસ્તિત્વમાં છે. આ ગ્રન્થો દ્વારા ભક્તને માર્ગદર્શન થાય છે અને તે તેના ગૂઢ રહસ્યને સમજી શકે છે. આ આખી ભાવ વસ્તુ ઘણી જ ગૂઢ છે.

જી૦—મંદિરોમાં નંદાલયના ભાવથી સેવા કરવામાં આવે છે તેનો પ્રકાર તો આપના કહેવાથી હું કાંઈક સમજ્યો પણ ભક્તની ઘરસેવા માટે શું?

મુ૦—ભક્તિ બે પ્રકારની છે, સંયોગ ને વિપ્રયોગ. માટે જ તે દ્વિદલાત્મક કહેવાય છે. જ્યારે પ્રભુ ભૂતલ ઉપર બિરાજતા હતા ત્યારે વ્રજભક્તો અનેક મીષે નંદજીને ત્યાં જઈ પ્રભુનાં દર્શન ને સહવાસ પામતાં. અને જ્યારે એમ ન બની શકતું ત્યારે વિયોગમાં તેમના ગુણગાન ગાતાં ગાતાં જગતના પ્રાપંચિક વ્યવહારો કૃત્રિમ રીતે કરતાં. અને એવી રીતે ઉપર જણાવી તેવી સંયોગ ને વિપ્રયોગ દશાના પ્રેમને અનુભવતાં. ગોપગોપીઓના પ્રેમનું આકર્ષણ પ્રભુ પોતે જ પોતાના સ્વબળે અનેક વિવિધ પ્રકારની લીલાઓ કરી કરતા અને એમ કરી તેમનાં ચિત્ત પોતા તરફ વાળી તેમનો નિરોધ સિદ્ધ કરતા. આવું પ્રભુની અવતારદશામાં બનતું.

પ્રભુની અવતારદશામાં ગોપી જેવું જીવન જીવ્યાં તેવું જીવન જીવવાની ભક્તની અભિલાષા હોય છે. તેથી ગોપીમય જીવન ગાળવાના હેતુથી દર્શાવી એવી સેવાની પ્રણાલી માર્ગમાં દાખલ કરવામાં આવી છે. તેથી સ્વાભાવિક રીતે જ સામુદાયિક સેવાના પ્રકાર અર્થે

વૈષ્ણવોનાં સંયુક્ત તેમજ વૈયક્તિક સેવાના પ્રકાર અર્થે ઘરમંદિરો હયાતિમાં આવ્યાં છે.

એથી બ્રહ્મસંબંધની દીક્ષા લીધા પછી ભક્તને તેના જીવનકાર્ય તરીકે ગુરુ દ્વારા સેવાના ઠાકોરજી તેને માથે પધરાવી આપવામાં આવે છે. આવા ઠાકોરજી ગુરૂ દ્વારા પુષ્ટ થયેલા હોવાથી તેનું દૈવત્વ વિશેષ મનાય છે. આવા ઠાકોરજી એ ભક્તના ઘરમંદિરના ઠાકોરજી બને છે. આ ઘરના ઠાકોરજીની સેવા કરવામાં ભક્તના ઘરનો આખો વ્યવસાય સમાપ્ત થવો જોઇએ. તેની સેવા ગોપીભાવથી થતી હોવાથી બન્ને પ્રકારમાં ફેર હોય તે દેખીતું છે

જી૦—પણ, આવો ફેર તો કાંઈ જોવામાં આવતો નથી.

મુ૦—દેખીતી રીતે તો તમે કહો છો તેવું લાગે છે પણ તેવું નથી. ફેર તેની કેટલીક વિધિમાં ને ભાવમાં હોય છે. તે બહારથી જોનારને એવો સ્પષ્ટ ન દેખાય તે સ્વાભાવિક છે.

ખરૂં જોતાં ગોસ્વામી બાલકોના નિધિસ્વરૂપોની જે સેવા તેમનાં નીજ મંદિરોમાં થાય છે, તે નંદાલયના ભાવથી જ થાય છે એટલે તેમાં રાજશાહી વૈભવ અને મર્યાદાનું સખ્ત નિયમન અને આચારની કડકાઈ જોવામાં આવે છે. જ્યાં આવાં નિધિસ્વરૂપો નથી બિરાજતાં હોતાં, ત્યાં પોતપોતાના ઘરના જ એટલે પીઠના ગોસ્વામી દ્વારા સ્થાપવામાં આવેલાં વૈષ્ણવ મંદિરોનો વહીવટ પણ આવાં બાલકોના મંદિરોના અનુકરણરૂપે નંદાલયના ભાવથી ચલાવવામાં આવે છે. અને તે બરાબર જ છે. પરંતુ ઘરમંદિરોનો વિધિ, તેની પાછળ રહેલી ભાવના બધું જ જુદું હોવાથી તેના પ્રકારમાં ભેદ હોય જ. ઘરમંદિરની સેવાનો પ્રકાર ખરી શુદ્ધ પુષ્ટીસેવાના પ્રકારને અનુરૂપ હોય છે. કારણ કે તે વિશેષે કરીને ભાવપ્રધાન હોય છે. અને તેમાં મર્યાદાની

કકકાઈને અવકાશ હોતો નથી. કારણ કે તેનાં વિધિ અને સાધનો દરેક ઘરની આર્થિક સ્થિતિ ઉપર તેમજ અન્ય સંજોગો ઉપર આધારભૂત હોય છે. તેના નિયામક તરીકે બહુધા ભક્તનો ભાવ જ મુખ્ય વસ્તુ હોય છે પણ આવા પ્રકાર ને ભાવમાં ભેદ ગમે તેવો હોય, છતાં સેવા ક્રિયાત્મક નહિ, પણ ભાવાત્મક હોવી જોઈએ, એવો સેવાનો જે મૂળ હેતુ છે, તે તો બન્ને પ્રકારની સેવાને લાગુ પડે છે.

જી૦—આમાં રહેલા ભેદને જરા વધારે સ્પષ્ટ કરશો ?

મુ૦—સેવા કરતી વેળા જો મન સેવા સિવાય અન્ય ઠેકાણે ભટકતું હોય તો તેવી સેવા પ્રભુને પહોંચતી નથી. કારણ આવી સેવામાં ભક્તિભાવની ખામી હોય છે. પ્રભુ તો કેવળ ભાવના ભૂખ્યા છે. માટે યાંત્રિક સેવા અફર છે.

એક વખત એક વૈષ્ણવ સ્નાનાદિ કરી પ્રભુ સેવા કરવા બેઠા. પણ તેમનું ચિત્ત સેવામાં નહોતું. સેવા કરતા હતા તેવામાં બહારથી કોઈ માણસે આવી પૂછ્યું કે શેઠ ક્યાં છે ? ત્યારે શેઠના દીકરાની વહુ ઘરમાં કામ કરતી હતી તેણે જવાબ આપ્યો કે શેઠ તો મોચીને ત્યાં જોડા લેવા ગયા છે. આ સ્ત્રી અતિશય સેવાશીલ હતી. રોજ તે પોતે સેવા કરતી. પણ આજે સેવાનું કામ શેઠ પોતે કરતા હતા. આ સ્ત્રીએ પોતાની સેવાના પ્રતાપથી તેના સસરાના મનમાં તે વખતે શું રમી રહ્યું હતું તે તરત જાણી લીધું અને તેથી ઉપર પ્રમાણે જવાબ આપ્યો. સેવા કરતાં કરતાં શેઠે જવાબ સાંભળ્યો ને ચોંકી ઊઠયા. પોતાના મનની એવી દશા જોઈ અતિ ખિન્ન થયા. અને પોતાનો સેવાના કામમાં કેવો ભારે ગુન્હો થયો છે એ સમજી વહુ પાસે નીચે આવ્યા, તેની માફી માગી અને સેવા માટે તેનો અધિકાર વધારે ગણી તેને જ તે કાર્યમાં નિયુક્ત કરી. મતલબ કે મોઢેથી કૃષ્ણ ! કૃષ્ણ ! કરતા હોઈએ પણ ચિત્ત બીજે ઠેકાણે હોય તો તે સેવા કેવળ ક્રિયાત્મક છે. તે કેવળ બાહ્યાડંબરરૂપ બને છે.

તેની અસર અંતઃકરણ ઉપર કશી પણ થતી નથી અને તે વ્યર્થ જાય છે.

વૈષ્ણવઘરોમાં ઘણું કરીને આવી પ્રભુસેવા સ્ત્રીઓ જ કરે છે. અને તે વધારે અનુકૂળ છે. પણ, જ્યાં સ્ત્રીઓ ઉદાસીન હોય તો પછી વૈષ્ણવે જાતે કરવી. પણ જો આવી સ્ત્રી સેવાના કાર્યથી વિરુદ્ધ હોય તો? તો પછી તેવી સ્ત્રીનો ત્યાગ કરવો એવી સ્પષ્ટ આજ્ઞા મહાપ્રભુજી કરે છે.

જી૦—પણ, જો આવી છૂટ આપવામાં આવે તો ઘણાં ઘર ભાંગી જાય? વળી, આમાં પતિ તરીકેના ધર્મનો પણ ભંગ નથી થતો શું?

સુ૦—રાગદ્વેષને કામક્રોધને લીધે સ્ત્રીઓનો ત્યાગ કર્યાના દાખલા ઓછા નથી. વળી અત્યારે તો સુધરેલી દુનિયામાં કેવળ પોતાના તરંગની તૃપ્તિ અર્થે પણ છૂટાછેડા કર્યાના દાખલા સર્વસામાન્ય થઈ પડયા છે. પણ વૈષ્ણવમાર્ગમાં જે ત્યાગ કરવાની છૂટ આપવામાં આવે છે, તે આવા પ્રકારના ત્યાગ માટે નહિ. આવો ત્યાગ કાંઈ સામાન્ય સંજોગોમાં કરવાનો નથી જ. જે ભક્તની આસક્તિ પ્રભુભક્તિમાં હોય અને તેને સિદ્ધ કરવાના તેના કાર્યમાં સ્ત્રી તરફથી સક્રિય અંતરાય આવે ત્યારે શું કરવું એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. જો આનો અંતરાય સહી લેવામાં આવે તો તેનું જીવનકાર્ય વેડફાઈ જવાનો ભય રહે છે. તેથી કોઈપણ પ્રકારના આવેશને કે સ્વાર્થમય કામનાને લઈને નહિ, પણ શાંત ચિત્તે કેવળ ધર્મબુદ્ધિથી જેમ કોઈ દર્દીના દર્દનું ઔષધ કરવામાં આવતું હોય તેવી રીતે તે ભક્ત પોતાની સ્ત્રીનો ત્યાગ કરી શકે. વારુ, બીજી રીતે વિચાર કરતાં પણ આપણને આમાં કશું અઘટિત ન લાગવું જોઈએ. માનસશાસ્ત્રીની દૃષ્ટિએ જોઈએ

તો આવી સ્ત્રી પતિ પાસે શેની અપેક્ષા રાખે છે ? તેને પતિ પ્રત્યે પ્રેમ તો નથી જ તે તો સ્પષ્ટ જ છે. તે પોતાના પત્ની તરીકેના હકો માટેની ઇચ્છા રાખે એમ તમે કહેશો. આવા હકો બે પ્રકારના હોઇ શકે, સ્થૂલ ને સૂક્ષ્મ. આર્થિક સંપત્તિમાંથી જે કાંઇ સ્થૂલ સુખોની તૃપ્તિ થાય તે તો કાયમ રહે છે કારણ કે સ્ત્રીનો ત્યાગ કરવાનું કહેવામાં આવ્યું છે, તેનો અર્થ એવો નથી કરવાનો તેને ઘરબહાર કાઢી મૂકવાની છે. ખરૂં જોતાં તે પોતે ઘરબહાર થાય છે એવો તેનો અર્થ છે. આવો ભક્તપતિ પોતાના ધ્યેયની સફળતા માટે વિત્ત લઇ તથા એમ નહિ તો પોતાના નિભાવ અર્થે અન્ય પ્રકારની એવી કાંઇ ગોઠવણ કરી, કુટુમ્બની જંજાળમાંથી છૂટો થઇ, નિશ્ચિંતપણે પોતાનું ભગવત્કાર્ય ચાલુ રાખે છે. આમ થવાથી સ્ત્રીની કામવાસના અતૃપ્ત રહે એ બનવા જોગ છે. પણ, તે બાબતમાં તો આપણે જોયું કે ભક્ત આવો શારીરિક સંબંધ રાખે તો પણ તે કૃષ્ણપ્રિય પુત્રની કામનાથી રાખે. આવો સંભવ આવા સંબંધમાં અસંભવિત હોવાથી પ્રભુ ઇચ્છા માની બન્નેએ સંયમ રાખતાં શીખવું રહ્યું. આવો સંયમ બન્નેના આત્માને હિતકર છે.

જિ૦—આ લાગે છે તો બધું આદર્શમય પણ વ્યવહારમાં કેટલું કઠણ છે, એની હું કલ્પના કરી શકું છું અને આપ પણ કરતા હશો જ.

મુ૦—પણ, આ બાબતમાં તમારે ભય રાખવાનું કારણ નથી. પહેલાં તો આવા દાખલા જ જવલેજ બને છે. તેમાં યે આવા આદર્શ માટે ધર્મબુદ્ધિથી જીવનને હોડમાં મૂકનાર જ હાલ કેટલા ઓછા ? તમને આમાં મહાપ્રભુજીની આજ્ઞાની સખતાઇ લાગતી હશે પણ તેવું નથી. માટે ઉપર કહ્યું તે પ્રમાણે સેવા કરવી. સેવા કરતાં કરતાં ભગવાનમાં રતિ પેદા થશે. આજ ભક્તનો સ્વધર્મ છે.

જિ૦—આવા સેવામાર્ગીને કાંઇ વ્યવસાય આવી પડે તો ?

મુ૦—ભક્ત બાહ્ય વ્યવસાયને નોતરતો નથી પણ આવીજ પડે તો તે કરે છે પણ તેમાં તેની આસક્તિ હોતી નથી. તેનો પરમ વ્યવસાય તો સેવા માત્ર છે. તેથી તેને હરકત ન આવે તેવી રીતે તેવો વ્યવસાય કરી નાંખવાને તેને બાધ હોતો નથી.

ઇતર આચાર્યો અગર ધર્મગુરૂઓ અનેક પ્રકારનાં વ્રત, ઉદ્યાપન, ઉપવાસ, અગર તો સંસાર ત્યાગ કરવાનો ઉપદેશ આપે છે. પુષ્ટિમાર્ગમાં ભક્તને સંસારનો ત્યાગ કરવાનો નથી. સાધનદશામાં સંસારને રક્ષણની વાડ માનેલી છે. તેથી ચિત્તને બને તેટલું અશ્લિષ્ટ રાખવા અર્થે વ્યવહારના તેમજ વર્ણાશ્રમના ધર્મોનું પાલન કરવું પડે તેટલું કરવું, અંતરની આસકિત પ્રભુમાં રાખવી. પાણીમાં રહેવા છતાં કમલવત જલથી અલિપ્ત રહેવું, એવો તેનો આદેશ છે.

આવો સેવાશીલ વૈષ્ણવ તપશ્ચર્યા કરતો નથી કે એકાંતવાસનું સેવન કરતો નથી પરંતુ કશી પણ અપેક્ષા સિવાય પ્રભુસેવામાં નિમગ્ન રહે છે. પ્રભુ સેવા એ જ તેનો ધર્મ હોય છે. આપણે ઉપર બાહ્ય અંતરાયોની વાત કરી પણ એથી વધારે ભકતને આન્તરિક અંતરાયો વટાવવાના હોય છે અને તેમાં તેણે ઘણું મંથન કરવું પડે છે.

જી૦—તે કયા ?

મુ૦—પણ, મને લાગે છે આ વિષય આપણે કાલ ઉપર જ મુલત્વી રાખીએ. કદાચ તે ઉપર વિચાર કરતાં સમય પણ વધારે જોઇશે.

જી૦—જી, જેવી ઇચ્છા. જયશ્રીકૃષ્ણ !

મુ૦—જયશ્રીકૃષ્ણ !

[૩૫] સેવાફલ

મુ૦—શ્રી મહાપ્રભુજીએ 'સેવાફલ' નામનો નાનકડો ગ્રન્થ રચ્યો છે. તેની ભાષા એવી તો સૂત્રાત્મક છે કે આપશ્રીએ જ તેના ઉપર જુદું વિવરણ લખ્યું છે. સદરહુ ગ્રન્થમાં આપશ્રી સેવામાં ત્રણ દોષો બતાવે છેઃ सेवायां प्रतिबंधकत्रयम् उद्वेगः प्रतिबंधोमोगोवा ॥ સેવામાં ત્રણ પ્રકારનાં વિઘ્નો નડે છેઃ ઉદ્વેગ, પ્રતિબંધ ને ભોગ એટલે કે સાદી ભાષામાં મનની વ્યગ્રતા હોવી તે, લૌકિકમાં આસક્તિ થવી તે, અને વિષયભોગ હોવો તે. આ ત્રણે દોષો સેવામાં બાધક ગણેલા છે. આવી નડતરોને લીધે સેવાનું કાર્ય બરાબર થઈ શકતું નથી. કારણ કે ચિત્ત એકાગ્ર થઈ શકતું નથી. સેવામાં આવી કંઈને કંઈ નડતરો આવ્યાં જ કરે તો આપણને સેવામાં રસ લાગતો નથી. જો સેવા બરાબર કરવી હોય તો આ પ્રતિબંધો દૂર થવા જ જોઈએ.

જી૦—પણ, આ ત્રણે પ્રતિબંધો ઉપર કંઈ વિશેષ પ્રકાશ પડે તો સારું. તે વિના તેનો બરાબર ખ્યાલ નથી આવતો.

મુ૦—આપણે પહેલાં ઉદ્વેગ લઈએ. ઉદ્વેગ એટલે ? જ્યારે મનમાં કંઈને કંઈ ચિન્તા રહ્યાં કરે અને તેને લીધે મન વ્યગ્ર રહે, ને સેવામાં ચોટે જ નહિ; જ્યારે આપણા મનની દશા આવી હોય છે—ત્યારે આપણે તેને ઉદ્વેગ કહીએ છીએ. આવો ઉદ્વેગ રહ્યાં કરે ત્યારે ચિત્ત પ્રસન્ન રહે એ માટે પવિત્ર ગ્રન્થોનું વાંચન કરવું, એ સર્વથી

શ્રેષ્ઠ ઉપાય છે. આ માટે શ્રી વલ્લભાચાર્યજીએ 'નવરત્ન' અને 'અંતઃકરણ પ્રબોધ' નામના ઉત્તમ ગ્રન્થો પ્રકટ કર્યા છે અને તેના સેવનથી ઘણાએ વૈષ્ણવોએ નિશ્ચિંતતા મેળવી છે. આવી મનની ચિન્તાઓ લૌકિક હોય કે અલૌકિક ઉભય માટે ઉપર બતાવ્યો એ ઉપાય રામબાણ છે. પણ તે માટે શ્રદ્ધા અને દીનતા જોઈએ. તેના અભાવમાં તો ઇષ્ટ ફલ પ્રાપ્ત થવું અસંભવિત છે.

હવે બીજા પ્રકારની નડતર, જે પ્રતિબંધના નામથી વર્ણવવામાં આવી છે, તેનો આપણે વિચાર કરીએ: પ્રતિબંધ એટલે વિઘ્ન, અડચણ. આવો પ્રતિબંધ બે પ્રકારનો હોઈ શકે; જીવકૃત ને ભગવત્કૃત. પહેલામાંમાં જીવે પોતે પોતાની મેળે પોતાના અજ્ઞાનને લીધે એવી સ્થિતિ ઉભી કરી હોય કે તે સેવામાં નડતરરૂપ નીવડે. આમાં જીવની લૌકિક અસક્તિ કે અજ્ઞાન કારણભૂત હોય છે. માટે જીવે પોતે તેનું નિવારણ કરવાનું છે. મહાપ્રભુજીએ 'વિવેક ધૈર્યાશ્રય'ના ગ્રન્થમાં જ્ઞાનની ને શ્રદ્ધાની જે દૃષ્ટિ આપી છે, તેને ચિત્તમાં બરાબર ઉતારી જીવે પોતે પોતાની લૌકિક આસક્તિ દૂર કરવી એજ તેનો સર્વથી સાદો ઉપાય છે. જો જીવ સાચા અંતઃકરણથી અને નમ્રભાવે તેમ કરશે, તો ભગવાન તેનો પુરૂષાર્થ સફળ કરશે, તેમાં બે મત નથી. આ માટે ભગવદીયોનો સત્સંગ સેવવો ને તેમની સાથે નિવેદનમંત્રનું સ્મરણ કરવું અને જે કાંઈ અનિષ્ટ સ્થિતિ પોતાના અહં ને મમત્વને લીધે ઉભી થઈ હોય તેનો ત્યાગ કરવો, જેથી તે ફરીથી તેને હેરાન કરી શકે નહિ. રાસલીલાના પ્રસંગે જ્યારે શ્રી ઠાકોરજી અદૃશ્ય થયા ને ગોપિકાઓ વિહ્વલ બની તેમને માટે ઝૂરવા લાગી ને તેમને ખોળવા આમ તેમ ભટકવા લાગી ત્યારે એવાજ કારણે ત્યજાયેલી રાધારાણી પણ ત્યાં આવી પહોંચ્યાં. જેની તેઓ ઇર્ષ્યા કરતાં હતાં તેવાં પ્રાણેશ્વરીને પણ પ્રભુએ ગર્વાવેશને લીધે ત્યાગ કર્યો છે એવું તેઓએ જાણ્યું ને તે માટે પ્રભુના નહિ પણ પોતાના દોષથી બળતાં રાધાજીને જ્યારે તેમણે જોયાં, ત્યારે તેમને પોતાના સ્વદોષનું ભાન આવ્યું ને બધાં જ ભેગાં

મળી પ્રભુનાં ગુણગાન કરવા લાગ્યાં. આવા પશ્ચાતાપના અગ્નિથી તેમનાં હૃદય નિર્મલ ને શુદ્ધ થયાં. તેમ થતાં પ્રભુ જે તેમનાજ હૃદયમાં બિરાજતા હતા તે બહાર પ્રકટ થયા ને તેમને દર્શન આપ્યાં. સેવાના કાર્યમાં પણ આવા જીવકૃત અંતરાયો જીવે પોતે દૂર કરવાના છે. જ્યાંસુધી જીવ પોતે મહાત્મ્યપૂર્ણ જ્ઞાનથી પ્રભુના સાચા સ્વરૂપને જાણતો નથી અને પ્રેમમાંથી ઉદ્ભવતી દીનતા વડે અહંવૃત્તિનો પૂરેપૂરો નાશ કરતો નથી ત્યાંસુધી તેનો આત્મા પ્રભુરમણ માટે પાત્ર થતો નથી. માટે આવા અંતરાયો પણ જીવની શુદ્ધિ માટે જ હોય છે ને તેમાંથી તેના સારરૂપે તેને પોતાની શુદ્ધિ કરવાની છે. આવી ક્લેશયુક્ત સ્થિતિમાંથી જલદી બહાર આવવું હોય તો તે માટે સત્સંગ એ સચોટ ઉપાય છે. પ્રભુ દયાળું છે ને દાક્તર જેમ દેહનાં દર્દ ઓષધિ વડે મટાડે છે, તેમ આપણાં આધ્યાત્મિક દર્દોને પણ આવા આન્તર ક્લેશો દ્વારાજ મટાડે છે. એ માટે જરૂરી દીનતા ને પ્રયત્નશીલપણું એટલે હૃદયની સચ્ચાઈ જોઇએ.

પણ, ધારો કે એવો પ્રતિબંધ આવી પડે જે જીવના સેંકડો ઉપાય છતાં, નિવારી શકાય તેવો ન હોય તો ? એવો પ્રતિબંધ આવી પડે જે જીવના પોતાના ઉપાયથી નિવૃત્ત ન થઈ શકે એવો હોય તો જીવે માનવું કે પોતે સેવા માટે અધિકારી નથી અને પ્રભુ પોતે જ તેનો અંગીકાર કરવા ઇચ્છતા નથી. આમાં જીવનો પોતાનો ઉપાય નથી. આવી સ્થિતિમાં પ્રભુની ઇચ્છા વિચારી જીવે સેવાનો માર્ગ છોડી દેવો અને જ્ઞાનમાર્ગે દુઃખ નિવૃત્તિ કરવાનો ઉપાય શોધવો. અને શુદ્ધ અદ્વૈત જ્ઞાન પ્રાપ્ત કરવા યત્નશીલ થવું.

હવે રહ્યો ભોગરૂપી પ્રતિબંધ. આ ભોગવૃત્તિ પણ બે પ્રકારની હોય છેઃ (૧) લૌકિક ભોગો ભોગવવાની વિષયવૃત્તિ તથા અલૌકિક ભોગ. આમાં લૌકિક ભોગથી મન ચંચળ થાય છે ને પ્રભુમાં શુદ્ધ પ્રેમ

ટકી શકતો નથી. જ્યારે વિષયભોગની આ ઇચ્છા જીવને હેરાન કરે ત્યારે ઇન્દ્રિયોનો નિગ્રહ કરી તેનો ત્યાગ કરવો. જેમ જેમ પ્રભુ સેવામાં મન વધારે ને વધારે તલ્લીન થતું જશે તેમ તેમ વિષયભોગની લાલસા ઓછી થતી જશે. પરંતુ, અલૌકિક ભોગની વાત જુદી છે. આવો ભોગ બાધક ન હોતાં ઉલટો સાધક છે. પ્રભુ સેવા તેની સિદ્ધિ અર્થેજ છે, એ કહેવાની જરૂર ન હોય.

આવા પ્રતિબંધો જીવને નડે, ત્યારે તેનો સર્વ રીતે ત્યાગ કરવાનો બોધ મહાપ્રભુજી આવે છે. હવે હું તમને સેવાના પ્રકાર કેટલા છે, એ ઉપર કંઇક કહીશ.

જી૦—'ચેતઃ તત્પ્રવણં સેવા' એવું તો આપે મને પૂર્વે કહેલું, એ મને યાદ છે.

મુ૦—હા, ચિત્તની આવી સ્થાયી સ્થિતિ તો સેવાની સિદ્ધ અવસ્થામાં જ પ્રાપ્ત થાય છે. જ્યારે માનસી સેવા સિદ્ધ થાય છે, ત્યારે એ દશા અનુભવાય છે. પણ કોઈપણ પ્રકારની પ્રાપ્તિ એમ જલદીથી તો ઓછી સિદ્ધ થાય છે? એક નાની વસ્તુ પણ શ્રમસાધ્ય છે તો પછી આવી મોટી પ્રાપ્તિ માટે સાધનાની આવશ્યકતા હોય જ. આવી અપક્વ દશાને સાધનદશા કહે છે ને તેમાં ખાસ કરીને તનુજા ને વિત્તજા સેવા અનિવાર્ય છે. તનુજા અને વિત્તજા સિદ્ધ થયેથી જ 'અહં'ને મમ'ની નિવૃત્તિ થાય છે અને તેના પરિણામ રૂપે દુઃખની પણ. કારણ કે તેવી સેવાના પ્રતાપે બ્રહ્મનું સાચું સ્વરૂપ સમજાતું જાય છે, અને એના સાચા સ્વરૂપની પ્રતીતિ થતાં, દુઃખ નિવૃત્ત થાય છે. સેવા એટલે પ્રભુમાં ચિત્તની એકાગ્રતા. માટે આવી સેવાને માનસી સેવા તરીકે ઓળખવામાં આવે છે. માનસી શબ્દ મન ઉપરથી થયેલો છે. આવી આન્તર સ્થિતિની સિદ્ધિ અર્થે તનુજા એટલે તનની અને વિત્તજા એટલે વિત્તની અથાત્ દ્રવ્યની

એમ બે પ્રકારની સેવા ગણાવી છે, જ્યારે તે સિદ્ધ થાય છે, ત્યારે સંસારની નિવૃત્તિ યાતો બ્રહ્મબોધની એટલે બ્રહ્મત્વની સ્થિતિએ પહોંચાય છે, આમાં તનુજા ને વિત્તજા સેવા સાધનરૂપ છે, માનસી સેવા તેના ફલરૂપ છે.

જી૦—આ શબ્દો માર્ગની પરિભાષાના લાગે છે.

મુ૦—હા. તનુજા સેવા શરીરથી એટલે દેહેન્દ્રિયોથી કરવામાં આવે છે. પ્રભુ કથાનું શ્રવણ કરવું, તેના ગુણગાન ગાવા, તેનું મનન કરવું. આમ દેહની સર્વ ઇન્દ્રિયોને પ્રભુમાં અને પ્રભુના કાર્યમાં યાતો પ્રભુના કારણે રોકવી એનું નામ તનુજા સેવા. આમાં સેવા નિમિત્તે કરવામાં આવતો દેહેન્દ્રિયોનો ઉપયોગ એ પણ તનુજા સેવા કહેવાય. મંદિરની બુહારી કરવી, પ્રભુ માટે જળ લાવવું, સામગ્રી તૈયાર કરવી, ફલફુલની સેવા કરવી, વગેરે વગેરે સઘળી નાની મોટી ક્રિયાઓનો સમાવેશ થાય છે. તમને યાદ હશે કે રાજા આશકરણે તનુજા સેવાની પૂરતી માટે પ્રભુ માટે દળવા સુદ્ધાનું હલકું ગણાતું કામ પણ કરેલું. નવધા ભક્તિમાં જે શ્રેણી બતાવી છે, તેમાં પહેલી છ શ્રેણીઓનો આમાં સમાવેશ થાય છે હવે આવે છે વિત્તજા સેવા.

જી૦—આપે અગાઉ કહ્યું હતું કે ધનનો પ્રભુના કામમાં જ ઉપયોગ કરવો એ ભકિત માર્ગનો એક સિદ્ધાન્ત છે.

મુ૦—હા, મનુષ્યની આસકિત ધન ઉપર વિશેષ હોય છે. તે પોતા માટે જ નહિ, પોતાના કુટુમ્બ માટે જ નહિ, પણ તેના દીકરાના દીકરા માટેની પણ ચિન્તા કરતો માલુમ પડે છે. અને તે એટલે સુધી કે ધનનો સંચય કરવામાં નીતિ અનીતિનો વિચાર સુદ્ધાં કરતો નથી. આવા વિવેકહીન ધનસંચય પાછળ તે ચિન્તા કરતો જ હોય છે. આવા ધનનો ઉપયોગ પ્રભુ નિમિત્તે કરવામાં આવે

તો તેના વડે મમતાને તિલાંજલિ આપી શકાય. માટે ધનનો ઉપયોગ સેવાના કામમાં કરવો એવો વિત્તજા સેવા પાછળ હેતુ રહેલો છે. આવું દ્રવ્ય જેટલું વધારે શુદ્ધ, તેટલી સેવામાં સાત્વિકતા ને દૈવીપણું વધારે. દ્રવ્યનો ઉપયોગ પ્રભુ કારણે ઘણી રીતે થઈ શકે. ઠાકોરજીની સ્વરુપસેવા અંગે તેમજ નામ સેવા અંગે પણ. પરંતુ પગાર રાખી ભાડુતી માણસો દ્વારા સેવા કરાવવી એ વિત્તજા સેવા કહેવાતી નથી.

મનને પ્રભુ પરાયણ બનાવી, તેમાં તદ્દાકાર કરી, પ્રભુમાં અંતઃકારણને સ્થિર કરવું, એને માનસી સેવા કહે છે. તનુજા તથા વિત્તજા સેવાની સિદ્ધિના અંતે ભગવાનમાં ભક્તનું ચિત્ત પૂરેપૂરું લય થાય છે. અર્થાત પ્રભુ સેવા તે આપોઆપ કરવા લાગી જાય છે. હવે બાહ્ય સેવા જે તેને કેવળ સાધન રૂપ હતી તેજ હવે સિદ્ધિરૂપ થઇ હોય છે. એનું નામ જ ફલરૂપા સેવા.

તનુજા સેવાથી અહંકાર વૃત્તિનો નાશ થાય છે, વિત્તની સેવાથી મમતાનો નાશ થાય છે, અને માનસીથી નિરોધ સિદ્ધ થાય છે.

થવાથી પૂર્વે ભક્તનો પ્રેમ જે સંસાર પ્રત્યે હતો, તે બદલાઈ જઇ પ્રભુ પ્રત્યે થાય છે. હવે સંસાર તેને ખારો લાગે છે. પ્રભુના પ્રેમમાં તથા તેના ભજનમાં તે છકેલો રહે છે. આવી તનુજા સિદ્ધિથી તેને પ્રભુ વિષયક પ્રેમ નિઃસીમ લાગે છે, અને વિત્તજા સેવાના પરિણામે પ્રભુમાં અનન્ય આસક્તિ ઉત્પન્ન થાય છે. એથી તેને ગૃહ અનાત્મ લાગે છે, અને સંશારની નિવૃત્તિ થાય છે. આવું થતાં તેનામાં વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. બીજા શબ્દોમાં તનુજા ને વિત્તજા સેવાથી સંસારનિવૃત્તિ તથા બ્રહ્મજ્ઞાન થાય છે. સેવાનું આ ફલ મધ્યમ કહેવાય છે. પણ આના ફલરૂપે જ્યારે માનસી સિદ્ધ થાય છે, ત્યારે તેને ભક્તિનું ઉત્તમ ફળ મળે છે. આવી દશા પ્રેમની વ્યસન દશા કહેવાય છે. માટે તનુજાથી પ્રેમ, વિત્તજાથી આસક્તિ ને માનસીથી

વ્યસન એમ ચઢતા ક્રમમાં ભક્તિની સિદ્ધિ સેવા દ્વારા મેળવી શકાય છે.

ઉપર બતાવવામાં આવ્યું તેમ વૈરાગ્ય દ્વારા સંસાર નિવૃત્તિરૂપ મધ્યમ દશા ભક્તને પ્રાપ્ત થાય પણ તેનાથી તેને સંતોષ થતો નથી. તેમાં તે પરમ પુરુષાર્થની સિદ્ધિ જોતો નથી. ખરૂં તો સંસારનિવૃત્તિપૂર્વક પરમાનંદની પ્રાપ્તિ થવી જોઇએ. આ ઉત્તમ દશાની પ્રાપ્તિ એનું નામ જ માનસી દશા. मानसी च परा मता । આ વ્યસનદશા ફલદશાની બનાગર છે. શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે:

“જ્યારે પ્રભુમાં પ્રેમ ઉત્પન્ન થાય છે ત્યારે લૌકિક વસ્તુઓ પ્રત્યેનો પ્રેમ જતો રહે છે. તે પ્રેમમાંથી આસક્તિનો વિકાસ થાય છે, ત્યારે તેને ઘર તરફ અરુચિ પેદા થાય છે. ગૃહજીવન ગાળતો આવો જીવ જ્યારે આસક્તિમાંથી વ્યસનદશાએ પહોંચે છે, ત્યારે તેને ઘર બાધકરૂપ અને અનાત્મ લાગે છે. આ પ્રેમની અંતીમ દશા છે. માટે જ મહાપ્રભુજી કહે છે કે “यदास्याद्व्यसनं कृष्णे कृतार्थः स्यादेव हि । શ્રી કૃષ્ણસંબંધી વ્યસન પ્રાપ્ત થાય ત્યારે ભક્ત પોતાને કૃતકૃતાર્થ થયેલો માને છે. પછી તેને કંઇ કરવાનું બાકી રહેતું નથી.

જી૦—આપે પહેલાં ગોપીભાવની વાત કરેલી તેવી જ દશાને ભક્તિની માનસી દશા કહેતા હશો ને?

મુ૦—માનસી સેવા સિદ્ધ થયેથી ભક્તનો પ્રભુ સાથેનો તમામ વ્યવહાર અંતઃકરણ દ્વારા સિદ્ધ થાય છે. પછીથી તેની સેવા બાહ્ય મટી ભાવાત્મક બને છે. અને જેમ વ્રજાંગનાને જે જે ભાવો થતા તે તે ભાવોને સંતુષ્ટ કરી પ્રભુ તેમને રસનું દાન કરતા એવી રીતે ભક્ત હવે સર્વાત્મભાવથી પ્રભુનો સ્વાનુભવ કરે છે. સર્વાત્મભાવ એટલે

ભગવદ્ વિષયક નિરુપાધિ સ્નેહ યા ભક્તિ. જેવો આપણો શુદ્ધ પ્રેમ આત્મામાં હોય છે, તેવો શુદ્ધ પ્રેમ આત્માને ઠેકાણે ભગવાનમાં થાય, ત્યારે તેવા ભાવને આપણે સર્વાત્મભાવ કહીએ છીએ. આવો સર્વાત્મભાવ અત્યંત વિરહી દશાએ પહોંચેલો હોય એટલે કે વ્યસનદશા જેને પ્રાપ્ત થઇ હોય, તેવા ભકતમાં જ હોઈ શકે છે. मद्भावः सर्वभूतेषु । સર્વ વસ્તુમાં મારા એટલે ભગવાનના ભાવને તે પામે છે, એટલે સેવા વડે ભગવાનના આનંદમય સ્વરુપનો તે અનુભવ કરી શકે છે. આજ ભાવને પ્રકટ કરતાં શ્રી હરરાયજી કહે છે કે;

“ મારૂં સર્વ કાંઇ શ્રી કૃષ્ણ છે એવા ભાવથી જે ભક્તિ કરવામાં આવે છે, તેમાંથી શ્રી કૃષ્ણના શ્યામસુંદર સ્વરૂપનો આનંદ તે મેળવી શકે છે. આવી ભક્તિથી ભગવાન પણ ભકતના પ્રેમને વશ થઇ તેનાથી બંધાય છે ને ભકતના હૃદયમાં રસાત્મરૂપે સ્થિતિ કરી રહે છે.” (પુષ્ટિ પથ મર્મ નિરુપણ) માટે જ શ્રી વલ્લભાચાર્ય કહે છે કે कृष्णसेवा सदा कार्या मानसी सा परा मता । કૃષ્ણસેવા સદાયે કરવી. અને તેમાંયે પ્રભુચિંતનવાળી સેવા સૌથી ઉત્તમ છે:

જી૦—આપે વર્ણવી તેવી ઉત્તમ સેવાના અધિકારી કંઇ બધા મનુષ્યો હોઈ શકે નહિ. ત્યારે સેવાથી પ્રાપ્ત થતાં ફળમાં કાંઇ ભેદ હશે ? કે પછી બધાને સરખું ફળ મળતું હશે ?

મુ૦—આપણે પૂર્વે જોઈ ગયા કે તનુજા ને વિત્તજા સેવા સાધન સેવા છે. સાધનસેવા ફળરૂપી માનસી સેવામાં ન પરિણમે ત્યાંસુધી પ્રભુ તરફથી અલૌકિક ફળનું દાન થતું નથી. માટે ફલદશા તો માનસી સિદ્ધ થયા કેડેજ થાય છે. આવા અલૌકિક દાનના પણ ત્રણ પ્રકાર છે. આ ત્રણ જાતનાં ફળો પુષ્ટિભક્તિનાં મિશ્રરૂપો છે. શુદ્ધ પુષ્ટિ એથી જુદી અને સર્વોત્કૃષ્ટ છે.

જિ૦—આ રૂપો કેવાં હશે ને તેમાં ભેદ હોવાનું શું કારણ હશે?

મુ૦—માનસી સેવાનાં રૂપ ત્રણ જાતનાં હોય છે: (૧) વૈકુંઠમાં સેવોપયોગી દેહ, (૨) સાયુજ્ય, (૩) અલૌકિક સામર્થ્ય. એનાં માર્ગની પારિભાષામાં પુષ્ટિપ્રવાહ, પુષ્ટિમર્યાદા ને શુદ્ધ પુષ્ટિ એવાં નામો આપેલાં છે. વૈકુંઠમાં સેવોપયોગી દેહ એ સાધારણ રૂપ છે. એ પુષ્ટિપ્રવાહ તરીકે ઓળખાય છે. તેમાં પરમાનંદ પ્રભુની લીલાનો અનુભવ લેવા ભક્તને સહવાસ-સુખનો લાભ મળે છે. આવા ભક્તો ભક્તિના ક્રિયાત્મક પ્રકારમાં સારો રસ ધરાવે છે.

બીજો પ્રકાર સાયુજ્યનો છે. સાયુજ્ય એ પુષ્ટિમર્યાદા કહેવાય છે, એ ભક્તિનો મધ્યમ પ્રકાર છે. પ્રભુ સમાગમમાં રહી ત્યાંની લીલામાં ભાગ લેવાની તેને યોગ્યતા મળે છે. પ્રભુની આનંદક્રીડા તેના હૃદયમાં ચાલુ હોય છે. તેના જીવન ક્રમમાં પ્રભુપ્રાપ્તિની ઇચ્છા સદાયે જોવામાં આવે છે. વ્રજાત્માઓની પેઠે પ્રભુની સાથે તે હસે છે, બોલે છે, નાચે છે, ખેલે છે; આવી મુક્તિને સાયુજ્ય મુક્તિનું નામ આપવામાં આવે છે. અહીં હું તમારૂં એક બાબતમાં વિશેષ ધ્યાન ખેંચવા માગું છું. જ્ઞાનીની મુક્તિને પણ સાયુજ્ય મુક્તિનું નામ આપવામાં આવ્યું છે પણ તે સાયુજ્ય ભાવના આથી જુદી છે. તેમાં ભગવાનને સાથે અભેદવાળી તાદાત્મ્ય સ્થિતિ રહેલી છે, જે ઉપરની ભક્તિપૂર્ણ દશાથી જુદા પ્રકારની છે.

હવે ત્રીજો પ્રકાર અલૌકિક સામર્થ્યનો છે. આ ફળ સર્વોત્તમ છે. એમાં પ્રભુ પ્રત્યે નિર્હેતુક પ્રેમભક્તિ હોય છે. તેમાં તેવો ભક્ત પ્રભુનો વિરહ અસહ્ય લાગે એવી વ્યસનદશાને પામેલો હોય છે. તેવા ભક્તને પ્રભુ આનંદનો ઉપભોગ કરવાને અલૌકિક સામર્થ્યનું

દાન કરે છે. આવા ભક્તને બ્રહ્મત્વની પ્રાપ્તિ તો પૂર્વે થઈ ગયેલી હોય છે જ. ब्रह्मविदाप्नोति परम् ।। બ્રહ્મને જાણનારો ભક્ત પરબ્રહ્મને પ્રાપ્ત કરી શકે છે. (તૈ. ૧૫, ૨, ૨,) સર્વ પ્રકારની ભાવપૂર્વક લીલામાં પ્રભુના સમાગમ દ્વારા પૂર્ણાનંદનો અનુભવ કરે છે. આવો પૂર્ણાનંદ ભોગવનાર ભક્ત માટે सोऽश्नुते सर्वान् कामान् सहब्रह्मणा विपश्चिता ।। વિવિધ ભોગ ચતુર પરબ્રહ્મ સાથે સર્વ કામ-મનોરથ ભોગવે છે (તૈ. ૨ (૧)). આવું ઉત્તમ ને અદ્ભુત સામર્થ્ય તેને શી રીતે મળેછે તે વિષે બ્રહ્મસૂત્રકારે એક દાખલો આપ્યો છે: જેમ એક દીવા વડે બીજો દીવો પ્રકટાવી શકાય, તેમ તે સ્નેહવાળા પ્રભુભક્તિ માટે વિહ્વલ બનેલા ભક્તના હૃદયમાં પ્રવેશ કરે છે ને ત્યાંથી અંતસ્થ ચૈતન્ય જ્યોત પ્રકટાવે છે. તેને પોતાનો પરમાનંદનો અનુભવ કરાવવા અર્થે અલૌકિક સામર્થ્ય આપે છે. આવું સામર્થ્ય તેણે વ્રજભક્તોને આપ્યું હતું. કારણ કે તેમને જે ભક્તિ કરી તે સર્વથી શ્રેષ્ઠ ભક્તિ હતી.

જી૦—ત્યારે એમ કહી શકાય કે પુષ્ટિપ્રવાહ એ ક્રિયાત્મક ભક્તિનો, સાયુજ્ય જ્ઞાનાત્મક ભક્તિનો અને અલૌકિક સામર્થ્ય એ પ્રેમાત્મક યાતો સ્વરૂપાત્મક ભક્તિનો, એવા પ્રેમના જુદા જુદા લક્ષણવાળા ભક્તિના પ્રકારો છે, તો એમાં શું ખોટું ?

મુ૦—હા, કંઈ એમ જ. સેવાનું આવું ફળ મળે, ત્યારે જાણવું કે તે નિત્ય છે. કારણ કે તેમાં કાલ બાધા કરી શકતો નથી. વળી તેમાં બીજું પણ એક કારણ છે. આવી ભક્તિના દાનમાં જીવકૃતિ નિયામક નથી હોતી પણ પ્રભુ અનુગ્રહ જ હોય છે. આવી વ્યસન-દશાએ પહોંચેલા ભક્તને કશી પણ અપેક્ષા હોતી નથી, તે નિરપેક્ષ હોય છે. તે ભક્ત તો મુક્તિ સુદ્ધાંની ચિન્તા કરતો નથી. શ્રી

વિઠ્ઠલનાથજીએ સર્વોત્તમ સ્નાત્રમાં મક્તિમાર્ગે સર્વમાર્ગે વૈલક્ષ્યાનુભૂતિકૃત્ એવું નામ શ્રી વલ્લભાચાર્યનું આપ્યું છે. સામાન્યપણે કહેવું હોય તો કહી શકાય કે ભક્તિમાર્ગ જુનો છે અને તે માર્ગ બહુધા ઉપાસના શબ્દથી લક્ષિત હતો. પરંતુ પુષ્ટિમાર્ગમાં જે ભક્તિમાર્ગની ભાવના રહેલી છે તે તેનાથી જુદી છે. સામાન્ય ભક્તિની ભાવનાથી પુષ્ટિભક્તિની ભાવના ક્યાં ને કેવી જુદી છે, અને તેમાં શું વિલક્ષણપણું છે તે વિષે હું હવે તમને આવતી કાલે કહીશ. માટે આજ તો જય શ્રીકૃષ્ણ !

૭૦— જય શ્રીકૃષ્ણ !

[૩૬] પુષ્ટિભક્તિ

મુકુંદદાસ—આપણે દુનિયામાં અનેક પ્રકારના લોકો જોઈએ છીએ. કોઈમાં કાર્યકુશલતા વધારે હોય છે, તો કોઈમાં બુદ્ધિ ચાતુર્ય વિશેષ હોય છે. વળી કેટલાક એવા પણ હોય છે, જેમને સેવાના કામમાં રુચિ વધારે હોય છે.

મનનાં આવાં વલણો એ રીતનાં હોઈ શકે—સ્વાર્થ માટે કે પરાર્થ માટે. આમ જુદા જુદા હેતુ માટે કામ કરતા જુદી જુદી જાતના આપણે અનેક માણસો જોઈએ છીએ. હવે પુષ્ટિમાર્ગની દૃષ્ટિએ આવા દરેક મનુષ્યનું તેના જીવનક્રમમાં શું સ્થાન છે અને આધ્યાત્મિક દૃષ્ટિએ તેની કેવા પ્રકારની ગતિ થવી શક્ય છે, એ વિચારવાનું આપણને પ્રાપ્ત થાય છે.

તમને ખબર હશે કે ગીતાજીમાં જનસમૂહને મુખ્ય બે કામ વિભાગમાં વહેંચી નાંખી છે—દૈવી સૃષ્ટિના જીવો તેમજ આસુરી સૃષ્ટિના જીવો. આવા વિભાગો માણસના ગુણ ને કર્મ ઉપરથી થઈ શકે છે. તે ઉપરથી દૈવી સંપત્તિવાળાં ગુણ કર્મો કેવાં કહેવાય, અને આસુરી ગુણ કર્મો કેવાં કહેવાય, એનું સ્પષ્ટીકરણ સારી રીતે તેમાં કરવામાં આવેલું છે.

જિજ્ઞાસુદાસ—પણ, આવા ભેદો આખી દુનિયાની મનુષ્ય જાત માટે

આપણે સ્વીકારવા જોઇએ ને? આમાં તો મુસલમાનો તેમજ ખ્રિસ્તી લોકોનો પણ સમાવેશ. થઇ શકે?

મુ૦—કેમ નહિ? જેઓમાં ઉપર દર્શાવ્યા તેમા દેવી ગુણો હોય તેઓ દૈવી સંપત્તિવાળા કહેવાય જ, પછી ભલેને તેઓ મુસલમાન હોય કે ખ્રિસ્તી હોય. આ ઉપરથી જ તમે જોઈ શકશો કે પુષ્ટિમાર્ગમાં તો જાતિ કે રંગના ભેદ વગર જીવ માત્રનો સ્વીકાર કરવામાં આવે છે. આવા હીન તેમજ પરધર્મી દૈવી જીવોનો પુષ્ટિમાર્ગમાં અંગીકાર કર્યાના દાખલા મેં તમને પૂર્વે આપેલા પણ છે. અને કર્મયોગ, જ્ઞાનયોગ તથા ભક્તિયોગ, જે હિંદુ ધર્મના મુખ્ય ત્રણ માર્ગો ગણાય છે, જેને વિષે પણ મેં તમને વાત કરેલી છે, તેને મળતા ભેદો આપણે દરેક ધર્મમાં જોઇએ છીએ. ઇસ્લામ ધર્મમાં શરીઅત, હકીકત ને તરીકતના હાલ ભોગવતા ઇસ્લામના ધર્માનુયાયોની કથા જાણીતી છે. આવા ભેદો હોવા એ મનુષ્ય સ્વભાવના બંધારણમાં જ છે. આવા ભેદો ઓછાવત્તા પ્રમાણમાં સર્વ સ્થળે ને સર્વ મનુષ્યોમાં જોવામાં આવે છે. આમાં યે શરીઅતના કાનૂનોને ચૂસ્તપણે પાલનારનો વર્ગ સૌથી વધારે સંખ્યામાં દરેક જાતિમાં માલુમ પડે છે. આને આપણે કર્મઠો તરીકે ઓળખીએ છીએ. તેવાઓની પ્રીતિ કર્મમાં વિશેષ કરીને હોવાની. આવા જીવો પ્રવૃત્તિ પરાયણ હોવાથી તેમની અંતીમ ગતિ મોક્ષમાં ન માનતાં, સ્વર્ગમાં માનેલી છે. અને આવી પ્રવૃત્તિ દૈવી ન હોતાં આસુરી એટલે નિમ્નગામી હોય તો જીવનના અંતીમ ફળરૂપે તમનો લય તમમાં થાય છે. પુષ્ટિમાર્ગમાં આવા જીવોને પ્રવાહી જીવો તરીક ગણેલા છે. તેમને મુક્તિનો અધિકાર નથી.

જી૦—પણ, આવા જીવો પૈકી જેઓ સત્કૃત્યો કરતા હોય, નિષ્કામી હોય, તેમને પણ?

મુ૦—હા, તેમને પણ. આવાં સત્કર્મો કરનારા, નિષ્કામવૃત્તિવાળા હોવાથી સાત્ત્વિક ભાવને સેવતા હોય છે અને તેથી તેમનામાં સત્ત્વગુણને અનુકૂળ લક્ષણો જેવાં કે જ્ઞાન, શમતા, સુખ વગેરે જોવામાં આવે છે. આવા ગુણોને લીધે તેઓ સત્ત્વપ્રધાન જીવો છે, એની ના નહિ. પણ તેમના સાત્ત્વિક ગુણ સાથે રજોગુણ પણ ભળેલો હોવાથી તેઓ પ્રવૃત્તિપરાયણ છે. તેથી તેમની ગતિ સત્ત્વવાળા પરલોકમાં જ થાય છે. મરણ પછી તેઓ સ્વર્ગમાં જાય છે અને તેમનાં પુણ્યકર્મોને લીધે સ્વર્ગનાં સુખો ભોગવી, પુણ્યનું ફળ પુરું થતાં આલોકમાં પુનર્જન્મ પામે છે. આવા જીવો કર્મ કરતાં કરતાં અંતે કર્મયજ્ઞના પરિણામરૂપ ધર્મજિજ્ઞાસાના ફળના ભોક્તા બને છે અને તેનો ઉદય થતાં સત્ય જ્ઞાન પ્રત્યે વળે છે. આને આપણે બ્રહ્મજિજ્ઞાસા કહીશું. આવી બ્રહ્મજિજ્ઞાસા થતાં જ્ઞાનની સિદ્ધિ થયેથી તેઓ મોક્ષના અધિકારી થાય છે, તેવો ધર્મનો ક્રમ છે. આવા જીવો દૈવી સંપત્તિવાળા હોય છે. અને તેથી તેમનો સમાવેશ દૈવી સૃષ્ટિમાં થાય છે. આવા જીવો જો ભક્તિનો માર્ગ સ્વીકારે ને પ્રભુની ભક્તિથી રંગાએલા હોય તો તેઓ પ્રભુકૃપાને પાત્ર બને છે. અને તેમનાં કર્મો કેવળ સત્કર્મક કે નિષ્કામી જ ન હોતાં તદુપરાંત ભગવદ્‌મય બને છે અને તે ભગવાનની સેવારૂપ થાય છે. પણ હવે હું તમને પુષ્ટિમાર્ગની પરિભાષામાં જીવોનું વર્ગીકરણ શી રીતે કરવામાં આવ્યું છે તે કહીશ, જેથી આ વસ્તુ વધારે સરલ થશે

જી૦—આપે આ સંબંધમાં પૂર્વે ત્રણ શબ્દો વાપર્યાનું મને યાદ છે—પ્રવાહ, મર્યાદા ને પુષ્ટિ. તે ઉપર વધારે પ્રકાશની જરૂર છેજ.

મુ૦—આ માર્ગમાં દૈવી ભક્તના બે પ્રકાર માનવામાં આવે છેઃ મર્યાદા ભક્ત ને પુષ્ટિ ભક્ત. જે ભક્ત શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે ધર્મના નિયમોનું પાલન કરી ભક્તિનું આચરણ કરતો હોય તેને મર્યાદા

ભક્ત કહેવામાં આવે છે. મર્યાદા એટલે ધર્મના નિયમોમાં રહી કામ કરનાર. પણ જે ભક્ત કેવળ પ્રભુના અનુગ્રહ ઉપર વિશ્વાસ રાખી ભક્તિ કરતો હોય તેને પુષ્ટિભક્ત કહેવામાં છે. અણુભાષ્યકાર શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે:

> “कृतिसाध्यं साधनं ज्ञान भक्तिरूपेण
> शास्त्रण बोध्यते ताभ्यां बिहिताभ्यां मुक्तिः
> मर्यादा तद्रहितानामपि स्वरूपबलेन
> कायकारणे हि पुष्टिः ॥ (अणुभाष्य ३·३-९.)

મનુષ્યે કર્મ કરતાં જોઈએ. તેમાં શાસ્ત્ર જ્ઞાન ને ભક્તિ એ બે સાધન બતાવેલાં છે. આવાં સાધનથી મુક્તિ પ્રાપ્ત કરવામાં આવે તેનુ નામ મર્યાદા. પણ જે ભક્ત આવાં શાસ્ત્રમાં જણાવેલાં સાધનોની પર્વા કર્યા વગર ભગવાનના પ્રમેયબળના આધારે ભગવાનની પ્રાપ્તિ કરવા ચાહે તેનું નામ પુષ્ટિ. મર્યાદા ભક્ત હોય તે મર્યાદામુક્તિની ઇચ્છા કરે છે, પુષ્ટિ ભક્ત હોય તે પુષ્ટિ મુક્તિની ઇચ્છા કરે છે. પ્રભુ તેમના દરેકના અધિકાર પ્રમાણે તેમના ઉપર કૃપા કરે છે. પ્રભુની કૃપા કમીજાસ્તી દેખાતી હોય તો તેનું કારણ આજ છે. સાંપ્રદાયિક ભક્તોના પણ ચાર પ્રકાર નક્કી કરવામાં આવ્યા છે. તે દરેકની ભક્તિનું વર્ણન પણ આ પ્રમાણે આપવામાં આવ્યું છે.

ઉપર જણાવ્યા પ્રમાણે ભક્તિ બે પ્રકારની છે: મર્યાદા ને પુષ્ટિ. મર્યાદા એટલે સામાન્ય અનુગ્રહ, પુષ્ટિ એટલે વિશેષ અનુગ્રહ. પુષ્ટિના પણ બે પ્રકાર કલ્પવામાં આવેલા છે; મિશ્ર અને શુદ્ધ. આમાં વળી મિશ્રપુષ્ટિ ભક્તિના ત્રણ પેટા ભાગો છે, જેવા કે મિશ્ર પુષ્ટિપ્રવાહ, મિશ્ર પુષ્ટિમર્યાદા, અને મિશ્ર પુષ્ટિપુષ્ટ. આ ભાગો તેના ચઢતા ક્રમમાં સમજવાના છે.

આમ એકંદરે પુષ્ટિભક્તિના ચાર પ્રકાર થયાઃ (૧) પુષ્ટિપ્રવાહ ભક્તિ, (૨) પુષ્ટિમર્યાદા ભક્તિ, (૩) પુષ્ટિપુષ્ટિ ભક્તિ અને (૪) શુદ્ધ પુષ્ટિભક્તિ. જેવા ભક્તિના પ્રકાર, તેવા જ ભક્તના પણ પ્રકાર સમજવા. હવે આવા પ્રત્યેક પ્રકારના ભક્તોની ભક્તિ કેવા પ્રકારની હોય છે, તે ઉપર વિચાર કરીશું એટલે આ ભેદો ને તેની પાછળ રહેલું રહસ્ય વધારે સ્પષ્ટ થશે.

પહેલાં પુષ્ટિપ્રવાહ ભક્તની વાત કરીએ. પ્રવાહ એટલે સંસાર અને પુષ્ટિ એટલે ભગવાનનો અનુગ્રહ. આવા જીવની સંસારમાં આસક્તિ હોય છે, છતાં તે ભગવાનની ભક્તિ કરે છે. માટે જ આવા ભક્તને પુષ્ટિપ્રવાહ ભક્ત કહેવામાં આવે છે. આવા ભક્તના મનમાં કંઈક સ્વાર્થવૃત્તિ હોય છે, કાંઈક વિશેષ હેતુ હોય છે અને તેની તૃપ્તિ માટે પરમેશ્વરની ભક્તિ કરવા તે પ્રેરાય છે. ગીતાજીમાં આવા ભક્તને ‘ અર્થાથી ’ એવું નામ આપ્યું છે. અર્થ એટલે દ્રવ્યાદિ માટે, કામવાસનાની તૃપ્તિ માટે ભક્તિ કરનાર. આવી ભક્તિ સૌથી અધમ પ્રકારની છે. આવો ભક્ત પણ આખર સુધી તેની ભક્તિમાં ટકી રહે, તો તેના ફળ તરીકે તેને વૈકુંઠમાં સેવોપયોગી દેહ મળે. દાખલા તરીકે, શ્રુતદેવ, નિમિરાજા, વગેરે. આવી ભક્તિ પુષ્ટિપ્રવાહ કોટિની ભક્તિમાં આવે છે.

જી૦—હું ધારું છું કે આ આ ધોરણ પ્રમાણે તો ભક્તિ માર્ગે વળેલા ઘણાખરા ભક્ત આજ કોટીના ગણાય.

મુ૦—હા, તમારું કહેવું યથાર્થ છે અને તે એમજ હોય. હવે આપણે પુષ્ટિમર્યાદા ભક્તનો વિચાર કરીશું. મર્યાદા એટલે શાસ્ત્રોક્ત નિયમ; પુષ્ટિ એટલે ભગવાનનો અનુગ્રહ. આવો ભક્ત સંસારના નાના પ્રકારના વિષયોમાં આસક્ત હોતો નથી. એનું

શાસ્ત્રમાં કહી છે તેવી શ્રવણ-

મનનાદિ પ્રકારની ભક્તિ તે કરતો હોય છે. પ્રભુનાં ગુણગાન કરવાનું તેને આવડે છે. ગીતામાં આ ભક્તને "જીજ્ઞાસુ" ભક્તની કોટિમાં ગણાવેલો છે. આવા ભક્તની કક્ષા પણ હલકા પ્રકારની છે. આવા ભક્ત માટે શ્રી વલ્લભાચાર્ય 'ગુણજ્ઞ' શબ્દ યોજે છે. એટલે કે એવો ભક્ત જેને પ્રભુના મહાત્મ્યનું ભાન છે ને તેનાં ગુણવાન કરતો હોય છે. આવો ભક્ત સાયુજ્ય મુક્તિ મેળવે છે. દાખલા તરીકે ભીષ્માચાર્ય. તે અને તેમના જેવા અન્ય ભક્તો પુષ્ટિમર્યાદા ભક્તો લેખાય છે. આવા ભક્તમાં ભગવાનના સ્વરુપ પ્રત્યે આકર્ષણ નથી હોતું પણ તેના ગુણોથી તે વધારે આકૃષ્ટ હોય છે. તેથી તેને જ્ઞાનમિશ્રિત ભક્ત કહેવાને વાંધો નથી. આવો ભક્ત સાયુજ્યમુક્તિનો અધિકારી હોય છે.

જી૦—જેનામાં બુદ્ધિનો વિકાસ વિશેષે કરીને હોય અને જ્ઞાનપિપાસા વધારે પ્રમાણમાં હોય, તેઓ આ કોટિના ભક્તો હશે, એમ મને લાગે છે. પણ આવા ભક્તોની સંખ્યા તો પ્રવાહી કોટિના ભક્તો કરતાં ઘણી ઓછી ગણાય.

મુ૦—હા, તમારી ગણતરી બરાબર છે. કદાચ આ બુદ્ધિના જમાનામાં આવા ભક્તોની સંખ્યા વૃદ્ધિ પામે ખરી. શ્રી અરવિંદ ઘોષની યોગપદ્ધતિ પણ સ્વતંત્ર હોવા છતાં, આવી જ્ઞાનનિષ્ઠાવાળી વિશેષ છે, એટલે તેને પણ આ વર્ગમાં જ મૂકી શકાય.

હવે આવે છે પુષ્ટિપુષ્ટિ ભક્ત. આવો ભક્ત કર્મ કરે છે પણ કેવળ ભગવાનની પ્રીતિ અર્થે જ. પ્રવાહભક્ત કે મર્યાદાભક્તની સરખામણીમાં પ્રભુની તેના ઉપર વિશેષ કૃપા હોય છે. આને ભગવાનના ગુણનું તેમજ સ્વરૂપનું પૂરેપૂરું જ્ઞાન હોય છે. તેથી તે પ્રભુની લીલા યથાર્થ જાણે છે. જ્ઞાન પ્રાપ્ત કરી તે કૃતાર્થ થયો છે. તેને હવે મેળવવાનું કશુંજ બાકી નથી હોતું. આવા ભક્તની પાયરી શ્રેષ્ઠ છે.

આવા ભકતને શ્રી વલ્લભાચાર્ય 'સર્વજ્ઞ' કહે છે. તેની સેવાનું ફળ અલૌકિક સામર્થ્ય છે. દાખલા તરીકે નારદ, વૃષભદેવ, આ બધા પુષ્ટિ પુષ્ટિભકતોની કોટિમાં આવે છે.

એથીયે ઊંચી કોટિ શુદ્ધ પુષ્ટિભકતની છે. તે કેવળ પ્રભુનો પ્રેમ સંપાદન કરે છે અને એવો પ્રેમ મેળવવાને જ ભકિત કરે છે. તે જે કાંઈ પણ કાર્ય કરે છે તે પ્રભુનો પ્રેમ સંપાદન કરવાને જ. પ્રભુ પ્રાપ્તિ મેળવવાને તે કશું પણ સાધન કરતો નથી. તેનું તો સાધનેય શ્રીકૃષ્ણ છે અને સાધ્ય પણ શ્રીકૃષ્ણ છે. પ્રત્યક્ષ ભગવાન સાધનરૂપ બને છે તેથી ઇતર સાધનની તેને જરૂર હોતી નથી. આવી ભકિત નિઃસાધન ભકિત કહેવાય છે. પ્રભુ આવા નિઃસાધન ભકતને અધીન થાય છે. આવા નિઃસાધન ભકતોનો ઉદ્ધાર કરવાને જ તેમણે ગોકુલમાં અવતાર લીધેલો. તેથી જ શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે:

निःसाधन फलात्माऽयं प्रादुर्भावोऽश्रीगोकुले
अतो वयं निश्चिन्तितां जाताः सर्वतः एव हि ॥

નિઃસાધનના ફલાત્મા ભગવાન ગોકુલમાં પ્રકટ થાય છે, તેથી અમે સર્વ પ્રકારે નિશ્ચિંત છીએ. તેમાં પ્રભુ પ્રાપ્તિ વાસ્તે સાધનનો બિલકુલ અભાવ હોય છે. આજ શુદ્ધ પુષ્ટિભકિત.

'भक्तिः शुद्धा स्वतंत्रा च दुर्लभो तीति ।

આવી શુદ્ધ ને સ્વતંત્ર ભકિત અરે! દુર્લભ છે. (ત. ત. નિ.) શુદ્ધ પુષ્ટિમાં પ્રભુ ભકતને વશ થાય છે. શ્રી વલ્લભાચાર્ય આપશ્રીના તત્ત્વદીપનિબંધમાં' જણાવે છે કે कृष्णाधीना तु मर्यादा स्वाधीना पुष्टि रुच्यते । કૃષ્ણને અધીન થવું એ મર્યાદાભક્તિ, પરંતુ ભકતે ભગવાનને વશ કરવા એ શુદ્ધ પુષ્ટિઃ એમાં હું કૃષ્ણનો છું, એ પ્રધાનભાવ હોય છે. પ્રભુ ભકતને વશ થાય એજ શુદ્ધપુષ્ટિની પરાકાષ્ઠા. "भक्ता

सन् क्रियमाणे किमात ।" આવું શ્રુતિ કહે છે. તેનું રહસ્ય પણ આ જ છે. વિશ્વનું ભરણપોષણ કરનાર યશોદોત્સંગલાલિત પ્રભુ નંદ ને યશોદાથી પોષાય છે. માતા યશોદા પ્રભુ ઉપર ક્રોધ કરે, અને પ્રભુ બીએ. વાત્સલ્યભાવથી ઇશ્વરને શિક્ષા કરવાનો ધર્મ માતા યશોદામાં આવે, અને બ્હીવાનો જીવધર્મ ઇશ્વરમાં આવે, આવા ઊલટસુલટ ધર્મો દેખા દીધો તે શા કારણે? આનો ઉત્તર પ્રભુ ભાગવતમાં દુર્વાસાને જાતે જ આપે છે કે "હે વિપ્ર દુર્વાસા! જેવો કોઈ દેવ અગર મનુષ્ય પરતંત્ર હોય તેવો જ હું પણ પરતંત્ર છું; હું પણ ભક્તિને અધીન છું તેની ભક્તિએ મારું હૃદય તેનામાં જોડી દીધું છે. તેને મારી ભક્તિ સિવાય કશું જ પ્રિય હોતું નથી." કપિલમુનિએ જે ભક્તિને નિર્ગુણ ભક્તિ તરીકે ઓળખાવી છે તેને જ શ્રી વલ્લભાચાર્ય શુદ્ધ પુષ્ટિભક્તિ તરીકે કહે છે. આવી ભક્તિ ઇશ્વરકૃતિસાધ્ય છે, ઇશ્વરાનુગ્રહાત્મ છે. આનું નામ તે કૃપામાર્ગ યાતો અનુગ્રહમાર્ગ. તેને ભજનાનંદ માર્ગ કહો કે નિરુપાધિ સ્નેહમાર્ગ કહો, બધું એક જ છે. આ પ્રકારની પુષ્ટિભક્તિને વિષે પ્રોફેસર મગનલાલ શાસ્ત્રી સ્વાનુભવનું કથન કહે છે કે: "પુષ્ટિમાર્ગમાં પુષ્ટિ એ જ ભગવદ્ભક્તિ હોવાથી તે ધર્મનો પણ ધર્મ છે, જ્ઞાનનું પણ જ્ઞાન છે, યોગનો પણ યોગ છે, સાંખ્યનું પણ સાંખ્ય છે, તપનું પણ તપ છે, મુક્તિની પણ મુક્તિ છે, અને ભક્તિની ભક્તિ છે અને રસનો પણ રસ છે." પુષ્ટિભક્તિનું આ જ રહસ્ય છે.

આ ભક્તિ સ્વતંત્ર ને નિર્ગુણ છે. (ત. દી. નિ.) આવી ભક્તિ કરનારને શ્રી વલ્લભાચાર્ય શુદ્ધ પુષ્ટિભક્ત કહે છે. તેની સેવાનું ફળ પ્રભુની હરહમેશ સેવા કરવી એ જ હોય છે. આ સિવાય તે બીજા કશાની અપેક્ષા રાખતો નથી. પ્રભુનો અનુગ્રહ સંપાદન કરવો એ જ તેનું વ્યસન હોય છે. વ્રજસીમંતિની આવી શુદ્ધ પુષ્ટિભક્તો હતાં. તેમની ભક્તિ દ્વારા પુષ્ટિભક્તિ કેવી હોઈ શકે, તેનું સ્વરૂપ ભગવાને

બતાવ્યું છે. માટે જ શ્રી વલ્લભાચાર્ય ગોપીને આ માર્ગના આદ્યગુરુ તરીકે લેખે છે.

જી૦—તો આ માર્ગમાં ગોપીજીવનનું આદર્શ એ જ ભક્તજીવનનું આદર્શ હોવું જોઇએ, એવો જ એનો અર્થ થાય ને? તો તો પુષ્ટિમાર્ગ એ નિવૃત્તિપરાયણ ધર્મ કહી શકાય અને જો કે સાધનદશામાં તે પ્રવૃત્તિપરાયણ લાગે ખરો, પણ તેવી પ્રવૃત્તિપરાયણતા તો કેવળ નિવૃત્તિપોષક હોવાથી, તે મુખ્યત્વે તો નિવૃત્તિ ધર્મ જ કહેવાય ને?

મુ૦—હા, એમ કહેવાને હરકત નથી. આવા ઉત્તમ પ્રકારની ભક્તિ માટે જે જીવ મુક્ત દશાનો અધિકારી હોય છે, તેજ તેને માટે અધિકારી ગણાય છે. માટે જ શ્રુતિરૂપા ને ઋષિરૂપા એવા ગોપીઓના પણ બે પ્રકાર વર્ણવેલા છે ગોપીઓ આવી ઉત્તમ અધિકારિણી હોવાથી જ કૃષ્ણાવતારમાં સર્વોત્કૃષ્ટ પ્રેમની કક્ષાને પામી ને પ્રેમની ઉત્તમ અધિકારિણી તરીકે પ્રેમ માર્ગના ગુરુપણાને પ્રાપ્ત થઇ. આ દૃષ્ટિએ જ પુષ્ટિમાર્ગના પ્રણેતા તરીકે શ્રીગોપીજન ગણાય છે. શ્રી વલ્લભાચાર્ય તેમને પોતાના આદર્શ ગુરુ તરીકે લખે છે કારણ કે તેમને જે ભક્તિ કરી બતાવી તે અતિશય શ્રેષ્ઠ પ્રકારની હતી. આપશ્રીએ પણ ભક્તિનો એવો ઉચ્ચ આદર્શ જ પ્રબોધ્યો છે. પોતે પણ ભૂતલ ઉપર એવા જ આનંદનું ચૈતન્યમય જીવન જીવ્યા અને એનો રસ ભક્તોને પાયો. પ્રભુનો એવો જ આનંદ ભક્તો પામે એવી જ આપશ્રીએ ઇચ્છા છે. કેટલાક અજ્ઞાની લોકો એવું સમજે છે કે ગોપીઓ તો કામી હતી. આવી અજ્ઞાની કામયુક્ત ગોપીઓ માર્ગની ગુરુરૂપ શી રીતે થઈ શકે? તેનો અર્થ તો એવો જ થાય કે આ માર્ગને અનુસરવા માટે પણ કામી થવું. મતલબ કે તેમની ખોટી ભ્રમણા પ્રમાણે આ એક વિષયાત્મક માર્ગ છે. પરંતુ, આમાં સહેજ પણ વિચાર કરવામાં આવે તો જણાશે કે ગોપીઓ બિલકુલ કામી નહોતી. તેમનામાં શ્રી કૃષ્ણ માટે અનન્ય અને અવ્યભિચારિણી

ભક્તિ હતી. શુદ્ધ ભક્તિમાં તે ઉત્કૃષ્ટ દશાને પહોંચી હતી. આવી ભક્તિમાં વિષયવાસનાની ગંધ સુદ્ધાંને પણ અવકાશ નથી. રાસોત્સવપ્રસંગે શ્રી કૃષ્ણ કે જે પરમ માર્મિક ધર્મજ્ઞ છે, તેમણે વેણુનાદ દ્વારા વ્રજસીમંતિનીઓને વૃંદાવન બોલાવ્યાં અને તેમને અનેક નિર્દય વચન કહી, તેમના સ્નેહાર્દ્ર હૃદયની કસોટી કરી, ત્યારે ગોપીઓએ તેનો જે ઉત્તર આપ્યો તે જરા મનન કરવા જેવો છે. તેઓ કહે છે કેઃ

“હે પ્રભો ! હે સર્વ સમર્થ ! આવા પ્રકારનાં નિર્દય વચનો બોલવાં તમને શોભતાં નથી. અમે સર્વે વિષયનો ત્યાગ કરીને તમારાં ચરણ સેવવાની કામનાથી જ તમારી પાસે આવ્યાં છીએ. અમારે ભક્ત પદ પ્રાપ્ત કરવું છે. માટે ભક્ત તરીકે અમારો સ્વીકાર કરો ! તમે ભક્તાધીન છો. માટે મિથ્યા દુરાગ્રહને લઈ અમારો ત્યાગ ન કરો. જેમ આદિ પુરુષ વિષ્ણુ ભગવાન મુમુક્ષુજનના મનોરથ પૂર્ણ કરે છે, તેવી રીતે અમો ભક્તજનોનો અંગીકાર કરી અમારા મનોરથ પૂર્ણ કરો !” (ભા. ૧૦–૨૯–૩૧) આ ઉપરથી શું સ્પષ્ટ થાય છે ? તેમણે વિષયનો સંપૂર્ણપણે ત્યાગ કર્યો હતો. આવી નિરુપાધિ પ્રેમલક્ષણા ભક્તિમાં કામનો, વિષયપણાનો આક્ષેપ કરવો એ શાસ્ત્રનું અજ્ઞાન પ્રકટ કરવા બરાબર છે. ઉદ્ધવ સરખા જ્ઞાની ભક્તે પણ ગોપીઓના પ્રેમની પ્રશંસા કરી છે. બૃહદ્‌વામન પુરાણમાં બ્રહ્માજી ભૃગુને કહે છે કેઃ

“હે પુત્ર ! વ્રજ સુંદરીઓ સાધારણ સ્ત્રીઓ નહોતી, તેઓ ખરેખર શ્રુતિનાં સાક્ષાત્ સ્વરૂપો હતાં. શિવ, શેષ, લક્ષ્મી, અને હું સર્વમાંથી કોઈ પણ તેમની બરાબરી કરી શકીએ નહિ. અમારા કરતાં તેઓ ઘણી શ્રેષ્ઠ હતી.” કારણ કે વેદની જ્ઞાનોપદેશિકા ઋચાઓનાં તેઓ મૂર્તિમંત સ્વરૂપો છે. ઋષિ તથા મુનિઓ જેવો ત્યાગ ન કરી શકે તેવો ત્યાગ તેમણે કરી બતાવ્યો છે. તેઓ જ ખરી

ત્યાગમૂર્તિઓ છે. માટે જ પુષ્ટિમાર્ગમાં તેમનું સર્વોત્કૃષ્ટ સ્થાન છે. પ્રભુ માટેનો તેમનો પ્રેમ કેવો નિરતિશય અને નિર્હેતુક ? તેમની વિરહાવસ્થામાં આપણને તેમના ઉત્તમ પ્રેમની ઝાંખી થાય છે. આવી વિરહદશામાં તેઓ એક ક્ષણ પણ પ્રભુને વીસરી શકતાં નથી. તેમનું અન્નરૂપ, વાણીરૂપ, પ્રાણરૂપ, નેત્રરૂપ, મનોરૂપ, સર્વસ્વ પ્રભુનું બન્યું છે.

જી૦—ત્યારે માર્ગની ઉત્તમતા આ વિપ્રયોગ ભાવનારૂપી ઉત્કૃષ્ટ પ્રેમના પ્રકાર ઉપર કેમ નિર્ભર છે, તે હવે હું સમજ્યો. ભાવાત્મક પ્રેમ તે આનું જ નામ અને આવા ભાવાત્મક ભક્તના ભાવાત્મક પ્રભુ એ આ જ સ્વરૂપ એમને ?

મુ૦—હા, મેં આ પૂર્વે તે વિષે સહેજ ઉલ્લેખ કર્યો હતો. હવે તમને તેમના સ્વરૂપનો કંઈક ખ્યાલ આવ્યો તે જોઈ મને સંતોષ થાય છે. ગોપીવિરહની ભાવના એ હિંદુધર્મની ઉંચામાં ઉંચી ભાવના છે. ધર્મભાવનાની એ કથા ઈતિહાસનુ સોનેરી પાનું છે. આવી ભાવના તમે બીજે કોઈ ઠેકાણે નહિ જોઈ શકો. આ વસ્તુને બરાબર સમજવા તમારે ઉદ્ધવજીનો પ્રસંગ યાદ કરવો જોઈએ. ઉદ્ધવજી શ્રી કૃષ્ણનો સંદેશ લઈ ગોકુલ ગોપાંગનાઓને મળવા આવે છે, એ પ્રસંગના રહસ્યને જરા ઝીણવટથી જોવાની જરૂર છે. પોતાના પ્રિયતમનો સંદેશ સાંભળીને તેઓ કેવાં, વિહ્વલ બની જાય છે! તે એટલે સુધી કે તેમને પોતાની જાત સુદ્ધાનું પણ ભાન રહેતું નથી. વિરહની આ દશાનું ચિત્ર જ્યારે તમે તમારા મન આગળ ખડું કરો ત્યારે પ્રેમ એ શો વસ્તુ છે તેનો કંઈક ખ્યાલ આવે. ભાગવતકાર કહે છે કે:

“આ પૃથ્વી ઉપર જન્મેલી ગોપી ખરેખર ધન્ય છે. કારણકે સર્વની અંદર રહેલા ભગવાનમાંજ તેનું મન એકનિષ્ઠ થયેલું છે. સંસારથી બ્હી ગયેલા મુમુક્ષુ, અગર તો મુક્ત મુનિજન, અગર તો

અમારા જેવા સાધક પણ જેની ઇચ્છા કરીએ છીએ, એવા એ પરમાત્માની કથાને અમરરસ જાણી રસાનુભવ કરી શકે છે. તો પછી આ બ્રાહ્મણજન્મથી શું વિશેષ છે ? ”

આ ઉપરથી એક વસ્તુ સાબિત થાય છે. શ્રી કૃષ્ણના રસનું પાન કરનાર જીવ, ગમે તે જાતિનો ભલે રહ્યો. તેને રંચ પણ દુઃખ થવાને કારણ નથી. ખરેખર, ગોપાંગનાએ પોતાના દેહનું સાર્થક કર્યું છે. માટે જ તે આગળ કહે છે કેઃ

“અમારા સરખા જ્ઞાની ભક્તોમાં ભાવ હોય છે પણ તે આટલો ઉત્કટ નહિ.” આવો જ ભાવ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોમાં હોવો જોઇએ, એવો ઉપદેશ શ્રી હરિરાયજી આપે છેઃ “षष्ठं व्रजस्त्रीणां यो भावः स्मार्यो वियोगीनाम्। વ્રજ સ્ત્રીઓને પ્રભુમાં જેવો ભાવ હતો તેવો ભાવ રાખી તેવા ભાવનું સ્મરણ વિરહી ભક્તજનોએ કરવું જોઇએ. પુષ્ટિમાર્ગના લક્ષણોમાં આવું છઠ્ઠું લક્ષણ તેમણે જણાવેલું છે. માટે જ આપણે ‘નિરોધ લક્ષણ’માં જોયું તેમ શ્રી વલ્લભાચાર્ય ગોપીઓને વિરહાગ્નિનો જે તાપ થયેલો, તેવા તાપની ઇચ્છા કરે છે. કવિવર રવીંદ્રનાથ ટાગોર આવા જ ભાવને બહુ સુંદર ભાષામાં રજુ કરે છેઃ

“ If it is my portion to meet thee in this my life, then let me ever feel that I have missed thy sight, let me carry the pangs of this sorrow in my wakeful hours.”

આવી વ્યસનદશા ભોગવતો વૈષ્ણવ “हा नाथ रमणप्रेष्ठ ! क्वासि क्वासि महाभुज ! એમ પોકારતો પોકારતો રસિક પ્રભુના સંગ માટે તરવરાટ કરતો કરતો દિવસ ગુજારે છે. આવી અવસ્થાને પહોંચ્યા પછી પૂર્ણાનંદ રસાત્મક પ્રભુ આનંદનું દાન કરે છે. મેં અહીં ભક્તિની પ્રમેયદૃષ્ટિ રજુ કરી. હવે તમારી શી ઇચ્છા છે તે કહો.

જી૦—હાલના જમાનાનો પ્રધાન સૂર અને આ નિર્ગુણ ભક્તિનો પ્રધાન સૂર જોતાં આનો જમાના સાથે શી રીતે મેળ ખાય, એ વિચારતાં મારું મન મુંઝાય છે. આ જમાનો પ્રવૃત્તિ પ્રધાન જમાનો છે. અત્યારની સંસ્કૃતિ પ્રવૃત્તિની જ ઉત્તેજક ને પોષક છે. આની સાથે આર્ય સંસ્કૃતિનો મેળ શી રીતે સાધી શકાય તે ઉપર કાંઇક વિચાર થાય તો ઠીક. પણ તે પહેલાં આપને મારે એક વાત પૂછવાની છે. આપે હમણાં કહ્યું કે આપે, આત્યાર સુધી પુષ્ટિમાર્ગની પ્રમેય દૃષ્ટિ સમજાવી તો પ્રમેયથી જુદી એવી બીજી દૃષ્ટિ તે કયી?

મુ૦—તેને પ્રમાણ દૃષ્ટિ કહે છે. પ્રમાણ દૃષ્ટિ વગર વસ્તુમાં જ્ઞાનનિષ્ઠા સ્થિર થતી નથી. પ્રમેય દૃષ્ટિથી ભક્તિનિષ્ઠા સ્થિર થઇ શકે, પણ હાલના જમાના માટે જ્ઞાન નિષ્ઠાની પ્રથમ જરૂર છે. તે વિના ભક્તિનિષ્ઠા પણ લુલી રહે. તેથી મેં એવો વિચાર કર્યો છે કે તમને પુષ્ટિમાર્ગ ઉપર તત્ત્વવિચારની દૃષ્ટિ પણ કંઇક અંશે આપવી, જેથી સિદ્ધાન્તની દૃષ્ટિથી પણ તમે તુલના કરી શકો. નારદમુનિ કહે છે કે ભક્તિ મહાત્મ્યજ્ઞાનયુક્ત હોવી જોઇએ. ભગવાનનું શાસ્ત્રસિદ્ધ સ્વરુપ શું છે, જીવને તેની સાથે કેવો સંબંધ છે અને આ દેખાય છે તે જગત ક્યાંથી આવ્યું, ને તેનો પ્રભુ તથા જીવ સાથે શો સંબંધ છે, આવા આવા તત્ત્વજ્ઞાનના સવાલોનો નિર્ણય જ્ઞાનદૃષ્ટિથી થવાની પણ જરૂર છે. તેથી આવતી કાલથી હું શુદ્ધાદ્વૈતની દૃષ્ટિ પણ શી છે તે વિષે થોડુંક કહીશ. પુષ્ટિ માર્ગની એ આપણી પ્રમાણ દૃષ્ટિ હશે. આજે તો જય શ્રીકૃષ્ણ!

જી૦—જય શ્રીકૃષ્ણ!

[૩૭] તત્ત્વવિચાર

જી૦—આપે ગઈ કાલે પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તો ઉપર વાર્તાલાપ કરવાનું કહેલું. પુષ્ટિમાર્ગ શુદ્ધાદ્વૈત ઉપર રચાયેલો છે એમ તો આપે સમજાવ્યું છે. વળી હું ભૂલતો ન હોઉં તો શુદ્ધાદ્વૈત પહેલાં તત્ત્વવિચારની સૃષ્ટિમાં અનેક અન્ય વાદો પણ થઈ ગયા છે, તે વિષે પણ આપે સૂચન કરેલું. અલબત્ત, બધા વાદો ઉપર વિચાર કરવો એ તો અહીં પ્રસ્તુત નથી એમ હું સમજું છું પણ શુદ્ધાદ્વૈતનું મુખ્ય લક્ષણ શું છે એ જો આપ મને કહો તો વધારે ઉચિત થશે.

મુ૦—શુદ્ધાદ્વૈતને બ્રહ્મવાદ પણ કહે છે. શ્રી વલ્લભાચાર્ય પૂર્વે અનેક આચાર્યો થયા જેવા કે શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય, નિમ્બકાચાર્ય વગેરે. તે તમામ પૈકી મધ્વ સિવાય બધાજ આચાર્યો બ્રહ્મ સાથે જીવનું અદ્વૈત સ્વીકારે છે. કેવળ મધ્વાચાર્ય દ્વૈતવાદ પ્રતિપાદન કરે છે. પરંતુ ઉક્ત અદ્વૈતવાદમાં અશુદ્ધિનું તત્ત્વ ભળેલું છે, અર્થાત્ તે તે વાદના આચાર્યો બ્રહ્મ ઉપરાંત અન્યની સત્તાનો ગૌણપણાથી કે પ્રધાનપણાથી સ્વીકાર કરે છે માટે શ્રી વલ્લભાચાર્ય તેને મેલું તથા અશુદ્ધ કહે છે.

શ્રી વલ્લભાચાર્યના મત પ્રમાણે પ્રસ્થાનત્રયીમાં કેવળ શુદ્ધ બ્રહ્મનું જ પ્રતિપાદન કરેલું છે. બ્રહ્મ પોતે સ્વમેય સ્વરૂપે તથા જગતરૂપે પ્રકટ થયા છે. માટે જ આપશ્રીએ પોતાના વાદને શુદ્ધાદ્વૈત-

વાદ કે બ્રહ્મવાદ એવું નામ આપેલું છે. પરંતુ, જો આપણે જરા ઊંડા ઉતરી જોઈશું તો આપણને માલુમ પડશે કે બધા જ આચાર્યોનો હેતુ જીવને સંસારમાંથી મુક્તિનો માર્ગ દર્શાવવાનો છે. એ બાબતમાં તો બધા જ એકસરખા છે.

જી૦—આપે અગાઉ પ્રસ્થાનત્રયીમાં વેદ, બ્રહ્મસૂત્ર, અને ગીતાજી એ ત્રણ ગ્રન્થોનો સમાવેશ થાય છે, એમ સમજાવેલું છે. શ્રી વલ્લભાચાર્યજીએ પણ આ જ ગ્રન્થો ઉપર પોતાના શુદ્ધાદ્વૈતવાદની રચના કરી હશે. અગર, તો શું પોતે વળી કોઈ અન્ય ગ્રન્થો ઉપર પણ આધાર રાખે છે ?

મુ૦—ઉપરના ત્રણ ગ્રન્થોમાં આપશ્રી શ્રીમદ્ ભાગવતનો ઉમેરો કરે છે. આપશ્રીના મત પ્રમાણે વેદ વૃક્ષ છે, બ્રહ્મસૂત્ર ને ગીતાજી તેનાં ડાળી પાંદડાં છે, અને શ્રીમદ્ ભાગવત એ તેનું ફળ છે. તેથી ઉપરોક્ત ગ્રન્થોનું પ્રમાણત્વ ઉત્તરોત્તર ક્રમમાં છે, એવું આપશ્રી કહે છે. છતાં, તાત્વિક ઉપદેશ માટે તો કેવળ ઉપનિષદ્ ઉપર જ આધાર રાખે છે.

જી૦—શાસ્ત્રો ઉપરાંત અન્ય કશાને તેઓશ્રી પ્રમાણ તરીકે લખે છે ?

મુ૦—शब्द एव प्रमाणम्। એમ આપશ્રી તત્ત્વદીપનિબંધમાં જણાવે છે. હા, આ ઉપરાંત એમાં આપશ્રીને જે અપરોક્ષ સ્વાનુભવો થયેલા તેનાં ઉપર પણ આપશ્રી આધાર રાખે છે, તેટલું મારે ઉમેરવું જોઈએ.

જી૦—તો, અન્ય આચાર્યોની પેઠે આપશ્રીએ ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર તથા ગીતાજી ઉપર ભાષ્યો લખ્યાં હશે ?

મુ૦—ના, આપશ્રી માને છે કે પ્રસ્થાન ચતુષ્ટય ગ્રન્થો અર્થને સંપૂર્ણ કરે છે અને અન્યોન્યની અર્થમાં પૂર્તિ કરે છે. જો વેદનો અર્થ બરાબર ન સમજાય તો તેના સ્પષ્ટિકરણ માટે ગીતાજી છે, જો ગીતાજીનો અર્થ અસ્પષ્ટ જણાય તો તે માટે બ્રહ્મસૂત્ર જોવું અને બ્રહ્મસૂત્રના અર્થને બરાબર સમજવું હોય તો શ્રીમદ્ ભાગવત જોવું. ભાગવત બ્રહ્મસૂત્રના અર્થને બરાબર સમજાવે છે.

વેદ ને બ્રહ્મસૂત્ર બ્રહ્મને યજ્ઞરૂપે વર્ણવે છે અને વેદના જ્ઞાનભાગમાં બ્રહ્મને તેના બ્રહ્મતનુ તરીકે જણાવે છે; જ્યારે ગીતા ને ભાગવતમાં બ્રહ્મને કૃષ્ણ તરીકે દર્શાવવામાં આવ્યું છે.

જી૦—આપણે ત્યાં શાસ્ત્રોમાં કાંઈ ઉપરના ચાર ગ્રન્થોનો જ સમાવેશ થતો નથી. કેટલાકના મતે તો ધર્મ ઉપર સંસ્કૃતમાં ગમે તે લખાયું હોય તે બધું જ શાસ્ત્ર કહેવાય. અરે, ધર્મ ઉપર શા માટે ? સ્મૃતિઓ, જેમાં સામાજિક વ્યવસ્થા માટેના કાયદાઓ છે તેને, મહાભારત અને રામાયણ જેવા ઐતિહાસિક ગ્રન્થો તથા પુરાણો જેવા કાલ્પનિક ગ્રન્થો બધાને શાસ્ત્રનું નામ આપવામાં આવે છે તેનું કેમ ?

મુ૦—ક્યા ક્યા ગ્રન્થોને પ્રમાણભૂત ગણવા એ સંબંધી શ્રીવલ્લભાચાર્યે સારી પેઠે ચોખવટ કરી છે. પણ, એ વિષે હું તમને વિશેષ કહું તે પહેલાં મારે તમારા પહેલા પ્રશ્નનો જવાબ આપવો જોઈએ, તમે મને પુછ્યું હતું કે પ્રસ્થાન ત્રયી ઉપર મહાપ્રભુજીએ સ્વતંત્ર ટીકાઓ લખી છે કે કેમ ? જવાબમાં મારે જણાવવું જોઈએ કે ના, બધા ઉપર લખી નથી. આપશ્રીએ બ્રહ્મસૂત્ર ઉપર ભાષ્ય લખ્યું છે. તે અણુભાષ્યના નામથી સુપ્રસિદ્ધ છે. આમ છતાં આપશ્રી વેદના મૂળ અર્થનાં બરાબર સમજણ થાય એ માટે ઉપનિષદ્માંથી તેમજ ગીતામાંથી આપશ્રીના લખાણમાં અસંખ્ય ઉતારા આપ્યા છે. તેથી

ઉપરોક્ત ગ્રન્થો ઉપર આપશ્રીનું શું મંતવ્ય છે તે જાણી શકાય છે. એટલું જ નહિ પણ ઉપનિષદ્‌નું હાર્દ બરાબર સમજાવવા આપશ્રીએ શ્રુતિગીતા નામનો સુંદર ગ્રન્થ લખ્યો છે તેમજ ગીતાજીનું હાર્દ સમજાવવા તત્ત્વદીપ નિબંધમાં શાસ્ત્ર પ્રકરણાર્થ નામનો ભાગ લખ્યો છે.

ખરી વાત તો એ છે કે આપશ્રીને આ બધા ગ્રન્થો ઉપર ટીકાઓ લખવા જેટલો અવકાશ જ નહોતો. આપશ્રી ભૂતલ ઉપર ૫૨ વર્ષ પર્યંત બિરાજ્યા, તે દરમિયાન આપશ્રીએ લગભગ વીસ વર્ષ ઉપરાંત હિંદુસ્તાનનું પર્યટન કરવામાં ગાળ્યાં બાલપણ, પર્યટન, તથા વૃંદાવનમાં સેવામાં અપાતો દર ચતુર્માસનો સમય વગેરે બાદ કરતાં જે સમય બચ્યો તેમાંજ લેખન કાર્ય થઇ શકતું. આ ઉપરાંત. વિદ્વાનો સાર્થ વાદવિવાદમાં પણ ઘણો વખત જતો એ જુદો. વળી એઓશ્રીના લખાણ ઉપરથી એમ પણ જણાય છે કે ઉપરોક્ત ગ્રન્થ ઉપર ટીકા લખવાની જરૂરીઆત પણ આપશ્રીને નહિ લાગી હોય. કારણ કે પ્રસ્થાન ચતુષ્ટય પૈકી ભાગવતને આપશ્રી પ્રસ્થાન ત્રયીના સારરૂપ ગણે છે. એટલે એના રહસ્ય સ્ફોટ ઉપરથી તેના અર્થનો પણ સ્ફોટ થઇ ગયેલો ગણાય એવી આપશ્રીની માન્યતા હોય. તેથી જ આપશ્રીએ શ્રીભાગવત ઉપર શ્રી સુબોધિની નામની અદ્વિતીય ટીકા લખી જીવને કૃતકૃત્ય કર્યો છે. આ ટીકા એવી તો સુંદર અને અલૌકિક છે કે તેના અભ્યાસ વડે પ્રસ્થાન ત્રયીના ત્રણ ગ્રન્થો હસ્તામલકવત સ્પષ્ટ થઈ જાય. આ બાબતમાં આપશ્રી એમ પણ જણાવે છે કે આ પૃથ્વીમાં આપશ્રીનું આવાગમન પણ કેવળ શ્રીભાગવતનું રહસ્ય જીવને સમજાવવા પૂરતું હતું. અને આપશ્રીએ તે કાર્ય સુબોધિની દ્વારા કર્યું.

જી૦—આપશ્રીએ ઉપનિષદો તથા ગીતાજી ઉપર ટીકાઓ કેમ નથી લખી તે તો સમજાયું પણ અન્ય આધારભુત ગ્રન્થો તરીકે

કોને ગણવા એ સંબંધનો હજુ ખુલાસો આપે કર્યો નથી અને તે જાણવાને હું ઘણોજ આતુર છું.

મુ૦—આપશ્રીના મત પ્રમાણે સાંખ્ય અને યોગનો કપિલ મુનિએ સ્વતઃ જે બોધ કર્યો છે એ મૂળરૂપે આધારભૂત છે, બાકી નહિ. કારણ તેમાં બુદ્ધિની શુદ્ધિનો માર્ગ બતાવવામાં આવ્યો છે અને તેટલા પૂરતો તેઓશ્રીએ તેનો સ્વીકાર્યો છે. ન્યાય અને વૈશિષકને સ્વીકારતા નથી કારણ તે મોહ ઉત્પન્ન કરવાનું કાર્ય કરે છે. મહાભારતને આધારભૂત ગ્રન્થ ગણવામાં આવે છે કારણકે વ્યાસજીએ તેમાં જ્ઞાનનો ભંડાર ભર્યો છે, જેથી સ્ત્રીઓ અને શૂદ્રો પણ તેનો લાભ લઈ શકે. ભગવદ્ગીતાનું મહત્ત્વ તો અદ્વિતીય છે. પણ તેમાં કૃષ્ણના મૂળ વાક્યોને શાસ્ત્ર તરીકે ગણેલાં છે, અર્જુનના વાક્યોને નહિ. રામાયણ પૂરૂં આધારભૂત ગણેલું છે, કારણકે વાલ્મિકીજીએ તે સમાધિ ભાષારૂપે લખેલું છે. પુરાણ એ શ્રુતિસ્મૃતિના પૂર્તિગ્રન્થો છે. શ્રુતિ સ્મૃતિ એ બે આંખો છે, તો પુરાણ હૃદય છે. તેમાં ભાગવત એ મોક્ષના પરમ સાધનરૂપ છે. શ્રી મહાપ્રભુજી તેને સૌથી ઉંચું સ્થાન આપે છે. આપશ્રીના સિદ્ધાન્તોનું સમર્થન કરનાર શાસ્ત્રગ્રન્થોમાં તેનું અનોખું સ્થાન છે. પંચરાત્રને પણ શાસ્ત્ર તરીકે લેખવામાં આવે છે. ઉપર બતાવ્યાં એ ગ્રન્થો ઉપરાંત પરોક્ષ કે અપરોક્ષ દૈવી આવિર્ભાવોનો આપશ્રીએ જે સાક્ષાત્કાર કરેલો તેના ઉપર પણ આપશ્રી આધાર રાખે છે.

જી૦—એ તો હું સમજ્યો. પણ આપ મને શુદ્ધાદ્વૈત પ્રમાણે પરમાત્માનું સ્વરૂપ કેવું છે તે બતાવો તો એ જાણવા ઇચ્છું છું.

મુ૦—શુદ્ધાદ્વૈતમાં પરમાત્મા એકલાનું જ અસ્તિત્વ સ્વીકારવામાં આવે છે. દુનિયામાં જે જે સર્વ પ્રપંચો દેખાય છે તે તેનાં જુદાં જુદાં સ્વરૂપો માત્ર છે. પ્રભુ એ અદ્વિતીય છે. તે જ સર્વનું ઉપાદાન

તેમજ નિમિત્ત કારણ છે. જડરૂપે, જીવરૂપે તેમજ અન્તર્યામીરૂપે અંદરથી તે જ તંત્ર ચલાવી રહ્યો છે. બ્રહ્માંડની ગતિમાં કર્તારૂપે ને કર્મરૂપે તે જ છે. તે ઉત્પન્ન કરે છે ને ઉત્પન્ન થાય છે. તે ગૃહે છે ને ગૃહણ કરવાની શક્તિ ધરાવે છે. તે નાશ કરે છે ને તેનામાં નાશ કરવાની શક્તિ છે. તે સર્વરૂપ છે. તેનામાં ફક્ત એકજ ભેદ દેખાય છે. જગતમાં તે વિભિન્ન થયેલો જણાય છે. છતાં તે ભેદ વિનાનો છે.

જી૦—ત્યારે શું શાંકરમત પ્રમાણે પરમાત્માનું સ્વરુપ આથી કાંઈ જુદું છે?

મુ૦—શંકરાચાર્ય બ્રહ્મના અખંડપણાને તથા સર્વવ્યાપકપણાનો સ્વીકાર કરે છે. પણ તે કેવળ નિર્ગુણ છે એમ કહે છે. તેમના મત પ્રમાણે બ્રહ્મમાં ગુણમાત્રનો અભાવ હોવો જોઈએ.

જી૦—મહાપ્રભુજી પણ નિર્ગુણ બ્રહ્મ નિર્ગુણ ભક્તિ એવો શબ્દ પ્રયોગ કરે છે. આપશ્રીના ભક્તિના પ્રકારમાં નિર્ગુણ ભક્તિને તે સર્વોત્કૃષ્ટ ગણવામાં આવે છે.

મુ૦—હા, પણ બન્ને એ શબ્દોનો જુદો જુદો અર્થ કરે છે. શંકરાચાર્ય નિર્ગુણ એટલે ગુણ વગરનું એવો અર્થ કરે છે; વલ્લભાચાર્ય નિર્ગુણ એટલે જેનામાં લૌકિક ગુણોનો અભાવ છે એવું, એટલે કે જેનામાં અલૌકિક ગુણો છે એવા અલૌકિક ગુણવાળું એવો કહે છે. અર્થાત્ બ્રહ્મમાં સંસારના ત્રણે ગુણો જેવા કે સત્ત્વ, રજ, ને તમના સંબંધમાં લાવે તેવા કોઈ પણ પ્રકારના ગુણો નથી. મતલબ કે ભગવાનના ગુણો અલૌકિક છે અને લૌકિક ગુણોની પેઠે અન્યોન્ય વિરોધ કરતાન થી. આનું કારણ એટલું જ કે ભગવાનમાં વિરુદ્ધધર્માશ્રયનો ગુણ પ્રવર્ત્તી રહેલો છે. એથી વિરોધી ગુણો ભગવાનમાં એકી વખતે

રહી શકે છે અને એકી વખતે કામ કરી શકે છે, છતાં તેનામાં ફેર પડતો નથી, એવું વૈચિત્ર્ય તે ધારણ કરે છે. આમ ભગવાનના અનન્ત ગુણો છે. તેમાં ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, ને વૈરાગ્ય એ મુખ્ય ગુણો છે.

જિ૦—ત્યારે તો આપશ્રીના મત પ્રમાણે બ્રહ્મ નિરાકાર ને સાકાર બન્ને છે, એમ ને ?

મુ૦—હા, બ્રહ્મ નિરાકાર ને સાકાર ઉભય છે. પણ મેં કહ્યું તે અર્થમાં.

જિ૦—ત્યારે બ્રહ્મને મન, લાગણી, આંખ, મસ્તક, મુખ વગેરે હશે ?

મુ૦—હા, વેદમાં બ્રહ્મનું આવું વર્ણન કરવામાં આવ્યું છે. પણ તેનો અર્થ તેને લૌકિક મન વગેરે છે એવો કરવાનો નથી. બ્રહ્મને પગ નથી છતાં તે ગતિ કરે છે, આંખ નથી છતાં તે જુએ છે. તે 'રસો વૈ સઃ' એટલે કે રસનું સ્વરૂપ છે, રસરૂપ છે. મતલબ કે તેને હૃદય નથી છતાં લાગણી છે. માટે તો તે પરમાનંદરૂપ કહેવાય છે.

જિ૦—ત્યારે તો તેને આકાર હોવો જોઈએ ?

મુ૦—હા, તે સાકાર છે જ. આ આકાર તે આનંદનું ઘનસ્વરૂપ છે તે આનંદની પૂતળી છે. આ જ બ્રહ્મ સર્વ જીવોના મૂળ કારણરૂપ છે, જ્ઞાનનું આશ્રયસ્થાન છે ને મોક્ષના દાતા છે. ભાગવતમાં આ જ બ્રહ્મને કૃષ્ણ એવું નામ આપેલું છે. માટે જ વૈષ્ણવો જ્યારે કૃષ્ણને ભજે છે એમ કહે છે, ત્યારે તે આવા સાકાર આનંદસ્વરૂપ બ્રહ્મને જ ભજે છે, એમ સમજવાનું છે. આ જ કૃષ્ણ ખુદ આદિમૂર્તિ છે. જો આ બ્રહ્મ સાકાર ન હોય તો જગતમાં આકાર આવ્યો

ક્યાંથી ? જો તે આનંદરૂપ, પ્રેમરુપ ન હોય તો આ જગતમાં પ્રેમ આવ્યો ક્યાંથી :

જી૦—પણ, કૃષ્ણને બધા જ હિંદુઓ પરમાત્મારૂપ ગણતા નથી. દાખલા તરીકે બંકીમચંદ્ર તો તેને યુગના એક મહાન પુરુષ તરીકે, ઈશ્વરી પુરુષ તરીકે ગણે છે. કેટલાક તેને વિષ્ણુના અવતાર તરીકે ગણે છે, તો કેટલાક એવું પણ કહે છે પરમાત્માનો અવતાર હોઈ શકે નહિ, માટે અવતારની આખી કલ્પના જ ભૂલ ભરેલી છે.

મુ૦—આપણે અવતારવાદના વિવાદગ્રસ્ત પ્રશ્નમાં ઉતરવા માગતા નથી. પણ આ વિષય ઉપર મહાપ્રભુજીનું શું મંતવ્ય છે, એ હું તમને કહું. ભાગવત આવા અવતારોનું સમર્થન કરે છે. અવતારો અમુક હેતુની સિદ્ધિ અર્થે આવે છે. જો આ જગત પરમાત્મામાંથી આવ્યું હોય, તો તેમાં રહેલાં જડ અને ચેતનનો સંબંધ તેની સાથે અતુટ હોવો જ જોઈએ. જો આવો સંબંધ હોય તો અવતાર રૂપે તેનું આવાગમન થાય એ શક્ય છે એટલું જ નહિ પણ અનિવાર્ય છે. આ વસ્તુ બુદ્ધિથી સમજાય તેવી છે.

આવા અવતારો ભગવાનની જ્ઞાનશક્તિ દ્વારા તેમજ ક્રિયા શક્તિ દ્વારા એમ બે પ્રકારે થાય છે. વ્યાસ, દત્તાત્રેય, વગેરે ભગવાનના અવતારો હતા. તેનો હેતુ આન્તર દુઃખનું નિવારણ કરવાનો હતો. મત્સ્ય, નૃસિંહ, વગેરે અવતારો બાહ્ય દુઃખનું નિવારણ કરવાને આવેલા. આવા અદૃશ્ય ભગવાન જ્યારે અવતાર રૂપે દૃશ્ય થાય છે, ત્યારે તેઓ નાટ્યવત્ લીલા કરે છે. ઘણે વખતે ભગવાન દેહધારી રૂપે પણ આવે છે, જેવા કે નારદ રૂપે પણ, આતો મેં વિશેષ અવતારોની વાત કરી.

ભાગવત પ્રમાણે તો બધા જ દેવો, ઋષિઓ, મનુષ્યો વગેરે

અંશ કે કલા તરીકે અથવા તો વિભૂતિના આવિર્ભાવ રૂપે છે. શાસ્ત્રના બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ત્રિમૂર્તિ એ ભગવાનનાં વિભૂતિરૂપો છે. ઇન્દ્રિયો પર સત્તા ધરાવનાર દેવો પણ ગુણાભિમાની દેવો જ છે. તેઓ ભગવાનના અંશરૂપ છે. આવા અવતારો ગૌણ છે. કારણ કે તેઓ ગુણાત્મક છે, ત્યારે ભગવાન ગુણોથી પર છે. આવા ગુણોથી પર એવા નિર્ગુણ પરમાત્માનો પ્રાદુર્ભાવ તો ફક્ત એકજ વાર સારસ્વત કલ્પમાં થયેલો. ભાગવતમાં જે કૃષ્ણની લીલાઓ વર્ણવી છે, તે આવા કૃષ્ણની.

જી૦—ત્યારે તો આનો અર્થ તો એ થયો કે કોઈ દેવ ઊંચો ને કોઈ દેવ નીચો. આમ થવાથી એકની અપેક્ષાએ શું આપણે બીજાની અવગણના કરતા નથી? શા માટે આપણે બધા જ દેવોને સરખા ન ગણવા જોઈએ?

મુ૦—આ બધા જ દેવો ખરા છે અને પ્રત્યેક પોતપોતાના અધિકાર પ્રમાણે ફલ આપવાને પાત્ર છે. આવું ફળ તે પોતાની સ્વસત્તાના સ્વતંત્ર બળ વડે નથી આપી શકતા પણ પરમાત્માની શક્તિના બળે તેમના અધિકારની રૂએ આપી શકે છે. એટલે એક રીતે કહીએ તો તેવું ફલ પણ તેમની દ્વારા પરમાત્મા જ આપે છે તો ખોટું નહિ. ગીતાજીમાં શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે જેઓ મને જે ભાવથી ભજે છે, તે ભાવથી હું તેને ભજુ છું. વિભૂતિરૂપ આ દેવો ગુણાત્મક છે, અને મોક્ષ સુધી તે તમને લઈ જતા નથી. માટેજ તેમને તમારા ઇષ્ટદેવ તરીકે તમારે ભજવાના નથી. કૃષ્ણ એ જ આપણો એકનો એક ઇષ્ટદેવ છે. પણ તેનાથી એવું સાબિત થતું નથી કે આપણે બીજા દેવોની અવગણના કરવાની છે. કૃષ્ણના સાચા ભક્તના હૃદયમાં સેવા કરતી વેળા એવો ભાવ કાયમ રહેવાનો કે આ દેવો કૃષ્ણમાં વિભૂતિરૂપો કે અંશરૂપો કે સેવકરૂપો છે. અને તેથી તેટલા પૂરતાં તે માનપાત્ર છે. વૃક્ષના મૂળમાં ભક્તિરૂપી જળનું

સિંચન કરવાથી દેવોરૂપી ડાળીઓ ને પાંદડામાં પણ તેની અસર અવશ્ય પહોંચે છે. એટલે મૂળ કૃષ્ણની ભક્તિથી બધાઓની ભક્તિ થઈ જાય છે, એમ ગણવાનું છે.

જી૦—ત્યારે શું ભગવાન અંદર ને બહાર બન્ને રૂપે એક સાથે હોઈ શકે ?

મુ૦—હાસ્તો. શું એક અલ્પ મનુષ્ય પણ તેવી રીતે નથી રહેતો ? ભગવાન એકી વખતે કૂટસ્થ અને પરાત્પર છે. તેની નિત્ય લીલામાં તે બ્રહ્માંડ રૂપે છે, છતાં પૌરુષ રૂપે પણ તે કાયમ છે: એટલે કે પૌરુષ રૂપે જગતથી પર પોતે પોતાના આત્મામાં રમે છે.

જી૦—ગીતાજીમાં ક્ષર, અક્ષર, અને પુરુષોત્તમ એવાં ભગવાનનાં ત્રણ રૂપ કહ્યાં છે, તેવુંજ ને ?

જી૦—હા, જગતમાં જુદાં જુદાં વિકારી ભૂતો તે ભગવાનનું ક્ષર રૂપ. જગતમાં રહેલું અવિકારી તત્ત્વ તે તેનું અક્ષર રૂપ. અને આ બન્ને તત્ત્વોથી પર તે પુરૂષોત્તમ રૂપ. આ રૂપોને જ ભગવાનનાં આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક રૂપે વર્ણવામાં આવે છે. તેઓ નારાયણ, બ્રહ્મ તથા પુરુષોત્તમના નામથી અનુક્રમે ઓળખાય છે. નિબંધમાં આ ત્રણેનાં નામ અન્તર્યામી, અક્ષર અને કૃષ્ણ એ પ્રમાણે આપેલાં છે.

જી૦—પણ, આવો ભેદ હોવાનું શું કારણ ?

મુ૦—તેનો ખુલાસો તો જો હું ભૂલતો ન હોઉં તો મેં અગાઉ આપી દીધો છે. ભગવાનને एकोहं बहुस्याम्। એવી એકમાંથી અનેક રૂપે રમણ કરવાની ઇચ્છા થઈ તેથી જ આવા આવિર્ભાવોના ભેદો પડયા. અન્તર્યામી સ્વરૂપે તે વિકાર પામતી ચેતનં સૃષ્ટિમાં

અનન્ત રૂપે આવિર્ભાવ પામે છે અને અક્ષર સ્વરૂપે, સ્વભાવ, કાલ ને કર્મરૂપે આવિર્ભાવ પામે છે.

જી૦—અક્ષર સ્વરૂપના આવિર્ભાવની ક્રિયા જરા વધારે સ્પષ્ટતાથી ન સમજાવો ?

મુ૦—**સ્વભાવ** એટલે આંતરિક રીતે પ્રભુની અંદર શયન કરવાની સ્વાભાવિક વૃત્તિ. પ્રભુ આ સ્વાભાવિક ગુણને લીધે પોતાના કેટલાક ગુણોનો તિરોભાવ કરે છે અને જગતની અંદર જે જે જુદાં જુદાં રૂપો છે, તેમાં ફેરફાર કરે છે. ખરૂં જોતાં, ચેતન સૃષ્ટિ એ કેટલેક અંશે પ્રભુના તનુરૂપ છે (हरे श्च तनुः). આવી જ રીતે **કાલ** પણ પ્રભુનું સ્વરુપ છે. કાલ દ્વારા તે જગતમાં વિકાર પેદા કરે છે. કાલની આ સત્તા આગળ હરકોઈને પાખંડીઓને પણ નમવું પડે છે. છતાં ભગવાનનું આ કાલસ્વરુપ એ કૃષ્ણ સ્વરુપ નથી. તેના મુખ્ય અધિકારીની નજરમાં તે અક્ષરનું રૂપમાત્ર છે. કારણ કે કૃષ્ણ તો પ્રેમનું સ્વરુપ છે ને તે તો તેના સેવકોને તેમની સેવાનું ફળ તેમના અધિકાર પ્રમાણે આપે છે. અને, અક્ષરનું ત્રીજું સ્વરૂપ તે **કર્મનું**. આ કર્મસ્વરુપ દ્વારા જીવાત્માઓ જેવું કર્મ કરે છે, તેવું ફળ તેમને મળે છે. આ કર્મશકિતનો આવિર્ભાવ કર્મના ફળરૂપે અવિર્ભાવ પામે છે.

જી૦—ત્યારે રૂદ્ર, બ્રહ્મા ને વિષ્ણુની ત્રિમૂર્તિ જગતના કારણ, પોષણ ને લયરુપે કાર્ય કરે છે તે શું છે ?

મુ૦—ખરૂં જોતાં આ ત્રિમૂર્તિ એ ભગવાનના વિભૂતિરુપો છે ને બ્રહ્મ જ તે રૂપે આવિર્ભાવ પામે છે. તે કૃષ્ણ પોતે છે. બ્રહ્મ જ બ્રહ્માંડના કારણરૂપ છે.

જી૦—આ બ્રહ્માંડ વિષે જરા વધારે માહિતી આપો તો ઠીક.

મુ૦—હા. પણ મને લાગે છે કે તેની વિગતમાં ઉતરતાં જરા વધારે લંબાણ થવાનો સંભવ છે અને આપણો આજનો સમય પણ પૂરો થવા આવ્યો છે એટલે એ વિષય માટે વધારે આવતી કાલે. જય શ્રીકૃષ્ણ !

જી૦—જય શ્રીકૃષ્ણ !

[૩૮] તત્વવિચાર (ચાલુ)

મુકુન્દદાસ—ગઈ કાલે તમે મને બ્રહ્માંડ વિષે પૂછેલું. બ્રહ્માંડ ૨૮ તત્ત્વોનું બનેલું છે. આ તત્ત્વો બ્રહ્મમાંથી જ આવિર્ભૂત થયાં છે. આ ૨૮ તત્ત્વોનો આવિર્ભાવ તેજ બ્રહ્માંડનું કારણ.

જીજ્ઞાસુદાસ—તો એમ કહીએ કે ૨૮ તત્ત્વોના વિકારોમાંથી બ્રહ્માંડ રૂપ કાર્ય થયું તો ચાલે ને? પણ ત્યારે પ્રશ્ન એ થાય છે કે આ આ તત્ત્વોને ગતિમાન કરનાર ચેતન તત્ત્વ તે કયું?

મુ૦—તે પણ બ્રહ્મ; એજ સ્વરૂપાત્મક બ્રહ્મ: સ્વસ્વરુપાત્મકરૂપે અને તેમાં ક્રિયારૂપે પણ. ક્રિયારૂપે કર્તૃત્વનો અને જ્ઞાનરૂપે જ્ઞાતૃત્વનો, એમ બન્ને તત્ત્વો વડે કૃષ્ણ સંપન્ન છે. માટે બ્રહ્મ યજ્ઞ દ્વારા આવિર્ભાવ પામે છે એવી ભાવના ઉપનિષદ્‌માં માલુમ પડે છે. તેથી મહાપ્રભુજીએ ઘણે ઠેકાણે વિવિધ યજ્ઞ સ્વરૂપો સાથે કૃષ્ણનું તાદાત્મ્ય વર્ણવે છે.

જી૦—ત્યારે તો આ ઉપરથી જ્ઞાન એ દૈવી તત્ત્વ છે એટલું જ નહિ પણ તે સ્વપ્રકાશિત છે, એ ભાવ હિંદના તત્ત્વદર્શીઓ પ્રદર્શિત કરે છે, એમને?

મુ૦—હા, માટે જ મહાપ્રભુજી કહે છે કે सर्ववेदमयो हरिः એવું શ્રુતિ દ્વારા ભગવાન પોતાને જણાવે છે. ખરું જોતાં તો ધ્વનિ માત્ર એ પ્રભુની વાઙ્મય લીલા છે. અને સર્વ અક્ષરો ને શબ્દો દ્વારા તે પોતાને જ વ્યક્ત કરે છે.

જી૦—અત્યારે તો આ જગતમાં જે કાંઈ વિચારાય છે, બોલાય છે, કરાય છે, તે બધું જ હરિ રૂપ છે એમ કહેવું જોઈએ.

મુ૦—એ ખરૂં કે સઘળાં દુન્યવી પ્રાણીઓ તથા સર્વ પ્રકારની વાણી પ્રભુમાંથી આવી છે, પણ તેટલા જ માટે પ્રભુની હરોળમાં મૂકી શકાય નહિ.

જી૦—કારણ ?

મુ૦—કારણ સ્પષ્ટ છે. કૃષ્ણની અંદર જે મુખ્ય ગુણો છે તે તેમનામાં ખીલેલા હોતા નથી.

જી૦—ત્યારે તો આપણે એમ કહીએ કે આ બધું જે કાંઈ થાય છે કે કરવામાં આવે છે, તે તેના વડે ને તેનાંથી જ કરવામાં આવે છે, પણ તે પરોક્ષ રીતે.

મુ૦—હા. પરમાત્મા તેની અલૌકિક શક્તિઓ દ્વારા કામ કરી રહ્યો છે. આવી શક્તિઓ અનન્ત છે. તે પૈકી ભાગવતમાં બાર મુખ્ય શક્તિઓ ગણાવેલી છે. पुष्टि, गिर, कान्ति, कीर्ति, तुष्टि, इला, ऊर्जा, विद्या, अविद्या, शक्ति ને माया. આમાં માયા એ ચમત્કારિક રીતે દૈવી શક્તિ છે. તેને લીધે જ બ્રહ્મ જગતરૂપ બને છે.

જી૦—બ્રહ્મનાં ઉપર ત્રણ રૂપો કહેવામાં આવ્યાં: ક્ષર, અક્ષર, ને કૃષ્ણ. તો તેની શક્તિઓ કયી કયી ?

મુ૦—ક્ષરની અવિદ્યા, અક્ષરની પ્રકૃતિ, અને કૃષ્ણની માયા. શાસ્ત્રમાં અક્ષરને પુરુષ તરીકે ને તેની શક્તિ તરીકે પ્રકૃતિ એમ વર્ણવવામાં આવ્યું છે, તે તો તમને ખબર હશે.

જી૦—તો કૃષ્ણ સાથે આ અક્ષરરૂપ પુરુષ ને પ્રકૃતિરૂપ શક્તિનો શો સંબંધ હશે ?

મુ૦—પરમાત્મા કૃષ્ણ એ બન્નેનું મૂળ છે.

જિ૦—આ ત્રણ પ્રકારની શક્તિ ઉપરાંત બીજી શક્તિઓ પણ હશે ?

મુ૦—હા, આવિર્ભાવ ને તિરોભાવની શક્તિઓ. જગત કાર્ય આ બન્ને શક્તિઓ દ્વારા જ થાય છે.

જિ૦—આપ કહો છો કે જગત એ પરમાત્માનું સ્વરૂપ છે અને તેના જેટલું જ સત્ય છે, તો તેનામાં અને જગતમાં ભેદ શાથી ?

મુ૦—ભેદ ગુણની અને પદાર્થની દૃષ્ટિએ છે. જગતમાં દૈવી તત્ત્વની પૂર્ણતા નથી.

જિ૦—પણ, જે કારણમાં હોય તે કાર્યમાં હોવું જોઈએ ને ?

મુ૦—હા. પણ કારણ અને કાર્ય તે એક નથી. કારણકાર્યનો સંબંધ નિત્ય છે, અને કાર્યમાં કારણનાં મૂળ તત્ત્વનો અંશ હોવો જોઈએ. પણ તેના બધા અંશોમાં પણ તે કારણ સમાન ન હોઈ શકે. પરમાત્મા પોતાની જાતને જગતરૂપે ફેરવી નાંખે છે. પણ તેના બધા અંશોમાં નહિ, સાંગોપાંગ નહિ. પરમાત્મા તો સદા પોતાના આનંદના તત્ત્વના પ્રધાનપણાથી જગતથી પર છે. જગત તો તેનો અંશ માત્ર છે.

જિ૦—જો પરમાત્મા પૂર્ણાનંદ શક્તિ ધારણ કરે છે તો તે આનંદ જગતમાં કેમ દેખાતો નથી ?

મુ૦—તે શક્તિ જગતમાં તિરોભૂત થઈ ગઈ છે. આ જગતમાં સર્વ પદાર્થો મૂળમાં એક તત્ત્વનાં રૂપાન્તર થએલાં સ્વરૂપો છે. એક જાતની માટીમાંથી જેમ અનેક પ્રકારની માટીની વસ્તુઓ બને તેમ બ્રહ્મરૂપી એક તત્ત્વમાંથી જુદા જુદા નામ ને રૂપવાળી અનેક વસ્તુઓ

જગતમાં અસ્તિત્વમાં આવી છે, પણ તત્ત્વતઃ સર્વ એકરૂપ છે. માટે શુદ્ધાદ્વૈતને અવિકૃત પરિણામવાદ એવું નામ પણ આપવામાં આવે છે.

જી૦—પણ, એમ તો એક સામાન્ય માણસને પણ જગત સત્ય લાગે છે એટલે શું તે સત્ય થઈ ગયું ?

મુ૦—ના, તેને જગત સત્ય લાગે છે પણ તે તેના ખરા સ્વરુપમાં નહિ. તેને ખરા સ્વરૂપનું ભાન જ નથી હોતું. તેને તો જગતની ભિન્ન ભિન્ન વસ્તુઓ અન્યોન્યથી સ્વતંત્ર લીલા કરતી હોય તેમ જણાય છે. પણ જેઓ પંડિતો છે તેમને તો આ અસંખ્ય દૃશ્યો કેવળ એક બ્રહ્મના આવિર્ભાવો છે, એમ લાગે છે. એક પંડિત અને અજ્ઞાની વચ્ચેનો ભેદ આમાં સમાયેલો છે. ભેદ દૃષ્ટિમાં રહેલો છે. અને સંસાર એટલે શું ? જગત અને પરમાત્મા વચ્ચેના સાચા સંબંધનું અજ્ઞાન. સંસાર અસત્ય છે, જગત કે પ્રપંચ નહિ. પ્રપંચની ગતિ તો ચાલ્યાં જ કરે છે. કારણ કે તે તો ભગવાનના આવિર્ભાવરૂપ છે. તેનો અંત તો ભગવાન પોતાની લીલાને પોતામાં સમેટી લે ત્યારે જ આવવાનો.

જી૦—ત્યારે શાંકર અને વલ્લભ સિદ્ધાન્તોમાં તાત્વિક ભેદ શો છે, એ ટુંકામાં કહેશો ? શંકર જગતને અસત્ય કહે છે, વલ્લભાચાર્ય સત્ય કહે છે.

મુ૦—શંકરાચાર્યના મત પ્રમાણે અનેકતા એ ભ્રમ છે. વલ્લભાચાર્ય એવું સ્વીકારે છે કે બ્રહ્મ પોતે પોતાના સ્વરૂપને બહુત્વમાં તિરોહિત કરે છે અને પ્રાપંચિક સત્યત્વની પૂર્ણતામાં અસ્તિત્વ ધરાવે છે. શંકરાચાર્ય માયાને બ્રહ્મથી અલગ એવી અચિંત્ય શક્તિ તરીકે સ્વીકારે છે, વલ્લભાચાર્ય માયાને બ્રહ્મની શક્તિ તરીકે સ્વીકારવા છતાં, બ્રહ્મ માયાના સંબંધથી રહિત છે અને તેના કાર્ય-

કારણરૂપે પણ માયિક નહિ પણ શુદ્ધ જ રહે છે. આમ વલ્લભાચાર્ય બ્રહ્મને જગતના ઉપાદાન તેમજ નિમિત્ત કારણરૂપે સ્વીકારે છે. તેમના મત પ્રમાણે બ્રહ્મ કુંભારની પેઠે જગત ઉત્પન્ન કરતું નથી કારણકે કુંભારને માટી માટે તથા ચાક વગેરે માટે અન્ય બાહ્ય વસ્તુઓ ઉપર આધીર રાખવો પડે છે, જ્યારે બ્રહ્મને તેમ કરવું પડતું નથી. બ્રહ્મ તો કરોળિયાની જાળ પેઠે પોતાનામાંથી જગતને ઉત્પન્ન કરી, તેનો લય કરે છે. એક યોગીની પેઠે તે જાતે જ સ્વેચ્છાથી જગતરૂપ બની જાય છે, જેમ દુધમાંથી દહી બની જાય તેમ જગતરૂપે વિકાસ પામવાની બ્રહ્મની ગતિને સત્કાર્યે વાસના એવું નામ આપવામાં આવે છે. આમ શુદ્ધાદ્વૈતવાદમાં કાર્ય અને કારણનું અખંડ તાદાત્મ્ય સ્વીકારમાં આવ્યું છે. વસ્તુઓમાં ભેદ દેખાય છે એ વાત ખરી, પણ તેની અલ્પાંશે પણ ભગવાનના ગુણો પણ દેખાય છે, એ શું સાબિત કરે છે?

જી૦—એ ઉપરથી એમ કરી શકાય કે જગતના વિકાસ ક્રમમાં પરમાત્મા તેના આનંદ સ્વરૂપને કંઈક અંશે ઢાંકી રાખે છે.

મુ૦—બરાબર, મેં પૂર્વે કહ્યું તેમ આવિર્ભાવ ને તિરોભાવ નામની ભગવાનની બે શક્તિ છે. તે દ્વારા ભગવાન જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને લય કરે છે. માટે જ આ ભેદો દેખાય છે.

જી૦—ત્યારે આ દૃષ્ટિએ પરમાત્મા, અને જડના પ્રત્યેક સ્વરૂપમાં શું તારતમ્ય છે?

મુ૦—પરમાત્મા પોતે સત્ ચિત્ અને આનંદરૂપ છે. જીવાત્મામાંથી આનંદ તિરોહિત થયો છે, એટલે તેનામાં સત્ ને ચિત્‌ના અંશો દેખાય છે. ત્યારે જડમાં ચિત્ અને આનંદનાં તત્વો તિરોહિત હોવાથી તેમાં કેવળ સત્ તત્ત્વ જ દેખાય છે. અને તેથી ઉપર કહી તેવી ભિન્નતાને અવકાશ મળે છે.

જી૦—ત્યારે તો તેનો અર્થ એ થયો કે આનંદનું તત્ત્વ જીવાત્મામાં છે, પણ તે તિરોભૂત દશામાં. જો તેને પ્રકટ કરવું હોય તો તેનામાં ભગવાન પ્રકટ થવા જોઈએ. અર્થાત જો ભગવાન આનંદ સાથે વ્યક્તિમાં પ્રકટ થાય તો તે વ્યક્તિમાં આનંદનું તત્ત્વ પણ દૃશ્ય થાય.

મુ૦—હા, એમ જ. અરે, એટલું જ નહિ. જો જીવ બ્રહ્મદશાને પામે તો તેના આત્મામાં ભગવાનનો આકાર–ચતુર્ભૂજ વગેરે તથા કોટયવધિ બ્રહ્માંડો સુદ્ધાં દરેક વ્યક્તિગત આત્મામાં પ્રકટ થઈ શકે, જેમ યશોદાજીની બાબતમાં બન્યું હતું તેમ.

જી૦—ત્યારે હવે મારે એક પ્રશ્ન પૂછવાનો છે: ભગવાનને આવા જગતરૂપે બનવાનું કારણ શું?

મુ૦—ભગવાનને જગતરૂપ થવામાં કોઈ પણ બાહ્ય કારણની જરૂર નથી. કેવળ લીલા અર્થે જ તે જગતરૂપ બને છે. માટે જ જગત એ ભગવાનની આત્મસૃષ્ટિ છે. તેને અન્ત નથી, કારણકે પ્રભુ તો અનંતનામ છે. બૃહદારણ્યક ઉપનિષદમાં આનો ખુલાસો એવો કરવામાં આવ્યો છે કે પરમાત્મા પોતે એકાકી હોવાથી તેને આનંદમાં કંઈક ક્ષતિ લાગી માટે તેણે બહુની ઇચ્છા કરી: एकोहं बहुस्याम्. તેથી તે કેવળ રમણાર્થે પોતે પ્રપંચરૂપ થયા. પ્રપંચમાં વૈવિધ્યની જરૂર છે. જો તેમ ન હોય તો ભગવાનની લીલા ચાલી શકે નહિ. વળી મહાપ્રભુજી એક એવો પણ ખુલાસો કરે છે કે આસક્ત જીવોના ક્લેશો ભગવાન સહી શક્યા નહિ તેથી તેણે કરુણાને લીધે આ જગત રચ્યું.

જી૦—પણ, આમ પોતાના જ આનંદ અર્થે દુઃખથી ભરેલા પ્રપંચને રચવામાં ભગવાન ક્રૂર છે, એમ ન કહેવાય?

મુ૦—કર્મ અનુસાર સારાં કે માઠાં ફળ ભોગવવાનું ભગવાન જીવના હાથમાં મૂકે છે. પણ, આ બાબતમાં જીવો આવા વિચાર કરે તે જ અપ્રસ્તુત કહેવાય. ભગવાનને તે લાગુ પાડી શકાય નહિ. એક રીતે કહીએ તો ભગવાન પોતે જ જીવરૂપે પ્રપંચના સુખદુઃખનો અનુભવ લઈ રહ્યો છે, તો બીજી રીતે તે સત્ અને અસત્‌થી પર છે. આમ તે વિરુદ્ધધર્માશ્રયી હોવાથી આવો અલૌકિક વ્યવહાર તેના એકલામાં જ સંભવિત છે. માટે લૌકિક નીતિશાસ્ત્રના નિયમો અહીં લાગુ પડી શકે નહિ.

જી૦—પણ, વિશ્વ સૃષ્ટિમાં સ્વપ્નસૃષ્ટિ જેવી અંધ સૃષ્ટિ પણ રહેલી છે તેનું કેમ ?

મુ૦—ભગવાનની શક્તિઓ અનન્ત છે. તેની કર્તૃત્વ શક્તિ અપાર છે. તેથી જ વિશ્વસર્જનનું કામ અગણિતરીતે વિવિધરૂપે થાય તેમાં આનો પણ સમાવેશ થઈ શકે છે. એથી જ વેદોમાં, પુરાણોમાં, તંત્રોમાં, સૃષ્ટિ વિષે જે વિવિધ અને અસંગત વાતો આવે છે, તેને સ્વીકારતાં મુશ્કેલી નડતી નથી.

મુ૦—આપે પૂર્વે કહ્યું હતું કે વલ્લભાચાર્ય વિશ્વસર્જનમાં ૨૮ તત્ત્વોનો સ્વીકાર કરે છે: (૧) પુરુષ, (૨) પ્રકૃતિ, (૩, ૪, ૫) ત્રણ ગુણો (સત, રજ, ને તમ), (૬) મહત્‌ચિત્ત (૭) અહંકાર, (૮) મન, (૯-૧૩) જ્ઞાનેન્દ્રિયો, (૧૪-૧૮) કર્મેન્દ્રિયો, (૧૯-૨૩) તન્માત્રાઓ, (૨૪-૨૮) મહાભૂતો. પણ સાંખ્ય યોગીઓ તો પુરુષ ને પ્રકૃતિને જુદાં તરીકે દર્શાવે છે.

મુ૦—શ્રી વલ્લભાચાર્ય પુરુષ ને પ્રકૃતિ તથા તેમનાં પ્રકટ સ્વરૂપો વચ્ચે ભેદ સ્વીકારતા નથી. તેઓ પ્રભુપ્રાકટ્યનાં કેવળ જુદાં જુદાં સ્વરૂપો છે.

જી૦—હા, એવી રીતે વિશ્વનું પણ વિભાગીકરણ કરવામાં આવ્યું છે. ગીતાજીમાં પણ એવા વિભાગો પાડવામાં આવ્યા છે. વિભાગના આ સિદ્ધાન્ત પ્રમાણે તે દેહ, જીવ અને અન્તર્યામીનો ઉપભોગ કરે છે, તેથી તત્ત્વો આધિભૌતિક છે કે આધ્યાત્મિક, તેનો વિવેક કરી શકાય છે. આ પ્રમાણે મહત્તત્ત્વ એ જીવાત્મામાં તેમજ બ્રહ્મમાં વિચાર શક્તિને સ્થાને છે, અહંકાર એ જીવાત્મા તેમજ રુદ્રના પ્રાણતત્ત્વને સ્થાને છે, અને તે પ્રમાણે બધાં જ તત્ત્વોનું સમજવું. સૃષ્ટિનો ક્રમ આ પ્રમાણે હોય છે. પ્રથમ પરમાત્મા કારણરૂપ મૂળ તત્ત્વને ઉત્ક્રાન્ત કરે છે. તેથી તેમાંથી તત્ત્વો ઉત્પન્ન થાય છે. પછી આવાં ઉત્પન્ન થયેલાં તત્ત્વો એકબીજા સાથે મળી જવાથી તેના મિશ્રણથી બ્રહ્માંડ ઉત્પન્ન થાય છે અને અંતે અન્તર્યામીરૂપે જીવોમાં તે સત્તા ચલાવે છે. આમ ઈશ્વરનાં ત્રણ રૂપોનાં લક્ષણ મહત્સૃષ્ટિ, અણુસૃષ્ટિ, તથા સર્વભૂતસૃષ્ટિ તરીકે જણાવવામાં આવે છે.

જી૦—ત્યારે સૃષ્ટિનો પ્રલય થાય છે એવું જે કહેવામાં આવે છે, તે શા માટે થતો હશે?

મુ૦—તેમાં બે કારણો આપેલાં છે. ચેતન પ્રાણીઓના આરામ માટે તેમજ પરમાત્મા પોતાના સંતોષ અર્થે. આવો પ્રલય થવામાં કાલરૂપ ભગવાન, રુદ્ર અને ગુણો એ ત્રણની ક્રિયા થાય છે. કલ્પો સુધીની શાન્તિ પછી વળી પાછો સૃષ્ટિક્રમ શરૂ થાય છે. તેમાં નાશ પામેલા વિશ્વનો કર્માત્મા કર્મમાં પ્રવૃત્ત થાય છે, એમ કહીએ તો ચાલે. આને આપણે ભગવાનની એકમાંથી અનેક થવાની ઈચ્છા તરીકે પૂર્વે વર્ણવી છે.

જી૦—વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના આ નિયમો શું નિત્ય નિયમોને અધીન હોય છે. કાળની ગણના કલ્પથી કરવામાં આવે છે. આવા કલ્પો પણ ગુણ પ્રમાણે વિભાગિત થાય છે, જેમકે

સાત્વિક કલ્પો, રાજસ કલ્પો ને તામસ કલ્પો. સાત્વિક કલ્પોના અધિષ્ઠાતા દેવ વિષ્ણુ હોય છે, રાજસ કલ્પોના બ્રહ્મા અને તામસના રૂદ્ર ગણવામાં આવે છે. (આ રૂદ્રના અંતરાત્મા એટલે કૃષ્ણ.) આ કલ્પોના ભેદ ઉપરથી પુરાણોના પણ ભેદ પાડવામાં આવ્યા છે. સાત્વિક કલ્પોને લઈને સાત્વિક પુરાણોનો ઉદ્ભવ થયો છે; મતલબ કે સાત્વિક પુરાણોમાં મુક્તિ માટે જે વિધિ બતાવવામાં આવી છે, તેનું પાલન કરવાથી જીવ જલદીથી મોક્ષ પામી શકે છે. રાજસ કલ્પમાં જીવો ધર્મ અને વિધિની બાબતમાં પ્રવૃત્ત વિશેષ હોય છે, જ્યારે તામસ કલ્પમાં અધર્મ અને દુ:ખનું રાજ્ય ચાલે છે.

જી૦—તેથી આ કલિયુગમાં પતન તેની પરાકાષ્ટાએ પહોંચ્યું છે, એમ ને?

મુ૦—હા, માટે જ અત્યારે વેદો, પુરાણો ને સ્મૃતિઓના અર્થમાં આવો ગટાળો થયેલો જોવામાં આવે છે. અને તેના અર્થ બરાબર સમજાતા નથી. અને અનેક ખોટા ધર્મો પેદા થયા છે. આમ થવાથી જ મોક્ષનો માર્ગ ઘણો જ કઠણ ને દુર્લભ થઈ ગયો છે. જ્યારે સત્યયુગમાં એથી ઉલટું હોય છે. મોક્ષપ્રાપ્તિનો માર્ગ તે વખતે ઘણો સુલભ હોય છે.

હું ધારૂં છું કે આજે તો આટલું બસ છે. હવે આવતી કાલે હું જીવાત્માના સ્વરૂપ ઉપર વાત કરીશ.

[૩૯]

જીવાત્મા

મુકુંદદાસ—મેં તમને કહ્યું કે આનંદ તત્ત્વનો તિરોભાવ થવાથી જીવોએ પરમાત્મામાંથી બહિર્ગમન કર્યું. જીવોએ ખરું જોતાં દશ્યમાન ચેતનાત્મક તત્ત્વો છે. આ જીવ—તત્ત્વો ઇન્દ્રિયો વડે જોઈ શકાય તેવાં નથી. છતાં યોગીઓ તેને જોઈ શકે છે.

સંસારમાં આ જીવોને દેહો હોય છે, જે પુનર્જન્મ લે છે. જન્માંતરોમાં જીવની કેડે સૂક્ષ્મ દેહ જાય છે. પ્રાણી, મનુષ્ય, દેવ કે દૈત્યના ખોળીયા રૂપે રહેલા સ્થૂલ દેહને જીવ એકમાંથી બીજામાં બદલ્યાં કરે છે. જીવનો સ્થૂલ દેહ સાથેનો સંબંધ ઘણો ગાઢ હોય છે.

જિજ્ઞાસુદાસ—જીવને અણુ કહેવામાં આવે છે. તો શું તેને આકાર હોય છે?

મુ૦—જીવ એક અણુ જેટલો ડાંગરના કણુના અગ્ર ભાગ જેટલો સૂક્ષ્મ હોય છે.

જિ૦—જો એમ હોય તો આખા શરીરમાં (અણુ અણુમાં) તેની હયાતિ શી રીતે લાગે?

મુ૦—જેમ ચંદનના તેલની સુવાસ આખા શરીર ઉપર ફેલાયલી હોય છે, તેમ જીવ આખા શરીરમાં વ્યાપી રહેલો હોય છે. દેહ ક્ષણભંગુર હોવાથી તેનો નાશ થાય છે. પણ જીવ તો પરમાત્મામાંથી આવેલો દૈવી અંશ છે, તે નિત્ય અને અમર છે.

જી૦—ત્યારે તત્ત્વમસિ ।' નો શો અર્થ !

મુ૦—આ સૂત્ર જીવ અને બ્રહ્મની એકતા બતાવતું નથી. સોનાની વીંટી જેમ સુવર્ણ તત્ત્વ ઉપર આધાર ભૂત છે, તેમ જીવ બ્રહ્મ ઉપર આધારભૂત છે. તેટલો જ તેનો અર્થ થાય છે.

જી૦—ત્યારે તો ‘ અહં બ્રહ્માસ્મિ ’ એવું સૂત્ર જે કહેવાય છે તે સત્યથી વેગળું છે એવું ઠરે !

મુ૦—હા, શાંકર મતવાદીઓ એ સૂત્રને મુખ્ય સૂત્ર તરીકે ગણે છે પણ તે સત્યથી વેગળું છે. જીવ પરમાત્મા નથી. કારણ કે પરામાત્મામાં જે આનંદ તત્ત્વ હોય છે, તે તેનામાં નથી હોતું. નિત્ય આનંદવાળા અને સર્વ શક્તિમાન પરમાત્માની કક્ષામાં તે અધમ છે. પરમાત્મા જીવનો નિયામક ને ઉપરી છે. આ પરમાત્મા આખા વિશ્વનો મહાન અધિષ્ઠાતા દેવ છે તે દુન્યવી સર્વ દોષોથી પર છે. એટલું જ નહિ. અન્તરમાં વ્યાપી રહેલા અન્તર્યામીથી પણ તે પર છે. અને ત્યાં રહ્યે રહ્યે જીવાત્માઓનાં સઘળાં કાર્યો ઉપર સત્તા ચલાવે છે.

જી૦—આપણે પરમાત્માને કર્તા તરીકે ગણીએ અને છતાં મનુષ્યોને પોતાના કૃત્યો માટે જવાબદાર ગણવામાં આવે એમાં કાંઇ દોષ રહેલો નથી ?

મુ૦—એક અર્થમાં પરમાત્મા નહિ પણ જીવને પણ કર્તા

તરીકે ગણુવો જોઇએ. પણ જીવનું આ કર્તૃત્વ કેવળ મર્યાદિત રૂપમાં જ હોઇ શકે. ખરી રીતે તો તે પરમાત્માને સંપૂર્ણપણે અધીન છે. એક રીતે કહીએ તો એમ પણ કહેવાય કે જીવની ગતિનો આધાર પ્રભુની મૂળેચ્છા ઉપર છે.

જી૦—ત્યારે શું આપ એમ કહેવા માગો છો કે કાર્ય કારણના એટલે કર્મના સિદ્ધાન્ત અનુસાર જીવનું કર્તૃત્વ કેટલેક અંશે ભલે સ્વીકારવામા આવે પરંતુ તેની અંતીમ ગતિનો નિર્ધાર તો પ્રભુની મૂળેચ્છા ઉપર રહેલો છે, એમને ?

મુ૦—હા, એમજ. શ્રી વલ્લભાચાર્યના મત પ્રમાણે જીવના ત્રણ પ્રકાર છે—(૧) શુદ્ધ, (૨) સંસારી, ને (૩) મુક્ત. શુદ્ધ જીવો એટલે પરમાત્માના શ્રી અંગમાંથી ઉત્પન્ન થયા હોય તે. સંસારી જીવો એટલે જે ચોરાશીના ફેરામાં ફરતા હોય તેવા અને મુક્ત જીવો એટલે સંસારમાંથી મુક્તિ સાધી શકે તેવા. આ પૈકી સંસારી જીવોના પાછા ત્રણ પેટા ભાગ પાડવામાં આવ્યા છે: જેવો કે દૈવી જીવો, મધ્યમ જીવો અગર માનવ જીવો અને દાનવ જીવા. દૈવી મુક્તિ યોગ્ય ગણાય છે, માનવ જીવો સૃષ્ટિ યોગ્ય ગણાય છે, જ્યારે દાનવ જીવો કોઈ શાપ કે પાપોને લીધે નરકગામી થયા હોય છે. દૈવી જીવો સાત્વિક અને શુક્ત સૃષ્ટિ પ્રવૃત્ત જીવો કહેવાય છે, દાનવ જીવો તમોમય ને તમસિ પ્રવિષ્ઠ જીવો કહેવાય છે. જીવો કહેવાય છે. જીવોના વર્ગીકરણની એક બીજી પણ પદ્ધતિ આપેલી છે.

જી૦—ત્યારે શું બીજી પદ્ધતિ પણ છે ?

મુ૦—હા, છે. જીવોને પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા આવા ત્રણ માર્ગો પાડવામાં આવ્યા છે. તેમાં એક ચોથા વર્ગનો પણ સમાવેશ કરવામાં આવે છે, જેવા કે સંબંધી જીવો. આવા જીવો સંસારમાંથી જન્મ્યા હોતા નથી પણ તેમના જીવનને પાયો જ હોતો નથા. તેઓ

આમ તેમ ભટકયાં કરે છે. ચર્ષણી સ્ત્રીની પેઠે તેઓ આમ તેમ રખડયાં કરે છે.

જી૦—પણ, કૃપા કરી પહેલાં ઉપર જે ત્રણ વર્ગ પાડયા તે સમજાવો એટલે સંબંધી જીવો આપોઆપ સમજાઈ જશે.

મુ૦—પુષ્ટિ જીવો એ આનંદપ્રધાન જીવો છે. તેઓ પ્રભુના શ્રી અંગમાંથી આવ્યા છે. પ્રભુના દૈવી ગુણની પ્રધાનક્રિયાને લઈ તેમનું બહિર્ગમન થયું છે. મર્યાદા જીવમાં ચિદંશ પ્રધાન હોય છે. તેઓ પ્રભુની વાણીમાંથી ઉત્પન્ન થયા છે. તેઓ વેદને અનુસરે છે. અને વેદમાં જણાવેલી મુકિત મેળવે છે. પ્રવાહી જીવોમાં સદંશ વધારે પ્રમાણમાં હોય છે. તેઓ પ્રભુના મનમાંથી ઉત્પન્ન થયા છે. તેઓ જન્મમરણમાં આવજા કર્યા કરે છે. જે જીવો ચોર્યાશીના ફેરા ફરી આખરે પોતાનો અંત આણે છે, તે પ્રભુની પેઠે અમુક પ્રકારની સિદ્ધ અવસ્થા પામે છે. શ્રીઅંગમાંથી અવતરેલા જીવો મુકિત પછી ગોલોકમાં પ્રભુની નિત્ય આનંદલીલામાં પ્રવેશ કરે છે. મર્યાદા જીવોમાં માત્ર ચિદંશ તત્ત્વ જ હોવાથી તેઓ વૈદિક મુક્તિ પ્રાપ્ત કરે છે અને તેથી આખરે અક્ષરમાં લય પામે છે. પ્રવાહી જીવોને તો આનંદ તેમજ ચિત્ સાથે લેવાદેવા નહિ હોવાથી ભગવાનની મનોસૃષ્ટિમાંથી ઉત્પન્ન થયેલા હોય છે. તેમનામાં કૈંક અંશે અપૂર્ણ તત્ત્વ રહેલું હોય છે તેથી જ્યારે તેમના સંસારનો લય થાય છે, ત્યારે તેઓ ન તો પુરુષોત્તમનું સાન્નિધ્ય મેળવે છે, કે ન તો અક્ષરમાં લય પામે છે. પણ તેઓ આખરે તમોગુણમાં લય પામે છે. આનું નામ તામસ મુક્તિ કહેવાય છે.

જી૦—ત્યારે આનો અર્થ એ થયો કે ફક્ત થોડા જ જીવાત્માઓ મોક્ષના અધિકારી હોય છે; વધારે તો સંસારમાં જ ડૂબેલા રહે છે, એમ ને ?

મુ૦—હા, એમ જ. ગીતાજીમાં પણ એમ જ કહે છે. બાઈબલમાં પણ તેવા કથનનું સમર્થન કરેલું છે.

જી૦—શું પ્રવાહી બધા જ જીવોની આ ગતિ થાય છે? તેમને માટે વધારે ઉચ્ચી સ્થિતિ પ્રાપ્ત કરવાને અવકાશ જ નથી?

મુ૦—ના, એમ નહિ. પ્રવાહી જીવોમાં પણ અજ્ઞ ને દુર્જ્ઞ એવો ભેદ છે. તેમાં પણ બે પ્રકારના જીવો જોવામાં આવે છે. અજ્ઞ જીવો તેમનુ અજ્ઞાન દૂર થતાં મર્યાદા સૃષ્ટિ માટે લાયકાત મેળવી શકે, પણ દુર્જ્ઞનો અંત તો ઉપર કહ્યો તે પ્રમાણે તમસમાં લય થવાથી જ થાય છે.

જી૦—આપે જીવની ઉત્ક્રાન્તિનો સામાન્ય નિયમ કહ્યો. પણ તેમાં કોઈ અપવાદ હશે ખરો?

મુ૦—પરમાત્મા કર્તું અકર્તું અન્યથા કર્તું છે. સામાન્યપણે તેને પોતે જ નક્કી કરેલી વિશ્વમર્યાદાનું તે ઉલ્લંઘન કરતો નથી. છતાં, તે તેના પોતાના કાયદાને અધીન નથી. જીવ તેમજ આખું બ્રહ્માંડ તેને વશ છે. પરમાત્માની કૃપા થાય તો નીચો જીવ પણ મોક્ષ પામવાને પાત્ર બની શકે અગર તેથી ઉલટું, કોઈ જીવ તપશ્ચર્યા કરતો હોય અને તેમ કરવું તેની ઇચ્છા વિરુદ્ધ હોય તો તેની અવકૃપાને પાત્ર પણ થાય. ટુંકમાં, ईश्वर्कार्यः दुर्विश्राव्यः।

જી૦—આપે કહ્યું કે જીવમાંથી આનંદ તિરોહિત થયેલો હોય છે. જો આવો આનંદ પ્રકટ થાય તો તેનામાં શો ફેર પડે?

મુ૦—આનંદ તિરોહિત થવાથી ભગવાનના ષડ્ગુણો જેવા કે ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, ને વૈરાગ્ય પણ તિરોહિત થાય છે. અને ઉપરોક્ત છ ગુણોને બદલે તેનામાં દૈન્ય, સર્વદુઃખ સહન, સર્વહીનત્વ, જન્માદિ, દેહાદિબુદ્ધિ તથા વિષયાસક્તિ એમ અનુક્રમે

દેખા દે છે. ઈશ્વરના પહેલા ચાર ગુણોનો લોપ થવાથી તેને સંસારચક્રનું બંધન લાગ્યું છે અને છેલ્લા બેનો લોપ થવાથી તેનામાં વિપર્યય એટલે હોય તેથી વિપરીત ભાવો પેદા થવા પામ્યા છે.

જી૦—આ તિરોહિત થવાની ક્રિયા એને જ આપ અજ્ઞાન કહો છો ને?

મુ૦—હા, એ જ અજ્ઞાન. આવું અજ્ઞાન અવિદ્યાના નામે ઓળખાય છે. આવી અવિદ્યા પાંચ પ્રકારની છે.

જી૦—અર્થાત્ જીવ પોતાને પોતાના ખરા સ્વરૂપમાં જાણી શકતો નથી. અગર તો કહો કે તેને તેના ખરા સ્વરૂપનું વિસ્મરણ થયું છે.

મુ૦—હા, એમ જ. એથી જ જીવ ખોટી રીતે માનવા લાગે છે કે હું એટલે મારું અંતઃકરણ, હું એટલે મારો પ્રાણ, હું એટલે મારી ઇન્દ્રિયો. શાસ્ત્ર આવા અજ્ઞાનમય સમજણને અધ્યાસ કહે છે. આવા અધ્યાસને લીધે જીવની આસક્તિ વિષય પ્રત્યે થાય છે, ને તેના પરિણામે તેને લાગતા સુખદુઃખનો તે ભોક્તા બને છે. આવી વૈષયિક અપૂર્ણ અને અશુદ્ધ લાગણીઓ પેદા થવાથી તે આનંદનો અનુભવ કરી શકતો નથી. આનંદનો પૂરો તિરોભાવ તેનું નામ જ દુઃખ; થોડો તિરોભાવ એટલે દુઃખનો અભાવ અને તેનું અસ્તિત્વ એટલે સુખ.

જી૦—ત્યારે સુખ એ આનંદનું જ રૂપ છે, એમ નહિ?

મુ૦—દુન્યવી સુખ અને દૈવી આનંદ બન્ને વચ્ચે આસમાન જમીનનો ફેર છે. છતાં, સુખ એટલે અપૂર્ણરૂપમાં વિકૃત થયેલો આનંદ, એમ કહો તો ખોટું નથી. આવા આનંદ ને સુખની કલ્પના

થઈ શકે તે માટે સ્વર્ગની અંદરનું સુખ બ્રહ્માનંદ કે વાસુદેવસુખ એમ પણ કહેવાય છે.

દુન્યવી દુઃખ એ નરકના દુઃખનો અલ્પાંશ કહેવાય. તે તેની પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે પૂર્ણ તમસની સ્થિતિએ પહોંચ્યું કહેવાય કારણે તેવી સ્થિતિમાં ઈશ્વરના અસ્તિત્વનો પૂરેપૂરો તિરોભાવ હોય છે.

જી૦— ત્યારે વાસનાઓ શાથી ઉત્પન્ન થતી હશે?

મુ૦—સુખદુઃખના ઉદ્‌ગમથી વાસનાઓ પેદા થાય છે. અને ઇચ્છાઓ તો આવી વાસનાઓનાં મૂર્તસ્વરૂપ છે. વાસના એ ઇચ્છાનું અલ્પ સ્વરૂપ છે. તે જ્યારે મોટું સ્વરૂપ પકડે ત્યારે કામના કહેવાય. ક્રોધ ને દ્વેષ એ દુઃખની સ્થિતિઓ છે, લોભ ને મોહમાં સુખ ને દુઃખ સમાન પ્રમાણમાં રહેલાં હોય છે.

જી૦—આપે આ પહેલાં કર્મનો સિદ્ધાન્ત તો સમજાવેલો છે પણ જીવમાં તે કેવી રીતે કામ કરે છે તે ઉપર જરા વધારે ચોખવટ થાય એવું હું ઇચ્છું છું.

મુ૦—દરેક ક્રિયા ફળરૂપ છે. કર્મ સારૂં તો ફળ સારૂં, કર્મ નઠારૂં તો ફળ નઠારૂં. આ કર્મની ગતિ ઘણી જ ગહન છે. બ્રહ્મા પોતાને પણ તેની બરાબર ગમ નથી. એ માટે સામાન્ય નિયમો નક્કી કરી શકાય નહિ. એક બ્રાહ્મણનું માથુ કાપવું એ મહા પાપ ગણાય, છતાં દ્રોણનું માથું કાપવું પ્રશસ્ત ગણાયું. વળી કેટલાંક કર્મ એવાં હોય છે, જેમને પાકવાને પુષ્કળ વખત જોઇએ. તો કેટલાંક કર્મ એવાં હોય છે તેને ઘણો ઓછો સમય જોઈએ છે. કેટલાંક કાર્યો એવાં હોય છે, જે ચાલુ જીંદગીમાં જ પાકી જાય, તો કેટલાંક બીજા જન્મમાં પાકે. ટુંકયમાં જેવું મનુષ્યનું જીવન તેવીજ તેની જીંદગી. ગીતાજીમાં સત્વ, રજસ, ને તમસના ભેદ

વડે ત્રણ પ્રકારના જીવો ગણેલા છે. એવાજ ત્રણ પ્રકારના કર્મો વડે પણ તેમના ત્રણ ભેદો પાડી શકાય. અર્થાત્ ત્રણ ને ત્રણ વડે ગુણતાં નવ પ્રકારના પુનર્જન્મો થાય છે. આ પ્રકારો મુજબ સાત્વિક જીવ હોય ને તેનું કર્મ પણ સાત્વિક હોય તો તે સ્વર્ગમાં જાય, જ્યાં અપ્સરા તથા મહેલાદિનાં સુખ હોય છે. એ રાજસ સાત્વિક જીવ હોય તો દૈત્યસ્વર્ગમાં એટલે દૈત્યના સ્વર્ગલોક માટે અને જો તામસ સાત્વિક હોય તો પિતૃલોક (મનુષ્યોનો લોક) માટે ને તામસ તામસ હોય તો સર્પલોક માટે લાયક ગણાય છે.

જી૦—પણ, સવાલ એ થાય છે કે આપણે સત્કર્મો કોને કહેવાં? તેને માટે કાંઈ ચોક્કસ ધોરણ? કારણ આ બાબતમાં ઘણો મતભેદ જોવામાં આવે છે. એક જણ અમુક કર્મને સત્કર્મ તરીકે લેખે તો બીજો તેને જ અસત્કર્મ તરીકે લખે, એવો પૂરેપૂરો સંભવ કલ્પી શકાય તેવો છે.

મુ૦—આ માટે આપણને વેદ તથા સ્મૃતિનાં પ્રમાણ સ્વીકારમાં પડશે. ભલે, કાળક્રમે તેમાં ફેરફાર કરવો પડે તો એ જુદી વાત. પણ કાર્યમાં રહેલા સત્ય તત્ત્વની ઉપેક્ષા ન થવી જોઈએ. અર્થાત આવાં વિહિત સત્કર્મો કરનાર સારાં કર્મનાં ફળ પામે છે, એમ આપણે કરી શકીએ.

વળી દુષ્ટ કર્મોનો નાશ પણ પ્રાયશ્ચિતની ક્રિયા વડે થઈ શકે છે. આને આપણે શુદ્ધિની ક્રિયા કહીશું. પણ, તેમાં યે એટલું તો યાદ રાખવાનું છે કે કર્મ દ્વારા પુનર્જન્મમાંથી મુક્તિ પ્રાપ્ત થઈ શકે નહિ.

જી૦—ત્યારે સ્વર્ગમાં ગયેલા જીવોની સ્થિતિ નિત્ય કે પૂર્ણ તો નજ કહેવાય.

મુ૦—નહિ જ. સ્વર્ગનાં સુખો પણ દુઃખથી તો મુક્ત નથી જ હોતાં. કર્મના રસ્તે કોઈ પણ જીવ મોક્ષ પ્રાપ્ત કરી શકે નહિ. કર્મ તો જ્ઞાન ને ભક્તિ જે મોક્ષના માર્ગો છે તેના પગથીયા રૂપ હોય છે.

જી૦—તો મોક્ષના સીધા સાધન તરીકે જ્ઞાન ને ભક્તિ એજ છે? કર્મ નહિ?

મુ૦—ના, કર્મ નહિ. કર્મ તેનું સહાયક છે પણ તેના વડે મોક્ષ ન મળી શકે. કર્મ ગમે તેવું સારામાં સારૂં ને ઉત્કૃષ્ટ હોય છતાં તે સાત્વિક સ્વભાવવાળું હોય છે અને તેથી બંધનકારક છે. બંધનમાંથી મોક્ષ માટે તો જ્ઞાન કે ભક્તિ એ બેજ માર્ગ શાસ્ત્રોએ સ્વીકારેલા છે. મતલબ કે કર્મને કર્મભૂમિરૂપ આ દુનિયા જોડે સંબંધ છે, જ્યારે જ્ઞાન ને ભક્તિને દુનિયાથી પર એવા પરલોક સાથે સંબંધ છે, માટે જ વેદમાં બ્રહ્મજ્ઞાન ને બ્રહ્મભક્તિ એ મોક્ષનાં સાધન તરીકે સ્વીકારેલાં છે.

જી૦—ત્યારે મહત્તાની દૃષ્ટિએ તેમજ પ્રમાણતામાં જ્ઞાન ને ભક્તિ બન્ને સરખાં ને એક જ છે કે તે બેની વચ્ચે કાંઈ તાત્વિક ફેર છે?

મુ૦—બન્નેમાં ફેર છે. શ્રી વલ્લભાચાર્યના મત પ્રમાણે જ્ઞાન કરતાં ભક્તિ ચઢીઆતી છે. જ્ઞાનથી પણ મોક્ષ તો મળે છે પણ તેવો મોક્ષ ઉતરતી પંક્તિનો છે.

જી૦—વળી મોક્ષમાં પણ પંક્તિભેદ હોય ખરો કે?

મુ૦—હા, અગાઉથી પૂર્વસિદ્ધઅદ પ્રમાણે પોતાની પ્રકૃતિ અનુસાર જીવો જુદા જુદા માર્ગે જાય છે.

ભક્ત જે મોક્ષ મેળવે છે તે જ્ઞાનીના મોક્ષ કરતાં અનન્તગણું! વધારે ઉજ્વલ હોય છે.

જી૦—ત્યારે તમે જેને પૂર્વસિદ્ધમહવાળા જીવો કહો છો તેમને માટે મોક્ષના બન્ને માર્ગો સાધ્ય છે કે ભક્તિનો એકજ? શું જ્ઞાન ને ભક્તિના બન્ને માર્ગો તેને સાધ્ય હોઈ શકે ખરા?

મુ૦—હા, બન્ને માર્ગો સાધ્ય છે. પણ જ્ઞાનનો માર્ગ ભક્તિમાર્ગથી જુદો છે. ત્રૈવર્ણિકો માટે વેદાધ્યયનનો માર્ગ ખુલ્લો છે. સ્ત્રીઓ ને શૂદ્રો માટે તે ખુલ્લો નથી. તેમને માટે સ્મૃતિઓ તથા પુરાણો છે. પણ ખરૂં જોતાં મેં ઉપર જણાવ્યું તેમ આ કલિયુગમાં વેદોના અર્થ સમજવા મુશ્કેલ થઈ પડ્યા છે. માટે આખા મનુષ્ય જાતિ માટે ગીતા અને તેના વિસ્તીર્ણ વિવરણરૂપ ભાગવત એ બેજ પ્રમાણગ્રન્થો ગણી શકાય.

જી૦—આપ આ બે ગ્રન્થો પ્રમાણભૂત ગણો છો તેનું કારણ તો એ હોવું જોઈએ કે તે ગ્રન્થોમાં ભગવાન શ્રી કૃષ્ણે પરોક્ષ કે અપરોક્ષ રીતે તેમાં બોધ આપેલો છે, એમજ ને?

મુ૦—હા, આ બે ગ્રન્થને બરાબર સમજવામાં આવે તો હરકોઈ મનુષ્ય જ્ઞાન મેળવી ભક્તિનો વિકાસ કરી શકે છે. ભક્તિમાર્ગે મોક્ષ મેળવવાનો માર્ગ સર્વ માટે ખુલ્લો છે, પછી તે મનુષ્ય ગમે તે જાતનો હોય, કે ગમે તે સ્થિતિનો હોય.

જી૦—પણ, આપણે તો અગાઉ વર્ણાશ્રમની વ્યવસ્થા આવા વૈદિક માર્ગ સાથે કેવી રીતે સંકળાયેલી છે, તે જોયું છે.

મુ૦—હા, એ વાત ખરી છે. પણ મેં એવું પણ જણાવ્યું છે કે શ્રી વલ્લભાચાર્યજી ભક્તિની અપેક્ષાએ હાલના જમાના માટે તેને ગૌણ ગણે છે. આપશ્રીના મત પ્રમાણે આ કલિકાલમાં કેવળ ભક્તિનો માર્ગ જ સર્વ વર્ણના જીવો માટે સુલભ છે. વેદોક્ત પદ્ધતિ પ્રમાણે વિધિઆચાર પાળી શકાય એવી હવે સ્થિતિ રહી નથી. કારણકે દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, કર્મ અને મંત્ર, જે ધર્મનાં સાધન છે એ ભ્રષ્ટ થયાં છે, તેમાં શુદ્ધિ રહી નથી. તેથી શાસ્ત્રમાં કહ્યા પ્રમાણેનું ફળ તે દ્વારા પ્રાપ્ત થઈ શકે તેમ નથી. ચાર આશ્રમોમાં સંન્યાસાશ્રમ કર્મયોગને લાગુ પડી શકે નહિ. જ્ઞાનમાર્ગમાં પણ અમુક બાબતમાં જ તેનો સ્વીકાર તેઓશ્રીને સંમત છે. ભક્તિમાં પણ અંતે વિરહાનુભવ વાસ્તે તેનો સ્વીકાર ઇષ્ટ ગણ્યો છે, જેવો માનસી સંન્યાસ ગોપીઓએ ગ્રહણ કરેલો તેવો. મોક્ષની પ્રાપ્તિ માટે આપશ્રી સ્વબલ કરતાં પ્રભુકૃપાં ઉપર વધારે ભાર મૂકે છે. भगवत्कृपासहितः गृहस्थाश्रमः विशस्यति ॥

જી૦—પણ ત્યારે એમાંથી એવું પરિણામ પણ ન આવે કે એથી ગૃહસ્થાશ્રમના વિલાસોને પણ આડકતરી રીતે ઉત્તેજન મળે ?

મુ૦—ના, આપશ્રી ગૃહસ્થાશ્રમના વિલાસોને બિલકુલ ઉત્તેજન આપતા નથી. ઇન્દ્રિયજન્ય સુખોનો ત્યાગ કરવાનો આપશ્રી સ્પષ્ટ બોધ આપે છે. આપશ્રીની પદ્ધતિ બાહ્ય ત્યાગ કરતાં આન્તર ત્યાગ ઉપર વધારે રચાયેલી છે. મનુષ્યને પોતાની કને જે કાંઇ હોય તે સર્વ કૃષ્ણને અર્પણ કરીને તેના પ્રસાદરૂપે તેને ભોગવવાનું છે. ઉપનિષદ્મા કહ્યું છે કે त्यक्तेन मुंजीथा। આમાં વિષયભોગની ગંધ પણ બાધક છે. ખરૂં જોતાં દુનિયાદારીના વ્યવહારોમાંથી તેમજ વિષયોમાંથી જીવને છૂટો કરી આધ્યાત્મિક માર્ગની દૈવી ભૂમિકા ઉપર મૂકવાનો છે: તેને તેની તમામ ક્રિયાને ભગવદ્મય બનાવવાની છે. આપશ્રીના મત પ્રમાણે ગૃહનો

ત્યાગ તો સર્વદા કરવા યોગ્ય છે પણ જો તેમ ન થઇ શકે—અને ઘણાઓની બાબતમાં તેમ જ હોઇ શકે—તો તેને ગૃહને કૃષ્ણમય બનાવવો એવો આપશ્રીનો બોધ છે.

જી૦—ત્યારે શું ભક્તિમાર્ગમાં જ્ઞાનની જરૂર નથી ?

મુ૦—ભક્તિની સાધનાના માર્ગમાં પ્રાથમિક જ્ઞાન હોય તો પણ ચાલે. કારણ કે ભક્તિમાર્ગે ગતિ કરતાં, જ્યારે ભક્તિ સિદ્ધ થાય છે, ત્યારે ભક્તિમાંથી જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. આવું જ્ઞાન ભક્તને સંમત છે. ભક્તને બૌદ્ધિક જ્ઞાનની જરૂર નથી; કદાચ તેવું જ્ઞાન બાધક નીવડે એવો સંભવ વધારે છે. પણ તેમાં જ્ઞાનનો બહિષ્કાર કર્યો નથી. ભગવદ્ ગીતામાં જ્ઞાનવાન ભક્તની ઉંચી કોટિ લેખવામાં આવી છે. ભક્તિમાર્ગમાં પણ તેવું સ્વીકારવામાં આવે છે, પણ જ્ઞાનની અપેક્ષાએ ભક્તિનું પ્રાધાન્ય વિશેષ હોય તો.

જી૦—પણ કેટલાક જ્ઞાન ને ભક્તિને એક જ ગણે છે, તો કેટલાક ભક્તિને જ્ઞાનથી ઉતરતું ગણે છે.

મુ૦—હા, એ વાત મારા ખ્યાલ બહાર નથી. પણ પુષ્ટિમાર્ગનું મન્તવ્ય એથી જુદું છે. એ વાત ખરી કે જ્ઞાન દ્વારા આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અને જેને આત્મજ્ઞાન મળ્યું છે, તેને બ્રહ્મજ્ઞાન પણ પ્રાપ્ત થયું છે એમ જાણો. આ માટે જ્ઞાનમાર્ગમાં વૈરાગ્ય, સાંખ્ય એટલે નિત્યાનિત્યવિવેક, યોગ, તપ ને ભક્તિને સાધનો તરીકે સ્વીકારવામાં આવે છે. આવી રીતે જ્ઞાન પ્રાપ્ત કરેલો જ્ઞાતા પ્રભુને અક્ષરરૂપ જાણે છે ને ભજે છે. આવા માર્ગનો સાધક ઐહિક વસ્તુમાત્રનો ત્યાગ કરે છે; સંન્યાસ ગ્રહણ કરે છે; અને અસંપ્રજ્ઞાત સમાધિ પ્રાપ્ત કરી મોક્ષદશાને પામે છે. પરંતુ, આવો સાધક જો સંપ્રજ્ઞાત સમાધિ સાધી અમુક અંશ સુધી ઈશ્વર સાક્ષાત્કાર કરે તો,

તેને ક્રમમુક્તિ થાય છે. તેનો આત્મા દેહથી વિખૂટો થઈ દેવયાનને માર્ગે મહતલોકમાં જાય છે ને પછી ત્યાં વધુ જ્ઞાન પ્રાપ્ત કરી કલ્પને અંતે બ્રહ્મા સાથે પરમાત્મામાં લય પામે છે.

જી૦—જો આવી રીતે ઈશ્વર સાક્ષાત્કાર થતો હોય તો આ પ્રકારના મોક્ષને હલકા પ્રકારનો મોક્ષ શા માટે કહેવામાં આવે છે?

મુ૦—તે સાધકને આવું જ્ઞાન નિર્ગુણ બ્રહ્મ દ્વારા થયેલું હોય છે. જ્ઞાન સત્ત્વ સમ હોવાઃથી ગુણયુક્ત છે. જ્ઞાની અક્ષર સ્વરૂપમાં પ્રવેશ કરે છે પણ તે પુરુષોત્તમનું સ્વરૂપ નથી, અક્ષર એ પુરુષોત્તમનું બહિરૂપ છે.

જો એથી પણ ઉચ્ચતર સ્થિતિ પ્રાપ્ત કરવી હોય તો દેહનો વિલય કરી ભગવાનના આનંદમાં નિમગ્ન થઈ અંતઃકરણ અને આત્મા સાથે અલૌકિક ઇન્દ્રિયો વડે ભગવાનના સ્વરૂપનો આનંદાનુભવ કરવો રહ્યો.

જી૦—આપે પૂર્વે કહ્યું હતું કે આવો આનંદ ગોપીઓને પ્રાપ્ત થયો હતો ને તેથી તેમને આ માર્ગમાં ગુરુઓ તરીકે લેખવામાં આવે છે, તે આ જ કારણથી હશે, ખરું ને?

મુ૦—હા, ગોપીઓને અલૌકિક દેહ અને અલૌકિક વાણી પ્રાપ્ત થઈ હતી. તેમણે ભગવાનના ઊંડામાં ઊંડા આત્મભાવ સહિત સંયોગ રસનો આત્માનુભવ કર્યો હતો. આવા પ્રેમનો અનુભાવ વિપ્રયોગની ભાવના દ્વારા તેઓએ કેવળ આત્મા રસસ્વરૂપ દ્વારા સાધ્યો હતો. તેથી કૃષ્ણ ગોપીઓના ગોપીજનવલ્લભ તરીકે પ્રસિદ્ધ છે. આવો રસાનુભવ બુદ્ધિગમ્ય નથી, માટે જ કેવલાદ્વૈતના જ્ઞાનીને તે ન જ હોઈ

શકે, એવું કહેવાનુ તાત્પર્ય છે. મને લાગે છે કે હવે તમે બન્ને વસ્તુઓનું તારતમ્ય બરાબર સમજ્યા હશો !

જી૦—જી, હા. પણ હું ભક્તિ વિષે જરા વિસ્તારથી સમજવા ઇચ્છું છું.

મુ૦—તો વારુ, ભક્તિની વિશેષતા શી છે, તે વિષે આપણે આવતી કાલે વધુ વિચાર કરીશું. આજ તો આપણો સમય થઇ ગયો છે, એટલે અહીં જ થોભીશું. જયશ્રી કૃષ્ણ !

જી૦—જયશ્રી કૃષ્ણ !

મુ૦—ભક્તિ એટલે ? ભક્તિ એટલે પ્રભુમાં આસક્તિ, પણ તે એવા પ્રકારની કે તેમાંથી તેના ઐશ્વર્યનો ભાવ સુદ્ધાં વિરામ પામ્યો હોય. જેઓ વેદને પણ ન માનતા હોય તેઓને પણ કોઇ તત્ત્વ બચાવી શકે તેવું હોય તો આ પ્રકારની ભક્તિ માત્ર છે. ભલે, આવા માણસે શુદ્ર યોનિમાં જન્મ લીધો હોય છતાં ભક્તિના તેના પૂર્વ જન્મના સંસ્કારને લઇ તે મોક્ષની પ્રાપ્તિ કરી શકે, એવું ભક્તિની શક્તિમાં અલૌકિક બલ છે.

જી૦—આવી ભક્તિનો વિકાસ કરવા મનુષ્યે શું કરવું જોઇએ ?

મુ૦—આવા મનુષ્યમાં પ્રથમ તો પૂર્વસિદ્ધગ્રહ તરીકે દૈવી તત્ત્વ બીજરૂપે હોવું જોઇએ. જો આ હોય તો તેનો અર્થ એ થાય છે કે તેવા જીવમાં આવા પ્રકારની ભક્તિ પેદા થાય તેવી શક્યતા છે. કોઈ જીવાત્મામાં આવું દૈવી તત્ત્વ હોય તો ખચિત તેમાં ભક્તિનો અંકુર ફુટી શકે. આવા ભક્તિના અંકુરને ભક્તિનો બીજભાવ કહેવામાં આવે છે.

જી૦—ધારો કે જીવમાં આવું દૈવી તત્ત્વ હોય ને તેથી ભક્તિના બીજભાવ માટે તેની પાત્રતા સિદ્ધ હોય, તો પછી તેવા બીજભાવના દઢીકરણ માટે તેણે શું કરવું જોઇએ ?

મુ૦—તે માટે યોગ્ય આચારવિચારની જરૂર છે. તેના વડે જ બીજભાવનો વિકાસ થઈ શકે. આવા વિકાસના ક્રમમાં પ્રેમ એ તેની પ્રથમ અવસ્થા છે. પ્રેમ એટલે પ્રભુ પ્રત્યે સ્નેહભાવ. જેમ જેમ પ્રભુ પ્રત્યેનો પ્રેમ વધતો જાય, તેમ તેમ ઐહિક વસ્તુઓ પ્રત્યેનો પ્રેમ ઘટતો જાય. એટલે કે ધાર્મિક વૃત્તિની વૃદ્ધિ સાથે દુન્યવી વિષયો પ્રત્યેની ઇચ્છાઓ ઓછી થતી જાય. પછી પ્રેમમાંથી આસક્તિની દશા આવે છે. આસક્તિ એટલે પ્રભુ પ્રત્યે શરણભાવનો વિકાસ થતાં, ઐહિક જીવન તરફ અનાસક્તિ, એક જાતનો અભાવ પેદા થાય છે. દુનિયાના સંબંધો તેને બાધક લાગે છે, કારણકે પ્રભુ સમીપ જવામાં તે નડતરરૂપ હોય છે. અંતે આસક્તિમાંથી વ્યસનદશા વિકાસ પામે છે. વ્યસન એટલે વસ્તુમાં હમેશા રહેવાપણું. આવી પ્રેમની વ્યસનદશા એ પ્રેમની પરાકાષ્ઠા છે. આમાં જીવ પોતાને સંપૂર્ણપણે ભૂલી જાય છે. તેનો શ્વાસોશ્વાસ ઘણો જલદી ચાલે છે, ગાંડા માણસની માફક તે ઘડીકમાં હસે છે, તો ઘડીમાં રડે છે, ઘડીકમાં ગાય છે તો ઘડીકમાં નાચે છે, આકાશ કે પૃથ્વી જોઈ, વૃક્ષ કે નદીઓ જોઈ તે તેને પગે લાગે છે. તેમાં તે પ્રભુને જુએ છે. વસ્તુ માત્ર તેને પવિત્ર લાગે છે.

જી૦—પણ, આપણે દરેક ભક્તની આવી દશા જોતા નથી.

મુ૦—આ તો ભક્તિની ઉંચામાં ઉંચી સ્થિતિ છે. બધા ભક્તો એ કક્ષાના શી રીતે હોઇ શકે? ભક્તો ભક્તોની પણ કક્ષા હોય છે: હીનાધિકારી, મધ્યમાધિકારી અને મુખ્યાધિકારી. હિનાધિકારીએ પ્રભુની સેવા કરવાની છે અને સંસારાસક્તિમાંથી ચિત્તને છૂટું કરવાનું છે. મધ્યમ અધિકારીએ પ્રભુ પ્રત્યેના પ્રેમભાવોનો વિકાસ કરી ભક્તિનાં અંગોપાંગોનો વિકાસ કરવાનો છે. અને મુખ્ય અધિકારી તો ભક્તિની એવી દશાએ પહોંચેલો હોય છે કે તેની મોક્ષસિદ્ધિ ચોક્કસ છે.

જી૦—ત્યારે ભક્તના આચારમાં કાંઈ વિશેષતા હશે?

મુ૦—કૃષ્ણથી જે કાંઇ વસ્તુ વિમુખ હોય તેનો વિચાર સુદ્ધાં ત્યજી દેવા પ્રયત્ન કરવો; દુઃસંસર્ગથી વેગળા રહેવું; બની શકે તો સમાન શીલવાળા ભક્તોના સંગમાં રહેવું; આત્મઅસંતુષ્ટ બનવું; દીનભાવ કેળવવો; લૌકિક ધર્મો કરતાં પ્રભુ પ્રત્યેના ધર્મો વધારે ઉંચા ગણવા; ટુંકમાં, તેને પોતાનું સર્વસ્વ પ્રભુને અર્પણ કરવું. આમ કરવાથી તેના વિચારો ને કૃતિઓ લૌકિક મટી ભગવન્મય બનશે. અને તેની વિચારસૃષ્ટિમાં નંદને, યશોદાને, ગોપીને જેવા આનંદ ને શોક થતા તેવા પ્રકારના અલૌકિક આનંદ ને શોક થશે. કૃષ્ણનો પ્રેમાગ્નિ આવી રીતે ભભૂકતો જશે, ત્યારે તે અગ્નિમાં વસ્તુમાત્ર બળી ભસ્મીભૂત થશે. તેનું આખું જીવન સુદ્ધાં સમર્પિત થઈ જશે. હવે તે તેના પોતાના માટે જીવવાની ઇચ્છા નહિ કરે. તેની જીવવાની ઇચ્છા કેવળ કૃષ્ણ ખાતર જ હશે. તેની આવી દશા થયેથી ધીરે ધીરે આખી ગોકુલની વિચારસૃષ્ટિ અને ભાવસૃષ્ટિ તેની પોતાની બનશે.

પણ, ખરી વાત તો એ છે કે આવી ઉન્નત સ્થિતિનો ખ્યાલ આવવો આપણને કઠણ છે. જેઓએ આવી આધ્યાત્મિક દશાનો સ્વાનુભવ કર્યો હોય, તેઓ જ આ વસ્તુ બરાબર સમજી શકે. જ્યારે અલૌકિક લીલાના અદ્‌ભુત રસમાં ભક્તિભાવવાળું હૃદય આર્દ્ર બને છે, ત્યારે જ તેનો રસ કેવો હશે, તેનો તેને કંઈક ખ્યાલ આવી શકે છે. આવી પ્રાપ્તિ પ્રભુકૃપાસાધ્ય છે, જીવસાધ્ય નથી. અહીં જ મર્યાદા એટલે જ્ઞાનમાર્ગ ને ભક્તિમાર્ગમાં મુખ્ય ભેદ પડે છે. અને બન્નેમાં આવો ભેદ છે તેથી પરિણામમાં પણ ભેદ હોય એ સ્વાભાવિક છે.

જી૦—ત્યારે જીવોના ભેદો પણ ઈશ્વરકૃત છે, અને ભગવાન જે જીવ ઉપર કૃપા કરે તે જ જીવ તે માટે અધિકારી થાય, એવું આપનું કહેવું છે ને? એ પક્ષપાત ન કહેવાય?

મુ૦—ના, સૃષ્ટિની કૃતિમાં જ એ ભેદ રહેલો છે. આવો ભેદ

જીવનતત્ત્વના સાનુભવ માટે અનિવાર્ય છે. આપણા મનુષ્યજીવનમાં પણ તેમજ બને છે જીવન તત્ત્વનો આ નિયમ સર્વ ઠેકાણે અને સર્વ બાબતમાં એક જ હોઈ શકે અને તે આ દુનિયામાં તેમ જ પરદુનિયામાં બધે જ એક સરખી રીતે લાગુ પડે છે. જીવનની ચાવી બધે જ એક જ છે.

જુઓ, તમારૂં શરીર, તમારી બુદ્ધિ, તમારૂં મન એ બધું જુદુ જુદું હોવાથી તેના ગુણોના આવિર્ભાવો પણ જુદા જુદા હોય છે. જો જીવ ને જગત ભગવાનરૂપ હોય તો ભગવાનનુ શ્રીઅંગ જે આનંદસ્વનું બનેલું છે અને તેની લીલાની ક્રિયાઓ ને ગુણો જે આનંદમય છે, તેના સ્વરૂપનાં પરિણામોમાં પણ રસલીલાની ભેદવાળી સૃષ્ટિ આવિર્ભાવ પામવીજ જોઇએ, એ વૈજ્ઞાનિક સિદ્ધાન્ત છે. તેમાં અસ્વાભાવિક જેવું કે પક્ષપાત જેવું કશું જ નથી. ભગવાનનું આનંદ સ્વરૂપ એ તેનું સ્વરૂપાત્મક આનંદનું ઘનસ્વરૂપ છે. તેમાંથી જે સૃષ્ટિ ઉત્પન્ન થઈ તે સૃષ્ટિના જીવો તેમના સ્વભાવ પ્રમાણે શ્રીઅંગની સેવા પ્રત્યે વળે એ તદ્દન સ્વાભાવિક છે. આવું આકર્ષણ એજ પ્રભુ પ્રત્યેનો પ્રેમ યા ભક્તિ. તેનો આવિર્ભાવ ક્રિયાત્મક છે. આવા જીવો ભકિતને લાયક–ભગવાનની સેવાને લાયક વધારે હોય છે. આવા જીવોને જ પુષ્ટિ જીવો કહેલા છે. કારણ કે તેનો નિભાવ કેવળ પ્રભુના અનુગ્રહ ઉપર જ નિર્ભર છે આજ પુષ્ટિ સૃષ્ટિ.

હવે જે જીવોની ઉત્પત્તિ ભગવાનના ચિત્ સ્વરૂપમાંથી થઈ છે, તેઓ ભગવાનના બુદ્ધિ તત્ત્વમાંથી ઉત્પન્ન થયેલા હોય છે. તેથી તેઓ વાણીરૂપ વેદજ્ઞાનાકૃષ્ટ જીવો વિશેષે કરીને હોય છે. માર્ગની પરિભાષામાં તેઓ મર્યાદાસૃષ્ટિના જીવો કહેવાય છે. વેદ સૃષ્ટિ એ વાણીની મર્યાદા સૃષ્ટિ છે; અક્ષરબ્રહ્મની સૃષ્ટિ. તેથી આવા જીવોનો લય તેમાં થાય છે. આજ ભગવાનની ચિત્–સૃષ્ટિ, અગર તો ભગવાનની આધ્યાત્મિક સૃષ્ટિનું સ્વરૂપ એમ કહો તો ચાલે.

આવી જ ત્રીજી સૃષ્ટિ એ ભગવાનની માનસિક સૃષ્ટિ કહી શકાય. તે સૃષ્ટિ મનમાંથી ઉત્પન્ન થઈ માટે તેને પ્રવાહી સૃષ્ટિ તરીકે ઓળખવામાં આવે છે. આપણે જોઈએ છે કે મનનો સ્વભાવ અસ્થિર ને વિકારી હોય છે. તેથી ભગવાનની આ સૃષ્ટિના જીવો અસ્થિર ને વિકારી હોય છે માટે જ તેમને પ્રવાહી કહેલા છે. આવા જીવો સંસારમાં આસક્ત હોય છે તેથી લૌકિક ક્રિયામાં તેઓ રચ્યાપચ્યા રહે છે. તેમના મનની આસક્તિ સાંસારિક વધારે હોય છે તેથી તેમની ગતિ સંસારના પ્રવાહમાં તણાવવાની હોય છે. તેમાંથી થોડા જ મર્યાદામાં ઉત્ક્રાન્તિ કરી શકે છે. વધારે જીવો તો પ્રવાહના ઘન સ્વરૂપ એવા તામસમાં અંતે લય પામી તામસ મુક્તિ પામે છે. જીવનની આજ ક્રિયા આપણે મનુષ્યોમાં પણ જોઈએ, જીવ એ પિંડબ્રહ્માંડ છે. તો આખું બ્રહ્માંડ એ ભગવાનનું સ્વરૂપ છે. બન્નેમાં એક જ પ્રકારના નિયમો પ્રવર્તે છે. મનુષ્યમાં ઉપરોક્ત ત્રણે તત્ત્વોની ક્રિયા જીવનરૂપ બને છે અને જ્યાં સુધી જીવન ટકે છે ત્યાં સુધી તેના પ્રધાનપણાથી કે ગૌણપણાથી જીવન ટકાવી રાખવામાં તે કારગત હોય છે. ભગવાનની રૂપ ને નામ સૃષ્ટિમાં પણ એજ નિયિમો પ્રવર્તે છે અને તેના આવિર્ભાવમાં આવા લૌકિક ભેદો ખ્યાતિ ધરાવે છે. જેમ મનુષ્યજીવનમાં આવી ભેદવાળી સૃષ્ટિ તેના આન્તર્ તેમજ બહિર્ જીવનનો પાયો હોય છે, તેવું જ ભગવાનની સૃષ્ટિમાં સમજી લેવું. મનુષ્ય જીવનના આવા ભેદોમાં જેમ અભેદમય એક અખંડિત જીવન એજ ભક્તિની ખ્યાતિ રૂપ છે, તેવું જ ભગવાનની સૃષ્ટિમાં સમજવું. તેથી એમાં પક્ષપાત જેવું કશું નથી કારણ કે સદ્ રૂપે, કે ચિત્ રૂપે કે આનંદ રૂપે સર્વરૂપે ભગવાન પોતે જ વિલસી રહ્યા છે તેથી જો તેમાં કાંઈ ભેદ જેવું જણાતું હોય તો તે આપણી ટુંકી ને માયાથી ઘેરાયેલી અજ્ઞાન દૃષ્ટિને લીધે છે, એજ તેનો સાચો ખુલાસો છે.

જી૦—વારૂ, પણ, આનંદ તત્ત્વરૂપ શ્રી અંગમાંથી ઉત્પન્ન જીવોને પુષ્ટિજીવો શા માટે કહેતા હશે?

મુ૦—મેં તમને તેનો ખુલાસો પણ કર્યો હતો પણ તમારી સમજણમાં તે ન આવ્યો હોય તો હું ફરીથી કહીશ. પુષ્ટિ એટલે અનુગ્રહ, પોષણ. આવા જીવોને ભગવાને પોતાની પ્રસન્નતાથી નીજ સેવા અર્થે કરેલા હોય છે. આવા જીવોમાં ભગવાન માટે પ્રથમ તો રુચિ ઉત્પન્ન થાય છે પછી આ રુચિ વધતી જ જાય છે. આવો જીવ મર્યાદાસૃષ્ટિના જીવ પેઠે પોતાની શુદ્ધિ માટે કે મોક્ષ માટે ભક્તિ કરતો નથી પણ આન્તરના હ્યાણથી ભક્તિ કરે છે. એનું ખેંચાણ અહૈતુક હોય છે, પ્રભુ પ્રત્યેનું તેના હૃદયનું આકર્ષણ સ્વાભાવિક હોય છે. કૃષ્ણ પ્રેમના અગ્નિમાં તે બળતો હોય છે. દરેક બાબતમાં તે કૃષ્ણને અધીન હોય છે. સઘળું તે તેને સમર્પણ કરે છે. દરેક વસ્તુ તે તેના ઉપર છોડે છે. તેની સઘળી પ્રવૃત્તિનું મધ્યબિંદુ કૃષ્ણ હોય છે. તેની સઘળી વિચારગતિ તેની પ્રત્યે વળેલી હોય છે. તેના હૃદયની આવી સ્થિતિ થવામાં પ્રભુકૃપા એ જ નિયામક હોય છે. આવી કૃપાનું ફળ તેને આલોકમાં તેમજ પરલોકમાં પ્રાપ્ત થાય છે. દુનિયામાં તેને લૌકિક ભોગ તો પ્રાપ્ત થયેલો હોય છે, પરંતુ પરલોકમાં કૃષ્ણની નિત્યલીલાના અલૌકિક રસનો તે ભાગીદાર બને છે.

જી૦—પણ, હું ભૂલતો ન હોઉં તો આપે તો પુષ્ટિસૃષ્ટિના જીવોમાં પણ ભેદો હોવાની વાત કરી હતી? એ શી રીતે બની શકે?

મુ૦—હા, આવા પુષ્ટિજીવોમાં પણ ભેદોનો સ્વીકાર કરવામાં આવ્યો છે: પુષ્ટિપ્રવાહ જીવો, પુષ્ટિમર્યાદા જીવો ને પુષ્ટિ પુષ્ટિજીવો, અને શુદ્ધ પુષ્ટિજીવો. આ બધા જીવોમાં ભક્તિનું પ્રાધાન્ય હોય છે અને તેનું પોષણ ભગવાનની કૃપા વડે થાય છે, એ હકીકત તો બધાને એકસરખી રીતે લાગુ પડે છે. છતાં, જે કાંઈ ભેદ હોય છે

તે રસવૈચિત્ર્યના કારણે છે અને તે ભગવાનની ઇચ્છાને અધીન છે. એવા ભેદો વગર રસલીલા જ અસંભવિત બને. આવા ભેદો જે બહિર્સૃષ્ટિમાં દેખાય છે તે બહિર્સૃષ્ટિની ક્રિયા ને ગતિને કારણે પ્રવર્તમાન છે. તેવી જ રીતે આવા ભેદો આન્તરસૃષ્ટિમાં દેખાય છે, તે કેવળ આન્તર લીલાની ક્રિયા ને ગતિને કારણે છે. એમ આપણે સમજવાનું છે જો આમાં રહેલું રહસ્ય સમજાશે તો તો તેના તારતમ્યની પ્રતીતિ થવામાં ખાસ કશી અડચણ નહિ આવે

પ્રવાહસૃષ્ટિના જીવો ક્રિયારત વધારે હોય છે. તેમને ક્રિયામાં રસ વધારે પડે છે. તેઓ આખી જીંદગી પર્યંત કૃષ્ણની પૂજામાં રોકાયેલા રહે છે. શ્રુતદેવ કે નિમિરાજા આવા પ્રવાહ પુષ્ટિજીવો હતા.

મર્યાદા પુષ્ટિજીવોને ભગવાનના ઐશ્વર્યનું જ્ઞાન વિશેષ હોય છે. ભગવાન કેવા સર્વશક્તિમાન છે, સર્વ બ્રહ્માંડો ઉત્પન્ન કરવાની તેની શક્તિ કેવી અગાધ છે, એવા જ્ઞાનનો પ્રભાવ તેનામાં વિશેષ હોય છે. પણ આવું તેમનું જ્ઞાન ભક્તિયુક્ત હોવાથી બ્રહ્મવાદની સરણી અનુસાર તે મોક્ષ મેળવે છે. ભીષ્મપિતામહ આવા ભક્ત કહી શકાય.

પરંતુ, પુષ્ટ પુષ્ટિજીવો તો ભગવાનની ખાસ કૃપાના જીવો હોય છે. આવા ભક્તો જ્ઞાની હોય છે પણ તેમાં ભક્તિનું પણ એટલું જ બલ્કે વિશેષ પ્રાધાન્ય હોય છે. તેથી મર્યાદા પુષ્ટિજીવો કરતાં તેમનામાં પ્રભુ પ્રત્યે જ્ઞાન ઉપરાંત ભક્તિભાવનો અંશ વધારે હોય છે. આમાં નારદ તથા ઋષભ દેવની ગણના કરવામાં આવી છે.

પણ, એથીયે વિશેષ તો પુષ્ટિમાર્ગની ઉંચામાં ઉંચી કક્ષા શુદ્ધ પુષ્ટિ ભક્તોની હોય છે. આવા જીવોમાં પ્રભુની કૃપા પૂરેપૂરી હોય છે. પ્રભુ પ્રત્યે તેમને નિરુપાધિ પ્રેમ હોય છે. આવા ભક્તોની સંખ્યા તો જુજ જ હોઇ શકે. ગોપીઓ આવા પ્રેમના અધિકારી

હતાં, આવો પ્રેમ સંપાદન કરવો એવો પુષ્ટિમાર્ગના જીવનો જીવનહેતુ હોય છે. મેં અગાઉ તમને બ્રહ્મસંબંધ દ્વારા આત્મસમર્પણની વિધિ કેવી રીતે કરવામાં આવે છે અને તે દ્વારા જીવને પ્રભુશરણે લાવી પ્રભુ માટે ને પ્રભુમાં જીવવાનો તેને માટેનો માર્ગ કેવી રીતે ખુલ્લો કરી આપે છે, તે વિષે કહ્યું હતું. તેથી એ ઉપર હું અહીં વિસ્તાર કરતો નથી. આ સર્વસમર્પણનો યાતો આત્મનિવેદનનો વિધિ એ એક ગંભીર ધાર્મિક ક્રિયા છે અને તેના સંસ્કાર વડે પુષ્ટિજીવ ધાર્મિક જીવનના પંથે મૂકાશે, એવી અપેક્ષા રાખવામાં આવે છે.

જી૦—પરંતુ, આપણે અત્યારે તો આવી ક્રિયા કેવળ કૃત્રિમરીતે થતી જોઈએ છીએ. મને પોતાને પણ આવું બ્રહ્મસંબંધ લેવરાવ્યું હશે પણ તેનું મને કાંઈ પણ સ્મરણ નથી તો પછી આચરણની તો વાત જ શી ?

મુ૦—હા, હું કબુલ કરૂં છું કે અત્યારે આવી શોચનીય સ્થિતિ પ્રવર્તે છે, પણ એને માટે ઘણાં કારણો જવાબદાર છે. અને હું ભૂલતો ન હોઉં તો આપણે તે વિષે કંઈક વિચાર પણ કર્યો હતો. અહીં તો મેં જે કાંઇ ઉપર કહ્યું છે તે તમે બરાબર લક્ષમાં લેશો તો તમને ખાતરી થશે કે પુષ્ટિમાર્ગ અગર પુષ્ટિપંથ એ ભક્તિમાર્ગનો એક યૌગિક માર્ગ છે તેમજ તે એક મહાયજ્ઞરૂપ છે. તે એ ઉપરથી જણાશે કે ભક્તિના તેમજ જ્ઞાનના વિકાસ માટે તેમાં નામસેવા તથા રૂપસેવાના વિધિનો સ્વીકાર કરવામા આવ્યો છે. જો તેને બરાબર આચરવામાં આવે તો તે દ્વારા સિદ્ધ થવાને પૂરેપૂરો અવકાશ છે. અત્યારે તો ઉપરોક્ત વિધિમાં ચેતનભાવના જે આર્દ્રભૂમિ હોવી જોઈએ તેની બહુધા ખામી દેખાય છે છતાં તેના વિકાસ માટેની આ યોજના શાસ્ત્રીય ને વૈજ્ઞાનિક સિદ્ધાન્તો ઉપર રચાયેલી છે, તે તો તમારે સ્વીકારવું પડશે.

ખરૂં જોતાં આ માર્ગના ધાર્મિક આદર્શ તરીકે કોઇપણ જીવે વસ્તુનો ઉપયોગ પોતા માટે નહિ પણ પ્રભુ સેવા માટે કરવાનો છે. આવી કોઇપણ વસ્તુનો ઉપયોગ કરતા પહેલાં અક્લિષ્ટ મન વડે પ્રથમ તો તે પ્રભુને અર્પણ કરે ને પછી તેને વાપરે, એટલું જ નહિ, પણ તેનો ઉપયોગ કરતી વખતે પણ મનમાં એવો ત્યાગ સેવે કે આ બધું પ્રભુનું છે. જો સાચા હૃદયથી અને શ્રદ્ધાથી આવી રીતે જીવનવ્યવહાર કરે તો ખચિત જ તેનામાંથી "અહંતા ને મમતા"ના ભાવો નાશ પામે. આવું થવાથી તેના લૌકિક વ્યવહારો લૌકિક મટીને દિવ્ય ભૂમિકા ઉપર મૂકાય. મતલબ કે તેની સર્વ વસ્તુ ભગવન્મય બને. મનની આવી સ્થિતિ કેળવાય તેટલા માટે જ ભક્તનો બધો સમય નામસેવા તથા રૂપસેવામાં નિર્ગમન કરવાનો આદેશ છે. જો આવી સેવા ચૈતન્યપૂર્ણ ને ભાવપૂર્ણ હોય તો આ જીવનમાં જ તે પ્રભુદર્શનનો લ્હાવો લઇ શકે, તેમાં શંકા નથી.

જી૦—તો તો આપણે આ સંસ્કારને એક જાતનું જીવનવ્રત કહીએ તો ખોટું નહિ.

મુ૦—ખરે, તેમજ હોવું જોઇએ. અને આવો સંસ્કારવિધિ દાખલ કરનાર મૂળ પુરુષ શ્રી મહાપ્રભુજીનો પણ એજ આશય હતો, એમ સ્પષ્ટ જણાય છે.

આવા મંત્રથી ભક્ત સર્વસ્વનો ત્યાગ કરવાને પ્રેરાય છે. દરેક વસ્તુને પોતાના ઉપયોગમાં લેતા પહેલાં અર્પણ કરવાના વિધિથી, જેમ કોઈ નોકર પોતાના શેઠનું વધેલું ખાય, તેમ તે હરકોઈ વસ્તુ તેના પ્રસાદ તરીકે લે છે. આમ થવાથી તેના જીવનના સર્વ આચાર વિચારો સંયમપૂર્ણ બને ને પવિત્ર છે.

જી૦—પણ, ધારો કે આવા આચાર વિચાર ન પાળે, તો કેવળ બ્રહ્મસંબંધના સંસ્કાર માત્રથી કાંઈ ફાયદો થાય ખરો ?

મુ૦—બ્રહ્મસંબંધના પરિણામરૂપે ભગવાનથી ભક્તનું વરણ થાય, એવો હેતુ તેમાં સમાયેલો છે. તેનાથી પાંચ પ્રકારના દોષો નાબૂદ થાય છે. સહજ એટલે જન્મ સાથે જન્મેલા, દેશકાલ જનિત એટલે આકસ્મિક દોષો, લોકવેદ નિરૂપિત એટલે સામાજિક અને શાસ્ત્રીય વિધિનિષેધને લગતા દોષો, સંયોગ એટલે દુઃસંગથી ઉદ્‌ભવતા દોષો; સ્પર્શ એટલે સ્પર્શાસ્પર્શથી ઉત્પન્ન થતા દોષો. તમે જોશો કે મર્યાદા શાસ્ત્રમાં આવા પ્રકારના દોષોના નિવારણ અર્થે અનેક પ્રકારના આચારવિધિના નિયમો ઘડેલા છે ને તે નિયમોનું પાલન ટકાઈથી કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. તે તમામ દોષોના નિવારણ અર્થે બ્રહ્મ સંબંધનો સંસ્કાર આ માર્ગમાં યોજવામાં આવ્યો છે. બ્રહ્મ—પરમાત્મા અગ્નિ સ્વરૂપ છે. તેની સાથેના સંબંધથી આવા દોષોને અવકાશ હોઈ શકે નહિ. ભગવાન પોતે નિર્દોષ, પૂર્ણ શુદ્ધ ને પવિત્ર છે. તેને કાળ કે દેશનું અગર જીવકૃત નિયમોનું બંધન હોઈ શકે નહિ. તેથી જે ભક્ત પણ તેની સાથેના સીધા સંબંધથી સંબંધવાળો થાય તેને પણ એ દોષો બાધ કરી શકે નહિ, એ ભાવના ઉક્ત મંત્ર સાથે રહેલી છે. યોગસિદ્ધ શ્રી અરવિંદ ઘોષ પણ તેમના પૂર્ણયોગની સાધનામાં દૈવી તત્ત્વ સાથે સીધો જ સંબંધ બાંધવાની યૌગિક ક્રિયામાં માને છે ને તેમની યોગસાધના પણ એ ભાવના ઉપર જ રચાયેલી છે. શ્રી મહાપ્રભુજીએ પણ ભગવદ્દત્ત મંત્રદાનને ભક્તિની સાધના માટે પુષ્ટિ માર્ગમાં સ્થાન આપ્યું છે. તેમાં પણ ભક્તિપ્રાપ્તિ માટેની એક વિશિષ્ટ આત્મદૃષ્ટિ જ રહેલી છે, તે ઊંડા વિચારે જણાયા વગર રહેતી નથી. આવા સાધનાના સાધકે, ઉપર જણાવ્યા એવા અનેક પ્રકારના દોષોના વિચારના ભાર નીચે દબાઈ જવાનું નથી. જીવ ગમે તે હીન જાતિનો હોય અગર ગમે તેવી અપવિત્ર ભૂમિમાં જન્મ્યો હોય અગર ગમે તે ધર્મ પાળતો હોય અને ગમે તેવા સમાજમાં રહેતો હોય અને ગમે તેવા વાતાવરણમાં જીવતો હોય, છતાં જો તે પ્રભુ સાથે સીધો સંબંધ બાંધી હૃદયમાં

પ્રભુ પ્રત્યે ભક્તિભાવને સેવે તો તે પ્રભુની કૃપાને પાત્ર થાય એવું અભય વચન આ સંસ્કાર પાછળ રહેલું છે, એ સહેજે જણાશે.

પણ આવી સ્થિતિ પ્રાપ્ત કરતા પહેલાં ઉપરોક્ત દોષના નિવારણ અર્થે બ્રહ્મસંબંધના સંસ્કારનું તેને પૂર્ણ આત્મજ્ઞાન હોવું જોઈએ. એટલું જ નહિ પણ આવા નિવેદનીના આત્મામાં તે વિષેની પૂરેપૂરી શ્રદ્ધા હોવી જોઈએ કે જેમ ગંગાજીમાં મેલું જળ ભળવાથી પ્રવાહી જલ પણ ગંગારૂપ થઈ શુદ્ધ થઈ જાય છે, તેમ જીવનો બ્રહ્મ સાથે સંબંધ થવાથી તે પણ બ્રહ્મ સદૃશ પવિત્ર ને શુદ્ધ બન્યો છે. જો બ્રહ્મ સાથેના તેના આત્મસંબંધની પ્રતીતિ તેના હૃદયમાં બરાબર ઉતરી ગઈ હોય તો પછી મને લૌકિક સંબંધી ડાઘ ન લાગી શકે, એવી સમજણ સહજે તેનામાં ઉદ્ભવે. આવા શ્રદ્ધાવાન જીવને મર્યાદાસૃષ્ટિના વિધિનિષેધના નિયમો તથા અન્ય ધર્મો બાધ કરી શકતા નથી. પરંતુ આવો આત્મભાવ તેના જીવનમાં કાયમ રહેવો જોઈએ. આવો આત્મભાવ કાયમ રહ્યો છે કે નહિ તે ક્યારે જણાય કે જ્યારે ત્યારપછીની તેના જીવનની દરેક ક્રિયા ભગવાનને સમર્પિત થાય અને તેનું આખું જીવન ભગવન્મય બને. મતલબ કે બ્રહ્મસંબંધનો સંસ્કાર ફલાત્મક બને તે માટે આત્મભાનની સતત જાગ્રતિ અને તે પ્રમાણે લીધેલ વ્રતનું પાલન, એ બે વસ્તુઓ તો અનિવાર્ય લાગે છે. અત્યારે જો આ સંસ્કાર કેવળ એક કૃત્રિમ ક્રિયા માત્ર થઈ ગઈ હોય, તો તેનું પરિણામ પણ આપણે જોઈએ છીએ.

જી૦—તો આપે દર્શાવી એવી બે અનિવાર્ય વસ્તુના અભાવમાં તો આ સંસ્કાર કાંઈ ફાયદો કરે નહિ, એવો જ તેનો અર્થ થયો ને?

મુ૦—મારા કથન ઉપરથી એવો અર્થ નીકળે ખરો. પણ પાપીમાં પાપી અને પામરમાં પામર જીવ માટે પણ આ માર્ગમાં આછી આછી તોયે આશ્વાસનની [illegible] છે. જીવ તો સ્વભાવથી જ

દુષ્ટ છે. જીવની કૃતિ સામે ભગવાન જોતા નથી; તે બહુ દયાળુ છે. શ્રી મહાપ્રભુજી ભગવાનના મુખારવિંદરૂપ છે અને આવા પતિત જીવો પર દયા કરી તેમને ખરા માર્ગનું ભાન કરાવવાને આપશ્રી તે રૂપે પધાર્યા હતા. તેથી આપશ્રીના બીરદ ઉપર આસ્થા રાખી કહી શકાય કે એક વખત પણ જે જીવ આવા સંસ્કારથી સંસ્કારિત થયો છે તેને આ જન્મે નહિ તો બીજે જન્મે ને બીજે જન્મે નહિ તો ત્રીજે જન્મે પ્રભુ અવશ્ય ઉગારી લેશે ને પોતાની સમીપ બોલાવી લેશે. આવા જીવને પ્રભુ કદાપિ પણ નહિ ભૂલી જાય. તે માટે જય વિજયના દૃષ્ટાંતો શાસ્ત્રમાં મોજુદ છે. પણ, તમે કહેશો કે આ તો શ્રદ્ધાની વાત થઈ. મારે એ કબુલ કરવું રહ્યું. તે ગમે તો હો, પણ હું તમને બ્રહ્મસંબંધના મૂળ મંત્રના રહસ્ય ઉપર તથા તેની પાછળ રહેલા દૈવી ઇતિહાસ ઉપર મનન કરવાનું કહું છું.

જી૦—જી, આપે મને તે મહામંત્રનું દાન સ્વતઃ પ્રભુએ કેવી રીતે કર્યું તે વિષે કંઈક કહ્યું હતું એ મને યાદ છે.

મુ૦—શ્રી મહાપ્રભુજીએ પોતે આ પ્રસંગને અક્ષરશઃ આપી તેને અમર બનાવ્યો છે. તેની મહત્તા ઉપર તમે વિચાર કરશો તો તેમાં કેવી અપૂર્વ અને અલૌકિક શક્તિ રહેલી છે, તે તમને પણ સમજાશે. આવી શક્તિના અનુભવથી આપણે વંચિત રહીએ તો ખરેખર, તેમાં આપણું જ દુર્ભાગ્ય છે. જે જીવાત્મામાં આવું આત્મભાન જાગ્રત થાય છે, તેના હૃદયમાં પ્રભુથી વિખુટા પડયાનું દર્દ તાજુ થાય છે. દુનિયાના અહંતાત્મક તથા મમતાત્મક કલેશોને ઠેકાણે આવો ભગવદ્ વિરહનો તાપક્લેશ થાય એ જ તેનું ફળ છે. એવા ફળની સિદ્ધિ માટે સેવાની યોજના કરવામાં આવી છે. શરૂઆતમાં આવી સેવા કેવળ સાધનરૂપે રહે છે, પણ તે જ આગળ જતાં ફલાત્મક બને છે, જો તેને ભાવપૂર્વક કરવામાં આવે તો.

જી૦—વારૂં, પણ, આવા વિરહતાપથી તો દુઃખ જ ઉદ્ભવે ને ! હૃદયની આવી દુઃખી સ્થિતિ શું અભીષ્ટ છે ?

મુ૦—ભગવાનના વિરહાગ્નિની ઉષ્મા એ લૌકિક દુઃખથી તદ્દન જુદી વસ્તુ છે. ભગવાનનું સ્વરૂપ રસો વૈ સઃ । છે. આ અલૌકિક રસનો અનુભવ સંયોગ તેમજ વિપ્રયોગ રસ દ્વારા થાય છે. એ પણ એક જાતનો અલૌકિક આનંદ છે. વિપ્રયોગ રસ સંયોગરસથી પણ વધારે ઉચ્ચતર છે. કારણકે તે ભાવાત્મક છે. આવા વિરહાગ્નિમાં જીવાત્માની શુદ્ધિ પરિપૂર્ણ થાય છે અને તેની ભાવદશા જીવનને ઉત્કૃષ્ટતાની પવિત્ર ટોચે લઈ જાય છે.

જી૦—તો પુષ્ટિજીવની મુક્તિ એટલે નિત્ય લીલામાં આવી જાતના રસાનુભવની દશા એવો જ થાય છે ને ?

મુ૦—હા. આવા મોક્ષના ત્રણ પ્રકાર છે. બહિરંગલીલામાં ત્રણ પ્રકારના પુષ્ટિજીવોના ગુણો તથા લક્ષણો વિષે મેં ઉપર ઉલ્લેખ કર્યો હતો તે તમને યાદ હશે. આવા પુષ્ટિજીવો અંતરંગ લીલામાં પ્રવેશ કરે છે, ત્યારે તેમની સ્થિતિ કેવી થાય છે, એ વિષે હું હવે ખુલાસો કરીશ. તમારે યાદ રાખવાનું છે કે મૃત્યુ પછીની આ આત્મસ્થિતિને આપણે મોક્ષ એવું નામ આપ્યું છે.

પ્રવાહ પુષ્ટિજીવોને પુરુષ, સ્ત્રી, પશુ, પક્ષી કે વૃક્ષરૂપે અલૌકિક દેહ પ્રાપ્ત થાય છે; અને આ રૂપે તે કૃષ્ણની સેવા કરે છે. વૈકુંઠ કે શ્વેતદ્વીપમાં તેઓ પાર્ષદ તરીકેનું સ્થાન ભોગવે છે.

મર્યાદા પુષ્ટિજીવો સાયુજ્ય પ્રાપ્ત કરે છે; એટલે કૃષ્ણ સાથે અદ્વૈત રસનો સ્વાનુભવ મેળવે છે.

પુષ્ટિ પુષ્ટિજીવો ભગવત્ સામર્થ્યમાં ભાગીદાર બને છે; એટલે

કે કૃષ્ણના અલૌકિક સ્વરૂપનાં દર્શન. સ્પર્શ વગેરે કરી શકે છે, તથા તેના અલૌકિક આનંદનો સ્વાદ લઈ શકે છે.

પરંતુ સૌથી ઉત્કૃષ્ટ એવા શુદ્ધ પુષ્ટિ અગર નિર્ગુણ પુષ્ટિ જીવો જે ઉંચામાં ઉંચી ને અસાધારણ સ્થિતિનો અનુભવ કરે છે, તેની તો આપણને કલ્પના સુદ્ધાં પણ ન આવી શકે. આવા જીવોને ગોલોકની પ્રાપ્તિ થાય છે. આ લોક કાળ ને સ્થળથી પર છે. તે વૈકુંઠથી પણ પર છે. અહીં કૃષ્ણની નિત્ય લીલામાં આ ભાગ્યશાળી આત્માઓ ભાગ લે છે. તેમને લૌકિક દેહ હોતો નથી. તેમનાં લૌકિક ભાવો, દેહ, મન, વાણી, બધું જ સરી ગયું હોય છે. તેઓ સ્વરૂપમાં, ઐશ્વર્યમાં તથા બાહ્ય ચિહ્નોમાં ઇશ્વરસદૃશ હોય છે. ઈશ્વરની પેઠે તેઓ પણ અવતાર ધારણ કરી શકે છે. આવી દશામાં કર્મો કરવા છતાં તેમને કદીએ કર્મનાં બંધન લાગતાં નથી. ગુણના બંધનમાંથી તેઓ સદા મુક્ત હોય છે. આ દુનિયામાં તેઓનું જીવન એક માત્ર નિત્યક્રીડારૂપ હોય છે. શુદ્ધાદ્વૈતની દૃષ્ટિએ જીવની ગતિ કેવી હોય છે તથા જીવ, જગત ને પરમાત્માનાં સ્વરૂપો તથા તેમના ગુણો ને લક્ષણ કેવાં હોય છે, તેનું વિવેચન મેં અત્યાર સુધી કર્યું. હવે પુષ્ટિમાર્ગની દષ્ટિએ કર્મનું સ્થાન શું છે તથા તેનો વિશ્વધર્મ તરીકનો દાવો કેટલે અંશે સબળ છે, તે વિષે કંઈક કહું એવું મારા મનમાં છે. તેથી આવતી કાલે મહાપ્રભુજીનું 'કર્મપ્રવર્તક' એવું નામ શા માટે રાખવામાં આવ્યું છે, ને તેની સાર્થકતા કેટલે અંશે ખરી છે, તે વિષે વાત કરીશું. જય શ્રીકૃષ્ણ!

જી૦—જય શ્રીકૃષ્ણ!

[૪૧] ‘કર્મપ્રવર્તક શ્રી મહાપ્રભુજી’

મુ૦—આ જમાનો પ્રવૃત્તિપ્રધાન છે. અત્યારની સંસ્કૃતિ પણ પ્રવૃત્તિની પોષક ને ઉત્તેજક છે. આર્યસંસ્કૃતિ પણ પ્રવૃત્તિની વિરોધી નથી પણ તેનો પાયો ધર્મ ઉપર રચે છે. હાલ તો પ્રવૃત્તિ પ્રવૃત્તિની ખાતર જ પોષવામાં આવે છે. આવું એકલું કર્મમાં જ બન્યું છે તેમ સમજવાનું નથી. તેના વડે જ્ઞાન અને ભક્તિનાં આદર્શો પણ ઝાંખાં પડી ગયાં છે. આવી સ્થિતિ કોઈ પણ આસ્તિક ધર્મને સંમત નથી.

શ્રી મહાપ્રભુજીનું પ્રાકટ્ય ૧૬ મા સૈકાંની શરૂઆતમાં થયું. આપશ્રીએ અનુગ્રહાત્મક ભક્તિનો કેવી રીતે બોધ કર્યો એ આપણે જોયું. પણ, કેવળ બોધથી આપશ્રીને સંતોષ ન થયો. આપશ્રી આચાર્યપદે બિરાજતા હતા ને ધર્મનું ચોક્કસ કાર્ય કરવાનો આપશ્રીના આવાગમનનો હેતુ હતો. વિચારમાં જ્ઞાનનું શુદ્ધ આદર્શ બતાવીને તેમજ કર્મસૃષ્ટિમાં ધર્માચારનો વિશુદ્ધ ને પ્રેમયુક્ત માર્ગ બતાવીને તે કાર્ય આપશ્રીએ પૂર્ણ કર્યું.

આમ કરવામાં આપશ્રીએ ધર્મનાં ત્રણે તત્વોનો સુંદર સમન્મય કર્યો અને માર્ગમાં એકત્રિત કરી તેને પુનર્જીવન આપ્યું. મતલબ કે કર્મ, જ્ઞાન ને ભક્તિને જે એક જ વસ્તુ અભીષ્ટ છે, તેવા પરમ

ફળ તરીકે ભગવાનની પ્રાપ્તિનો રસ્તો બતાવ્યો એટલું જ નહિ પણ તેને સિદ્ધ કરવાની પ્રણાલિકા પણ સ્થાપન કરી.

જી૦—ત્યારે તો આ માર્ગમાં કર્મને પણ છૂટ છે!

મુ૦—કર્મને છૂટ છે એટલે? આપણે અગાઉ જોઈ ગયા કે કર્મ વગર તો એકે માર્ગને ચાલતું જ નથી. ફક્ત કર્મના ગુણદોષ ઉપર તેની કીમત છે. એ ખરૂં કે જ્ઞાનમાર્ગમાં નિષ્ક્રિયતા ઉપર વિશેષ વજન આપવામાં આવે છે પણ ભક્તિમાં તેને યોગ્ય સ્થાન આપવામાં આવ્યું છે, એ નિર્વિવાદ છે. જ્ઞાનમાર્ગ વૈરાગ્ય ઉપર રચાયેલો છે, ત્યારે ભક્તિમાર્ગ સેવા ઉપર રચાયેલો છે. જો કે આ સેવામાર્ગ ભાવપ્રધાન માર્ગ છે, છતાં આ ભાવોનો આવિર્ભાવ ક્રિયાત્મક હોવાથી તેમાં કર્મને સારી પેઠે સ્થાન મળેલું છે. માટે જ ગૃહસ્થાશ્રમને આ માર્ગમાં સૌથી અગત્યના આશ્રમ તરીકે લેખવામાં આવ્યો છે. ગૃહ એ ભક્તજનની વાડ છે. જ્યાં સુધી સંસાર હોય, ત્યાં સુધી વ્યવહારિક કર્મો તો તેની સાથે લાગેલાં હોય જ. પણ વ્યવહારિક કર્મો સાથે પ્રભુસ્મરણ પણ એટલું જ આવશ્યક માનવામાં આવેલું છે. માટે જ આપણાં સર્વ કાર્યોમાં ધાર્મિકતાનાં તત્ત્વો ભળેલાં જોવામાં આવે છે. જો આમ ન હોત તો કર્મ નીરસ બની જાત. તેના અભાવમાં જેમ કેરીમાંથી મધુરતા જતી રહે, કસ્તુરીમાંથી સુગંધ ઉડી જાય, અને કોકિલનો કંઠ બસુરો બની જાય, તેમ કાર્ય માત્ર કુચા જેવાં રસ વગરનાં બની જાત. પરંતુ, વ્યવહારિક કાર્યોમાં પણ ધાર્મિકતાના અંશો ભળેલા હોવાથી, તેમાં ભક્તિના તત્વની ભેળ મળે છે ને તેથી જેમ દુધમાં સાકર ભળે, અગર તો સોનું ને સુગંધ એ એકઠાં થાય, તેમ કાર્ય માત્ર સરસ બની જાય છે. ગમે તેવું નિષ્કામ કર્મ કરવામાં આવે પણ તે ભક્તિરસથી ભીંજાયેલું હશે તો જ તેમાં રસની આર્દ્રતા લાગશે. એ વગર કર્મ ગમે તેવું નિઃસ્વાર્થી અગર શ્રેયષ્કર હશે, છતાં તે નીરસ લાગવાનું. નિષ્કામ

કર્મ ને ભક્તિ અન્યોન્ય હાથ મિલાવે, ત્યારે જ કર્મ નિર્દોષ ને આકર્ષક બને છે. અને તેવા પ્રકારનો ઉચ્ચ કર્મયોગ આ માર્ગમાં જોવામાં આવે છે.

જી૦—પંડિતોમાં કર્મયોગ શ્રેષ્ઠ કે ભક્તિયોગ શ્રેષ્ઠ એ બાબતની ચર્ચા ચાલતી પુષ્કળ જોવામાં આવે છે. તો એ બાબતમાં આપનું શું મન્તવ્ય છે.

મુ૦—આપણા માર્ગમાં એવી તકરારને અવકાશ જ નથી. તમે જાણો છો કે સાધનદશામાં કર્મ અનિવાર્ય છે, સિદ્ધ દશામાં સેવા ચાલુ હોય અગર ન પણ હોય. જો કર્મનો અર્થ ઇન્દ્રિયોનો વહેવાર એવો કરવામાં આવે તો કોઈપણ દશામાં કર્મના અભાવનો વિચાર થઈ શકતોજ નથી. ભક્ત લીલાનો અધિકારી હોય તો પણ તે દશામાં તેને તનુનવત્ત્વ હોવાનું માનેલું છે અને તેના અલૌકિક દેહ વડે—આત્મિક દેહ વડે તેને લીલાના અલૌકિક વ્યવહાર તો કરવાના હોય છે જ. જ્ઞાનમાર્ગમાં જેમ કર્મનો સદંતર નાશ કરવો, એ મુખ્ય ધ્યેય તરીકે સ્વીકારવામાં આવ્યું છે તેવું ધ્યેય આ માર્ગમાં નથી. આમાં તો કર્મ ને કર્મ કરનારાં બાહ્ય અને આન્તરિક કરણોને લૌકિક મટાડી અલૌકિક બનાવવાનો હેતુ સમાયેલો હોય છે. તેથી આ વાદ પ્રમાણે તો કર્મમાર્ગ શ્રેષ્ઠ કે ભક્તિમાર્ગ શ્રેષ્ઠ એ વસ્તુ જ વિચારવાનો વિષય નથી. શ્રી વલ્લભાચાર્ય આ વાત સારી રીતે સમજતા હતા. તેથી તો તેઓશ્રીએ એવી ચર્ચાસ્પદ વસ્તુને આમાં સ્થાન જ આપ્યું નથી. બદલે એ બેનો સુંદર સમન્વય કરી ઈશ્વરી અનુગ્રહને જીવ કેવી રીતે પાત્ર બને એ મુખ્ય વાત ઉપર ભાર મૂકી તેને જ પ્રતિપાદન કરેલો છે. આપશ્રીથી પ્રતિપાદિત કર્મયોગમાં નિષ્કામપણું ને ફલાશારરહિતપણું છે કારણ કે જીવ કર્મ માત્ર પોતાને કારણે કંઈ પણ પ્રકારના સ્વાર્થી આશયથી કરતો નથી. તેવાં કર્મ ગીતાજીમાં કહ્યાં છે તેવાં નિષ્કામ યા તો ફલાશારહિત હોવા છતાં તે પરમેશ્વરાર્પણપૂર્વક હોય છે.

માટે જ શ્રી વિઠ્ઠલેશપ્રભુએ સર્વોત્તમ સ્તોત્રમાં આપશ્રીનું નામ कर्ममार्गप्रवर्तक તરીકે પ્રસિદ્ધ કર્યું છે.

જી૦—ગીતારહસ્યકાર લોકમાન્ય ટિળક જનસમાજ આગળ નિષ્કામ કર્મનો જે સિદ્ધાંત રજુ કરે છે તેવો જ આ સિદ્ધાંત છે, કે તેમાં કંઈ ફેર છે?

સુ૦—કર્મ નિષ્કામ હોવું જોઈએ, ફલાશારહિત હોવું જોઈએ, એ બાબતમાં બન્ને જણાના સિદ્ધાન્તો સમાન છે. પણ તેમાં ઊંડો મર્મ સમાયેલો છે. આ મર્મ પ્રત્યે યોગી અરવિંદ ઘોષે પણ નિર્દેશના કરી છે. કર્મ અહંકૃતિવાળું મમત્વ બુદ્ધિથી કરવામાં આવે તો તે બંધનકારક છે, એ તો સર્વસિદ્ધ વસ્તુ છે. પણ કોઈપણ જાતનું કર્મ કરવા માટે હેતુ તરીકે કર્મની પાછળ શી ભાવના રહેલી છે તે ઉપર જ કર્મના પરિણામનો આધાર રહે છે. કર્મ માત્ર પોતાના સુખ માટે હોય કે કુટુમ્બ માટે હોય; કુટુમ્બ માટે ન હોય તો તેથી મોટા વર્તુલરૂપ સમાજ કે રાષ્ટ્ર માટે હોય; અગર એથી યે મોટા વર્તુલરૂપ એવા મનુષ્યમાત્ર માટે હોય. આવાં બધી જાતનાં કર્મો કર્તવ્યબુદ્ધિથી કરાયેલાં હોય ને શુદ્ધ હોય તો બંધનકારક નથી. મતલબ કે તેવાં કર્મો સાત્ત્વિક ભાવથી અને નિર્મમત્વથી કરાયેલાં હોવાથી નિષ્કામ કર્મ તરીકે જણાવવાને પાત્ર છે. આવાં કર્મો પરાર્થ માટે હોય છે; પણ આમાં રહેલા 'પર'નો તમે કેવો અર્થ કરો છો તે ઉપર જ કર્મના ફલનો આધાર છે. 'પર'નો અર્થ પરમાત્મા એવા ભાવથી કરવામાં આવે તો તે બંધનકારક નથી. આવા કર્મનું મૂલ્યાંકન સંખ્યાબળથી થતું નથી. ભલે, તે એક વ્યક્તિ માટેનું હોય કે આખા જનસમૂહ માટેનું હોય પણ જો તે સ્વધર્મબુદ્ધિથી કેવળ ફલની આશા વગર પ્રભુપ્રીત્યર્થે કરવામાં આવ્યું હોય તો તે આત્માને કલ્યાણકારી છે. કારણકે એમાં એવી ભાવના રાખવામાં આવેલી હોય છે કે પરમાત્મા જે દરેક ચેતન તેમજ જડ વસ્તુઓમાં

વ્યાપી રહેલા છે, તેની સેવા અર્થે આવું કર્મ કરવામાં આવેલું છે. એટલે બીજા શબ્દોમાં કહીએ તો તેમાં અવ્યક્ત ભગવાનની ઉપાસના રહેલી છે. પરંતુ આવાં કર્મ કરનારને કર્તાના હુંપણાનો ભાવ કાયમ હોય છે, તે વગર તે પ્રેરણાત્મક થઈ શકતાં નથી. તેથી જો કે એવાં કર્મ નિઃસ્વાર્થી છે, છતાં તે સાત્વિક સ્વભાવવાળા હોવાથી નિવૃત્તિથી વિરુદ્ધ હોઈ જીવને બંધનમુક્ત કરી શકતાં નથી. પરંતુ આ જ કર્મોનો કર્તાહર્તા ભગવાન જ છે, તમે, તમારું કુટુમ્બ, આખો સમાજ ને વિશ્વ તેની જ ઇચ્છાને અધીન છે અને તેની ઇચ્છા પ્રમાણે ચાલી રહી છે, એટલે તેમાં તમારે એનું સ્થાન લેવાનું નથી. તમારે તો તમે જ્યાંથી વિખૂટા પડયા છો ત્યાં ફરીથી જવાનો ઉદ્યમ કરવાનો છે. તે માટે જોઈતી શક્તિ, બુદ્ધિ, શ્રદ્ધા, વગેરે જે જે ઐહિક તેમજ પારલૌકિક સાધનોની જરૂર પડે ને તેની કૃપાએ સાનુકૂળ નીવડી તમારો માર્ગ સરલપણે ચાલે, એ માટે દીનતાપૂર્વક નિઃસાધનભાવે ભગવાનની ભક્તિ કરવાની છે. તમારી આખી પ્રવૃત્તિ ભગવન્મય બને એ તમારે જોવાનું છે જો આ દૃષ્ટિ તમારા જીવનની હોય તો તમારી પ્રવૃત્તિનું કેન્દ્ર બદલાય ભલે, તમે કુટુમ્બ જોડે, સમાજ જોડે, દેશ જોડે, સંબંધ રાખો તેના વ્યવહારોમાં ને કામકાજમાં ભાગ લો, તેનાં કર્મોને નિષ્કામ ને ફલાશારહિત ભાવે કરો પણ આવો તમારો બધો વ્યવહાર ગૌણ પ્રકારનો હોય. કારણકે તમને એવો ખ્યાલ હોય છે કે ભગવાને પોતાની ઇચ્છાને મૂર્તિમંત કરવાને બ્રહ્માંડની જે ક્રીડા નિયન્ત્રિત કરી છે, તે મુકરર કરેલા ધોરણસર ક્રમિક ગતિએ ચાલ્યાં જ કરે છે અને તેના નિભાવ માટે જેવા જેવા કર્મ કરનારાઓની તથા સહાયકોની જરૂર પડે છે, તે તે તેમના સ્વભાવપ્રમાણે સૃષ્ટિના નિર્મિત સ્થાનોમાંથી વખતસર ઉભાં થઈ ચક્રોને ગતિમાન ગરી રહ્યાં હોય છે. માટે જ અર્જુનને શ્રી કૃષ્ણ કહે છે કે બધું જ પ્રકૃતિના સ્વભાવ પ્રમાણે બન્યાં જાય છે. જ્યાં પ્રકૃતિ જ તને ખેંચી રહી હશે, ત્યાં તારી આડલીલબાજીને

ક્યાં સ્થાન હશે? ખરૂં જોતાં ભક્તે આલોકની સર્વ પ્રવૃત્તિને આ દૃષ્ટિથી ઉવેખવાની છે.

હવે ભક્તિ શાસ્ત્રના નિયમ પ્રમાણે અસીમ કૃપા કરી પ્રભુ પોતે જ તેને વરણ અધિકાર આપે છે, જ્યારે ભક્તને એવું આત્મભાન થાય ત્યારે એવો ભક્ત તે કેવો હોય કે પ્રભુના આવા અનુગ્રહની અવગણના કરી સ્વધર્મમાંથી વિચલિત થાય?

જી—આપણે શી રીતે જાણવું કે પ્રભુ અનુગ્રહ કરવા માગે છે?

મુ૦—આપણો બ્રહ્મસંબંધ થાય, આપણને આ માર્ગ પ્રત્યે અભિરુચિ થાય, ત્યારે આપણે સમજવું કે તેમ થવામાં પ્રભુકૃપા જ નિમાયક છે. માટે એ કૃપાને પાત્ર થવાને તેને બમણા જોરથી ભક્તિ કરવી જોઈએ.

જી૦—શું ત્યારે ભક્તે સમાજનાં કર્મોની ઉપેક્ષા કરવી? આમ કરવામાં શું તે કર્તવ્યવિમુખતાના દોષને પાત્ર થતો નથી?

મુ૦—અહીં જ આપણી જબરી ભૂલ થાય છે. તમે એમ માનો છો કે પ્રભુ પ્રાપ્તિના એકના એક યજ્ઞમાં તમારૂં બધું જ યાહોમ કરવાની તૈયારી આગળ આવાં સામાજિક કર્મો વધારે ઉચ્ચાં છે. આવી ગેરસમજ કેવળ બુદ્ધિભ્રમમાંથી જ ઉત્પન્ન થઈ છે. મેં તમને આ પૂર્વ તો કહ્યું કે આવાં સામાજિક કર્મો જો નિષ્કામ વૃત્તિથી કરવામાં આવે તો તે આત્મકલ્યાણ કરે છે. પણ તેમાં યે કર્મ કર્મના ભેદો છે. આવાં કર્મો પણ પોતાના પ્રાપ્ત થયેલા સ્વધર્મની ઉપેક્ષા કરીને કરવાનાં નથી. વળી તેવાં કર્મોના પ્રકારમાં પણ ભેદો હોઈ શકે. આવાં કર્મો આધિભૌતિક, આધ્યાત્મિક ગમે તે પ્રકારનાં પણ હોય. તેવાં કર્મો કેવળ સ્થૂલ ને

ક્રિયાત્મક હોવાં જોઈએ એવો કાંઇ નિયમ નથી. શું શ્રી અરવિંદ ઘોષના ભક્તિયુકત યોગને સમાજના સાથે સંબંધ નથી? આપણે અગાઉ જોઇ ગયા કે મૂળમાં જલસિંચન કરવાથી ડાળીઓ તથા પાંદડામાં તેની અસર પહોંચે છે જ. ભક્ત આવા મૂળમાં પ્રેમનું વારિસિંચન કરે છે અને તેની અસર વૃક્ષના પ્રત્યેક ભાગમાં પહોંચે છે. આ તેનું આધિદૈવિક કાર્ય છે, તે સ્થૂલ હોવાથી જરૂર નથી. આવા ભક્તમાં આખા વિશ્વ પ્રત્યે—તેમાં વસતા પ્રત્યેક માણસ માટે અસીમ કરુણાયુક્ત પ્રેમ હોય છે અને તેનો આત્મ કલ્યાણ માટે મુગો મુગો પોતાના હૃદયના આશીર્વાદ વર્ષાવતો હોય છે. આવો ભક્ત જો સાચો હોય તો તે નિષ્ક્રીય હોય માટે સમાજની દૃષ્ટિએ ભારરૂપ છે, એવું તમારે કદાપિ ન સમજવું. તે તો સમાજના એકેએક અંગમાં ભગવદ્ભાવ જુએ છે. તેના હૃદયના આશીર્વાદ, તેના હૃદયની શુભેચ્છા એવી શુદ્ધ અને શ્રેયસ્કર હોય છે કે, તેની કીમત આંકી શકાય તેવી નથી. આવા ભક્તો તો જંગમ તીર્થરૂપ છે. જ્યાં જ્યાં તેઓ જાય છે, ત્યાં ત્યાં તેમના પગ નીચેની ભૂમિને તેઓ પવિત્ર કરતા જાય છે. સમાજમાં આવા ભક્તો હોવા એ સમાજનું અહોભાગ્ય છે.

જી૦—ત્યારે આ ભક્તને સમાજની પ્રત્યક્ષ સેવા કરવા માટેની કોઈ યોજના સૃષ્ટિના ક્રમમાં નહિ હોય?

મુ૦—કેમ નહિ? હોય છે જ. આપણે પૂર્વે જોઈ ગયા કે પાંચ પ્રકારના મોક્ષમાં છેલ્લા બે પ્રકારના મોક્ષ એવા હોય છે કે તેના અધિકારી મુક્ત આત્માઓને ભગવાન પોતાના અંશાવતાર કે વિભૂતિ અવતાર તરીકે ભૂતલ ઉપર સમાજની સેવા માટે મોકલી આપે છે. આવો ભક્ત કેવળ ભગવદ્ હેતુ પાર પાડવાને પૃથ્વી ઉપર મનુષ્યરૂપે

આવે છે અને જગતના સમાજ વચ્ચે મનુષ્ય તરીકે રહી કામ કરે છે. છતાં તેમાં તે બંધાતો નથી. કારણ ભગવાન સાથેના તેના નિત્ય સંબંધની સ્મૃતિ તેનામાં તાજી હોય છે. તે અમુક હેતુ માટે કે કાર્ય માટે આવે છે ને તે પૂરું કરી પાછો ભગવદ્ધામમાં જાય છે. આવું જીવન એ પણ ભગવદ્સેવાનું કાર્ય ગણાય છે. હું ધારું છું કે હવે તમે ટિળક મહારાજના કર્મયોગની ભાવના અને મહાપ્રભુજીની કર્મયોગની ભાવનામાં રહેલા તફાવતને બરાબર સમજી શક્યા હશો.

જી૦—જી હા, સમજ્યો. ભક્તિમાં ભગવાનની સ્વરૂપાત્મક ભાવના હોય છે, કર્મયોગમાં ભગવાનની ગુણાત્મક ભાવના રહેલી છે, એમ કહીએ તો અર્થ વધારે સ્પષ્ટ થાય, એમ મને લાગે છે.

મુ૦—હા, એમ કહો તો પણ ચાલશે. મુખ્ય વાત હૃદયની શુદ્ધિની છે. વળી કર્મ શાસ્ત્રની દૃષ્ટિએ કર્મમાં પણ અનેક ગુંચવણો રહેલી છેઃ કર્મ, અકર્મ ને વિકર્મ કોને કહેવું એનો નિર્ણય કરવો એ ધારીએ એટલું સહેલું નથી. ભક્તિશાસ્ત્રમાં એવી ગુંચવણોને અવકાશ નથી. માટે જ ભાગવતકાર કહે છે કેઃ "धावन्निमील्य वा नेत्रे न स्खलेन्नपतेदिह" મનુષ્ય આંખો મીંચીને ચાલે તોપણ તેને પડવાનો ભય નથી. આવું ફળ એ પ્રભુકૃપાનું જ પરિણામ છે. "कालोऽयं कठिनोऽपि श्रीकृष्णभक्तान्न बाधते।" જો કે આ કળિકાળ કઠણ છે છતાં જેઓ શ્રીકૃષ્ણના ભક્ત છે, તેમને તે બાધક નથી. આમ થવામાં પ્રભુકૃપાનું અવલંબન એ જ મુખ્ય કારણ છે. ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને પણ ગીતામાં આ જ વસ્તુ કહેલી છે.

માર્ગની સુલભતા આમાં જ સમાયેલી છે. માટે જ આ પુષ્ટિમાર્ગ એ રાજમાર્ગ છે. અને માટે જ ગમે તે મનુષ્ય તેનું આચરણ

સહેલાઈથી કરી શકે છે. તેથી જ તે વિશ્વધર્મ હોવાને પાત્ર છે.

જી૦—ત્યારે હવે આપ તેના વિશ્વધર્મ તરીકે હોવાના દાવાનો જરા વધારે વિગતે વિચાર કરો તો ઠીક. બાહ્ય દૃષ્ટિથી તો જાણે તે બહુ સંકુચિત હોય તેવું જણાય છે.

મુ૦—જરૂર. આપણે આવતી કાલે તે જ વિષય ચર્ચીશું. જયશ્રી કૃષ્ણ!

જી૦—જયશ્રી કૃષ્ણ!

મુ૦—વિશ્વધર્મને યોગ્ય ગણવાને ધર્મનાં લક્ષણો કેવાં હોવાં જોઇએ, એ પ્રશ્ન વિચારવાનું હવે આપણને પ્રાપ્ત થાય છે. આવો ધર્મ પ્રાણીમાત્રનું કલ્યાણ કરી શકે એવા વિશાળ પાયા ઉપર રચાયેલો હોવો જોઇએ. આ દુનિયામાં અનેક ધર્મો રચાયેલા છે. દરેકમાં કાંઈ ને કાંઇ ઉત્તમ તત્વો રહેલાં છે. છતાં, પૂર્ણ રીતે સંતોષકારક એટલે કે બધાને અનુકૂળ આવે એવાં તત્વો તેમાં જોવામાં આવતાં નથી. કાંતો તેમાં સિદ્ધાન્તની અપૂર્ણતાઓ હોય છે કે કાંતો વ્યક્તિત્વના સંકુચિત ધોરણ ઉપર તે રચાયેલા હોય છે. તેથી જો તેનો પાયો વૈજ્ઞાનિક તેમજ કુદરતી હોય અને છતાં યે વ્યાપક ધોરણ ઉપર રચાયેલો હોય તો તે બધાને અનુકૂલ હોઇ શકે.

આપણે અગાઉ કહી ગયા કે દુનિયામાં કદાપિ અનેક ધર્મો મટી એક ધર્મ થવાનો નથી. આવું થવું ઇષ્ટ હોય પણ શક્ય નથી. અને એક રીતે જોઇએ તો તેવું થવાની અનિવાર્ય જરૂરિયાત પણ નથી. તેના ભેદપણામાં અનેક નૈસર્ગિક કારણો રહેલાં છે. આવો સાર્વત્રિક ધર્મ તો કેવળ પ્રેમના ધોરણ પર રચાયેલો હોવો જોઇએ. જો તે પ્રેમના સર્વવ્યાપક ધોરણ પર રચાયેલો હોય તો જ તે ટકી શકે કારણકે પ્રેમ એ જ સર્વહયાતિનું જીવન છે. તે જ સર્વકાલીન ને અબાધિત તત્વ છે. આ લોકમાં તેમજ પરલોકમાં તેનું જ સામ્રાજ્ય ચાલે છે. આ પ્રેમતત્વ એટલે જ આનંદતત્વ અને પરમાત્મા એ આવા

આનંદતત્વનો બનેલો છે. આવા આનંદતત્વથી બનેલ કૃષ્ણને વૈષ્ણવો પોતાના ઇષ્ટ તરીકે ભજે છે. આ કૃષ્ણનું નામ પસંદ ન હોય તો તેને ગમે તે નામ આપો. પણ તેનું સ્વરૂપ પરમાનંદ હોવું જોઈએ, એ એક તેની ન બદલી શકાય તેવી શરત છે.

વળી આવો ધર્મ આચારમાં સુલભ હોવો જોઈએ. આપણે જોઈએ છીએ કે ધર્મમાં તેનો તાત્વિક ભાગ તો ઘણો થોડો જ હોય છે પણ તેની આગળ પાછળ વિધિ અને કર્મકાંડની જબરી દિવાલો બંધાય છે. આવાં સાધનોની પકડ એવી તો સજજડ હોય છે કે તેનાં બંધનો જ તેના ખરા પ્રાણને ચૂસી લે છે. માટે જ્યાં એવાં બંધનો ઓછાં હોય, અગર તો નહિ જેમાં હોય, અગર તો જે હોય તે એવાં હોય કે તેમાં ઐહિક વસ્તુની બહુ જરૂર ન પડે અને સહેલાઈથી મેળવી શકાય એવાં હોય, એટલે કે બીજા શબ્દોમાં ગમે તેવી સ્થિતિમાં ગમે તે સખસ માટે તેનાં સાધનો મેળવવાનું સુલભ હોય, ત્યાં આવો ધર્મ વિશ્વધર્મ બનવાને લાયક ગણી શકાય.

કેટલાકને થશે કે પુષ્ટિમાર્ગમાં પણ એવાં સાધનોનો ઘણો ભાર લાદવામાં આવ્યો છે. જો આવી સમજણ હોય તો તે એક મોટી ભૂલ છે. પ્રભુ તો એક તુલસીના પાંદડાથી કે જલની એક ઝારીથી રીઝે છે, જો ભાવ હોય તો. ભાવ એજ આ માર્ગમાં મુખ્ય નિમાયક છે. તેથી તો મહાવૈષ્ણવ પરમાનંદાસજી પોતે ઝાલા ધરાવી સામગ્રીના અનેક જુદા જુદા ભાવથી ઠાકોરજીને રીઝવતા અને ઠાકોરજી તે પ્રેમથી આરોગતા. વિદુરજીની ભાજી અને ભીલડીનાં બોરના મર્યાદા માર્ગના દાખલા પણ સુપ્રસિદ્ધ છેજ.

વિશ્વ ધર્મનું ત્રીજું લક્ષણ એ હોવું જોઈએ કે તે જગતમાં શાંતિ ફેલાવનાર હોય. જો તેના બીજમાં ભેદ પાડનારાં ઉચ્છેદક

તત્ત્વો ભળેલાં હોય તો તેમાંથી અશાંતિનો જન્મ થવાનો ભય છે. અને આપણને આવો કડવો અનુભવ પણ છે. એટલે ધર્મના બીજમાં પણ તેવું અનિષ્ટ તત્ત્વ ભળેલું ન હોવું જોઈએ. શુદ્ધ પ્રેમમાં જ આ વસ્તુ શક્ય છે. જ્યાં પ્રભુ જ બધું હોય, જ્યાં પ્રભુ જ સર્વરૂપ હોય, ત્યાં આવો ભેદપણાનો સંભવ ઓછો હોય છે. જો કે ઉત્તમમાં ઉત્તમ વસ્તુને મનુષ્યો પોતાના અજ્ઞાને લીધે બગાડી નાંખે છે, તોપણ આપણે તો અહીં સિદ્ધાન્તની દૃષ્ટિથી આ વસ્તુનું નિરીક્ષણ કરીએ છીએ. જગતમાં પૂર્ણ શાંતિ વ્યાપે એવી ધર્મની ઉન્નત ભાવના હોય તો તે પ્રેમરૂપી ધર્મમાં જ શક્ય હોઈ શકે; બીજા કશામાં નહિ.

જી૦—આપે વિશ્વધર્મનાં જે મુખ્ય લક્ષણો બતાવ્યાં તે બરાબર છે અને મને એમ પણ લાગે છે કે શુદ્ધ પુષ્ટિમાર્ગને તે લાગુ પડી શકે. પણ, શ્રી મહાપ્રભુજી પોતાના વાદને શુદ્ધાદ્વૈત નામ આપે છે, તો તેમાં કાંઈ વિશેષ રહસ્ય રહેલું છે કે કેમ એ હું જાણવા માગું છું.

મુ૦—હા, મહાપ્રભુજીનો શુદ્ધાદ્વૈતવાદ ઘણો અર્થસૂચક છે. તેને બ્રહ્મવાદ પણ કહે છે. આ બ્રહ્મવાદ શુદ્ધ અદ્વૈતના સિદ્ધાન્ત ઉપર રચાયેલો છે. જીવ, જગત અને બ્રહ્મ એ બધાં જ બ્રહ્મરૂપ છે, તે બધાં બ્રહ્મમાંથી આવ્યાં છે ને બ્રહ્મમાં જ જીવે છે ને બ્રહ્મમાં જ લય થવાનાં છે. આવા બ્રહ્મનું દર્શન કરવું, તેને માટે જીવનની ક્રિયા કરવી અને પોતાના મૂળ ધામમાં પહોંચી જવું, એ તેઓશ્રીનો મર્મ છે. આની સિદ્ધિ માટે સેવાધર્મની તેઓશ્રીએ સ્થાપના કરી છે. આ ધર્મ પ્રભુપ્રેમની પરાકાષ્ઠા બતાવે છે તેથી “સર્વત્ર પ્રભુ ભરેલો છે” એવી તેની ભાવના હોય છે. જો આમ હોય તો દ્વેષ કોનો કરવો ? અન્યનો દ્વેષ કરવો એટલે પ્રભુનો જ દ્વેષ કરવો. આમ આ ધર્મનું હાર્દ સમભાવ ને દયા છે.

જી૦—આ ધર્મને આપે પ્રેમધર્મ કહ્યો ને તેના મુખ્ય લક્ષણ તરીકે સેવાધર્મને ગણાવ્યો. “સેવાધર્મઃ પરમ ગહનો યોગીનાં અપિ અગમ્યઃ” એવું વિદ્વાનો કહે છે. તો શા માટે યોગીઓને પણ તેની ગમ ન હોવી જોઈએ. એમાં શું રહસ્ય રહેલું હશે ?

મુ૦—યોગીઓ શું કરે છે એની તમને ખબર છે ? યોગીઓને પોતાના આત્માની મુક્તિ એજ મુખ્ય ધ્યેય હોય છે; જ્યારે સેવાધર્મમાં પરાર્થ માટે આત્મભોગ આપવાની વૃત્તિ મુખ્ય હોય છે. યોગીઓ હુંને ઘુંટવામાં રત રહે છે, સેવાધર્મી હુંને ભૂલવામાં રત રહે છે. જ્યારે હુંને ઠેકાણે તું આવે, અર્થાત્ હું ને ઠેકાણે ભગવાન સ્થાપિત થાય, ત્યારે સમજવું કે ભક્તિની પરાકાષ્ઠા આવી. આમ પરની એટલે પરમાત્માની સેવામાં દેહ, ઇન્દ્રિય, મન, ચિત્ત, અને આત્માનું સમર્પણ થવું એનું નામ જ સેવા. આત્માનંદમાં રહેનારને પરમાનંદમાંથી ઉત્પન્ન થતા ભજનાનંદની મઝા કેવી હોય તેની શી ગમ હોય ? આવા ભજનાનંદનું દાન કરવાને આત્માનંદમાં નિમગ્ન થયેલા મુક્તાત્માઓને ભગવાને ઉદ્ધૃત કરી રાસલીલામાં નિયુક્ત કર્યા. એવો તે અલૌકિક લીલાનો મર્મ છે. વેણુનાદ દ્વારા ગોપીઓને બોલાવી તે આટલા માટેજ. આ અર્થમાં યોગીઓને સેવાધર્મનું રહસ્ય અગમ્ય જ છે, એવું જે અનુભવીઓ કહે છે, તે અક્ષરશઃ ખરૂં છે.

જી૦—આવા સેવાધર્મના વ્યક્તિગત તેમજ સમષ્ટિગત ભાવો કેવા હોય છે ? અને કેવા રૂપમાં તેનાં લક્ષણો જીવન દ્વારા પ્રકટ થાય છે ?

મુ૦—સેવાધર્મ પાળનાર ભક્તના હૃદયમાં પ્રભુપ્રેમનો સતત પ્રવાહ અવિચ્છિન્નપણે વહ્યાં જ કરે છે. જ્યાં પ્રેમ આવી રીતે ભગવન્નિષ્ટ હોય ત્યાં ક્રોધ, કામ, લોભ વગેરે વિકારોને સ્થાન જ ન હોઈ શકે. અસત્ય વિચારોને તે મનમાં ઉત્પન્ન થવા દેતો જ નથી. હૃદય ભક્તિ રૂપ પુષ્પથી સદાયે પ્રફુલ્લિત રહે છે.

સેવા ધર્મમાં કેવળ આન્તરની જ નહિ પણ બહારની દુનિયા સાથે અનુકૂલ વહેવાર રાખવાનો ભાવ નિષ્પન્ન છે. ભક્ત પોતે આધિદૈવિક જીવન માટે મથતો હોય છે. તેથી તેવા જીવન માટેની બહારની અનુકૂલ દુનિયામાં અને વાતાવરણમાં તે જીવનનો ઉલ્લાસ ખોળે છે. આમ તેનું કાર્યક્ષેત્ર કેવળ સ્વાત્મામાં જ કેન્દ્રિત થતું નથી પણ બહાર ઉભરાય છે.

તેનો આચાર શુદ્ધ અને પવિત્ર હોય છે. કેમકે શુદ્ધ અંતઃકરણ વિના પ્રભુની સેવા થઇ શકતી નથી. માટે જ શ્રી વલ્લભાર્ય કહે છે કે भगवद्रुपसेवार्थं तत्सृष्टिर्नान्यथाभवेत् (પુ. મ. ૧૨) પ્રભુ સૃષ્ટિનો શો હેતુ હોવો જોઇએ ! શા માટે તે ઉત્પન્ન થઈ છે ? બીજા કોઈ પણ કારણ માટે નહિ, પણ પ્રભુની સેવા અર્થે. ભક્તનાં સર્વ કાર્યોનું પર્યવસાન ભગવાનની સેવામાં આવવું જોઈએ, એજ તેનો હેતુ છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોર પ્રાર્થના કરે છે કે: Give me the strength to make my labour fruitful in Service.”

આ સેવા ધર્મમાં પ્રભુના ગુણગાન ઉપર વધારે ભાર મૂકવામાં આવે છે. એથી પ્રભુનું કીર્તન નિયમિતપણે કરવામાં આવે છે. તેમાં કારણ માત્ર એજ છે કે એમ કરવાથી ભગવાનમાં ભક્તની નિષ્ઠા કાયમ સ્થિર રહે. જ્યારે આવું મધુર સંગીત થતું હોય ત્યારે ભક્તનું મન પ્રભુમાં તલ્લીન રહે છે. તેવા ભક્તને શ્રી વલ્લભાચાર્ય નીચે પ્રમાણે આશ્વાસન આપે છે:

सेवायां वा कथायां वा यस्यासक्ति दृढा भवेत् ।
यावज्जीवं तस्य नाशो न क्वापीति मतिर्ममः ॥
(ભ—૧—૯)

સેવામાં અગર તો કથામાં એ માંથી ગમે તેમાં જે ભક્તની આસક્તિ દઢ હશે, તેનો નાશ કદાપિ પણ સંભવિત નથી. અર્થાત્

પ્રભુની સેવામાં અગર તો તેના ગુણગાનમાં આજન્મ જે નિમગ્ન રહે છે, તે અજર છે, અમર છે.

આવા ભક્તને 'सर्वं खल्विदं ब्रह्म' સર્વ બ્રહ્મમય લાગે છે. તેને મન આ અખિલ વિશ્વ બ્રહ્માંડનું ક્રીડાસ્થાન છે. ખરું જોતાં જ્યારે આવો ભાવ ઉત્પન્ન થાય ત્યારે જ वसुधैव कुटुम्बम् । ની ભાવના સિદ્ધ થાય છે. પૃથ્વી ઉપર જે કાંઈ ભૂતમાત્ર અગર પદાર્થ હોય તે બધામાં તેની સમદૃષ્ટિ હોય છે. આવા ભક્તના હૃદયમાં જ ખરી વિશ્વબંધુત્વની લાગણીને સ્થાન હોય છે તે જગતને મિથ્યા ગણી તેનો ત્યાગ કરતો નથી. પરંતુ પ્રાણીમાત્રની ભગવદ્ભાવે સેવા કરે છે. એક કીડાથી માંડીને તે બ્રહ્મ સુધી જેટલા જીવ છે તે બધાંની સેવામાં ભગવાનની સેવા જુએ છે. તેના જીવન અને આચાર વડે આવા વિશ્વબંધુત્વની ભાવના તે જનહૃદયમાં પણ સ્થિર કરે છે. અને જગતમાં મનુષ્યો મિથ્યા મમત્વને સેવે છે તેમાંથી તેને મુક્ત કરી મનુષ્યજન્મની સાર્થકતા શેમાં રહેલી છે તે સેવાધર્મ દ્વારા તેમને શીખવે છે. આમ હમેશાં એકતરફ પ્રભુનો અનુગ્રહ પ્રાપ્ત કરવાને મથે છે તો બીજી તરફ પોતાના ચરિતથી જનતાને ઉપદેશ દ્વારા માર્ગમાં દૃઢ આસક્તિવાળા બનાવે છે. આવો ધર્મ કેટલો ઉચ્ચ ને ઉદાત્ત હોય, તે સહેજે કલ્પી શકાય એવું છે. માટે જ આને વિશ્વોદ્ધારક ધર્મ તરીકે કહેવામાં આવે તો વાજબી છે. પ્રભુ એથી પ્રસન્ન થાય છે. મનુષ્યનું ખરું કલ્યાણ આમાં જ રહેલું છે.

૭૦—વિશ્વના બધા જ ધર્મોમાં કાંઈને કાંઈ ઉત્તમતા તો રહેલી છે, એવું તો આપ પણ કહો છો. મને લાગે છે કે તે તે વિશેષતાને લીધે જ પ્રત્યેક મુખ્ય ધર્મની વિપુલતા ને સ્થિરતા હશે. જો કોઈ એવો ધર્મ હોય જેમાં એ જુદી જુદી વિશેષતાઓ એકત્રિત થતી હોય તો ખરે તેનું સર્વધર્મપણું સિદ્ધ થઈ શકે, એમ મને લાગે છે. આપ એ દિશામાં કંઈ માર્ગદર્શન કરાવશો !

મુ૦—ખ્રિસ્તી ધર્મ સમાજ સેવા ઉપર, ઈસ્લામ ધર્મ બિરાદરી કે ભ્રાતૃભાવ ઉપર, ને બૌદ્ધધર્મ જગતની અસારતા ઉપર ભાર મૂકે છે પહેલા બન્ને ધર્મો ભક્તિપોષક ધર્મો છે પણ તેમાં વાડાની સંકુચિતતા છે અને તેમાં રહેલી પ્રભુભાવનાની દૃષ્ટિ મર્યાદિત છે. તેથી આત્મકલ્યાણની દૃષ્ટિએ તે ગમે તેવા ઉપકારક હોય છતાં વિશ્વધર્મ થવાને પાત્ર નથી. બૌદ્ધધર્મમાં પ્રભુની પ્રાપ્તિ કરતાં દુઃખનિવારણના સાધનનો વધારે વિચાર કરાયો છે. ફક્ત હિંદુ ધર્મ જ એવો છે, જેમાં વ્યક્તિ ને સમષ્ટિનો સંબંધ આત્મૈક્યના પરમ સનાતન ભૂમિકા ઉપર રચાયો છે ને જેની સિદ્ધિ અર્થે સાધનાની વૈજ્ઞાનિક પદ્ધતિઓનો વિકાસ કરવામાં આવ્યો છે મેં તમને પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તો તથા સાધનાના તેના સેવામાર્ગ વિષે વિગતે સમજાવ્યું છે. તેમાં સમાજસેવા, ભ્રાતૃભાવ, પ્રપંચનિવૃત્તિ, તથા પ્રભુપ્રાપ્તિની ઉન્નાત ભાવનાઓનો સમાવેશ થાય છે કે કેમ તે તમારે વિચારવાનું છે. શુદ્ધાદ્વૈતના 'શુદ્ધ' શબ્દ ઉપર જો વધારે ઊંડા ઉતરી મનન કરવામાં આવશે, અને અન્ય અદ્વૈતવાદોની અપેક્ષાએ તેની વિશેષતા ઉપર ધ્યાન ખેંચવામાં આવશે, તો તરત જ સમજાશે, કે ઉપરોક્ત સર્વ સત્વનો યોગ્ય સમન્વય આ માર્ગમાં કરવામાં આવ્યો છે. માર્ગની શ્રેષ્ઠતા તેની સિદ્ધિ અને તે મેળવાને કરવી જોઈતી મહેનત, એ બન્ને ઉપર આધાર રાખે છે. આ માર્ગની શ્રેષ્ઠના વિષે સાંપ્રદાયિક ગ્રન્થકાર યોગ્ય જ કહે છે કેઃ

सर्वमार्गानां पुष्टिमार्ग उत्तमः क्लेशाभवात् ।
इतर सर्व मार्गामायतिशय क्लिष्टत्वात् ॥

ઈતર સર્વ માર્ગો અતિશય ક્લેશવાળા છે. આ પુષ્ટિમાર્ગ સૌથી ઓછા ક્લેશવાળો છે. માટે સર્વમાર્ગોમાં તે શ્રેષ્ઠ છે. મતલબ કે ધ્યેયમાં તે સર્વથી ઊંચો છે, અને આચરણમાં સૌથી સરલ ને સ્વાભાવિક છે. તેથી જ શ્રી મહાપ્રભુજીએ આવા નિર્મલ અને

અનુગ્રહાત્મક ભક્તિમાર્ગની સ્થાપના કરેલી છે. તેનું આચરણ કરવાથી પ્રાણીમાત્ર નિર્ભય થઈ શકે છે. આપશ્રી કહે છે કે:

मार्गोऽयं सर्वमार्गाणामुत्तमः परिकीर्तित् ।
यस्यात्मा तत्भयं नास्ति मोचक सर्वथा यः ।

સર્વ માર્ગોમાં આ માર્ગ ઉત્તમ છે. એમાં ભય રહેલો નથી. અને છતાં, સર્વથા મુક્તિ દેખાડનારો છે. બીજા માર્ગોમાં પતનને ભય છે. આમાં ભક્તનું યોગક્ષેમ ભગવાન ચલાવે છે. ભક્તને એમાં કશું કરવાપણું હોતું નથી. તેનું જીવન કેવળ લોકસંગ્રહાર્થ કાર્ય માટે હોય છે. એટલે તેના પતનનો સંભવ ઓછો હોય છે.

જી૦—પણ, આપણે આ માર્ગમાં ઘણાઓને ભક્તિના બહાના હેઠળ પોતાની ઇન્દ્રિયોના વિલાસોમાં જીવનને વેડફી દેતા જોઇએ છે, તેનું કેમ!

મુ૦—આવી ક્ષતિઓ હોવી એ મનુષ્યજીવનની નબળાઈઓને કારણે છે. આખરે તો મનુષ્ય એ મનુષ્ય છે. તેના હાથમાં હીરો આપો તો પણ તે કાચનો ટુકડો ગણી તેને ફેંકી દે એવો મૂર્ખ છે. જે જે વસ્તુઓ કેવળ ભગવદ્ ભાવની વૃદ્ધિ માટે જ નિર્મિત હોય છે, તેમાં તે પોતાનો જાતીય ભાવ સેવી, માર્ગના પ્રજ્વલંત પ્રકાશને ધારણ કરી શકતો નથી કે રસની વિશુદ્ધિનો આસ્વાદ લઈ શકતો નથી. એટલા માટે તો આપણે ભક્તોના ચાર પ્રકાર ગણાવ્યા. આવા નીચી કોટિના ભક્તોનો તોટો નથી હોતો એ વાત ખરી. એમ છતાંયે જમે ઉધારનાં પાસાં મેળવવામાં આવે તો માલુમ પડશે કે જીવનની સંસ્કારિતા અને ઉચ્ચ દૃષ્ટિ કેળવવામાં ભક્તિમાર્ગ જેટલો સ્વાભાવિક અને ઊર્ધ્વગામી છે, તેટલો અન્ય કોઈ નથી. છેક નીચેની ભૂમિકામાં ટળવતો ભક્ત પણ જો પ્રભુ પ્રત્યે આસ્થાવાળો હશે તો પ્રભુ જરૂર તેવાને પણ એક જન્મે નહિ તો બીજા જન્મે

પોતાની તરફ ખેંચી લેશે. તેનામાં થોડો ઘણો પણ ભગવાન પ્રત્યે સાચો ભાવ હોવો જોઇએ, એજ માત્ર એકની એક શરત છે. માર્ગમાં એજ વસ્તુ તેની પ્રગતિની નિમાયક છે. આવો ભય લાગવાથી તો વૈદિક માર્ગ માટે કેવળ ત્રૈવર્ણિકોને જ મુક્તિ માટે પાત્ર ગણ્યા છે. પણ પ્રેમ એ સર્વ વ્યાપક તત્ત્વ છે. અને તેના માટે સર્વ પ્રાણી માત્ર અધિકારી લેખાવો જોઇએ. એ દૃષ્ટિથી પ્રેમના સર્વવ્યાપક ધોરણ ઉપર શ્રી વલ્લભાચાર્યે વેદાદિ પ્રસ્થાન ચતુષ્ટય ઉપર આ માર્ગની રચના કરી વૈદિક સત્યના પાયાના આધારે સર્વ પ્રાણીના ઉદ્ધારનો આ માર્ગ રચ્યો, એ તો તેની વિશેષતા છે. તમે જોશો કે આ માર્ગની શુદ્ધતા કે ઉચ્ચતા માટે બે મત હોઇ શકે, એમ નથી જ. હા, તેના અનુસરનારાઓમાં એક સરખી પાત્રતા નથી, એ આપણે સ્વીકારવું જોઇએ. પણ, એ માટે તો માર્ગના સંચાલકોએ તેમાં પ્રવેશ પામતાં અશુદ્ધિનાં તત્વોને અટકાવવા અગર તો જે અશુદ્ધ તત્વો પ્રવેશ પામી ચૂક્યાં હોય તે નાબુદ કરવા, કટીબદ્ધ થવું જોઇએ. એટલું જ નહિ પણ માર્ગ-શુદ્ધિના આવા જીવંત પ્રયત્નો સતત ચાલુ રહેવાં જોઇએ, તોજ માર્ગની તેના ખરા સ્વરૂપમાં દિન પ્રતિદિન પ્રગતિ થયા વગર રહે નહિ. એ કામ માર્ગનાં ગૂઢ રહસ્ય જાણનાર ભક્તોનું છે. એટલું જ નહિ પણ તમારા જેવા ભણેલાઓનું પણ છે. મહાપ્રભુજીનો માર્ગ તો દીવા જેવો ચોખ્ખો છે ને બધા માટે ખુલ્લો છે. ગંગાયમુનાનાં પાણી સદાયે વહ્યાં કરે છે. જે તેનું પાન કરે, તે તેનું ફળ ચાખે.

ટુંકમાં કહીએ તો સર્વ પ્રત્યે સમબુદ્ધિ રાખી પ્રભુભજન કરવું એ જ પુષ્ટિમાર્ગનો મુખ્ય સિદ્ધાન્ત છે. જ્યાં સુધી મનુષ્યમાં દીનતા, સત્ય, સદાચાર ને સદ્બુદ્ધિ વાસ ન કરે, ત્યાં લગી હૃદયના મળ જતા નથી ને ત્યાં લગી પ્રભુનો આવેશ તેમાં થતો નથી. માટે પ્રભુમાં અહૈતુકી અને અપ્રતિહત ભક્તિ સેવવી એ જ શ્રેષ્ઠ ધર્મ

હોવો જોઈએ અને એ જ નેમ આ ધર્મમાં રહેલી છે. પરમ શ્રેષ્ઠ નારદજીએ આ જ ધર્મનો ઉપદેશ આપેલો. યમરાજે પણ આ જ ધર્મનો પ્રભાવ કહેલો. યોગેશ્વરોએ નિમિરાજાને આ જ ધર્મનો બોધ કરેલો. ભગવદ્ ભક્ત ઉદ્ધવને ઉપદેશમાં શ્રીકૃષ્ણે આ જ ધર્મનો મહિમા કહેલો. આ જ 'ધર્મના પાલનથી વ્રજ ભક્તોમાં પ્રભુ પ્રત્યે સુદૃઢ અને આત્યંતિક સર્વાત્મભાવ ઉત્પન્ન થયો. માટે આપણા સરખા અજ્ઞાન મનુષ્યો માટે આ જ માર્ગ શ્રેયસ્કર છે. પોતાને પંડિત કે વિદ્વાન ગણતા હોય તેમને બ્રહ્મજ્ઞાનના માર્ગે ભલે જવા દો. જેઓ એમ માનતા હોય કે વેદવિહિત કર્મો કરવાં એ આ યુગમાં શક્ય છે તો તેમને ભલે તેવાં કર્મો કરવા દો, આપણે માટે તો એ માર્ગ નથી. આ માર્ગમાં સર્વ વર્ણ, સ્ત્રી, પશુ, રાજા, રંક, હરકોઈ પ્રાણી સંસારના બંધનમાંથી મુક્ત થવાનો અધિકાર મેળવી શકે છે. એજ તેની મહત્તા છે. ગોપાંગનાઓ, ઉદ્ધવ, પ્રહ્લાદ, બલિ, વૃત્રાસુર, રાજા પૃથુ, અને રાજા અંબરીષ બધાએ આ જ માર્ગનું અવલંબન કરેલું. માટે જો આપણે પણ એ માર્ગે ચાલીશું તો આપણે પણ પ્રભુનો અનુગ્રહ પામીશું,' એ નિઃશંક છે. કહો, હવે તમારે કાંઈ કહેવાનું છે ?

જી૦—જી, ના. મારા મનનું સમાધાન થઈ ગયું છે. હવે તો મારે આ માર્ગનું શાસ્ત્રીય જ્ઞાન મેળવવા તથા એને આચરણમાં ઉતારવા શું શું કરવું, એ જ વિચારવાનું બાકી રહે છે. પરંતુ, આપ જેવાની કૃપાથી હું પણ હવે મારે પંથે પળી શકીશ, એમ મને લાગે છે. છતાં, જો આપને વાંધો ન હોય તો આપણા માર્ગની વર્તમાન સ્થિતિ ઉપર આપણે કાંઈ વિચાર કરીએ તો ઠીક એમ મારા મનમાં છે. કારણ કે એક યુવાન તરીકે મારામાં માર્ગ માટે રસ પેદા થયો છે તેના ના નહિ પણ તેમાં આશા ને ઉલ્લાસ ભળે,

તો ભવિષ્યનો માર્ગ જરા વધારે સરલ થાય. આ માટે મારે હવે માર્ગના સિદ્ધાન્તો ઉપર કે તેના હાર્દ માટે પૂછવાનું નથી પણ તેની સુધારણા અર્થે કંઈ માર્ગો શક્ય છે કે કેમ તે પૂરતો વિચાર કરવાનું મન થાય છે. આપ એટલું તો જરૂર કબુલ કરશો કે હાલ આપણે જે કાંઇ આપણા માર્ગમાં તેના ચરિતાર્થરૂપે જોઇએ છીએ, તેમાં સુધારાને અવકાશ છે જ.

મુ૦—હા, હું પણ એ જ મતનો છું. અલબત્ત સુધારણાને અવકાશ છે જ. પરંતુ આ વિષય જરા વિવાદગ્રસ્ત છે અને તે માટે એકમતતા હોવી સંભવિત નથી. છતાં, શુદ્ધ બુદ્ધિથી કોઈપણ વિષયો પછી ભલેને તે આપણા કોમળ અંગોને સ્પર્શ કરતા હોય, છતાં જો તે આપણા હિત માટે હોય—આપણી તંદુરસ્તીનું રક્ષણ કરવા અર્થે હોય, તો તે આવકાર પાત્ર છે, તેમાં મને જરી પણ શંકા નથી. જો એમ છે તો આપણે આપણામાં દેખાતી ખામીઓ માટે પ્રકટ ચર્ચા કરીએ તેમાં કશું જ ખોટું નથી, અને તેમ કરતાં બ્હીવાને પણ કશું જ કારણ નથી. કારણ કે આવા આત્મપરીક્ષણ, સંશોધન, કે શુદ્ધિકરણ વગર આપણે માર્ગની સાચી સેવા કરી શકીએ નહિ એવું મારૂં નમ્રપણે માનવું છે. છતાં, આપણે આ બાબતમાં એક વાત યાદ રાખવી પડશે. આપણે આપણા ચર્ચાના વિષયમાં ગમે તેવા સ્વતંત્ર વિચારો ધરાવતા હોઇએ, છતાં તે બધા રચનાત્મક હોવા જોઇએ અને વિધ્વંસક નહિ. જ્યાં અનિવાર્ય હોય ત્યાં રચના જેટલો જ ધ્વંસ ભલે થાય પણ આખરે તો પોષણ તથા ટકાવ માટે રચના જ જરૂરી તત્વ છે. તેથી આપણી ચર્ચાનો વેગ પણ તેવા પ્રકારનો હોવો જોઇએ. જો આવી મર્યાદામાં રહી આપણે આ કોમળ વસ્તુને હાથ ધરવી હોય તો મારી ના નથી.

જી૦—જી, આપણી ચિન્તા હું બરાબર સમજ્યો. એ બાબતમાં

આમ નિર્ભય રહો. આપે જોયું હશે કે આપણા વાર્તાલાપોમાં મેં જીજ્ઞાસાવૃત્તિ જ સેવી છે અને કેવળ મારા તર્કની ખાતર દલીલબાજી કરવામાં સમયનો વ્યર્થ વ્યય કર્યો નથી. હું સમજું છું કે હવે આપણે જે વાતચીત કરવાના છીએ, તેમાં જરા વધારે કાળજી રાખવી જોઇશે. છતાં, તે બાબતમાં પણ આપ નિશ્ચિંત રહો, એવી મારી તરફથી આપને નમ્ર વિનંતિ છે.

મુ૦—તો બેલાશક તમે આવતી કાલે આવશો, ત્યારે આપણે આપણા ધર્મની સુધારણાના માર્ગો ઉપર વિચાર કરીશું. જય શ્રીકૃષ્ણ!

જી૦—જયશ્રી કૃષ્ણ !

[૪૩] ઉપસંહાર

મુકુંદદાસ—ગઈ કાલે આપણે એવા નિર્ણય પર આવ્યા કે આપણે વર્તમાન સ્થિતિ ઉપર કંઈક વિચાર કરવો. તો મારો પ્રશ્ન એ છે કે આ માર્ગ સંબંધી તમે જે કાંઈ સાંભળ્યું તેને સમગ્રરીતે ધ્યાનમાં લેતાં, તેની આધુનિક સ્થિતિમાં તમે એવાં કયાં કયાં અંગો જુઓ છો, જેમાં તમને કંઈ ખામી લાગતી હોય ?

જીજ્ઞાસુદાસ—ખરે, આપણા ધાર્મિક વાર્તાલાપો શરૂ કર્યાંને ઘણા દિવસો થયા અને તેમાં ભાગ લેવાનું સુભાગ્ય મને પ્રાપ્ત થયું, તેને હું મારી જીંદગીનો લ્હાવો ગણું છું. મેં જે કાંઈ આપની પાસેથી સાંભળ્યું તેનું કુલ સરવાયું મારા હિસાબે જેવું તેવું નથી. સમાજની સંસ્કૃતિમાં ધર્મ ઘણોજ અગત્યનો ભાગ ભજવે છે, માટે દરેક જાણકારે ધર્મનું સાચું જ્ઞાન મેળવવું જોઈએ, એવો આપનો આગ્રહ છે તે બરાબર છે. ઠેઠ સનાતન ધર્મના સિદ્ધાન્તોથી માંડી પુષ્ટિ માર્ગના તત્ત્વ વિચાર તથા તેના મર્મ વિચારની પણ સમીક્ષા કરી, વૈદિક ધર્મ સાથે તેનો કેવો સંબંધ છે એવું બતાવવાનો આપે પ્રયત્ન કર્યો છે. મારે સ્વીકારવું જોઈએ કે એથી મને ઘણું ઘણું નવું જાણવાનું મળ્યું એટલું નહિ પણ ધર્મ પ્રત્યે અત્યાર લગી જે હું કંઈક ઉપેક્ષાવૃત્તિ સેવતો હતો, તેને બદલે હવે તે પ્રત્યે મારામાં એક જાતનો નવો અનુરાગ ને ઉત્સાહ જન્મ્યાં છે, જે તેના અભાવમાં કદી પણ બન્યું હોત નહિં. આટલું સ્વીકાર્યા

છતાં, હજુ પણ મારા મનમાં જો કાંઇ ખટકો રહી ગયો હોય તો તે એ છે કે પુષ્ટિમાર્ગ જે તેના શુદ્ધ સ્વરૂપમાં કેવળ નિર્ગુણ ભક્તિ ને વૈરાગ્ય ઉપર રચાયેલો છે અને જેના આચારની વિધિઓ જીવનમાંથી લૌકિક ઇચ્છાઓનો તથા આકર્ષણોનો નાશ કરવાને નિર્માયેલી છે, તેને બદલે હાલ એથી ઉલટી ગંગા શા માટે વહી રહી હશે? મારૂં કહેવું એવું નથી કે જે કાંઈ દેખાય છે તે ખોટું છે, પણ મને એમ લાગ્યાં કરે છે કે એવી ઘણી બાબતો છે, જેમાં સુધારાઓને પૂરતો અવકાશ છે.

મુ૦—તમે કહો છો તેમાં કંઇક તથ્ય છે, એમ મારે સ્વીકારવું રહ્યું. પરંતુ, તમે કબુલ કરશો કે મૂળે આર્યસંસ્કૃતિ આર્યધર્મની ભાવના ઉપર રચાયેલી હતી અને તેનાં મૂળ તત્ત્વો તેના અંગત, કૌટુમ્બિક કે સામાજિક જીવનમાં અનેકરૂપમાં ઉતર્યાં હતાં. તેમાં આચાર ને વિચારનો એવો તો સુમેળ હતો કે ધર્મની અખંડતાને હાનિ પહોંચ્યાડયા વગર જીવનનું સૌંદર્ય ને ઉપયોગિતા વધારવામાં તથા તેને વધારે ઉપભોગ્ય ને ફળદાયી બનાવવામાં તે અસરકારક નીવડયાં હતાં. વર્ણાશ્રમની આપણી પ્રાચીન વ્યવસ્થા અદ્વિતીય હતી, તે માટે બે મત છે જ નહિ. મનુષ્યજીવન પરત્વે પંચમહાયજ્ઞોની ભાવનામાં વ્યક્તિગત, અને કૌટુમ્બિક પ્રગતિનાં તેમજ આધ્યાત્મિકપ્રગતિનાં ઉર્ધ્વંગામી તત્ત્વો સમાયેલાં હતાં. ટુંકમાં આર્યધર્મનું ઐહિક તેમજ પારલૌકિક જીવન સફળ નીવડવાને તેમાં વધારે અવકાશ હતો. આમ છતાં જેમ મનુષ્ય જીવનમાં બને છે, તેમ ધાર્મિક જીવનમાં પણ ચઢઉતરનો પ્રાકૃતિક નિયમ એટલો જ અસરકારક હોય છે: જેમ મનુષ્ય જીવનમાં બાલ, કુમાર, યુવા, તથા વૃદ્ધા વસ્થાઓનો ક્રમ હોય છે, તેમ ધર્મની ગતિમાં પણ માલુમ પડે છે. પ્રકૃતિનો આ નિયમ કાંઈ એકલા હિન્દુસ્થાનને લાગુ પડે છે તેમ નથી, દરેક દેશ માટે ને દરેક ધર્મ માટે એમ જ બન્યું છે.

સત્યયુગના લોકો જંગમવેદો કહેવાતા હતા કારણ કે તેમનું જીવન

કેવળ આત્મમય હતું અને તે આત્મિક નિયમોથી ચાલતું હતું. પરંતુ જેમ જેમ કાળ જતો ગયો, તેમ તેમ મનુષ્યોની જીવનદૃષ્ટિ બહિર્ગામી વધારે ને વધારે થતી ગઈ. પછી તો આત્મિક સત્યો આત્મિક ન રહ્યાં, પણ તે વધારે ને વધારે બૌદ્ધિક થયાં. એથી સત્યયુગનાં આદર્શોને જીવનમાં આચરવા માટે મનુષ્યોને બુદ્ધિનો આશ્રય લેવો પડ્યો અને તેથી વૈદિક કાળ મટી સ્મૃતિકાળ શરૂ થયો. ખ્રિસ્તી ધર્મમાં તેમજ દુનિયાના અન્ય મહાન ધર્મોમાં પણ એમજ બન્યું છે. તો આપણા પુષ્ટિમાર્ગમાં પણ એવું બને તો તેમાં નવાઈ નહિ.

મહાપ્રભુજી જ્યારે ભૂતલ ઉપર બિરાજતા હતા ત્યારે આત્મનિવેદન સાથેજ જીવનનો પલટો થઈ જતો હતો અને નિવેદની જીવને લીલા સંબંધનું આત્મભાન થતું. તેનું વૈષ્ણવી જીવન અલૌકિક રસમાં નિમગ્ન રહેતું. આવું થવામાં મહાપ્રભુની કૃપા અને જીવનો અધિકાર એ બન્ને કારણભૂત હતાં. આ સમયને આપણે પુષ્ટિમાર્ગનો સત્યયુગ કહીશું. એ કાળ વહી ગયો અને ત્યાર પછી તરતજ તેનો સ્મૃતિકાળ બેઠો એમ કહીએ તો શું ખોટું? કારણ નિર્ગુણ ભક્તિની આત્મચેતના કાયમ રાખવાને સેવાવિધિના અનેક નાનામોટા નિયમો અસ્તિત્વમાં આવેલા આપણે જોઈએ છીએ. સ્મૃતિઓના આવા મંત્રકાળની ઝાંખી તો આપણને મહાપ્રભુના વ્યામોહલીલા પછી તરતજ થાય છે. આમ ઉત્તરોત્તર નિયમોનું રાજ્ય વધતું જ ગયું અને વચ્ચે વચ્ચે કાળની કારમી છાયાઓ પણ ડોકીયાં કરી ગઈ આવા વિપરીત સમયમાં કાળબળને લીધે તત્ત્વ કરતાં આચાર ઉપર વધારે વજન અપાતું જાય એ તદ્દન સ્વાભાવિક છે. જો કે आचार परमो धर्मः! છે, છતાં જો આચાર જ તત્ત્વની જગા લે, તો તેમાંથી નિષ્પ્રાણતા પરિણમે એ પણ એટલું જ સાચું છે. તેથી મને લાગે છે કે આપણે વર્તમાન પુષ્ટિધર્મની સ્થિતિની સમીક્ષા કરીએ તે પહેલાં સનાતન ધર્મનાં તત્ત્વો પુષ્ટિમાર્ગમાં કેવી રીતે ઉતરવા પામ્યાં છે અને નવા

સ્વરૂપે જીવંત થયાં છે, તે બતાવવાનું મારે પ્રાપ્ત થાય છે. એ ઉપરથી તમે જોઇ શકશો કે ભલે ધર્મનાં બાહ્યાંગો બદલાય પણ જો તેનો આત્મા જળવાય, એટલે કે જો તેના ખરા ધર્મનાં મૂળ તત્ત્વો કાયમ રહી શકે તો તેથી ધર્મને હાનિ થવાનો બિલકુલ ભય નથી. ઉલટું તેનાથી હૂમા પક્ષીની પેઠે ધર્મમાં નવજીવન પ્રાપ્ત થાય છે. મુળ વસ્તુ ધર્મના સાચા સ્વરૂપને સમજવાની તથા તેના મૂળ અંશોનું રક્ષણ કરવાની છે. એવું કરવાના બુદ્ધિપૂર્વક યત્નો થવા જોઇએ અને આચાર વિધિના નિયમોમાં સમયને અનુકૂળ ફેરફાર થવા જોઇએ. આ માટે આપણું લક્ષ્ય કેવળ તેના મૂળ તત્ત્વો ઉપર વધારે રહે તે જરૂરનું છે. પુષ્ટિમાર્ગમાં પણ મૂળ સનાતન તત્ત્વો કેવી રીતે નવા રૂપમાં જળવાઇ રહ્યાં છે, તેનો તમને ખ્યાલ આવશે, તો સુધારણા બાબતનો જે વિચાર આપણે કરવાના છીએ, તેમાં તે આપણે ઘણું સહાય્યક થઇ પડશે.

જી૦—હું ભૂલતો ન હોઉં તો આર્યોની દીનચર્યા, તેમના સોળ સંસ્કાર અને વર્ણાશ્રમની સામાજિક તેમજ કૌટુમ્બિક વ્યવસ્થા એ એમના ધર્મવિચાર તેમજ જીવનાચારનાં મુખ્ય લક્ષણો છે. ઐહિક તેમજ પારલૌકિક જીવનની સિદ્ધિ તેઓ પોતાના આચારવિચારમાં ખોળે છે. તેથી પુષ્ટિમાર્ગમાં આ તત્ત્વો કેવા રૂપમાં ઉતર્યાં છે એવું આપ બતાવો તો આપણી વિચારણાને બંધબેસ્તુ થાય.

મુ૦— તમારૂં ધારવું બરાબર છે. તમે એ તો જોયું હશે કે ઉપરોક્ત આર્યોના સોળ સંસ્કારમાં ધાર્મિક ભાવના ઉપરાંત સામાજિક તેમજ શારીરિક તંદુરસ્તીની ભાવનાઓ પણ સમાયેલી હતી જો નિષ્પક્ષપાત પણે વિચાર કરવામાં આવે તો તેમાં જીવનનું ઘણું રહસ્ય રહેલું જણાશે. આ સંસ્કારોનો તેના મૂળરૂપમાં ઘણોખરો લોપ થયો છે અને તેના જ કાંઇ અવશેષો હાલ બાકી રહ્યા છે તે ઝડપભેર ભૂંસાતા

જાય છે. તેનો મૂળરૂપમાં ઉદ્ધાર કરવો તે તો હવે અસંભવિત છે. તે સોળ સંસ્કાર પૈકી હવે તો કેવળ સીમંતનો ને લગ્નનો એમ બે મુખ્ય સંસ્કારો કંઇક અંશે જળવાઇ રહ્યા છે. અત્યારના રૂપમાં આ સંસ્કારો ધાર્મિક કરતાં સામાજિક ક્રિયારૂપ વધારે બન્યા છે. અને નવા જમાનાની સામાજિક ભાવનાઓ બદલાતી જાય છે, એટલે તે પ્રત્યે પણ ઉપેક્ષાવૃત્તિ વધારે સેવાતી જાય છે. ખાસ કરીને નવા શિક્ષિત વર્ગમાં.

આવું બધું જોઇ મહાપ્રભુજીએ તો વર્ણાશ્રમ તથા પ્રાચીન સંસ્કારોની બાબતમાં ચોખવટ કરી અને તેમાં રહેલા લૌકિક ભાવોને ગૌણતા અર્પી છે. આપશ્રીએ જોયું કે શ્રૌત ને સ્માર્ત માર્ગોના આચારવિચારનું તેના શુદ્ધ રૂપમાં પાલન થઇ શકે એવું સંભવિત જ નથી. તેથી તેના પાલન માટેનો આપે આગ્રહ છોડી દીધો અને પ્રાચીન પ્રણાલિકાનું યથાશક્તિ પાલન થઈ શકે, તે માટે જેટલું બની શકે તેટલું પાલન કરવાની આપશ્રીએ આજ્ઞા આપી. પણ મુખ્ય તો શ્રીકૃષ્ણભક્તિ ઉપર જ વધારે ભાર મૂક્યો, અને બતાવ્યું કે કૃષ્ણ એજ જીવનની ગતિ હોવાથી તેની અપેક્ષાએ બીજો કોઇ પણ માર્ગ, વિધિ કે મંત્ર વધારે પવિત્ર કે વધારે ઉંચો નથી. ભક્તિ શબ્દ જ હૃદયનો ભાવસૂચક છે. તેથી તેને આગળ ધરી બાહ્યાચાર માત્રને ગૌણ ગણ્યો. એથી બાહ્યાચારની શુદ્ધિ અશુદ્ધિ કરતાં, આન્તરની શુદ્ધિ અશુદ્ધિ પ્રત્યે વધારે કાળજી રાખવાની છે, એવો આપશ્રીના ભક્તિમાર્ગનો આશય ચોખ્ખો છે, તે આપણે જોઇ ગયા.

પણ આ ઉપરથી તમારે એવું સમજવાની જરૂર નથી કે શુદ્ધિ અશુદ્ધિની મૂળ સનાતન ભાવનાઓ ખોટી છે. તે ખોટી નથી પણ કાલબળ જોતાં ભારે કલેશ વગર તેનું પાલન થઈ શકે તેમ નથી અને તેમ છતાં, તેનું પાલન કરવાનો આગ્રહ સેવવામાં આવે તો તેમાંથી

પાખંડપણું અને કૃત્રિમતા ઉત્પન્ન થવાનો વધારે સંભવ છે માટે જ એવી આજ્ઞા કરી હશે એવી સ્પષ્ટ પ્રતીતિ થાય છે ને તેવા આચાર વિચારનું પાલન કરવું શક્ય હોય તો તેનું પાલન કરવું ધર્મ્ય છે, એવો તેનો ભાવ છે. તેથી હવે પ્રશ્ન એટલો જ રહે છે કે તેના આચારવિચારના રૂપમાં ભક્તિની દૃષ્ટિએ કાંઇ ઉમેરો કે વધઘટ થઈ શકે કે કેમ? અને તેમ કરવું અશક્ય હોય તો કેવી રીતે? અગર તો એ દિશામાં અદ્યાપિ કાંઇ ફેરફાર કરવામાં આવ્યો છે કે કેમ?

આપણે પાછળ સીમંત વિષે કંઇક વિગત આપી છે, તે જોતાં જણાય છે કે તેમાં ધર્મભાવના, સામાજિક ભાવના ને ભૌતિક તંદુરસ્તીની ભાવના, એવી જુદી જુદી ભાવનાઓનું સુંદર સંમિશ્રણ છે. તેમાં ધર્મભાવનાના પોષણ માટે દૈવી શક્તિનો પૂજનવિધિ છે. સગાંસંબંધી તથા ન્યાતીલાઓ માટેના ખાનપાનનો સામાજિક રિવાજ છે તો ગર્ભની અંદર રહેલા બાળકના સંસ્કારિત્વ માટે મહાન પુરુષો તેમ જ સાધુમહાત્માઓના કથાના શ્રવણ તથા તેમના ગુણગાન નિમિત્તે ગીતો ગાવાનો પણ ક્રમ હોય છે. આપણા પુષ્ટિમાર્ગમાં તો શ્રીયમુનાજી જ સર્વ શુભ કાર્ય માટે આવશ્યક શુદ્ધિ ને સિદ્ધિ માટે પૂજા યોગ્ય દેવી છે. બાકીનું વ્યવહારિક કાર્ય વૈષ્ણવ પદ્ધતિએ કરવામાં આવે તો તેમાં કશું ખોટું નથી. પણ આ બધા પાછળ મુખ્ય આર્યભાવના તો એ જ રહેલી છે કે જે બાળકનો જન્મ થવાનો છે તે ઘણો સંસ્કારી, તંદુરસ્ત અને ધાર્મિક થાય. તે માટે મહાપ્રભુજી આપશ્રીના નિરોધ લક્ષણ ગ્રન્થમાં આજ્ઞા કરે છે કે સંસારમાં સ્ત્રીપુરૂષના શારીરિક સંબંધો વધારે શુદ્ધ થવાના હોય તો તે ગુણ, કર્મ, ને સંસ્કાર ઉપર રચાવા જોઇએ. ખરૂં જોતાં મોક્ષપ્રાપ્તિ એ ઉભય દંપતીનો જીવનમંત્ર હોવો જોઈએ; પતિપત્ની તરીકેની તેમજ

કૌટુમ્બિકોના સંબંધની તેમ જ સામાન્ય સંબંધોની તુલના આ દૃષ્ટિએ થવી જોઈએ. આવા સંબંધો જ્યાં જ્યાં આપણા જીવનના આદર્શને સહાયક કે પોષક હોય ત્યાં કાંતો નભાવી લેવાના હોય કે હેય ગણી ત્યજવાના હોય. આપણા સઘળા વ્યવહારોનું પ્રેરક બલ આવી ધર્મભાવનામાંથી મેળવવાનું હોય. આવા હેતુપૂર્વકના જીવનમાં કુટુમ્બનાં ફુલોને ખીલવવાનું કે ઉછેરવાનું તથા સમષ્ટિ સાથે સંકળાયેલા આપણા વૈજ્ઞાનિક તેમ જ કૌટુંબિક જીવનને પોષવાનું હાલ દુર્ઘટ અને અર્થહીન થઈ પડયું છે, એ આપણે કબુલ કરવું જોઈએ. આમ છતાં લગ્નની આર્યભાવનાને જીવતી રાખી શકાય તો મનુષ્યજીવનની એ એક અમુલ્ય સેવા જ છે, એની મારો આત્મા સાક્ષી પૂરે છે. આમાં કેવળ કર્તવ્યની ધર્મદૃષ્ટિ જ પ્રાધાન્ય ભોગવે છે. મનુષ્ય મનુષ્ય સાથેનો સંબંધ કેવળ કર્મના અટલ નિયમો ઉપર બંધાયેલો છે અને તેથી જ પતિપત્નીના સંબંધો પણ આતિથ્યની પવિત્ર ભાવના ઉપર રચાયેલા છે. 'અતિથિ દેવો ભવ' એ આપણા ધર્મની અમોલી ભાવના છે. તેના વડે કુટુંબ સાથે સમાજનો સંબંધ પવિત્ર ગાંઠથી સંકળાય છે. પૈસો, રૂપ, લાભ વગેરે બાબતોને વ્યવહારમાં અમુક સ્થાન છે પણ તેને અયોગ્ય મહત્ત્વ આપવાનું નથી. જો કૃષ્ણને પ્રિય હોય એવા પુત્રની કામનાથી શારીરિક સંબંધ કરવામાં આવે તો જ તે વિહિત છે, નહિતર તે કેવળ કામાચાર છે, ને તેટલા માટે ત્યાજ્ય છે. આમ કામરૂપી ત્રીજા પુરૂષાર્થની સિદ્ધિ અર્થે પણ આપશ્રીએ ઉપર પ્રમાણેની ધર્મભાવના મૂકી છે. તે ભાવનાને પોષણ મળે એવું વાતાવરણ દંપતીના જીવનમાં જામે એ અર્થે આવા બધા બાહ્યાચારને અવકાશ હોઈ શકે. પ્રચલિત સીમંત વિધિને ઉપરની ભાવના અનુસાર કેવી રીતે વૈષ્ણવી બનાવી તેમાં વર્તમાન જીવનને અનુસાર ઓપ આપી શકાય, એ જોવાનું કાર્ય વૈષ્ણવ આચાર્યોનું છે. પણ તે શક્ય છે, એમાં શંકા નથી. જ્યાં આવો વિધિ કરવાનો રિવાજ છે,

ત્યાં તેનો આચાર પ્રાચીન નિયમો મુજબ થાય છે, પણ તેમાંથી નવા જમાનાના લોકોની શ્રદ્ધા દિનપ્રતિદિન ઘટતી જાય છે અને તેઓ કેવળ સમાજમાં ખળભળાટ ન કરવાના હેતુથી જ તેને સહી લે છે. તેથી જો આ સીમંતનો વિધિ જે મૂળે તંદુરસ્ત પાયા ઉપર રચાયેલો છે, તેને ચિરંજીવ કરવો હોય તો તે માટે આપણે કલા ને સૌંદર્યથી સભર એવી વૈષ્ણવી પદ્ધતિ દાખલ કરી, તેના મૂળ સ્વરૂપને બને તેટલું જાળવી રાખવું જોઈએ.

લગ્નનો સંસ્કાર સીમંત કરતાંયે વધારે મહત્ત્વનો ને વધારે ગંભીર છે. 'સિદ્ધાન્તરહસ્ય'માં શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી છે તેમ દરેકે દરેક કાર્ય ભગવાનને સમર્પણ કરી, પછી જ તેનો પ્રસાદી તરીકે ઉપયોગ કરવાનો છે. આમાં ભક્તે પોતાની જાતને ભગવાનના સેવક તરીકે લગ્ન નિમિત્તે પોતાની સામાજિક તેમ જ આર્થિક સ્થિતિને ધ્યાનમાં લઈ કેટલું ખર્ચ કરવામાં આવશે તેનો સંકલ્પ કરી તેટલા પૂરતી રકમ ખર્ચવાની પ્રભુ પાસે આજ્ઞા મેળવવી અને તેવી રીતે નિવેદિત થયેલા દ્રવ્યમાંથી તેની પાછળ ખર્ચ કરવો. વળી લગ્નની સ્માર્ત-પદ્ધતિ અનુસાર ધાર્મિક વિધિનો આરંભ થાય તે પૂર્વે તે નિમિત્તે ભગવદ્ મહોત્સવ ઉજવવો, જેથી તેની આખી ક્રિયા ભગવદ્સંબંધ વાળી થાય. વળી લગ્ન વિધિ પહેલાં તેમ જ લગ્ન થયા પછી દંપતીને ભગવાન સમક્ષ લઈ જઈ આત્મસમર્પણનો ભાવ તાજો કરાવવો. આમ સ્માર્તવિધિમાં વૈષ્ણવી તત્ત્વો ઉમેરવાના પ્રયત્નો થયા છે, છતાં તેમાં હજુ ઘણા સુધારા કરવાને અવકાશ છે. લગ્ન વખતે જે ગીતો ગવાય છે, તે વૈષ્ણવ ભાવનાનાં પ્રેરક શા માટે ન હોઈ શકે? સામાજિક ખાનપાનના વ્યવહારો ભગવાનના મનોરથરૂપે બદલતાં શી અડચણ આવે? દંપતી સપ્તપદીવેળા

અગ્નિદેવતા સમક્ષ જે વ્રતો લે છે, તે બરાબર છે પણ તેને કાયમ રાખી શા માટે તેને સમર્પણની દીક્ષા યોગ્ય વૈષ્ણવી બનાવવામાં ન આવે? આપણા મહાપ્રભુજી અગ્નિનું સ્વરૂપ ગણાય છે, તેમની સમક્ષ આવો વિધિ વધારે બંધબેસતો છે.

ટુંકમાં, સંસ્કારની મૂળવિધિમાં મોટા ફેરફાર કર્યા વગર આખા સ્વરુપને ભક્તિમાર્ગની રીતે ભગવદ્‌મય બનાવી શકાય. એવી રીતે નવા આચાર વિચાર દાખલ કરી તેને વર્તમાન કાલની ધર્મભાવનાઓને અનુકૂળ બનાવી શકાય. સવાલ માત્ર જીવનને વધારે રસમય, સાચું, અને અધ્યાત્મિક બનાવવાનો છે. પણ એ દિશામાં વિચાર કરે કોણ? અને આનું પરિણામ શું આવ્યું છે? સમાજમાં ધર્મના ઉચ્છેદક વિચારો ઝપાટાભેર ધસ્યા આવે છે, અને ઘણે ઠેકાણે તો ધાર્મિક જીવનને જબરો ક્ષોભ પણ લાગ્યો છે.

જી૦—આપ તો લગ્નવિધિ, જમણવારો, અને એવા એવા રીતરિવાજોની વાતો કરો છો પણ હાલ તો ખુદ લગ્નને પણ એક બજારું સોદાની ચીજ ગણવામાં આવે છે. પાશ્ચાત્ય સંસ્કૃતિમાં તો અમુક મુદતનાં લગ્ન થાય છે અને પતિપત્ની તરીકેની લગ્નગાંઠ તોડી નવા સંબંધો બાંધવામાં આવે છે. આમાં ઘણે ભાગે તો મનસ્વીપણું એ જ મુખ્ય નિયામક હોય છે. સ્વતંત્રતાની કહો કે સ્વચ્છંદતાની આવી કેવળ ક્ષુલ્લક અને દુન્યવી ભાવનાએ હિંદુસ્તાનના કેટલાયે ઊગતા યુવકોનાં મનને પણ આકર્ષ્યાં છે અને અત્યારે એક રૂપમાં કે બીજા રૂપમાં ભારે મંથન થઇ રહ્યું છે. આમ ખુદ લગ્નની ભાવના એક ધાર્મિક સંસ્કાર મટી કેવળ વ્યવહારી સોદાની વસ્તુ બનતી જાય છે, ત્યાં લગ્નવિધિને ધાર્મિક દૃષ્ટિએ વધારે રસમય કે ભગવદ્‌મય બનાવવાની કલ્પના કરવી એ તો હવામાં બાચકા ભરવા જેવું છે.

મુ૦—તમારૂં કહેવું જેટલું સાચું છે, તેટલું જ ચિન્તાજનક છે. જો લગ્નની એ જ પાશ્ચાત્ય ભાવના હિંદમાં કાયમ થવાની હશે, તો તો આપણને આર્યસંસ્કૃતિના પુનરુદ્ધારની આશા છોડી દેવી જ રહી. પણ, મને લાગે છે કે આવો તુમૂલ ખળભળાટ જાગેલો હોવા છતાં, ધર્મમાં આ નવું આક્રમણ સ્થિર થઈ શકશે નહિ. હિંદના યુવાનો પણ જ્યારે અનુભવથી જોશે કે લગ્નની આ નવી પાશ્ચાત્ય ભાવનામાં કશું સત્ત્વ નથી પણ, સાવ કુચ્ચા છે, ત્યારે તેઓ તેનો પણ ત્યાગ કરી લગ્નના સાચા અને ઉન્નત આદર્શ તરફ વળશે. હાલ તો આપણે તે તરફ સાક્ષીવત જોઈ રહેવાનું છે અને યથાશક્તિ આપણા માર્ગની પ્રથા જાળવી રાખવાનો પ્રયત્ન કરવાનો છે. લગ્નની આ લૌકિક ભાવના મૂળ ખ્રિસ્તી તેમ જ હિન્દુ ધર્મની વિરોધી છે. તે સ્વાર્થ અને જીવનના જડભાવો ઉપર રચાયેલી છે. અત્યારે જીવનની ભાવના જ એવી જડ અને સ્વાર્થી બનતી જાય છે. હાલમાં કર્તવ્ય કરતાં હક્કની ભાવના ઉપર વધારે વજન મૂકવામાં આવે છે. જીવન એક પ્રકારનો યજ્ઞ છે અને તે દ્વારા દંપતીએ પ્રભુપ્રાપ્તિનો માર્ગ ખોળવાનો છે એટલું જ નહિ પણ તે માર્ગમાં અન્યોઅન્યને સહાય્યક થવાનું છે. એ ભાવના જ્યાં લગી અસ્તિત્વમાં ન આવે ત્યાં લગી કુટુંબનું વાતાવરણ ધર્મમય અને શાંતિમય ન જ હોઇ શકે. મનુષ્યો પોતાની પ્રગતિનો વિચાર કરવા કરતાં, બીજાઓથી પ્રગતિનો વિચાર વધારે કરે છે; પોતે સુધર્યા વગર બીજાઓને સુધારવાનો મોહ તેમને વધારે હોય છે. જાણે મનથી ધારી લીધેલા હક્કો અદ્ધરથી ઉતર્યા હોય તેમ તેવા હક્કોના ઉપભોગ માટે તેઓ વધારે કાળજી સેવે છે. પરંતુ, જીવન એ શું છે, તેનો તેઓ ગંભીરપણે વિચાર કરે, તો તેમને સમજાયા વિના નહિ રહે, કે જીવન એ ન સમજી શકાય એવા સૂક્ષ્મ ગુણોનું મિશ્રણ માત્ર છે, અને તેની સ્વતંત્રતા નહિ જેવી છે. તે કર્મને અધીન છે ને તેની શક્તિ પરિમીત છે, અને તેનું કાર્યક્ષેત્ર સંકુચિત છે. આ હકીકત દીવા જેવી સ્પષ્ટ હોવા છતાં, તેની

મર્યાદાઓ જોવા તેઓ તૈયાર નથી અને પોતે જાણે સ્વતંત્ર માલેક હોય તેમ જગતને બાથમાં લેવા ઉધામા કરે છે. આનું પરિણામ શું આવે ?

ઉપનિષદ્‌માં ખરા સ્વરાજની વાત કરેલી છે, પણ આ સ્વરાજ તે આમતનું સ્વરાજ. જ્યાં સુધી માણસ પોતાની જાતનો રાજા બનતો નથી, ત્યાં સુધી તે બીજાનો રાજા થઈ શકતો નથી. અત્યારે તો પોતે ગુલામ રહી, બીજાને રાજા બનાવવાની ધમાલમાં શક્તિનો બધો વ્યવસાય થતો જોવામાં આવે છે. નિઃસ્વાર્થ ધર્મબુદ્ધિથી આત્મભાવે આપણા બંધુઓની શક્ય સેવા કરવી એ જુદી વાત છે, પણ કેવળ રાજસિક ભાવોથી પ્રેરાઈ કેવળ સામાજિક કાર્યો પાછળ જીવનનો મોટો ભાગ વ્યતીત કરવો, એ બીજી વાત છે.

જી૦—વચમાં બોલું તો આપ ક્ષમા કરશો. હું ભૂલતો ન હોઉં તો આપણા દેશનેતાઓ સમાજસેવાને મુખ્ય ધર્મ તરીકે ગણે છે. તો શું તે ભાવના નકારવા જેવી છે ? આપ તો જાણે તેવી ભાવના ઉપર જ તીવ્ર ઘા કરી રહ્યા હો એવો આભાસ થાય છે.

મુ૦—આ વિષય જરા વિવાદગ્રસ્ત છે. અમુક અર્થમાં અને અમુક દૃષ્ટિએ સમાજસેવા એ પણ યજ્ઞરૂપ છે. જો તે ધાર્મિક વૃત્તિથી ને નિઃસ્વાર્થપણે જીવમાં વાસ કરી રહેલા નારાયણરૂપ ભગવાનની સેવા કરવાની બુદ્ધિથી કરવામાં આવે, તો તે પણ આત્માની વિમોચક છે અને જીવને કલ્યાણકારક છે. પણ સમાજની સામાન્ય પ્રવૃત્તિઓ એવી તો અટપટી અને ગુંચવણ ભરેલી હોય છે, કે તેના શુદ્ધ સ્વરૂપનો નિર્ણય કરવો એ જ પહેલાં તો ઘણું મુશ્કેલ છે. આપણા ધાર્મિક પુરુષોએ વ્યક્તિજીવન સાથે સમષ્ટિજીવનનો મેળ ધાર્મિક પાયા ઉપર સાંધવાનો સાચો પ્રયત્ન કરેલો છે અને પંચમહાયજ્ઞની આપણી પ્રાચીન ભાવના તેમાંથી જ જન્મી છે. પણ

તેની સાથે પ્રવર્તમાન સમાજસેવાની ભાવના કેટલી બંધબેસતી અને શુદ્ધ છે, તે કહેવું ઘણું મુશ્કેલ છે.

એટલે ચાલુ વિષયને અન્યાય કર્યા વિના આપણે તે ઉપર પૂરી ચર્ચા ન કરી શકીએ એમ મને લાગે છે. હું સમાજસેવા પર યોગ્ય સ્થળે કંઈક કહેવાનો જ હતો. પણ તમે એ વિષયને છેડ્યો જ છે તો ચાલો અહીં જ તેને હાથ ધરીએ.

જુઓ, આપણે લગ્ન જેવી ગંભીર બાબત ઉપર વિચાર કરતા હતા. મારો કહેવાનો આશય એ છે કે લગ્નની બાબત એ એક ધાર્મિક સંસ્કાર છે ને તે ભાવના કાયમ રહેવી જોઈએ. પરંતુ તેની મૂળ ભાવનામાં જ હાલ તો ફેર પડતો જાય છે. અને તે એક સંસ્કાર મટી, વધારે ઐહિક ને સ્થૂલ બનતી જાય છે. એથી જ કર્તવ્ય કરતાં હક્ક ઉપર વધારે વજન અપાય છે. આવો ભાવપલટો આપણી આર્યસંસ્કૃતિની મૂળ ભાવનાથી વિરોધી છે, એ હું તમને સમજાવી રહ્યો છું. મારા મત પ્રમાણે આ બાબતમાં આપણી આર્યભાવના વધારે સાચા પાયા ઉપર રચાયેલી છે. પરણનાર દંપતી કેવાં હોવાં જોઈએ અને તેમનો સંબંધ કેવો હોવો જોઈએ, એ વિષે પણ આપણા શાસ્ત્રકારોએ ઘણી ચોખવટ કરેલી છે. પણ વ્યવહારમાં એ બધાની ઉપેક્ષા થતી જોવામાં આવે છે. વર્ણાશ્રમની સંસ્થા પણ ભાગી પડવા આવી છે. પૂર્વે તેના ધોરણ ઉપર લગ્ન સામાજીક સેવાના યજ્ઞરૂપ મનાતું. આ બધામાં જીવનની આધ્યાત્મિક ઉત્ક્રાન્તિ એ જ મુખ્ય ધ્યેય હતું. જ્યાં સમાજનાં બધાંજ અંગો એ ભાવથી પ્રેરાઇ પોતપોતાની શક્તિ અનુસાર જીવનવ્યવહાર ચલાવે, ત્યાં વ્યક્તિગત તેમજ સનષ્ટિગત પ્રગતિ

એકી સાથે સાધી શકાય છે. તમે કહેશો કે આતો મેં આદર્શની વાત કરી. હા, એ આદર્શ હતું એની ના નહિ પણ આ આદર્શ આર્યજીવનની રગેરગમાં પ્રસરી ગયું છે. જો કે અત્યારે તેનું સક્રિય આત્મભાન નથી, એટલે એવો ભાસ થાય છે કે આ સમાજસેવાનો ભાવ કાંઇ નવીન છે અને તે બહારથી આવેલી અમોલી ચીજ છે. પણ, આપણો એ ખ્યાલ બરાબર નથી. ‘वसुधैव कुटुम्बं’ એ ભવ્ય ભાવનામાં સમાજસેવાનો ઉંચો આદર્શ રહેલો છે. સંસારનો ત્યાગ કરી આપણા હિંદમાં જેટલા સાધુમહાત્માઓ થયા છે અને જેટલી તેમણે સીધી કે આડકતરી રીતે સમાજની સેવા કરી છે, તેટલી ભાગ્યેજ બીજા કોઈ દેશમાં કરવામાં આવી હશે. અત્યારે સમાજની સ્થિતિ બદલાઇ ગઈ છે. સમાજ રાજકીય કે આર્થિક સંકડામણમાં આવી પડ્યો છે. તેમાંથી તેને મુક્ત કરવાને રાજસિક સાધુઓ સમાજસેવાનો યજ્ઞ આરંભે તો તેનો વિરોધ કરવાનો પ્રશ્ન ઉભો થતો નથી. પણ આ ક્ષેત્રોનાં કાર્યો એવાં તો રાજસ ગુણવાળાં હોવાનાં કે તેના ચોક્કસપણા માટે નિશ્ચિતતા થવી લગભગ અસંભવિત છે તેથી તેને અર્થે આરંભાયેલા યજ્ઞો પરત્વે સેવાનો પ્રકાર પણ એવોજ રાજસિક હોવાનો સમાજસેવાનાં આ કાર્યોમાં આટઆટલો ખળભળાટ ને હુંસાતુંસી જોવામાં આવે છે, તેનું કારણ યજ્ઞના હોતા, અધ્વર્યું તથા હોમવાનાં દ્રવ્યો બધામાં શુદ્ધિનો અભાવ છે. ભલે, તેવા યજ્ઞો પણ મેં ઉપર જણાવ્યું તેમ જો કેવળ શુદ્ધ કર્તવ્યબુદ્ધિથી અને ધર્મભાવે કરવામાં આવે તો ફલદાયી નીવડે એ ખરૂં પણ તેવી શુદ્ધિ કેટલામાં ને કેટલી? ખેર, પણ મારૂં કહેવાનું તાત્પર્ય એ છે કે સામાજિક મંથનની આ મથામથમાં આપણી પ્રાચીન લગ્નની તથા વર્ણાશ્રમની ભાવનાઓ નષ્ટ ન થવી જોઇએ. એ ખરૂં કે તેનું મૂળ સ્વરૂપ તો ન જળવાઇ રહે. એવું થવું એ સૃષ્ટિના નિયમ વિરુદ્ધ છે. છતાં તેનાં બાહ્ય રૂપો બદલાતાં તેની અંદર રહેલો આત્મા મરી ન જાય એ જોવાની આપણે

ખાસ કાળજી રાખવી જોઈએ, પછી ભલે ને તે ગમે તે રૂપમાં હોય.

જી૦—શું આપને નથી લાગતું કે આપણી પ્રાચીન લગ્નભાવના વર્ણાશ્રામની ભાવના ઉપર અવલંબી રહી છે. જો વર્ણાશ્રમ જ ભાગી જવાની અણી ઉપર હોય અને તે આપ પણ સ્વીકારો છો, તો પછી મૂળ લગ્નની ભાવનાને શી રીતે ટકાવી રખાય ? વળી વર્ણાશ્રમની સંસ્થા જ નિરસ્ત થવા આવી હોય, તો પછી તેના આત્માને પણ શી રીતે જાળવી રાખવો ? આનો ઉકેલ સહેલો નથી લાગતો.

મુ૦—હા, એ જ આપણી મુશ્કેલી છે, છતાં તેનો પણ શાંત ચિત્તે વિચાર થઇ શકે. પણ. હવે વધારે તો આવતી કાલે. જય શ્રીકૃષ્ણ !

[૪૪] ઉપસંહાર (ચાલુ)

જીજ્ઞાસુદાસ—આપણે વર્ણાશ્રમનો તો કાંઈક વિચાર કર્યો પણ, પુષ્ટિમાર્ગમાં તેનું સ્થાન શું છે, તેમાંથી તેના કયા અંગને તથા કયા અંશને ઉદ્ધૃત કરવામાં આવ્યો છે, તે જરા કહો તો સારૂં.

મુકુંદદાસ—મૂળ તો વર્ણના ગુણકર્મના ભેદોને લઈને વર્ણાશ્રમના ભેદો પડયા. ગુણકર્મોના ઉચ્ચનીચપણાના ભાવથી તેને ધારણ કરનારાઓના પણ વર્ગો પડયા, અને તેઓ ગુણાનુસાર ઉંચનીચ ગણાયા. આવા ચાર વર્ગોમાં—ચાતુર્વર્ણ્યના એક મનુષ્યદેહની સામાજિક ભાવના પણ તેમાં ઓતપ્રોત હતી. આવા વર્ગીકરણની શુદ્ધતા કાયમ ન રહી, ને વખત જતાં તેમાં વર્ણસંકરત્વ દાખલ થયું, અને આખો સમાજ છિન્નભિન્ન થઇ ગયો. અત્યારે હજારો જ્ઞાતિઓમાં વર્ણભેદની કૃત્રિમતા જળવાઈ રહી છે પણ તે તેના મૂળ ગુણકર્મો અનુસાર ન હોવાથી તેના ગુણકર્મોનું પણ સંકરત્વ ઉત્પન્ન થયું છે. તેથી તેનો ખરો આત્મા મરી ગયો છે. 'સાપ ગયા ને લીસોટા' રહ્યા એ કહેવત પ્રમાણે અદ્યાપિ ગુણકર્મોનાં કાંઇક કાંઇક લક્ષણો એવા વર્ણભેદોમાં પણ જણાય છે. છતાં તે એટલાં અલ્પ પ્રમાણમાં છે કે ખુદ મહાપ્રભુજીના મન્તવ્ય પ્રમાણે કહેવાને કશો જ વાંધો નથી કે આ કલિમાં કોઇ શુદ્ધ વર્ણ તેના મૂળ રૂપમાં રહી શક્યો નથી. ભલે કોક કોક વ્યક્તિઓ તે વર્ણના શુદ્ધ લક્ષણવાળી અદ્યાપિ માલુમ પડતી હોય પણ એક વર્ણવ્યવસ્થા તરીકે તે નિષ્પ્રાણ

છે. હવે જે રૂપમાં હાલ છે તે રૂપમાં પ્રગતિ કરી વર્ણવ્યવસ્થાનું ધ્યેય જાળવી શકે અને તે માર્ગે પ્રગતિ કરી શકે એવો સંભવ નથી. ઉલટું તેને વળગી રહેવાથી તેની ગતિ રૂંધાઈ જાય. તેથી જ વર્ણોની દષ્ટિએ સમાજ હાલ શૂદ્ર વર્ણનું પ્રાધાન્ય ભોગવે છે અને બધા જ વર્ણો લગભગ તેની અસર તળે છે. જો આ હકીકત ખરી હોય તો શૂદ્રના ધર્મો આખા સમાજના બધા જ વર્ણોને લાગુ પડે છે. બીજા શબ્દોમાં વર્ણની ઉચ્ચનીચની ભાવનાની દષ્ટિએ જે વર્ણ સૌથી કનિષ્ઠ ગણાય તે જ તેના ધર્મની દષ્ટિએ સૌથી પ્રથમ ગણાવો જોઈએ, ને તેના ધર્મો આખા સમાજના દેહને લાગુ પડવા જોઈએ.

આમ વર્ણવિચારમાં મહાપ્રભુજીએ ધર્મની દષ્ટિથી શૂદ્ર ધર્મને સૌથી આગળ ધર્યો છે. હવે આપણે જાણીએ છીએ કે શૂદ્રનો મુખ્ય ધર્મ દાસત્વનો છે. તેથી પુષ્ટિમાર્ગમાં પણ સેવાને મુખ્ય સાધન તરીકે ગણ્યું છે.

જી૦—અત્યાર લગી મારા મગજ ઉપર એવી છાપ પડેલી કે સનાતન ધર્મ કહો કે પુષ્ટિમાર્ગ કહો, બન્નેમાં સમષ્ટિ કરતાં વ્યષ્ટિની પ્રગતિ ઉપર વધારે ભાર મૂકવામાં આવ્યો છે. હાલ સમાજની ધર્મભાવના વ્યષ્ટિ કરતાં સમષ્ટિની પ્રગતિ ઉપર વધારે ભાર મુકે છે તેની ખાતર તે વ્યષ્ટિનો આત્મભોગ પણ વધારે માગે છે, અને તેથી સમાજ સેવાના મંત્રને સૌથી આગળ ધરવામાં આવે છે. આપણી રાષ્ટ્રભાવના એ પણ સમાજ સેવાનો જ એક પ્રકાર છે. જો પુષ્ટિ ધર્મમાં પણ શૂદ્રના મુખ્ય ધર્મરૂપ સેવાના તત્ત્વને પ્રાધાન્ય આપતું હોય તો બન્ને એક જ ભૂમિકા પર મળે છે, એમ કહી ન શકાય? એ ખરૂં કે રાષ્ટ્ર ભાવનામાં સમષ્ટિના આખા મનુષ્યદેહની એટલે નારાયણ સ્વરૂપ ભગવાનના વિરાટ સ્વરૂપની ભાવના રહેલી છે, ત્યારે પુષ્ટિધર્મમાં ભગવાનના સાકાર સ્વરૂપની સેવા ઉપર

ભાર મુકવામાં આવે છે. આવો સૂક્ષ્મ ભેદ રહ્યો છે પણ ઉભયમાં ભગવાનની જ સેવા રહેલી હોવાથી, બન્ને એક જ છે, એમ કહીએ તો શું ખોટું ? જો આ અનુમાન સત્ય હોય તો નવા ને જુનાની ગંગાજમુના ભેગી મળે છે.

મુ૦—આધ્યાત્મિક વિચારણાની દષ્ટિએ તમે કહો છો તેમાં કાંઈ તથ્ય છે. સમાજમાં પ્રવર્તતી સામાજિક પ્રવૃત્તિઓમાં હાલ જે સેવાનાં તત્ત્વો સૌથી આગળ ધરવામાં આવે છે અને સમાજમાંથી વર્ણભેદો નાબુદ કરી બધાને સરખા ગણવાની હિલચાલ મોટા પાયા ઉપર ચાલે છે, તેમાં પણ એક રીતે સેવાનું જ તત્ત્વ રહેલું છે, એમ કહી શકાય. પણ તમારે તેમાં રહેલા સુક્ષ્મ ભેદને પણ જોવો જોઈશે. સેવા સેવામાં પણ તારતમ્ય રહેલું છે. સેવા આધિભૌતિક તેમજ આધ્યાત્મિક અને અધિદૈવિક એમ ત્રણ પ્રકારની ગણી શકાય.

અત્યારે સમાજ સેવાને નામે જે પ્રવૃત્તિ જોસભેર ચાલી રહી છે, તેમાં સેવાનું આધિભૌતિક સ્વરૂપ વધારે પ્રમાણમાં પ્રકટ થાય છે. તેનો પ્રકાર ઘણે ભાગે રાજસિક છે અને તેનો હેતુ દુન્યવી પ્રાપ્તિ સિદ્ધ કરવાનો હોય છે. એટલે ધર્મની દૃષ્ટિએ તે અધમ પ્રકાર છે. છતાં તેના આચારમાં શુદ્ધ નિઃસ્વાર્થ બુદ્ધિ અને ફલાશારહિતપણું હોય તો તેવી સેવા પણ આધ્યાત્મિક ગણાવાને પાત્ર ગણાય. કારણ તેમાં વિરાટ ભગવાનના નિરાકાર સ્વરૂપની સેવા રહેલી છે. અને તેનું ફલ શું મળે, તે વિષે તો હું ભૂલતો ન હોઉં તો મેં પૂર્વે ઉલ્લેખ કર્યો છે. તેથી સિદ્ધાન્તની દૃષ્ટિએ આવા સામાજિક સેવાના શુદ્ધ અને ભગવન્મય પ્રકારને ધર્મની દૃષ્ટિએ સ્થાન છે. પણ ગીતાજીમાં કહ્યું છે તેમ આવી અવ્યકત ભગવાનની સેવા કેવળ જ્ઞાની હોય તે જ યથાયોગ્ય રૂપમાં કરી કરી શકે છે. વળી તેવી સેવા અતિશય કલેશ યુકત હોવાથી ઘણા જન્મને અંતે તે તેના શુદ્ધ સ્વરૂપને પામી શકે છે. માટે પુષ્ટિમાર્ગની

દૃષ્ટિએ તેને ગ્રાહ્ય ગણવામાં આવી નથી. પુષ્ટિમાર્ગમાં તો પ્રભુના સાકાર સ્વરૂપ ઉપર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે.

જી૦—જો સમાજસેવાના શુદ્ધ સ્વરૂપને આપ ભગવાનના નિરાકાર સ્વરૂપની સેવા કહેતા હો, અને તેના સાકાર સ્વરૂપની સેવાને પુષ્ટિમાર્ગીય સેવા કરતા હો અને સરખામણીમાં પહેલા પ્રકારની સેવાને વધારે કષ્ટસાધ્ય કહેતા હો, તો શું સાકારની સ્વરૂપાત્મક સેવામાં પણ એવી ખામી નથી, એવું આપ શી રીતે કહી શકો ?

મુ૦—બન્નેમાં ક્ષતિઓ છે ને રહેવાની. આખરે તો સેવાનું મૂલ્યાંકન સેવા કરનાર કેવા ભાવથી અને કેવી નિષ્ઠાથી કરે છે, તે ઉપર તથા પ્રભુની કૃપા ઉપર આધારભૂત છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં તેમજ આધિભૌતિક ક્ષેત્રમાં સાકાર સ્વરૂપની સેવા ભગવાનના નિરાકાર સ્વરૂપની સેવાની પોષક નીવડે, તેમજ નિરાકાર સ્વરૂપની સેવા સાકાર પ્રત્યે ગતિ કરાવે એવી ભગવન્મય નીવડે, તો જ ઉભય ઉન્નતિના પંથે ગતિ કરી રહ્યા છે એમ કહી શકાય. પણ ગીતાજીમાં આ બન્ને માર્ગોમાં કયો સરળ અને સીધો માર્ગ છે, તેનો નિર્ણય ભગવાન શ્રીકૃષ્ણે જ કરી આપ્યો છે, એટલે તે માટે મારે અહીં વધારે વિવેચન કરવાની જરૂર નથી. ગીતાનો અર્જુન પુષ્ટિમર્યાદા ભક્ત હતો. સમાજસેવા પણ પ્રભુની આજ્ઞા કે પ્રેરણા અનુસાર કરવામાં આવે તો પુષ્ટિમાર્ગની ભાવનાથી વિરુદ્ધ નથી.

જી૦—આ વિચાર તો આપે સુંદર મુકયો. પણ આચારમાં આપણે એવું કંઈ જોતા નથી.

મુ૦—તમારૂં કહેવું યથાર્થ છે. ભગવાનની ગતિ ગહન છે. તેનાં કાર્યોની તુલના આપણે આપણી લૌકિક બુદ્ધિથી કેટલી કરવાના ? મેં તો તમને ઉભય માર્ગમાં રહેલી ઉન્નત સ્થિતિનો નિર્દેશ માત્ર કર્યો. સેવાની આ ભાવના તેના શુદ્ધ સ્વરૂપમાં ક્યારે ને કેવી રીતે સિદ્ધ થાય તે તો તેના ગુણદોષ ઉપરથી નક્કી થઈ શકે.

જી૦—પણ, ત્યારે આવો વિરોધ શા માટે?

મુ૦—એ જ કુદરતની બલિહારી છે. મેં તમને અગાઉ બતાવ્યું છે કે મનુષ્યકૃતિના ભેદો એ પણ ભગવાનની લીલા માત્ર છે. એવા ભેદો તેની ઇચ્છા વડે જ નીપજેલા છે ને પોષાઈ રહ્યા છે. અત્યારે કુટુંમ્બ વ્યવસ્થા પણ છિન્નભિન્ન થવા આવી છે. મનુષ્યો પોતાના વલણમાં વધારે વૈયક્તિક થતા જાય છે. પૂર્વે આપણા સમાજનું મૂળ ચણતર કુટુંમ્બની ભાવના ઉપર રચાયેલું હતું. તેમાં યજ્ઞમય જીવનનો આદર્શ મુખ્ય માનવામાં આવતો હતો. પંચમહાયજ્ઞ આખા કુટુંમ્બની પ્રેરક ભાવના હતી. પરમાત્મા પ્રત્યે, દેવો પ્રત્યે, પિતૃઓ પ્રત્યે, સમાજના જીવો પ્રત્યે, પશુપંખી એવાં તિર્યંચ પ્રાણીઓ પ્રત્યે વ્યક્તિના ધર્મો માનવામાં આવતા અને તે યજ્ઞધર્મની ભાવનાથી પોષાતા. આવી રીતે દરેક વ્યક્તિ તેનું ઐહિક તેમજ પારલૌકિક જીવન ઉન્નતિના માર્ગે ગાળી શકતો. અત્યારે મનુષ્ય વૈયક્તિ દૃષ્ટિએ વધારે સ્વાર્થી થતો જાય છે, અને બાહ્ય જીવનની પ્રવૃત્તિ અર્થે કે દુન્યવી પ્રાપ્તિને અર્થે સમાજ સેવાનું આદર્શ નજર સમક્ષ રાખે છે. કેટલાક પોતાના સ્વાર્થમાં ડૂબેલા, તો બીજા કેટલાક કેવળ સમાજની પ્રવૃત્તિમાં પરાર્થે ડુબેલા માલુમ પડે છે. આવી પ્રવૃત્તિ કેવળ લૌકિક ભાવવાળી હોય તો વૈયક્તિક તેમજ સામાજિક દૃષ્ટિથી જીવનનું ધ્યેય સાધનારી ન જ ગણી શકાય. છતાં આપણે તકરારની ખાતર માની લઈએ, કે બન્ને પ્રકારના માણસો તેના શુદ્ધ સ્વરૂપમાં ધર્મબુદ્ધિથી પોત પોતાનું ધ્યેય સાધી રહ્યા છે, તો પછી તે બંન્નેમાં વિરોધ હોવો આવશ્યક નથી. કારણ કે બન્નેમાં ભગવાનની જ સેવા રહેલી છે, જો કે તેના પ્રકાર જુદા છે અને તેનાં ફળો પણ જુદાં છે. છતાં, બન્ને ઈશ્વરાભિમુખ હોવાથી એક જ દિશામાં કામ કરી રહ્યા છે, તેથી સમાન ધ્યેય સાધનારા છે. પણ આવું તો કેવળ શુદ્ધ ભગવન્મય આચાર વિચાર માટે કહી શકાય;

દરેક માટે નહિ. અત્યારે તો ઘણા ભાગે સેવાનો આડંબર તથા પાખંડ વધારે જોવામાં આવે છે, એવું કહું તો ખોટું નહિ. ખરૂં જોતાં આનો ઉકેલ બન્ને ભાવનાઓના સમન્વયમાં રહેલો છે.

તમારી પ્રથમ ફરજ તો તમારા વૈયક્તિક જીવનને તેના શુદ્ધ રૂપમાં સિદ્ધ કરવાની છે, તમારા આત્માની ભૂખ તથા ભગવન્મય આનંદ વડે તૃપ્ત કરવાની છે. તેવી દશા પ્રાપ્ત કર્યા કેડે તમે સમાજની સેવાનો અંગીકાર કરી શકો છો. તોજ તમારી સેવા તમને તેમજ સમાજને બન્નેને સરખી રીતે ફલદાયી થાય. તે વગર તમારી સેવા કુસેવા થવાનો સંભવ વધારે છે. તેમજ આપણી મૂળ ભાવના તો એવી છે કે સમાજનું તંત્ર મૂળ ભગવાન જ ચલાવી રહ્યો છે અને તેના કરણ તરીકે લાયક થઈશું તો ભગવાન પોતે પોતાના વિરાટ સ્વરૂપ એવા સમાજની સેવા માટે આપણો ઉપયોગ કરશે અને આપણી મારફત સમાજની સેવા સાધશે. આવી ભગવત્પ્રેરિત અને તેની ઈચ્છાનુસાર કરવામાં આવેલી સેવાજ દિવ્ય પ્રકારની કહેવાય અને તેજ ગનીમત હોવી જોઈએ. હાલના સેવકોમાં સેવામાં આવી ભગવદ્ દષ્ટિ જોવામાં આવતી નથી. તેમાં તો બારે બાર હુંપણું ભરેલું વધારે જોવામાં આવે છે. વળી તેવી સેવા અહૈતુક પણ નથી હોતી. એટલે તેવી સેવાને આપણે ભગવન્મય સેવાની કોટિમાં નજ મૂકી શકીએ. બાકી શુભ નિષ્ઠાથી કરવામાં આવેલું સેવાનું નિષ્કામ કર્મ, ભલે પછી તે ગમે તે પ્રકારનું હોય છતાં તે સત્કર્મ છે ને જીવનું શ્રેય સાધનારૂં છે. પણ વગેરે સારૂં અને ધ્યેયને સિદ્ધ કરનારૂં તો પોતે પોતાનો સ્વધર્મ સમજી તેનું પાલન કરવું, એજ ગીતાજીનું કહેવું છેઃ स्वधर्मे निःधनं श्रेयः परधर्मो भयावहः તેમાં આજ રહસ્ય રહેલું છે.

૭૦—વર્ણની બાબતમાં શ્રી મહાપ્રભુજીએ શૂદ્રનો સેવાધર્મ પુષ્ટિમાર્ગમાં સ્વીકાર્યો છે અને વર્ણના ભેદ વગર સર્વવર્ણને સેવાનો

અધિકાર આપ્યો છે: શું આને આપણે નવા સર્જનની ભૂમિકા ન કહી શકીએ? સેવાધર્મ એ આ રીતે સર્વસામાન્ય ધર્મ થાય છે કારણકે તે પ્રેમના તત્ત્વ ઉપર આધારભૂત છે અને મનુષ્યનું જીવન તે તત્ત્વનું બનેલું છે. તો પછી એમ કેમ ન બને કે કાળે કરીને તેમાંથી પ્રેમના અવિર્ભાવ રૂપ ગુણકર્મના ઓછાવત્તા અંશના પ્રમાણમાં પ્રવાહી, મર્યાદા તથા પુષ્ટિ એવો વૈષ્ણવોના સ્વાભાવિક ભેદો પણ પડે અને આના પરિણામે ગુણકર્મના સાચા ભેદ ઉપર સમાજની પુનઃરચના આ નવા ધોરણે પણ સનાતનધર્મના સાચા પાયા ઉપર રચાય! આ કલ્પના શું છેક જ કાઢી નાંખવા જેવી છે?

મુ૦—સેવા એ જીવનો સ્વાભાવિક ને નૈસર્ગિક ગુણ છે, એ મેં તમને પૂર્વે પણ સમજાવ્યું છે. આ તત્ત્વને પુષ્ટિમાર્ગમાં દાખલ કર્યાથી અંતે તેનું ફળ એવું આવશે કે કેમ તે તો કોણ કહી શકે? જેમ સત્યયુગમાં સત્યના આત્માથી દરેક જીવ પ્રેરાયેલો હતો, તેમ કલિયુગની સંધ્યામાં દરેક જીવ ઈશ્વરભાવથી પ્રેરાઈ, પોતાના ગુણ ને કર્મ વડે પોતપોતાના ભાવ અનુસાર ભગવાનની સેવા કરે તો ભગવન્નિષ્ટ એવા જુદાજુદા વર્ગો હયાતિમાં આવે. આવા જીવો પુષ્ટિમાર્ગની પ્રણાલિકા ન પણ સ્વીકારે, પણ જો તેઓ આસ્તિક હોય ને ભગવાનને સમર્પણ કરવાની ભાવના સેવતા હોય તો તેઓ તેમને યોગ્ય રસ્તે પ્રગતિ કરી રહ્યા છે, એમ ધારવાને વાંધો નથી. પછી તો સમાજમાં ફક્ત બેજ ભેદો હશે, આસ્તિકોનો ને નાસ્તિકોનો. ભલે, નામના ધર્મો જુદા હોય પણ જો ધર્મ આસ્તિકતા ઉપર રચાયેલો હોય તો પ્રભુને અનુસરનારો સાચો ધર્મ છે, નામથી કાંઈ વિશેષ નથી, ને ધર્મ કે પંથ એ તો કેવળ સાધન માટેની એક પ્રણાલી માત્ર છે.

જી૦—પણ, આપનો આ વિચાર સર્વ વૈષ્ણવો ભાગ્યે જ

સ્વીકારે. તેમાં તમે પુષ્ટિમાર્ગને સર્વધર્મની એક સામાન્ય ભૂમિકા ઉપર મુકી દો છો, ને પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ તો તે ભાગ્યે જ કબુલ કરે.

મુ૦—હું એમ નથી કહેતો કે પુષ્ટિમાર્ગમાં વિશિષ્ઠતા નથી. તેમાં વિશેષતા છે અને હું પોતે તેમાં માનું છું. પણ તે સાબિત કરવાને અન્ય ધર્મ પ્રત્યેની સમભાવનાની વૃત્તિમાં ક્ષતિ ન થવી જોઈએ. મારૂં ઉપરનું કથન એજ દૃષ્ટિએ છે.

જી૦—ત્યારે આશ્રયની ભાવના માટે આપનું શું ધારવું છે?

મુ૦—મેં તમને પૂર્વે કહ્યું હતું કે કલિમાં સાધનમાર્ગો નિષ્ફળ નીવડવાથી ફક્ત ભક્તિ એજ ઇશ્વર મેળવવાનો ધોરી માર્ગ છે, એમ મહાપ્રભુજીએ પ્રતિપાદન કર્યું છે. શ્રી ઠાકોરજીએ પોતે સાક્ષાત પ્રકટ થઇ આત્મનિવેદન મંત્રનું દાન કર્યું અને નિર્ગુણ ભક્તિનો માર્ગ બતાવ્યો. આ રીતે સનાતન પદ્ધતિએ ઉપવિત્ લેવાની જે વિધિ નિષ્પ્રાણ બની હતી તેને ઠેકાણે દ્વિજત્વ પ્રાપ્ત કરવાની નવી ને વધારે ચેતનમય વિધિ અસ્તિત્વમાં આવી. આ વિધિ દ્વારા આપશ્રીએ શરણમંત્ર ને આત્મનિવેદનમંત્રનું દાન કરવાની વિધિ દાખલ કરી. અષ્ટાક્ષરમંત્રના દાનથી પ્રાચીન નવધાભક્તિ પૈકીનાં પ્રથમ છ પગથીયાંની સિદ્ધિ થાય છે, એવી માન્યતા આપણામાં પ્રચલિત છે. એની સિદ્ધિ માટે બાહ્યાચાર કરતાં, ભાવના વધારે અગત્યની વસ્તુ છે. તેનો જપ ગમે ત્યારે, ગમે તે જગ્યાએ, અને ગમે તે દશામાં થઇ શકે છે. વૈષ્ણવતાના સંસ્કાર પ્રાપ્ત થવાને કંઠી તથા તિલકનાં બાહ્ય ચિહ્નો સાથે, અષ્ટાક્ષરનું દાન લીધેલ મનુષ્યને, પછી તે નાનો હોય કે મોટો, અમુક જપ કરવાનું ફરજીઆત છે. તેથી તેનું દાન ઘણી નાની વયમાં વૈષ્ણવબાળક પાસે લેવરાવવામાં આવે છે. એથી પ્રભુ એજ માત્ર ખરા દેવ છે અને આપણે તેના જ આશરે રહેવાનું છે, એવું ભાન તેને થવા લાગે છે. જો તે મંત્રનો

જપ કરવામાં આવે તો ધીરે ધીરે તેનામાં વૈષ્ણવતાનો સંસ્કાર દૃઢ થાય ને જો તે તેને ઠેઠ સુધી વળગી રહે તો તે તદીયતાના તથા તદાશ્રયના ભાવોઃ સુધીના સુસંસ્કાર પામી શકે. એના જપ માટે કશો જ વિધિ નથી. તેને કાલનો, દેશનો, સાધનનો, કર્મનો. જાતનો આન્તર-બાહ્ય કશાનો બાધ લાગી શકતો નથી. શ્રી મહાપ્રભુજી તો શકય હોય તેટલો સમય સર્વદા તેનો જપ કરવાની આજ્ઞા કરે છે. આવી શ્રદ્ધાયુંક્ત સ્થિતિ પ્રાપ્ત થતાં તો ઘણો સમય લાગે અને તે માટે તો ભગવદ્નિષ્ઠા દૃઢ થવી જોઈએ, પણ મંત્રના સ્વીકાર સાથે, તેને માટે આવો રસ્તો મોકળો થાય છે, તેની આગળ એક જાતનું નવીન ધાર્મિક આદર્શ મુકવામાં આવે છે. તેથી તેના અનુસરણ દ્વારા વૈષ્ણવબાલકમાં શુદ્ધિકરણનો આરંભ થવા માંડે છે. આવા સહજ બાહ્યાચાર યુક્ત જપથી થોડા વર્ષ પછી તેને એથીયે મોટો સંસ્કાર ગ્રહણ કરવાનો હોય છે. સનાતન પદ્ધતિ પ્રમાણે જેમ બાર વર્ષની ઉંમરે ઉપવિતનો સંસ્કાર થતો, ને તેમ થયેથી તેને ગાયત્રીમંત્રનો જપ કરવાનો તથા વેદાધ્યયન કરવાનો અધિકાર પ્રાપ્ત થતો, તેમ આ નવા બ્રહ્મસંબંધના સંસ્કારથી, તેને શ્રી ઠાકોરજીની સેવા કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે.

આવો વિધિ કોઈ ગોસ્વામી બાલક દ્વારા કરાવવામાં આવે છે, છતાં આવો બ્રહ્મસંબંધ કરાવનાર તે ગોસ્વામીબાલક તો કેવળ ગુરુદ્વારજ મનાય છે. તેમની દ્વારા દાન કરનાર તો શ્રી મહાપ્રભુજી પોતે જ મનાય છે. આમ ભાવના વડે મંત્રદિક્ષાનું દાન શ્રીમહાપ્રભુજી પોતે જીવને આપી તેને પ્રભુને શરણે લે છે, એવો ભાવ આ સંસ્કાર પાછળ રહેલો છે. બ્રહ્મસંબંધ થયા કેડે વૈષ્ણવબાલક સેવા કરવાની યોગ્યતા પ્રાપ્ત કરે છે. આ મહામંત્રનું દાન એ એક જાતનું વ્રતવિધાન છે. તેનુ રહસ્ય શું છે અને તે પાળવાને સેવાવિધિનુ સાધન શા માટે ગ્રહણ કરવાનુ છે, વગેરે માર્ગના સિદ્ધાન્તાનુસાર સમજણ તથા માર્ગદર્શન થવાની અપેક્ષા આવી રીતે મંત્રનું દાન કરનાર ગોસ્વામીબાલક

પાસે રાખવામાં આવે છે. તેથી આવી રીતે દિક્ષિત થયા કેડે સેવા દ્વારા સેવકે પોતાની પ્રગતિ કેવી રીતે કરવી, એ પ્રશ્ન તેની આગળ ખડો થાય છે. ખરૂં જોતાં સ્વામી સેવકનો સંબંધ આવા મંત્રવિધાનથીજ અટકતો નથી. આવો સંબંધ તો આધ્યાત્મિક ધોરણે રચાયો હોય છે ને તે ચિરંજીવ છે. ધાર્મિક પંથે મૂકાયેલો સેવક તેના નવા માર્ગે શું શું કરી રહ્યો છે, તેને શી શી મુંઝવણો થાય છે, વગેરે બાબતની દેખરેખ તથા દોરવણી આપવાની અપેક્ષા ગુરૂ પાસે રાખવામાં આવે છે. આના પરિણામે સેવક ભક્તિ સિદ્ધ કરવાના તેના માર્ગમાં આગળ પગલાં ભરવા શક્તિમાન થઈ શકે છે.

આ ઉપરથી તમે જોઈ શકશો કે સનાતન તત્ત્વનો ધ્વંસ કર્યા વિના દ્વિજત્વના ઉત્તમ સંસ્કારને શ્રી મહાપ્રભુજીએ નવું રૂપ આપ્યું છે અને તેનો પુનરુદ્ધાર કર્યો છે.

જી૦—આપે વર્ણવી તેવી ગંભીરતાથી જો આ વિધિકરણ થતું હોય તો તો પછી જોઇએ છે શું? મેં આ પૂર્વે આ બાબતમાં ફરિયાદ કરેલી કે મેં કયારે બ્રહ્મસંબંધ લીધેલું તે હું જ ભૂલી ગયો છે. વળી તેમાં કોઈ મહામંત્રનું દાન કરવામાં આવે છે તેવી મને કશી પણ સ્મૃતિ નથી. આવો મંત્ર અસ્તિત્ત્વમાં છે એ હું આપની પાસેથી જાણું છું. એની ઉપર મને કંઈ પણ સમજણ તે વખતે કે ત્યાર પછી આપવામાં આવી હોય તેની મને ખબર નથી. તો પછી દોરવણીની તો વાત જ શી?

મુ૦—તમે જે કહો છો તે યથાયોગ્ય છે. પણ એ વિષયની ગંભીરતા જોતાં આપણે તેને આવતી કાલે હાથ ધરીશું કારણ કે તે વિસ્તાર માગે છે. જય શ્રીકૃષ્ણ!

જી૦—જય શ્રીકૃષ્ણ.

(૪૫) ઉપસંહાર (ચાલુ)

મુકુંદદાસ—તમે આમાં જે ખામી બતાવો છો તે માટે ફક્ત એક જ કારણ જવાબદાર નથી. તેને માટે અનેક કારણો જવાબદાર છે. પણ એ વિષે મેં અગાઉ ઉલ્લેખ કર્યો છે, તેથી અહીં પિષ્ટપેષણ નહિ કરું. મારે તો અહીં તેમના જુનાં સત્યોને કેવું નવજીવન આપવામાં આવ્યું છે તે બતાવવું છે. પ્રાચીન આશ્રમભાવના આપણા જીવનમાં કેટલે અંશે જળવાઈ રહી છે અને પુષ્ટિમાર્ગીય જીવનમાં તે કેવી રીતે ઉતરી છે ને ટકી રહી છે, એ તમારો પ્રશ્ન હતો. હવે આપણે તે વિષે વિચાર કરીશું.

આપણે જાણીએ છીએ કે અત્યારે બ્રહ્મચર્યાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ ને સંન્યાસાશ્રમ તેના શુદ્ધ રૂપમાં લગભગ નાશ પામ્યા છે. કેવળ ગૃહસ્થાશ્રમ જ કંઈક અંશે જીવતો રહ્યો છે. પૂર્વે પણ ચાર આશ્રામો પૈકી ગૃહસ્થાશ્રમનું જ પ્રાધાન્ય મનાતું કારણ કે બાકીના ત્રણ આશ્રામોનો નિભાવ તેના વડે જ થતો. આ આશ્રમો પાછળ રહેલો આશય સમજવામાં આપણે ઘણીવાર ભૂલ કરીએ છીએ. તેમાં અમુક આશ્રમ ઉચો ને અમુક નીચો એવી ગણના કરવાની નથી. ખરું તો, દરેક આશ્રમને તેના પોતાના ધર્મો હોય છે. આવા આશ્રમને લગતા ધર્મોનું પાલન કરવામાં આવે, તો દરેક આશ્રામ મનુષ્યજીવનનું ધ્યેય સાધવામાં મદદગાર થઈ શકે. તેથી આવી રચના એ એક જાતની વૈજ્ઞાનિક ને

સ્વાભાવિક પદ્ધતિ છે. પણ કાળે કરીને તેનું શુદ્ધ સ્વરૂપ ઝાંખું પડી ગયું. એટલે હવે તો આશ્રમભેદનો સવાલ જ રહ્યો નથી. તેના મૂળ સ્વરૂપમાં તેનું પુનરુત્થાન કરી શકાય એવી સ્થિતિ જ રહી નથી. મનુષ્યનું જીવન અલ્પ ને દોષોથી ભરપૂર છે. આવે સમયે થોડા વખતમાં સાધકનો માર્ગ શી રીતે સરલ બને એ જ પ્રશ્ન શ્રીમહાપ્રભુજી આગળ હતો. તેથી જેમ જ્ઞાનમાર્ગીઓએ ગૃહસ્થાશ્રમની નિંદા કરી, તેને અવગણ્યો, તેમ મહાપ્રભુજીએ કર્યું નથી. આપશ્રીએ તો સમાજની હયાત સ્થિતિને ધ્યાનમાં લઈ તેને દૈવી બનાવવાનો નવા અભિજીત માર્ગને શોધી કાઢ્યો. પણ આમ કરતાં પહેલાં આપશ્રીએ જોયું કે જીવ જો વિધિનિષેધની ચુંગાલમાં પડી જશે તો પાછો તેના મૂળ ધ્યેયને ભૂલી જશે ને માર્ગમાંથી ચ્યૂત થશે. તેથી જીવની અજ્ઞાનતા તથા નિર્બળતાનો પૂરેપૂરો ખ્યાલ કરી. આપશ્રીએ ભક્તિમાર્ગનું નવું વિધાન કર્યું ને તેને પ્રેમના સર્વવ્યાપી પાયા ઉપર સ્થિર કર્યો. ખરૂં જોતાં પ્રેમ કે આનંદ એજ આખા બ્રહ્માંડના સર્જનહારને સાધનારી અમર કડી છે. તેથી આપશ્રીએ ભક્તિમાર્ગની રચના પ્રેમના પાયા ઉપર કરી. આ વિશિષ્ટ ભક્તિમાર્ગની પૂર્વે પણ ભક્તિના નામથી ઓળખવામાં આવતો એવો ઉપાસના માર્ગ તો પ્રચલિત હતો. પણ તેમાં વિધિનિષેધનું તેમજ બાહ્યાચારનું પ્રાધાન્ય વિશેષ હતું તેમજ પ્રભુના ઐશ્વર્યભાવને વધારે સેવવામાં આવતો હતો. તેથી આપશ્રીએ સાધનની મર્યાદાને ઠેકાણે ભાવની અમર્યાદ ભૂમિકાને દાખલ કરી બાહ્યાચારને ઠેકાણે ભાવને સ્થાન આપ્યું. પણ આમ કરવાને પ્રભુના આંતરસ્વરૂપ સાથે જીવને જોડવો જોઈએ અને જીવ તો જન્મથી દુષ્ટ અને અધમ છે, તો આવો સંબંધ શી રીતે થઈ શકે? એ ચિન્તા આપશ્રીના હૃદયને પ્રક્ષુબ્ધ કરી રહી હતી તેવે સમયે પ્રભુએ સાક્ષાત દર્શન દઈ, મહામંત્રનું દાન કર્યું અને ભક્તિના નવા માર્ગનું દર્શન કરાવ્યું. આને આપણે બ્રહ્મસંબંધ કહીએ છીએ. બ્રહ્મસંબંધથી જીવના તમામ દોષો નાબુદ થાય છે, એવું અભયવચન શ્રી ઠાકોરજીએ જ આપેલું છે. તેથી

તે બાબતમાં જીવે કશી પણ ચિન્તા કરવાની જરૂર નથી. ભગવાન એ અગ્નિરૂપ છે, અને અગ્નિ સાથે સંબંધ થતાં કયો દોષ ટકી શકે? એક નહિ. તેથી પ્રભુના અગ્નિસ્વરૂપનો અનુભવ થવા માટે તેની સેવા એ જ ઉત્તમ માર્ગ છે. તેમ કરવાનો અધિકાર ઉપરના પ્રભુદત્ત મહામંત્રના વિધાનથી પ્રાપ્ત થાય છે સનાતન ગૃહસ્થાશ્રમમાં અગ્નિહોત્ર વગેરે વિધિઓ ગૃહસ્થાશ્રમીના નિત્ય ધર્મો હતા, અને પંચમહાયજ્ઞની ભાવના તેના જીવનનું પ્રેરકબળ હતી. તેને ઠેકાણે ઠાકોરજીની સેવારૂપ મહાયજ્ઞ પુષ્ટિ માર્ગીય ગૃહસ્થાશ્રમમાં દાખલ થયો. પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત પ્રમાણે પ્રભુ પોતાના નામરૂપ વડે આ અખિલ બ્રહ્માંડમાં વિલસી રહ્યો છે ને લીલા કરી રહ્યો છે. તેથી પ્રભુના નામની તેમજ પ્રભુના સ્વરૂપની સેવા દ્વારા પુષ્ટિમાર્ગીય ભક્ત પોતાની ભક્તિ સિદ્ધ કરી શકે છે. આત્મનિવેદન થયા કેડે તેનું પોતાનું એવું આ જગતમાં કશું જ રહેતું નથી. અને તેને પ્રભુની અંતરંગ તેમ જ બહિરંગ લીલા સાથે પોતાના જીવિતને જોડવાનું હોવાથી તન, મન, ને ધનથી તેને પ્રાપ્ત થયેલી ઐહિક તેમજ પારલૌકિક સામગ્રી વડે પ્રભુને સેવવાના છે. આ સેવાના વિવિધ પ્રકારને તનુજા, વિત્તજા ને માનસી સેવાનાં નામ આપેલાં છે. આના વિધાનમાં જ પંચમહાજ્ઞની પ્રાચીન ભાવનાનો સમાવેશ થઈ જાય છે અને તે બહુ ઉન્નત રીતે. પ્રાચીન ભાવના અધ્યાત્મિક હોવા છતાં, તેમાં લૌકિકતાનો પાશ છે. પુષ્ટિમાર્ગીય ભાવના આધિદૈવિક અને અલૌકિક ભાવો ઉપર રચાયેલી છે, તેથી તે પહેલાની ભાવના કરતાં ઘણી ઉંચી છે.

પણ તમને થશે કે પુષ્ટિમાર્ગની પદ્ધતિ પ્રમાણે સેવા કરનારા ભક્તોના જીવનમાં આવી ભાવનાઓ ઉતરેલી હોય તેવો અનુભવ થતો નથી. એ વાત ખરી કે બ્રહ્મસંબંધ થયેથી જે સેવાસ્વરુપ સેવક પોતાને માથે પધરાવ્યું હોય તે તેના સાંક્ષાત્ પ્રભુ બનવા

જોઈએ, અને એ જ તેનું પ્રત્યેક બળ હોવું જોઈએ. પણ સાધનદશામાં તો એવો સેવાવિધિ પણ કર્મકાંડ જેવો લાગે છે. પ્રથમ જીવે તનુજા ને વિત્તજા સેવા શ્રદ્ધાપૂર્વક કરવાની છે. આ પ્રકારની સેવા દ્વારા તેને પોતાની ઇંદ્રિયોને તેમ જ બીજાં આન્તર બાહ્ય સાધનોને સેવામાં નિયોજવાનાં છે. આવું થતાં સાધકની બધી જ ઇન્દ્રિયો, ઇન્દ્રિયોના વ્યાપારો, ધન, તેનાં સ્ત્રીપુત્રાદિ બધાંનો ઉપયોગ સેવાર્થે થવાથી તેનું આખુ ઘર તથા તેના અંગેનું કૌટુંબિક જીવન શ્રીઠાકોરજી માટેનું મંદિર અને તેના અંગેના જીવનરૂપ બને છે. આવા વૈષ્ણવી કુટુંબના ઘરનું વાતાવરણ ભગવન્મય બને છે. જે ઘરમાં ઠાકોરજી બિરાજતા હોય, તે ઘરમાં ચોખ્ખાઈ, સ્વચ્છતા, સાત્વિકતા, સંયમ, પવિત્રતા, સુંદરતા, સાદાઈ, જીવનની ગંભીરતા, તથા તેના નિર્દોષ આનંદો, વધારે પ્રમાણમાં જોવામાં આવે છે. અને ઐહિક જીવનમાં પણ આધ્યાત્મિકની છાંટ સારી પેઠે દેખાય છે. કારણકે આખું કૌટુંબિક જીવન ઠાકોરજીના સેવામાં ને તેના અંગના કાર્યોમાં પરોવાયેલું રહે છે. આવું વૈષ્ણવી કુટુંબ સમાજ જોડે તેમ જ બહારની દુનિયા જોડે વ્યવહાર રાખે છે પણ તે ખપ પૂરતો, પોતાના ધ્યેયને પોષક હોય તેટલા પૂરતો.

ચિત્તની વૃત્તિ ભગવાનમાં વિશેષે કરીને રહી શકે તે માટે સેવાની વિધિમાં ખાનપાન, ગુણગાન, જપવિધાન, અધ્યયન વગેરેને પણ યોગ્ય સ્થાન આપવામાં આવ્યું છે, તેથી ભક્તની તથા તેને વળગી રહેલા શ્રદ્ધાળુ કુટુંબની સર્વ ક્રિયાઓ બને તેટલી ભાવન્મય બની શકે, અને તેમાં બધા જ થોડો ઘણો ભાગ લઈ શકે.

સેવામાં સમર્પણનો વિધિ દાખલ કરેલો હોવાથી આવા સેવકે એવી કશી જ ક્રિયા કરવાની નથી જે ભગવદ્નિમિત્ત ન હોય, એથી પોતાના કુટુંબને લગતી લૌકિક વ્યવહારની સર્વ ક્રિયાઓ પણ પ્રભુની આજ્ઞા લઈને એટલે પ્રભુને નિવેદન કરીને કરવાની હોવાથી

તેના દોષો નાબુદ થાય છે ને ભગવદ્ ભાવ કેળવાય છે. આમ દેખીતી રીતે ક્રિયાત્મક જીવન દૈવી ભાવનાવાળું બને છે, તેમાં આધ્યાત્મિક વાતાવરણ પણ પોષાતું જાય છે અને જીવન ભક્તિમય ને ઉન્નત બનવા પામે છે.

વૈદિક ધર્મના નિયમ પ્રમાણે ગાયત્રી મંત્રનો ત્રણ વખત કરવાનો જપ વિધિ છે. ઇસ્લામ ધર્મમાં નમાજ પાંચ વાર પઢવાનો રિવાજ છે. મહાપ્રભુએ પ્રભુની સેવાનો ક્રમ લગભગ દિવસના ઘણાખરા ભાગ સુધી પહોંચે એવો રાખ્યો. આવા ભક્તિમય વ્યવસાયને તમે કર્મમાર્ગ કહો કે ભક્તિમાર્ગ કહો, તેને યજ્ઞનું નામ આપો કે યોગનું નામ આપો. પરંતુ જો બરાબર સાધના કરવામાં આવે, તો તે ઇષ્ટ ફળ આપ્યા વિના ન રહે, એવો અનુભવીઓનો અનુભવ છે. જો તેનું સેવન ખરા રૂપમાં કરવામાં આવે તો ગૃહસ્થાશ્રમજીવનની એથી વધારે સુંદર કલ્પના શી હોઈ શકે તે હું જાણતો નથી.

જી૦—પણ, હું ભૂલતો ન હોઉં તો આપણી આર્યભાવના તો ચાર પુરુષાર્થની સિદ્ધિ અર્થે હતી. તેનો મેળ આની સાથે શી રીતે ખાય એ જાણવા ઇચ્છું છું.

મુ૦—આવા ગૃહસ્થાશ્રમને કેવળ લૌકિક ઉપભોગના સાધન તરીકે નહિ, પણ ભગવન્તમય બનાવવાની એક પ્રકારની શિક્ષણ પદ્ધતિ તરીકે ગણવાની છે. તેમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપી પુરુષાર્થની દૃષ્ટિ ઓતપ્રોત રહેલી જ છે ફેર આટલો છે: સનાતનધર્મની ભાવનામાં લૌકિક કર્મોને યોગ્ય સ્થાન આપી તેને શાસ્ત્રાનુસાર અનુસરવામાં આવે છે. આવાં વિહિત કાર્યો કરવાથી સંયમનું સેવન થાય છે. આવા આચારવાળા જીવનથી ધર્મભાવના કેળવાય અને અંતે તેમાં અસારતાનો અનુભવ થતાં મોક્ષ માટેની જીજ્ઞાસા ઉદ્ભવે, છે. આમ થતાં જીવ મુમુક્ષુ બને છે અને

એક જન્મના અંતે કે ઘણા જન્મો પછી મુક્ત થાય છે, મતલબ કે ચાર પુરૂષાર્થ પૈકી મોક્ષ એ ચાર આશ્રમોનું ધ્યેય બને છે, અને તેની સિદ્ધિ અર્થે લૌકિક અર્થ ને કામને ધર્મના પાયા ઉપર અપનાવવાનાં આવે છે, જેથી યોગ્ય કાળે તેમાંથી મુમુક્ષુત્વનો જન્મ થાય અને પરિણામે વાનપ્રસ્થાશ્રમ ને સંન્યાસાશ્રમના માર્ગો ગ્રહણ કરવામાં આવે.

પુષ્ટિમાર્ગમાં પણ આ ચાર પુરુષાર્થોનો સ્વીકાર કરવામાં આવે છે. પણ તેમાં ચતુર્થ પુરુષાર્થરૂપ મોક્ષને અગ્રસ્થાન આપવામાં આવે છે અને તેથી તેને અગ્રસ્થાને રાખ્યા અર્થ ને કામ દ્વારા અંતે જીવે મોક્ષ મેળવવાનો છે. હવે વેદોક્ત તેમ જ લૌકિક ધર્મોનું યથાયોગ્ય પાલન કલિકાલને લીધે મુશ્કેલ થયું છે અને વર્ણાશ્રમની રીતે જીવન જીવવું લગભગ અસંભવિત થયું છે તેથી મહાપ્રભુજીએ ॥ सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ॥ એવી ભગવાનની આજ્ઞાનો સ્વીકાર કરી, પુષ્ટિમાર્ગમાં નવીન દૃષ્ટિએ ચાર પુરુષાર્થની ભાવનાને સ્થાપિત કરી.

લૌકિક વૈદિક ધર્મનું યથાશક્તિ પાલન કરવાનું શક્ય હોય ત્યાં ભલે તેમ કરવામાં આવે, પણ બધા જ કર્મોનું મધ્યબિંદુ ભગવાન હોવું જોઈએ, એવો સુંદર આદર્શ વૈષ્ણવીજીવન સમક્ષ ધરવામાં આવ્યો છે. જો ભગવાન એ જ જગતમાં સર્વસ્વ હોય તો માનવીએ સદાસર્વદા તે ભગવાનને જ ભજવા જોઈએ, એ જ તેનો એકનો એક ધર્મ હોઈ હોવો જોઈએ બીજો કોઈ ધર્મ એથી વિશેષ હોઈ શકે નહિ.

જી૦—જો ગૃહસ્થાશ્રની આગળ આવું આદર્શ ધરવામાં આવે તો વ્યવહારનાં કાર્યો શી રીતે થઈ શકે? શું એવું ન બને કે આથી તો આ લોકનાં તેમ જ પરલોકનાં એમ બન્ને કાર્યો કથળે અને જીવ બન્નેથી ભ્રષ્ટ થાય?

મુ૦—તમે કહો છો એવો ભય આમાં રહેલો છે, એ મારે કબુલ કરવું જોઈએ. જો ગૃહસ્થાશ્રમી જીવનમાં ચતુરાઈ વાપરતાં ન આવડે, તો એક બાજુએ ઢળી પડાય. આવું પરિણામ આવેલું આપણે નજરે જોઈએ. પરંતુ જેઓ સાવધાન છે, તેઓ તે વમળમાંથી મુક્ત થઈ શકે છે. ખરૂં જોતાં તો જેઓની આસક્તિ લોક પ્રત્યે વધારે ને વધારે હોય તેઓ કર્મમાર્ગ પ્રત્યે વળે છે. જ્યારે જેઓની આસક્તિ વૈરાગ્ય પ્રત્યે વધારે હોય તેઓ જ્ઞાનમાર્ગ પ્રત્યે વળે છે, પરંતુ જેઓ મધ્યસ્થ હોય છે તેઓ ભક્તિને પાત્ર વધારે હોય છે. આવા મધ્યસ્થોના હૃદયમાં લૌકિક ભોગ તરફ આકર્ષણ હોય છે, છતાં તેઓ તેવાં આસક્ત હોતા નથી. તેમ જ જો કે તેઓના હૃદયમાં ઇશ્વરી જીવન માટે પ્રીતિ હોય છે, છતાં જગતનો ત્યાગ કરવા જેટલો વૈરાગ્ય હોતો નથી. આવાઓ માટે ગૃહસ્થાશ્રમ એ શ્રેષ્ટ આશ્રમ છે. સમાજનો ઘણો મોટો ભાગ આવા મનુષ્યોનો જ બનેલો હોય છે. જીવન પ્રત્યે તેમની વૃત્તિ મધ્યસ્થ જેવી હોય છે. માટે ગૃહસ્થાશ્રમીના જીવનમાં મોક્ષપ્રાપ્તિનો માર્ગ કેવી રીતે સરલ અને સાધ્ય બને અને જીવનના ચાર પુરૂષાર્થની ભાવના કેવી રીતે પોષાય એ જ ખરૂં જોતાં આપણી શોધનો મુખ્ય વિષય હોવો જોઇએ. માટે જ અન્ય કાર્યોની અપેક્ષાએ મહાપ્રભુજીએ વ્રજાધિપના ભજનને સૌથી વિશેષ મહત્ત્વ આપ્યું છે અને ગૃહજીવનમાં સેવાની પ્રણાલિકા દાખલ કરી છે, જેથી તેનું સેવન બરાબર થઇ શકે.

આ સેવાની પ્રથામાં ઘરના નાનામોટાઓ બધા જ ભાગ લઇ શકે. એવું થવાથી શ્રીઠાકોરજી ઘરની દરેક નાની મોટી પ્રવૃત્તિના નિયામક બને છે. આવા ઘરના વાતાવરણને લીધે ઉછળતા બાળકોમાં ધર્મના સંસ્કારો દૃઢ થાય છે, અને તેમનું જીવન આસ્થાવાળું ને ધાર્મિક બને છે. આનું પરિણામ એ આવે કે તે નાનપણથી જ વૈષ્ણવતાનાં ચિહ્નો જેવાં

કે કંઠી ને તિલક ધારણ કરવાં એ પોતાના સૌભાગ્યનાં ચિહ્ન તરીકે માને ને તે ધારણ કરવામાં અભિમાન લે. એટલું જ નહિ પણ ઘરના શુદ્ધ આચાર વિચારથી તેના આચારો ને ટેવો પણ પવિત્ર બને અને સેવા નિમિત્તે ફુલની, દુધની, કીર્તનની, સામગ્રીને લગતી વગેરે વિવિધ સેવાની પ્રવૃત્તિમાં હોંશે હોંશે ભાગ લેતો હોવાથી, વૈષ્ણવતાના દૃઢ સંસ્કાર તેના જીવનમાં પડે. આમ વૈષ્ણવનાં ઘરો કેવળ સ્વાર્થમય ઉપભોગનાં તથા લૌકિક ઉપભોગના અખાડારૂપ ન બનતાં, પ્રભુનાં મંદિરો બને અને જેમ જુના વખતમાં ગૃહસ્થાશ્રમીના ઘરમાં યજ્ઞની આહુતિઓનો ધુમાડો તેના ઘરના પવિત્રતાનો સૂચક હતો ને તેના જીવનની શોભારૂપ હતો, તેમ વૈષ્ણવી ઘરોમાં પ્રભુના ગુણગાનનો ગુંજારવ એ તેના જીવનની શોભારૂપ બને.

જી૦—પણ, આ બધું તો નિવૃત્તિવાળા જીવો માટે વધારે બંધ બેસતુ છે. પ્રવૃત્તિવાળાઓ માટે આ બધું શી રીતે શક્ય થાય? તેમને તો કમાવાની પણ ચિંતા હોય. અત્યારે ભરણપોષણનો સવાલ એવો તો ઘૂરકી રહ્યો હોય છે કે મનુષ્ય જીવનનો ઘણોખરો ભાગ ઉદ્યમમાં તથા તેના વિચારોમાં ને તેની ધમાલમાં જ જાય છે, એવો આપણો અનુભવ છે. તો આવું કલ્પનાત્મક જીવન જીવવું, એ ગમે તેટલું સારૂં ને શ્રેયષ્કર હોય છતાં તે વ્યવહારૂં નથી.

મુ૦—તમારી ચિન્તા સકારણ છે. પણ મને લાગે છે કે તમે મને સમજવામાં જરા વધારે પડતી ઉતાવળ કરી છે. ધર્મ ઉપરાંત બે પુરુષાર્થો જેવા કે અર્થ ને કામને પણ આપણા માર્ગમાં યોગ્ય સ્થાન આપવામાં આવ્યું છે. તેનો ભોગ પણ ધર્મની મર્યાદામાં રહીને કરવાને હરકત નથી. ગીતાજીમાં પણ ત્યાગના તેમ જ અતિભોગના માર્ગનો અસ્વીકાર કરી, યોગ માટે સમધારણભોગનો માર્ગ ગ્રાહ્ય ગણવામાં આવ્યો છે. સમગ્રજીવન એ એક પ્રકારનો યોગ જ છે. એટલે અર્થની પ્રાપ્તિ માટે વૈષ્ણવમાર્ગમાં યોગ્ય અવકાશ છે. તે બાબતમાં પણ મહાપ્રભુજીએ ઘણી સુંદર

ચોખવટ કરી છે. આપશ્રી તો કહે છે કે જીવનમાં વ્યાવૃત્તિ તથા અત્યાવૃત્તિના એ માર્ગો છે. મનુષ્યો તેમની અલ્પ બુદ્ધિ વડે એવું માનવાને પ્રેરાય છે કે પોતાની સંપત્તિ પોતાના બળે પ્રાપ્તિ થયેલી છે ને તેથી તેમને સંપત્તિનું અભિમાન હોય છે. ખરી વાત એથી ઉલ્ટી છે. સંપત્તિ હોવી અગર ન હોવી, એ પોતાની સ્વતંત્ર સત્તાની વાત નથી પણ મુખ્યત્વે તો પોતાના પ્રારબ્ધ બળ ઉપર આધારભૂત છે. આવા કર્મબળને લીધે તમે ધનવાન કુટુંબમાં જન્મ્યા હો તો તમારે એવું માનવું કે ગત જન્મમાં અધુરા રહેલા તમારા યોગની પૂર્તિ માટે પ્રભુએ તમને સાનુકૂળ અને સુસંપન્ન કુટુંબમાં જન્મ આપ્યો છે, જેથી તમે તમારૂ અધુરૂં રહેલું ધાર્મિક કાર્ય પુરૂં કરી શકો. એથી તમારે તેમાંથી તમારી આસક્તિ બંધ કરી, તેને ભગવાનમાં સ્થિર કરવી જોઇએ અને તે માટે તમને પ્રાપ્ત થયેલા વિત્તનો ઉપયોગ પણ તમારે ભગવદ્ કાર્યો માટે કરવો જોઇએ. એથી તમારા ધ્યેયને પોષણ મળશે એટલું જ નહિ પણ તમારૂં સામાજિક જીવન પણ ઉપયોગી નીવડશે ને સાર્થક થશે. આવા સાધનસંપન્ન વૈષ્ણવોએ અવ્યાવૃત રહી, પોતાનો બધો સમય પ્રભુ સેવામાં ને પ્રભુકાર્યોમાં ગાળવો જોઇએ. વૈષ્ણવનો અવ્યાવૃત્ત માર્ગ આવો છે. તેના અનુસરણથી મમતાનો નાશ થાય છે. પણ જ્યાં સુધી અહંવૃત્તિનો પણ નાશ ન થાય ત્યાંસુધી વૈષ્ણવતાની સિદ્ધિ થતી નથી. માટે વૈષ્ણવે પૈસા વડે ભાડુતી સેવા કરાવવાની નથી પણ જાતે સેવા કરી તનુજા સેવા સિદ્ધ કરવાની છે. આ તો મેં સંપત્તિસંપન્ન કુટુંબની વાત કરી. આવાં કુટુંબની સંખ્યા પ્રમાણમાં ઘણી મોટી ન હોય. પરંતુ એવાં કુટુંબ ગરીબ હોય તો ?

આવાં ગરીબ વૈષ્ણવ કુટુંબોને તો ભરણપોષણ માટે ઉદ્યમ કરવાનો હોય જ. સાથે સાથે અવારનવાર સામાજિક અન્ય કાર્યો પણ કરવાનાં હોય તે જુદાં. આવા વૈષ્ણવોએ અલબત્ત, વ્યાપાર ઉદ્યોગ પ્રમાણિકપણે

યથાશક્ત કરવાનો રહ્યો. પણ, તે માટે તેને દિવસનો અમુક સમય મુકરર કરવો અને એવા ચોક્કસ કરેલા સમય દરમિયાન વ્યાવૃત્તિ કરવી અને ભગવદ્ કૃપાથી જે કાંઈ પ્રાપ્ત થાય તેનાથી સંતોષ માનવો. આવી રીતે જીવનનિર્વાહ કરતાં કરતાં સંભવિત છે કે તે અર્થોપાર્જન મોટા પ્રમાણમાં ન કરી શકે. પણ તેથી તેને ચિન્તા રાખવાનું કારણ નથી. પૈસાદાર તેમ જ ગરીબ વૈષ્ણવ બન્નેનું જીવનધ્યેય તો પ્રભુપ્રાપ્તિ જ છે. બંન્નેની સાધન સંપતિમાં ફેર હોવાથી તેમના સેવાના કાર્યોમાં અલબત્ત ફેર પડવાનો પણ તેથી પરિણામમાં ફેર પડતો નથી. અર્થ સાધનસંપત્તિ હોવી અગર ન હોવી એ તો કેવળ આગન્તુક વસ્તુ છે. સેવામાં તેને ગૌણ સ્થાન છે. સેવામાં તો ભાવને મુખ્ય સ્થાન છે. પ્રભુ સુદામાની ભાજી તથા ભીલડીનાં બોર જે આનંદથી આરોગ્યા, તેવા જ સ્વાદથી ગરીબ વૈષ્ણવની સાદી સામગ્રી પણ આરોગે છે તથા સેવાના તેના સાદા પ્રકારથી રીઝે છે. માટે તે અર્થે વૈષ્ણવે કદાપિ ચિન્તા ન કરવી, કે મનમાં ઓછું ન લાવવું. એક ગોપીની સાદી છાશથી પ્રભુને જેવો આનંદ મળે છે, તેવો પૈસાદાર ભક્તના પકવાનથી પણ મળતો નથી. તેમાં ભાવ મુખ્ય વસ્તુ છે. ભગવાન તો ભાવના ભૂખ્યા છે. માટે જ મહાપ્રભુજી કહે છે કે ભાવઃ ભાવનયા સિદ્ધઃ સાધનમ્‌ઃ આવો બીજો વ્યાવૃત્તિનો સેવામાર્ગ છે.

જી૦—ત્યારે આપણે તો ઘણાયે વૈષ્ણવોને અઢળક નાણું કમાતા ને કમાવાની પ્રવૃત્તિમાં જ ચિત્તના વ્યાપારોને મુખ્યત્વે રોકતા જોઈએ છીએ. આવા વૈષ્ણવો શ્રી ઠાકોરજીની સેવાના કાર્યોમાં પણ પુષ્કળ પૈસા ખર્ચે છે પણ તેમની મુખ્ય આસક્તિ તો ધનોપાર્જન કરવામાં હોય છે. આમ એક તરફથી સેવાકૃતિ અને બીજી તરફથી ઉદ્યોગમાં અતિઆસક્તિ, એ બન્નેનો સાથે સાથે એમ શી રીતે હોઈ શકે ?

મુ૦—પ્રભુ કાંઈ હીરામાણેકના દાગિનાથી કે મુલ્યવાન વસ્ત્રોથી

રીઝતા નથી. એતો કેવળ ભૌતિક અર્પણ છે. જો ઉપર જણાવ્યું તેમ લક્ષ્મી સહજ પ્રાપ્ત થતી હોય તોજ તેનો એવો વિનિયોગ કરવો. પણ એ પ્રાપ્ત કરવાને કશો વિશેષ ઉદ્યમ કરવાનો નથી, એ સિદ્ધાન્ત છે. એવી પ્રાપ્ત થયેલી સંપત્તિમાં વિશેષ જીવનું મમત્વ હોય તો તેની કોડીની કીમત છે. જો વૈષ્ણવના હૃદયમાં ભક્તિભાવનું ખેંચાણ વધારે હોય તો તેને લૌકિક વસ્તુઓ પ્રત્યે વિશેષ અનાસક્તિ હોવી જોઇએ અને તેને તે બધામાં અનાત્મભાવ લાગવો જોઇએ તેનો રાગ લૌકિક મટી અલૌકિક પ્રત્યે વળવો જોઇએ. પ્રેમ, આસક્તિ ને વ્યસનની દશા ક્રમે ક્રમે જેમ વિકસે તે જ તેના ચિત્તની પ્રધાન વૃત્તિ હોવી જોઇએ. જ્યાં આવું ન હોય, ત્યાં સમજવું કે આવો જીવ ભક્તિની ઉચ્ચ પ્રાપ્તિ માટે અનધિકારી છે અને તેની ભક્તિ કનિષ્ઠ પ્રકારની છે, પછી ભલેને બહારથી તે ગમે તેટલી આડંબરવાળી દેખાતી હોય. આવા ભક્તો પુષ્ટિપ્રવાહી કોટિના જીવો હોય છે. એવા જીવોને બ્રહ્મસંબંધ થયેલો હોવાથી આ જન્મમાં નહિ તો અન્ય જન્મોમાં તેમના હૃદયમાં ભક્તિનો સાચો ભાવ પેદા થશે, અને પ્રભુકૃપાએ તે પણ એક દિવસ વરણ માટે પાત્ર થશે, એવું આપણે માનવું રહ્યું. સેવા એ હૃદયનો વિષય છે, બાહ્યાચારનો નથી.

જી૦—મંદિરોમાં થતી સેવા ને આપણા ઘરોમાં થતી સેવામાં કાંઈ ફેર હશે કે કેમ ? એવો ઝાઝો ફેર હોય એવું કશું દેખાતું નથી.

મુ૦—ભેદ તો હોવો જ જોઇએ. મેં પૂર્વે પણ કહ્યું હતું કે મંદિરની સેવા નંદાલયના ભાવથી કરવામાં આવે છે, તેથી તેમાં રાજશાહી ઠાઠમાઠને અવકાશ છે. અને તેથી તો તેનો સમાવેશ મર્યાદા પુષ્ટિમાં કરેલો છે. તેમાં અમુક વસ્તુઓ અમુક રીતે ને અમુક પ્રમાણમાં કરવાનો આગ્રહ રાખવામાં આવે છે. ઘરની સેવા ગોપીભાવથી કરવાની હોય છે. તેથી તેમાં અષ્ટપ્રહરની સેવા વિધિનો ક્રમ ન હોઈ શકે. મંદિરના ઠાકોરજીની સેવા બાલભાવથી કરવામાં

આવે છે, ઘરસેવા કિશોર ભાવથી અગર બાલભાવથી એમ ગમે તે પ્રકારની હોઇ શકે. જે જે ભાવથી સેવા કરાતી હોય તે તે ભાવને અનુકૂળ હોય તેવો ફેરફાર વિધિમાં પણ હોય જ. આ દૃષ્ટિએ જોતાં તેમાં વિવિધતા હોવાને પૂરો અવકાશ છે.

જી૦—આવી સેવાનો બધો પ્રકાર તો મરજાદિયોના ઘરોમાં પળાતો જોવામાં આવે છે. કારણ કે તેમાં વિધિનિષેધના ઘણા જ કડક નિયમોનું પાલન કરવાનું હોય છે. આપે તો એમ સુચવ્યું હતું કે આ કલિયુગમાં બહુવિધ સાધનો અશુદ્ધ થઇ જવાથી, તેવાં સાધનો ઉપર ધર્મનો આધાર ન રચવો જોઇએ ને તેથી મહાપ્રભુજીએ ભકિત માર્ગની સ્થાપના કરી છે. ત્યારે ઉપર બતાવી તેવી સેવાવિધિમાં તો આચારવિચારના ઘણા જ કડક નિયમોનું બંધન હોય છે. તો એ બધું આપણી ભકિતની ભાવના સાથે શી રીતે સુસંગત હોઈ શકે, એ મારાથી સમજાતું નથી. કારણ કે આવા કડક નિયમપાલનમાંથી જ ઉચ્ચનીચના ભાવો પેદા થાય છે ને તેવા ભાવો પેદા થયેથી જ તિરસ્કાર ને ક્રોધનો જન્મ થાય છે. આવા તિરસ્કાર ને ક્રોધાવેશના એક નહિ પણ અનેક દાખલાઓ મારા સાંભળવામાં આવ્યા છે ને તેને વિષે સામાન્ય સમાજમાં ઘણો અણગમો દાખવવામાં આવે છે. તો એ બાબતમાં શું કહેવાનું છે? જો વૈષ્ણવી જીવનો આચાર વ્યવહાર આવો કડક ને હૃદય શુન્ય હોય, તો સામાન્ય વૈષ્ણવ કુટુમ્બમાં આપે વર્ણવ્યું તેવું જીવન સર્વસામાન્ય શી રીતે થઇ શકે? શું આવું નિયમન અનિવાર્ય છે? જો એમ જ હોય તો વૈષ્ણવ કુટુમ્બોમાં આવી સેવાનો પ્રકાર વ્યાપક શી રીતે થઇ શકે?

મુ૦—તમે કહો છો એ ઠીક છે. પણ, એ વિષય વિચાર માગે છે. આપણે તેને કાલે જ ચર્ચીશું. જય શ્રીકૃષ્ણ!

જી૦—જયશ્રી કૃષ્ણ!

[૪૬] ઉપસંહાર (ચાલુ)

મુ૦—તમે મને ગઇ કાલે જે પ્રશ્ન પૂછ્યો હતો તેનો હેતુ એ હતો કે માર્ગમાં જો સેવાવિધિને લગતા આચારના નિયમો અતિ કડક ને જડ હોય, તો એવી સેવા વૈષ્ણવ કુટુમ્બોમાં સર્વસામાન્ય શી રીતે થઇ શકે?

તે સંબંધમાં હું તો એટલું જ કહી શકું કે મહાપ્રભુજીએ સિદ્ધાન્તરહસ્યમાં સર્વ વસ્તુનું સમર્પણ કરવાની જે આજ્ઞા કરેલી છે, તે તમામ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટે છે, અને નહિ કે ફક્ત થોડાઓ જ માટે. જો આ વાત ખરી હોય તો દરેક વૈષ્ણવે પ્રભુને ધરાવી પ્રસાદ લેવો જોઇએ. આવી પ્રથા દરેક કુટુમ્બમાં પ્રચલિત કરતાં આપણને શી નડતર નડે છે, તેનો આપણે શાંત ચિત્તે વિચાર કરવો જોઇએ, જેથી તેનો યોગ્ય નિર્ણય થઇ શકે.

તમે મરજાદીઓના આચારની કડકાઇ સામે ગઇ કાલે ટીકા કરી. હવે એ નિયમો કેવા છે, તે જરા જોઇએ. એ વિષે આપણે વધારે ઊંડા ઉતરી જોઇશું તો જણાશે કે તે સ્નાનાદિના કે ખાનપાનના બાહ્યાચારને લગતા હોય છે. પ્રભુની સેવા ઘણી પવિત્ર અવસ્થામાં કરવી જોઇએ તેની તો તમે પણ ના કહી શકશો નહિ દરેક ધર્મમાં વત્તાઓછા પ્રમાણમાં

તેનું પાલન કરવામાં આવે છે. તેમાં થતો અતિરેક ઇચ્છવાજોગ નહિ હોય, છતાં તેની સામે સિદ્ધાન્તનો વાંધો લઈ શકાય તેમ નથી જ. વારૂં, ખાનપાન માટે તો પ્રભુને ધરાવી તેની પ્રસાદીનો ઉપયોગ થવો જોઈએ, એવી મહાપ્રભુજીની આજ્ઞા છે. તે સામે તો તમે શી રીતે વાંધો લઈ શકો ? ઉપરના બધા નિયમો શુદ્ધિ અંગેના હોય છે. આ શુદ્ધિ બાહ્ય ને ભૌતિક હોય છે, એવું કબુલ કરવા છતાં તેની પાછળ પણ પવિત્રતાના તથા મનની ને હૃદયની શુદ્ધિના ભાવો રહેલા છે. એટલે આખો પ્રશ્ન શુદ્ધિની પ્રમાણતામાં પરિણમે છે. બોલો, મારૂં કહેવું યથાર્થ છે ને ?

જી૦ -જી, હા. પણ મારૂં કહેવું એવું છે કે ભલે તેઓ ખાનપાનાદિમાં તથા સ્નાનાદિ ક્રિયામાં પવિત્રતાના ને ચોખ્ખાઈના નિયમો પાળે પણ બીજાઓ જેવો તેવા નિયમો પાળતા ન હોય તેમની પ્રત્યે ઘૃણા કે તિરસ્કારનો ભાવ શા માટે સેવે ? તેમનું આવું વર્તન હું સમજી શકતો નથી. એક તંદુરસ્ત માણસ અન્ય નબળા માણસની દયા ખાય, એ હું સમજી શકું છું, પણ તેની ઉપેક્ષા કરે, અગર તો તેને અવગણે એ મને માનુષી ભાવથી વિરુદ્ધ લાગે છે. ખરૂં જોતાં, ભૌતિક તંદુરસ્તીની દૃષ્ટિએ વિચાર કરીએ, તો પણ સુષ્ઠુત્વના પ્રમાણમાં ભેદ હશે, કંઇ તેની જાતમાં ભેદ નથી.

મુ૦—પણ, તમને કોણે કહ્યું કે તેમનું આવું ઉપેક્ષાભર્યું વર્તન ઉત્તેજનપાત્ર છે ? આવું નિયમન સંયમ કેળવવા માટે છે, અભિમાનનું પોષણ કરવા માટે નથી. છતાં તેવી વિપરીતતતા જોવામાં આવે તો તે તેનુ વિફળ છે, તેનું સ્વાભાવિક ફળ નથી. તેનો ઉદ્દેશ તો ભગવાનનું સાનિધ્ય વધારે પ્રમાણમાં સાધવાનું છે, અને જ્યાં તે સફળ બને છે, ત્યાં તો તેમાંથી દયા, કરુણા અને પ્રેમજ જન્મે છે. એટલે તેને માટે સર્વસામાન્ય નિયમ ન બાંધી શકાય છતાં, જો ઘણાઓમાં આ

જોવામાં આવતું હોય તો તેનો અર્થ એટલો જ થઈ શકે, કે ગૌણ-પ્રધાનનો ભાવ નહિ સમજાયાથી તથા પ્રમાણતાનો વિવેક નહિ કરવાથી આવું અનિષ્ટ પરિણામ આવે છે. બાકી તે ભક્તિમાર્ગના સેવનનું અનિવાર્ય ફળ નથી.

ખરૂં જોતાં, સામાન્યપણે તો વૈષ્ણવ કુટુમ્બોમાં શુદ્ધિના નિયમોનું સારી પેઠે પાલન થાય છે જ. તે માટે જરા વધારે ચીવટ રાખવામાં આવે તો અત્યારે જે શુદ્ધિના નિયમો પળાય છે, તે નિયમો અનુસાર તૈયાર કરેલી સામગ્રી પ્રભુને ધરાવી પ્રસાદ લેવાને વાંધો ન હોઈ શકે. અત્યારે પણ આપણું પાણીઆરૂં પવિત્ર મનાય છે અને સામાન્ય સ્પર્શને યોગ્ય ગણાતું નથી. જેમ પ્રભુ અભડાતા નથી તેમ બ્રહ્મસંબંધ લીધેલો વૈષ્ણવ પણ સ્પર્શ તથા સંયોગના દોષોથી અભડાતો નથી. છતાં શુદ્ધિના વિચારો જે શાસ્ત્રે નક્કી કરેલા છે, તેનું બની શકે તેટલું પાલન કરી, આપણે આપણું સેવાનું કાર્ય કરી શકીએ છીએ. તમે ઊંડા ઉતરીને જોશો તો જણાશે કે શાસ્ત્રસિદ્ધ શુદ્ધિના વિચારો પણ દેશકાલને વિચારમાં લઈને જ ઘડવામાં આવ્યા છે અને તે ફેરફારોને વશ છે. તે બાહ્ય ને જડ હોવાથી ભૌતિક હોવા છતાં તેના શુદ્ધ આચારમાં સાત્વિકતાનું પોષણ રહેલું છે, ચૈતન્ય એ જડ કરતાં વધારે બલવાન છે અને જ્યાં ભક્તિ ચેતનમય વધારે હોય એટલે કે ચિત્ત પ્રભુમાં પરોવાયેલું હોય ત્યાં આવાં બાહ્ય બંધનો બહુ કારગત નથી. તેની મર્યાદા સાધન દશામાં ઉપયોગી ને સહાયક છે, છતાં જો તે બંધનરૂપ નીવડે તો તે પણ હેય છે. કારણ કે મુખ્ય વસ્તુ તો આન્તરિક ભાવ છે, બાહ્ય આચાર નથી. આવી વિવેકશૂન્યતાને લીધે ઘણી વાર વિપરીત ભાવોનું સેવન થાય છે ને તેથી તેનાં અનિષ્ટ પરિણામો જોવામાં આવે છે. માટે મારી અલ્પ સમજણ પ્રમાણે તો સાધારણ શુદ્ધિ જેટલી એક ગૃહસ્થાશ્રમી ક્લેશ વગર પાળી શકે તેટલી

શુદ્ધિનું પાલન કરી, તે શ્રી ઠાકોરજીને સામગ્રી તથા જલ વગેરેને સમર્પી તેનો ઉપયોગ કરી શકે છે.

તે માટે કશું વિશેષ કરવાની જરૂર નથી. વૈષ્ણવ કુટુમ્બનું સામાન્ય પાણીઆરૂં ઠાકોરજીનું પાણીઆરૂં બને, તેમનું સામાન્ય રસોડું ઠાકોરજીનું રસોડું બને, તેમનું આખું ઘર ઠાકોરજીનું મંદિર બને, અને આવી રીતે તેમનો બધો જ વ્યવહાર ઠાકોરજીની આજ્ઞાથી ને ઠાકોરજી નિમિત્તરૂપ બને. જો આવી પ્રથા દરેક વૈષ્ણવ કુટુમ્બમાં દાખલ કરવામાં આવે, તો જે મરજાદીઓ માટે ઉપર ગણાવ્યા તેવા આચારને લગતા તેમજ ચારિત્ર્યહીનપણાને લગતા આક્ષેપો કરવામાં આવે છે, તે ઓછા થાય અને વૈષ્ણવી જીવનમાં વધારે સાચી શુદ્ધિ અને ભક્તિ પ્રવર્તે. આવું થાય તો પછી મરજાદી ને અમરજાદીના ભેદો નાબુદ થાય અને તેથી સેવાને અંગે થતા કેટલા અત્યાચારો બંધ થાય. મર્જાદની કડક વાડ આપોઆપ હળવી થઇ જાય. પરંતુ આ બાબત એવી કોમળ છે કે તેમાં હું અભિપ્રાય આપવાને યોગ્ય ન ગણાઉં. ધર્મના આચાર્યો તથા મહંતો આ બાબતમાં જે ધારે તે ખરૂં. મારા અલ્પ મત પ્રમાણે તો પુષ્ટિધર્મની ખરી ચાવી ભક્તિભાવમાં છે, તે આવા વિધિઓમાં નથી. વિધિઓ ગૌણ છે.

જી૦—આપે ત્રીજા પુરુષાર્થ એવા કામનો પણ ઉલ્લેખ કર્યો એ પણ ઠીક કર્યું. પણ એ બાબતમાં આપનું શું મંતવ્ય છે તે જાણવા હું ઇન્તેજાર છું. મને લાગે છે કે પુષ્ટિમાર્ગની વિશેષ નિંદા થતી હોય તો તે ઉચ્ચ ગણાતા વૈષ્ણવોના ચારિત્ર્યહીનપણાને લીધે છે. શું આ બાબતમાં કશું જ ન થઇ શકે? વારૂં આપણા માર્ગમાં ત્રીજા પુરુષાર્થ એવા કામને શું સ્થાન છે?

મુ૦—અર્થની બાબતમાં મહાપ્રભુજી એવી આજ્ઞા કરે છે કે

પ્રભુ સર્વ સમર્થ છે, તેથી આપણે માટે જે યોગ્ય હશે તે પોતે જ કરી લેશે. પ્રભુના આશ્રયે ગયેલા જીવ માટે જીવનની એજ દૃષ્ટિ બરાબર છે. તેથી પ્રભુ જે કાંઇ કરે તેજ આપણું કર્તવ્ય. આપણને વધારે કમાણી થાય કે ઓછી થાય તે તેની ઇચ્છાની વાત છે. જો વધારે થાય તો એમ સમજવું કે પ્રભુ પોતાના કાર્યો માટે આપણી મારફતે વધારે પ્રમાણમાં તેનો ઉપયોગ કરાવવા માગે છે. જો તે ઓછી હોય તો એમ સમજવું કે પ્રભુને સાદાઈ પસંદ છે. આમ ગમે તેવી સ્થિતિ હોય, આપણે તાલેવાન હોઇએ કે ગરીબ હોઇએ, સર્વ સ્થિતિમાં તેનું જ નિયામકપણું સ્વીકારી વર્તવું એજ આપણી પ્રવૃત્તિનું મુખ્ય નિશાન હોવું જોઇએ. એજ માર્ગનું રહસ્ય છે.

કામવાસના માટે પણ તેમજ છે. જો આપણું હૃદય સર્વાત્મભાવથી હરિ વડે ભરેલું હોય તો પછી લૌકિક અગર તો વૈદિક માટે ક્યાં અવકાશ રહે ? ન જ રહે. મતલબ કે ભક્તનું હૃદય પ્રભુપ્રેમથી સભર હોવું જોઇએ. તે જ તેનો આત્મકામ હોવો જોઇએ. જો આવો કામ એ જ તેના હૃદયનો વિષય હોય તો લૌકિક કામ માટે તેમાં સ્થાન ન જ હોઇ શકે. "विषयाक्रान्तं देहीनां नावेशः सर्वथा हरेः" વિષયથી આચ્છાદિત થયેલ હૃદયમાં હરિ કદિ પણ પધારતા નથી. મહાપ્રભુજીએ કામવાસના વિરુદ્ધ અનેક વચનામૃતો લખ્યાં છે. અરે, તે એટલે સુધી કે ગૃહસ્થાશ્રમીઓના ધર્માનુસાર વ્યવહારમાં પતિપત્નીના શારીરિક સંબંધની બાબતમાં પણ આપશ્રી લખે છે કે कृष्णप्रिये हरे रति। કૃષ્ણમાં પ્રીતિવાળો પુત્ર પેદા થાય અને ભક્તિના કામમાં મદદરૂપ થાય એ જ ભાવનાથી રતિનો સંબંધ રાખવો. તો પછી અવિહિત કે શાસ્ત્રવિરુદ્ધ કામાચારને તો સ્થાન જ ક્યાંથી હોઇ શકે ? આમ છતાં કોક કોક વૈષ્ણવોમાં આવો કામાચાર જોવામાં આવે તો તે માટે તો મનુષ્યહૃદયની નિર્બળતા જ જવાબદાર લેખી શકાય. તેને સીધો કે આડકતરી રીતે ધર્મનો કંઈપણ અંશે ટેકો

નથી, એ વિષે તમારે કશી પણ શંકા ન કરવી. મને લાગે છે કે સામગ્રી સમર્પણનો રિવાજ સર્વ વૈષ્ણવ કુટુમ્બોમાં દાખલ કરવામાં આવે, તો પછી મરજાદીઓના જુદા વર્ગની કશી જ જરૂર ન રહે; અગર કહો કે સર્વ ઘરો મર્જાદી થઈ જાય. આવું થતાં સામાજિક જાતીય ધોરણ વધારે શુદ્ધ અને ધાર્મિક પાયા ઉપર રચી શકાશે.

હિંદુ સંયુક્ત કુટુમ્બમાં વિધવાઓ અદ્યાપિ સેવાનું સુંદર કાર્ય કરી રહી છે. તેમની પાસેથી ભગવત્ સેવાનું કાર્ય લેવું હોય તો તેઓ કેવળ બાહ્ય પરિચારિકાઓ તરીકેનું કામ કરે, અગર તો વધારે સારી રીતે તો તેઓ પોતે જ પોતાના ઠાકુરજી પધરાવી સ્વતંત્ર સેવા કરે. પણ પરપુરુષનો સહવાસ, પછી ભલેને તે સેવાના કાર્ય માટે હોય તો પણ ત્યાજ્ય ગણાવો જોઈએ. ચાલુ પ્રથામાં કંઈક આવો સુધારો થવા પામે તો અત્યારની સ્થિતિમાં ઘણો ફેર પડે. પણ સૌથી સારો રસ્તો તો એ છે કે જ્યાંસુધી કોઈ પણ ભક્ત વ્યસનદશા સુધી ન પહોંચે, ત્યાંસુધી તેને ઘરનો ત્યાગ ન કરવો અને ઘરમાં એકલા અગર પોતાની પત્નીના સહકારમાં સેવા કરવી. જો આવો સહકાર શક્ય ન હોય તો ભાગવતનું મનન, ભજન ને શ્રવણમાં વખત નિર્ગમન કરવો અને ગામના મંદિરમાં દર્શનાર્થે જવું અને માનસિક ભોગ ધરી પ્રસાદ લેવો. હાલના વૈષ્ણવો માટે આ જ માર્ગ વધારે સુલભ અને ફળદાયી છે.

પણ, આવા પ્રશ્નો ઊંડી વિચારણા માગે છે. અહીં તેનો આથી વધારે વિચાર થઈ શકે નહિ. આ બાબતમાં વૈષ્ણવસમાજ જાગ્રત હોય તો જ કંઈ થઈ શકે. આમાં તો ગોસ્વામી બાળકો ધારે તો ઘણું કરી શકે.

૭૦—પણ, જ્યાં મૂળમાં જ ઉધઈ લાગી હોય, ત્યાં ઝાડને દોષ

કાં દેવો ? મારી કડક ભાષા માટે આપ મને ક્ષમા કરશો એવી હું વિનંતિ કરૂં છું. પરંતુ, જ્યારે અન્યધર્મીઓ આપણા માર્ગની નિંદા કરે છે ત્યારે અમારે માથું કેવું નીચું ઘાલવું પડે છે, એની આપને ખબર નહિ હોય. મેં પૂર્વે મરજાદીઓના ચારિત્ર્ય વિષે ટીકા કરી. એવી ટીકા કરવી મને ગમતી નથી પણ જ્યારે કોઈ ગોસ્વામી બાલકની આવી ટીકા થતી સાંભળું છું, ત્યારે તો મને માર્ગ માટે નિરાશા જ થઈ આવે છે. હું જાણું છું કે લક્ષ્મીમાંથી ભોગવિલાસનો માર્ગ એટલો બધો લપસણો છે કે જો આત્મા જાગ્રત ન હોય, તો તેમાં સરી પડવાનો ભય ઘણો મોટો છે.

મુ૦—ખરે, તમને આપણા ધર્મ પ્રત્યે પક્ષપાત છે, તે પક્ષપાત જ તમારી પાસે આવું બોલાવે છે તે હું સારી પેઠે સમજું છું તેથી મને ખોટું લાગતું નથી. પરંતુ, તમે જોઈ શકશો કે તમે જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે કે ઘણો કોમળ છે. જો શક્ય હોત તો હું તે છેડવાનું પસંદ જ ન કરત. પણ મને લાગે છે કે આપણેજ આપણાં છિદ્રો જોઈ તેને ઢાંકવાને બદલે મટાડવાના પ્રયત્નો કરીએ એ વધારે ઇચ્છવા જોગ છે. જો આપણને ભવિષ્યમાં સુધારણાનો માર્ગ લાધવાનો હશે, તો તેમાંથી જ જડશે. તેથી જ તમે પૂછેલા પ્રશ્નની છણાવટ કરવાનો મેં નિર્ધાર કર્યો છે.

મેં તમને પૂર્વે કહ્યું હતું કે શ્રી મહાપ્રભુજીએ ભૂતલ ઉપરથી વ્યામોહલીલા કરી, ત્યારે ભાવિઆળો તથા તથા અન્ય વૈષ્ણવોની ચેતવણીરૂપે આપશ્રી શિક્ષાશ્લોકોનું વારસપત્રરૂપે દાન કરતા ગયા છે. તે ખાસ મનન કરવા યોગ્ય છે. પ્રભુકૃપાએ આપશ્રીના પુત્રો તથા પ્રપુત્રો એવા તો પ્રભાવશાળી ને શુદ્ધ ચારિત્રવાન હતા કે તે સમયે ઉપરોક્ત શ્લોકોમાં દર્શાવેલો ભય સેવવાનું કોઈને કંઈ પણ કારણ નહોતું. જેમ મોગલ શહેનશાહતની જાહોજલાલી પહેલા ત્રણ મોગલ બાદશાહોના સમયમાં તેની પરાકાષ્ઠાએ

પહોંચી, તેમ પુષ્ટિસૃષ્ટિની જાહોજલાલી ને પ્રભાવ પણ એવી જ ઉત્તમ કક્ષાએ પહોંચેલી. પણ, ક્રમભાગ્યે જેમ ઔરંગઝેબ સાથે તેની પડતી શરૂ થઈ અને તેની કીર્તિ ઝાંખી પડી, તેમ પુષ્ટિમાર્ગના ધાર્મિક સામ્રાજ્યમાં પણ કંઈક એવું થયું. આ કાળ કંઈક અંધકારનો હતો, એમ કહીએ તો ચાલે. પણ એવું કથન પણ સર્વાંશે તો સત્ય નથી જ. કારણ કે વચ્ચે વચ્ચે માર્ગની ઉત્કૃષ્ટતાનો દીવો ઝળહળતો રાખે તેવા વિદ્વાન ગોસ્વામી બાલકો તેમજ તેમના સંબંધીઓ ઓછા થયા નથી. આપણા ગુજરાતના કવિસમ્રાટ ન્હાનાલાલભાઈના શબ્દોમાં કહીએ તો—

"આવો મહાપ્રભુજીના કુટુમ્બ કલ્પદ્રુમનો સોનેરી ઇતિહાસ છે. એમાં ક્યાંક ક્યાંક ઝાંખપ લાગે તેવા થોડા શેરડા પડયા હોય તો તેથી આપણે નીચું જોવાને કારણ નથી. ઇતિહાસ આવા દીર્ઘાયુષી કુટુમ્બ વેલમાં આવા મઘમઘનાં કુસુમો ને તે આટલી મોટી સંખ્યામાં પાકતાં હોય તેવો બીજો દાખલો નથી. માટે આપણે આ બાબતમાં જે કાંઈ ટીકા કરીએ તે ઉપરની હકીકત ધ્યાનમાં રાખી કરવાની છે. બાકી, મનુષ્યજીવો એવા કોણ હશે, જે સર્વ રીતે સંપૂર્ણ હોઈ શકે ? અને ખાસ કરી જ્યાં લક્ષ્મી ને અધિકારનું સામ્રાજ્ય વર્તતું હોય ત્યાં ?"

જી૦—આપ કહો છો તે બરાબર છે પણ ઉજળા કપડે વહેલો ડાઘ લાગે તેથી તેમના જેવાઓની બાબતમાં રજનું ગજ થવાનો પણ સંભવ તેટલો જ છે. તેમાંયે જ્યાં ધર્મમાં અતિશ્રદ્ધા કામ કરતી હોય, ત્યાં વિવેકબુદ્ધિ પણ મંદ હોય જ. તીવ્ર વૈરાગ્ય અને ત્યાગની ભાવનાઓને અધિકાર અને લક્ષ્મી સાથે જોડવામાં ન આવે ત્યાં લગી લક્ષ્મી ને અધિકારની અંદર રહેલું ઝેર નાબુદ થતું નથી. તેના લૌકિક પ્રવાહમાં ભલભલા પણ

તણાઈ જાય છે. તેથી જ્યાં કંઈક એવી વિરોધી સ્થિતિઓનો સંયોગ હોય, ત્યાં સંપૂર્ણ સિદ્ધિ પણ અસંભવિત છે, એવું મને લાગ્યાં કરે છે.

મુ૦—ત્યાગ ને ભોગથી પરસ્પર દેખીતી વિરોધી ભાવનાઓના સુંદર સંયોગોના માર્ગો પણ શરૂઆતમાં અસ્તિત્વમાં આવેલા અને જો તે પ્રથા ચાલુ રહી શકી હોત તો તેનું પરિણામ કદાચ સુંદર ને ભવ્ય આવ્યું હોત તેવો પૂરેપૂરો સંભવ છે. એ તો તમને ખબર છે કે વૈદિક મર્યાદા પ્રમાણેનો ધર્માચાર પાળવાને વૈષ્ણવને માથે ફરજ નથી કારણકે વૈષ્ણવાચાર ભાવનાની તથા ફલની દૃષ્ટિથી તેથી યે ઉચ્ચતર છે, છતાં આપશ્રીના કુટુમ્બમાં તો વેદોક્ત મર્યાદાનું પાલન બરાબર કરવામાં આવે છે. 'સંન્યાસ નિર્ણય' માં શ્રી મહાપ્રભુજીએ ભક્તિની કક્ષાઓ બતાવી છે ને તેમાં વ્યસનદશાની પ્રાપ્તિ થયા કેડે ઘરનો ત્યાગ કરવાની દરેક ભક્તને આજ્ઞા કરેલી છે. ગો. બાલકો ગુરુ ને તેમજ આદર્શભક્તને સ્થાને છે. તેથી વૈદિક મર્યાદાના પાલન અર્થે પોતે આચાર્યપદે હોવાથી આપશ્રીએ છેલ્લી અવસ્થામાં ભક્તિ સંન્યાસનો અંગીકાર કર્યો અને ગો. સ્વામી બાલકો માટે ભાવિધર્મનું માર્ગદર્શન કરાવ્યું. ઈતિહાસ કહે છે કે શ્રી મહાપ્રભુજીએ પાડેલા ચીલા પ્રમાણે સંન્યાસ લેવાની તૈયારી શ્રી ગુંસાઇજીએ પણ કરી હતી પરંતુ તે વખતના મુખ્યાજી તથા અન્ય પરમ વૈષ્ણવ ભક્તોના આગ્રહને વશ થઈ આપે તે વિચારને પડતો મૂક્યો અને કેવળ માનસિક સંન્યાસનો અંગીકાર કર્યો અને ત્યારપછી તેલ ફુલ વગેરેનો ઉપયોગ કરવાનુંજ બંધ કરી દીધું, એટલું જ નહિ, પણ આપશ્રીના જીવનને સંન્યાસધર્મને અનુકુલ બનાવી દીધું. ભક્તોની આ માગણીનો સ્વીકાર કરવામાં કેવળ આપશ્રીની પરમ દયાળુતા જ કારણભૂત હતી. છતાં, ધારો કે આપશ્રી ભક્તોના પ્રેમને વશ ન થયા હોત ને પિતાની પેઠે આપે પણ ભક્તિસંન્યાસ બાહ્ય રીતે પણ સ્વીકાર્યો હોત તો? જો

આપશ્રીએ એવી છેલ્લી દશાનો બ્રહ્મસંન્યાસ પણ લીધો હોત તો કુટુમ્બને તેવી પ્રથાનો વારસો મળ્યો હોત ને ત્યાગ ને વૈરાગ્યનું આદર્શ કંઈક જળવાઈ રહ્યું હોત, એવું અત્યારે લાગ્યા વિના રહેતું નથી.

વળી એવો જ એક બીજો પ્રસંગ પણ મને યાદ આવે છે. એક વખત શ્રી ગુંસાઈજી ગુજરાતમાં પધાર્યાં હતા. તે વખતે શ્રી. ગોવર્ધનનાથજીને મથુરામાં સતઘરામાં પધરાવવામાં આવ્યા હતા. આવે સમયે બધાં જ બાલકોએ પોતાની પાસે જે કાંઇ માલમિલકત હતી તે બધી જ શ્રીઠાકોરજીને સમર્પણ કરી દીધી અને પહેરેલે કપડે બધા જ ઘર બહાર નીકળી ગયા; તે એટલે સુધી કે તેમના ત્યાગથી પ્રફુલ્લિત થઇ શ્રીઠાકોરજીએ બેટીજી પાસે એક સોનાની વાળી રહી ગયેલી તે પણ માગી લીધી ને સંપૂર્ણ ત્યાગનો સંકલ્પ સિદ્ધ કરાવ્યો. સર્વસ્વ ત્યાગનો આ એક બીજો સુંદર પ્રસંગ છે. શ્રીઠાકોરજીને શું ઇષ્ટ છે તે પરોક્ષ રીતે આ ઉપરથી સુચિત થાય છે. જો સર્વસ્વ અર્પણ કરવાનો આ રિવાજ કુટુમ્બમાં કાયમ થયો હોત તો અપરિગ્રહના સુંદર વ્રતનું પાલન કરવાની વૃત્તિ ચાલુ હોત અને મહારાજની મિલકત ને શ્રીઠાકોરજીની મિલકત એવા ભેદ પાડવાની જે લૌકિક ભાવનાનું હાલ સમર્થન કરવામાં આવે છે તે અદૃશ્ય થયું હોત.

પરંતુ, આ ઉપરથી તમે એવું માનતા નહિ કે હું ત્યાગ ને વૈરાગ્યને જીવનમાં ઉતારવાની જે વાત કરૂં છું તે કેવળ ગો. સ્વામી બાલકોને જ લાગુ પડે છે. ખરૂં જોતાં બ્રહ્મસંબંધ થયેથી અને સર્વસ્વનું સમર્પણ શ્રીઠાકોરજીને કર્યાં કેડે આ ભાવનાઓની સ્ફૂર્તિ જીવનમાં શી રીતે રહે, એ એક ગંભીર સવાલ છે. તેની વિસ્મૃતિમાં જીવ લૌકિક પ્રવાહમાં તણાઇ જાય એવો સર્વ રીતે સંભવ છે. અહીં હું ગો. સ્વામી બાલકોનો દાખલો આપતો હોઉં તો એટલા માટે જ કે તેઓ ગુરુસ્થાને હોવાથી તેમનો દાખલો ઝટ

લેવામાં આવે છે. મોટાઓ જેવું આચરણ કરે, તેવું અનુકરણ નાનાએ કરે, એ દૃષ્ટિએ પણ ઉપરોક્ત પ્રથાઓ ચાલુ રાખવા જેવી હતી, એમ મને લાગ્યાં કરે છે. તેના અભાવમાં હાલ સ્થિતિ કેવી પલટાઈ ગઈ છે અને તેનાં કેવાં માઠાં પરિણામો આવ્યાં છે, તે પણ આપણે જોઈ શકીએ છીએ.

જી૦—તો શું આ અગર આવી પ્રથાઓ ફરીથી દાખલ ન કરી શકાય ?

મુ૦—તે માટે શ્રી મહાપ્રભુજી જેવા અવતારી પુરુષનો ગજ કામ લાગે. સામાન્ય પુરુષનું શું ગજું ? છતાં, શ્રી મહાપ્રભુજીની કૃપા થાય અને એ વિરહાગ્નિ સ્વરુપની જ્વાલા હાલના સુશિક્ષિત બાલકોના હૃદયમાં ઉતરે ને આ રીતે કે કોઈ અન્ય રીતે વૈરાગ્ય ને ત્યાગની ભાવનાઓને પોષક હોય તેવા આચાર-વ્યવહારોને તેઓ પોતાના જીવનમાં અપનાવે, તો ખચિત જ આ ધર્મના પુનરુત્થાનનો સોનેરી દિવસ ઉગે, એમાં શંકા નથી. ભલે, સર્વમાં આ શકય ન હોય, છતાં થોડામાં પણ આ ચિણગારી ભભૂકે તો સંભવ છે કે તેની ચમત્કારી અસર વૈષ્ણવસૃષ્ટિ ઉપર તેમજ અન્યસૃષ્ટિ ઉપર પડયા વિના ન રહે.

ખરે, ભોગ ને વિલાસમાં આખી દુનિયા હાલ ગબડતી જાય છે. આપણે માનસિક ત્યાગ ને વૈરાગ્યની ગમે તેવી વાતો મોઢેથી કરતા હોઈએ, પણ જ્યાં સુધી જીવનમાં તેના અંશો પ્રકટ ન થાય, ત્યાં લગી દુનિયા તો ફરિયાદ કરવાની જ અને તેમ થાય તો તેનો બચાવ કરવાને આપણી પાસે કશી જ દલીલ નથી. સર્વ હૃદયો આવા ત્યાગને જ નમે છે એ હકીકત નકારી શકાય તેમ છેજ નહિ. આપણે તો કેવળ આપણા હૃદયના ભાવો નમ્રપણે જણાવી શકીએ. આ સંબંધમાં એથી વિશેષ કહેવું એ નાને મોઢે

મોટી વાત કરવા જેવું થાય, તેથી હું મૌન જ સેવું એજ વધારે ઠીક છે.

જી૦—આ બાબતમાં ઘણું ઘણું કહી શકાય એમ છે પણ આપે મૌન ધારણ કરી મને વધુ બોલતો બંધ કર્યો છે. એટલે હવે હું એ દિશામાં વધારે કાંઇ કહેવા ઇચ્છતો નથી. છતાં જો આપ રજા આપો તો મંદિરની વ્યવસ્થા તથા સેવાની કેટલીક ભાવનાઓની બાબતમાં મારે કાંઇક કહેવાનું છે.

મુ૦—ભલે, તે બાબતમાં પણ તમારે જે કાંઇ કહેવું હોય તે કહી શકો છો. પણ, હવે એ વિષયને કાલ ઉપર મુલતવી રાખીશું. આપણો આજનો સમય તો પૂરો થવા આવ્યો છે માટે જય શ્રી કૃષ્ણ!

જી૦—જય શ્રીકૃષ્ણ!

[૪૭] ઉપસંહાર (ચાલુ)

જી૦—મેં આપને મંદિર તથા સેવા સંબંધી કાંઇક પૂછવાની ઇચ્છા દર્શાવેલી. મને લાગે છે કે આ સંબંધી હું જે કાંઈ પ્રશ્નો પૂછું તે કદાચ મૂર્ખાઈભરેલા લાગશે, કદાચ ભક્તિભાવની ખામી સૂચવનારા લાગશે, અને બીજાઓ તેને હાસ્યાસ્પદ પણ ગણે. અજાયબી તો એ છે કે તે સંબંધમાં જે સ્થિતિ હાલ પ્રવર્તે છે, તે વિષે જાણે કોઈને કશું જ કહેવા જેવું જ લાગતું નથી. તે એટલે સુધી કે તેના સંબંધમાં એક પણ હરફ કાઢ્યા વગર જાણે તે એક સ્વયંસિદ્ધ વસ્તુ હોય તેમ તેનો સ્વીકાર કરી, તે બાબતમાં કશી પણ ખરીખોટી ટીકા કરવાનું કે જિજ્ઞાસા દાખવવાનું પણ કોઇને યોગ્ય લાગતું નથી. હું પણ આપને તે સંબંધમાં જે કાંઇ પૂછું તે કેવળ જિજ્ઞાસાવૃત્તિથી જ પૂછું છું ને નહિ કે ટીકા કરવાની દૃષ્ટિથી એટલું સ્વીકારી આપ મારા પ્રશ્નોના ઉત્તર આપશે એવું હું માગી લઉં છું.

મુ૦—જરૂર, તમારે તે બાબતમાં જે કાંઇ કહેવું હોય તે ખુલ્લા દિલથી કશા પણ સંકોચ વગર કહો. તેમાં બીજાઓ શું કહેશે તેની ચિન્તા રાખવાને કારણ નથી. આપણો ઉદ્દેશ નિર્દોષ ને શુદ્ધ હોય એટલે બસ.

જી૦—તો મને વિચાર થાય છે કે શા માટે આપણી સેવાવિધિમાં વસ્ત્રાભૂષણ તથા સોના ચાંદી જેવી કીમતી પણ જડ વસ્તુઓને કંઈક વધારે પડતું સ્થાન અપાતું હશે? સેવાભાવનાની સિદ્ધિ અર્થે શું આ વસ્તુઓ અનિવાર્ય છે?

મુ૦—તમારો કહેવાનો આશય હું સમજું છું. સેવાના પ્રકારની બાબતમાં મહાપ્રભુજીએ તો ‘સર્વ નિર્ણય’માં એવો સિદ્ધાન્ત પ્રતિપાદિત કર્યો છે કે શ્રી ઠાકોરજીનું સ્વરૂપ સુંદર ને આકર્ષક લાગે એવા વસ્ત્રાલંકારનો ઉપયોગ કરવો, જેથી ભક્તનું ચિત્ત પ્રસન્ન થાય અને તેનો ભક્તિભાવ વધે. તે વસ્તુઓ એવી હોવી જોઈએ કે જેને માટે આપણે લાંબા વખતથી વિચાર કર્યો હોય અને જે આપણને ગમતી હોય. આવી મનગમતી વસ્તુઓનું શ્રી ઠાકોરજીને સમર્પણ કરવું.

ઉપરોક્ત સિદ્ધાન્ત જોતાં તો તેમાં સમાનપણાને અવકાશ નથી. વળી તેમાં પોતાના રાગની વસ્તુઓને પ્રભુરાગમાં ફેરવવાનો સૂક્ષ્મ કીમીયો છે. માનસશાસ્ત્રની દૃષ્ટિએ પણ તે બરાબર છે. તેમાં વસ્તુના પ્રકાર કે ગુણ કરતાં ભાવનું સૂચનપણું વિશેષે કરીને છે. તેથી આપણે આના નિર્ણય માટે ઉપરના કથન પાછળ શો ભાવ રહેલો છે, તેને ધ્યાનમાં રાખીએ તો આપણે તે બાબતમાં શું કરવું જોઈએ, ને શું ન કરવું જોઈએ, તે જલદીથી નક્કી કરી શકીએ.

ઉપરના સિદ્ધાન્તને ધ્યાનમાં લેતાં તો અત્યારે નિયમોની જે કડકાઈ જોવામાં આવે છે તેને ખરુ સ્થાન ન હોઈ શકે, એમ પ્રથમ દૃષ્ટિએ લાગે છે. ખરૂં જોતાં, તો સેવા ભાવાત્મક છે અને હૃદયના ભાવોને ક્રિયા દ્વારા મૂર્તિમંત કરવાને વિવિધ પ્રકારના આવિર્ભાવોને પૂરતો અવકાશ છે. તે બાબતની ટીકા બહારનો માણસ કરે તે અનુચિત કહેવાય. છતાં, એક બાબત ઉપર લક્ષ્ય ખેંચી શકાય. એ વાત ખરી છે કે આપણે આપણા ભાવો સ્થૂલ કાર્યો

તેમજ સ્થૂલ વસ્તુઓ દ્વારા જ બતાવી શકીએ છીએ, છતાં, એવું કહેવાને વાંધો નથી કે કૃત્રિમ ને સ્થૂળ અલંકારો કરતાં કુદરતી ને નૈસર્ગિકપણે ઉત્પન્ન થયેલાં એવાં પુષ્પો, પાન કે વેલનો ઉપયોગ સવિશેષ કરવામાં આવે તો વધારે ભાવોત્તેજક થાય. આ બાબતમાં પણ આપણા માર્ગમાં જે વિવેક અને કલાપૂર્ણ વિધિઓ દાખલ થઈ છે તે ઉત્કૃષ્ટ પ્રકારની છે અને તેનો વિરોધ કરી શકાય તેમ નથી.

જી૦—ઉનાળામાં શીતળતા ને શિયાળામાં ઉષ્ણતા અને ચોમાસામાં પ્રકૃતિના સૌંદર્યને મૂર્તિમંત કરવાના અનેક આકર્ષક વિધિઓ, ખરેખર, મનુષ્ય હૃદયના ભક્તિ ભાવને પોષક છે, તેની ના પાડી શકાય તેમ નથી. વસ્ત્ર ને આભૂષણની બાબતમાં આપણે તેનો બહિષ્કાર તો નજ કરી શકીએ પણ તેને વધારે સાદા અને રુચિકાર રૂપમાં આવિર્ભૂત ન થઈ શકે? વળી હાથના કાપડનો ઉપયોગ કરવામાં આવે તો શું ખોટું? તેમાં ભાવના ને શુદ્ધિ બન્ને વધારે પ્રમાણમાં રહેલાં છે.

મુ૦—તમારું કહેવું યથાર્થ છે. વસ્ત્રાભૂષણ કેવાં ને કેટલાં હોવાં જોઈએ, એનો કશો નિયમ ન હોઈ શકે. ખરું જોતાં તો તેનો આધાર મનુષ્યની દૃષ્ટિ ને બુદ્ધિ ઉપર રહેલો છે અને આ તત્ત્વો તો હરહમેશ જમાના પ્રમાણે બદલાતાં જવાનાં. તેથી તેમાં સમય અનુસાર ફેરફાર કરવામાં આવે તેમાં કશું જ ખોટું નથી. વસ્ત્રની કેટલીક પદ્ધતિઓ તથા અલંકારોના કેટલાક ઘાટ, જે એકસમયે દૃષ્ટિને રોચક લાગતા હોય ને રુચિને પોષક હોય, તેવા કદાચ હાલની દૃષ્ટિને ન પણ લાગે. એવી સ્થિતિમાં જુના ઘાટો ને જુના રીતરિવાજોને વળગી જ રહેવું એવો કશો નિયમ નથી. બદલાતા જમાના સાથે વ્યવહારમાં પણ નવા આકાર ને નવી ભાતો જુનાનું સ્થાન લે છે, એટલે તેવા ફેરફાર આવા શૃંગારમાં કરવામાં આવે, તો એમાં ખોટું હોય એવું મને તો

લાગતું નથી. કારણ કે આખરે તો ભકતની સૌંદર્યની ભાવના ઉપર જ તેનો આધાર છે.

એ સત્ય છે કે પુષ્ટિ માર્ગમાં સેવાવિધિ દ્વારા જે કલા ને કૌશલ્ય તેના પૂર્ણ બહારમાં ખીલ્યાં છે તેના વડે સમાજની અમુલ્ય સેવા થઇ શકી છે. એમ છતાં, વર્તમાન યુગ તેના પ્રકટીકરણ પરત્વે બાહુલ્ય કરતાં સૂક્ષ્મપણામાં કલાકૌશલ્યનું વધારે ઉચ્ચતર આદર્શ સિદ્ધ થયેલું માને છે. તેથી જો સાદાઇમાં સૌંદર્ય જોવામાં આવે, તો તેથી કલાનો કે ભાવનો ભંગ થાય છે, એમ માનવાને કશું જ કારણ નથી.

હિંદુઓનું મંદિર તેના હજારો ભકતોનું દેવધામ છે. તેની પાછળ અઢળક પૈસા ખર્ચાય તેમાં મને કશી પણ નવાઈ લાગતી નથી. કેટલાક હાલના માણસોને તેની પાછળ થતો ખર્ચ નકામો લાગે છે, એટલું નહિ પણ તે સામે તેમને ભારે અણગમો હોય છે. પણ, તે માટે તો તેમની સંકુચિત બુદ્ધિ તથા તેમનું એ બાબતનું અજ્ઞાન જ જવાબદાર ગણી શકાય. ખરૂં જોતાં જે જે વસ્તુ ભકિતભાવને પોષક હોય તે આધ્યાત્મિક દૃષ્ટિએ ઉપયોગી ને સાર્થક છે. પ્રભુ પાછળ એવો ખર્ચ થાય, તેનાથી શા માટે તેમને આઘાત પહોંચવો જોઇએ? આમ થવામાં દૃષ્ટિભેદ જ કારણભૂત છે. જો તેઓ ભકિતની આંખથી જુએ, તો તેમને તે પાછળ કરવામાં આવતું ખર્ચ અર્થવાળું લાગશે.

આપણે ભૂલવું ન જોઈએ કે આંવું મંદિર એ વ્યકિતગત વસ્તુ નથી પણ સમૂહગત છે. તેમાં કંઈ ને કંઇ હિસ્સો આપી દરેક ભક્ત વિત્તજાસેવાને કંઈક અંશે સંતોષે છે. તેમાં શો વાંધો હોઈ શકે? આપણે પણ આપણો માનુષી પ્રેમ દાખવવા શું નથી કરતા? તેમાં જો તેમને કંઈ વાંધા ભરેલું લાગતું હોય તો તે અર્થે ઉપયોગમાં આવતી વસ્તુઓનો

વપરાશ નહિ, પણ તેમાંથી જન્મતો પરિગ્રહ પરત્વનો સાંસારિક ભાવ. અપરિગ્રહની ભાવના એ આપણી સનાતન ધાર્મિક ભાવના છે. તેથી આવી રીતે શ્રી ઠાકોરજી નિમિત્તે સંગ્રહિત થતા હીરામાણેક કે સુવર્ણચાંદીની અસંખ્ય વસ્તુઓના સંયમથી ઉપરોક્ત ઉચ્ચ ભાવનાઓનો ભંગ થાય છે, એમ કહેતા હો એ જુદી વાત છે. સોમનાથના દેવળમાંથી વિધર્મીઓના હાથે જે લૂટ થઈ ને અપમાનકારક રીતે મૂર્તિનું ખંડન થયું, તે આવા પરિગ્રહને લીધે થયું, એમ કહીએ તો ખોટું નથી. થોડે ઘણે અંશે આવા અત્યાચારો અનેક રીતે થાય છે. લક્ષ્મીના સંગ્રહમાંથી લોભની, સ્વાર્થની, મમતાની ક્ષુદ્રવાસનાઓનો જન્મ થાય છે. એથી આપણે કોઈ એવો રસ્તો ખોળી કાઢવો જોઇએ, જેથી ભક્તિભાવનું પૂરેપૂરુ પોષણ થતું હોય અને છતાં અપરિગ્રહના નિયમને બાધ આવતો ન હોય.

૭૦—શું આવો રસ્તો શક્ય છે?

મુ૦—હા, શક્ય તો છે. પરંતુ, આપણે તે વિષે આ દૃષ્ટિથી વિચાર કર્યો નથી તેથી આપણને આ વસ્તુ અસંભવિત લાગે છે. સમર્પણવિધિમાં આપણે એક વસ્તુનો એક જ વાર ઉપયોગ કરીએ છીએ. એક વખત સમર્પિત થઇ ગયેલી વસ્તુના બીજીવારના ઉપયોગમાં કંઈક રસક્ષતિ રહેલી છે. પહેલીવારના અર્પણ સાથે જ બની શકે તો તેનો ઉપયોગ ને ઉપભોગ બંધ થવાં જોઈએ. આ સમર્પણનો ઉત્તમ પ્રકાર છે.

આપણે ત્યાં સેવકો તરફથી શ્રી ઠાકોરજીને ધરાવવા દાગીના તેમ જ વેષાભૂષણો અનેક પ્રકારનાં આવે છે. આપણે તેને એકવાર, અગર તો સેવકની તૃપ્તિ તેટલાથી ન થાય તો અમુક મુકરર વખત સુધી તેનો શૃંગારાદિમાં ઉપયોગ કરીએ એ બરાબર. પણ પછી પ્રસાદીરૂપ થયેલી તે વસ્તુને શા માટે ભક્તોના ઉપયોગ માટે કાઢી નાંખવામાં ન આવે? આવી પ્રસાદી વસ્તુ કોને

આપવી ને કોને ન આપવી, એ પ્રશ્ન ઉપસ્થિત થવાનો સંભવ છે. પણ આવી પ્રસાદી વસ્તુ ગ્રહણ કરનાર વૈષ્ણવ વધારે નોછાવર આપીને જ લઇ જવાનો. તેમાં આશંકાને સ્થાન નથી. પણ ત્યારે એવો સવાલ થશે કે આવી પ્રથા દાખલ કરવામાં આવે તોપણ આવી રીતે નોછાવરમાંથી આવેલી રકમનો શો ઉપયોગ કરવો? આવી ઉત્પત્તિમાંથી નામસેવાનાં કાર્યો, જેવાં પુસ્તકો પ્રસિદ્ધ કરવાનાં, ધાર્મિક પાઠશાળા ચલાવવાનો, અધ્યાપનના વર્ગો ચલાવવાનો, વગેરે અનેક કામો થઇ શકે. અને આમ થાય તો ધર્મપ્રચારનું અણુવિકસ્યું અંગ બહુ સારી રીતે ખીલી શકે.

જી૦—આ વિચાર તો મને ગમ્યો, પણ, હજુ મારા મનમાં એક બીજી વાત ખૂંચે છે. મંદિરોમાં કેવળ પરદેશી કાપડનો ઉપયોગ થાય છે, તે વગર ન જ ચાલે? આવા પરદેશી કાપડનો ઉપયોગ પરદેશી છે માટે જ નહિ પણ ધાર્મિક દૃષ્ટિએ પણ બાધક છે. આ માટે અનેક સબળ દલીલો કરવામાં આવી છે. જો તે બાધક હોય તો પછી આપણે એવા કાપડનો શી રીતે ઉપયોગ કરી શકીએ? આપણે શુદ્ધ દેશી ખાદીનો શા માટે ઉપયોગ ન કરી શકીએ?

મુ૦—તમારૂ કહેવું તદ્દન સાચું છે. એક વખત મેં પણ માની લીધેલું કે બીજું કાંઇ નહિ તો કશી પણ હાનાકાની વિના આનો સ્વીકાર કરવામાં આવશે. કારણકે તેને ધર્મનો ટેકો છે. પણ મારે લાચારીથી કહેવું પડે છે કે આપણા ધાર્મિક આચારવિચાર ઉપર મંદતાનું વાદળ ફરી વળ્યું છે અને આપણે રૂઢિના એવા તો ગુલામ બની ગયા છીએ કે જે વસ્તુ દીવા જેવી ચોખ્ખી હોય તેમાં પણ જરા જેટલો ફેરફાર કરતા આપણે નારાજ હોઇએ છીએ. આમ કરવામાં આપણી નબળાઇ અને પૂર્વગ્રહો જ કારણભૂત છે, એમ મને લાગે છે. આવી નિષ્પ્રાણતામાંથી તો ધર્મ પ્રત્યે દુર્લક્ષતા ને અશ્રદ્ધા જ

પેદા થાય. ધર્મ પણ મનુષ્યજીવન જેવો પ્રાણવાન ને જીવન્ત હોવો જોઈએ. મહાપ્રભુજીના કાળમાં તો આવો પ્રશ્ન જ નહોતો. તે વખતે તો જેને આપણે ખાસ હાથવણાટ ને હાથકાંતણની ખાદી કહીએ છીએ તેવી ખાદી જ વપરાતી હતી. હવે જ્યારે અશુદ્ધ ને ભ્રષ્ટ વસ્તુઓમાંથી છૂટવાનું વાતાવરણ ને સંજોગો ઉભા થાય છે ત્યારે આપણે જુનાને જુના ખાતર વળગી રહેવું ઠીક નથી. આવી સરલ વાત પણ આપણાં ગળે ઉતરતી નથી અને જાણવા છતાં આપણે ધર્મભ્રષ્ટ વસ્તુને નિભાવી લઈએ છીએ તો પછી આપણામાં વૈષ્ણવતા શી રીતે જળવાય, તે મને સમજાતું નથી. જે વસ્તુને હાથમાં ઝાલતાં પણ આપણે હાનાકાની કરીએ તે જ વસ્તુને વૈષ્ણવો હોંશે હોંશે વાપરે ને તેની પેદાશને હોંશે હોંશે પોતાના તેમજ શ્રી ઠાકોરજીના કામમાં વાપરે, ત્યારે તો આપણે એમ કહેવું જોઈએ કે તેમાં વિચાર માંદ્ય સાથે હૃદયદૌર્બલ્ય પણ રહેલું છે.

પણ, કેટલાક એવી દલીલ કરે છે, કે હાથકાંતણની ખાદી એવી મુલાયમ ને ઝીણી આવતી નથી જે શ્રી ઠાકોરજીના અંગે સોહાય? તેમની આ દલીલ ખરી હોય તોપણ જે કાર્ય ધર્મદૃષ્ટિથી હેય હોય તેનો સ્વીકાર કેમ થઈ શકે, એ જ મારી કલ્પનામાં ઉતરતું નથી. અને હવે તો એવી દલીલોમાં પણ કાંઈ દમ રહ્યો નથી. જેવી ઝીણી અને મુલાયમ ને ભાતિક ખાદી હાથકાંતણથી થઈ શકે છે, તેવી તો મીલમાં પણ પેદા થતી તથી. ખાદી વાપરવી એટલે વિવિધતા, રંગ, ભાત વગેરેનો ઘટતો ઉપયોગ ન કરવો, એવું કહેવાનો આશય નથી. મારા મતે તો જો શક્ય હોય તો શ્રી ઠાકોરજી માટે સરસ મુલાયમ કાપડનો જ ઉપયોગ કરવો. અરે, જ્યાં શક્ય હોય ત્યાં ઝીણા પરકારા તૈયાર કરાવવા માટે ખાસ માણસો રાખી તેમની દ્વારા જરૂરી માલ ઉત્પન્ન કરવાની વ્યવસ્થા કરવામાં આવે તો તે પણ એક ઉત્તેજનપાત્ર વસ્તુ ગણી

આશય. પરંતુ, જ્યાં જે વસ્તુ ધર્મની દૃષ્ટિએ બાધિત હોય તેને પણ નભાવી લેવામાં આવે તો તે એક પ્રકારનું અસત્યાચરણ જ છે. આવો આગ્રહ ન રાખવો તે શું બતાવે છે? કે આપણને આપણા ધર્મના સિદ્ધાંતોમાં શ્રદ્ધા નથી. પછી આવી અશ્રદ્ધામાંથી દુર્બળતા ને અવગણના જન્મે તેમાં શી નવાઈ?

જી૦—આ સાથે એક બીજી વસ્તુ પ્રત્યે પણ આપનું ધ્યાન ખેંચવાનું મન થઈ જાય છે. આપણાં મોટાં મંદિરોમાં પ્રસાદ વેચવાની જે પ્રથા છે, તે શું ઉત્તેજનપાત્ર છે?

મુ૦—ના, કદાપિ નહિ, હું તો એવું માનનારો છું કે પ્રસાદ જેવી વસ્તુ સોદાની વસ્તુ હરગીઝ થઈ શકે જ નહિ. તેમ કરવામાં તેમાંથી પ્રસાદીપણાનો ભાવ નાબુદ થાય છે, ને તે વસ્તુ એક ખોરાકની સામાન્ય વસ્તુ બની જાય છે. ભક્તને મન પ્રસાદ એ એક અલૌકિક વસ્તુ છે. તેની કીમત નાણાંથી થઈ શકે નહિ. તેની કીંમત નાણાંથી આંકવી એટલે તેને લૌકિક વસ્તુ બનાવી દેવી. આમાં વાણિજ્યનું સંકુચિતપણું રહેલું જણાય છે. વળી કેટલાક સામાજિક ને વ્યવહારૂ કારણોને લઈને પણ તે રિવાજ પોષવા જેવો નથી. આવી પ્રથા બંધ કરવામાં આવે તો કેટલીક મુશ્કેલીઓ ઊભી થવા પામે એ વાત ખરી, પણ જે વસ્તુ જ ખોટી હોય તેને માટે રસ્તો ખોળ્યે જ છૂટકો. એવી દૂષિત પ્રથાને નભાવી ન જ લેવાય.

જી૦—આપ કઈ મુશ્કેલીઓ વિષે કહો છો? તેનો કંઈ ઉપાય?

મુ૦—આપણા મોટા મંદિરોમાં સામગ્રીના નેક બંધાઈ ગયા હોય છે. એથી શ્રી ઠાકોરજી માટે વિવિધ સામગ્રી અમુક પ્રમાણમાં જુદા જુદા સમયે તૈયાર કરવામાં આવે છે. આવી સામગ્રી ધરાવ્યા કેડે તેનું શું કરવું? તેનો નિકાલ કરવા ઠાકોરજીની સેવામાં જે પરિચારકો કામ કરતા હોય છે તેમની વચ્ચે તે વહેંચી

આપવામાં આવે છે. આવા નેક ઉપર તેનો હકક ગણાય છે. આવા હક્કને લીધે તે ઓછા અગર નહિ જેવા પગારે કામ કરતો હોય છે. આવી રીતે હક્ક પ્રમાણે મળેલી સામગ્રીનો તેને શો ઉપયોગ કરવો ? તે માટે તે સ્વતંત્ર હોય જ. એટલે પછી આવા સેવકો નોછાવર લઈ પ્રસાદને વેચી દે છે. વળી કેટલેક ઠેકાણે તો પ્રસાદનો વધારો પુષ્કળ હોવાથી તેને સંઘરવામાં આવે છે ને પછી મંદિર તરફથી પણ વેચવામાં આવે છે.

ગાં૦—તો શા માટે પરિચારકો તથા તેમના કુટુમ્બીજનો મંદિરમાં જ પ્રસાદ ન લે ? અને, તેમના પગારમાં વધારો કરવામાં આવે અને આમ કરતાં પ્રસાદમાં જે વધારો રહે તે વૈષ્ણવોમાં બાંટી દેવામાં આવે અગર એવી કોઈ બીજી અન્ય વ્યવસ્થા કરવામાં આવે.

મુ૦—એ બધું શકય તો છે, પણ તેથી ખર્ચમાં વધારો થાય. વૈષ્ણવો પ્રસાદનો ઉપયોગ કરે પણ કેવી રીતે એ એક સવાલ છે. ખરું જોતાં જ્યાં આવાં નિધિસ્વરૂપો બિરાજતાં હોય ને મોટા પ્રમાણમાં પ્રસાદ ધરાવવાનો રિવાજ હોય, ત્યાં મંદિરો સાથે ધાર્મિક પાઠશાળો સ્થાપન થઈ શકે. અને આવી પાઠશાળાઓમાં અધ્યયન કરતા વૈષ્ણવબાળકોને પ્રસાદ લેવરાવવાનો પ્રબંધ થઈ શકે. પણ તેમ કરવાને હાલની સામગ્રીના પ્રકારમાં પણ કંઈક ફેરફાર કરવો પડે. આવા ફેરફારો થઈ શકે કે નહિ તે એક પ્રશ્ન છે. પણ આવા ફેરફારો કરવાને સિદ્ધાન્તની દૃષ્ટિએ કશો વાંધો હોય એવું મને લાગતું નથી. પણ, આ પ્રશ્ન ભાવનાનો છે અને તેનો નિકાલ આમ ઝટ આવી જાય એવો સહેલો નથી. ગમે તે હો. પણ જો મન હોય તો માળવે જવાય. સુધારો કરવો એ આવશ્યક હોય, તો પછી તેનો ઉપાય જરૂર થઈ શકે.

જી૦—જી, હું ભૂલતો ન હોઉં તો આપણા કવિવર ન્હાનાલાલે પણ સદ્ભાવથી કેટલાક સુધારા સુચવ્યા છે.

મુ૦—હા, તેમણે ત્રણ સુધારા સુચવ્યા છે: સ્ત્રી પુરુષોને દર્શન કરાવવામાં મર્યાદાભેદ સ્વીકારવો ને તેમને નિરનિરાળાં અલગ દર્શન કરાવવાં; સ્ત્રીઓને શ્રીવહુજી દ્વારા બ્રહ્મસંબંધ લેવરાવવાં; અને દર્શનનો સમય લંબાવવો.

આ સુધારા તો તદ્દન વ્યવહારૂ છે. ઘણે ઠેકાણે તે પ્રમાણેના ફેરફારો કરવામાં આવ્યા પણ છે. કહેવાય છે કે શ્રીવહુજી દ્વારા સ્ત્રીઓને બ્રહ્મસંબંધ આપવાનો રિવાજ પણ એક કાલે પ્રચલિત હતો. તેને ફરીથી દાખલ કરવાને વાંધો ન હોઇ શકે કારણ કે આપણી માન્યતા પ્રમાણે ગુરુ તરીકે તો કેવળ શ્રી મહાપ્રભુજી જ છે અને ગોસ્વામી બાળકો તો આપશ્રી વતી મંત્રનું દાન કરે છે. આ સિદ્ધાન્ત પ્રમાણે આવી નવી પ્રથા દાખલ કરવાને કશો પ્રતિબંધ ન હોઇ શકે.

વારૂં હું ધારૂં છું કે હવે આપણું કામ આટલેથી પૂરૂં થાય છે. મને લાગે છે કે સમગ્રરીતે જોતાં આપણા વાર્તાલાપો તમને ઉપયોગી તો લાગ્યા હશે જ.

જી૦—ખરેખર, ઉપયોગી જ નહિ પણ તેથીયે વધારે. તે માટે મારા હૃદયની લાગણી હું શબ્દો દ્વારા વ્યક્ત કરી શકું એમ નથી. જો કે આપણે પ્રથમ ધારેલું તેના કરતાં આ વાર્તાલાપો ઘણા લંબાયા, ને તેથી આપનો અમુલ્ય સમય ગયો એની ના નહિ પણ મને તો તે એવા માર્ગદર્શક ને ઉત્તેજક લાગ્યા છે કે આવી તક આપવા માટે હું આપનો જેટલો આભાર માનું તેટલો ઓછો. આમાં હું પ્રભુની અનહદ કૃપા માનું છું. આપે મને આ પ્રેરણા ન પાઈ હોત, તો મારૂં જીવન કોણ જાણે કયે રસ્તે ઢળી ગયું હોત તેની મને ખબર નથી. આપે સત્ય જ

કહ્યું છે કે આ માર્ગ કૃપાસાધ્ય છે ને તેમાં રૂચિ થવી તે પ્રભુકૃપાનું જ ફલ છે. બીજાની બાબતમાં ગમે તે હો, પણ મારી બાબતમાં તો તે અક્ષરશઃ ખરૂં છે.

એક વખતે આ માર્ગ પ્રત્યે મને ભારે અણગમો હતો. અત્યારે તે અણગમો નિરસ્ત થઈ ગયો છે એટલું જ નહિ પણ તેની પ્રત્યે રૂચિ ને પ્રેમ ઉત્પન્ન થયાં છે અને હું કે જે અત્યારલગી નામનો જ અનુયાયી હતો તે હવે સાચો અનુયાયી થવાની અભિલાષા સેવું છું. આવો જીવનનો ભારે પલટો થવો, એ એક ચમત્કાર નહિ તો બીજું શું કહેવાય!

આપે મને મારા જીવનના સાચા રસ્તે દોર્યો છે તે માટે હું મારા હૃદયની ઉપકારવૃત્તિ શી રીતે દાખવી શકું, તે મને સમજાતું નથી. હવે તો આપની પાસે મારે એક જ નમ્ર વિનતિ કરવાની છે અને તે એ છે કે અત્યાર લગીના શ્રવણથી મારો પુષ્ટિમાર્ગમાં પ્રવેશ થયો એમ હું માનું છું પણ તેનાથી વધારે આગળ ગતિ કરવાની મારામાં ભારે ભૂખ જાગી છે. જો બની શકે તો હું માર્ગનું શાસ્ત્રીય જ્ઞાન પ્રાપ્ત કરવાની તેમ જ સેવામાર્ગમાં ચિત્તનો વિનિયોગ કરવાની પણ અભિલાષા સેવું છું. તો મને આશા છે કે આપ તેમાં પણ યોગ્ય માર્ગદર્શન કરાવશો, અને સહાય કરશો.

મુ૦—પ્રભુ તમારૂં કલ્યાણ કરો! તમે અવશ્ય માનો કે તમારી ઉપર પ્રભુકૃપા ઉતરી છે અને પ્રભુ જ તમને હવે યોગ્ય સમયમાં ને યોગ્ય રીતે દોરી જશે. તેથી તે બાબતમાં તમારે યત્કિંચિત પણ ધખારો રાખવો નહિ. પ્રભુમાં પૂર્ણ વિશ્વાસ રાખવાથી તે જ તમને

પ્રેરણારૂપ થશે. આવી શ્રદ્ધાનો જન્મ તમારામાં થયો છે, એ જ તમારૂ અહોભાગ્ય માનું છું. આવી શ્રદ્ધાવિશુદ્ધ બુદ્ધિજ હવે તમને પ્રભુના માર્ગે દોરી જશે. માટે તમે પ્રભુનો ઉપકાર માનો. જે કાંઇ કામ હોય તે મને ખુશીથી પૂછશો ને મારાથી બનતી બધી જ મદદ હું કરીશ, એમાં વિશેષ કહેવાનું હોય નહિ. જરૂર, અવારનવાર મળતા પણ રહેશો. જય શ્રીકૃષ્ણ!

છ૦—જય શ્રી કૃષ્ણ !

પ્રકાશકઃ—જેઠાલાલ ગોવર્ધનદાસ શાહ એમ. એ. મંત્રી, શુદ્ધાદ્વૈત સંસદ્—અમદાવાદ
મુદ્રકઃ—મણિલાલ છગનલાલ શાહ, ધી નવપ્રભાત પ્રીં. પ્રેસ, ઘીકાંટારોડ-અમદાવાદ